ઉપાધ્યાય શ્રી માનવિજયજી મ. સા. કૃત સ્વોપજ્ઞ ટીકા તથા
ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા કૃત ટિપ્પણ સમન્વિત

ધર્મસંગ્રહ

શબ્દશઃ વિવેચન

ભાગ-૪



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

ધર્મસંગ્રહ ભાગ-૪

શબ્દશઃ વિવેચન

❖ મૂળ ગ્રંથકાર તથા સ્વોપજ્ઞ ટીકાકર્તા ❖

ઉપાધ્યાય શ્રી માનવિજયજી મહારાજા

❖ ટિપ્પણકર્તા ❖

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

❋ સંકલનકારિકા ❋

પરમપૂજ્ય આચાર્યભગવંત શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનાં સામ્રાજ્યવર્તી,
ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રી પુણ્યપાલસૂરિ મહારાજાનાં આજ્ઞાવર્તિની
પ. પૂ. વિદુષી સા. શ્રી ચંદ્રાનનાશ્રીજી મ. સા.નાં શિષ્યરત્ના પ. પૂ. સા. શ્રી ચારુનંદિતાશ્રીજી મ. સા.નાં
શિષ્યા સાધ્વીજી શ્રી ચિદ્નંદિતાશ્રીજી

❖ પ્રકાશક ❖

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ધર્મસંગ્રહ ભાગ-૪ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૯ ✦ વિ. સં. ૨૦૬૯ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૧૪૫-૦૦

卐 આર્થિક સહયોગ 卐

ચિ. રિદ્ધિ પ્રકાશભાઈ શાહ

પાટણ-મુંબઈ

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૫૫

'શ્રુતદેવતા ભુવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

❖ મુદ્રક ❖

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રાપ્તિસ્થાન

✣ અમદાવાદ :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

✣ મુંબઈ :

શ્રી લલિતભાઈ ધરમશી

૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની
પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : lalitent5@gmail.com

✣ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

✣ BANGALORE :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

✣ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

✣ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

✣ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામ્રગી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજ (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. સદ્‌ગતિ તમારા હાથમાં !
૬. દર્શનાચાર
૭. શાસન સ્થાપના
૮. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૯. અનેકાંતવાદ
૧૦. પ્રશ્નોત્તરી
૧૧. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૨. ચિત્તવૃત્તિ
૧૩. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૪. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૫. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૬. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૭. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૮. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૯. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"

૨૦. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૧. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૨. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૩. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૪. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૫. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૬. ગૃહજિનાલય મહામંગલકારી
૨૭. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૪. સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૫. Right to Freedom of Religion !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૬. 'રક્ષાધર્મ' અભિયાન	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૭. 'Rakshadharma' Abhiyaan	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૮. સેવો પાસ સંખેસરો	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૯. સેવો પાસ સંખેસરો (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન

૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨

૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા
શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા-૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૯. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા પ્રથમ સ્તબક શબ્દશઃ વિવેચન
૧૧૧. શાંતસુધારસ શબ્દશઃ વિવેચન
૧૧૨. બાર ભાવના શબ્દશઃ વિવેચન
૧૧૩. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧૪. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૫. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ના
સંકલનની વેળાએ પ્રાસ્તાવિક

અનાદિ અનંતકાળથી ભવાટવીમાં ભ્રમણ કરતા જીવ માત્રની ઝંખના સુખ છે, પરંતુ જીવની કરુણ સ્થિતિ એ છે કે સાચું સુખ ક્યાં મળે તેની ખબર નથી માટે જ પરિભ્રમણ ચાલુ છે. પુણ્યસંયોગે આર્યદેશ-આર્યકુળમાં જન્મ પામતા ધર્મથી સુખ મળે છે. ધર્મ જીવનમાં કરવા જેવો છે વગેરે શબ્દો કાને અથડાતા. પરંતુ ખરેખર ધર્મ એટલે શું ? ધર્મ કોને કહેવાય ? What is the religion જીવની જિજ્ઞાસાને કારણે થોડી થોડી સમજ આવતી ગઈ. ધર્મનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. ત્રણ લોકમાં પ્રતિષ્ઠિત ધર્મ છે. 'ધૃ' ધારણ કરવું. ધાતુ પરથી બનેલ ધર્મ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ શાસ્ત્રમાં - ધારણ કરે તે ધર્મ અર્થાત્ દુર્ગતિમાં પતિત એવા આત્માને ધારણ કરી સદ્‌ગતિમાં સ્થાપન કરનાર 'ધર્મ' કરેલ છે. ભવોદધિતારક તીર્થંકરે સ્થાપેલ ધર્મ. બે પ્રકારનો :- ૧. સાધુધર્મ, ૨. શ્રાવકધર્મ. પરંતુ વ્યક્તિભેદે, ભૂમિકા ભેદે, સંયોગભેદે - ધર્મના અનેક પ્રકારો થાય છે.

નિગોદથી નિર્વાણ - અવ્યવહાર રાશિથી વ્યવહારરાશિમાં આવી, ચૌદ ગુણસ્થાનકના ક્રમારોહ સ્વરૂપે ચેતન એવા આત્માની આત્મકથાના નિરૂપણ દ્વારા સાંગોપાંગ મોક્ષમાર્ગનું કથન જે જૈનદર્શનમાં છે તેવું અન્ય દર્શનમાં ક્યાંય નથી. તીર્થંકરે અર્થની દેશના આપી અને ગણધરે જિનવચનને સૂત્રાત્મક રીતે દ્વાદશાંગીની રચના કરી આત્માના સાચા સુખને બતાવનાર અનુપમ શ્રુતજ્ઞાનની ભેટ ધરી. આ અમૂલ્ય અનુપમ શ્રુતવારસોને પ્રાચીન મહર્ષિઓ, વિશિષ્ટ શ્રુતધર - પૂર્વધરો - આપણા પૂર્વજોએ આપણા સુધી પહોંચાડી વર્તમાન પેઢી પર અનન્ય ઉપકાર કર્યો છે. પૂજ્ય જગદ્‌ગુરુ હીરસૂરિ મ.સા.ની પાંચમી પાટને શોભાવનાર ઉપાધ્યાય શ્રી માનવિજયજી કૃત પ્રસ્તુત ગ્રંથ ધર્મસંગ્રહ...

"મૈત્ર્યાદિ ભાવોથી સંમિશ્ર અવિરુદ્ધ એવા વચનથી યથોદિત એવું જે અનુષ્ઠાન તે ધર્મ છે." ગ્રંથકારશ્રીએ વ્યવહારનયથી ધર્મનું લક્ષણ કરી ચરમાવર્ત યથાપ્રવૃત્તિકરણ પામેલ ભવ્યજીવે મોક્ષની મંઝિલ-મોક્ષમાર્ગ દ્વારા કઈ રીતે પ્રાપ્ત કરવી અર્થાત્ ક્રમસર કઈ ભૂમિકા પ્રાપ્ત કરી સિદ્ધિ હાંસલ કરવી તેના નિરૂપણ માટે ગ્રંથકારશ્રીએ ચરમાવર્ત ધર્મયૌવનકાલ, આદિધાર્મિક, અપુનર્બંધક, મૈત્ર્યાદિ દૃષ્ટિ, સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, પ્રમત્ત ગુણસ્થાનક, અપ્રમત્તગુણસ્થાનક સુધીના ક્રમારોહને આવરી લીધેલ છે. સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મના વિભાગીકરણથી શ્રાવકધર્મ દ્વારા અને સાપેક્ષ યતિધર્મ - નિરપેક્ષ યતિધર્મ દ્વારા સાધુધર્મનું નિરૂપણ પ્રસ્તુત ગ્રંથમાં કરેલ છે. મૂળ ગાથા-૧૫૯ અને ઉદ્ધરણ સહિત ૧૪,૬૦૨ શ્લોક પ્રમાણ હોવાથી ગ્રંથકારશ્રીએ કૃતિનું નામ 'ધર્મસંગ્રહ' રાખેલ છે.

જિનવચનમાં અડગ શ્રદ્ધા ધરાવનાર સાધુધર્મનું પરિભાવન કરનાર નિઃસ્પૃહી બારવ્રતધારી સુશ્રાવક પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ પોતાની આગવી સુંદર શૈલીથી તે તે ભૂમિકાના ભાવોને ખોલીને ધર્મનો મર્મ સમજાવવાનો સુંદર પ્રયાસ કર્યો છે.

કષ-છેદ-તાપશુદ્ધ ધર્મનું સ્વરૂપ, આદિધાર્મિક આદિની ભૂમિકા, સમ્યક્ત્વનું દ્રવ્યથી-ભાવથી સ્વરૂપ તથા દસ પ્રકારના સમ્યક્ત્વને ખૂબ ધ્યાનથી વાંચી મનન કરવા યોગ્ય છે.

વળી, શ્રાવકધર્મના બારવ્રતના અવાંતર ભાંગા છે અને ભગવાને બતાવેલ શ્રાવકધર્મ મોક્ષનું કારણ કઈ રીતે બને છે. શ્રાવકધર્મના અનુષ્ઠાનના યોગ્ય ભાવોની સૂક્ષ્મતા વિવેચનકાર સુશ્રાવકશ્રી પ્રવીણભાઈએ સરળ ભાષામાં સુંદર રીતે બતાવી છે, જેને વાંચતા-મનન કરતા શ્રાવકધર્મનું રહસ્ય સમજાતું જાય ? સાથે સાથે સર્વજ્ઞ એવા તીર્થંકર પ્રત્યે બહુમાનભાવની વૃદ્ધિ થાય કે કેવો સરસ ધર્મ પ્રભુએ ચારિત્રધર્મ બતાવ્યો છે.

-: ઋણ સ્વીકાર :-

યોગબીજ પ્રાપ્તિના તેર કારણમાંથી એક કારણ એવા ગ્રંથલેખન કરવાનો અનુપમ અવસર મને પ્રાપ્ત થયો. ગાઢ મિથ્યાત્વના પ્રબળ કારણ મોહ સામ્રાજ્યથી ઘેરાયેલ સંસારથી શાંત પ્રશાંત ઉપશાંત સૌમ્ય ધર્મસામ્રાજ્યનો યત્કિંચિત્ મુજજીવનમાં અનુભવ કરાવનાર જડ-ચેતન એવા ઉપકારીઓનો યત્કિંચિત્ ઋણ સ્વીકાર; કેમ કે સાચો ઋણ સ્વીકાર મોક્ષમાર્ગમાં આગળ વધી સમકિતના સહારે ભાવચારિત્રના યથાર્થ પાલન દ્વારા સામર્થ્ય યોગથી કેવલજ્ઞાન પામી યોગનિરોધ કરી નિર્વાણને હાંસલ કરી સિદ્ધિપદને વરશુ ત્યારે થશે. પરંતુ તે પામી શકાય તેના માટે પ્રેરણા-સામગ્રી આદિ અર્પણ કરનાર જગતમાં જેનો જોટો ન જડે તેવા સુદેવ-સુગુરુ-સુધર્મને પ્રદાન કરનાર પરમાત્માની અસીમ કૃપા મુજ પર ઊતરે તે જ અભ્યર્થના.

तुभ्यं नमस्त्रि भुवनार्तिहराय नाथ ! तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय ।
तुभ्यं नमः क्षितितलाऽमलभूषणाय, तुभ्यं नमो जिनभवोदधि शोषणाय ।।

અનંતા અરિહંત અને અનંતા સિદ્ધોનો ઉપકાર સમગ્ર જીવસૃષ્ટિ ઉપર છે પરંતુ વર્તમાન ભવમાં જેના દર્શન-વંદન-અર્ચન-પ્રતિમા દ્વારા અનન્ય ઉપકાર થયો છે તેવા ત્રૈલોક્યલલાયભૂત, ત્રિભુવનાર્તિહર, ક્ષિતિતલામલભૂષણ, ભવોદધિ શોષણ કરનાર જગત્ગુરુ શત્રુંજય શણગાર શ્રી આદિનાથ પ્રગટ પ્રભાવી શંખેશ્વર મંડન શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય, શાંતિદાયક શ્રી શાંતિનાથ, આસન્ન ઉપકારી ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામી વસુ દ્વારા અર્પિત વાસુપૂજ્યસ્વામી અને શ્રેયકારી એવા શ્રેયાંસનાથ એવા પ્રભુ અરિહંતને પંચાંગભાવે હું નમું. મારા પ્રભુ અરિહંતને પંચાંગભાવે હું નમું.

अज्ञानतिमिरान्धानाम् ज्ञानाञ्जनशलाकया ।
नेत्रमुन्मिलीतं येन तस्मै श्री गुरवे नमः ।।

"સુહગુરુ જોગો - તવ્વયણસેવણા આત્મવમખંડા"

મુજ સંયમજીવનના સાર્થવાહ, રક્ષણહાર, તારણહાર માર્ગદર્શક સદ્‌ગુરુવર્યનો યોગ-યોગાવંચક બની ફલાવંચકયોગમાં પરિણમન પામે તેવી મહેચ્છા. વધુ તો શું કહેવું ! પરમોપધ્યાય શ્રી યશોવિજયજી મ.સા.ના શબ્દો યાદ આવે છે.

"સમકિતદાયક ગુરુ તણો પચ્ચુવચાર ન થાય,
ભવ કોડાકોડી કરી કરતા સર્વ ઉપાય."

મોહ અને અજ્ઞાનને કારણે કાલપુટ વિષ જેવા વિષમ વિષયકષાયના તોફાની વમળમાં ઘેરાયેલ ભવ્ય જીવને શુદ્ધ ધર્મનું પ્રદાન કરી ધર્મશ્રવણ નૌકા દ્વારા હેમખેમ કિનારે પહોંચાડનાર, ૮૪ લાખ જલનિધિ તરણ પ્રવહણ, ભવોદધિત્રાતા, ભવ્યજીવ પ્રતિબોધક, સૂક્ષ્મતત્ત્વવિવેચક, અધ્યાત્મસંપન્ન ભાવાચાર્યના લક્ષ્યને સ્મૃતિમાં રાખી પ્રવ્રજ્યા પર્યાયને પરોપકારમાં પ્રવર્તાવતા ધર્મતીર્થરક્ષક, શ્રુતરક્ષક, સમ્યક્જ્ઞાન દાતા અનન્યોપકારી અનુપમેય ગુરુવર્ય આચાર્યદેવેશ શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજાના પાદ પંકજે મુજ પાપાત્માના નત મસ્તકે અનંતાનંત કોટિશઃ વંદન હોજો...

મોક્ષના એક માત્ર કારણ એવા ચારિત્રને વેશથી અર્પણ કરી સ્વની નિશ્રામાં સારણાદિ દ્વારા ધર્મનો ખરો મર્મ સમજાવી સંયમરથને મોક્ષપથ પર આગળ ધપાવવા માટે કટિબદ્ધ એવા હિતચિંતક-ચારિત્રસંપન્ન વિદૂષી સાધ્વીરત્ના પરમપૂજ્ય ગુરુવર્ય ચારુનંદિતાશ્રીજી મ.સા.ની કૃપા મુજ પર સદા વરસતી રહો, એવી અંતરની અભિલાષા.

સ્વાસ્થ્યની પ્રતિકૂળતામાં આત્માની સ્વસ્થતા દ્વારા સમાધિ આપનાર, બીજાના દોષોને ખમી ખાવાનો અનુપમ ગુણ ધરાવનાર, સ્વ નામને સાર્થક કરવામાં તત્પર એવા શતાધિક શ્રમણી ગચ્છ પ્રવર્તક હિતકાંક્ષી પ્રવર્તની વિદૂષી સાધ્વીરત્ના પરમોપકારી પરમપૂજ્ય ચંદ્રાનનાશ્રીજી મ.સા. - દાદીગુરુના આશીર્વાદથી મારું સંયમજીવન નંદનવન સમુ બની રહે તેવી અભ્યર્થના.

અગૃહીતા સંકેતાને પણ પ્રાજ્ઞ કહેવડાવે એવી મંદબુદ્ધિવાળી મને - એક પથ્થરને ધીરતા - ધૈર્યગુણથી સાત્ત્વિક વાત્સ્યના ટાંકણાથી ઘડનાર, સાધુજીવનના હાર્દને સમજાવનાર અને પ્રસ્તુત ગ્રંથની સંકલના માટે યોગ્ય બનાવનાર શિલ્પી એવા સુશ્રાવક શ્રી પ્રવીણભાઈ પંડિતની મુજ પર વડીલ તરીકેની છત્રછાયા દશવિધયતિધર્મના પાલનરૂપ સંયમજીવનમાં સદા રહે.

'સહાય કરે તે સાધુ'ને સાર્થક કરતા રત્નત્રયીની આરાધનામાં સહાય કરનાર - ખાસ સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ માટે અનુકૂળતા કરી આપનાર ગુરુભગિની અને લઘુભગિનીની હું સદા ઉપકૃત છું.

"જા સંયમપંથે દીક્ષાર્થી તારો પંથ સદા ઉજમાળ રહે..."

અંતરના આશીર્વાદની દીક્ષાની રજા આપી એક જ ભવમાં નવો જન્મ આપનાર ભૌતિક ઉપકારી માતુશ્રી ચંદ્રાબહેન અને પિતાશ્રી સૂર્યકાન્તભાઈ તથા પરિવારજનનો ઉપકાર - કૃતજ્ઞતા ગુણથી કહી વિસરાય તેમ નથી.

રાજનગરની ધન્ય ધરા જેણે સન્માર્ગદાતા-મોક્ષમાર્ગ પ્રરૂપક વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની પાલખીના દર્શન કરાવ્યા અને અનેક મહાત્માઓનો મેળાપ કરાવી નામથી ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ કરાવ્યો.

દીક્ષાદાતા-પરમપૂજ્ય હિતરુચિવિજયજી મ.સા. વડી દીક્ષાદાતા-આચાર્યદેવેશ શ્રીમદ્વિજય મિત્રાનંદસૂરીશ્વરજી મ.સા. ઘરની મમતા છોડાવનાર આચાર્યદેવેશ શ્રીમદ્વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ.સા., હિતચિંતા કરનાર આચાર્યદેવેશ શ્રીમદ્વિજય હર્ષવર્ધનસૂરીશ્વરજી મ.સા. તથા સંયમજીવનમાં સહાયક થનાર અનેક મહાત્માઓની હું ઋણી છું.

આ યત્કિંચિત્ ઋણ સ્વીકાર દ્વારા સાચો ઋણ સ્વીકાર કરી શકું તેવી પરમપિતા પરમેશ્વરને પ્રાર્થના.

પ્રાદુર્ભાવ પામેલ મુક્તિની ઝંખનાનું કિરણ ઉજ્જ્વલ બની શીઘ્ર મુક્તિ આપે તેવા પુરુષાર્થને ઇચ્છતી ભવ્ય જીવ એવા વાચકજીવમાં મુક્તિની ઝંખના જાગે તેવી ઝંખના મુક્તિની શુભાભિલાષા.

❖ શુભં ભવતુ ❖

આસો સુદ-૧૫ (શરદપૂર્ણિમા), વિ. સં. ૨૦૬૮,
તા. ૨૯-૧૦-૨૦૧૨, સોમવાર
ગીતાર્થગંગા, શ્રુતદેવતા ભવન,
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.

વ્યાખ્યાનવાચસ્પતિ પરમપૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના
સામ્રાજ્યવર્તી, ગચ્છાધિપતિ આચાર્યભગવંત
શ્રી પુણ્યપાલસૂરિ મહારાજાનાં આજ્ઞાવર્તિની
પ. પૂ. સા. ચંદ્રાનનાશ્રીજી મ. સા.નાં શિષ્યરત્ના
પ. પૂ. સા. ચારુનંદિતાશ્રીજી મ. સા.ના શિષ્યા
સાધ્વીજી ચિદ્નંદિતાશ્રીજી

ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ની
સંકલના

જીવો સામાન્ય ગૃહસ્થધર્મ સેવીને ઉપદેશાદિ પામે છે ત્યારે સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. અને સમ્યક્ત્વને પામેલા જીવોને સંસારના ઉચ્છેદની ઉત્કટ ઇચ્છા થાય છે તેથી શક્તિનો સંચય થાય તો દેશવિરતિ ધર્મ સ્વીકારે છે. અને દેશવિરતિને પામેલા શ્રાવકો કઈ રીતે શક્તિ અનુસાર બાર વ્રતો પાળે છે તેનું સ્વરૂપ અત્યાર સુધી બતાવ્યું. હવે દેશવિરતિને પામેલા શ્રાવકો સર્વવિરતિના શક્તિના સંચય અર્થે કઈ રીતે જિનપૂજા કરે છે અને જિનપૂજા કર્યા પછી વિધિપૂર્વક કઈ રીતે ચૈત્યવંદન કરે છે તેનું વિસ્તારથી વર્ણન પ્રસ્તુત ભાગમાં કરેલ છે. જેનું સમ્યગ્ ભાવન કરવાથી વિધિશુદ્ધ પૂજા કરવાની શક્તિનો સંચય થાય છે અને ચૈત્યવંદન કાળમાં બોલાતા સૂત્રોના અર્થોનું પ્રસ્તુતમાં જે પ્રકારે વર્ણન કરાયું છે તેનું સમ્યગ્ ભાવન કરીને જે શ્રાવક તે પ્રકારે ભગવાનની ભક્તિમાં યત્ન કરે છે તે શ્રાવક સર્વવિરતિને અનુકૂળ શક્તિના સંચયવાળા થાય છે. ક્વચિત્ આ ભવમાં સર્વવિરતિની શક્તિનો સંચય ન થાય તોપણ સમ્યગ્ રીતે સેવાયેલા શ્રાવકધર્મથી અને વિધિશુદ્ધ જિનપૂજા કરવાના બદ્ધ અભિલાષથી શક્તિ અનુસાર યત્ન કરતા હોય તો અવશ્ય દેવભવને પામીને જન્માંતરમાં સર્વવિરતિને પ્રાપ્ત કરશે. જેથી પરિમિતભવમાં સંસારનો ક્ષય કરી શકે છે. તેથી ક્વચિત્ વિશેષ શક્તિ ન હોય તોપણ વારંવાર શ્રાવકધર્મનું ભાવન કરવું જોઈએ. પ્રસ્તુત ભાગમાં વર્ણન કરાયેલ જિનપૂજાની વિધિનું વારંવાર ભાવન કરવું જોઈએ. જેનાથી પણ પુણ્યાનુબંધી પુણ્ય અને સકામનિર્જરાના ભાગી થાય છે. માટે અસદ્ગ્રહનો ત્યાગ કરીને જિનવચનમાં સ્થિર શ્રદ્ધાપૂર્વક મહાપુરુષોથી રચાયેલ પ્રસ્તુત ગ્રંથ સર્વ કલ્યાણનું એક કારણ છે તેવી સ્થિરબુદ્ધિ કરીને વારંવાર અધ્યયન કરવું જોઈએ.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ જો કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

આસો સુદ-૧૫ (શરદપૂર્ણિમા), વિ. સં. ૨૦૬૮,
તા. ૨૯-૧૦-૨૦૧૨, સોમવાર

- પ્રવીણચંદ્ર ખીમજી મોતા
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

અનુક્રમણિકા

શ્લોક નં.	વિગત	પાના નં.
	દ્વિતીયાધિકાર :-	
૬૦	**શ્રાવકની દિનચર્યા** જાગરણવિધિ, નમસ્કારગણનવિધિ, જાપવિધિ, ધર્મજાગરિકાસ્વરૂપ, પ્રાભાતિકકર્તવ્ય, પ્રત્યાખ્યાનકરણ, પ્રત્યાખ્યાનકરણકાલ, ચૈત્યના પાંચ ભેદો.	૧થી ૨૨
૬૧	**જિનપૂજનવિધિ** સ્નાનવિધિ, દ્રવ્યસ્નાનનું સ્વરૂપ, પૂજાર્થે વસ્ત્રવિધિ, જિનસ્નપનાદિવિધિ, અંગપૂજાનું સ્વરૂપ, અગ્રપૂજાનું સ્વરૂપ, ચૈત્યવંદનનું સ્વરૂપ, અવસ્થાત્રયની ભાવના, પૂજાના ભેદો, જિનગૃહગમનવિધિ, પાંચ પ્રકારના અભિગમોનું સ્વરૂપ, નૈષિધિકીત્રય, પ્રદક્ષિણાત્રય, જિનપૂજાવિધિ, સ્નાત્રપૂજાવિધિ, ઋદ્ધિરહિતશ્રાવકનું કર્તવ્ય, જિનદર્શનનું ફલ, દશત્રિકનું સ્વરૂપ, 'ઈરિયાવહિઆ' સૂત્રનું વિવરણ, 'મિચ્છામિ દુક્કડં' ભંગો, 'તસ્સ ઉત્તરી' સૂત્રનું વિવરણ, 'અન્નત્થ' સૂત્રનું વિવરણ, કાયોત્સર્ગના દોષો ૧૯. **ચૈત્યવંદનવિધિ** 'નમુત્થુણં' સૂત્રનું વિવરણ, 'અરિહંતચેઇયાણં' સૂત્રનું વિવરણ, 'લોગસ્સ' સૂત્રનું વિવરણ, 'પુક્ખરવરદી' સૂત્રનું વિવરણ, 'સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્રનું વિવરણ, 'વેયાવચ્ચગરાણં' સૂત્રનું વિવરણ, 'જયવીયરાય' સૂત્રનું વિવરણ.	૨૨થી ૨૦૦

ॐ ह्रीं अर्हं नमः ।
ॐ ह्रीं श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐं नमः ।

पू. उपाध्याय श्री मानविजयजी कृत स्वोपज्ञ टीका समन्वित तथा
लघुहरिभद्र महोपाध्याय श्रीमद् यशोविजयजी महाराजा कृत टिप्पणी युक्त

धर्मसंग्रह भाग-४

शब्दशः विवेचन

❋❋❋ द्वितीय खंड ❋❋❋

द्वितीय अधिकार

अवतरणिका :-

इदानीं महाश्रावकस्य दिनचर्यारूपं उक्तशेषं विशेषतो गृहस्थधर्ममाह –

अवतरणिकार्थ :-

हवे महाश्रावकनी दिनचर्यारूप उक्त शेषरूप=पूर्वमां श्रावकनां बारव्रतादि आचारो बताव्या तेमां रहेल शेषरूप विशेषथी गृहस्थधर्मने कहे छे –

श्लोक :-

नमस्कारेणावबोधः, स्वद्रव्याद्युपयोजनम् ।
सामायिकादिकरणं, विधिना चैत्यपूजनम् ।।६०।।

अन्वयार्थ :-

नमस्कारेणावबोधः=नमस्कारथी अवबोध=निद्रानो त्याग, स्वद्रव्याद्युपयोजनम्=स्वद्रव्यादिनुं उपयोजन=स्वद्रव्य-स्वक्षेत्रादिनी विचारणा, सामायिकादिकरणं=सामायिकादिनुं करण, विधिना चैत्यपूजनम्=विधिथी चैत्यपूजन (श्रावकनो विशेषथी गृहस्थधर्म छे.) ।।६०।।

શ્લોકાર્થ :-

નમસ્કારથી નિદ્રાનો ત્યાગ, સ્વદ્રવ્યાદિની વિચારણા, સામાયિક આદિનું કરણ, વિધિથી ચૈત્યપૂજન શ્રાવકનો વિશેષથી ગૃહસ્થધર્મ છે. ।।૬૦।।

ટીકા :-

'नमस्कारेण' सकलकल्याणपुरपरमश्रेष्ठिभिः परमेष्ठिभिरधिष्ठितेन 'नमो अरिहंताण'मित्यादि-प्रतीतरूपेण 'अवबोधो' निद्रापरिहारः, तत्पाठं पठन्निद्रां जह्यादित्यर्थः, अयं विशेषतो गृहिधर्मो भवतीत्येवमग्रेऽप्यन्वयः ।

तथा स्वस्मिन्=आत्मनि, द्रव्यादेः-द्रव्यक्षेत्रकालभावानामुपयोजनम्=उपयोगकरणम्, यथा-द्रव्यतः कोऽहम्? श्राद्धोऽन्यो वा, के मम गुरव इत्यादि, क्षेत्रतः-कुत्र? ग्रामे नगरे स्वगृहेऽन्यगृहे वा उपरि अधो वा वसामीति, कालतो रात्रिर्वा दिनं वेत्यादि, भावतः किंकुलः? किंधर्मः?, किंव्रतो वाऽस्मीत्यादि-स्मरणम् ।

अत्रायं विधिर्निद्राच्छेदे, श्रावकेण तावत्स्वल्पनिद्रेण भाव्यं यथा पाश्चात्यरात्रौ स्वयमेवोत्थीयते, तथा सति ऐहिकामुष्मिककार्यसिद्ध्यादयोऽनेकगुणाः न चेदेवं तदा पञ्चदशमुहूर्त्ता रजनी, तस्यां जघन्यतोऽपि चतुर्दशे ब्राह्म्ये मुहूर्त्ते नमस्कारं स्मरन् उत्तिष्ठेत्, ततो द्रव्याद्युपयोगं करोति, तथापि निद्रानुपरमे नासानिश्वासरोधं करोति, ततो विनिद्रः कायिकी चिन्तां करोति, कासितादिशब्दमपि उच्चस्वरेण न कुर्यात्, हिंसकजीवजागरणेन हिंसाद्यनर्थप्रवृत्तेः उत्तिष्ठँश्च वहमाननासिकापक्षीयं पादं प्रथमं भूम्यां दद्यादिति नीतिः, अत्र निद्रात्यागसमये आत्यन्तिकतद्बहुमानकार्यभूतं मङ्गलार्थं नमस्कारम् अव्यक्तवर्णं स्मरेदिति विशेषः, यदाहुः–

"परमेट्ठिचिंतणं माणसंमि सिज्जागएण कायव्वं ।
सुत्ताविणयपवित्ती, निवारिआ होइ एवं तु ।।१।।"

अन्ये तु न सा काचिदवस्था यस्यां नमस्कारस्यानधिकार इति मन्वाना अविशेषेणैव नमस्कार-पाठमाहुः, एतन्मतद्वयमाद्यपञ्चाशकवृत्त्यादावुक्तम् श्राद्धदिनकृत्ये त्वेवमुक्तम् –

"सिज्जाठाणं पमुत्तूणं, चिट्ठिज्जा धरणीअले ।
भावबन्धुं जगन्नाहं, नमुक्कारं तओ पढे ।।१।।" **[गा. ९]**

यतिदिनचर्यायां चैवम् –

'जामिणिपच्छिमजामे, सव्वे जग्गंति बालवुड्ढाई ।
परमिट्ठिपरममंतं, भणंति सत्तट्ठवाराओ ।।१।। **[गा. ३]**

नमस्कारपरावर्त्तनविधिस्त्वेवं योगशास्त्रेऽष्टमप्रकाशे –

"अष्टपत्रे सिताम्भोजे, कर्णिकायां कृतस्थितिम् ।
आद्यं सप्ताक्षरं मन्त्रं, पवित्रं चिन्तयेत्ततः ।।१।।

सिद्धादिकचतुष्कं च, दिक्पत्रेषु यथाक्रमम् ।
चूलापादचतुष्कं च, विदिक्पत्रेषु चिन्तयेत् ।।२।।

विशुद्ध्या चिन्तयन्नस्य, शतमष्टोत्तरं मुनिः ।
भुञ्जानोऽपि लभेतैव, चतुर्थतपसः फलम् ।।३।।" **[गा. ३३-५]**

मुख्यफलं तु स्वर्गापवर्गावेव, यतस्तत्रैव –

"प्रवृत्तिहेतुरेवैतदमीषां कथितं फलम् ।
फलं स्वर्गापवर्गौ तु, वदन्ति परमार्थतः ।।१।।" **[योगशास्त्रे ८।४०]**

तथागणनाशक्तौ करजापो नन्दावर्त्तशङ्खावर्त्तादिरपि बहुफलः उक्तं च –

"करआवत्ते जो पंचमंगला साहुपडिमसंखाए ।
णववारा आवत्तइ, छलंति तं नो पिसायाई ।।१।।" **[नमस्कारपञ्चविंशति १६]**

बन्धनादिकष्टे तु विपरीतशङ्खावर्त्तादिनाऽक्षरैः पदैर्वा विपरीतनमस्कारं लक्षादि जपेत्, सद्यः क्लेशनाशः स्यात्, यद्यपि मुख्यवृत्त्या निर्जरायै एव सम्यग्दृशां गणनमुचितम्, तथापि तत्तद्द्रव्य-क्षेत्र-काल-भावसामग्रीवशेनैहिकाद्यर्थमपि स्मरणं कदाचिदुपकारीति शास्त्रे उपदिष्टं दृश्यते, यतो योगशास्त्रे-

"पीतं स्तम्भेऽरुणं वश्ये, क्षोभणे विद्रुमप्रभम् ।
कृष्णं विद्वेषणे ध्यायेत्, कर्मघाते शशिप्रभम् ।।१।।" **[८।३१] इति ।**

करजापाद्यशक्तस्तु रत्नरुद्राक्षादिजपमालया स्वहृदयसमश्रेणिस्थया परिधानवस्त्रचरणादावलगन्त्या मेर्वनुल्लङ्घनादिविधिना जपेत्, यतः–

"अङ्गुल्यग्रेण यज्जप्तं, यज्जप्तं मेरुलङ्घने ।
व्यग्रचित्तेन यज्जप्तं, तत्प्रायोऽल्पफलं भवेत् ।।१।।

सङ्कुलाद्विजने भव्यः, सशब्दान्मौनवान् शुभः ।
मौनजान्मानसः श्रेष्ठो, जापः श्लाघ्यः परः परः ।।२।।"

श्रीपादलिप्तसूरिकृतप्रतिष्ठापद्धतावप्युक्तम् –

"जापस्त्रिविधो-मानसोपांशुभाष्यभेदात् तत्र मानसो मनोमात्रवृत्तिनिर्वृत्तिः स्वसंवेद्यः, उपांशुस्तु परैरश्रूयमाणोऽन्तःसञ्जल्परूपः, यस्तु परैः श्रूयते स भाष्यः, अयं यथाक्रममुत्तममध्यमाऽधमसिद्धिषु शान्तिपुष्ट्यभिचारादिरूपासु नियोज्यः, मानसस्य यत्नसाध्यत्वाद् भाष्यस्याधमसिद्धिफलत्वादुपांशोः साधारणत्वादिति, नमस्कारस्य पञ्चपदीं नवपदीं वाऽनानुपूर्वीमपि चित्तैकाग्र्यार्थं गणयेत्, तस्य च प्रत्येकमेकैकाक्षरपदाद्यपि परावृत्त्यं(वर्त्त्यं), स च प्रकारो योगशास्त्राष्टमप्रकाशाद् ज्ञेयः, तथा –

"मन्त्रः प्रणवपूर्वोऽयं, फलमैहिकमिच्छुभिः ।
ध्येयः प्रणवहीनस्तु, निर्वाणपदकाङ्क्षिभिः ।।१।।" **[८।७१]**

एवं च विधिना जापो विधेयः, जापादेश्च बहुफलत्वात्, यतः–

"पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः ।
जपकोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः ।।१।।"

ध्यानसिद्ध्यै च जिनजन्मभूम्यादिरूपं तीर्थमन्यद्वा स्वास्थ्यहेतुं विविक्तस्थानाद्याश्रयेत्, यदुक्तं ध्यानशतके

"निच्चं चिअ जुवइपसूनपुंसगकुसीलवज्जिअं जइणो ।
ठाणं विअणं भणिअं, विसेसओ झाणकालंमि ।।१।।
थिरकयजोगाणं पुण, मुणीण झाणेसु निच्चलमणाणं ।
गामंमि जणाइण्णे, सुण्णे रण्णे व न विसेसो ।।२।।
तो जत्थ समाहाणं, होइ मणोवयणकायजोगाणं ।
भूओवरोहरहिओ, सो देसो झायमाणस्स ।।३।।
कालोऽवि सुच्चिअ जहिं, जोगसमाहाणमुत्तमं लहइ ।
नउ दिवसनिसावेलाइ, नियमणं झाइणो भणिअं ।।४।।" **[गा. ३५-८] इत्यादि ।**

नमस्कारश्चात्रामुत्र चात्यन्तगुणकृत्, यतो महानिशीथे –

"नासेइ चोरसावयविसहरजलजलणबंधणभयाइं ।
चिंतिज्जंतो रक्खसरणरायभयाइं भावेणं ।।१।।

अन्यत्रापि–

'जाएवि जो पढिज्जइ, जेणं जायस्स होइ फलरिद्धी ।
अवसाणेवि पढिज्जइ, जेण मओ सुग्गइं जाइ ।।१।।

आवयहिंपि पढिज्जइ, जेण य लंघेइ आवयसयाइं ।
रिद्धीएवि पढिज्जइ, जेण य सा जाइ वित्थारं ।।२।।

नवकारइक्कअक्खर, पावं फेडेइ सत्तअयराइं ।
पण्णासं च पएणं, पंचसयाइं समग्गेणं ।।३।।

जो गुणइ लक्खमेगं, पूएइ विहीइ जिणनमुक्कारं ।
तित्थयरनामगोअं, सो बंधइ नत्थि संदेहो ।।४।।

अट्ठेव य अट्ठसया, अट्ठसहस्सं च अट्ठकोडीओ ।
जो गुणइ अट्ठलक्खे, सो तइअभवे लहइ सिद्धिं ।।५।।" **[नमस्कारपञ्चविंशतिः] इति ।**

द्रव्याद्युपयोजनमित्यत्रादिशब्दाद्धर्मजागर्याऽपि गृहीता भवति, सा चैवम् –

"किं मे कडं? किं च मेकिच्चसेसं?, किं सक्कणिज्जं न समायरामि ? ।
किं मे परो पासइ? किं च अप्पा, किंवाहं खलिअं न विवज्जयामि ।।१।।" **इत्यादि ।**

श्रूयते ह्यानन्दकामदेवाद्यैरप्येवं विहितेति । (दशवैकालिक चूलिका-२, गा. ११-१२)

टीकार्थ :-

'नमस्कारेण' ..... सिद्धिं । नमस्कारथी=सकल कल्याणरूप नगरना परमश्रेष्ठि એવા પરમેષ્ઠિથી અધિષ્ઠિત 'નમો અરિહંતાણં' ઇત્યાદિ પ્રતીતરૂપ નમસ્કારથી, અવબોધ=નિદ્રાનો પરિહાર. અર્થાત્ નમસ્કારના પાઠને બોલતો નિદ્રાનો ત્યાગ કરે. આ=નમસ્કારથી જાગે એ, વિશેષથી ગૃહસ્થધર્મ છે. એ પ્રમાણે આગળમાં પણ=બીજાં પદોમાં પણ, અન્વય કરવો.

અને પોતાનામાં=આત્મામાં, દ્રવ્યાદિનું ઉપયોજન=દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવોના ઉપયોગનું કરણ.

કઈ રીતે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવના ઉપયોગને કરે તે 'यथा'થી બતાવે છે –

દ્રવ્યથી હું કોણ છું ? શ્રાવક છું કે અન્ય છું ? કોણ મારા ગુરુ છે ? ઇત્યાદિ દ્રવ્યથી છે. ક્ષેત્રથી ક્યાં ?=ગામમાં-નગરમાં-સ્વગૃહમાં કે અન્યગૃહમાં અથવા ઉપર કે નીચે વસુ છું ? એ વિચારે. કાલથી રાત્રિ છે કે દિવસ છે ? ઇત્યાદિ વિચારે. ભાવથી ક્યું કુળ ?=મારું ક્યું કુળ છે ? મારો ક્યો ધર્મ છે ? અને હું ક્યાં વ્રતવાળો છું ? ઇત્યાદિનું સ્મરણ કરે. અહીં=જાગ્રત થતી વખતે નિદ્રાના ઉચ્છેદમાં આ વિધિ છે. શ્રાવકે સ્વલ્પ નિદ્રાવાળા થવું જોઈએ જે પ્રમાણે પાછલી રાત્રિમાં સ્વયં જ ઊઠી જાય અને તેમ કરાયે છતે=પશ્ચાત્ રાત્રિમાં સ્વયં ઊઠી જવાથી આ લોક અને પરલોકના કાર્યસિદ્ધિ આદિ અનેક ગુણો થાય છે. જો આ પ્રમાણે ન કરે તો=જો પાછલી રાતમાં સ્વયં ન ઊઠે તો પંદર મુહૂર્તની રાત્રિ છે. તેમાં જઘન્યથી પણ ચૌદમા બ્રાહ્મી મુહૂર્તમાં નમસ્કારનું સ્મરણ કરતો ઊઠે. ત્યાર પછી દ્રવ્યાદિનો ઉપયોગ કરે છે. તોપણ નિદ્રા દૂર ન થાય તો નાસિકાના નિશ્વાસનો નિરોધ કરે. ત્યાર

પછી નિદ્રા વગરનો કાયિકી ચિંતા કરે છે. અને ઉધરસ આદિ શબ્દ પણ ઉચ્ચ સ્વરથી ન કરે; કેમ કે હિંસકજીવના જાગરણથી હિંસાદિના અનર્થની પ્રવૃત્તિ છે. અને ઊઠેલો વહેતી નાસિકાના પક્ષવાળા પાદને પ્રથમ ભૂમિમાં સ્થાપન કરે એ નીતિ છે. અર્થાત્ ડાબી કે જમણી જે બાજુની નાસિકા ચાલતી હોય તે બાજુના પગને પ્રથમ ભૂમિમાં સ્થાપન કરે તે નીતિ છે. અહીં=નવકારના સ્મરણકાળમાં નિદ્રાના ત્યાગના સમયમાં આત્યંતિક તેના બહુમાનના કાર્યભૂત મંગલ અર્થે અવ્યક્ત વર્ણવાળો નવકાર સ્મરણ કરે. એ વિશેષ છે. જેને કહે છે –

"શય્યાગત=શય્યામાં રહેલા એવા શ્રાવકે, મનમાં પરમેષ્ઠિનું ચિંતન કરવું જોઈએ. એ રીતે વળી=મનમાં ચિંતન કરે એ રીતે વળી, સૂત્રના અવિનયની પ્રવૃત્તિ નિવારિત થાય છે." ॥૧॥

વળી, અન્ય કહે છે.

તે કોઈ અવસ્થા નથી જેમાં નમસ્કારનો અનધિકાર છે. એ રીતે માનતા અવિશેષથી જ=મનમાં નહિ પરંતુ સ્પષ્ટ ઉચ્ચાર રૂપે, નમસ્કારના પાઠને કહે છે.

આ બન્ને મત આદ્ય પંચાશકવૃત્તિ આદિમાં કહેવાયા છે.

'શ્રાદ્ધદિનકૃત્ય'માં વળી આ પ્રમાણે કહેવાયું છે.

"શય્યાસ્થાનને છોડીને ધરતીતલમાં રહે."

ત્યાર પછી ભાવબંધુ જગતના નાથ એવા નવકારને બોલે.

અને 'યતિદિનચર્યા'માં આ પ્રમાણે છે –

"રાત્રિના પાછલા પહોરમાં બાલ-વૃદ્ધાદિ સર્વ જાગે છે. પરમેષ્ઠિના પરમમંત્રને સાત-આઠ વાર બોલે છે." ॥૧॥ **(યતિદિનચર્યા ગાથા-૩)**

વળી નમસ્કારના પરાવર્તનની વિધિ યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં આ પ્રમાણે છે –

"આઠપત્રવાળા શિતામ્ભોજની કર્ણિકામાં કરાયેલા સ્થિતિવાળા આદ્ય સાત અક્ષરવાળા પવિત્ર મંત્રનું=નમો અરિહંતાણં એ પવિત્રમંત્રનું ચિંતન કરે. ॥૧॥

ત્યાર પછી

સિદ્ધાદિક ચતુષ્કને ચાર દિશાઓની પાંદડીઓમાં યથાક્રમ અને ચૂલાપાદ ચતુષ્કને વિદિશાઓના પત્રોમાં ચિંતન કરે. ॥૨॥

વિશુદ્ધિથી આનું=નમસ્કાર મહામંત્રનું, ૧૦૮ વખત ચિંતન કરતા મુનિ ખાતાં પણ ઉપવાસના ફળને પ્રાપ્ત કરે છે." ॥૩॥ **(યોગશાસ્ત્ર ૮ ગાથા ૩૩ થી ૩૫)**

વળી મુખ્યફલ સ્વર્ગ-અપવર્ગ જ છે. જે કારણથી ત્યાં જ=યોગશાસ્ત્રમાં જ કહેવાયું છે.

"પ્રવૃત્તિના હેતુ જ આ=એક ઉપવાસ, આમનું=૧૦૮ નવકારનું, ફળ કહેવાયું છે. વળી, પરમાર્થથી સ્વર્ગ અને મોક્ષફળ કહે છે=યોગીઓ કહે છે." **(યોગશાસ્ત્ર ૮/૪૦)**

તે પ્રકારની ગણનાની અશક્તિમાં કરજાપ નંદાવર્ત-શંખાવર્ત આદિ પણ બહુફલવાળો છે. અને કહેવાયું છે.

"કરઆવર્તમાં જે પુરુષ પાંચ મંગલને સાધુની પ્રતિમાની સંખ્યાથી=બાર સંખ્યાથી, નવ વખત આવર્તન કરે છે તેને પિશાચાદિ છલતા નથી." ।।૧।। **(નમસ્કાર પંચવિંશતિ ૧૬)**

વળી બંધનાદિ કષ્ટમાં વિપરીત શંખાવર્ત આદિ અક્ષરો વડે અથવા પદો વડે વિપરિત નમસ્કાર લક્ષાદિ જાપ કરે. સદ્ય કલેશ નાશ થાય. જો કે મુખ્ત વૃત્તિથી નિર્જરા માટે જ સમ્યગ્દૃષ્ટિઓને ગણન=નવકારનું ગણન ઉચિત છે. તોપણ તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની સામગ્રીના વશથી ઐહિકાદિ અર્થે પણ સ્મરણ=નવકારનું સ્મરણ ક્યારેક ઉપકારી છે. એ પ્રમાણે શાસ્ત્રમાં ઉપદિષ્ટ દેખાય છે. જે કારણથી યોગશાસ્ત્રમાં કહેવાયું છે.

"સ્તંભમાં=સ્તંભનમાં પીત, વશ્યમાં=વશ કરવામાં, અરુણ, ક્ષોભણમાં=બીજાને ક્ષોભ કરાવવામાં, વિદ્રુમપ્રભ=વિદ્રુમરત્નની પ્રભાના વર્ણનું, વિદ્વેષણામાં=બીજાને દ્વેષ ઉત્પન્ન કરાવવામાં કૃષ્ણ અને કર્મના ઘાતમાં શશીની પ્રભાવાળું ધ્યાન કરે." **(યોગશાસ્ત્ર ૮।૩૧)**

વળી, કરજાપાદિમાં અશક્ત પુરુષ સ્વહૃદયની સમશ્રેણીમાં રહેલ પરિધાન વસ્ત્ર-ચરણાદિમાં નહિ સ્પર્શતી એવી રત્ન-રુદ્ર-અક્ષાદિની જપમાલાથી મેરુના અનુલંઘનાદિ વિધિથી જાપ કરે. જે કારણથી કહેવાયું છે.

"અંગુલીના અગ્રથી જે જાપ કરાયું, મેરુના ઉલ્લંઘનથી જે જાપ કરાયું, વ્યગ્રચિત્તથી જે જાપ કરાયું તે પ્રાયઃ અલ્પ ફળવાળું થાય છે. ।।૧।।

સંકુલ સ્થાનથી=ઘણા લોકોયુક્ત સ્થાનથી; વિજનમાં=એકાંતમાં, ભવ્ય=જાપ શ્રેષ્ઠ છે. સશબ્દથી=ઉચ્ચારણથી કરાતા જાપથી મૌનવાળો જાપ શુભ છે. મૌન જાપથી માનસજાપ શ્રેષ્ઠ છે. ઉપર-ઉપરનો જાપ શ્લાઘ્ય છે." ।।૨।।

શ્રી પાદલિપ્તસૂરિકૃત પ્રતિષ્ઠાપદ્ધતિમાં પણ કહેવાયું છે –

"જાપ મન, ઉપાંશુ અને ભાષ્યના ભેદથી ત્રણ પ્રકારનો છે. ત્યાં=ત્રણ પ્રકારના જાપમાં, માનસજાપ મન માત્રની વૃત્તિની નિર્વૃત્તિ સ્વસંવેદ્ય છે=મન માત્રનું જાપને અનુકૂળ નિર્માણ સ્વસંવેદ્ય છે. વળી ઉપાંશુ જાપ પર વડે નહિ સંભળાતો અંતઃજલ્પ રૂપ છે=વચનરૂપ છે. વળી બીજા વડે જે સંભળાય છે તે ભાષ્ય છે. આ=ત્રણ પ્રકારનો જાપ, શાંતિ-પુષ્ટિ-અભિચારાદિરૂપ ઉત્તમ-મધ્યમ-અધમ સિદ્ધિઓમાં યથાક્રમ નિયોજન કરવો; કેમ કે માનસનું યત્નસાધ્યપણું છે. ભાષ્યનું અધમ સિદ્ધફલપણું છે અને ઉપાંશુનું સાધારણપણું છે. નમસ્કારની પાંચપદી અથવા નવપદી=નમસ્કાર મહામંત્રનાં પાંચ પદો અથવા નવપદો, અનાનુપૂર્વીથી પણ ચિત્તની એકાગ્રતા માટે ગણવાં જોઈએ. અને તેના પ્રત્યેક એક-એક અક્ષર પદાદિને પણ પરાવર્તન કરીને ગણવા જોઈએ. અને તે પ્રકાર યોગશાસ્ત્રના આઠમા પ્રકાશથી જાણવો.

"પ્રણવપૂર્વક આ મંત્ર='ૐ'પૂર્વક આ મંત્ર, ઐહિકફલના ઇચ્છુઓ વડે ધ્યેય છે. વળી, પ્રણવ હીન='ૐ' વિના,

નિર્વાણપદની કાંક્ષાવાળાઓ વડે ધ્યેય છે." **(યોગશાસ્ત્ર ૮/૭૧)**

અને આ રીતે=પૂર્વમાં બતાવ્યું એ રીતે, વિધિથી જાપ કરવો જોઈએ=જાગ્યા પછી નવકારનો વિધિપૂર્વક જાપ કરવો જોઈએ; કેમ કે જાપાદિનું બહુફલપણું છે. જે કારણથી કહેવાયું છે –

"પૂજાના કોટિસમ સ્તોત્ર છે=કોડ વખત કરાયેલી પૂજા સમાન સ્તોત્રપૂજા છે. સ્તોત્રના કોટિ સમાન જાપ છે=કોડ વખત કરાયેલ સ્તોત્ર સમાન જાપ છે. જપ કોટિ સમાન ધ્યાન છે=કોડ વખત કરાયેલ જપ સમાન ધ્યાન છે. ધ્યાન કોટિસમ લય છે=કોડ વખત કરાયેલ ધ્યાન સમાન લય છે." ॥૧॥

અને ધ્યાન સિદ્ધિ માટે જિનજન્મભૂમિ આદિ રૂપ તીર્થક્ષેત્ર અથવા અન્ય સ્વાસ્થ્યના હેતુ એકાંત સ્થાનાદિનો આશ્રય કરવો જોઈએ. જે કારણથી ધ્યાનશતકમાં કહેવાયું છે –

"યતિને નિત્ય જ સ્ત્રી-પશુ-નપુંસક કુશીલવર્જિત સ્થાનમાં રહેવું કહેવાયું છે. વિશેષથી ધ્યાનકાલમાં. ॥૧॥

વળી સ્થિરકૃતયોગવાળા નિશ્ચલ મનવાળા મુનિઓને ગામમાં, જનઆકીર્ણમાં, શૂન્યમાં કે અરણ્યમાં ધ્યાન કરવામાં કોઈ વિશેષ નથી. ॥૨॥

તે કારણથી ધ્યાન કરનારને જ્યાં મન-વચન-કાયાના યોગોનું સમાધાન થાય=સ્થિરતા થાય. જીવોના ઉપરોધથી રહિત ધ્યાન કરનારાનો તે દેશ છે. ॥૩॥

કાલ પણ સૂચિત છે. જેમાં ઉત્તમ યોગસમાધાન પ્રાપ્ત થાય છે. પરંતુ ધ્યાન કરનારના દિવસ-રાત્રિની વેલાદિ નિયમથી કહેવાયા નથી." ॥૪॥ **(ધ્યાનશતક ગા. ૩૫-૩૮)**

અને નમસ્કાર આ લોક અને પરલોકમાં અત્યંત ગુણને કરનાર છે. જે કારણથી 'મહાનિશીથ'માં કહેવાયું છે –

"ભાવથી (નમસ્કાર મહામંત્રનું) ચિંતવન કરનારા પુરુષના ચોર-શ્વાપદ=જંગલી પશુ-વિષધર-જલ-અગ્નિ-બંધનના ભયાદિ નાશ પામે છે. રાક્ષસ-રણ અને રાજાના ભયાદિ નાશ પામે છે." ॥૧॥

અન્યત્ર પણ કહેવાયું છે –

"જન્મેલો પણ જો નવકાર બોલે છે. જે કારણથી જન્મેલાને ફલની રિદ્ધિ થાય છે. અવસાનમાં પણ=મૃત્યુ સમયમાં પણ, નવકાર બોલે છે. જેનાથી મરેલો સુગતિમાં જાય છે. ॥૧॥

આપત્તિમાં આવેલા વડે પણ નમસ્કાર બોલવું જોઈએ. જે કારણથી આપત્તિઓનું ઉલ્લંઘન થાય. ઋદ્ધિમાં પણ બોલવું જોઈએ=નવકાર બોલવો જોઈએ. જે કારણથી તે=ઋદ્ધિ, વિસ્તારને પામે છે. ॥૨॥

નમસ્કારનો એક અક્ષર સાત સાગરોપમના પાપનો નાશ કરે છે. એક પદ ગણવાથી પચાસ સાગરોપમના પાપનો નાશ થાય છે. અને સમગ્ર નવકાર ગણવાથી ૫૦૦ સાગરોપમના પાપનો નાશ થાય છે. ॥૩॥

જે પુરુષ એક લાખ નવકાર ગણે છે. વિધિથી જિનનમસ્કારની પૂજા કરે છે, તે તીર્થંકરનામગોત્રનો બંધ કરે છે. સંદેહ નથી. ॥૪॥

જે પુરુષ આઠ કોડ, આઠ લાખ, આઠ હજાર આઠસો ને આઠ (૮,૦૮,૦૮,૮૦૮) નવકાર ગણે છે તે ત્રીજા ભવમાં સિદ્ધિને પામે છે." ॥૫॥ **(નમસ્કાર પંચવિંશતિ)**

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

द्रव्याद्युपयोजन ..... विहितेति । દ્રવ્યાદિનું ઉપયોજન એ પ્રમાણે મૂળ ગાથામાં કહ્યું. એમાં 'આદિ' શબ્દથી ધર્મજાગરિકા પણ ગ્રહણ કરાય છે અને તે આ પ્રમાણે છે –

"મારા વડે શક્તિ અનુરૂપ શું કૃત્ય કરાયું છે ? શું મારું કૃત્ય શેષ છે ? ક્યું શક્ય કૃત્ય હું નથી કરતો ? શું મારું સ્ખલિત=સ્ખલના કરાયેલ કૃત્ય, પર જુએ છે ? અને શું મારો આત્મા સ્ખલનાને જુએ છે ? અથવા શું હું સ્ખલિત કૃત્યને ત્યાગ કરતો નથી ?" ।।૧।। **(દશવૈકાલિક ચૂલિકા-૨, ગાથા ૧૧-૧૨)**

ઇત્યાદિ=આવું બીજું અન્ય ચિંતન કરે. આનંદ-કામદેવ વડે પણ આ રીતે ધર્મજાગરિકા કરાયેલી સંભળાય છે.

ભાવાર્થ :-

જે શ્રાવક વિધિપૂર્વક બાર વ્રતોનું પાલન કરે છે અને સાતક્ષેત્રમાં ધન વપનાદિ કરે છે તેમ જ ભૂમિકાનુસાર ઉચિત અનુકંપા કરે છે તે મહાશ્રાવક છે તેમ અત્યાર સુધી બતાવાયું. અને તે મહાશ્રાવક પ્રતિદિન શું કૃત્યો કરે છે ? તે બતાવતા કહે છે –

સવારના જાગે ત્યારે સકલ કલ્યાણના કારણીભૂત નમસ્કારથી જાગ્રત થાય. તેથી નમસ્કારનાં બોલાયેલાં પદોથી ચિત્ત સદા ભાવિત રહે. કઈ રીતે નમસ્કાર ગણે તે બતાવતાં કહે છે –

શ્રાવકે સ્વલ્પ નિદ્રાવાળા થવું જોઈએ. અને રાત્રિના ચોથા પહોરમાં સ્વયં ઊઠી જવું જોઈએ. જેથી આ લોકના અને પરલોકના કાર્યની સિદ્ધિના અનેક ગુણો પ્રાપ્ત થાય છે. અર્થાત્ સવારના વહેલા ઊઠવાથી દેહનું આરોગ્ય સારું રહે છે. સ્વસ્થતાપૂર્વક એક પ્રહર સુધી ઉચિત ધર્મકૃત્યથી ચિત્ત ભાવિત કરવાથી ચિત્તમાં સંકલેશો અલ્પ-અલ્પતર થાય છે પરલોકમાં પણ સુગતિ આદિની પ્રાપ્તિ થાય છે. તેથી શ્રાવકે સવારમાં એક પ્રહર પૂર્વે જાગ્રત થઈ ધર્મપરાયણ થવું જોઈએ. વળી કોઈક રીતે શરીરની જડતાને કારણે એક પ્રહર પૂર્વે ઊઠી ન શકે તો સૂર્યોદય પૂર્વે જઘન્યથી બે ઘડી પૂર્વે બ્રાહ્મી મુહૂર્તમાં નમસ્કારના સ્મરણપૂર્વક ઊઠવું જોઈએ. અહીં પ્રશ્ન થાય કે ઊઠતાની સાથે શ્રાવકે કઈ રીતે નમસ્કાર ગણવો જોઈએ ? તેથી કહે છે –

નિદ્રાના ત્યાગ સમયે પંચપરમેષ્ઠિ પ્રત્યે અત્યંત બહુમાનપૂર્વક મંગલ માટે શ્રાવકે અવ્યક્તવર્ણવાળા નમસ્કારનું સ્મરણ કરવું જોઈએ. અર્થાત્ મનમાં નવકારનું સ્મરણ કરવું જોઈએ. ફક્ત ચિત્તને શ્રાવકે તે રીતે ભાવિત રાખવું જોઈએ કે જગતમાં પંચપરમેષ્ઠિ જ જીવ માટે સર્વ કલ્યાણના કારણરૂપ છે. માટે તેના પ્રત્યે અત્યંત બહુમાનભાવ સ્ફુરાયમાન થાય અને પોતાના જીવનમાં કરાયેલો નમસ્કાર મંગલરૂપ થાય=સર્વ કલ્યાણની પરંપરાનું કારણ બને તે રીતે સ્મરણ કરવું જોઈએ. અને જેઓના ચિત્તમાં પંચપરમેષ્ઠિમાં રહેલા ઉત્તમપુરુષો જ ભક્તિપાત્ર છે અને તે અવસ્થા જ પ્રાપ્તવ્ય છે તેવી સ્થિર બુદ્ધિ છે તેઓ તે પ્રકારના ઉપયોગપૂર્વક નમસ્કાર ગણે તો અવશ્ય તે નમસ્કારનું સ્મરણ તે મહાત્મા માટે મંગળરૂપ બને છે.

વળી, કેટલાક મહાત્માઓ કહે છે કે નમસ્કાર ગણવા માટે એવી કોઈ અવસ્થા નથી કે જે અવસ્થામાં

નમસ્કારનું ઉચ્ચારણ થઈ ન શકે. માટે નિદ્રાના ત્યાગકાળમાં પણ સ્પષ્ટ ઉચ્ચારણપૂર્વક નમસ્કાર ગણવો જોઈએ; કેમ કે સ્પષ્ટ ઉચ્ચારણપૂર્વક બોલવાથી તે પ્રકારના ભાવો ઉલ્લસિત થાય છે. અને શરીરની સૂતેલી અવસ્થા, બેઠેલી અવસ્થા કે અન્ય કોઈ પણ અવસ્થા હોય તે અવસ્થામાં નવકારનું સ્મરણ કરવામાં કોઈ બાધ નથી. આથી કોઈક રીતે દરિયામાં પડતા પણ ઉત્તમપુરુષો નવકારનું સ્મરણ કરે છે. વળી, 'શ્રાદ્ધદિનકૃત્ય'માં આ પ્રમાણે કહેવાયું છે. શય્યાસ્થાનને મૂકીને જમીન ઉપર બેસવું જોઈએ. ત્યાર પછી ભાવબંધુ જગતના નાથ એવા નમસ્કારનો જાપ કરવો જોઈએ. તેથી 'શ્રાદ્ધવિધિ' વચનાનુસાર પથારીમાંથી ઊઠીને ઉચિત સ્થાને બેસવું જોઈએ. અને ત્યાર પછી આત્મા માટે ભાવથી બંધુ એવા નમસ્કારને ગણવો જોઈએ; કેમ કે જેમ બંધુ સદા આપત્તિમાં ઉપકારક બને છે તેમ સંસારી જીવો કર્મને પરવશ હોવાથી ભાવ આપત્તિમાં છે. તે ભાવ આપત્તિકાળમાં બંધુની જેમ નમસ્કાર આત્માનું હિત કરનાર છે. તેથી નમસ્કારના પારમાર્થિક સ્વરૂપના બોધપૂર્વક જેઓ તેનું સ્મરણ કરે છે તેઓના માટે નમસ્કાર ભાવબંધુ છે. વળી આ નમસ્કાર જગતનો નાથ છે; કેમ કે જેમ નાથ શરણાગતને ઉપદ્રવમાંથી રક્ષણ કરે છે અને સુખપૂર્વક જીવી શકે તે પ્રકારે તેની ચિંતા કરે છે તેમ જેઓ પંચપરમેષ્ઠિના સ્વરૂપથી વાસિત થઈને નવકાર ગણે છે તેઓથી સ્મરણ કરાયેલો નમસ્કાર સંસારમાં થતા સર્વ ઉપદ્રવોથી આત્માનું રક્ષણ કરે છે. ચિત્તને સ્વસ્થતા આપાદાન કરે છે. અને તેવા જીવો સંસારમાં જ્યાં સુધી છે ત્યાં સુધી સદ્ગતિની પ્રાપ્તિ દ્વારા સુખપૂર્વક જીવી શકે છે.

વળી, 'યતિદિનચર્યા'માં આ પ્રમાણે કહ્યું છે. રાત્રિના છેલ્લા પ્રહરમાં બાલ, વૃદ્ધ સર્વએ જાગવું જોઈએ અને પરમમંત્રરૂપ પંચપરમેષ્ઠિને સાત-આઠ વાર ગણવો જોઈએ. તેથી તે વચનાનુસાર સવારમાં સાતથી આઠ નવકાર અવશ્ય ગણવા જોઈએ અને આ નમસ્કાર પરમમંત્ર છે; કેમ કે ભાવ આરોગ્યને કરનાર છે. અર્થાત્ ભાવરોગરૂપ મોહનો નાશ કરનાર છે. તે પ્રકારે સ્મૃતિમાં લાવીને અત્યંત ઉપયોગપૂર્વક સાત-આઠ નવકાર બોલવા જોઈએ. આ રીતે સવારમાં નવકાર ગણવાના વિષયમાં જુદાં જુદાં શાસ્ત્રોના અભિપ્રાયો બતાવ્યા તે સર્વ પ્રમાણભૂત છે. તેથી તે વચનાનુસાર સવારમાં નવકાર બોલવામાં કોઈ બાધ નથી.

વળી, 'યોગશાસ્ત્ર'માં નમસ્કારના પરાવર્તનની વિશિષ્ટ વિધિ બતાવી છે. તેથી જેની બુદ્ધિ કુશળ છે અને તે પ્રકારે નવકાર ગણવા સમર્થ છે તેને તે પ્રકારે નવકાર ગણવો જોઈએ. કઈ રીતે નવકાર ગણવો જોઈએ ? તે સ્પષ્ટ કરે છે –

હૃદયકમળમાં આઠ પત્રોના કમળનું ચિંતવન કરે. અને તેના મધ્યભાગમાં જે કર્ણિકા છે તેમાં 'નમો અરિહંતાણં' એ પ્રકારના સાત અક્ષરોને બુદ્ધિથી સ્થાપન કરે અને તે પવિત્ર પદનું ચિંતવન કરે. ત્યાર પછી ચાર દિશામાં યથાક્રમ 'નમો સિદ્ધાણં' આદિ ચાર પદોને સ્થાપન કરે=જેમ 'નમો અરિહંતાણં' પદના અક્ષરોનું સ્થાપન કર્યું તેમ 'નમો સિદ્ધાણં' આદિ પદોના અક્ષરોનું સ્થાપન કરે અને ચાર વિદિશાના પત્રોમાં છેલ્લાં ચાર પદોનું ચિંતવન કરે. આ પ્રકારે ચિંતવન કરતાં વિશુદ્ધિપૂર્વક ૧૦૮ નવકાર ગણવાથી મુનિને એક ઉપવાસનું ફળ મળે છે. અર્થાત્ એક ઉપવાસ કરી જે નિર્જરા મુનિ પ્રાપ્ત કરી શકે છે તે નિર્જરા ત્રણ ગુપ્તિવાળા મુનિ એકસો આઠ નવકારના જાપથી પ્રાપ્ત કરે છે.

નવકાર પ્રત્યે ઉત્સાહથી પ્રવૃત્તિ થાય તદ્ અર્થે એક ઉપવાસનું ફળ મળે તેમ કહેલ છે. પરમાર્થથી તો આ રીતે ત્રણ ગુપ્તિવાળા જે સાધુ વિશુદ્ધિપૂર્વક એકસો આઠ નવકાર ગણે છે તે મહાત્મા નવકારથી વાસિત ચિત્ત હોવાને કારણે અવશ્ય દેવલોકમાં જાય છે અને ઉત્તરોત્તર ઉત્તમ ભાવોની પ્રાપ્તિ દ્વારા મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી પંચપરમેષ્ઠિના ગુણોમાં પ્રણિધાનપૂર્વક ઉપયોગ રાખી ગણાયેલા નમસ્કારથી મહાત્માને સ્વર્ગ અને મોક્ષના ઉત્તમ ફળની પ્રાપ્તિ છે, એ પ્રમાણે 'યોગશાસ્ત્ર'માં કહેલ છે.

વળી, જેઓ યોગશાસ્ત્રમાં બતાવેલ વિધિ અનુસાર નવકારનો જાપ કરવા સમર્થ નથી તેવા મહાત્માએ પણ નંદાવર્ત-શંખાવર્ત આદિથી 'કર જાપ' કરવો જોઈએ. જે બહુ ફલવાળો છે. તેથી શ્રાવકે વારંવાર પંચપરમેષ્ઠિના સ્વરૂપથી આત્માને ભાવિત કરી પંચપરમેષ્ઠિનું પારમાર્થિક સ્વરૂપ ચિત્તમાં તે રીતે સ્થિર કરવું જોઈએ કે જેથી નમસ્કારના સ્મરણકાળમાં સતત તે સ્વરૂપની ઉપસ્થિતિ થાય અને તે રીતે સવારના ઊઠતી વખતે નવકારનો જાપ કરવો જોઈએ અને તે જાપ એક નવકારનો કરે, સાત-આઠ નવકારનો કરે અને અધિક સ્વસ્થતા હોય તો એકસો આઠ (૧૦૮) નવકારનો જાપ કરે તે ઉચિત છે. વળી, તે જાપ યોગશાસ્ત્ર વિધિ અનુસાર બતાવેલ છે તે શક્ય હોય તો તે રીતે કરે અને તે રીતે શક્તિ ન હોય તો નંદાવર્ત-શંખાવર્તથી કર જાપ શક્તિ અનુસાર કરે.

વળી, કોઈ શ્રાવકને બંધનાદિ કષ્ટની પ્રાપ્તિ થઈ હોય તો વિપરીત શંખાવર્ત આદિ દ્વારા અક્ષરો અને પદોથી વિપરીત નમસ્કારનો જાપ લાખ આદિ વાર કરવો જોઈએ. જેથી તરત ક્લેશનો નાશ થાય. જો કે, સમ્યગ્દૃષ્ટિ જીવોએ પંચપરમેષ્ઠિના ગુણોથી આત્માને ભાવિત કરીને કર્મોની નિર્જરા કરવા અર્થે નવકાર ગણવો ઉચિત છે. તોપણ જ્યારે વિષમ સંયોગો આવે ત્યારે ચિત્તના ક્લેશના નિવારણ અર્થે અને પ્રાપ્ત થયેલ આપત્તિના નિવારણ અર્થે નવકારનું સ્મરણ કરવું જોઈએ. તે પણ ઉપકારી છે માટે સંસારની આપત્તિના નિવારણ માટે નવકાર ન જ ગણાય તેવો એકાંત નિયમ નથી. ફક્ત જેઓને સંસારની આપત્તિના નિવારણના ઉપાય અર્થે નવકાર જણાય છે પરંતુ સંસારના ઉચ્છેદના પ્રબળ કારણરૂપ નવકાર છે તેવો બોધ નથી, તેથી માત્ર આ લોકના જ આશયથી નવકાર ગણે છે તે ઉચિત નથી. પરંતુ શ્રાવકે પોતાનું શ્રાવકજીવન ક્લેશ વગરનું પ્રાપ્ત થાય અને સુખપૂર્વક સર્વવિરતિની શક્તિનો સંચય થાય તેવી સ્થિતિ પોતાને સદા પ્રાપ્ત થાય અને તેમાં વિઘ્નકારી સર્વ આપત્તિઓના નિવારણ અર્થે પણ નમસ્કારનો જાપ કરવો ઉચિત છે. અને અવશેષકાળમાં સદા પંચપરમેષ્ઠિના ગુણોથી હું આત્માને વાસિત કરું જેથી કર્મોની નિર્જરાની પ્રાપ્તિ દ્વારા પોતે પણ સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે અને સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સુદેવત્વ અને સુમનુષ્યત્વની પ્રાપ્તિ થાય તેવા નિર્મળ અધ્યવસાયથી સદા નવકારનો જાપ કરવો જોઈએ.

વળી, જેઓ કરજાપ આદિ દ્વારા પણ નવકારનું સ્મરણ કરવા અસમર્થ છે તેઓ રુદ્રાક્ષાદિની જપમાળા દ્વારા વિધિપૂર્વક ૧૦૮ નવકારનો જાપ કરે. તે વખતે તે માળાને હૃદયની સામે સમશ્રેણીથી ધારણ કરે અને તે માળા પોતાના વસ્ત્ર કે પગ આદિને સ્પર્શે નહિ તે રીતે ધારણ કરે અને ફરી ફરી માળાનો જાપ કરવો હોય ત્યારે મેરુનું ઉલ્લંઘન ન થાય તે પ્રકારે વિધિપૂર્વક જાપ કરે. આ સર્વ બાહ્યવિધિ છે. અંતરંગવિધિ તો

પંચપરમેષ્ઠિ પ્રત્યે વધતા જતા બહુમાનથી ઉત્પન્ન થતા રાગને કારણે ચિત્ત તેમના ગુણોથી ભાવિત થાય તે પ્રકારના પ્રણિધાનપૂર્વક જાપ કરવો જોઈએ.

વળી, જાપના વિષયમાં પાદલિપ્તસૂરીશ્વરજીનું વચન આ પ્રમાણે છે –

જાપ ત્રણ પ્રકારનો છે. મનથી, ઉપાંશુથી અને ભાષ્યના ભેદથી. ત્યાં માનસજાપ એટલે માત્ર નમસ્કારનાં પદોનું મનમાં સ્મરણ જેમાં શબ્દોચ્ચારણ નથી પરંતુ જેમ પ્રતિમાની ઉપસ્થિતિ કરતી વખતે ચક્ષુ સામે પ્રતિમાની આકૃતિની ઉપસ્થિતિ થાય છે, તેમ કમળપત્રાદિ પર સ્થાપન કરાયેલા નમસ્કારનાં પદોને ક્રમસર જોવા માટેનો મનોવ્યાપાર જે જાપમાં થાય છે તે 'માનસજાપ' છે. પરંતુ સાક્ષાત્ શબ્દોલ્લેખપૂર્વક મનથી જાપ કરાતો નથી. વળી, બીજા વડે ન સંભળાય તેવો અંતરંગ જલ્પાકારરૂપ જે શબ્દથી જાપ કરાય છે તે 'ઉપાંશુ જાપ' છે. અને જે જાપ સ્પષ્ટ ઉચ્ચારણપૂર્વક બીજા સાંભળી શકે તે પ્રમાણે કરાય છે તે 'ભાષ્યજાપ' છે. માનસજાપ વિશિષ્ટ પ્રકારના યત્નથી સાધ્ય હોવાને કારણે સર્વ શ્રેષ્ઠ છે. 'ઉપાંશુ જાપ' મધ્યમ છે અને 'ભાષ્યજાપ' જઘન્ય છે. આમ છતાં આદ્યભૂમિકામાં ભાષ્યજાપથી જ અર્થની ઉપસ્થિતિ સુખપૂર્વક થાય છે. સુઅભ્યસ્તદશામાં ઉપાંશુ જાપથી પણ અર્થની ઉપસ્થિતિ થઈ શકે છે. તેથી તે વખતે ઉપાંશુ જાપ જ અધિક ઇષ્ટ છે. અને અત્યંત સુઅભ્યસ્તદશામાં માનસજાપથી પણ પંચપરમેષ્ઠિના ભાવોની ઉપસ્થિતિ થઈ શકે છે. તેથી તે ભૂમિકામાં માનસજાપ જ શ્રેષ્ઠ છે. માટે પોતાની ભૂમિકાનુસાર જે જાપનો બલસંચય થયો હોય તે પ્રકારે જાપમાં યત્ન કરવો જોઈએ. વળી, ચિત્તસ્થૈર્ય માટે નવકારનાં પાંચ પદોને કે નવપદોને પણ શ્રાવકે આનુપૂર્વીથી ગણવાં જોઈએ.

આ પ્રકારે વિધિપૂર્વક જાપ કરવો જોઈએ; કેમ કે જાપનું બહુફલપણું છે. કેમ જાપનું બહુફલપણું છે ? તેમાં સાક્ષી આપે છે –

કોઈ વ્યક્તિ ભગવાનના ગુણોના પરિજ્ઞાનપૂર્વક ભગવાનની પૂજા કરે અને કોઈ વ્યક્તિ ભગવાનના ગુણોના પરિજ્ઞાનપૂર્વક ભગવાનની સ્તુતિ કરે તો પૂજા કરતાં સ્તોત્રમાં કોટિગણું ફળ મળે છે. વળી, કોઈ પુરુષ ભગવાનના ગુણોના પરિજ્ઞાનપૂર્વક જપ કરે તો સ્તોત્ર કરતાં કોટિગણું ફળ જાપમાં મળે છે. વળી ભગવાનના ગુણોના પરિજ્ઞાનપૂર્વક ભગવાનનું ધ્યાન કરે તો જાપ કરતાં કોટિગણું ફળ ધ્યાનથી મળે છે. વળી, કોઈ ભગવાનના ગુણોમાં લય પામે તો ધ્યાન કરતાં કોટિગણું ફળ લયમાં મળે છે. જેમ શ્રેણિક મહારાજા ભગવાનના ગુણોમાં લય પામ્યા તો તીર્થંકરનામકર્મ ઉપાર્જન કર્યું. જેના ફળરૂપે વીરપ્રભુના સદૃશ આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર થશે. તેથી શક્તિ અનુસાર શ્રાવકે જેમ ભગવાનની પૂજામાં યત્ન કરવો જોઈએ, ભગવાનની સ્તોત્ર પૂજામાં યત્ન કરવો જોઈએ તેમ જપની પણ શક્તિ કેળવવી જોઈએ. જાપના અતિશય અભ્યાસથી જ ધ્યાનની પ્રાપ્તિ થાય છે. અને સુઅભ્યસ્ત ધ્યાન થાય ત્યારે લયની પ્રાપ્તિ થાય છે. વળી, જપ દ્વારા સંચિત વીર્યવાળા શ્રાવકે ધ્યાનમાં પણ ઉદ્યમ કરવો જોઈએ અને ધ્યાન કરવા અર્થે જિનજન્મભૂમિ આદિ રૂપ તીર્થસ્થાન કે અન્ય તીર્થભૂમિમાં આશ્રય કરવો જોઈએ અથવા ધ્યાનને અનુકૂળ સ્વાસ્થ્યનો હેતુ એવા એકાંત સ્થાનનો આશ્રય કરવો જોઈએ. આનાથી એ પ્રાપ્ત થાય કે અત્યંત ઉપયોગપૂર્વક

નવકારના જાપથી ધ્યાનનું બળ સંચય થાય છે. અને ધ્યાનનું બળ સંચય થયા પછી ઉચિત સ્થાનમાં સમર્થ શ્રાવકે ધ્યાન માટે ઉદ્યમ કરવો જોઈએ. જેથી સર્વ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય.

શ્રાવક સવારમાં ઊઠીને પ્રથમ નવકારથી જાગ્રત થાય. ત્યાર પછી સ્વદ્રવ્યાદિનો ઉપયોગ કરે. કઈ રીતે સ્વદ્રવ્યાદિનો ઉપયોગ કરે ? તે સ્પષ્ટ કરે છે –

દ્રવ્યથી હું કોણ છું ? ભગવાનના વચનમાં હું શ્રદ્ધાવાળો છું કે શ્રદ્ધા વગરનો છું ? આ પ્રકારે વિચારવાથી પોતાને ભગવાનના વચનમાં શ્રદ્ધા હોય તો જિનવચનાનુસાર સર્વ કૃત્ય કરવાને અનુકૂળ દૃઢવીર્યનો સંચય થાય છે; કેમ કે પોતે ભગવાનના વચન પ્રત્યેની રુચિવાળો હોવા છતાં તેનું સ્મરણ નહિ હોવાથી ભગવાનના વચનાનુસાર કૃત્ય કરવાનું વીર્ય ઉલ્લસિત થતું નથી અને પ્રતિદિન તે રીતે સ્મરણ કરવાથી શક્તિ અનુસાર દિવસ દરમિયાન કૃત્ય કરવાનું વીર્ય ઉલ્લસિત થાય છે. વળી ભગવાનનો ઉપદેશ અપ્રમાદસાર છે. ભગવાનના વચનમાં જેને રુચિ હોય તેણે સ્વભૂમિકાનુસાર અવશ્ય અપ્રમાદ કરવો જોઈએ. આ પ્રકારે દ્રવ્યથી હું કોણ છું ? એમ ચિંતન કરવાથી અપ્રમાદભાવની ઉપસ્થિતિ થાય છે. વળી, વિચારે કે મારા ગુરુ કોણ છે ? જેથી પોતાના ગુરુના ગુણોના સ્મરણપૂર્વક તેમના વચનાનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ કરવાનું દૃઢ વીર્ય ઉલ્લસિત થાય છે. વળી, **ક્ષેત્ર**થી વિચારે કે હું ક્યાં વસ્યો છું ? જેથી સહસા ઊઠીને ગમનાદિના ક્રિયાકાલમાં સ્તંભ આદિથી સ્ખલના થવાનો સંભવ રહે નહિ. **કાળ**થી વિચારે કે આ ક્યો કાળ છે ? જેથી તે કાળને અનુરૂપ ઉચિતકૃત્ય કરવા માટેનો સંકલ્પ થાય છે. વળી, **ભાવ**થી વિચારે કે હું ક્યા કુળમાં જન્મ્યો છું ? જેથી પોતાના કુળને કલંક લાગે તેવું કોઈ અનુચિત કૃત્ય પોતાનાથી ન થાય તેવી જાગૃતિ આવે છે. વળી, મારો ધર્મ શું છે ? તેનું સ્મરણ કરવાથી પોતાનાં ઉચિત કૃત્યો કરવાનું સદ્વીર્ય ઉલ્લસિત થાય છે. વળી, મારાં કયાં વ્રતો છે ? તેનું સ્મરણ કરે જેથી સ્વીકારાયેલા વ્રતની મર્યાદાથી વિપરીત પ્રવૃત્તિ અનાભોગથી પણ દિવસ દરમિયાન થાય નહિ.

આ રીતે દ્રવ્યાદિનું ચિંતન કર્યા પછી કાયિકી ચિંતા માટે શ્રાવક ઉત્થિત થાય અને જો હજુ નિદ્રાવસ્થા દૂર થઈ ન હોય તો શ્વાસ રોધ કરીને જાગ્રત થાય જેથી સ્તંભાદિ સાથે અથડાવાનો પ્રસંગ પ્રાપ્ત ન થાય. અને ત્યાર પછી કાયિકી ચિંતા માટે જાય. વળી, ખાંસી વગેરે આવે તોપણ ઉચ્ચ સ્વરથી કરે નહિ; કેમ કે કોઈ હિંસક જીવો જાગે તો હિંસાદિની પ્રવૃત્તિ તેઓ કરે તેમાં પોતે નિમિત્ત બને. વળી, જાગ્યા પછી કાયિકી ક્રિયા કરવા જતા પૂર્વે જે નાસિકામાં શ્વાસ વહન થતો હોય તે બાજુના પગને ભૂમિમાં પ્રથમ સ્થાપન કરે. જેથી દિવસ દરમિયાન કોઈ અશુભ નિમિત્તોની પ્રાપ્તિ ન થાય. આ રીતે જાગ્રત થવાની વિધિ કર્યા પછી શ્રાવકે ધર્મજાગરિકા કરવી જોઈએ. કઈ રીતે ધર્મજાગરિકા કરવી જોઈએ ? તે દશવૈકાલિકના વચનથી સ્પષ્ટ કરે છે –

"મારા વડે શું ઉચિત કૃત્ય કરાયું ?" આ પ્રકારે વિચારવાથી શ્રાવકને સ્મરણ થાય છે કે વર્તમાનના મનુષ્યભવમાં મારા આત્માના હિત અર્થે મારી શક્તિ અનુસાર મેં શું ઉચિત કૃત્યો કર્યાં છે ? જેનાથી સુખપૂર્વક સદ્ગતિની પરંપરા દ્વારા હું સંસારનો અંત કરવા સમર્થ બનીશ એ પ્રમાણે સૂક્ષ્મ અવલોકન કરવાથી શક્તિ અનુસાર ઉચિત કૃત્યો કરવાના પ્રયત્નમાં કંઈ પ્રમાદ વર્તતો હોય તો તે દૂર થાય છે. વળી

વિચારે છે કે "શું મારું કૃત્ય શેષ છે ?" અર્થાત્ વર્તમાનભવમાં મારી શક્તિ અનુસાર મેં જે કંઈ કૃત્યો કર્યાં છે તેનાથી અન્ય અવશેષ કૃત્ય શું કરવા જેવાં છે ? કે જે કૃત્ય કરવાથી સર્વવિરતિને અનુકૂળ શક્તિ સંચય થાય. જેના કારણે ચારગતિના પરિભ્રમણરૂપ સંસારનો શીઘ્ર અંત થાય. આ પ્રમાણે સ્મરણ કરવાથી વર્તમાનના ભવમાં આગામી ઉચિત કૃત્યો અપ્રમાદપૂર્વક થાય છે અને જે શ્રાવક સદા પોતાની શક્તિ અનુસાર અપ્રમાદથી ઉચિત કૃત્યો કરે છે તેવા મહાત્મામાં શક્તિને ગોપવ્યા વગર હિત સાધવાના વિષયમાં અપ્રમાદ થાય તેવા ઉત્તમ સંસ્કારોનું આધાન થાય છે. જેથી અપ્રમાદભાવના બળથી તે મહાત્મા શીઘ્ર સંસારસાગરને તરશે. વળી વિચારે છે કે "કયું શક્ય કૃત્ય હું સ્મરણ કરતો નથી ?" તેમ વિચારવાથી માત્ર સ્થૂલથી મેં આ કૃત્ય કર્યું છે, આ કૃત્ય કર્યું નથી તેમ માનીને સંતોષ થતો નથી. પરંતુ આત્મસાક્ષીએ પોતાની ઉચિત કૃત્યો કરવાની શક્તિનું સમાલોચન થાય છે અને શક્તિ હોવા છતાં પ્રમાદને વશ તે શક્ય કૃત્ય કરવાનું પોતે સ્મરણ ન કરતો હોય તો તેની નિંદા કરીને તે શક્ય કૃત્ય કરવા માટે ઉત્સાહિત થાય છે. વળી, શ્રાવક વિચારે છે કે યોગમાર્ગની પ્રવૃત્તિ અતિદુષ્કર છે. તેથી પ્રમાદવશ મેં જે કંઈ સ્ખલના કરી છે તે મારી કઈ સ્ખલનાને બીજા જીવો જોનારા છે ? આ પ્રમાણે વિચારવાથી પોતાની સ્ખલનાને અન્ય પણ જોઈ રહ્યા છે, છતાં બલવાન રાગાદિને વશ નિર્લજ્જ થઈને પોતે એવું કૃત્ય કરતો હોય તો તેનાથી લજ્જા પામીને પણ નિવર્તન પામે છે. વળી વિચારે છે કે "કઈ સ્ખલનાઓ મારો આત્મા જોતો નથી ?" જેથી સંવેગ ઉત્પન્ન થતો નથી. અર્થાત્ થયેલી સ્ખલના પ્રત્યે તીવ્ર જુગુપ્સારૂપ સંવેગ ઉત્પન્ન થતો નથી. આ રીતે વિચારવાથી પોતાની સ્ખલના કોઈ જોતા ન હોય તોપણ નિમિત્તને પામીને પોતે ઇન્દ્રિયને વશ થઈને જે સૂક્ષ્મ સ્ખલનાઓ કરીને પોતાના યોગમાર્ગને મલિન કરે છે. છતાં મૂઢતાને કારણે જે તેની ઉપસ્થિતિ થતી નથી તે દૂર થાય છે. અને પોતાની શક્તિ અનુસાર યોગમાર્ગની પ્રવૃત્તિમાં જે સ્ખલનાઓ છે તેનું સ્મરણ કરીને તે સ્ખલનાઓને દૂર કરવાને અનુકૂળ તીવ્ર સંવેગ થાય છે. વળી, વિચારે છે કે "હું કઈ સ્ખલના દૂર કરવા યત્ન કરતો નથી" તે પ્રકારે વિચારવાથી ઉપસ્થિતિ થાય છે કે જીવને પ્રમાદ મધુર લાગે છે અને પ્રમાદને વશ યોગમાર્ગની પ્રવૃત્તિમાં જે પણ સ્ખલનાઓ કરે છે તે સ્ખલનાઓ પોતાને દેખાવા છતાં તે સ્ખલનાઓને દૂર કરવા ઉત્સાહ થતો નથી અને તેનું સ્મરણ થવાથી ભય પેદા થાય છે કે જો આ રીતે મારી પ્રવૃત્તિની સ્ખલનાઓને હું દૂર કરીશ નહિ તો પ્રમાદ કરવાની પ્રવૃત્તિ સ્થિર-સ્થિરતર થશે અને વધતો જતો પ્રમાદ વિનાશનું કારણ બનશે. માટે મારે મારી ઉચિત પ્રવૃત્તિમાં થોડી સ્ખલના પણ થતી હોય તો તેને અવશ્ય દૂર કરવી જોઈએ. અને શાસ્ત્રમાં સંભળાય છે કે આનંદ-કામદેવ આદિ પણ આ રીતે ધર્મજાગરિકા કરીને મહાશ્રાવક થયા. જેથી એકાવતારી બન્યા. માટે મારે પણ ચારગતિના પરિભ્રમણનો અંત કરવો હોય તો આ રીતે ધર્મજાગરિકા કરીને અપ્રમાદને કેળવવો જોઈએ.

ટીકા :-

अथोत्तरार्द्धव्याख्या–'सामायिकादी'त्यादि, सामायिकं-मुहूर्त्तं यावत्समभावरूपनवमव्रताराधनं प्रथमावश्यकं वा, आदिशब्दात् षड्विधावश्यकप्रतिबद्धरात्रिकप्रतिक्रमणग्रहणम्, तद्विधिरग्रे

वक्ष्यते अत्र च षाण्मासिकतपःकायोत्सर्गेऽद्य का तिथिः ? किं वाऽर्हतां कल्याणकमित्यादि विमृश्य तद्दिनकर्त्तव्यं प्रत्याख्यानं चिन्तयित्वा स्वयं कुर्यात्प्रत्याख्यानम्, यतः श्राद्धदिनकृत्ये –

"छण्हं तिहीण मज्झंमि, का तिही अज्ज वासरे ? ।
किं वा कल्लाणगं अज्ज ?, लोगनाहाण संतिअं ।।१।।
पच्चक्खाणं तु जं तंमि, दिणंमि गिण्हियव्वयं ।
चिंतिऊणं सुसड्ढो उ, कुणइ अण्णं तओ इमं ।।२।।" **[गा. २१-२] ति ।**

अथ च यो न प्रतिक्रामति तेनापि रागादिमयकुस्वप्नप्रद्वेषादिमयदुःस्वप्नयोरनिष्टसूचकतादृक्स्वप्नस्य च प्रतिघाताय स्त्रीसेवादिकुस्वप्नोपलम्भेऽष्टोत्तरशतोच्छ्वासमानोऽन्यथा तु शतोच्छ्वासमानः कायोत्सर्गः कार्यः, यदुक्तं व्यवहारभाष्ये –

"पाणिवह १ मुसावाए २, अदत्त ३ मेहुण ४ परिग्गहे सुविणे ।
सयमेगं तु अणूणं, ऊसासाणं झविज्जाहि ।।१।।
महव्वयाइं झाइज्जा, सिलोगे पंचवीसई ।
इत्थीविप्परिआसे, सत्तावीसे सिलोइओ ।।२।।

प्राणिवधादिचतुष्के स्वप्ने कृते कारितेऽनुमोदिते च, मैथुने तु कृते द्वितीयगाथोत्तरार्द्धेऽष्टोत्तरशतोच्छ्वासोत्सर्ग-स्योक्तत्वात् कारितेऽनुमोदिते च शतमेकमन्यूनमुच्छ्वासानां क्षपयेत्-पञ्चविंशत्युच्छ्वासप्रमाणं चतुर्विंशतिस्तवं चतुरो वारान् ध्यायेदिति भावः ।१। अथवा महाव्रतानि दशवैकालिकश्रुतबद्धानि कायोत्सर्गे ध्यायेत्, तेषामपि प्रायः पञ्चविंशतिश्लोकमानत्वात् । अथवा यान् तान् वा स्वाध्यायभूतान् पञ्चविंशतिं श्लोकान् ध्यायेत्" [ ] **इति तद्वृत्तौ ।**

आद्यपञ्चाशकवृत्तावपि 'जातु मोहोदयात्कुस्वप्ने स्त्रीसेवादिरूपे तत्कालमुत्थायेर्यापथिकी-प्रतिक्रमणपूर्वकमष्टोत्तरशतोच्छ्वासप्रमाणः कायोत्सर्ग कार्यः' [ ] इति ।

श्राद्धविधौ त्वयं विशेषः–'कायोत्सर्गे कृतेऽपि प्रतिक्रमणवेलाया अर्वाग् बहुनिद्राप्रमादे पुनरेवं कायोत्सर्गः क्रियते, जातु दिवाऽपि निद्रायां कुस्वप्नाद्युपलम्भे एवं कायोत्सर्गः कर्त्तव्यो विभाव्यते, परं तदैव क्रियते सन्ध्याप्रतिक्रमणावसरे वेति निर्णयो बहुश्रुतगम्य इति' [प. ३७]

प्रतिक्रामकस्य च प्रत्याख्यानोच्चारात्पूर्वं सच्चित्तादिचतुर्दशनियमग्रहणं स्यात्, अप्रतिक्रामकेनापि सूर्योदयात्प्राक् चतुर्दशनियमग्रहणं यथाशक्ति नमस्कारसहितग्रन्थिसहितादिद्वयासनैकाशनादियथा-गृहीतसच्चित्तद्रव्यविकृतिनैयत्यादिनियमोच्चारणरूपं देशावकाशिकं च कार्यमिति श्राद्धविधिवृत्ति-लिखितानुवादः । [प. ३८]

क्षोदक्षमश्चायम्, यतो नमस्कारसहितपौरुष्यादिकालप्रत्याख्यानं सूर्योदयात्प्रागेवोच्चारयितुं युक्तम्, नतु तत्पश्चात्, कालप्रत्याख्यानस्य 'सूरे उग्गए' इति पाठबलात् सूर्योदयेनैव संबद्धत्वसिद्धेः, शेषाणि सङ्केतादीनि तु पश्चादपि कृतानि शुध्यन्ति । यतः श्राद्धविधिवृत्तौ –

"नमस्कारसहितपौरुष्यादिकालप्रत्याख्यानं सूर्योदयात् प्राग् यद्युच्चार्यते तदा शुध्यति, नान्यथा, शेषप्रत्याख्यानानि सूर्योदयात्पश्चादपि क्रियन्ते, नमस्कारसहितं च यदि सूर्योदयात्प्रागुच्चारितं तदा तत्पूर्त्तेरन्वयि पौरुष्यादिकालप्रत्याख्यानं क्रियते स्वस्वावधिमध्ये, नमस्कारसहितोच्चारं विना सूर्योदयादनु कालप्रत्याख्यानं न शुध्यति, यदि दिनोदयात्प्राग् नमस्कारसहितं विना पौरुष्यादि कृतं तदा तत्पूर्त्तेरूर्ध्वमपरं कालप्रत्याख्यानं न शुध्यति, तन्मध्ये तु शुध्यतीति वृद्धव्यवहारः" ।

श्रावकदिनकृत्येऽपि–'पच्चक्खाणं तु जं तंमी[गा. २२]'ति गाथार्थपर्यालोचनयेयमेव वेला प्रतिपादिता संभाव्यते ।

प्रवचनसारोद्धारवृत्तावपि 'उचिए काले विहिण' [गा. २१३] त्ति गाथाव्याख्यायाम् –

"उचितकाले विधिना प्राप्तं यत् स्पृष्टं तद्भणितम्, इदमुक्तं भवति-साधुः श्रावको वा प्रत्याख्यानसूत्रार्थं सम्यगवबुध्यमानः सूर्ये अनुद्गत एव स्वसाक्षितया चैत्यस्थापनाचार्यसमक्षं वा स्वयं प्रतिपन्नविवक्षितप्रत्याख्यानः पश्चाच्चारित्रपवित्रगात्रस्य गीतार्थस्य गुरोः समीपे सूत्रोक्तविधिना कृतिकर्मादिविनयं विधाय रागादिरहितः सर्वत्रोपयुक्तः प्राञ्जलिपुटो लघुतरशब्दो गुरुवचनमनूच्चरन् यदा प्रत्याख्यानं प्रतिपद्यते तदा स्पृष्टं भवतीति" **[भा. २, प. १३७]** ।

तथा प्रत्याख्यानपञ्चाशकवृत्तावपि 'गिहणइ' [५।५]त्तिगाथा, 'गृह्णाति प्रतिपद्यते, प्रत्याख्यानमिति प्रकृतं, स्वयं गृहीतमात्मना प्रतिपन्नं विकल्पमात्रेण स्वसाक्षितया वा चैत्यस्थापनाचार्यसमक्षं वा, कदा गृह्णातीत्याह–'काले' पौरुष्यादिके आगामिनि सति, न पुनस्तदतिक्रमे, अनागतकालस्यैव प्रत्याख्यानविषयत्वात्, अतीतवर्त्तमानयोस्तु निन्दासंवरणविषयत्वादिति' [पञ्चाशकवृत्तिः प. ८९]

इत्थं च बहुग्रन्थानुसारेण कालप्रत्याख्यानं सूर्योदयात्प्रागेवोच्चार्यम्, नान्यथेति तत्त्वम् ।

अथ प्रत्याख्यानकरणानन्तरं यत्कर्त्तव्यं तदाह–'विधिनेति' विधिना-अनुपदमेव वक्ष्यमाणपुष्पादि-संपादनमुद्रान्यसनादिना प्रसिद्धेन चैत्यपूजनंद्रव्यभावभेदादर्हत्प्रतिमार्चनम्, अन्वयः प्राग्वदेव । चैत्यानि च भक्ति १ मङ्गल २ निश्राकृता ३ ऽनिश्राकृत ४ शाश्वत ५ चैत्यभेदात्पञ्च, यतः–

'भत्ती मंगलचेइअ निस्सकडमनिस्सचेइए वावि ।
सासयचेइअ पंचममुवइट्ठं जिणवरिंदेहिं ।।१।।' **[प्रवचनसारोद्धारे ६५९]**

तत्र नित्यपूजार्थं गृहे कारिताऽर्हत्प्रतिमा भक्तिचैत्यम्, गृहद्वारोपरि तिर्यक्काष्ठमध्यभागे घटितं

मङ्गलचैत्यम्, गच्छसत्कं चैत्यं निश्राकृतम्, सर्वगच्छसाधारणम् अनिश्राकृतम् ४, शाश्वतचैत्यं प्रसिद्धम् ५,

उक्तं च–

'गिहजिणपडिमाएँ भत्तिचेइअं उत्तरंगवडिअंमि ।
जिणबिंबं मंगलचेइअंति समयन्नुणो बिंति ।।१।।
निस्सकडं जं गच्छसंतिअं तदिअरं अनिस्सकडं ।
सिद्धाययणं च इमं, चेइअपणगं विणिद्दिट्ठं ।।१।।' **[प्रवचनसारोद्धारे ६६०-१] इति ।**

तत्र चेदं भक्तिचैत्यमिति ज्ञेयम्, मङ्गलचैत्यमिति योगशास्त्रवृत्तावुक्तम्, तच्च प्रागुक्तत्रिविध-जिनप्रतिमापेक्षया भाव्यमित्यलं प्रसङ्गेन ।।६०।।

पूजनं च विधिनैव विधीयमानं फलवद्भवति, यतः पूजापञ्चाशके

'विहिणा उ कीरमाणा सव्वाऽवि अ फलवई भवे चेट्ठा ।
इहलोइआऽवि किं पुण? जिणपूआ उभयलोगहिआ ।।१।।' **[४।२] इति ।**

टीकार्थ :-

अथोत्तरार्द्धव्याख्या ..... प्रसङ्गेन । હવે ઉત્તરાર્ધની વ્યાખ્યા કરાય છે.

'सामायिक' ઈત્યાદિ પ્રતીક છે. સામાયિક મુહૂર્ત સુધી સમભાવરૂપ નવમા વ્રતનું આરાધન છે. અથવા પ્રથમ આવશ્યક છે. 'आदि' શબ્દથી=સામાયિકાદિમાં રહેલા 'आदि' શબ્દથી ષડ્વિધ આવશ્યક સાથે પ્રતિબદ્ધ રાત્રિક પ્રતિક્રમણનું ગ્રહણ છે. અને તેની વિધિ=રાત્રિક પ્રતિક્રમણની વિધિ, આગળમાં કહેવાશે અને અહીં છ માસિક તપના કાયોત્સર્ગમાં=તપચિંતવણીના કાયોત્સર્ગમાં, આ વિધિ છે. આજે કઈ તિથિ છે ? અથવા ક્યા અરિહંત ભગવાનનું કલ્યાણક છે ? ઈત્યાદિ વિચારીને તે દિવસનું કર્તવ્ય પ્રત્યાખ્યાનનું ચિંતવન કરીને=કરવા યોગ્ય તપનું ચિંતવન કરીને, સ્વયં પ્રત્યાખ્યાન કરે. જે કારણથી 'શ્રાદ્ધદિનકૃત્ય'માં કહેવાયું છે –

"છ તિથિની મધ્યે આજના દિવસે કઈ તિથિ છે ? અથવા ક્યું આજે લોકનાથ સંબંધી કલ્યાણક છે. ।।૧।।
વળી, તે દિવસમાં ગ્રહણ કરવા યોગ્ય જે પચ્ચક્ખાણ છે તેનું ચિંતવન કરીને શ્રાવક ત્યાર પછી અન્ય આ કરે." ।।૨।। **(શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૨૧-૨૨)**

અને જે શ્રાવક પ્રતિક્રમણ કરતા નથી તેના વડે પણ રાગાદિમય કુસ્વપ્ન-પ્રદ્વેષાદિમય દુઃસ્વપ્નના, અને અનિષ્ટસૂચક એવા પ્રકારના સ્વપ્નના પ્રતિઘાત માટે સ્ત્રીસેવાદિ કુસ્વપ્નની પ્રાપ્તિમાં ૧૦૮-(એકસો આઠ) શ્વાસોચ્છ્વાસ માનવાળો, વળી અન્યથા=કુસ્વપ્નથી બીજા પ્રકારના સ્વપ્નની પ્રાપ્તિમાં, સો શ્વાસોચ્છ્વાસ માનવાળો કાયોત્સર્ગ કરવો જોઈએ. જે કારણથી 'વ્યવહારભાષ્ય'માં કહેવાયું છે.

"પ્રાણીવધ, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહના સ્વપ્નમાં અન્યૂન એકસો શ્વાસોચ્છ્વાસનું ધ્યાન કરે." ।।૧।।

"મહાવ્રત આદિનું ૨૫ શ્વાસોચ્છ્વાસ સિલોગે=૪ વખત ધ્યાન કરે. અને સ્ત્રી વિપર્યાસમાં સત્તાવીશ શ્વાસોચ્છ્વાસનું સિલોઈઓ=૪ વખત ધ્યાન કરે." ।।૨।।

"બીજી ગાથાના ઉત્તરાર્ધમાં મૈથુન કરાયે છતે ૧૦૮ ઉચ્છ્વાસ પ્રમાણનું ઉક્તપણું હોવાથી કૃત-કારિત અને અનુમોદિત વિષયક પ્રાણીવધ આદિ ચતુષ્કના સ્વપ્નમાં=મૈથુન અવ્રતને છોડીને ચાર અવ્રતના સ્વપ્નમાં અન્યૂન એકસો ઉચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરે. અર્થાત્ પચ્ચીસ ઉચ્છ્વાસ પ્રમાણ લોગસ્સ સૂત્ર ચાર વખત બોલે. એ પ્રકારનો ભાવ છે." ।।૧।।

અથવા "દશવૈકાલિક શ્રુત સાથે બદ્ધ મહાવ્રતોનું કાયોત્સર્ગમાં ધ્યાન કરે. તેઓનું પણ=મહાવ્રતોનું પણ, પ્રાયઃ પચ્ચીશ શ્લોક માનપણું છે. અથવા જે તે સ્વાધ્યાયભૂત્ત પચ્ચીશ શ્લોકનું ધ્યાન કરે." **એ પ્રમાણે તેની વૃત્તિમાં છે=વ્યવહારભાષ્યની ટીકામાં છે.**

આદ્ય (પ્રથમ) પંચાશકની વૃત્તિમાં પણ "મોહના ઉદયથી સ્ત્રીસેવાદિ કુસ્વપ્નમાં તત્કાલ ઊઠીને ઈર્યાપથિકી પ્રતિક્રમણપૂર્વક એકસો આઠ (૧૦૮) ઉચ્છ્વાસ પ્રમાણ કાયોત્સર્ગ કરવો જોઈએ." એ પ્રમાણે કહેવાયું છે.

વળી, 'શ્રાદ્ધવિધિ'માં આ વિશેષ છે.

પ્રતિક્રમણની વેલાની પૂર્વે કાયોત્સર્ગ કરાયે છતે બહુ નિદ્રાના પ્રમાદમાં ફરી એ રીતે=પહેલાં કાઉસ્સગ્ગ કર્યો એ રીતે, કાઉસ્સગ્ગ કરાય છે. અથવા દિવસે પણ નિદ્રામાં કુસ્વપ્ન આદિની પ્રાપ્તિમાં આ પ્રમાણે કાયોત્સર્ગના કર્તવ્યનું વિભાવન કરાય છે. ફક્ત તરત જ કરવો જોઈએ કે સંધ્યા પ્રતિક્રમણના અવસરે કરવો જોઈએ એ નિર્ણય બહુશ્રુત ગમ્ય છે. (શ્રાદ્ધવિધિ પ. ૩૭)

અને પ્રતિક્રમણ કરનાર શ્રાવકને પ્રત્યાખ્યાનના ઉચ્ચારથી પૂર્વે=સામાયિક ગ્રહણ કરે તે પહેલાં, સચિત્તાદિ ૧૪ નિયમનું ગ્રહણ કરવું જોઈએ. અને પ્રતિક્રમણ નહિ કરનારા વડે પણ સૂર્યોદયથી પૂર્વે ચૌદ નિયમનું ગ્રહણ અને યથાશક્તિ નમસ્કાર સહિત, ગ્રંથિ સહિત આદિ બેસણું-એકાસણું આદિ યથાગૃહીત સચિત્તદ્રવ્ય અને વિગઈના નૈયત્યાદિ નિયમના ઉચ્ચારરૂપ દેશાવગાસિક કરવું જોઈએ. એ પ્રમાણે શ્રાદ્ધવિધિવૃત્તિનો લિખિત અનુવાદ છે. (પ. ૩૮) અને આ ક્ષોદક્ષમ છે=સ્વીકારવા યોગ્ય છે. જે કારણથી નવકારસહિત પોરિસી આદિનું કાલ પ્રત્યાખ્યાન સૂર્યોદયની પૂર્વે જ ઉચ્ચારણ કરવા માટે યુક્ત છે. પરંતુ તેની=સૂર્યોદયની પશ્ચાત્ નહિ; કેમ કે કાલપ્રત્યાખ્યાનનું 'સૂરે ઉગ્ગએ' એ પાઠના બળથી સૂર્યોદયની સાથે સંબંધત્વની સિદ્ધિ છે. વળી, શેષ સંકેતાદિ પચ્ચક્ખાણ પાછળથી પણ કરાયેલા શુદ્ધ થાય છે. જે કારણથી 'શ્રાદ્ધવિધિ વૃત્તિ'માં કહેવાયું છે –

"નમસ્કાર સહિત પોરિસી આદિનું કાલપ્રત્યાખ્યાન સૂર્યોદયથી પૂર્વમાં જો ઉચ્ચારણ કરાય તો શુદ્ધ થાય છે. અન્યથા નહિ. શેષ પ્રત્યાખ્યાનો સૂર્યોદય પછી પણ કરાય છે અને નમસ્કાર સહિત=નવકારશીનું પચ્ચક્ખાણ, જો સૂર્યોદયથી પૂર્વમાં ઉચ્ચારિત હોય તો=કરાયું હોય તો, તેની પૂર્તિના અન્વયમાં=નવકારશીના પચ્ચક્ખાણની પ્રાપ્તિની

પૂર્વમાં, પોરિસી આદિ કાલપ્રત્યાખ્યાન સ્વ-સ્વ અવધિમાં કરાય છે. અને સૂર્યોદય પછી નવકાર સહિત ઉચ્ચાર વગર કાલપ્રત્યાખ્યાન શુદ્ધ થતું નથી. જો દિવસના ઉદયપૂર્વે નમસ્કાર સહિત વિના પોરિસી આદિ કરાઈ હોય=નવકારશીના પચ્ચક્ખાણ વગર પોરિસી આદિ કરાઈ હોય તેની પૂર્તિના પછી=પોરિસીની કાલ અવધિ પછી, બીજું કાલ પ્રત્યાખ્યાન=આગળનું સાઢપોરિસી આદિ પ્રત્યાખ્યાન શુદ્ધ થતું નથી. વળી, તેની મધ્યમાં=પોરિસી આદિ પચ્ચક્ખાણના કાળની સમાપ્તિ પૂર્વે, શુદ્ધ થાય છે=આગળનું પચ્ચક્ખાણ ગ્રહણ કરવામાં આવે તો શુદ્ધ થાય છે. એ પ્રમાણે વૃદ્ધ વ્યવહાર છે."

'શ્રાવકદિનકૃત્ય'માં પણ –

વળી પચ્ચક્ખાણ 'जं तंमी' (ગા. ૨૨) એ પ્રમાણેના ગાથાના પર્યાલોચનથી આ જ વેલા=ઉત્તરોત્તરના પચ્ચક્ખાણના ગ્રહણની વેલા, પ્રતિપાદન કરાયેલી સંભાવના કરાય છે.

પ્રવચનસારોદ્ધારની વૃત્તિમાં પણ 'ઉચિતકાલે વિધિથી' (ગા. ૨૧૩) એ પ્રકારની ગાથાની વ્યાખ્યામાં કહેવાયું છે –

"ઉચિતકાલે વિધિથી પ્રાપ્ત જે સ્પર્શાયેલું=જે પચ્ચક્ખાણ સ્પર્શાયેલું, તે કહેવાયું. આ કહેવાયેલું થાય છે. સાધુ અથવા શ્રાવક પચ્ચક્ખાણ સૂત્રના અર્થને સમ્યક્ જાણતો સૂર્યનો ઉદય નહિ થયે છતે જ સ્વસાક્ષીપણાથી ચૈત્ય કે સ્થાપનાચાર્ય સમક્ષ સ્વયં સ્વીકારાયેલા વિવક્ષિત પ્રત્યાખ્યાનવાળો પાછળથી ચારિત્રથી પવિત્ર ગાત્રવાળા ગીતાર્થગુરુની સમીપે સૂત્રોક્ત વિધિથી કૃતિકર્માદિ વિનય કરીને રાગાદિથી રહિત સર્વત્ર ઉપયુક્ત પ્રાંજલીપુટવાળો=બે હાથ જોડેલો, લઘુતર શબ્દવાળો ગુરુવચનને અનુસરતો જ્યારે પ્રત્યાખ્યાન સ્વીકારે છે ત્યારે સ્પૃષ્ટ થાય છે=પચ્ચક્ખાણનો અધ્યવસાય સ્પર્શાયેલો થાય છે."

અને પ્રત્યાખ્યાનપંચાશકની વૃત્તિમાં પણ 'गिण्हइ' (૫/૫) એ પ્રકારની ગાથા પ્રત્યાખ્યાન ગ્રહણ કરે છે સ્વીકારે છે એ પ્રમાણે પ્રકૃત છે. સ્વયં ગૃહીત આત્મા વડે વિકલ્પ માત્રથી સ્વીકારાયેલું અથવા સ્વસાક્ષીપણાથી સ્વીકારાયેલું અથવા ચૈત્ય સ્થાપનાચાર્ય સમક્ષ સ્વીકારાયેલું ક્યારે ગ્રહણ કરે છે ? એથી કહે છે –

'काले'=પોરિસી આદિ આગામી હોતે છતે=પોરિસી પચ્ચક્ખાણનો સમય થયો ન હોય ત્યારે ગ્રહણ કરે છે. પરંતુ તેના અતિક્રમમાં નહિ; કેમ કે અનાગતકાલના જ પ્રત્યાખ્યાનનું વિષયપણું છે. વળી, અતીત અને વર્તમાનનું નિંદા અને સંવરણનું વિષયપણું છે. **(પંચાશકવૃત્તિ ૫. ૮૯)**

અને આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, બહુ ગ્રંથોના અનુસારથી કાલપ્રત્યાખ્યાન સૂર્યોદયથી પૂર્વે જ ઉચ્ચારણ કરવું જોઈએ, અન્યથા નહિ, એ પ્રકારનું તત્ત્વ છે. હવે પ્રત્યાખ્યાન કર્યા પછી જે કર્તવ્ય છે તેને કહે છે –

વિધિથી અનુપદ જ=હવે પછીના શ્લોકોમાં બતાવશે એ પ્રમાણે, પ્રસિદ્ધ વક્ષ્યમાણ પુષ્પાદિ સંપાદન, મુદ્રાનું સ્થાપન આદિથી ચૈત્યપૂજન=દ્રવ્ય-ભાવના ભેદથી અર્હત્ પ્રતિમાનું અર્ચન, અન્વય પૂર્વની જેમ જ છે=અર્હત્ પ્રતિમાનું અર્ચન વિશેષથી ગૃહસ્થધર્મ છે એ પ્રમાણે પૂર્વની જેમ જ અન્વય

છે અને ચૈત્યો - ૧ ભક્તિ, ૨ મંગલ, ૩ નિશ્રાકૃત, ૪ અનિશ્રાકૃત અને ૫ શાશ્વત ચૈત્યના ભેદથી પાંચ છે. જે કારણથી કહેવાયું છે –

"ભક્તિ-મંગલચૈત્ય, નિશ્રાકૃત-અનિશ્રાકૃતચૈત્ય, શાશ્વત ચૈત્ય પાંચ જિનેશ્વર વડે કહેવાયાં છે." **(પ્રવચનસારોદ્ધાર ૬૫૯)**

ત્યાં=પાંચ ચૈત્યમાં નિત્ય પૂજા માટે ઘરમાં કરાયેલી અર્હત્ પ્રતિમા 'ભક્તિ ચૈત્ય' છે. ઘરના દ્વાર ઉપર તિચ્છાંકાષ્ઠના મધ્યભાગમાં ઘડાયેલું 'મંગલ ચૈત્ય' છે ગચ્છ સંબંધી ચૈત્ય નિશ્રાકૃત છે. સર્વ ગચ્છ સાધારણ અનિશ્રાકૃત છે. શાશ્વત ચૈત્ય પ્રસિદ્ધ છે. અને કહેવાયું છે –

"ઘરની જિનપ્રતિમા ભક્તિ ચૈત્ય છે. ઉત્તરંગમાં ઘડાયેલું જિનબિંબ મંગલ ચૈત્ય છે. એ પ્રમાણે સમયના જાણનારા કહે છે." ॥૧॥

"નિશ્રાકૃત જે ગચ્છ સંબંધી છે. તેનાથી ઇતર અનિશ્રાકૃત છે. અને સિદ્ધાયતન આ ચૈત્યપન્નગ=પાંચ ચૈત્ય, બતાવાયાં છે." **(પ્રવચનસારોદ્ધાર ૬૬૦-૧)**

અને ત્યાં=પાંચ ચૈત્યમાં, આ ભક્તિ ચૈત્ય એ પ્રમાણે જાણવું. મંગલ ચૈત્ય એ પ્રમાણે 'યોગશાસ્ત્ર'ની વૃત્તિમાં કહેવાયું છે. અને તે પૂર્વમાં કહેલ ત્રણ પ્રકારની જિનપ્રતિમાની અપેક્ષાએ હોવું જોઈએ. એથી પ્રસંગથી સર્યું. ॥૬૦॥

ભાવાર્થ :-

શ્રાવકે નમસ્કારના સ્મરણપૂર્વક ઊઠવું જોઈએ. ત્યાર પછી સ્વદ્રવ્યાદિનો ઉપયોગ કરવો જોઈએ. ત્યાર પછી શું કરવું જોઈએ ? તે બતાવતાં કહે છે –

સામાયિકાદિ છ આવશ્યકો શ્રાવકે કરવાં જોઈએ. અર્થાત્ રાઈ પ્રતિક્રમણ કરવું જોઈએ. જેની વિધિ સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવશે. માટે અહીં તેને બતાવતા નથી. પરંતુ રાઈ પ્રતિક્રમણમાં જે તપચિંતવણીનો કાઉસ્સગ્ગ કરાય છે તે કાઉસ્સગ્ગમાં તપના ચિંતવન વખતે કઈ તિથિ છે, કયા તીર્થંકરનું કલ્યાણક છે ? ઇત્યાદિનો વિચાર કરીને પોતાની શક્તિ અનુસાર તે દિવસે કરવા યોગ્ય પચ્ચક્ખાણનું ચિંતવન કરીને શ્રાવકે સ્વયં પચ્ચક્ખાણ ગ્રહણ કરવું જોઈએ. અર્થાત્ રાઈ પ્રતિક્રમણકાલમાં તપચિંતવણીના કાઉસ્સગ્ગમાં પચ્ચક્ખાણનો વિચાર કર્યા પછી છેલ્લે પચ્ચક્ખાણ આવશ્યક આવે ત્યારે સ્વયં પચ્ચક્ખાણ ગ્રહણ કરી લેવું જોઈએ; કેમ કે સૂર્યોદય પહેલાં પચ્ચક્ખાણનું ગ્રહણ આવશ્યક છે. તેથી ગુરુ પાસે પચ્ચક્ખાણ લેનારે પણ સવારમાં સૂર્યોદય પૂર્વે જ પ્રતિક્રમણ વખતે સ્વયં પચ્ચક્ખાણ ગ્રહણ કરી લેવું જોઈએ. વળી જે શ્રાવકો સવારના પ્રતિક્રમણ કરતા નથી તેઓએ પણ રાત્રિના વિષયમાં કોઈ કુસ્વપ્ન કે દુઃસ્વપ્ન આવેલું હોય તેની શુદ્ધિ અર્થે કાયોત્સર્ગ કરવો જોઈએ. તેમાં ચોથા વ્રત વિષયક કોઈક કુસ્વપ્ન આવેલું હોય તો ૧૦૮ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરવો જોઈએ અને તે સિવાય અન્ય કોઈ વ્રત વિષયક વિપરીત આચરણાનું સ્વપ્ન આવ્યું હોય તો સો (૧૦૦) શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ કરવો જોઈએ. આનાથી એ પ્રાપ્ત થાય કે જે શ્રાવક સામાયિકાદિ છ આવશ્યક કરીને પોતાના ભાવની વિશુદ્ધિ કરી શકે તેમ છે તેવા શ્રાવકે રાઈ

પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઈએ અને જે શ્રાવકોને તેવો શક્તિસંચય થયો નથી અથવા કોઈ કારણે તેઓ રાઈ પ્રતિક્રમણ કરતા નથી તેઓને પણ રાત્રિ દરમિયાન પ્રાપ્ત થયેલા કુસ્વપ્નની શુદ્ધિ અર્થે અવશ્ય કાઉસ્સગ્ગ કરવો જોઈએ; કેમ કે રાત્રિ દરમિયાન ઊંઘમાં પણ જે આરંભ-સમારંભની પ્રવૃત્તિ થઈ છે કે જે વિકારો થયા છે તેનાથી બંધાયેલાં કર્મોના નાશનો ઉપાય કુસુમિણ-દુસુમિણનો કાઉસ્સગ્ગ છે. માટે તે કાઉસ્સગ્ગ કરી તેની શુદ્ધિ કરવી જોઈએ. જેથી રાત્રિ દરમિયાન શ્રાવકાચારને મલિન કરે તેવા કોઈ ભાવો થયા હોય તેની શુદ્ધિ થાય. વળી, જેઓ રાઈ પ્રતિક્રમણ કરે છે તેઓએ પ્રતિક્રમણનો પ્રારંભ કર્યા પૂર્વે જ ચૌદ નિયમને ધારવા જોઈએ; કેમ કે સામાયિક દરમિયાન તે નિયમો ધારણ કરવા ઉચિત નથી. અને તે ૧૪ નિયમને ધારવાની પ્રવૃત્તિ સૂર્યોદય પહેલાં કરવી આવશ્યક છે માટે પ્રતિક્રમણ કરનારે પ્રથમ ચૌદ નિયમ ધારીને પછી રાઈ પ્રતિક્રમણ કરવું જોઈએ. વળી, જેઓ રાઈ પ્રતિક્રમણ કરતા નથી તેઓએ પણ ચૌદ નિયમ સૂર્યોદય પૂર્વે ગ્રહણ કરવા જોઈએ અને પોતાની શક્તિ અનુસાર નવકારશી આદિનું પચ્ચક્ખાણ પણ સૂર્યોદય પહેલાં ગ્રહણ કરવું જોઈએ અને ૧૪ નિયમ ધારેલા હોય તો દેશાવગાસિક પચ્ચક્ખાણ પણ કરવું જોઈએ.

વળી, સવારના પચ્ચક્ખાણના વિષયમાં જુદાં જુદાં વચનો છે. જે સર્વને ગ્રંથકારશ્રીએ બતાવેલાં છે. તેનાથી એ ફલિત થાય છે કે શ્રાવકે દિવસ માટે જે પચ્ચક્ખાણ કરવું છે તે પચ્ચક્ખાણનું ગ્રહણ સૂર્યોદય પૂર્વે જ કરવું જોઈએ. અને સૂર્યોદય પહેલાં નવકારશીનું પચ્ચક્ખાણ કરેલું હોય અને પાછળથી પોરિસી કરવાની ઇચ્છા થાય તો નવકારશીના પચ્ચક્ખાણના સમયની પ્રાપ્તિ પૂર્વે પોરિસીનું પચ્ચક્ખાણ લેવું જોઈએ અને સવારના સૂર્યોદય પહેલાં પોરિસીનું પચ્ચક્ખાણ કરેલું હોય અને સાઢપોરિસીનું પચ્ચક્ખાણ કરવું હોય તો પોરિસીના પચ્ચક્ખાણની પ્રાપ્તિ પૂર્વે સાઢપોરિસીનું પચ્ચક્ખાણ કરવું જોઈએ અને તે રીતે કરેલું પચ્ચક્ખાણ શુદ્ધ થાય. વળી, સૂર્યોદય પૂર્વે સ્વયં નવકારશી, પોરિસી કે અન્ય જે કોઈ પચ્ચક્ખાણ ગ્રહણ કરેલ હોય તે જિનાલયમાં જાય ત્યારે તીર્થંકરની સાક્ષીએ ગ્રહણ કરે અને ગુરુ પાસે જાય ત્યારે ગુરુસાક્ષીએ ગ્રહણ કરે. આમ છતાં જિનાલય કે ગુરુ પાસેથી જે પચ્ચક્ખાણ ગ્રહણ કરવાનું હોય તે પચ્ચક્ખાણનો સમય થયો ન હોય તેના પૂર્વે જ ગ્રહણ કરવું જોઈએ. જેમ પોરિસીનું પચ્ચક્ખાણ ગુરુ પાસેથી ગ્રહણ કરવું હોય તો પોરિસીના પચ્ચક્ખાણનો સમય આવ્યો હોય તેની પૂર્વે જ ગ્રહણ કરવું જોઈએ. પરંતુ પોરિસીનો સમય અતિક્રાંત થયેલો હોય અને ત્યાર પછી પચ્ચક્ખાણ લેવામાં આવે તો તે પચ્ચક્ખાણ શુદ્ધ થાય નહિ. આ રીતે પચ્ચક્ખાણના ગ્રહણ વિષયક સામાન્યથી શાસ્ત્રમર્યાદા છે. અને પચ્ચક્ખાણ કરવા દ્વારા શ્રાવકે સંવરભાવની વૃદ્ધિ થાય તે રીતે આત્માને ભાવિત કરવો જોઈએ. આહારસંજ્ઞા તિરોધાન થાય તે પ્રકારે યત્ન કરવો જોઈએ અને સદા વિચારવું જોઈએ કે અવિરતિમાંથી ચિત્તને નિવર્તન કરીને વિરતિમાં જવા માટે પચ્ચક્ખાણ છે. માટે સ્વશક્તિ અનુસાર પચ્ચક્ખાણ કરીને સંપૂર્ણ પાપની વિરતિની શક્તિનો સંચય થાય તે રીતે યત્ન કરવો જોઈએ. આ પ્રકારે આત્માને ભાવિત કરીને વિરતિ પ્રત્યેનો રાગ દૃઢ થાય તે પ્રકારે પચ્ચક્ખાણ ગ્રહણ કરવું જોઈએ અને ગ્રહણ કરાયેલા પચ્ચક્ખાણનું નિષ્ઠાથી પાલન કરવું જોઈએ.

વળી, પચ્ચક્ખાણ ગ્રહણ કર્યા પછી શ્રાવકે વિધિપૂર્વક ચૈત્યનું પૂજન કરવું જોઈએ. તેની વિધિ સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવશે. ફક્ત ચૈત્યો કેટલાં છે ? તેની વિચારણા ટીકામાં ગ્રંથકારશ્રીએ કહેલ છે –

તે પ્રમાણે ગૃહસ્થના ઘરે જે ચૈત્ય છે તે ભક્તિ ચૈત્ય છે અને તે ચૈત્યની શ્રાવકે વિધિપૂર્વક ભક્તિ કરવી જોઈએ. ત્યાર પછી સંઘના ચૈત્યમાં જઈને વિશેષથી પૂજા કરવી જોઈએ. તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવશે. **॥૬૦॥**

અવતરણિકા :-

तद्विधिमाह –

અવતરણિકાર્થ :-

તેની વિધિને કહે છે=ચૈત્યપૂજનની=જિનપ્રતિમાના પૂજનની, વિધિ કહે છે –

શ્લોક :-

सम्यक् स्नात्वोचिते काले, संस्नाप्य च जिनान् क्रमात् ।
पुष्पाहारस्तुतिभिश्च, पूजयेदिति तद्विधिः ।।६१।।

અન્વયાર્થ :-

उचिते काले=ઉચિત કાલે, सम्यक्=સમ્યક્, स्नात्वा=સ્નાન કરીને, च=અને, जिनान्=જિનોને, संस्नाप्य=સ્નાન કરાવીને, च=અને, क्रमात्=ક્રમથી, पुष्पाहारस्तुतिभिः=પુષ્પ-આહાર-સ્તુતિ વડે, पूजयेत्=પૂજવા જોઈએ, इति=એ પ્રકારે, तद्विधिः=તેની વિધિ છે. ।।૬૧।।

શ્લોકાર્થ :-

ઉચિતકાલે સમ્યક્ સ્નાન કરીને=વિધિપૂર્વક સ્નાન કરીને અને જિનોને સ્નાન કરાવીને અને ક્રમથી પુષ્પ-આહાર-સ્તુતિ વડે પૂજવા જોઈએ=જિનોને પૂજવા જોઈએ એ પ્રકારે તેની વિધિ છે=ચૈત્યપૂજનની વિધિ છે. ।।૬૧।।

ટીકા :-

'उचिते' जिनपूजाया योग्ये 'काले' अवसरे 'सम्यग्' विधिना 'स्नात्वा' स्वयं स्नानं कृत्वा 'चः' पुनः 'जिनान्' अर्हत्प्रतिमाः 'संस्नाप्य' सम्यग् स्नपयित्वा 'क्रमात्' पुष्पादिक्रमेण नतु तमुल्लङ्घ्य, पुष्पाणि-कुसुमानि, पुष्पग्रहणं च सुगन्धिद्रव्याणां विलेपनगन्धधूपवासादीनामङ्गन्यसनीयानां च वस्त्रा-ऽऽभरणादीनामुपलक्षणम्, आहारश्च-पक्वान्नफलाऽक्षतदीपजलघृतपूर्णपात्रादिरूपः, स्तुतिः-शक्रस्तवादिसद्भूतगुणोत्कीर्त्तनरूपा, ततो द्वन्द्वस्ताभिः 'पूजयेदिति' तस्य चैत्यपूजनस्य विधिरिति

क्रियाकारकसंबन्धः । तत्र जिनपूजाया उत्सर्गतः उचितः कालः सन्ध्यात्रयरूपः, अपवादतस्तु वृत्तिक्रियाऽविरोधेन आभिग्रहिकः । यत उक्तं पञ्चाशके–

"सो पुण इह विण्णेओ, संझाओ तिण्णि ताव ओहेणं ।
वित्तिकिरिआऽविरुद्धो, अहवा जो जस्स जावइओ ।।१।।" **[४।५]**

अस्या अपरार्द्धव्याख्या–वृत्तिक्रियाः-राजसेवा-वणिज्यादीनि कर्माणि, तासामविरुद्धः-अबाधको वृत्तिक्रियाऽविरुद्धः, अथवेति विकल्पार्थः, ततश्चापवादत, इत्युक्तम् भवति, यः पूर्वाह्णादिर्यस्य-राजसेवक-वाणिजकादेः 'जावइओ'त्ति यत्परिमाणो यावान् स एव यावत्को-मुहूर्त्तादिपरिमाणः, स तस्य तावत्कः पूजाकालो भवति, न पुनः सन्ध्यात्रयरूप एवेति' [ ]

सम्यग् स्नात्वा संस्नाप्य चेत्यत्र सम्यक्पदाभ्यां सकलोऽपि स्नानादिविधिर्जिनप्रतिमास्नपनादिविधिश्च सूचितः । तत्र स्नानविधिः-उत्तिङ्गपनककुन्थ्वाद्यसंसक्तवैषम्यशुषिरादिदोषादूषितभूमौ परिमित-वस्त्रपूतजलेन संपातिमसत्त्वरक्षणादियतनारूपः, उक्तं च दिनकृत्ये–

"तसाइजीवरहिए, भूमिभागे विसुद्धए ।
फासुएणं तु नीरेणं, इअरेणं गलिएण उ ।।१।।
काऊणं विहिणा ण्हाणं" **[श्राद्धदिनकृत्ये गा. २३-४] ति ।**

तत्र विधिना-परिमितोदकसंपातिमसत्त्वरक्षणादियतनयेति तद्वृत्तिलेशः **[प. ४०] । पञ्चाशकेऽपि–**

"भूमीपेहणजलछाणणाइजयणा उ होइ ण्हाणाओ ।
एत्तो विसुद्धभावो, अणुहवसिद्धो च्चिअ बुहाणं ।।१।।" **[४।११]**

व्यवहारशास्त्रे तु–

"नग्नार्तः प्रोषितायातः, सचेलो भुक्तभूषितः ।
नैव स्नायादनुव्रज्य, बन्धून् कृत्वा च मङ्गलम् ।।१।।" **इत्यादि ।**

स्नानं च द्रव्यभावाभ्यां द्विधा, तत्र द्रव्यस्नानं जलेन शरीरक्षालनम्, तच्च देशतः सर्वतो वा, तत्र देशतो मलोत्सर्गदन्तधावनजिह्वालेखनकरचरणमुखादिक्षालनगण्डूषकरणादि, सर्वतस्तु सर्वशरीर-क्षालनमिति तत्र च मलोत्सर्गो मौनेन निरवद्यार्हस्थानादिविधिनैवोचितः, यतः

"मूत्रोत्सर्गं मलोत्सर्गं, मैथुनं स्नानभोजनम् ।
सन्ध्यादिकर्म पूजां च, कुर्याज्जापं च मौनवान् ।।१।।"

विवेकविलासेऽपि–

"मौनी वस्त्रावृत्तः कुर्याद्दिनसन्ध्याद्वयेऽपि च ।
उदङ्मुखः शकृन्मूत्रे, रात्रौ याम्याननः पुनः ।।१।।" **इति ।**

दन्तधावनमपि–

"अवक्राग्रन्थिसत्कूर्चं, सूक्ष्माग्रं च दशाङ्गुलम् ।
कनिष्ठाग्रसमस्थौल्यं, ज्ञातवृक्षं सुभूमिजम् ।।१।।
कनिष्ठिकानामिकयोरन्तरे दन्तधावनम् ।
आदाय दक्षिणां दंष्ट्रां, वामां वा संस्पृशस्तले ।।२।।
तल्लीनमानसः स्वस्थो, दन्तमांसव्यथां त्यजन् ।
उत्तराभिमुखः प्राचीमुखो वा निश्चलासनः ।।३।।"

इत्यादिनीतिशास्त्रोक्तविधिना विधेयम् ।

गण्डूषोऽपि-

"अभावे दन्तकाष्ठस्य, मुखशुद्धिविधिः पुनः ।
कार्यो द्वादशगण्डूषैर्जिह्वोल्लेखस्तु सर्वदा ।।१।।"

इति विधिना कार्योऽप्रत्याख्यानिना, प्रत्याख्यानिनस्तु दन्तधावनादि विनापि शुद्धिरेव, तपसो महाफलत्वात् इदं च द्रव्यस्नानं वपुःपावित्र्यसुखकरत्वादिना भावशुद्धिहेतुः । उक्तं चाष्टके–

"जलेन देहदेशस्य, क्षणं यच्छुद्धिकारणम् ।
प्रायोऽन्यानुपरोधेन, द्रव्यस्नानं तदुच्यते ।।१।।" **[स्नानाष्टके गा. २]**

देहदेशस्य त्वङ्मात्रस्यैव, क्षणं नतु प्रभूतकालम्, प्रायः शुद्धिहेतुर्नत्वेकान्तेन, तादृग्रोगग्रस्तस्य क्षणमप्यशुद्धेः, प्रक्षालनार्हमलादन्यस्य मलस्य कर्णनासाद्यन्तर्गतस्यानुपरोधेन-अप्रतिषेधेन यद्वा प्रायो जलादन्येषां प्राणिनामनुपरोधेन-अव्यापादनेन द्रव्यस्नानं-बाह्यस्नानमित्यर्थः ।

"कृत्वेदं यो विधानेन, देवतातिथिपूजनम् ।
करोति मलिनारम्भी, तस्यैतदपि शोभनम् ।।२।।" **[स्नानाष्टके गा. ३]**

विधानेन-विधिना, अतिथिः साधुः, मलिनारम्भी गृहस्थः । द्रव्यस्नानस्य शोभनत्वे हेतुमाह–

"भावशुद्धेर्निमित्तत्वात्तथानुभवसिद्धितः ।
कथञ्चिद्दोषभावेऽपि, तदन्यगुणभावतः ।।३।।" **युग्मम् [स्नानाष्टके गा.४]**

दोषोऽप्कायविराधनादिः तस्माद् दोषादन्यो गुणः-सद्दर्शनशुद्धिलक्षणः, यदुक्तम्–

"पूआए कायवहो, पडिकुट्ठो सो उ किंतु जिणपूआ ।
सम्मत्तसुद्धिहेउत्ति भावणीआ उ णिरवज्जा ।।१।।"

अन्यत्राप्युक्तं–'द्रव्यस्नानादिके यद्यपि षट्कायोपमर्दादिका काचिद्विराधना स्यात्, तथापि कूपोदाहरणेन श्रावकस्य द्रव्यस्तवः कर्तुमुचितः । यदाहुः–

"अकसिणपवत्तगाणं, विरयाविरयाण एस खलु जुत्तो ।
संसारपयणुकरणे, दव्वथए कूवदिट्ठंतो ।।१।।" **[पञ्चाशकप्र. ४।४२]**

इदमुक्तं भवति-यथा कूपखननं श्रमतृष्णाकर्दमोपलेपादिदोषदुष्टमपि जलोत्पत्तावनन्तरोक्तदोषानपोह्य स्वोपकाराय परोपकाराय च किल भवति, इत्येवं स्नानादिकमप्यारम्भदोषमपोह्य शुभाध्यवसायोत्पादनेन विशिष्टाशुभकर्मनिर्जरणपुण्यबन्धकारणं भवतीति । इह केचिन्मन्यन्ते-पूजार्थस्नानादिकरणकालेऽपि निर्मलजलकल्पशुभाध्यवसायस्य विद्यमानत्वेन कर्दमलेपादिकल्पपापाभावाद्विषममिदमित्थमुदाहरणम्, ततः किलेदमित्थं योजनीयं-यथा कूपखननं स्वपरोपकाराय भवति, एवं स्नानपूजादिकं करणानुमोदन-द्वारेण स्वपरयोः पुण्यकारणं स्यादिति । न च तदागमाननु (मानु) पाति, यतो धर्मार्थप्रवृत्तावप्यारम्भजनि-तस्याल्पपापस्येष्टत्वात् । कथमन्यथा भगवत्यामुक्तम्–

"तहारूवं समणं वा माहणं वा पडिहयपच्चक्खायपावकम्मं अफासुएणं अणेसणिज्जेणं असणपाणखाइमसाइमेणं पडिलाभेमाणे भंते! किं कज्जइ? गो० ! अप्पे पावे कम्मे बहुअरिआ से णिज्जरा कज्जइ" । [ ]

तथा ग्लानप्रतिचरणानन्तरं पञ्चकल्याणकप्रायश्चित्तप्रतिप्रत्तिरपि कथं स्यादिति पञ्चाशकवृत्तौ [४।११,] तत्सूत्रमपि–

"ण्हाणाइवि जयणाए, आरम्भवओ गुणाय णिअमेणं ।
सुहभावहेउओ खलु, विण्णेअं कूवणाएणं ।।१।।" **[पञ्चाशकप्र. ४।१०] इत्यलं प्रसङ्गेन ।**

एवं च देवपूजाद्यर्थमेव गृहस्थस्य द्रव्यस्नानमनुमतम्, तेन द्रव्यस्नानं पुण्यायेति यत्प्रोच्यते तन्निरस्तं मन्तव्यम्, भावस्नानं च शुभध्यानरूपम्, यतः–

"ध्यानाम्भसा तु जीवस्य, सदा यच्छुद्धिकारणम् ।
मलं कर्म समाश्रित्य, भावस्नानं तदुच्यते ।।१।।" **[अष्टकप्रकरणे २।६] इति ।**

कस्यचित् स्नाने कृतेऽपि यदि गडुक्षतादि स्रवति, तदा तेनाङ्गपूजां स्वपुष्पचन्दनादिभिः परेभ्यः कारयित्वाऽग्रपूजा भावपूजा च स्वयं कार्या, वपुरपावित्र्ये प्रत्युताशातनासम्भवेन स्वयमङ्गपूजायां निषिद्धत्वाद् । उक्तं च–

"निःशूकत्वादशौचेऽपि, देवपूजां तनोति यः ।
पुष्पैर्भूपतितैर्यश्च, भवतः श्वपचाविमौ ।।१।।" **इति ।**

तत्र स्नानानन्तरं पवित्रमृदुगन्धकाषायिकाद्यंशुकेनाङ्गरूक्षणं तथा पोतिकमोचनपवित्रवस्त्रान्तर-परिधानादियुक्त्या क्लिन्नाङ्घ्रिभ्यां भूमिमस्पृशन् पवित्रस्थानमागत्योत्तरामुखः संव्ययते दिव्यं नव्यमकीलितं श्वेतांशुकद्वयम्, यतः–

"विशुद्धिं वपुषः कृत्वा, यथायोग्यं जलादिभिः ।
धौतवस्त्रे वसीत द्वे, विशुद्धे धूपधूपिते ।।१।।"

लोकेऽप्युक्तम्–

"न कुर्यात्सन्धितं वस्त्रं, देवकर्मणि भूमिप! ।
न दग्धं नतु वै च्छिन्नं, परस्य तु न धारयेत् ।।१।।
कटिस्पृष्टं तु यद्वस्त्रं, पुरीषं येन कारितम् ।
समूत्रमैथुनं वाऽपि, तद्वस्त्रं परिवर्ज्जयेत् ।।२।।
एकवस्त्रो न भुञ्जीत, न कुर्याद्देवतार्चनम् ।
न कञ्चुकं विना कार्या, देवार्चा स्त्रीजनेन तु ।।३।।"

एवं हि पुंसां वस्त्रद्वयं स्त्रीणां च वस्त्रत्रयं विना देवपूजादि न कल्पते धौतवस्त्रं च मुख्यवृत्त्याऽतिविशिष्टं क्षीरोदकादिकं श्वेतमेव कार्यम्, उदायननृपराज्ञीप्रभावतीप्रभृतीनामपि धौतांशुकं श्वेतं निशीथादावुक्तम्, दिनकृत्यादावपि 'सेअवत्थनिअंसणो' [श्रा. दि. गा. २४]त्ति । क्षीरोदकाद्य-शक्तावपि दुकूलादिधौतिकं विशिष्टमेव कार्यम् । यदुक्तं पूजाषोडशके 'सितशुभवस्त्रेण' [९।५]

इति । तद्वृत्तिर्यथा–'सितवस्त्रेण च शुभवस्त्रेण च, शुभमिह शुभ्रादन्यदपि पट्टयुग्मादि रक्तपीतादिवर्णं परिगृह्यत' [श्री यशोभद्रसूरिकृतवृत्तौ ९।५] इति । 'एगसाडिअं उत्तरासंगं करेइ' इत्यागमप्रामाण्या-दुत्तरीयमखण्डमेव कार्यम्, नतु खण्डद्वयादिरूपं, तच्च वस्त्रद्वयं भोजनादिकार्ये न व्यापार्यं, प्रस्वेदादिनाऽशुचित्वापत्तेः व्यापारणानुसारेण च पुनः पुनर्धावनधूपनादिना पावनीयम्, पूजाकार्येऽपि स्वल्पवेलमेव व्यापार्यम्, परसत्कमपि च प्रायो वर्ज्यं, विशिष्य च बालवृद्धस्त्र्यादिसत्कम्, न च ताभ्यां प्रस्वेदश्लेष्मादि स्फेटनीयम्, व्यापारितवस्त्रान्तरेभ्यश्च पृथग् मोच्यमिति 'सम्यग् स्नात्वे'त्यंशः प्रदर्शितः ।।६१।।

टीकार्थ :-

'उचिते' ..... प्रदर्शितः । ઉચિત કાળમાં=જિનપૂજાના યોગ્ય અવસરમાં, સમ્યક્=વિધિથી, સ્વયં

સ્નાન કરીને વળી જિનોને=જિનપ્રતિમાઓને, સમ્યક્ સ્નાન કરાવીને, ક્રમથી=પુષ્પાદિના ક્રમથી, પરંતુ તેને ઉલ્લંઘીને નહિ=પુષ્પાદિના ક્રમના ઉલ્લંઘનથી નહિ, પુષ્પો=ફૂલો અને પુષ્પનું ગ્રહણ વિલેપન-ગંધ-ધૂપ-વાસાદિ સુગંધી દ્રવ્યોનું અને વસ્ત્ર-આભરણ આદિ અંગ ઉપન્યસ દ્રવ્યનું ઉપલક્ષણ છે અને પકવાન્ન-ફળ-અક્ષત-દીપ-જલઘૃત પૂર્ણ પાત્રાદિરૂપ આહાર છે. શકસ્તવાદિ સદ્‌ભૂત ગુણના ઉત્કીર્તનરૂપ સ્તુતિ છે. ત્યાર પછી દ્વંદ્વ સમાસ છે. તેનાથી=પુષ્પાદિથી, પૂજા કરવી જોઈએ. એ પ્રકારે તેની=ચૈત્યપૂજનની વિધિ છે. એ પ્રકારે ક્રિયાકારનો સંબંધ છે. ત્યાં જિનપૂજાનો ઉત્સર્ગથી ઉચિતકાલ સંધ્યાત્રયરૂપ છે. વળી, અપવાદથી આજીવિકા ક્રિયાના અવિરોધથી આભિગ્રહિક છે=ગ્રહણ કરાયેલ છે, જે કારણથી 'પંચાશક'માં કહેવાયેલું છે –

"તે=કાલ, વળી અહીં=જિનપૂજામાં, જાણવો. ઓઘથી ત્રણ સંધ્યા અથવા આજીવિકાની ક્રિયાથી અવિરુદ્ધ જે જેને જેટલો હોય તેટલો કાળ જાણવો." એમ અન્વય છે. ॥૧॥ **(પંચાશક ૪/૫)**

આના અપરાર્ધની વ્યાખ્યા=પંચાશકના ઉત્તરાર્ધની વ્યાખ્યા –

"વૃત્તિક્રિયા=રાજસેવા વાણિજ્યાદિ કાર્યો. તેઓનો અવિરુદ્ધ=અબાધક એ વૃત્તિક્રિયા અવિરુદ્ધ અથવા એ શબ્દ વિકલ્પ અર્થવાળો છે અને તેથી અપવાદથી એ પ્રમાણે કહેવાયેલું થાય છે=બીજો વિકલ્પ અપવાદથી એ પ્રમાણે કહેવાયેલું થાય છે, જે પૂર્વ અહ્નાદિ=દિવસનો પૂર્વભાગ આદિ, જેનો=રાજસેવક-વાણિજકાદિનો જેટલા પરિમાણવાળો=જેટલો, તે જ યાવત્ મુહૂર્ત આદિ પરિમાણ, તે તેનો તેટલો જ પૂજાકાલ થાય છે. પરંતુ સંધ્યાત્રયરૂપ જ નહિ."

સમ્યક્ સ્નાન કરીને અને સંસ્નાપન કરાવીને=જિનપ્રતિમાને સ્નાન કરાવીને, એ પ્રકારના અહીં=કથનમાં, સમ્યક્ પદો દ્વારા='સમ્યક્ સ્નાન'માં સમ્યક્ પદ છે અને જિનસંસ્નાનમાં 'સમ્' પદ છે તે પદો દ્વારા સકલ પણ સ્નાનાદિ વિધિ અને જિનપ્રતિમાની સ્નપનાદિ વિધિ સૂચિત થાય છે. ત્યાં ઉત્તિંગ-પનક-કુંથુવાદિથી આસંસક્ત-વૈષમ્ય શુષિરાદિ દોષથી અદૂષિત ભૂમિમાં પરિમિત અને વસ્ત્રથી ગાળેલ જલ વડે સંપાતિજીવોના રક્ષણાદિની યતનારૂપ સ્નાનવિધિ છે. અને 'દિનકૃત્ય'માં કહેવાયું છે –

"ત્રસાદિ જીવ રહિત વિશુદ્ધ એવી ભૂમિભાગમાં ઇતરથી ગાલિત એવા પ્રાસુક પાણીથી=વસ્ત્રાદિથી ગાળેલા પ્રાસુક જલથી, વિધિપૂર્વક સ્નાન કરીને પૂજા કરવી જોઈએ" એમ અન્વય છે. **(શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૨૩-૨૪)**

ત્યાં વિધિથી=પરિમિત પાણી અને સંપાતિમજીવોના રક્ષણ આદિની યતનાથી સ્નાન કરવું જોઈએ. એ પ્રમાણે તેની વૃત્તિ લેશ છે=શ્રાદ્ધદિનકૃત્યની વૃત્તિ લેશ છે. **(પ.૪૦)**

અને 'પંચાશક'માં પણ કહ્યું છે.

"સ્નાન આદિમાં, ભૂમિનું પ્રેક્ષણ, પાણીને ગાળવું આદિ યતના હોય છે. આનાથી=યતનાથી, વિશુદ્ધભાવ બુધોને અનુભવસિદ્ધ છે." **(પંચાશક ૪-૧૧)**

વળી 'વ્યવહારશાસ્ત્ર'માં કહેવાયું છે –

"નગ્ન, આર્ત=અસ્વસ્થ, પ્રોષિતોયાત=ક્યાંક મોકલેલ પાછો આવેલો, સચેલ=વસ્ત્ર સહિત, ભુક્ત-ભૂષિત=જમીને

ઊઠેલો, બંધુઓની પાછળ રહીને=બંધુઓને વળાવીને અને મંગલ કરીને સ્નાન કરે નહિ જ."

અને સ્નાન દ્રવ્ય-ભાવ દ્વારા બે પ્રકારનું છે. ત્યાં=બે પ્રકારના સ્નાનમાં, પાણીથી શરીરનું ક્ષાલન દ્રવ્યસ્નાન છે. અને તે=દ્રવ્યસ્નાન દેશથી અથવા સર્વથી છે. તેમાં=દ્રવ્યથી બે પ્રકારના સ્નાનમાં, મલનો ઉત્સર્ગ દંતધાવન-જિહ્વાલેખન હાથ-પગ આદિનું ક્ષાલન-કોગળા કરવા આદિ દેશથી દ્રવ્યસ્નાન છે. વળી સર્વથી દ્રવ્યસ્નાન આખા શરીરનું ક્ષાલન છે. અને ત્યાં=દ્રવ્યસ્નાનમાં મલ ઉત્સર્ગ મૌનથી નિરવદ્ય યોગ્ય સ્થાનાદિમાં વિધિથી ઉચિત છે. જે કારણથી કહેવાયું છે –

"મૂત્ર ઉત્સર્ગને-મલ ઉત્સર્ગને-મૈથુનને-સ્નાનને-ભોજનને-સંધ્યાદિકર્મને-પૂજાને અને જાપને મૌનવાળો કરે."

'વિવેકવિલાસ'માં પણ કહેવાયું છે –

"મૌની વસ્ત્રથી આવૃત દિવસે અને સંધ્યાદ્વયમાં પણ=દિવસમાં ગમે ત્યારે અને સવારે-સાંજે પણ, ઉત્તર સન્મુખ મલ-મૂત્રને કરે. વળી રાત્રિમાં દક્ષિણ સન્મુખ કરે."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

દંતધાવન પણ – "અવક્ર-અગ્રંથવાળું-સુંદર કૂચાવાળું-સૂક્ષ્મ અગ્રવાળું અને દશ અંગુલ લાંબું કનિષ્ઠા આંગળીના આગળના ભાગ જેવું સ્થૂલ જાણીતા વૃક્ષવાળું, સુંદર ભૂમિમાં થયેલું કનિષ્ઠા અને અનામિકા આંગળીની વચમાં રાખેલા, દંતધાવનને=દાતણને, ગ્રહણ કરીને ડાબી કે જમણી બાજુની દાઢના તલમાં સંસ્પૃશ કરતો તદ્લીન માનસવાળો=દાંત ઘસવામાં લીન માનસવાળો સ્વસ્થ દાંતના માંસની વ્યથાને ત્યાગ કરતો ઉત્તરદિશા અથવા પૂર્વ દિશા સન્મુખ નિશ્ચલ આસનવાળો" **ઇત્યાદિ ઇત્યાદિ નીતિશાસ્ત્રમાં કહેલ વિધિથી કરવું જોઈએ.**

કોગળા પણ – "વળી દાતણના અભાવમાં બાર કોગળા વડે મુખશુદ્ધિની વિધિ કરવી જોઈએ. વળી હંમેશાં જીભનો ઉલ્લેખ કરવો જોઈએ=ઉલ ઉતારવી જોઈએ." **એ વિધિથી અપ્રત્યાખ્યાનીએ કરવું જોઈએ. વળી પચ્ચકખાણવાળાને દંતધાવનાદિ વિના પણ શુદ્ધિ જ છે; કેમ કે તપનું મહાફલપણું છે. અને આ દ્રવ્યસ્નાન શરીરની પવિત્રતા અને શરીરના સુખકરપણા આદિથી ભાવશુદ્ધિનો હેતુ છે. અને અષ્ટકમાં કહેવાયું છે –**

"પ્રાયઃ અન્યના અનુપરોધથી=બીજાના અપીડનથી, જલથી દેહના દેશનું ક્ષણ માટે જે શુદ્ધિનું કારણ છે તે દ્રવ્યસ્નાન કહેવાય છે." **(સ્નાનાષ્ટક ગાથા ૨)**

દેહદેશનું=ત્વચા માત્રનું જ ક્ષણ માટે પરંતુ ઘણા સમય માટે નહિ, પ્રાયઃ શુદ્ધિનો હેતુ છે પરંતુ એકાંતે શુદ્ધિનો હેતુ નથી; કેમ કે તેવા પ્રકારના રોગગ્રસ્ત જીવને ક્ષણ માટે પણ અશુદ્ધિ છે=ક્ષણ માટે પણ સ્નાનથી શુદ્ધિ નથી. પ્રક્ષાલન યોગ્ય મલથી અન્ય કાન-નાક આદિ અંતર્ગત મલનો અનુપરોધ હોવાથી=અપ્રતિષેધ હોવાથી=અંતર્ગત મલ સ્વચ્છ થતો નહિ હોવાથી, એકાંત શુદ્ધિ નથી. એમ અન્વય છે. અથવા પ્રાયઃ જલથી અન્ય પ્રાણીઓનો અનુપરોધ હોવાથી=અનાશ હોવાથી, દ્રવ્યસ્નાન છે=બાહ્ય સ્નાન છે.

"મલિન આરંભી જે=શ્રાવક, વિધાનથી=શાસ્ત્રોક્ત વિધિથી આને કરીને=સ્નાનને કરીને, દેવતા-અતિથિનું પૂજન

કરે છે=ભગવાન અને સુસાધુની ભક્તિ કરે છે. તેનું=શ્રાવકનું, આ પણ=દ્રવ્યસ્નાન પણ, શોભન છે." **(સ્નાનાષ્ટક ગા. ૩)**

વિધાનથી=વિધિથી, અતિથિ=સાધુ, મલિન આરંભી=ગૃહસ્થ, દ્રવ્યસ્નાનના સુંદરપણાના હેતુને કહે છે –

"તે પ્રકારના અનુભવની સિદ્ધિથી ભાવશુદ્ધિનું નિમિત્તપણું હોવાથી કથંચિત્ દોષના ભાવમાં પણ તેના અન્યગુણનો ભાવ હોવાથી=સ્નાનના અન્યગુણનો ભાવ હોવાથી, દ્રવ્યસ્નાન શોભન છે." **(સ્નાનાષ્ટક ગા. ૪)**

દોષ પણ અપ્કાય વિરાધનાદિ છે. તે દોષથી અન્યગુણ સમ્યગ્દર્શનની શુદ્ધિરૂપ છે. જે કારણથી કહેવાયું છે –

"પૂજામાં કાયવધ છે. તે વળી=કાયવધ વળી, પ્રતિકૃષ્ટ છે=નિષિદ્ધ છે. પરંતુ જિનપૂજા સમ્યક્ત્વની શુદ્ધિનો હેતુ છે એથી નિરવદ્ય ભાવન કરવી=જિનપૂજા નિરવદ્ય ભાવન કરવી."

અન્યત્ર પણ કહેવાયું છે – દ્રવ્ય સ્નાનાદિમાં જો કે ષટ્કાયના ઉપમર્દનાદિ કોઈ વિરાધના થાય તોપણ કૂવાના દૃષ્ટાંતથી શ્રાવકને દ્રવ્યસ્તવ કરવો ઉચિત છે. જેને કહે છે –

"અકૃષ્ણ પ્રવર્તક વિરતાવિરત=દેશવિરતિધર શ્રાવકને આ=દ્રવ્યસ્તવ ખરેખર યુક્ત છે. સંસારના પ્રતનુકરણ એવા દ્રવ્યસ્તવમાં કૂપદૃષ્ટાંત છે." **(પંચાશક ૪/૪૨)**

આ કહેવાયેલું થાય છે. જે પ્રકારે શ્રમ, તૃષ્ણા, કાદવના ઉપલેપ આદિ દોષથી દુષ્ટ પણ કૂપખનન જલની ઉત્પત્તિમાં અનંતર કહેવાયેલા દોષોને દૂર કરીને સ્વના ઉપકાર માટે અને પરોપકાર માટે ખરેખર થાય છે એ રીતે સ્નાનાદિક પણ આરંભદોષને દૂર કરીને શુભ અધ્યવસાયના ઉત્પાદનથી વિશિષ્ટ અશુભકર્મનું નિર્જરણ અને પુણ્યબંધનું કારણ થાય છે. 'ઇતિ' શબ્દ 'ઇદમુક્તં ભવતિ'ના કથનની સમાપ્તિ માટે છે.

અહીં=સ્નાનમાં, કેટલાક માને છે – પૂજા માટે સ્નાનાદિ કરણ કાલમાં પણ નિર્મળ જલતુલ્ય શુભ-અધ્યવસાયનું વિદ્યમાનપણું હોવાથી કાદવના લેપ આદિ જેવા પાપનો અભાવ હોવાથી વિષમ આ પ્રકારનું આ ઉદાહરણ છે=પૂર્વમાં બતાવ્યું એ પ્રકારનું કૂપખનનનું ઉદાહરણ છે. તેથી ખરેખર આ=કૂપખનનનું દૃષ્ટાંત, આ રીતે યોજન કરવું. જે પ્રકારે કૂપખનન સ્વપરોપકાર માટે થાય છે એ રીતે સ્નાનપૂજાદિ કરણ-અનુમોદન દ્વારા સ્વ-પરના પુણ્યનું કારણ થાય.

'ઇતિ' શબ્દ 'કેચિત્'ના કથનની સમાપ્તિ માટે છે. અને આ=કોઈકનું કથન, આગમ અનુપાતી નથી. જે કારણથી ધર્માર્થ પ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પપાપનું ઈષ્ટપણું છે. કેવી રીતે અન્યથા ભગવતીમાં કહેવાયું છે ? 'ભગવતીસૂત્ર'નું કથન સ્પષ્ટ કરે છે –

"તેવા પ્રકારના શ્રમણ અથવા માહણ અથવા પ્રતિહત પચ્ચક્ખાણ પાપકર્મવાળાને અપ્રાસુકથી અનેષણીયથી અશન-પાન-ખાદિમ-સ્વાદિમથી પ્રતિલાભને કરતો ગૃહસ્થ હે ભગવન ! શું કરે છે ? તેને ભગવાન કહે છે –

હે ગૌતમ ! અલ્પ પાપકર્મ બહુતર નિર્જરા કરે છે."

અને ગ્લાન પ્રતિચરણ પછી=ગ્લાનની સેવા પછી, પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ પણ કેવી રીતે થાય ?

'इति' શબ્દ આ આગમ અનુપાતી નથી એ કથનની સમાપ્તિ માટે છે. પંચાશકવૃત્તિમાં તેનું સૂત્ર પણ છે –

"આરંભવાળા ગૃહસ્થને યતનાથી સ્નાનાદિ પણ શુભભાવનો હેતુ હોવાથી નિયમથી ગુણ માટે કૂપદૃષ્ટાંતથી જાણવું." **(પંચાશક પ્ર. ૪/૧૦)**

એથી પ્રસંગથી સર્યું.

અને આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, દેવપૂજાદિ માટે જ ગૃહસ્થને દ્રવ્યસ્નાન અનુમત છે. તેથી દ્રવ્યસ્નાન પુણ્ય માટે છે. એ પ્રમાણે જે કહેવાય છે, તે નિરસ્ત જાણવું. અને ભાવસ્નાન શુભધ્યાનરૂપ છે. જે કારણથી કહેવાયું છે –

"વળી, ધ્યાનરૂપી પાણીથી જીવને સદા જે શુદ્ધિનું કારણ છે, કર્મરૂપ મલને આશ્રયીને તે ભાવસ્નાન કહેવાય છે." **(અષ્ટકપ્રકરણ ૨/૬)**

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

કોઈ શ્રાવકને સ્નાન કરાયે છતે પણ જો ગૂમડાના ક્ષતાદિ ઝરે છે. તો તેના વડે સ્વપુષ્પ-ચંદન આદિ દ્વારા બીજા પાસેથી અંગપૂજા કરાવીને અગ્રપૂજા અને ભાવપૂજા સ્વયં કરવી જોઈએ. શરીરની અપવિત્રતામાં ઊલટી આશાતનાનો સંભવ હોવાને કારણે સ્વયં અંગપૂજામાં નિષિદ્ધપણું છે. અને કહેવાયું છે.

"નિઃશૂકપણાથી અશૌચપણામાં પણ જે દેવપૂજાને કરે છે અને જે ભૂમિ પર પડેલાં પુષ્પોથી પૂજા કરે છે તે બંને ચાંડાલ થાય છે."

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

ત્યાં સ્નાન પછી પવિત્ર મૃદુ સુગંધી કાષાયિક વસ્ત્ર દ્વારા અંગને લૂછવું જોઈએ અને પોતડીના મોચનપૂર્વક પવિત્ર વસ્ત્રાંતરના પરિધાન આદિની યુક્તિથી ભીની આંગળીઓ દ્વારા ભૂમિને નહિ સ્પર્શતો પવિત્ર સ્થાનમાં આવીને ઉત્તર સન્મુખ દિવ્ય નવા અકીલિત શ્વેત વસ્ત્રદ્વય પરિધાન કરે. જે કારણથી કહેવાયું છે –

"યથાયોગ્ય જલાદિથી શરીરની વિશુદ્ધિ કરીને ધૂપથી ધૂપિત એવા વિશુદ્ધ બે ધોએલાં વસ્ત્ર પહેરવાં જોઈએ."

લોકમાં પણ કહેવાયું છે –

"હે ભૂમિપ ! દેવકર્મમાં સાંધેલું વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહિ. દગ્ધ=બળી ગયેલું વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહિ. છિન્ન=ફાટી ગયેલું વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહિ. વળી, બીજાનું=પહેરેલું વસ્ત્ર ધારણ કરવું જોઈએ નહિ." ॥૧૧॥

"વળી, કમરને સ્પર્શાયેલું જે વસ્ત્ર અને જેના વડે મળ કરાયું હોય, સમૂત્ર મૈથુનવાળું પણ તે વસ્ત્ર વર્જવું જોઈએ." ॥૨॥

"એક વસ્ત્રવાળો આહાર વાપરે નહિ. દેવતાનું અર્ચન કરે નહિ. વળી, સ્ત્રીજન વડે કંચુક વગર દેવપૂજા કરવી જોઈએ નહિ." ॥૩॥

એ રીતે પુરુષોને વસ્ત્રદ્વય અને સ્ત્રીઓને ત્રણ વસ્ત્ર વિના દેવપૂજા કલ્પતી નથી. અને ધોએલું વસ્ત્ર મુખ્યવૃત્તિથી અતિવિશિષ્ટ ક્ષીર ઉદકાદિ જેવું શ્વેત જ કરવું જોઈએ. ઉદાયનરાજાની રાણી પ્રભાવતી આદિને પણ ધોએલું શ્વેત વસ્ત્ર 'નિશીથ' આદિમાં કહેવાયું છે. 'દિનકૃત્ય' આદિમાં પણ 'સેઅવત્થનિઅંસણો' (શ્રા. ગા. ૨૪) – શ્વેતવસ્ત્ર નિદર્શન એ પ્રમાણે કહેવાયું છે. ક્ષીરોદકાદિની અશક્તિમાં પણ દુકૂલાદિ ધૌતિક=ધોએલા વિશિષ્ટ જ કરવા જોઈએ. જે કારણથી 'પૂજા ષોડશક'માં શ્વેત શુભવસ્ત્રથી (૯/૫) એ પ્રમાણે કહેવાયું છે. તેની વૃત્તિ આ પ્રમાણે છે –

શ્વેતવસ્ત્રથી અને શુભવસ્ત્રથી, શુભ અહીં શુભ્રથી અન્ય પણ પટ્ટયુગ્માદિ રક્ત-પીતાદિ વર્ણ ગ્રહણ કરાય છે. (શ્રી યશોભદ્રસૂરિકૃત વૃત્તિ ૯/૫) 'ઇતિ' શબ્દ વૃત્તિના કથનની સમાપ્તિ માટે છે. "એક સાડી ઉત્તરાસંગ કરે." એ પ્રમાણે આગમના પ્રમાણથી ખેસ પણ અખંડિત જ કરે. પરંતુ ખંડ દ્વયાદિરૂપ નહિ અને તે વસ્ત્રદ્વય ભોજનાદિ કાર્યમાં વાપરવા જોઈએ નહિ; કેમ કે પરસેવાદિથી અશુચિપણાની આપત્તિ છે. અને વ્યાપાર અનુસારથી=પૂજામાં કરાયેલા વસ્ત્રના ઉપયોગ અનુસારથી ફરી ફરી ધોવા અને ધૂપનાદિ દ્વારા પવિત્ર કરવા જોઈએ. પૂજાકાર્યમાં પણ સ્વલ્પ વેલા જ વ્યાપાર કરવો જોઈએ. પૂજાના કાર્યમાં પણ=પૂજા અર્થે આનુષંગિક કાર્યોમાં પણ, સ્વલ્પ વેલા જ વસ્ત્ર ધારણ કરવાં જોઈએ. (જેથી પરસેવાદિને કારણે ભગવાનની ભક્તિકાળમાં આશાતનાનો પ્રસંગ ન આવે) અને બીજાનાં વસ્ત્ર પણ પ્રાયઃ વર્જ્ય છે. અને વિશેષ-કરીને બાલ, વૃદ્ધ-સ્ત્રી આદિ સંબંધી વસ્ત્ર વર્જ્ય છે. અને તેના દ્વારા=પૂજાનાં વસ્ત્રો દ્વારા, પરસેવો શ્લેષ્માદિ સાફ કરવાં જોઈએ નહિ. અને વ્યાપારિત એવા વસ્ત્રાંતરથી=ઉપયોગ કરાયેલાં એવાં વસ્ત્રોથી, પૃથગ્ મૂકવાં જોઈએ. એ પ્રમાણે 'સમ્યગ્ સ્નાત્વા' એ અંશ પ્રદર્શન કરાયો.

ભાવાર્થ :-

શ્રાવકની સ્નાનવિધિ :-

શ્રાવક શાસ્ત્રવિધિ અનુસાર સ્નાન કરીને પૂજાના ઉચિતકાળે ભગવાનની પ્રતિમાનું પ્રક્ષાલન કરીને ક્રમસર પુષ્પપૂજા કરે. પછી આહારપૂજા કરે અને પછી સ્તુતિપૂજા કરે. આ કથનથી એ પ્રાપ્ત થાય કે શ્રાવક પ્રથમ વિધિપૂર્વક સ્નાન કર્યા પછી ભગવાનનો પ્રક્ષાલ કર્યા પછી અંગપૂજા કરે તે સર્વનું પુષ્પપૂજાથી ગ્રહણ છે, અગ્રપૂજા કરે તે સર્વનું આહારપૂજાથી ગ્રહણ છે અને ચૈત્યવંદન કરે તેનું સ્તુતિપૂજાથી ગ્રહણ છે. આ પ્રકારે વિધિપૂર્વક પૂજા કરવાથી શ્રાવકનું ચિત્ત ભગવાનના ગુણોથી વાસિત થાય છે તેથી ઘણાં કર્મોની નિર્જરા થાય છે. અને શ્રાવક માટે ભગવાનની પૂજાનો કાળ ત્રિસંધ્યા છે. તેથી સવારે-મધ્યાહ્ને અને સંધ્યાકાળે એમ ત્રણ સંધ્યાએ શ્રાવકે જિનપૂજા કરવી જોઈએ. જેથી દિવસ દરમિયાન નિરંતર ભગવાનના

ગુણોથી ચિત્ત વાસિત રહે. આ પ્રકારે સંક્ષેપથી શ્લોકનો અર્થ કર્યા પછી ટીકાકાર 'सम्यक् स्नात्वा' એ અંશને ગ્રહણ કરીને શ્રાવકે કઈ રીતે સ્નાન કરવું જોઈએ ? તેનો વિસ્તારથી અર્થ કરે છે –

શ્રાવકને ભગવાનની ભક્તિ અર્થે સ્નાન કરવાની વિધિ છે. તેથી શ્રાવક જે સ્થાનમાં સ્નાન કરે તે સ્થાનમાં કોઈ ત્રસજીવોની હિંસા ન થાય તેની ઉચિત જયણા કરે. તેથી વર્તમાનમાં પણ શ્રાવકો ગૃહ આદિમાં સ્નાન કરતા હોય ત્યારે કોઈ ત્રસજીવની હિંસા ન થાય તેની ઉચિત યતના કરવી જોઈએ. વળી શ્રાવકે, વસ્ત્રથી ગાળેલું અને દેહની શુદ્ધિ માટે આવશ્યક હોય તેટલા પરિમિત જલથી સ્નાન કરવું જોઈએ. તેથી જે શ્રાવક પોતાના સંયોગાનુસાર જીવરક્ષા માટે ઉચિત યતના કરે છે તેનું દયાળુ ચિત્ત વર્તે છે. વળી, હું દેહની શુદ્ધિ કરીને ભગવાનની ભક્તિ કરું એવા પ્રકારનો શુભ અધ્યવસાય સ્નાનકાળમાં વર્તે છે. તેથી સ્નાનની ક્રિયા પણ ભગવાનની પૂજાનું અંગ બને છે.

વળી, સ્નાન બે પ્રકારનું છે. (૧) દ્રવ્યસ્નાન અને (૨) ભાવસ્નાન. દ્રવ્યસ્નાન જલ દ્વારા શરીરની શુદ્ધિરૂપ છે અને તે પણ દેશથી અને સર્વથી એમ બે ભેદવાળું છે. તેમાં દ્રવ્યસ્નાન દેશથી મળશુદ્ધિ, મુખશુદ્ધિ વગેરે સ્વરૂપ છે. અને દ્રવ્યસ્નાન સર્વથી સંપૂર્ણ શરીરની શુદ્ધિ છે. તેથી શ્રાવકે ભગવાનની ભક્તિ અર્થે જતાં પૂર્વે મળશુદ્ધિ, મુખશુદ્ધિ અને સ્નાનથી શરીરની સંપૂર્ણ શુદ્ધિ કર્યા પછી ભગવાનની પૂજા કરવી જોઈએ. ફક્ત જેઓને પચ્ચક્ખાણ હોય તેઓને મુખશુદ્ધિ વગર પણ ભગવાનની પૂજાનો અધિકાર છે; કેમ કે તપના અધ્યવસાયથી જ ચિત્તની શુદ્ધિ રહે છે અને જેઓને તપ નથી તેઓને તો મુખશુદ્ધિપૂર્વક જ દેહશુદ્ધિ કરવાથી મારું શરીર પવિત્ર છે. સ્ફૂર્તિવાળું છે, ઇત્યાદિ પરિણામથી જ ભાવશુદ્ધિનો હેતુ બને છે. તેથી જેઓ મુખશુદ્ધિ કર્યા વગર કે યથા-તથા સ્નાન કરીને પૂજા કરે છે તેઓને તે પ્રકારની ભાવશુદ્ધિ થતી નથી. માટે ભગવાનની ભક્તિના અર્થે શક્ય એટલી દેહની શુદ્ધિ થાય તે માટે ઉચિત યતના કર્યા પછી જ પૂજા માટે યત્ન કરવો જોઈએ.

વળી, સ્નાનની ક્રિયાથી યતનાપરાયણ શ્રાવક દ્વારા પણ અપ્કાયના જીવોની વિરાધના થાય છે ત્યારે ત્રસાદિ જીવોની પણ વિરાધના થવાનો સંભવ છે. તોપણ ભગવાનની ભક્તિના અધ્યવસાયપૂર્વક અને શાસ્ત્રવિધિના સ્મરણપૂર્વક નિરર્થક જીવહિંસાના પરિહાર માટે યતનાપરાયણ શ્રાવકે કૂપખનનના ઉદાહરણથી દ્રવ્યસ્નાન કરવું ઉચિત છે. અને તે દ્રવ્યસ્નાન દ્રવ્યસ્તવનું અંગ હોવાથી ભગવાનની પૂજા સ્વરૂપ છે. તેથી દ્રવ્યસ્નાન કરતી વખતે ક્યારેક પ્રમાદને વશ કોઈક હિંસા થયેલી હોય તોપણ ભગવાનની ભક્તિ કરવાના નિર્મળ અધ્યવસાયથી તેની શુદ્ધિ થાય છે. જેમ કૂવાને ખોદવામાં શ્રમ-તૃષા-કાદવ વગેરે લાગે છે તોપણ જલની પ્રાપ્તિ થયા પછી તે જલ દ્વારા શ્રમાદિ દોષો દૂર થાય છે અને પોતાને અને બીજાને સદા જલની પ્રાપ્તિ થવાથી સ્વ-પરનો ઉપકાર થાય છે તે રીતે સ્નાનાદિની ક્રિયામાં કોઈક આરંભદોષ થયો હોય તે ભગવાનની ભક્તિના શુભ અધ્યવસાયથી દૂર થવાને કારણે વિશિષ્ટ પુણ્યબંધ અને નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી, કેટલાક કહે છે કે પૂજા માટે સ્નાનાદિકાળમાં હું ભગવાનની ભક્તિ કરું અને શાસ્ત્રવિધિ અનુસાર સ્નાન કરું તેવો નિર્મળ અધ્યવસાય વર્તે છે. તેથી લેશ પણ પાપબંધ શ્રાવકને થતો નથી. માટે 'કૂપખનન'નું

દૃષ્ટાંતનું યોજન અન્ય પ્રકારે કરવું. કઈ રીતે યોજન કરવું ? તે બતાવે છે –

જેમ કૂવાનું ખોદવું સ્વ-પરના ઉપકાર માટે થાય છે, એ રીતે સ્નાનપૂજાદિની ક્રિયા પોતાને કરણરૂપે પુણ્યબંધનું કારણ બને છે અને બીજાને અનુમોદનરૂપે પુણ્યબંધનું કારણ બને છે. આ કથન આગમવચનાનુસાર નથી; કેમ કે ધર્મ માટે પ્રવૃત્ત થયેલા જીવો પ્રમાદને વશ જે આરંભદોષ કરે છે તેમાં અલ્પપાપબંધ થાય છે. આથી જ 'ભગવતીસૂત્ર'માં કહેલ છે કે સુસાધુને દોષિત ભિક્ષા આપે તેને અલ્પપાપબંધ અને બહુ નિર્જરા થાય છે. કોઈ સાધુ ગ્લાન સાધુની સેવા કરે તે વખતે કોઈક અયતના થયેલી હોય તેને આશ્રયીને 'પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત' આપવામાં આવે છે. તેથી નક્કી થાય છે કે પ્રમાદને વશ સ્નાનાદિ કાલમાં કોઈક સ્ખલના થઈ હોય તેનાથી શ્રાવકને પાપબંધ થાય છે. તે પણ ભગવાનની પૂજાના ભક્તિના શુભ અધ્યવસાયથી શુદ્ધ થાય છે. માટે જે શ્રાવક ભગવાનના ગુણોના પરમાર્થને જાણનારા છે અને ભગવાનની ભક્તિ અર્થે સ્નાન કરે છે છતાં સ્નાનના પ્રારંભથી માંડીને પૂજાના પ્રવૃત્તિકાલમાં સર્વત્ર શાસ્ત્રવિધિ અનુસાર ઉપયોગ રાખી શકતા નથી તેઓને આશ્રયીને 'કૂપખનન' દૃષ્ટાંતનું યોજન ગ્રંથકારશ્રીએ જે પ્રમાણે કર્યું છે તે પ્રમાણે યોજન કરવું; કેમ કે જેમ કૂવાના ખોદવાથી કાદવાદિથી જીવ ખરડાય છે તેમ સ્નાનાદિમાં પ્રમાદને વશ કંઈક અયતના થાય છે, ત્યારે કર્મબંધ થાય છે. તોપણ જેમ કૂવો ખોદવાથી પાણીની પ્રાપ્તિ થાય ત્યારે તે પાણીથી કાદવાદિ દૂર કરી શકાય છે તેમ પ્રમાદને વશ થયેલ સ્ખલનાથી બંધાયેલ પાપ પણ ભગવાનની ભક્તિના શુભ અધ્યવસાયથી દૂર થાય છે. વળી જેઓ પૂર્ણવિધિ અનુસાર સ્નાનની ક્રિયા અને ભગવાનની પૂજાની ક્રિયા કરે છે તેઓને લેશ પણ પાપબંધની પ્રાપ્તિ નથી. અને તેઓને આશ્રયીને 'કૂપખનન'ના દૃષ્ટાંતનું યોજન 'કેટલાક કહે છે' તે પ્રમાણે કરવું ઉચિત છે. તેમ ઉપાધ્યાય યશોવિજયજી મ. સાહેબે 'પ્રતિમાશતક'માં સ્પષ્ટ કરેલ છે. અને ભગવતીમાં જે કહેલ છે કે સાધુને અશુદ્ધદાનથી અલ્પ પાપબંધ અને બહુ નિર્જરા થાય છે તે પણ મુગ્ધશ્રાવકને આશ્રયીને છે. વિવેકસંપન્ન શ્રાવક તો કારણે અશુદ્ધદાન આપે ત્યારે લેશ પણ પાપબંધ નથી. એકાંતે નિર્જરા છે. વળી, ગ્લાનની સેવામાં સાધુને પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ કહી છે તે અગીતાર્થ સાધુને આશ્રયીને છે. ગીતાર્થ સાધુ ભગવાનના વચનાનુસાર બુદ્ધિપૂર્વક ગ્લાનની વૈયાવચ્ચ કરે ત્યારે કોઈ પ્રકારના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ નથી. ફક્ત વૈયાવચ્ચ કરતી વખતે શાસ્ત્રવિધિમાં કોઈ સ્ખલના થઈ હોય તેને આશ્રયીને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. તેથી જે શ્રાવક દ્રવ્યસ્નાનથી માંડીને ભગવાનની પૂજાની વિધિ સર્વ અંશથી શાસ્ત્ર અનુસાર કરે છે તે શ્રાવકોની સ્નાનની ક્રિયામાં થતી હિંસા કે ભગવાનની ભક્તિમાં થતી હિંસા અશક્ય પરિહાર હોવાથી અને વિધિશુદ્ધ ભગવાનની ભક્તિ કરવાનો અધ્યવસાય હોવાથી તેઓને હિંસાકૃત લેશ પણ કર્મબંધ નથી. ફક્ત પૂજાકાળમાં જે વિધિની સ્ખલના થાય છે તેનાથી અલ્પ કર્મબંધ થાય છે અને તે પણ ભગવાનની ભક્તિ કરવાના નિર્મળ અધ્યવસાયથી દૂર થાય છે.

આ રીતે ભગવાનની પૂજા માટે શ્રાવકને દ્રવ્યસ્નાન શાસ્ત્રસંમત છે. તેથી જે કૃત્યો કરવાનું શાસ્ત્ર કહેતું હોય તે કૃત્યો કરવાથી તે જીવને એકાંતે પુણ્યબંધ અને નિર્જરાની પ્રાપ્તિ થાય છે. પરંતુ ક્યારેય પણ પાપબંધ થતો નથી. ફક્ત શાસ્ત્રવિધિમાં યત્ન હોવા છતાં જે કંઈ સ્ખલના થાય છે તેના કૃત પાપબંધ થાય

છે છતાં વિધિશુદ્ધ પૂજા કરવાના અધ્યવસાયવાળા જીવને ભગવાનની ભક્તિથી તે પાપની શુદ્ધિ થાય છે. અને જેઓ સર્વથા ભગવાનના વચનથી નિરપેક્ષ સ્નાનાદિ કરે છે અને પૂજાદિ કરે છે તેઓને ભગવાનના વચનાનુસાર પૂજા કરવાનો લેશ પણ અધ્યવસાય નથી, તેઓની સ્નાનાદિ ક્રિયા કે પૂજાદિ ક્રિયા કર્મબંધનું કારણ બને છે. માટે ભદ્રકપ્રકૃતિવાળા જીવો મુગ્ધતાથી ભગવાનની પૂજા કરતા હોય, અજ્ઞાનને વશ અવિધિથી પૂજાદિ કરતા હોય છતાં ઉપદેશાદિને પામીને વિધિપૂર્વક પૂજાદિ કરે તેવી મનોવૃત્તિવાળા છે. તેઓની પૂજા તેટલા અંશથી પુણ્યબંધ અને નિર્જરાનું કારણ છે. અને જેટલા જેટલા અંશથી વિધિનું પાલન કરે છે તેટલા તેટલા અંશથી મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે. માટે શ્રાવકે ભગવાનની પૂજાકાળમાં અંતરંગ ઉપયોગ વીતરાગના ગુણના સ્મરણમાં પ્રવર્તે તે રીતે યત્ન કરવો જોઈએ. અને બાહ્ય સર્વક્રિયા શાસ્ત્રવિધિનું સ્મરણ કરીને કરવી જોઈએ. અને ભગવાનની ભક્તિમાં જેની આવશ્યકતા નથી એવી કોઈ હિંસા ન થાય તેની ઉચિત યતના કરવી જોઈએ.

વળી, ભગવાનની પૂજામાં ભાવસ્નાન શુભધ્યાન છે. તેથી પૂજા દરમિયાન શ્રાવક ભગવાનના ગુણોનું જેટલા અંશથી સ્મરણ કરે છે તેટલા અંશથી તેનું શુભધ્યાન વર્તે છે. અને જે શ્રાવકનું ચિત્ત અસ્ખલિત ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક સર્વ પ્રવૃત્તિ કરે છે તે શ્રાવકને ભગવાનની પૂજા દરમિયાન સતત શુભધ્યાનરૂપ ભાવસ્નાન વર્તે છે. જેનાથી કર્મરૂપી મલનો નાશ થાય છે.

ટીકા :-

अथ 'जिनान् संस्नाप्ये'त्यंशः प्रदर्शनीयः, तत्र जिनस्नपनादिविधिश्च समस्तपूजासामग्रीमेलनपूर्वकः, सा चेयम्–तथाहि–शुभस्थानात्स्वयमारामिकादिकं सुमूल्यार्पणादिना संतोष्य पवित्रभाजनाच्छादन-हृदयाग्रस्थकरसंपुटधरणादिविधिना पुष्पाद्यानयेद्, वैश्वासिकपुरुषेण वाऽऽनाययेत् जलमपि च तथा, ततोऽष्टपुटोत्तरीयप्रान्तेन मुखकोशं विदध्यात् । यतो दिनकृत्ये–

"काऊण विहिणा ण्हाणं, सेअवत्थनिअंसणो ।

मुहकोसं तु काऊणं, गिहबिंबाणि पमज्जए ।।१।।" **[श्राद्धदिनकृत्ये गा. २४] त्ति ।**

तमपि च यथासमाधि कुर्यात्, नासाबाधे तु नापि, यतः पूजापञ्चाशके "वत्थेण बंधिऊणं, णासं अहवा जहासमाहीए" **[४।२०] एतद्वृत्तिर्यथा-वस्त्रेण-वसनेन, बद्ध्वा-आवृत्य, नाशां-नाशिकामथवेति विकल्पार्थो, यथासमाधि-समाधानानतिक्रमेण, यदि हि नासाबन्धे असमाधानं स्यात्तदा तामबद्ध्वाऽ-पीत्यर्थः, सर्वं यत्नेन कार्यमित्यनुवर्त्तते इति । [पञ्चाशकवृत्तिः प. ७८ ए] युक्तिमच्च मुखे वस्त्रबन्धनं, भृत्या अपि[तथा]स्वामिनोऽ-ङ्गमर्दनश्मश्रुरचनादिकं कुर्वन्ति, यदुक्तम्–**

"बन्धित्ता कासवओ, वयणं अट्ठग्गुणाए पोत्तीए ।

पत्थिवमुवासए खलु, वित्तिनिमित्तं भया चेव ।।१।।" **त्ति ।**

तथा प्रमार्जितपवित्रावघर्षेऽसंसक्तशोधितजात्यकेसरकर्पूरादिमिश्रश्रीखण्डं संघर्ष्य भाजनद्वये पृथगुत्सारयेत् । तथा संशोधितजात्यधूपघृतपूर्णप्रदीपाखण्डचोक्षादिविशेषाक्षतपूगफलविशिष्टानुच्छिष्ट-नैवेद्यहृद्यफलनिर्मलोदकभृतपात्रादिसामग्रीं संयोजयेद्, एवं द्रव्यतः शुचिता, भावतः शुचिता तु रागद्वेषकषायेर्ष्यैहिकामुष्मिकस्पृहाकौतुकव्याक्षेपादित्यागेनैकाग्रचित्तता । उक्तं च–

"मनोवाक्कायवस्त्रोर्वीपूजोपकरणस्थितेः ।
शुद्धिः सप्तविधा कार्या, श्रीअर्हत्पूजनक्षणे ।।१।।"

एवं द्रव्यभावाभ्यां शुचिः सन् गृहचैत्ये–

"आश्रयन् दक्षिणां शाखां, पुमान् योषित्त्वदक्षिणाम् ।
यत्नपूर्वं प्रविश्यान्तर्दक्षिणेनाहिणा ततः ।।२।।
सुगन्धिमधुरैर्द्रव्यैः, प्राङ्मुखो वाऽप्युदङ्मुखः ।
वामनाड्यां प्रवृत्तायां, मौनवान् देवमर्चयेत् ।।३।।"

इत्याद्युक्तेन नैषेधिकीत्रयकरणप्रदक्षिणात्रयचिन्त(विरच)नादिकेन च विधिना देवताऽवसरप्रमार्जनपूर्वं शुचिपट्टकादौ पद्मासनासीनः पूर्वोत्सारितद्वितीयपात्रस्थचन्दनेन देवपूजासत्कचन्दनभाजनाद्वा पात्रान्तरे हस्ततले वा गृहीतचन्दनेन कृतभालकण्ठहृदुदरतिलको रचितकर्णिकाङ्गदहस्तकङ्कणादिभूषणश्चन्दन-चर्चितधूपितहस्तद्वयो लोमहस्तकेन श्रीजिनाङ्गान्निर्माल्यमपनयेत् । निर्माल्यं च–

'भोगविणट्ठं दव्वं, निम्मल्लं बिंति गीअत्थ' **[चेइअवंदणमहाभास गा. ८९]त्ति बृहद्भाष्यवचनात् ।**

'यज्जिनबिम्बारोपितं सद्विच्छायीभूतं विगन्धं जातम्, दृश्यमानं च निःश्रीकं न भव्यजनमनःप्रमोदहेतुस्तन्निर्माल्यं ब्रुवन्ति बहुश्रुता' **[तुला-सङ्घाचारवृत्ति प. ५३] इति सङ्घाचारवृत्त्युक्तेश्च भोगविनष्टमेव ।**

नतु विचारसारप्रकरणोक्तप्रकारेण ढौकिताक्षतादेर्निर्माल्यत्वमुचितम्, शास्त्रान्तरे तथाऽदृश्यमानत्वाद्, अक्षोदक्षमत्वाच्च, तत्त्वं पुनः केवलिगम्यम् । वर्षादौ च निर्माल्यं विशेषतः कुन्थ्वादिसंसक्तेः पृथग् पृथग् जनानाक्रम्यशुचिस्थाने त्यज्यते, एवमाशातनापि न स्यात्, स्नात्रजलमपि तथैव ।

ततः सम्यग् श्रीजिनप्रतिमाः प्रमार्ज्य उच्चैःस्थाने भोजनादावव्यापार्यपवित्रपात्रे संस्थाप्य च करयुगधृतशुचिकलशादिनाऽभिषिञ्चेत् । जलं च पूर्वं घुसृणाद्युन्मिश्रं कार्यम् । यतो दिनकृत्ये–

"घुसिणकप्पूरमीसं तु, काउं गंधोदगं वरं ।
तओ भुवणनाहस्स, ण्हवेई भत्तिसंजुओ ।।१।।" **[श्राद्धदिन. गा. ५९]**

'घुसृणं-कुङ्कुमम्, कर्पूरो-घनसारस्ताभ्यां मिश्रम्, तुशब्दात्सर्वौषधिचन्दनादिपरिग्रहः' इति तद्वृत्तिः ।

स्नपनकाले च–'बालत्तणंमि सामिय!, सुमेरुसिहरंमि कणयकलसेहिं तिअसासुरेहि ण्हविओ, ते धन्ना जेहि दिट्ठोऽसी'त्यादि चिन्त्यम् ।

पूजाक्षणे च मुख्यवृत्त्या मौनमेव कार्यं, तदशक्तौ सावद्यं वचस्त्याज्यमेव अन्यथा नैषेधिकीकरण-नैरर्थक्यापत्तिः, कण्डूयनाद्यपि हेयमेव, यतः–

"कायकण्डूअणं वज्जे, तहा खेलविगिंचणं ।
थुइथुत्तभणणं च(चेव), पूअंतो जगबंधुणो ।।१।।" **[श्राद्धदिन. गा. ५८]**

ततः सुयत्नेन बालककूर्चिकां व्यापार्य्यैकेनाङ्गरूक्षणेन सर्वतो निर्जलीकृत्य द्वितीयेन च धूपितमृदूज्ज्वलेन तेन मुहुः मुहुः सर्वतः स्पृशेत्, एवमङ्गरूक्षणद्वयेन सर्वप्रतिमा निर्जलीकार्याः । यत्र यत्र स्वल्पोऽपि जलक्लेदः तिष्ठति तत्र तत्र श्यामिका स्यादिति सा सर्वथा व्यपास्यते न च पञ्चतीर्थीचतुर्विंशतिपट्टकादौ मिथः स्नात्रजलस्पर्शादिना दोष आशङ्क्यो, यदाहुः–

"रायप्पसेणइज्जे, सोहम्मे सूरिआभदेवस्स ।
जीवाभिगमे विजयापुरीइ विजयाइदेवाणं ।।१।।
भिंगाइलोमहत्थयलूहणयाधूवदहणमाईअं ।
पडिमाणं सकहाण य, पूआए इक्कयं भणिअं ।।२।।
निव्वुअजिणिंदसकहा, सग्गसमुग्गेसु तिसुवि लोएसु ।
अन्नोन्नं संलग्गा, ण्हवणजलाईहिं संपुट्ठा ।।३।।
पुव्वधरकालविहिआ, पडिमाइ संति तिसु वि खित्तेसु ।
वत्तक्खा १ खेत्तक्खा २ महक्खयागं च दिट्ठा य ।।४।।" **[संबोध. देवाधि. १७५-७]**

गंथदिट्ठत्ति-ग्रन्थे-प्रतिष्ठाषोडशकादौ दृष्टा, तदुक्तं–

"व्यक्त्याख्या खल्वेका, क्षेत्राख्या चापरा महाख्या च ।
यस्तीर्थकृद्यदा किल, तस्य तदाद्येति समयविदः ।।१।।
ऋषभाद्यानां तु तथा, सर्वेषामेव मध्यमा ज्ञेया ।
सप्तत्यधिकशतस्य तु, चरमेह महाप्रतिष्ठेति ।।२।।" **[षोडशक ८।२-३]**

इत्थं च एकस्यार्हतः प्रतिमा व्यक्त्याख्या १, एकत्र पट्टादौ चतुर्विंशतिः प्रतिमाः क्षेत्राख्या २, एवं सप्ततिशतप्रतिमा महाख्या ३ ।

"मालाधराइआणवि, धुवणजलाई फुसेइ जिणबिंबं ।
पुत्थयपत्ताईणवि, उवरुवरिं फरिसणाईअं ।।५।।

ता नज्जई नो दोसो, करणे चउवीसवट्टयाईणं ।
आयरणाजुत्तीओ, गंथेसु अ दिस्समाणत्ता ।।६।।" **[सं. प्र. दे. १७८-१७९]**

बृहद्भाष्येऽप्युक्तं–

"जिणरिद्धिदंसणत्थं, एगं कारेइ कोइ भत्तिजुओ ।
पायडिअपाडिहेरं, देवागमसोहिअं चेव ।।१।।
दंसणनाणचरित्ताऽऽराहणकज्जे जिणत्तिअं कोई ।
परमिट्ठिनमोक्कारं, उज्जमिउं कोइ पंच जिणा ।।२।।
कल्लाणयतवमहवा, उज्जमिउं भरहवासभावित्ति ।
बहुमाणविसेसाओ, केई कारिंति चउवीसं ।।३।।
उक्कोस सत्तरिसयं, नरलोए विहरइत्ति भत्तीए ।
सत्तरिसयंपि कोई, बिंबाणं कारइ धणड्ढो ।।४।।" **[चेइअवंदण महाभास २७-३०, संबोध प्र. दे. १८०-१८३]**

तस्मात्त्रितीर्थीपञ्चतीर्थीचतुर्विंशतिपट्टादिकारणं न्याय्यमेव दृश्यते तथा सति तत्प्रक्षालनाद्यपि निर्दोषमेव अङ्गरूक्षणं हस्तादि च पृथक्भाजनस्थशुद्धजलेन क्षाल्यम्, नतु प्रतिमाक्षालनजलेन, चन्दनादिवदिति जिनस्नपनविधिः ।

टीकार्थ :-

अथ 'जिनान् ..... जिनस्नपनविधिः । हवे 'जिनोने स्नान करावीने' એ પ્રકારનો શ્લોકનો અંશ પ્રદર્શનીય છે. અને ત્યાં જિનના સ્નાન કરાવવા આદિની વિધિ સમસ્ત પૂજાસામગ્રીના મેલનપૂર્વક છે. અને તે=પૂજાની સામગ્રી, આ છે. અને તે સામગ્રીને 'तथाहि'થી બતાવે છે –

માળી આદિને સુમૂલ્યના અર્પણ આદિથી સંતોષ આપીને શુભ પવિત્ર ભાજનમાં આચ્છાદન કરાયેલા હદયના અગ્રભાગમાં રહેલા કરસંપુટમાં ધરણ આદિ વિધિથી શુભસ્થાનથી=બગીચાદિમાં ગંદકી વગરના શુભસ્થાનથી, સ્વયં પુષ્પાદિ લાવે. અથવા વિશ્વાસુ પુરુષો દ્વારા મંગાવે અને જલ પણ તે પ્રકારે લાવે. ત્યાર પછી આઠ પડવાળા ખેસના છેડાથી મુખકોશને બાંધે. જે કારણથી 'દિનકૃત્ય'માં કહેવાયું છે –

"વિધિથી સ્નાન કરીને સુંદર વસ્ત્રોને ધારણ કરનારો શ્રાવક મુખકોશને કરીને ગૃહબિંબોની પ્રમાર્જના કરે." **(શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૨૪)**

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને તે પણ=મુખકોશ પણ, યથાસમાધિ કરે=ભગવાનની ભક્તિમાં ઉપયોગની સ્ખલના ન થાય

તે પ્રમાણે કરે. વળી, શ્વાસની બાધામાં ન પણ કરે=નાસિકાની નીચે પણ મુખકોશ બાંધે. જે કારણથી 'પૂજાપંચાશક'માં કહેવાયું છે –

"વસ્ત્રથી નાસિકાને બાંધીને અથવા યથાસમાધિથી" (પૂજાપંચાશક ૪/૨૦)

આની વૃત્તિ='પૂજાપંચાશક'ની વૃત્તિ 'યથા'થી બતાવે છે –

"વસ્ત્રથી નાસાને=નાસિકાને, બાંધીને=આવૃત કરીને, અથવા એ વિકલ્પાર્થ છે=બીજા વિકલ્પ માટે છે. યથાસમાધિ=સમાધાનના અનતિક્રમથી=ભગવાનની પૂજામાં ઉપયોગની સ્ખલના ન થાય એ રીતે, જો નાસિકાના બંધમાં અસમાધાન થાય=શ્વાસ રૂંધાવાના કારણે ભગવાનની ભક્તિમાં ઉપયોગ ન રહે, તો તેને બાંધ્યા વગર પણ=નાસિકા ઉપર મુખકોશ બાંધ્યા વગર પણ=નાસિકાની નીચે મુખકોશ બાંધીને પણ, પૂજા કરે. એ પ્રમાણે અર્થ છે – સર્વ કૃત્ય યત્નથી કરવું જોઈએ એ પ્રકારે ઉપરના શ્લોકથી અનુવર્તન પામે છે." (પંચાશકવૃત્તિ પ. ૭૮એ)

અને મુખ ઉપર વસ્ત્રનું બંધન યુક્તિવાળું છે.

કેમ મુખ ઉપર વસ્ત્રનું બંધન યુક્તિવાળું છે ? તે સ્પષ્ટ કરે છે –

સેવક પણ સ્વામીના અંગમર્દન, દાઢીમૂછની રચનાદિ મુખ ઉપર વસ્ત્રબંધન બાંધી કરે છે=મુખબંધનપૂર્વક કરે છે. જે કારણથી કહેવાયું છે –

"વૃત્તિ નિમિત્તે=આજીવિકા નિમિત્તે, અને ભયથી નિશ્ચે હજામ આઠગુણા વસ્ત્રથી=આઠ પડવાળા વસ્ત્રથી મુખને બાંધીને, રાજાની ઉપાસના કરે છે."

'ત્તિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને પ્રમાર્જિત પવિત્ર અવઘર્ષમાં=ઘસવાના પથ્થર ઉપર, અસંસક્ત=જીવ રહિત, શોધિત=સાફ કરેલું, જાત્ય=શુદ્ધ કેસર કપૂરાદિથી મિશ્ર એવા શ્રીખંડને=ચંદનને ઘસીને ભાજનદ્વયમાં જુદા ઉતારે=બે ભાજનમાંથી એક ભાજનમાં કેસરમિશ્રિત ચંદન અને બીજા ભાજનમાં કપૂરમિશ્રિત ચંદનને સ્થાપન કરે. અને સંશોધિત જાત્યધૂપ=શુદ્ધ ધૂપ, ઘીથી પૂર્ણ પ્રદીપ, અખંડ ચોક્ષાદિ=ખંડિત ન થયા હોય એવા ચોખા આદિ, વિશેષ અને અક્ષત એવા પૂગફલ=શ્રેષ્ઠ અખંડ સોપારી, વિશિષ્ટ અનુચ્છિષ્ટ નૈવેદ્ય=શ્રેષ્ઠ કોટિનું અને તૂટેલું નહિ એવા નૈવેદ્ય, હદ્યફલ=હૃદયને ગમે એવું ઉત્તમફળ, નિર્મળ પાણીથી ભરાયેલા પાત્રાદિની સામગ્રીને સંયોજિત કરે. આ રીતે દ્રવ્યથી સૂચિતા=પવિત્રતા, છે. વળી, ભાવથી શુચિતા રાગ-દ્વેષ-કષાય-ઈર્ષ્યા, આ લોક-પરલોકની સ્પૃહા, કૌતુક, વ્યાક્ષેપ આદિના ત્યાગથી એકાગ્ર-ચિત્તતા છે. અને કહેવાયું છે –

"શ્રી અરિહંતની પૂજાના કાળમાં મન-વચન-કાયા-વસ્ત્ર-ભૂમિપૂજાનાં ઉપકરણ-સ્થિતિથી શુદ્ધિ સાત પ્રકારે કરવી જોઈએ."

આ રીતે દ્રવ્ય-ભાવ દ્વારા શુચિને કરતો ગૃહચૈત્યમાં "દક્ષિણ શાખાને આશ્રય કરતો પુરુષ વળી અદક્ષિણશાખાને આશ્રય કરતી સ્ત્રી, યત્નપૂર્વક દક્ષિણ પગથી=જમણા પગથી, અંદર પ્રવેશ કરીને= જિનાલયમાં

પ્રવેશ કરીને, ત્યાર પછી સુગંધી મધુર દ્રવ્યો વડે પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ ડાબી નાડી પ્રવૃત્ત થયે છતે મૌનવાળો દેવની પૂજા કરે." **ઇત્યાદિ ઉક્ત અને નૈષેધિકીત્રય કરણ પ્રદક્ષિણાત્રય ચિંતન આદિ વિધિથી દેવતાના અવસરના પ્રમાર્જનાપૂર્વક=જિનાલયના સ્થાનના પ્રમાર્જનાપૂર્વક શુચિપટ્ટકાદિમાં=પવિત્ર વસ્ત્રાદિમાં, પદ્માસનમાં બેઠેલો પૂર્વમાં ઉત્સારિત બીજા પાત્રમાં રહેલા ચંદનથી=પૂર્વમાં કહ્યા પ્રમાણે ઘસીને તૈયાર કરેલા બીજા પાત્રમાં રહેલા ચંદનથી, અથવા દેવપૂજાના સંબંધિત ચંદનના ભાજનથી પાત્રાંતરમાં કે હસ્ततलમાં ગ્રહણ કરાયેલા ચંદનથી મસ્તક=કપાળ ઉપર, કંઠ ઉપર, હૃદય ઉપર, ઉદર ઉપર કરાયેલા તિલકવાળો રચના કરેલ કર્ણિકા અંગદ હસ્તકંકણાદિ ભૂષણવાળો ચંદનથી ચર્ચિત ધૂપિત હસ્તદ્વયવાળો લોમહસ્તથી=મોરપીંછીથી, શ્રી જિનનાં અંગોનું નિર્માલ્ય દૂર કરે. અને નિર્માલ્ય-"ભોગ વિનષ્ટ દ્રવ્યને ગીતાર્થ નિર્માલ્ય કહે છે. (ચૈત્યવંદન મહાભાસ. ગા. ૮૯) એ પ્રમાણે બૃહત્ભાષ્યના વચનથી "અને જે જિનબિંબમાં આરોપિત છતું વિછાયીભૂત=મ્લાનીભૂત વિગંધવાળું થયું=સુગંધ વિનાનું થયું. અને દૃશ્યમાન શોભા વગરનું ભવ્યજનના મનને પ્રમોદનો હેતુ નથી તેને નિર્માલ્ય બહુશ્રુતો કહે છે. (સંઘાચારવૃત્તિ પ. ૫૩) એ પ્રમાણે સંઘાચારની વૃત્તિની ઉક્તિ હોવાથી ભોગ વિનષ્ટ જ છે=ભોગ વિનષ્ટ જ નિર્માલ્ય છે.**

પરંતુ વિચારસારના પ્રકરણ વડે ઉક્ત પ્રકારથી દહેરાસરમાં મૂકાયેલા અક્ષતાદિનું નિર્માલ્યપણું ઉચિત નથી; કેમ કે શાસ્ત્રાંતરમાં તે પ્રકારે અદૃશ્યમાનપણું છે=તે પ્રમાણે લખાણની અપ્રાપ્તિ છે અને અક્ષોદક્ષમપણું છે=સ્વીકારી શકાય તેવું નથી. તત્ત્વ વળી કેવલીગમ્ય છે. અને વર્ષાદિમાં કુંથુવાદિની સંસક્તિ હોવાથી નિર્માલ્યનું વિશેષથી પૃથગ્-પૃથગ્, લોકથી અનાકમ્ય એવા પવિત્રસ્થાનમાં ત્યાગ કરાય છે=જ્યાં લોકો અવર-જવર ન કરતા હોય તેવા પવિત્ર સ્થાનમાં ત્યાગ કરાય છે. એ રીતે આશાતના પણ ન થાય. સ્નાત્રજલ પણ તે પ્રમાણે જ=સ્નાત્રજલ પણ લોકોની અવરજવર વગરના પવિત્ર સ્થાનમાં ત્યાગ કરાય છે. ત્યાર પછી શ્રી જિનપ્રતિમાનું સમ્યક્ પ્રમાર્જન કરીને ઊંચા સ્થાનમાં અને ભોજનાદિ માટે અવ્યાપાર્ય એવા=નહિ વપરાતા એવા, પવિત્ર પાત્રમાં સંસ્થાપન કરીને બંને હાથમાં ધારણ કરેલા પવિત્ર કળશાદિથી અભિષેક કરે. અને જલ પૂર્વમાં ઘસાયેલા કેસરાદિથી ઉન્મિશ્ર કરવું જોઈએ=કેસરાદિથી યુક્ત કરવું જોઈએ. જે કારણથી 'દિનકૃત્ય'માં કહેવાયું છે –

"વળી કેસર કપૂરથી મિશ્ર ગંધવાળું શ્રેષ્ઠ ઉદક કરીને=શ્રેષ્ઠ સુગંધી પાણી કરીને, ત્યાર પછી ભક્તિથી યુક્ત ભુવનના નાથને સ્નાન કરાવે. (શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૫૯). શ્લોકમાં ઘૃસૃણં શબ્દ કેસર અર્થમાં છે. કપૂર શબ્દ ઘનસારના અર્થમાં છે. તે બંનેથી મિશ્રજલ કરીને જિનપ્રતિમાને સ્નાન કરાવવું જોઈએ. એમ અન્વય છે. 'તુ' શબ્દથી સર્વૌષધિ ચંદનાદિનું ગ્રહણ છે." **એ પ્રમાણે તેની વૃત્તિ છે.**

અને સ્નપનકાળમાં 'હે સ્વામી !' બાલપણામાં મેરુશિખર ઉપર સુવર્ણોના કળશથી દેવતા અને અસુરો વડે નવડાવેલા જેઓએ તમને જોયા હતા તેઓ ધન્ય છે. ઇત્યાદિ ચિંતન કરવું અને પૂજાક્ષણમાં મુખ્યવૃત્તિથી મૌન જ કરવું જોઈએ અને તેની અશક્તિમાં સાવદ્યવચનનો ત્યાગ જ

કરવો જોઈએ. અન્યથા=સાવદ્યવચન ત્યાગ કરવામાં ન આવે તો, નૈષેધિકીકરણના નૈરર્થ્યરૂપની પ્રાપ્તિ છે. ખણજ આદિ પણ હેય જ છે. જે કારણથી કહેવાયું છે –

"જગતબંધુની પૂજા કરતો શ્રાવક કાયાની ખણજનું, શ્લેષ્મને કાઢવાનું અને સ્તુતિ-સ્તોત્ર બોલવાનું વર્જન કરે." **(શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૫૮)**

ત્યાર પછી સુયત્નથી વાળાકૂંચીને વ્યાપ્રત કરીને એક એવા અંગલૂંછણાથી સર્વથી નિર્જલી કરીને=શ્રી જિનને જલરહિત કરીને અને ધૂપથી ધૂપિત એવા મૃદુ ઉજ્જ્વલ બીજા અંગલૂંછણાથી ધીમે ધીમે સર્વથી સ્પર્શ કરે. એ રીતે બે અંગલૂંછણાથી સર્વ પ્રતિમા કોરી કરવી જોઈએ. જ્યાં જ્યાં= પ્રતિમામાં જે જે સ્થાને, સ્વલ્પ પણ જલની ભીનાશ રહે છે ત્યાં ત્યાં શ્યામિકા થાય. એથી તે= જલની ભીનાશ સર્વથા દૂર કરાય છે. અને પંચતીર્થી કે ચોવીશીના પટ્ટકાદિમાં પરસ્પર સ્નાત્રજલના સ્પર્શાદિથી દોષની આશંકા કરવી નહિ. જે કારણથી કહે છે –

"'રાયપસેણીય સૂત્ર'માં સૌધર્મ દેવલોકમાં સૂર્યાભદેવના (અધિકારમાં) 'જીવાભિગમ સૂત્ર'માં વિજયાદિ દેવોના વિજયાપુરીના (અધિકારમાં) ભિગાઈ=કળશ, લોમહસ્ત=મોરપીછી, અંગલૂંછણાં, ધૂપદહનાદિ પ્રતિમાની દાઢાની પૂજામાં એક કહેવાયું છે. નિર્વાણ પામેલા જિનેશ્વરોની દાઢા ત્રણેય લોકમાં દાબડાઓમાં અન્યોન્ય સંલગ્ન નહ્વણજલાદિથી સંપૃષ્ટ છે=સ્પર્શાયેલી છે. પૂર્વધર કાલવિહિત પ્રતિમા=પૂર્વધરના કાળમાં કરાયેલ પ્રતિમા, ત્રણે પણ ક્ષેત્રોમાં હોય છે= ભરત ઐરવત મહાવિદેહમાં હોય છે, કેવી પ્રતિમા હોય છે ? તે બતાવે છે –

૧ વ્યક્તિ આખ્યા ૨ ક્ષેત્ર આખ્યા ૩ મહાખ્યા થનારી દેખાય છે."

ગ્રંથમાં=પ્રતિષ્ઠા ષોડશક આદિમાં દેખાય છે. તે કહેવાયું છે –

"વ્યક્તિ નામની એક=વ્યક્તિ નામની એક પ્રતિષ્ઠા છે. ક્ષેત્ર નામની બીજી પ્રતિષ્ઠા છે અને મહાખ્યા પ્રતિષ્ઠા છે= ત્રીજી મહાખ્યા પ્રતિષ્ઠા છે. જે તીર્થંકર જ્યારે છે તેમની=તે તીર્થંકરની તે=પ્રતિમા, આદ્ય છે=વ્યક્તિ આખ્ય પ્રતિષ્ઠાવાળી પ્રતિમા છે. એ પ્રમાણે સમયના જાણનારા કહે છે." ॥૧॥

"અને વળી ઋષભાદિ સર્વ જ તીર્થંકરોની મધ્યમા જાણવી. વળી=ઋષભાદિ ચોવીશ તીર્થંકરોની પ્રતિષ્ઠા એ ક્ષેત્રાખ્યારૂપ મધ્યમા પ્રતિષ્ઠા જાણવી. વળી, એકસો સીત્તેર તીર્થંકરોની ચરમ મહાખ્યા પ્રતિષ્ઠા અહીં જાણવી." ॥૨॥ **(પ્રતિષ્ઠા ષોડશક ૮/૨-૩)**

અને આ રીતે='પ્રતિષ્ઠા ષોડશક'માં કહ્યું એ રીતે, એક તીર્થંકરની પ્રતિમા વ્યક્તિ આખ્ય છે. પટ્ટકાદિમાં એકત્ર ચોવીશ તીર્થંકરની પ્રતિમા ક્ષેત્રાખ્ય છે. એ રીતે એકસો સીત્તેર તીર્થંકરોની પ્રતિમા મહાખ્ય છે.

"માલાધરાદિનું પણ ધોવાણજલાદિ જિનબિંબને સ્પર્શે છે=પરિકરમાં રહેલા જિનબિંબના પ્રક્ષાલ કરતી વખતે માલાધરાદિનું ધોવાણજલાદિ જિનપ્રતિમાને સ્પર્શે છે. પુસ્તક પત્રાદિનું પણ ઉપર-ઉપરમાં સ્પર્શનાદિ થાય છે=એક પુસ્તક ઉપર અન્ય-અન્ય પુસ્તક મૂકવામાં આવે ત્યારે કે એક પત્રાદિ ઉપર અન્ય-અન્ય પત્રાદિ મૂકવામાં આવે ત્યારે એકબીજાનું સ્પર્શનાદિ થાય છે." ॥૫॥

"તે કારણથી ચોવીશીના પટ્ટકાદિના કરણમાં દોષ વિદ્યમાન નથી=ચોવીશીના પટ્ટકાદિમાં એકબીજા તીર્થંકરના

પક્ષાલનું જલ એકબીજા તીર્થંકરને સ્પર્શે તેમાં દોષ નથી; કેમ કે આચરણાની યુક્તિ છે=તે પ્રકારે ચોવીશી કરવાની આચરણા છે. અથવા તે પ્રકારે પરિકારવાળા જિનબિંબ કરાવવાની આચરણા છે. અથવા તે પ્રકારે પુસ્તકાદિ સ્થાપન કરવાની આચરણા છે. એ યુક્તિથી દોષ નથી અને ગ્રંથોમાં દેખાય છે=પટ્ટકાદિ કરવાનાં વિધાનો દેખાય છે માટે દોષ નથી." ।।૬।। **(સંબોધપ્રકરણ ગા. ૧૭૮-૧૭૯)**

બૃહદ્‌ભાષ્યમાં પણ કહેવાયું છે=ગ્રંથોમાં જે દેખાય છે તેમ જે પૂર્વમાં કહ્યું તેથી ગ્રંથોમાં તેવી આચરણા ક્યાં દેખાય છે તે બતાવતા કહે છે કે બૃહદ્‌કલ્પભાષ્યમાં પણ કહેવાયું છે –

"ભક્તિયુક્ત કોઈ શ્રાવક પ્રગટ પ્રાતિહાર્યવાળા અને દેવાગમથી શોભિત એક પ્રતિમાને જિનઋદ્ધિના દર્શન માટે કરાવે છે." ।।૧।।

"દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના માટે કોઈ શ્રાવક ત્રણ જિનપ્રતિમાને કરાવે છે. પરમેષ્ઠિના નમસ્કારના ઉજમણા માટે પાંચ જિનપ્રતિમા ભરાવે છે." ।।૨।।

"અથવા કલ્યાણકતપના ઉજમણા માટે બહુમાન વિશેષથી ભરતક્ષેત્રમાં થયેલા ચોવીશ તીર્થંકરોની પ્રતિમા કોઈ શ્રાવક કરાવે છે." ।।૩।।

"મનુષ્યલોકમાં ઉત્કૃષ્ટથી એકસો સીત્તેર તીર્થંકરો વિચરે છે. એથી ભક્તિથી કોઈ ધનાઢ્ય એકસો સીત્તેર પણ જિનબિંબોને કરાવે છે." ।।૪।। **(સંબોધપ્રકરણ દેવસ્વરૂપ અધિકાર, ગા. ૧૮૩થી ૧૮૬, ચૈત્યવંદનમહાભાષ્ય ૨૭થી ૩૦)**

તે કારણથી ત્રણ તીર્થી, પંચતીર્થી, ચોવીસી આદિ પટ્ટાદિનું કરાવવું ન્યાય્ય દેખાય છે. તેમ હોતે છતે તેના પક્ષાલન આદિ પણ નિર્દોષ જ છે. અંગનું રુક્ષણ અને હસ્તાદિ પૃથગ્ ભાજનમાં રહેલા શુદ્ધ પાણીથી ધોવા જોઈએ. પ્રતિમાના પક્ષાલના પાણીથી નહિ, ચંદનાદિની જેમ=તિલક કરવા માટેનું કેસર જુદું રખાય છે તેમ હાથ ધોવાનું પાણી પ્રક્ષાલના પાણીથી જુદું રાખવું જોઈએ. એ પ્રમાણે જિનસ્નપનની વિધિ છે.

ભાવાર્થ :-

પ્રભુના પ્રક્ષાલની વિધિ :-

શ્રાવક વિધિપૂર્વક સ્નાનાદિ કરીને ભગવાનનો પ્રક્ષાલ કરતા પહેલાં ભગવાનની ભક્તિની સર્વ સામગ્રી એકઠી કરે છે. કઈ રીતે એકઠી કરે છે ? તે બતાવવા અર્થે કહે છે –

શ્રાવક ભગવાનની ભક્તિના અર્થે માળીને સંતોષ થાય એ રીતે ધન આપીને માળીના બગીચામાં જે સુંદર સ્થાન હોય તે સ્થાનથી પવિત્ર ભાજનમાં પુષ્પો લાવે. તેથી એ પ્રાપ્ત થાય કે બગીચામાં જ્યાં ગંદકી આદિ હોય તેવા સ્થાનથી પુષ્પો ન લાવે પરંતુ સુંદર સ્થાનથી પુષ્પો લાવે અને ભગવાનની ભક્તિ માટે આ પુષ્પો છે તેથી નાભિથી ઉપરના ભાગમાં બે હાથ વડે ધારણ કરે. જેના કારણે ઉત્તમપુરુષોની ભક્તિ અર્થે આ પુષ્પો છે એ પ્રકારનો બહુમાનભાવ અભિવ્યક્ત થાય છે અને સ્વયં લાવી શકે તેમ ન હોય તો વિશ્વાસુ પુરુષ દ્વારા તે પ્રકારે સુંદર પુષ્પો મંગાવે. વળી, ભગવાનના પ્રક્ષાલ અર્થે પાણી પણ શુભ સ્થાનથી સુંદર

ભાજનમાં એ રીતે લાવે કે જેથી ભગવાન પ્રત્યેની ભક્તિની અભિવ્યક્તિ થાય. વિવેકપૂર્વક પુષ્પ લાવવાની, જલ લાવવાની સર્વ ક્રિયામાં વીતરાગ પ્રત્યેનો બહુમાનભાવ વૃદ્ધિ પામે છે તેથી મહાનિર્જરા થાય છે. વળી, ભગવાનનો પ્રક્ષાલ કરવાં માટે મુખકોશ બાંધે અને મુખકોશ બાંધતી વખતે પણ ભગવાનની ભક્તિમાં વિઘ્ન ન થાય અને ઉપયોગ ભગવાનના ગુણોમાં સ્થિર રહી શકે તેમ જણાય તો નાસિકા ઉપર મુખકોશ બાંધે અને શ્વાસ લેવામાં બાધ થતો હોય તો નાસિકાની નીચે પણ બાંધે; કેમ કે નાસિકા ઉપર મુખકોશ બાંધવાથી ભગવાનના ગુણોમાં ચિત્તને સ્થિર કરવામાં સ્ખલના થતી હોય તો મુખકોશને નાસિકાની નીચે બાંધવો ઉચિત છે. ત્યાર પછી ભગવાનની ભક્તિ માટે કેસર-કપૂર આદિથી મિશ્રિત ચંદનને ઘસે. વળી, ધૂપ-દીપ આદિ પૂજાની અન્ય સામગ્રી એકઠી કરે. આ રીતે સર્વ દ્રવ્યસામગ્રી એકઠી કરે. અને ચિત્તને સાંસારિક ભાવોથી પર કરીને જિનગુણમાં એકાગ્ર થાય તે પ્રકારે ભાવથી પોતાના આત્માને પવિત્ર કરે. આ રીતે ઉત્તમસામગ્રી અને ઉત્તમભાવથી પવિત્ર થયેલ શ્રાવક ગૃહચૈત્યમાં ભગવાનની ભક્તિ કરવા અર્થે ત્રણ નિસીહી બોલે. ત્રણ પ્રદક્ષિણા કરે. વિધિપૂર્વક જિનાલયનું પ્રમાર્જન કરે. ત્યાર પછી પવિત્ર પટ્ટકાદિ ઉપર પદ્માસનમાં બેસે. અને ભગવાનની ભક્તિ અર્થે જે કેસરાદિ ઘસેલ છે તેમાંથી અન્ય પાત્રમાં કે હાથમાં કેસર જુદું ગ્રહણ કરીને પોતાના કપાળ પર તિલક કરે. કંઠ પર તિલક કરે. હૃદય પર તિલક કરે. અને આ રીતે કરાયેલ તિલકવાળો અને ઉત્તમ અલંકારોને ધારણ કરેલો તથા ચંદનથી ચર્ચિત અને ધૂપથી ધૂપિત હસ્તદ્વયવાળો એવો શ્રાવક મોરપીંછીથી જિનના અંગથી નિર્માલ્યને દૂર કરે. આ સર્વ કૃત્યમાં અલંકારોથી ભૂષિત થવું, હાથને ધૂપથી ધૂપિત કરવા તે સર્વ ક્રિયા ભગવાનના પ્રત્યેની ભક્તિના અતિશય અર્થે છે; કેમ કે ઉત્તમપુરુષની ભક્તિ અર્થે અલંકૃત થઈને જવું જોઈએ. અને હસ્તાદિમાંથી પણ અશુચિવાળા પદાર્થો પણ ભગવાનને ન સ્પર્શે તે અર્થે ચંદનથી ચર્ચિત કરે. ધૂપથી ધૂપિત કરે તે સર્વ કૃત્યકાળમાં ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય છે. જિનપ્રતિમાનું નિર્માલ્ય દૂર કરીને જિનપ્રતિમાને ઊંચે સ્થાને સ્થાપન કરીને ઉત્તમદ્રવ્યોથી મિશ્રિત એવા જલથી ભગવાનનો અભિષેક કરવો જોઈએ. અને ભગવાનની પૂજાકાળમાં શ્રાવકે મુખ્યવૃત્તિથી મૌન જ ધારણ કરવું જોઈએ અને મૌન ધારણ ન કરી શકે તો સાવદ્યવચનનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે શ્રાવકે મનમાં ભગવાનના ગુણોનું સ્મરણ તે રીતે કરવું જોઈએ કે જેથી વીતરાગ પ્રત્યેનો બહુમાનભાવ વૃદ્ધિ પામે. ત્યાર પછી અત્યંત યતનાપૂર્વક વાળાકુંચીથી ભગવાનને સ્વચ્છ કરવા જોઈએ અને બે અંગલૂંછણાંથી ભગવાનને નિર્જલ કરવા જોઈએ. અર્થાત્ પ્રથમ અંગલૂંછણાંથી સંપૂર્ણ પ્રતિમાની ભીનાશ દૂર થાય એ રીતે યત્ન કરવો.જોઈએ અને બીજા અંગલૂંછણાંથી એકદમ હળવા હાથે ભગવાનને સ્પર્શ કરવો જોઈએ જેથી લેશ પણ પાણીનો અંશ પ્રતિમા ઉપર રહે નહિ.

ટીકા :-

अथ पूजाविधिः-पूजा चाङ्गाग्रभावभेदात्त्रिधा, तत्र स्नपनमङ्गपूजैव, ततः 'अंह्रि २ जानु ४ करां ६ ऽसेषु ८, मूर्ध्नि ९ पूजां यथाक्रममि'त्युक्तेर्वक्ष्यमाणत्वात् सृष्ट्या नवाङ्गेषु कर्पूरकुङ्कुमादिमिश्र-गोशीर्षचन्दनादिनाऽर्चयेत् । केऽप्याहुः–पूर्वं भाले तिलकं कृत्वा नवाङ्गपूजा कार्या । श्रीजिनप्रभसूरि-

कृतपूजाविधौ तु "सरस सुरहिचंदणेणं देवस्स दाहिणजाणुदाहिणखंधनिडालवामखंधवामजाणुलक्खणेसु पंचसु हिअएहिं सह छसु वा अंगेसु पूअं काऊण पच्चग्गकुसुमेहिं गंधव्वासेहिं च पूएइ" **इत्युक्तम्, ततः सद्वर्णैः सुगन्धिभिः सरसैरभूपतितैर्विकाशिभिरशटितदलैः प्रत्यग्रैश्च प्रकीर्णैर्नानाप्रकारग्रथितैर्वा पुष्पैः पूजयेत्, पुष्पाणि च यथोक्तान्येव ग्राह्याणि । यतः–**

"न शुष्कैः पूजयेद्देवं, कुसुमैर्न महीगतैः ।
न विशीर्णदलैः स्पृष्टैर्नाशुभैर्नाविकाशिभिः ।।१।।

कीटकोशापविद्धानि, शीर्णपर्युषितानि च ।
वर्जयेदूर्णनाभेन, वासितं यदशोभितम् ।।२।।

पूतिगन्धीन्यगन्धीनि, अम्लगन्धानि वर्ज्जयेत् ।
मलमूत्रादिनिर्माणादुच्छिष्टानि कृतानि च ।।३।।"

सति च सामर्थ्ये रत्नसुवर्णमुक्ताभरणरौप्यसौवर्णपुष्पादिभिश्चन्द्रोदयादिविचित्रदुकूलादिवस्त्रैश्चाप्यलङ्कुर्याद्, एवं चान्येषामपि भाववृद्ध्यादिः स्यात् । यतः–

"पवरेहिं साहणेहिं, पायं भावोवि जायए पवरो ।
नय अन्नो उवओगो, एएसि सयाण लट्ठयरो ।।१।।" **[सम्बोधप्र. देवाधि. १७०, पञ्चाशक ४।१६] त्ति ।**

श्राद्धविधिवृत्तौ तु–'ग्रन्थिम १ वेष्टिम २ पूरिम ३ सङ्घातिम ४ रूपचतुर्विधप्रधानाम्लानविध्यानीतशतपत्रसहस्रपत्रजातीकेतकचम्पकादिविशिष्टपुष्पैर्माला १ मुकुट २ शिरस्क ३ पुष्पगृहादि विरचये**[प. ५४]दितिविशेषः ।**

चन्दनपुष्पादिपूजा च तथा कार्या यथा जिनस्य चक्षुर्मुखाच्छादनादि न स्यात् सश्रीकतातिरेकश्च स्यात्, तथैव द्रष्टृणां प्रमोदवृद्ध्यादिसंभवात् । अन्योऽप्यङ्गपूजाप्रकारः कुसुमाञ्जलिमोचनपञ्चामृतप्रक्षालनशुद्धोदकधारापदानकुङ्कुमकर्पूरादिमिश्रचन्दनविलेपनाङ्गीविधानगौरोचनमृगमदादिमयतिलकपत्रभङ्ग्यादिकरणप्रमुखो भक्तिचैत्यप्रतिमापूजाधिकारे वक्ष्यमाणो यथास्वं ज्ञेयः तथा जिनस्य हस्ते सौवर्णबीजपूरनालिकेरपूगीफलनागवल्लीदलनाणकमुद्रिकादिमोचनं कृष्णागुर्वादिधूपोत्क्षेपसुगन्धवासप्रक्षेपाद्यपि सर्वमङ्गपूजायामन्तर्भवति । तथोक्तं बृहद्भाष्ये–

"ण्हवणविलेवणआहरणवत्थफलगंधधूवपुप्फेहिं ।
कीरइ जिणंगपूआ, तत्थ विही एस नायव्वो ।।१।।" **त्ति ।**

तत्र धूपो जिनस्य वामपार्श्वे कार्य इत्यग्रपूजा १।। ततो घृतपूर्णप्रदीपैः शाल्यादितन्दुलाक्षतैर्बीजपूरादिनानाफलैः सर्वनैवेद्यैर्निर्मलोदकभृतशङ्खादिपात्रैश्च पूजयेत् । तत्र प्रदीपो जिनस्य दक्षिणपार्श्वे

स्थाप्यः, अक्षतैश्चाखण्डै रौप्यसौवर्णैः शालेयैर्वा जिनपुरतो दर्पण १ भद्रासन २ वर्द्धमान ३ श्रीवत्स ४ मत्स्ययुग्म ५ स्वस्तिक ६ कुम्भ ७ नन्दावर्त्त ८ रूपाष्टमङ्गलानालेखयेत् । अन्यथा वा ज्ञानदर्शनचारित्राराधननिमित्तं सृष्ट्या पुञ्जत्रयेण पट्टादौ विशिष्टाक्षतान् पूगादिफलं च ढौकयेत्, नवीनफलागमे तु पूर्वं जिनस्य पुरतः सर्वथा ढौक्यम् । नैवेद्यमपि सति सामर्थ्ये कूराद्यशन १ शर्करागुडादिपान २ फलादिखाद्य ३ ताम्बूलादिस्वाद्यान् ४ ढौकयेत् । नैवेद्यपूजा च प्रत्यहमपि सुकरा महाफला च धान्यस्य च विशिष्य, आगमेऽपि राद्धधान्यस्यैव प्रतिपादनाद्यत आवश्यकनिर्युक्तौ समवसरणाधिकारे–'कीरइ बली' [ ] **ति ।** निशीथेऽपि–'तओ पभावईदेवीए सव्वं बलिमाइ काउं भणिअं 'देवाहिदेवो वद्धमाणसामी तस्स पडिमा कीरउत्ति' वाहिओ कुहाडो, दुहा जायं, पिच्छइ सव्वालंकारविभूसिअं भगवओ पडिमं' [ ] निशीथपीठेऽपि 'बलित्ति असिवोवसमनिमित्तं कूरो किज्जइ' [ ] महानिशीथेऽपि तृतीयाध्ययने 'अरिहंताणं भगवंताणं गंधमल्लपईवसंमज्जणोवलेवणविचित्तबलिवत्थधूवाईएहिं पूआसक्कारेहिं पइदिणमब्भच्चणं पकुव्वाणा तित्थुप्पणं (ण्णइं) करामोत्ति [ ] ।

ततो गोशीर्षचन्दनरसेन पञ्चाङ्गुलितलैर्मण्डलालेखनादि पुष्पप्रकारारात्रिकादि गीतनृत्यादि च कुर्यात् । सर्वमप्येतदग्रपूजैव । यद्भाष्यम्–

"गंधव्वनट्टवाइअलवणजलारत्तिआइ दीवाई ।
जं किच्चं तं सव्वंपि, ओअरई अग्गपूआए ।।१।।" **[गा. २०५] इत्यग्रपूजा २।।**

भावपूजा तु जिनपूजाव्यापारनिषेधरूपतृतीयनैषेधिकीकरणपूर्वं जिनाद्दक्षिणदिशि पुमान् स्त्री तु वामदिशि आशातनापरिहारार्थं जघन्यतोऽपि संभवे नवहस्तमानादसंभवे तु हस्तार्द्धमानाद् उत्कृष्टतस्तु षष्टिहस्तमानादवग्रहाद्बहिः स्थित्वा चैत्यवन्दनां विशिष्टस्तुत्यादिभिः कुर्यात् । आह च–

"तइआ उ भावपूजा, ठाउं चिइवंदणोचिए देसे ।
जहसत्ति चित्तथुइथुत्तमाइणा देववंदणयं ।।१।।"

निशीथेऽपि–'सो उ गंधारसावओ थयथुईहिं थुणंतो तत्थ गिरिगुहाए अहोरत्त निवसिओ' [ ] **तथा वसुदेवहिण्डौ–**'वसुदेवो पच्चूसे कयसमत्तसावयसामाइआइनिअमो गहिअपच्चक्खाणो कयकाउसग्गथुइवंदणो' [ ] **त्ति । एवमनेकत्र श्रावकादिभिरपि कायोत्सर्गस्तुत्यादिभिश्चैत्यवन्दना कृतेत्युक्तम् । सा च जघन्यादिभेदात्त्रिधा, यद्भाष्यम्–**

"नमुक्कारेण जहन्ना, चिइवंदण मज्झ दंडथुइजुअला ।
पणदंडथुइचउक्कगथयपणिहाणेहिं उक्कोसा ।।१।।" **[चैत्यवंदन मूलभाष्य गा. २३]**

व्याख्या-नमस्कारेण=अञ्जलिबन्धशिरोनमनादिलक्षणप्रणाममात्रेण, यद्वा नमो अरिहंताणमित्यादिना,

अथवैकश्लोकादिरूपनमस्कारपाठपूर्वकनमस्क्रियालक्षणेन करणभूतेन, जातिनिर्देशाद् बहुभिरपि नमस्कारैः क्रियमाणा जघन्या=स्वल्पा, पाठक्रिययोरल्पत्वात्, वन्दना भवतीति गम्यम् तत्र प्रणामश्च पञ्चधा–

"एकाङ्गः शिरसो नामे, स्याद् द्व्यङ्गः करयोर्द्वयोः ।
त्रयाणां नामने त्र्यङ्गः, करयोः शिरसस्तथा ।।१।।

चतुर्णां करयोर्जान्वोर्नमने चतुरङ्गकः ।
शिरसः करयोर्जान्वोः, पञ्चाङ्गः पञ्चनामने ।।२।।" **इति १।।**

तथा दण्डकश्च-अरिहन्तचेइयाणमित्यादिश्चैत्यस्तवरूपः, स्तुतिः-प्रतीता, या तदन्ते दीयते, तयोर्युगलं=युग्ममेत एव वा युगलं मध्यमा, एतच्च व्याख्यानमिमां कल्पगाथामुपजीव्य कुर्वन्ति, तद्यथा–

"निस्सकडमनिस्सकडे, वावि चेइए सव्वहिं थुई तिण्णि ।
वेलं व चेइआणि व, नाउं एक्किक्किया वावि ।।१।।" **[चेइअवंदण महाभास गा. १६४]**

यतो दण्डकावसाने एका स्तुतिर्दीयते इति दण्डकस्तुतियुगलं भवति २।। तथा पञ्चदण्डकैः-शक्रस्तव १ चैत्यस्तव २ नामस्तव ३ श्रुतस्तव ४ सिद्धस्तवाख्यैः ५ स्तुतिचतुष्टयेन स्तवनेन जय वीयरायेत्यादिप्रणिधानेन चोत्कृष्टा । इदं च व्याख्यानमेके–

"तिण्णि वा कड्ढई जाव, थुईओ तिसिलोइआ ।
ताव तत्थ अणुण्णायं, कारणेण परेण वा(वि) ।।१।।" **[प्रवचनसारोद्धारे ४३९]**

इत्येतां कल्पगाथां 'पणिहाणं मुत्तसुत्तीए' इति च वचनमाश्रित्य कुर्वन्ति ३।। वन्दनकचूर्णावप्युक्तं-

"तं च चेइअवंदणं जहन्नमज्झिमुक्कोसभेअओ तिविहं, जओ भणिअं–
नवकारेण जहन्ना, दंडगथुइजुअलमज्झिमा णेया ।
संपुण्णा उक्कोसा, विहिणा खलु वंदणा तिविहा ।।१।।"

तत्थ नवकारेण एगसिलोगोच्चारणओ पणामकरणेण जहण्णा, तहा अरिहंतचेइआणमिच्चाइदंडगं भणित्ता काउस्सग्गं पारित्ता थुई दिज्जइत्ति दंडगस्स थुइए अ जुअलेणं=दुगेणं मज्झिमा, भणिअं च कप्पे–

"निस्सकडमनिस्सकडे, वावि चेइए सव्वहिं थुई तिण्णि ।
वेलं व चेइआणि व, नाउं एक्केक्किआ वावि ।।१।।"

"तहा सक्कत्थयाइदंडगपंचगथुइचउक्कपणिहाणकरणतो संपुण्णा एसा उक्कोसत्ति' ।

'अन्ने बिंति इगेणं, सक्कथएणं जहन्नवंदणया ।

तद्दुगतिगेण मज्झा उक्कोसा चउहिं पंचहिं वा ।।१।।" [चैत्यवंदनभाष्य गा. २०]

अथवा प्रकारान्तरेण वन्दनात्रैविध्यम्, यथा पञ्चाशके–

"अहवावि भावभेआ, ओघेणं अपुणबंधगाईणं ।

सव्वा तिविहा णेआ, सेसाणमिमा ण जं समए ।।१।।" [३।३]

व्याख्या-अथवापीति निपातः पूर्वोक्तप्रकारापेक्षया प्रकारान्तरत्वद्योतनार्थः, भावभेदात्-परिणाम-विशेषात्, गुणस्थानकविशेषसम्भवात्, प्रमोदमात्ररूपाद्वा, वन्दनाधिकारे जीवगता त्रिधा ज्ञेयेति संबन्धः । ओघेन-सामान्येनाविवक्षितपाठक्रियाल्पत्वादितयेत्यर्थः । केषामित्याह–'अपुनर्बन्धकादीनां' वन्दनाधिकारिणां, तत्रापुनर्बन्धकः-सम्यक्त्वप्राप्तिप्रक्रमे व्याख्यातपूर्वः, आदिशब्दादविरतसम्यग्दृष्टि-देशसर्वविरतग्रहः, सर्वाऽपि-नमस्कारादिभेदेन जघन्यादिप्रकारापि, आस्तामेका काचिदिति । तत्रापुनर्बन्धकस्य जघन्या तत्परिणामस्य विशुद्ध्यपेक्षया जघन्यत्वाद्, अविरतसम्यग्दृष्टेर्मध्यमा, तत्परिणामस्य विशुद्धिमङ्गीकृत्य मध्यमत्वात्, सामान्यविरतस्योत्कृष्टा तत्परिणामस्य तथाविधत्वा-देवेति । अथवा अपुनर्बन्धकस्यापि त्रिधा प्रमोदरूपभावत्रैविध्यादेवमितरयोरपीति । अथा पुनर्बन्धका-दीनामिति कस्मादुक्तम्? मार्गाभिमुखादेरपि भावभेदसद्भावादित्यत्राह–'शेषाणाम्' अपुनर्बन्धका-दिव्यतिरिक्तानां सकृद्बन्धकमार्गाभिमुखमार्गपतिततदितरमिथ्यादृशां "इम'त्ति इयमधिकृतभावभेदेन भेदवती (अन्या) तु स्यादपि, न नैव, यद्-यस्मात्, समये-सिद्धान्ते, भणितेतिशेषः, तेषां तद्योग्यता-विकलत्वादिति गाथार्थः" [पञ्चाशकटीका प. ५४]

इत्थं च भाववन्दनायाः शुद्धद्रव्यवन्दनायाश्चाधिकारिणोऽपि एते त्रय एव, सकृद्बन्धकादीनां तु अशुद्धद्रव्यवन्दनैव, यतस्तत्रैव–

"एतेऽहिगारिणो इह, ण उ सेसा दव्वओ वि जं एसा ।

इअरीए जोग्गयाए, सेसाण उ अप्पहाण ।।१।।" [पञ्चाशक ३।७] त्ति, कण्ठ्या ।

नवरं 'इयरीए'त्ति इतरस्या भाववन्दनाया योग्यत्वेन या प्रधाना द्रव्यवन्दना साऽधिकारिणाम्, शेषाणां सकृद्बन्धकादीनां तु भाववन्दनाया अकारणत्वादप्रधानेतिभावः एवं च जघन्याद्येकैकस्या अपि चैत्यवन्दनाया अधिकारित्रयसंभवान्नवधा चैत्यवन्दनेति ज्ञेयम्

इह च केचिन्मन्यन्ते-शक्रस्तवमात्रमेव वन्दनं श्रावकस्य युक्तम्, जीवाभिगमादिषु तन्मात्रस्यैव तस्य देवादिभिः कृतत्वेन प्रतिपादितत्वात्, ततस्तदाचरितप्रामाण्यात्तदधिकतरस्य च गणधरादिकृतसूत्रे-

ऽनभिधानान्न शक्रस्तवातिरिक्तं तदस्तीति । अत्रोच्यते, यदुक्तमाचरितप्रामाण्यादिति तदयुक्तम्, यतो यदिदं जीवाभिगमादिसूत्रं तद्विजयदेवादिचरितानुवादपरमेवेति न ततो विधिवादरूपाधिकृत-वन्दनोच्छेदः कर्तुं शक्यः, तेषां ह्यविरतत्वात् प्रमत्तत्वाच्च तावदेव तत् युक्तम्, तदन्येषां पुनरप्रमाद-विशेषवतां विशेषभक्तिमतां तदधिकत्वेऽपि न दोषः यदि पुनराचरितमवलम्ब्य प्रवृत्तिः कार्या तदा बह्वन्यदपि कर्त्तव्यं स्याद् विधेयतयाऽङ्गीकृतमपि वर्ज्जनीयं स्यादिति । यच्चोक्तम् 'तदधिक-तरस्यानभिधानादिति' तदयुक्तम्, 'तिण्णि वा कड्ढई जाव, थुईओ तिसिलोइआ' [चेइयवंदणमहाभास गा. ८२३] इत्यादिव्यवहार-भाष्यवचनश्रवणात्, साध्वपेक्षया तदिति चेन्मैवम्, साधुश्रावकयोर्दर्शनशुद्धेः कर्त्तव्यत्वाद्, दर्शनशुद्धि-निमित्तत्वाच्च वन्दनस्य तथा संवेगादिकारणत्वादशठसमाचरितत्वाज्जीतलक्षणस्येहोपपद्यमानत्वात् चैत्यवन्दनभाष्यकारादिभिरेतत्करणस्य समर्थितत्वाच्च तदधिकतरमपि नायुक्तमित्यलं प्रसङ्गेन ।

चैत्यवन्दनाश्च प्रत्यहं सप्त महानिशीथे साधोः प्रोक्ताः, श्राद्धस्याप्युत्कर्षतः सप्त यद् भाष्यम्–

"पडिकमणे १ चेइअ २ जिमण ३ चरिम ४ पडिक्कमण ५ सुअण ६ पडिबोहे ७ ।
चिइवंदण इअ जइणो, सत्त उ वेला अहोरत्ते ।।१।।
पडिकमिणो(मओ) गिहिणोवि हु, सगवेला पंचवेल इअरस्स ।
पूआसु तिसंझासु अ, होइ तिवेला जहन्नेणं ।।२।।" [चैत्यवन्दनमूलभाष्य गा. ५९-६०]

तत्र द्वे आवश्यकयोः २ द्वे स्वापावबोधयोः ४ त्रिकालपूजानन्तरं तिस्रश्चेति सप्त ७, एकावश्यककरणे तु षट्, स्वापादिसमये तदकरणे पञ्चादयोऽपि, बहुदेवगृहादौ तु समधिका अपि, यदा पूजा न स्यात्तदापि त्रिसन्ध्यं देवा वन्द्याः श्राद्धेन । यदागमः–

'भो भो देवाणुपिआ? अज्जप्पभिइए जावजीवाए तिकालिअं अव्वक्खित्ताचलेगग्गचित्तेणं चेइए वंदिअव्वे, इणमेव भो मणुअत्ताओ असुइअसासयखणभंगुराओ सारं ति, तत्थ पुव्वण्हेसु ताव उदगपाणं न कायव्वं जाव चेइए साहू अ न वंदिए, तह मज्झण्हे ताव असणकिरिअं न कायव्वं जाव चेइए न वंदिए, तहा अवरण्हे चेव तहा कायव्वं जाव अवंदिएहिं चेइएहिं नो सिज्जायलमइक्कमिज्ज' [ ] त्ति ।

तथा–

'सुपभाए समणोवासगस्स पाणंपि कप्पइ न पाउं ।
नो जाव चेइआइं, साहूवि अ वंदिआ विहिणा ।।१।।
मज्झण्हे पुणरवि वंदिऊण निअमेण कप्पई भोत्तुं ।
पुण वंदिऊण ताइं, पओससमयंमि तो सुअइ ।।२।।' त्ति ।

उत्कृष्टतश्चैत्यवन्दनविधिश्च सविस्तरमग्रे वक्ष्यते ।

गीतनृत्याद्यग्रपूजायामुक्तं भावपूजायामप्यवतरति, तच्च महाफलत्वान्मुख्यवृत्त्या स्वयं करोत्युदाय-ननृपराज्ञी प्रभावती यथा, यन्निशीथचूर्णिः–

"पभावई ण्हाया कयबलिकम्मा कयकोउअमंगल्ला सुक्किल्लवासपरिहिआ जाव अट्ठमिचउद्दसीसु अ भत्तिरागेण य सयमेव राओ नट्टोवयारं करेइ, रायावि तयाणुवित्तीए मुरयं वाएति" []

पूजाकरणावसरे चार्हच्छद्मस्थकेवलिस्थसिद्धस्थावस्थात्रयं भावयेत् । यद्भाष्यम्–

"ण्हवणच्चगेहिं छउमत्थ १ वत्थपडिहारगेहिं केवलिअं २ ।
पलिअंकुस्सग्गेहि अ, जिणस्स भाविज्ज सिद्धत्तं ।।१।।" **[चैत्यवन्दनमूलभाष्ये गा. १२]**

स्नापकैः परिकरोपरिघटितगजारूढकरकलितकलशैरमरैरर्चकैश्च-तत्रैव घटितमालाधारैः कृत्वा जिनस्य छद्मस्थावस्थां भावयेत् । छद्मस्थावस्था त्रिधा–जन्मावस्था १, राज्यावस्था २, श्रामण्यावस्था ३ च । तत्र स्नपनकारैर्जन्मावस्था १, मालाधारै राज्यावस्था २, श्रामण्यावस्था भगवतोऽपगतकेशशीर्ष-मुखदर्शनात्सुज्ञातैव ३ । प्रातिहार्येषु परिकरोपरितनकलशोभयपार्श्वघटितैः पत्रैः कङ्केल्लिः १, मालाधारैः पुष्पवृष्टिः २, वीणावंशकरैः प्रतिमोभयपार्श्ववर्त्तिभिर्दिव्यो ध्वनिः ३, शेषाणि स्फुटान्येव इति भावपूजा ३ ।

अन्यरीत्याऽपि पूजात्रयं बृहद्भाष्याद्युक्तम् यथा–

"पंचोवयारजुत्ता, पूआ अट्ठोवयारकलिआ य ।
रिद्धिविसेसेणं पुण, नेआ सव्वोवयारावि ।।१।।
तत्थ य पंचुवयारा, कुसुम १ ऽक्खय २ गंध ३ धूव ४ दीवेहिं ५ ।।
कुसुम १ क्खय २ गंध ३ पईव ४ धूव ५ नेवेज्ज ६ फल ७ जलेहिं ८ पुणो ।
अट्ठविहकम्मदलणी, अट्ठुवयारा हवइ पूआ ।।२।।
सव्वोवयारपूआ, ण्हवणच्चणवत्थभूसणाईहिं ।
फलबलिदीवाईहिं, नट्टगीआरत्तिआहिंति ।।३।।" **[चैत्य.म.भा. २०९-२१२]**

शास्त्रान्तरे चानेकधाऽपि पूजाभेदा उक्ताः सन्ति, तद्यथा–

"सयमाणयणे पढमा, बीआ आणायणेण अन्नेहिं ।
तइआ मणसा संपाडणेण वरपुप्फमाईणं ।।१।।" **[सम्बोधप्र. देवाधि. १८९] इति ।**

कायवाङ्मनोयोगितया करणकारणानुमतिभेदतया च पूजात्रिकम् । तथा–

'पूअंपि पुप्फामिसथुइपडिवत्तिभेअओ चउव्विहंपि जहासत्तीए कुज्जा'

ललितविस्तरादौ तु–'पुष्पामिषस्तोत्रप्रतिपत्तिपूजानां यथोत्तरं प्राधान्य' [] **मित्युक्तम्, तत्रामिषमशनादि भोग्यं वस्तु, प्रतिपत्तिः पुनरविकलाप्तोपदेशपरिपालना इत्यागमोक्तं पूजाभेदचतुष्कम् । तथा [सम्बोधप्र. देवाधि. १९१]**

"दुविहा जिणिंदपूआ, दव्वे भावे अ तत्थ दव्वंमि ।
दव्वेहिं जिणपूआ, जिणआणापालणं भावे ।।१।।" **[सम्बोधप्र. देवाधि. १९१] इति भेदद्वय्यपि ।**

तथा सप्तदशभेदा यथा–

"ण्हवणविलेवण अंगंमि १, चक्खुजुअलं च वासपूआए २ ।
पुप्फारुहणं ३ मालारुहणं ४ तह वन्नयारुहणं ५।।१।।
चुण्णारुहणं जिणपुंगवाण ६ आहरणरोहणं चेव ७ ।
पुप्फगिह ८ पुप्फपगरो ९ आरत्तीमंगलपईवो १० ।।२।।
दीवो ११ धूवुक्खेवो १२, नेवेज्जं १३ सुहफलाण ढोअणयं १४ ।
गीअं १५ नट्टं १६ वज्जं १७, पूआभेआ इमे सतर ।।३।।"

एकविंशतिभेदास्त्वनुपदमेव वक्ष्यमाणा ज्ञेयाः । एते सर्वेऽप्यङ्गादिपूजात्रये सर्वव्यापकेऽन्तर्भवन्ति । अङ्गादिपूजात्रयफलं त्वेवमाहुः–

"विग्घोवसामगेगा, अब्भुदयसाहणी भवे बीआ ।
निव्वुइकरणी तइआ, फलयाउ जहत्थनामेहिं ।।१।।" **[सम्बोधप्र. देवाधि. १९४, चेइअवंदणमहाभास २१३]**

[सात्त्विक्यादिभेदैरपि पूजात्रैविध्यमुक्तम्, यतो विचारामृतसंग्रहे–

"सात्त्विकी राजसी भक्तिस्तामसीति त्रिधाऽथवा ।
जन्तोस्तत्तदभिप्रायविशेषादर्हतो भवेत् ।।१।।
अर्हत्सम्यग्गुणश्रेणिपरिज्ञानैकपूर्वकम् ।
अमुञ्चता मनोरङ्गमुपसर्गेऽपि भूयसि ।।२।।
अर्हत्सम्बन्धिकार्यार्थं, सर्वस्वमपि दित्सुना ।
भव्याङ्गिना महोत्साहात्, क्रियते या निरन्तरम् ।।३।।
भक्तिः शक्त्यनुसारेण, निःस्पृहाशयवृत्तिना ।
सा सात्त्विकी भवेद्भक्तिर्लोकद्वयफलावहा ।।४।।

यदैहिकफलप्राप्तिहेतवे कृतनिश्चया ।
लोकरञ्जनवृत्त्यर्थं, राजसी भक्तिरुच्यते ।।५।।

द्विषदापत्प्रतीकारकृते या कृतमत्सरम् ।
दृढाशयात् विधीयेत, सा भक्तिस्तामसी भवेत् ।।६।।

रजस्तमोमयी भक्तिः, सुप्रापा सर्वदेहिनाम् ।
दुर्लभा सात्त्विकी भक्तिः, शिवावधिसुखावहा ।।७।।

उत्तमा सात्त्विकी भक्तिर्मध्यमा राजसी पुनः ।
जघन्या तामसी ज्ञेयाऽनादृता तत्त्ववेदिभिः ।।८।।"]

अत्र च प्रागुक्तमङ्गाग्रपूजाद्वयं चैत्यबिम्बकारणयात्रादिश्च द्रव्यस्तवः । यदाह–

"जिणभवणबिंबठावणजत्तापूआइ सुत्तओ विहिणा ।
दव्वत्थओत्ति ते उ, भावत्थयकारणत्तेणं ।।१।।

णिच्चं चिअ संपुण्णा, जइविहु एसा न तीरए काउं ।
तहवि अणुचिट्ठिअव्वा, अक्खयदीवाइदाणेणं ।।२।। **[चेइअवंदणमहाभास २१६]**

एगंपि उदगबिंदू, जह पक्खित्तं महासमुद्दंमी ।
जायइ अक्खयमेवं, पूआविहु वीअरागेसु ।।३।।

एएणं बीएणं, दुक्खाइ अपाविऊण भवगहणे ।
अच्चंतुदारभोए, भोत्तुं सिज्झंति सव्वजिआ ।।४।।

पूआए मणसंती, मणसंतीए अ उत्तमं झाणं ।
सुहझाणेण य मुक्खो, मुक्खे सुक्खं निराबाहं ।।५।।" **[सम्बोध प्र. देवाधि. १९५-९] इति ।**

पूजादिविधिसंग्राहकं उमास्वातिवाचककृतं प्रकरणं चैवम्–

"स्नानं पूर्वामुखीभूय, प्रतीच्यां दन्तधावनम् ।
उदीच्यां श्वेतवस्त्राणि, पूजा पूर्वोत्तरामुखी ।।१।।

गृहे प्रविशतां वामभागे शल्यविवर्जिते ।
देवतावसरं कुर्यात्सार्द्धहस्तोर्ध्वभूमिके ।।२।।

नीचैर्भूमिस्थितं कुर्याद्देवतावसरं यदि ।
नीचैर्नीचैस्ततो वंशः, सन्तत्यापि सदा भवेत् ।।३।।

पूजकः स्याद्यथा पूर्वं, उत्तरस्याश्च संमुखः ।
दक्षिणस्या दिशो वर्जं, विदिग्वर्जनमेव हि ।।४।।

पश्चिमाभिमुखं कुर्यात्, पूजां जैनेन्द्रमूर्त्तये ।
चतुर्थसन्ततिच्छेदो, दक्षिणस्यां न सन्ततिः ।।५।।

आग्नेय्यां तु यदा पूजा, धनहानिर्दिने दिने ।
वायव्यां सन्ततिर्नैव, नैर्ऋत्यां च कुलक्षयः ।।६।।

ऐशान्यां कुर्वतां पूजा, संस्थितिर्नैव जायते ।
अंहि २ जानु ४ करां ६ सेषु ८, मूर्ध्नि ९ पूजा यथाक्रमम् ।।७।।

श्रीचन्दनं विना नैव, पूजा कार्या कदाचन ।
भाले कण्ठे हृदम्भोजोदरे तिलककारणम् ।।८।।

नवभिस्तिलकैः पूजा, करणीया निरन्तरम् ।
प्रभाते प्रथमं वासपूजा कार्या विचक्षणैः ।।९।।

मध्याह्ने कुसुमैः पूजा, सन्ध्यायां धूपदीपकृत् ।
वामांसे धूपदाहः स्यादग्रतूरं तु संमुखम् ।१०।।

अर्हतो दक्षिणे भागे, दीपस्य विनिवेशनम् ।
ध्यानं तु दक्षिणे भागे, चैत्यानां वन्दनं तथा ।।११।।

हस्तात्प्रस्खलितं क्षितौ निपतितं लग्नं क्वचित्-पादयोर्यन्मूर्द्धोर्ध्वगतं धृतं कुवसनैर्नामेरधो यद् धृतम् ।
स्पृष्टं दुष्टजनैर्घनैरभिहतं यद्दूषितं कीटकैस्त्याज्यं तत्कुसुमं दलं फलमथो भक्तैर्जिनप्रीतये ।।१२।।

नैकपुष्पं द्विधा कुर्यान्न छिन्द्यात्कलिकामपि ।
चम्पकोत्पलभेदेन, भवेद्दोषो विशेषतः ।।१३।।

गन्धधूपाक्षतैः स्रग्भिः, प्रदीपैर्बलिवारिभिः ।
प्रधानैश्च फलैः पूजा, विधेया श्रीजिनेशितुः ।।१४।।

शान्तौ श्वेतं तथा पीतं, लाभे श्यामं पराजये ।
मङ्गल्लार्थे तथा रक्तं, पञ्चवर्णं च सिद्धये ।।१५।।

पञ्चामृतं तथा शान्तौ, दीपः स्यात्सघृतैर्गुडैः ।
वह्नौ लवणनिक्षेपः, शान्त्यै तुष्ट्यै प्रशस्यते ।।१६।।

खण्डिते सन्धिते छिन्ने, रक्ते रौद्रे च वाससि ।

दानं पूजा तपो होमसङ्ख्या(न्ध्या)दि निष्फलं भवेत् ।।१७।।

पद्मासनसमासीनो, नासाग्रन्यस्तलोचनः ।

मौनी वस्त्रावृतास्योऽथ, पूजां कुर्याज्जिनेशितुः ।।१८।।

स्नात्रं १ विलेपन २ विभूषण ३ पुष्प ४ दाम ५ धूप ६ प्रदीप ७ फल ८ तन्दुल ९ पत्र १० पूगैः ११ ।

नैवेद्य १२ वारि १३ वसनै १४ श्चमरा १५ तपत्र १६ वादित्र १७ गीत १८ नटन १९ स्तुति २० कोशवृद्ध्या २१ ।।१९।।

इत्येकविंशतिविधा जिनराजपूजा, ख्याता सुरासुरगणेन कृता सदैव ।

खण्डीकृता कुमतिभिः कलिकालयोगाद्यद्यत्प्रियं तदिह भाववशेन योज्यम् ।।२०।।" **इति ।**

एवमन्यदपि जिनबिम्बवैशिष्ट्यकरणचैत्यगृहप्रमार्जनसुधाधवलनजिनचरित्रादिविचित्रचित्र-रचनसमग्रविशिष्टपूजोपकरणसामग्रीसमारचनपरिधापनिकाचन्द्रोदयतोरणप्रदानादि सर्वमङ्गादि-पूजायामन्तर्भवति, सर्वत्र जिनभक्तेरेव प्राधान्यात् । गृहचैत्योपरि च धौतिकाद्यपि न मोच्यम्, चैत्यवत् तत्रापि चतुरशीत्याशातनाया वर्ज्जनीयत्वाद् । अत एव देवसत्कपुष्प-धूप-दीप-जलपात्र-चन्द्रोदयादिना गृहकार्यं किञ्चिदपि न कार्यमेव, नापि स्वगृहचैत्यढौकितचोक्षपूगीफलनैवेद्यादि-विक्रयोत्थद्रव्यं व्यापार्यम्, चैत्यान्तरे तु स्फुटं तत्स्वरूपं सर्वेषां पुरतो विज्ञप्यारोप्यम्, अन्यथाऽर्पणे च मुधाजनप्रशंसादिदोषप्रसङ्गः । गृहचैत्यनैवेद्याद्यप्यारामिकस्य मुख्यवृत्त्या मासदेयस्थाने न देयम्, शक्त्यभावे च आदावेव नैवेद्यार्पणेन मासदेयोक्तौ तु न दोष इति पूजाविधिः ।

टीकार्थ :-

अथ पूजाविधिः ..... न दोष इति पूजाविधिः । હવે પૂજાવિધિ કહે છે. અને પૂજા અંગ-અગ્ર અને ભાવના ભેદથી ત્રણ પ્રકારની છે. ત્યાં પ્રક્ષાલ અંગપૂજા જ છે. ત્યાર પછી બે અંગૂઠા પર, બે જાનુ પર, બે હાથ પર, બે ખભા પર, મસ્તક ઉપર પૂજાનો યથાક્રમ એ પ્રમાણે ઉક્તિનું વક્ષ્યમાણપણું હોવાને કારણે સૃષ્ટિથી=નવ અંગમાં કપૂર કેસરાદિ મિશ્રિત ગોશીર્ષ ચંદનાદિ દ્વારા પૂજા કરવી જોઈએ. કેટલાક કહે છે. પ્રથમ ભગવાનના કપાળ ઉપર તિલક કરીને નવ અંગમાં પૂજા કરવી જોઈએ. વળી શ્રીજિનપ્રભસૂરિકૃત પૂજાવિધિમાં "સુંદર સુગંધી ચંદન વડે દેવની દક્ષિણ જાનુ=જમણો જાનુ, જમણો ખભો અને નિડાલ=મસ્તક, ડાબો ખભો ડાબો જાનુ લક્ષણવાળાં પાંચ અંગોમાં અથવા હૃદય સહિત છ અંગોમાં પૂજા કરીને પ્રત્યગ્ર કુસુમો વડે=ખીલેલાં પુષ્પો વડે અને સુગંધી વસ્ત્રો વડે પૂજા કરવી જોઈએ." **એ પ્રમાણે કહેવાયું છે –**

તેથી સારા વર્ણવાળાં સુગંધી, સરસ, ભૂમિ પર નહિ પડેલાં, ખીલેલાં, નહિ તૂટેલી પાંદડીવાળાં અને પ્રત્યગ્ર=શ્રેષ્ઠ, પ્રકીર્ણક=છૂટાં પુષ્પો અથવા વિવિધ પ્રકારથી ગૂંથાયેલાં પુષ્પોથી પૂજા કરવી જોઈએ. અને પુષ્પો પૂર્વમાં કહેલાં છે એવાં જ ગ્રહણ કરવાં જોઈએ. જે કારણથી કહેવાયું છે –

"શૂષ્ક પુષ્પોથી દેવની પૂજા કરવી જોઈએ નહિ. ભૂમિ પર પડેલાં પુષ્પોથી પૂજા કરવી જોઈએ નહિ. વિશીર્ણ દલવાળાં પુષ્પોથી પૂજા કરવી જોઈએ નહિ. અશુભ વસ્તુની સાથે સ્પર્શેલાં પુષ્પોથી પૂજા કરવી જોઈએ નહિ. અવિકસિત પુષ્પોથી પૂજા કરવી જોઈએ નહિ." ।।૧।।

"કીટકોશથી કાણાં પડેલાં પુષ્પોનું વર્જન કરે. શીર્ણ થયેલાં પુષ્પોનું વર્જન કરે=ચીમળાયેલાં પુષ્પોનું વર્જન કરે. પર્યુષિત=વાસી હોય એવાં પુષ્પોનું વર્જન કરે. ઊર્ણનામથી વાસિત હોય=કરોળિયાના જાળાવાળાં જે અશોભિત હોય એવાં પુષ્પોનું વર્જન કરે." ।।૨।।

"ખરાબ ગંધવાળાં પુષ્પોનું વર્જન કરે, સુગંધ વગરનાં પુષ્પોનું વર્જન કરે. ખાટી ગંધવાળાં પુષ્પોનું વર્જન કરે. મલમૂત્રાદિના નિર્માણથી ઉચ્છિષ્ટ=ઉછેર કરાયેલાં પુષ્પોનું વર્જન કરે. અને મલમૂત્રાદિના નિર્માણથી કરાયેલાં પુષ્પોનું વર્જન કરે=ભગવાનની ભક્તિમાં એવાં પુષ્પોનો ઉપયોગ ન કરે. ।।૩।।

અને સામર્થ્ય હોતે છતે રત્ન, સુવર્ણ, મોતીનાં આભરણ, રજત અને સુવર્ણનાં પુષ્પો વડે, ચંદ્રોદયાદિ વિચિત્ર દુકૂલાદિ વસ્ત્રો વડે પણ જિનપ્રતિમાને અલંકૃત કરે. અને આ રીતે અન્યજીવોને પણ ભાવવૃદ્ધિ આદિ થાય. અર્થાત્ તે પ્રકારે ભગવાનની ભક્તિ આદિ જોઈને અન્યજીવોને પણ ભાવવૃદ્ધિ થાય." જે કારણથી કહેવાયું છે –

"પ્રવર સાધનો વડે=શ્રેષ્ઠ પૂજાની સામગ્રી વડે, પ્રાયઃ ભાવ પણ શ્રેષ્ઠ થાય છે અને સંતપુરુષોને આમનો=શ્રેષ્ઠ સામગ્રીનો શ્રેષ્ઠતર અન્ય ઉપયોગ નથી=ભગવાનની ભક્તિ સિવાય શ્રેષ્ઠતર અન્ય ઉપયોગ નથી." **(સંબોધપ્રકરણ દેવ અધિકાર ગા. ૧૭૦, પંચાશક ૪/૧૬)**

શ્રાદ્ધવિધિની ટીકામાં વળી ગ્રંથિમ="ગૂંથાયેલ, વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમરૂપ ચાર પ્રકારનાં પ્રધાન, અમ્લાન, વિધિથી લાવેલ, સો પાંદડીવાળાં, હજાર પાંદડીવાળાં જાઈ-કેતકી-ચંપક આદિ વિશિષ્ટ પુષ્પો વડે માળા-મુગટ-શિરસ્ક-પુષ્પગૃહાદિની વિરચના કરવી જોઈએ." **(પ. ૫૪) એ પ્રમાણે વિશેષ છે. અને ચંદન-પુષ્પાદિની પૂજા તે પ્રમાણે કરવી જોઈએ, જે પ્રમાણે જિનપ્રતિમાનાં ચક્ષુ અને મુખનું આચ્છાદન આદિ ન થાય. અને શોભાનો અતિરેક થાય; કેમ કે તે રીતે જ=મુખનું આચ્છાદન ન થાય અને શોભાનો અતિરેક થાય તે રીતે જ, જોનારને પ્રમોદની વૃદ્ધિ આદિનો સંભવ છે. અન્ય પણ અંગપૂજાનો પ્રકાર કુસુમની અંજલિનું મોચન, પંચામૃતથી પ્રક્ષાલન, શુદ્ધ પાણીની ધારાનું પ્રદાન, કેસર-કપૂરાદિથી મિશ્રિત ચંદનના વિલેપનથી આંગીનું વિધાન-ગૌરોચન-કસ્તૂરી-આદિમય તિલકપત્ર ભંગ્યાદિકરણ વગેરે 'ભક્તિચૈત્યપ્રતિમાપૂજાધિકારમાં'=ભક્તિ ચૈત્યના પ્રતિમાની પૂજાના અધિકારમાં વક્ષ્યમાણ યથાયોગ્ય જાણવું. અને ભગવાનના હસ્તમાં સુવર્ણનાં બીજોરાં નારિયેળ, સોપારી, નાગવલ્લીનાં દલ, નાણકમુદ્રિકાદિનું મોચન, કૃષ્ણાગરુ આદિ ધૂપનો ઉત્ક્ષેપ, સુગંધીવાસનું પ્રક્ષેપ આદિ પણ સર્વ અંગપૂજામાં અંતર્ભાવ પામે છે. તે પ્રમાણે 'બૃહદ્ભાષ્ય'માં કહેવાયું છે –**

"ન્હવણ, વિલેપન, આહરણ, વસ્ત્ર, ફલ, ગંધ, ધૂપ, પુષ્પો વડે જિનપૂજા કરવી જોઈએ. ત્યાં આ વિધિ જાણવો." ।।૧।।

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

ત્યાં ધૂપ જિનની ડાબી બાજુ કરવો જોઈએ. એ અગ્રપૂજા છે. ત્યાર પછી ઘીથી પૂર્ણ પ્રદીપથી, શાલ્યાદિ તંદુલ અક્ષત વડે, બીજોરાદિ જુદાં જુદાં ફલો વડે, સર્વ પ્રકારના નૈવેદ્ય વડે અને નિર્મલ પાણીથી ભરેલાં શંખાદિ પાત્રો વડે પૂજા કરવી જોઈએ. ત્યાં પ્રદીપ જિનપ્રતિમાની જમણી બાજુમાં સ્થાપન કરવો જોઈએ. અને અખંડ અક્ષત વડે અથવા ચાંદી-સુવર્ણના ચોખા વડે જિનની આગળ દર્પણ, ભદ્રાસન, વર્દ્ધમાન, શ્રીવત્સ, મત્સ્યયુગ્મ, સ્વસ્તિક, કુંભ, નંદાવર્તરૂપ અષ્ટમંગલનું આલેખન કરવું જોઈએ. અથવા અન્ય પ્રકારે જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના નિમિત્તે સૃષ્ટિથી પુંજત્રય દ્વારા પટ્ટાદિમાં વિશિષ્ટ અક્ષતને અને સોપારી આદિ ફળને સ્થાપન કરે. વળી નવા ફળના આગમનમાં પ્રથમ જિનની આગળ સર્વ પ્રકારે સ્થાપન કરે. નૈવેદ્ય પણ સામર્થ્ય હોતે છતે કૂરાદિનું અશન, શર્કરા-ગુડાદિનું પાન, ફલાદિ ખાદ્યપદાર્થ, તાંબૂલ આદિ સ્વાદ્ય પદાર્થને મૂકવા જોઈએ. અને નૈવેદ્યપૂજા પ્રતિદિવસ પણ સુકર અને મહાફલવાળી અને વિશેષ કરીને ધાન્યની આગમમાં પણ રાંધેલા ધાન્યની જ પ્રતિપાદન કરાયેલ છે. જે કારણથી "આવશ્યકનિર્યુક્તિના 'સમવસરણ અધિકાર'માં બલીને કરે છે" એ પ્રમાણે કહેવાયું છે. 'નિશીથ'માં પણ – "ત્યાર પછી પ્રભાવતીદેવીએ સર્વ બલિ આદિ કરીને કહ્યું "દેવાધિદેવ વર્ધમાન સ્વામી તેની પ્રતિમા કરો=તેની પ્રતિમા દર્શન આપો. એ પ્રમાણે કહીને કુહાડો માર્યો=પ્રભાવતીદેવીએ કુહાડો માર્યો. બે પ્રકારે થયું=તે પેટી બે ભાગરૂપે થઈ. ભગવાનની પ્રતિમાને સર્વ અલંકારોથી વિભૂષિત પ્રભાવતીદેવી જુએ છે."

'નિશીથપીઠ'માં પણ બલિ એ ઉપદ્રવના ઉપશમ નિમિત્તે કૂર કરાય છે. 'મહાનિશીથ'માં પણ ત્રીજા અધ્યયનમાં અરિહંતભગવંતોના ગંધ-મલ્લ-પ્રદીપ-સંમાર્જન=સારી રીતે સાફ કરવાં, ઉપલેપન-વિવિધ પ્રકારનાં બલિ-વસ્ત્ર-ધૂપાદિ વડે પૂજાસત્કારથી પ્રતિદિન અભ્યર્ચના કરતો હું તિત્થુપ્પણું=તીર્થઉપ્પણંને કરું છું.

ત્યાર પછી ગોશીર્ષચંદનના રસથી પંચાંગુલિના તલ વડે મંડલ આલેખનાદિ પુષ્પની રચના આરાત્રિક આદિ અને ગીત નૃત્યાદિ કરવાં જોઈએ. સર્વ પણ આ અગ્રપૂજા જ છે. જે કારણથી ભાષ્ય છે.

"ગંધવ્વા નટ્ટવાઈઅ લવણ જલ આરતી આદિ દીવાદિ જે કંઈ છે તે સર્વ પણ અગ્રપૂજામાં અવતાર પામે છે." **(ગા. ૨૦૫) એ પ્રમાણે અગ્રપૂજા છે. ૨।।**

ભાવપૂજા વળી જિનપૂજાના વ્યાપારના નિષેધરૂપ ત્રીજી નૈષેધિકીકરણપૂર્વક જિનની જમણી બાજુએ પુરુષ વળી સ્ત્રી ડાબી બાજુએ આશાતનના પરિહાર માટે જઘન્યથી પણ સંભવ હોતે છતે નવ હાથ પ્રમાણથી વળી અસંભવમાં=અસંભવ હોતે છતે, અડધા હાથ પ્રમાણથી વળી ઉત્કૃષ્ટથી સાઈઠ (૬૦) હાથ પ્રમાણ અવગ્રહથી બહાર રહીને વિશિષ્ટ સ્તુતિ આદિ વડે ચૈત્યવંદનાને કરવી જોઈએ. અને કહે છે –

"વળી ત્રીજી ભાવપૂજા ચૈત્યવંદનના, ઉચિતદેશમાં રહીને યથાશક્તિ વિવિધ પ્રકારની સ્તુતિ-સ્તોત્ર આદિથી દેવવંદન કરવા જોઈએ." ।।૧।।

'નિશીથ'માં પણ. "વળી તે ગંધાર શ્રાવક સ્તવ સ્તુતિથી સ્તુતિ કરતો ત્યાં પર્વતની ગુફામાં અહોરાત્ર રહ્યો." **અને** 'વસુદેવહિન્ડી'માં "પ્રભાતમાં કરાયેલા સમગ્ર શ્રાવકના સામાયિક આદિ નિયમવાળો, ગ્રહણ કરાયેલા પચ્ચક્ખાણવાળો, કર્યાં છે કાઉસ્સગ્ગ સ્તુતિ વંદન જેમણે એવા વસુદેવ હતા."

'ત્તિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

આ રીતે અનેક સ્થાનમાં શ્રાવકાદિ વડે પણ કાયોત્સર્ગ-સ્તુતિ આદિથી ચૈત્યવંદના કરાઈ. એ પ્રમાણે કહેવાયું. અને તે=ચૈત્યવંદના, જઘન્યાદિ ભેદથી ત્રણ પ્રકારની છે. જે કારણથી ભાષ્ય છે.

"નવકારથી જઘન્યથી ચૈત્યવંદન છે. દંડ અને સ્તુતિ યુગલથી મધ્યમ ચૈત્યવંદન છે. પાંચ દંડક સ્તુતિ ચતુષ્ક સ્તવન અને પ્રણિધાનથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદન છે." **(ચૈત્યવંદન મૂલભાષ્ય ગા. ૨૩)**

વ્યાખ્યા–નવકારથી=અંજલિબંધ શિરોનમનાદિ લક્ષણ પ્રમાણ માત્રથી અથવા નમો અરિહંતાણં ઈત્યાદિથી અથવા એક શ્લોકાદિરૂપ નમસ્કારના પાઠપૂર્વક નમસ્ક્રિયારૂપ કરણભૂતથી, જાતિનો નિર્દેશ હોવાથી ઘણા પણ નમસ્કારથી કરાતી જઘન્ય=સ્વલ્પ વંદના થાય છે; કેમ કે પાઠ અને ક્રિયાનું અલ્પપણું છે. 'ચૈત્યવંદન ભાષ્ય'ના ઉદ્ધરણમાં 'નમુક્કારેણ જહન્ના' પછી 'વન્દના ભવતિ' અધ્યાહાર છે એ બતાવવા માટે 'વન્દના ભવતીતિ ગમ્યમ્' કહેલ છે. અને ત્યાં=નમસ્કારની ક્રિયામાં પ્રણામ પાંચ પ્રકારના છે.

"મસ્તકના નામે=મસ્તકના નમનમાં, એક અંગ થાય. કરદ્વયના નમનમાં બે અંગ થાય. ત્રણના નમનમાં ત્રણ અંગ થાય. ક્યા ત્રણ અંગના નમનમાં ત્રણ અંગ થાય ? તેથી કહે છે –

કરદ્વય અને મસ્તકના નમનમાં ત્રણ અંગ થાય છે." ।।૧।।

"ચારના=બે કર અને બે જાનુ રૂપ ચારના, નમનમાં ચતુઃઅંગ થાય=ચાર અંગથી નમસ્કાર થાય. અને મસ્તક, બે કર અને બે જાનુરૂપ પાંચના નમનમાં પંચાગ થાય=પંચાગ પ્રણામ થાય." ।।૨।।

'ઇતિ' ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને દંડક='ચૈત્યવંદનભાષ્ય'માં કહેલ દંડક 'અરિહંતચેઈઆણં' ઈત્યાદિ ચૈત્યસ્તવ સ્વરૂપ છે. સ્તુતિ પ્રતીત છે. જે તેના અંતમાં અપાય છે=સ્તુતિ અરિહંતચેઈઆણં ઈત્યાદિના અંતમાં બોલાય છે. તે બંનેનું યુગલ અથવા આ જ=દંડક અને સ્તુતિ એ જ યુગલ મધ્યમા છે. અને આ વ્યાખ્યાન='ચૈત્યવંદનભાષ્ય'નું આ વ્યાખ્યાન, આ કલ્પગાથાને આશ્રયીને કરાય છે. તે આ પ્રમાણે –

"નિશ્રાકૃત અને અનિશ્રાકૃત સર્વ ચૈત્યમાં પણ ત્રણ સ્તુતિ કરવી જોઈએ. વેલાને=સમયને અને ચૈત્યોને જાણીને એક-એક પણ સ્તુતિ કરવી જોઈએ." **(ચૈત્યવંદનમહાભાષ્ય ગા. ૧૬૪)**

જે કારણથી દંડકના અવસાનમાં=અરિહંતચેઈઆણં રૂપ સૂત્રના અંતમાં, એક સ્તુતિ કરાય છે, એથી દંડક સ્તુતિ યુગલ થાય છે. અને પાંચ દંડકો વડે ૧ શકસ્તવ અર્થાત્ નમુત્થુણં સૂત્ર, ૨

ચૈત્યસ્તવ=અરિહંતચેઈઆણં સૂત્ર, ૩ નામસ્તવ=લોગસ્સ સૂત્ર, ૪ શ્રુતસ્તવ=પુક્ખરવરદીવઢ્ઢે સૂત્ર, ૫ સિદ્ધસ્તવ=સિદ્ધાણં-બુદ્ધાણં રૂપ પાંચ દંડક વડે, સ્તુતિચતુષ્ટય વડે, સ્તવન વડે અને જયવીયરાય ઈત્યાદિ પ્રણિધાન વડે ઉત્કૃષ્ટ ચૈત્યવંદના છે. અને આ વ્યાખ્યાન એક આચાર્ય કહે છે.

ત્રણ સ્તુતિ ત્રણ શ્લોકવાળી જ્યાં સુધી બોલે ત્યાં સુધી ત્યાં=જિન મંદિરમાં, સાધુને રહેવાનું અનુજ્ઞાત છે અને કારણથી વધુ સમય પણ યતિઓને જિનમંદિરમાં રહેવા માટે અનુજ્ઞા છે. (ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવા માટે ત્રણ કાયોત્સર્ગ કરાય છે અને તેમાં 'સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્ર બોલાય છે તેના ત્રણ શ્લોકો સુધી સાધુને જિનમંદિરમાં રહેવાની અનુજ્ઞા છે અને તેનાથી અધિક કારણ હોય તો રહેવામાં નિષેધ નથી. તે સિવાય સાધુને જિનાલયમાં રહેવું ઉચિત નથી.) અને આ કલ્પગાથા 'પ્રણિધાન મુક્તાશુક્તિથી' એ પ્રમાણે વચનને આશ્રયીને કરે છે. 'વંદનકચૂર્ણિ'માં પણ કહેવાયું છે -

"અને તે ચૈત્યવંદન જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટના ભેદથી ત્રિવિધ છે. જે કારણથી કહેવાયું છે –

નવકારથી જઘન્ય, દંડક-સ્તુતિ યુગલ મધ્યમ જાણવું. ઉત્કૃષ્ટ વિધિથી સંપૂર્ણ વંદના છે. ખરેખર વંદના ત્રણ પ્રકારની છે." ॥૧॥

ત્યાં નમસ્કારથી=એક શ્લોકના ઉચ્ચારણથી, પ્રણામકરણથી જઘન્ય વંદના છે. તથા અરિહંતચેઈઆણં ઈત્યાદિ દંડકને બોલીને કાઉસ્સગ્ગને પારીને સ્તુતિ બોલવી જોઈએ. એ પ્રમાણે દંડકના અને સ્તુતિના યુગલથી=દુગથી, મધ્યમ જાણવી. અને 'કલ્પ'માં કહેવાયું છે –

"નિશ્રાકૃત અને અનિશ્રાકૃત સર્વ ચૈત્યોમાં પણ ત્રણ સ્તુતિ કરવી જોઈએ. વેલાને=સમયને અને ચૈત્યોને જાણીને એક-એક પણ સ્તુતિ કરવી જોઈએ." ॥૧॥

"અને શક્રસ્તવ આદિ દંડકપંચક, સ્તુતિચતુષ્ક પ્રણિધાનના કરણથી સંપૂર્ણ આ ઉત્કૃષ્ટ વંદના છે."

"અન્ય કહે છે. એક શક્રસ્તવથી જઘન્ય વંદના તે દુગતિગથી=ત્રણ દુગથી, મધ્યમ અને ચાર અથવા પાંચથી ઉત્કૃષ્ટ જાણવી." ॥૧॥ **(ચૈત્યવંદનભાષ્ય ગા. ૨૦)**

અથવા પ્રકારાંતરથી વંદનાના ત્રૈવિધ્યને કહે છે. જે પ્રમાણે 'પંચાશક'માં કહ્યું છે.

"અથવા ભાવના ભેદથી ઓઘથી અપુનર્બંધકાદિની સર્વ વંદના ત્રિવિધ જાણવી=પૂર્વમાં વર્ણન કરાયેલી જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ સર્વ ચૈત્યવંદના ત્રિવિધ જાણવી. શેષ જીવોને આ વંદના નથી. જે કારણથી શાસ્ત્રમાં કહેવાયું છે." **[પંચાશક (૩/૩)]**

વ્યાખ્યા – 'अथवापि' એ નિપાત છે. પૂર્વોક્ત પ્રકારની અપેક્ષાએ પ્રકારાંતરના દ્યોતન માટે છે અને તે પ્રકારાંતર જ સ્પષ્ટ કરે છે. ભાવભેદથી=પરિણામવિશેષથી, ગુણસ્થાનકવિશેષનો સંભવ હોવાને કારણે અથવા પ્રમોદ માત્રરૂપ ભાવભેદથી વંદનાધિકારમાં જીવગત વંદના ત્રણ પ્રકારની જાણવી એમ સંબંધ છે. ઓઘથી=સામાન્યથી=અવિવક્ષિત પાઠક્રિયારૂપત્વાદિપણાથી=પૂર્વમાં જઘન્યાદિ ચૈત્યવંદનામાં જે પાઠાદિની વિવક્ષા કરી તે વિવક્ષા વગર સામાન્યથી, એ પ્રમાણે અર્થ છે. કોને વંદના હોય છે ? એથી કહે છે –

અપુનર્બંધકાદિ જીવોને=વંદના અધિકારી જીવોને, બધી વંદના ત્રિવિધ જાણવી એમ અન્વય છે. ત્યાં અપુનર્બંધક સમ્યક્ત્વપ્રાપ્તિના પ્રકમમાં વ્યાખ્યાતપૂર્વ છે=પૂર્વમાં બતાવાયું છે. 'આદિ' શબ્દથી= અપુનર્બંધકાદિમાં રહેલા 'આદિ' શબ્દથી અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત અને સર્વવિરતનું ગ્રહણ છે. અપુનર્બંધકાદિની સર્વ પણ વંદના નમસ્કારાદિના ભેદથી જઘન્યાદિ પ્રકારવાળી પણ, કોઈ એક વંદના દૂર રહો પરંતુ સર્વ પણ વંદના ત્રિવિધ જાણવી એમ અન્વય છે. ત્યાં અપુનર્બંધકને જઘન્ય વંદના છે; કેમ કે તેના પરિણામનું વિશુદ્ધિની અપેક્ષાએ જઘન્યપણું છે. અવિરત સમ્યગ્દૃષ્ટિની વંદના મધ્યમ છે; કેમ કે તેના પરિણામનું વિશુદ્ધિને આશ્રયીને મધ્યમપણું છે. સામાન્ય વિરતને=દેશવિરતિધર અને સર્વવિરતિધર ઉભય સામાન્ય વિરતને, ઉત્કૃષ્ટ વંદના છે; કેમ કે તેના પરિણામનું તેવા પ્રકારપણું જ છે=ઉત્કૃષ્ટપણું જ છે. અથવા અપુનર્બંધકની પણ વંદના ત્રિવિધ છે; કેમ કે પ્રમોદરૂપ ભાવનું ત્રિવિધપણું છે. એ રીતે ઇતરની પણ=સમ્યગ્દૃષ્ટિ આદિની પણ પ્રમોદને આશ્રયીને વંદના ત્રિવિધ જાણવી. 'અથ'થી શંકા કરે છે. અપુનર્બંધકાદિને ભાવભેદથી ત્રણ પ્રકારની વંદના હોય છે. એ પ્રમાણે કેમ કહેવાય ? માર્ગાભિમુખ આદિને પણ ભાવભેદનો સદ્ભાવ છે. એ પ્રકારની શંકા કરીને 'પંચાશક'ની ગાથાના છેલ્લા પદથી કહે છે –

"શેષ જીવોને=અપુનર્બંધકાદિથી વ્યતિરિક્ત જીવોને=સકૃત્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત અને તેનાથી ઇતર એવા મિથ્યાદૃષ્ટિજીવોને આ=અધિકૃત ભાવભેદવાળી વંદના, નથી જ. જે કારણથી સિદ્ધાંતમાં કહેવાઈ છે; કેમ કે તેઓનું=સકૃતબંધકાદિ જીવોનું, તદ્યોગ્યતા વિકલપણું છે. એ પ્રમાણે ગાથાર્થ છે."

અને આ રીતે=પંચાશકની ગાથાની ટીકાનુસારે વર્ણન કર્યું એ રીતે અને પૂર્વમાં જઘન્યાદિ ચૈત્યવંદનાદિ ભેદો બતાવ્યા એ રીતે, ભાવવંદનાના અને શુદ્ધદ્રવ્યવંદનાના અધિકારીને પણ આ ત્રણ જ વંદનાઓ છે. વળી સકૃતબંધકાદિ જીવોને અશુદ્ધ દ્રવ્યવંદના જ છે. જે કારણથી ત્યાં જ='પંચાશક'માં જ કહેવાયું છે –

"અહીં=વંદનામાં, આ અધિકારી છે=અપુનર્બંધકાદિ જીવો વંદનાના અધિકારી છે. શેષજીવો અધિકારી નથી. જે કારણથી આ=દ્રવ્યવંદના પણ, ઇતરના યોગ્યપણાથી છે=ભાવવંદનાના યોગ્યપણાથી છે. વળી શેષને અપ્રધાનપણાથી છે." (પંચાશક ૩/૭)

ફક્ત શ્લોકમાં 'ઇયટીએઁ' શબ્દ 'ઇતર' એવી ભાવવંદનાના યોગ્યપણાથી છે. જે પ્રધાન દ્રવ્યવંદના છે તે અધિકારીને છે=અપુનર્બંધકાદિ જીવોને છે. વળી, શેષ એવા સકૃતબંધકાદિ જીવોને ભાવવંદનાનું અકારણપણું હોવાથી અપ્રધાનદ્રવ્યવંદના છે. એ પ્રકારનો ભાવ છે=શ્લોકનો એ પ્રકારનો ભાવ છે અને આ રીતે=અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, જઘન્યાદિ એક-એકની પણ ચૈત્યવંદનાના અધિકારીત્રયનો સંભવ હોવાથી નવપ્રકારની ચૈત્યવંદના છે. એ પ્રમાણે જાણવું.

અને અહીં કેટલાક માને છે. શકસ્તવમાત્ર જ વંદન શ્રાવકને યુક્ત છે; કેમ કે જીવાભિગમાદિમાં તન્માત્ર જ તેનું=શકસ્તવમાત્ર જ વંદનનું, દેવાદિ વડે કૃતત્વેન પ્રતિપાદિતપણું છે, તેથી તેના આચરિતના

પ્રામાણ્યથી=દેવોના આચરિતના પ્રામાણ્યથી અને તેના અધિકતરનું=નમુત્થુણંથી અધિકતરનું ગણધરાદિથી કરાયેલા જીવાભિગમાદિ સૂત્રમાં અનભિધાન હોવાથી શકસ્તવથી અતિરિક્ત તે નથી=ચૈત્યવંદન નથી. 'ઇતિ' શબ્દ કોઈકની માન્યતાના કથનની સમાપ્તિ માટે છે. અહીં=પૂર્વપક્ષીની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે. આચરિતનું પ્રામાણ્ય છે એ પ્રમાણે જે પૂર્વપક્ષી વડે કહેવાયું તે અયુક્ત છે. જે કારણથી જે આ જીવાભિગમાદિ સૂત્ર તે વિજયદેવાદિ ચરિત્રના અનુવાદ પર છે. એથી તેનાથી=જીવાભિગમાદિના વચનથી, વિધિવાદરૂપ અધિકૃત વંદનનો ઉચ્છેદ કરવો શક્ય નથી; કેમ કે તેઓનું=વિજયદેવાદિનું અવિરતપણું છે. પ્રમત્તપણું છે. તે કારણથી તેટલું જ યુક્ત છે=અવિરતપણું હોવાથી દેવતાઓને શકસ્તવ માત્ર ચૈત્યવંદનયુક્ત છે. વળી તેમનાથી અન્ય અપ્રમાદ વિશેષવાળા, વિશેષ ભક્તિવાળા શ્રાવકોને તેના અધિકત્વમાં પણ=શકસ્તવથી અધિક સૂત્રવાળા ચૈત્યવંદનમાં પણ દોષ નથી. વળી જો આચરિતનું અવલંબન લઈને=દેવાદિથી આચરિતનું અવલંબન લઈને, પ્રવૃત્તિ કર્તવ્ય હોય તો ઘણું અન્ય પણ કર્તવ્ય થાય. વિધેયપણાથી અંગીકૃત પણ વર્જનીય થાય. એથી જે તેનાથી=શકસ્તવથી અધિકતરનું અનભિધાન હોવાથી એ પ્રમાણે જે પૂર્વપક્ષી વડે કહેવાયું તે અયુક્ત છે; કેમ કે ત્રણ શ્લોક પ્રમાણ ત્રણ સ્તુતિ જ્યાં સુધી કરે છે. (ચૈત્યવંદનમહાભાષ્ય ગા. ૮૨૩) ઇત્યાદિ વ્યવહારભાષ્યના વચનનું શ્રવણ છે. સાધુની અપેક્ષાએ તે છે=વ્યવહારભાષ્યનું વચન છે. એમ પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે. એમ ન કહેવું; કેમ કે સાધુને અને શ્રાવકને દર્શનશુદ્ધિનું કર્તવ્યપણું છે. અને વંદનનું દર્શનશુદ્ધિનું નિમિત્તપણું છે. અને સંવેગાદિનું કારણપણું હોવાથી, અશઠ સમાચરિતપણું હોવાથી જીતલક્ષણનું અહીં ઉપપદ્યમાનપણું હોવાથી=ચૈત્યવંદનમાં શકસ્તવથી અધિક સૂત્રનું ઉપપદ્યમાનપણું હોવાથી અને ચૈત્યવંદન ભાષ્યકાર આદિ વડે આના કરણનું=શકસ્તવથી અધિક સૂત્રથી ચૈત્યવંદનના કરણનું, સમર્થિતપણું હોવાથી, તેનું અધિકતર પણ=નમુત્થુણંથી અધિકસૂત્રનું ચૈત્યવંદન પણ અયુક્ત નથી. એથી પ્રસંગથી સર્યું.

અને 'મહાનિશીથ'માં પ્રતિદિવસ સાત ચૈત્યવંદના સાધુને કહેવાઈ છે. શ્રાવકને પણ ઉત્કર્ષથી સાત કહેવાઈ છે. જે કારણથી ભાષ્ય છે.

"૧ પ્રતિક્રમણમાં=રાઈ પ્રતિક્રમણમાં, ૨ ચૈત્યમાં=જિનમંદિરમાં, ૩ જમણમાં=પચ્ચક્ખાણ પારતી વખતે, ૪ ચરિમ=છેલ્લું, ૫ પ્રતિક્રમણમાં=સાંજે દેવસિઅં પ્રતિક્રમણમાં, ૬ સૂતી વખતે=સંથારા પોરિસી ભણાવે ત્યારે, ૭ પ્રતિબોધમાં=સવારે જાગ્યા પછી, આ ચૈત્યવંદના યતિને સાત વખત અહોરાત્રિમાં છે." ॥૧॥

"પ્રતિક્રમણ કરનાર ગૃહસ્થને સાત વખત ચૈત્યવંદન હોય છે. ઇતરને=ઉભયટંક પ્રતિક્રમણ નહિ કરનાર ગૃહસ્થને, પાંચ વખત ચૈત્યવંદન હોય છે. અને જઘન્યથી ત્રિસંધ્યા પૂજામાં ત્રણ વખત ચૈત્યવંદન હોય છે." ॥૨॥ **(ચૈત્યવંદનમૂલ ભાષ્ય ગા. ૫૯-૬૦)**

ત્યાં=ચૈત્યવંદનમાં, આવશ્યકનાં બે, સૂવાનાં અને જાગવાનાં બે અને ત્રિકાલપૂજાનાં ત્રણ એ પ્રમાણે સાત ચૈત્યવંદન હોય છે. એક આવશ્યકના કરણમાં શ્રાવકને છ ચૈત્યવંદન હોય છે. સૂવા આદિના સમયમાં=સૂવાના અને જાગવાના સમયમાં, તેના અકરણમાં=ચૈત્યવંદનના અકરણમાં,

પાંચ પણ ચૈત્યવંદન હોય છે. વળી, ઘણાં દેવગૃહાદિમાં અધિક પણ હોય છે=પાંચથી અધિક પણ ચૈત્યવંદન હોય છે. જ્યારે પૂજા ન થાય ત્યારે પણ શ્રાવકે ત્રિસંધ્યા દેવનું વંદન કરવું જોઈએ. જે કારણથી આગમમાં છે.

"હે દેવાનુપ્રિય ! આજથી માંડી જાવજ્જીવ સુધી ત્રૈકાલિક અવ્યાક્ષિપ્ત, અચલ, એકાગ્ર ચિત્તથી ચૈત્યને વંદન કરવું જોઈએ. હે દેવાનુપ્રિય ! અશુચિ, અશાશ્વત, ક્ષણભંગુર એવા મનુષ્યપણાનો સાર આ જ છે=એકાગ્ર ચિત્તથી ચૈત્યવંદન કરવું જોઈએ એ જ સાર છે. ત્યાં પૂર્વાહ્નમાં=દિવસના પ્રારંભમાં, ત્યાં સુધી આહાર-પાણી ન કરવા જોઈએ જ્યાં સુધી ચૈત્ય અને સાધુને વંદન ન કરે તથા મધ્યાહ્નમાં ત્યાં સુધી આહાર ન કરવો જોઈએ જ્યાં સુધી ચૈત્યને વંદન ન કરે અને અપરાહ્નમાં=દિવસના અંતિમ ભાગમાં=સંધ્યા સમયે, તે પ્રકારે ચૈત્યવંદન કરવું જોઈએ જ્યાં સુધી અવંદિત ચૈત્ય વડે સંધ્યાનો સમય અતિક્રમ ન થાય."

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અને

"સુપ્રભાતમાં શ્રાવકને પાણી પણ પીવું કલ્પતું નથી. જ્યાં સુધી ચૈત્યોને અને સાધુને વિધિથી વંદન ન કર્યાં હોય." ॥૧॥

"મધ્યાહ્ને ફરી પણ નિયમથી વંદન કરીને જમવું કલ્પે છે. વળી તેઓને વંદન કરીને, ત્યાર પછી રાત્રિમાં સૂએ." ॥૨॥

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અને ઉત્કૃષ્ટ ચૈત્યવંદનવિધિ સવિસ્તર આગળમાં કહેવાશે. ગીતનૃત્યાદિ અગ્રપૂજામાં કહેવાયેલું કૃત્ય ભાવપૂજામાં પણ અવતાર પામે છે. અને તે=ગીત-નૃત્યાદિ-અગ્રપૂજામાં કહેવાયેલું કૃત્ય મહાફલપણું હોવાને કારણે મુખ્યવૃત્તિથી શ્રાવક સ્વયં કરે છે જે પ્રમાણે ઉદાયનરાજાની રાણી પ્રભાવતી કરતી હતી. જે કારણથી 'નિશીથચૂર્ણિ'માં કહેવાયું છે.

"પ્રભાવતી સ્નાન કરેલી, કૃત બલિકર્મવાળી, કરેલાં છે કૌતુક મંગલવાળી, શ્વેત વસ્ત્રોના પરિધાનવાળી યાવત્ આઠમ-ચતુર્દશીમાં ભક્તિરાગથી સ્વયં જ રાણી નૃત્યનો ઉપચાર કરે છે. રાજા પણ તેના અનુવર્તનથી મૃદંગ વગાડે છે."

અને પૂજાકરણના અવસરમાં ભગવાનની છદ્મસ્થ, કેવલીસ્થ, સિદ્ધસ્થ ત્રણ અવસ્થાનું ભાવન કરવું જોઈએ. જે કારણથી ભાસે છે.

"ન્હવણચક્ર વડે છદ્મસ્થ, વસ્ત્ર-પ્રાતિહાર્ય વડે કેવલીપણું, જિનની પલિઅંક અને કાઉસ્સગ્ગ મુદ્રાથી સિદ્ધપણું ભાવન કરવું જોઈએ." **(ચૈત્યવંદનમૂલ ભાષ્ય ગા. ૧૨)**

પરિકરના ઉપરમાં ઘટિત=ઘડાયેલા, ગજઆરૂઢ હાથમાં ધારણ કરેલા કળશોથી, સ્નાપક એવા દેવો વડે=સ્નાન કરાવનારા દેવો વડે અને અર્ચક=પૂજા કરનારા દેવો વડે ત્યાં જ=પરિકરમાં ઘટિત માલાધારી દેવો વડે આલંબન કરીને=એમનું અવલંબન લઈને, જિનની છદ્મસ્થ અવસ્થાને ભાવન

કરવી જોઈએ. છદ્મસ્થ અવસ્થા ત્રણ પ્રકારની છે. ૧ જન્માવસ્થા ૨ રાજ્યાવસ્થા અને ૩ શ્રમણાવસ્થા. ત્યાં=ત્રણ અવસ્થામાં, સ્નાન કરાવનારા દેવો વડે જન્માવસ્થા ભાવન કરવી. માલાને ધારણ કરનારા દેવો વડે રાજ્યાવસ્થા ધારણ કરવી. ભગવાનની શ્રમણ અવસ્થા દૂર કરાયેલ કેશવાળા મસ્તક અને મુખદર્શનથી સુજ્ઞાત જ છે. પ્રાતિહાર્યોમાં પરિકરના ઉપરિતન=ઉપરના ભાગમાં રહેલા, કળશોની બંને બાજુ ઘડાયેલા પત્રો વડે કંકેલિ, માલાધારી દેવો વડે પુષ્પવૃષ્ટિ, પ્રતિમાની બંને બાજુ વીણા અને વગાડનારા દેવો વડે દિવ્યધ્વનિ અને શેષ પ્રાતિહાર્યો સ્પષ્ટ જ છે. એ પ્રમાણે ભાવપૂજા છે.

અન્યરીતિથી પણ પૂજાત્રય 'બૃહદ્ભાષ્ય'માં કહેવાઈ છે. જે આ પ્રમાણે –

"પંચોપચારયુક્ત પૂજા અષ્ટોપચાર કલિત. વળી ઋદ્ધિ વિશેષથી સર્વોપચારવાળી પણ પૂજા જાણવી." ।।૧।।

"ત્યાં=ત્રણ પ્રકારની પૂજામાં, પંચોપચાર ૧ પુષ્પ ૨ અક્ષત ૩ ગંધ ૪ ધૂપ ૫ દીપકો વડે. વળી, ૧ પુષ્પ ૨ અક્ષત ૩ ગંધ ૪ દીપક ૫ ધૂપ ૬ નૈવેદ્ય ૭ ફલ ૮ જેલ વડે આઠ પ્રકારનાં કર્મોને નાશ કરનારી આઠ પ્રકારની પૂજા થાય છે." ।।૨।।

"સ્નાન, અર્ચન, વસ્ત્ર, ભૂષણાદિ વડે ફલ, બલિ, દીવાદિ વડે નૃત્ય-ગીત-આરતી આદિ વડે સર્વોપચારપૂજા છે." ।।૩।। **(ચૈત્યવંદન મહા ભાષ્ય ૨૦૯-૨૧૨)**

અને શાસ્ત્રાંતરમાં અનેક પ્રકારના પણ પૂજાના ભેદો કહેવાયા છે. તે આ પ્રમાણે –

"સ્વયં આનયનમાં પ્રથમા, અન્ય વડે મંગાવવામાં બીજી અને મનથી સંપાદિત શ્રેષ્ઠ પુષ્પાદિ વડે ત્રીજી પૂજા જાણવી." **(સંબોધપ્રકરણ દેવાધિકાર ૧૮૯)**

'ઇત્તિ' ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

કાયયોગીપણાથી-વચનયોગીપણાથી-મનોયોગીપણાથી અને કરણ-કરાવણ-અનુમતિના ભેદપણાથી પૂજાત્રિક છે. અને

"ફરી પણ પુષ્પ-આમિષ-સ્તુતિ-પ્રતિપત્તિના ભેદથી ચાર પ્રકારની પણ યથાશક્તિથી પૂજા કરવી જોઈએ."

વળી લલિતવિસ્તરાદિમાં પણ – "પુષ્પ-આમિષ-સ્તોત્ર-પ્રતિપત્તિ પૂજાનું યથોત્તર પ્રાધાન્ય છે. એ પ્રમાણે કહેવાયું છે. ત્યાં આમિષ અશનાદિ ભોગ્ય વસ્તુ છે. વળી, પ્રતિપત્તિ અવિકલ આપ્તના ઉપદેશની પરિપાલના છે. એ પ્રમાણે આગમ ઉક્ત પૂજાના ચાર ભેદો છે." **(સંબોધપ્રકરણ દેવાધિકાર ૧૯૧) અને** "દ્રવ્ય અને ભાવના ભેદથી જિનપૂજા બે પ્રકારની છે. ત્યાં દ્રવ્યોમાં=દ્રવ્યપૂજામાં દ્રવ્યોથી જિનપૂજા છે=ઉત્તમદ્રવ્યોથી જિનપૂજા છે. અને ભાવમાં=ભાવપૂજામાં, જિનાજ્ઞાનું પાલન જિનપૂજા છે." **(સંબોધપ્રકરણ દેવાધિકાર ૧૯૧) એ પ્રમાણે ભેદદ્વય પણ છે અને સત્તરભેદો છે. જે આ પ્રમાણે –**

"જિનેશ્વરના અંગ ઉપર ૧ સ્નાન-વિલેપન, ૨ ચક્ષુયુગલ અને વાસપૂજા, ૩ પુષ્પોનું આરોપણ, ૪ માળાનું આરોપણ, ૫ અને વર્ણનું આરોપણ, ૬ ચૂર્ણનું આરોપણ, ૭ આભરણનું આરોપણ, ૮ પુષ્પગૃહ, ૯ પુષ્પનો પ્રકર, ૧૦ આરતી-મંગલદીવો, ૧૧ દીવો, ૧૨ ધૂપનો ઉક્ષેપ, ૧૩ નૈવેદ્ય, ૧૪ સુંદર ફળોને મૂકવાં, ૧૫ ગીત, ૧૬ નૃત્ય, ૧૭ વાજિંત્ર. આ સત્તર પૂજાના ભેદો છે." (ગાથા ૧થી ૩)

વળી એકવીસ ભેદો અનુપદ જ=તરત જ કહેવાનારા જાણવા. આ સર્વ પણ=અત્યાર સુધી વર્ણન કરાયેલા સર્વ પણ પૂજાના ભેદો સર્વવ્યાપક એવા અંગાદિ પૂજાત્રયમાં અંતર્ભાવ પામે છે. વળી અંગાદિ પૂજાત્રયનું ફલ આ પ્રમાણે કહે છે –

"વિઘ્ન ઉપશામક એક છે=અંગાદિ ત્રણમાંથી પ્રથમ પૂજા છે. અભ્યુદયસાધની બીજી પૂજા છે અને નિવૃત્તિને કરનારી ત્રીજી પૂજા ફલથી યથાર્થ નામવાળી છે." ॥૧॥ **(સંબોધપ્રકરણ દેવાધિકાર ૧૯૪, ચૈત્યવંદનમહાભાષ્ય ૨૧૩)**

અને સાત્ત્વિકી આદિ ભેદો વડે પણ પૂજાનું ત્રૈવિધ્ય કહેવાયું છે. જે કારણથી 'વિચારઅમૃતસંગ્રહ'માં કહેવાયું છે –

"સાત્ત્વિકી ભક્તિ, રાજસી ભક્તિ અથવા તામસી ભક્તિ એ પ્રમાણે ત્રણ પ્રકારની પૂજા છે. જીવના તે તે અભિપ્રાય વિશેષથી=સાત્ત્વિક-રાજસી અને તામસી રૂપ અભિપ્રાય વિશેષથી, અરિહંતની ભક્તિ થાય છે." ॥૧॥

"અરિહંતના સમ્યક્ ગુણશ્રેણીના પરિજ્ઞાન એક પૂર્વક નિઃસ્પૃહ આશયવૃત્તિથી ઘણા પણ ઉપસર્ગમાં મનોરંગને નહિ મૂકતા=ભગવાનની ભક્તિના અધ્યવસાયને નહિ મૂકતા, અરિહંત સંબંધી કાર્ય માટે સર્વસ્વ પણ આપવાની ઇચ્છાવાળા એવા ભવ્યજીવ વડે મહાઉત્સાહથી જે ભક્તિ શક્તિ અનુસાર નિરંતર કરાય છે તે લોકદ્વયના ફલને લાવનારી=આ લોક અને પરલોકમાં ઉત્તમફલને આપનારી, સાત્ત્વિકી ભક્તિ થાય છે." **(વિચારામૃતસંગ્રહ ૨-૩-૪)**

"જ્યારે લોકરંજનની વૃત્તિ માટે ઐહિક ફલની પ્રાપ્તિના હેતુ માટે કરાયેલા નિશ્ચયવાળી ભક્તિ રાજસી કહેવાય છે." ॥૫॥

"શત્રુ દ્વારા પ્રાપ્ત થયેલી આપત્તિના પ્રતિકાર માટે જે ભક્તિ દૃઢઆશયથી કૃતમત્સરપૂર્વક=શત્રુ પ્રત્યે કરાયેલા મત્સરપૂર્વક, કરાય છે. તે ભક્તિ તામસી છે." ॥૬॥

"રજ: અને તમોમયી ભક્તિ=રાજસી અને તામસી ભક્તિ સર્વ જીવોને સુપ્રાપ્ત છે. શિવના અવધિવાળા સુખને લાવનારી=મોક્ષના સુખને લાવનારી, સાત્ત્વિકી ભક્તિ દુર્લભ છે." ॥૭॥

"સાત્ત્વિકી ભક્તિ ઉત્તમ, રાજસી ભક્તિ મધ્યમ, વળી તામસી ભક્તિ જઘન્ય જાણવી. તત્ત્વના જાણનારાઓ વડે મધ્યમ અને જઘન્ય ભક્તિ અનાદૃત છે=સેવતા નથી." ॥૮॥ **(વિચારઅમૃતસંગ્રહ)**

અને અહીં પૂર્વમાં કહેલ અંગપૂજા-અગ્રપૂજા દ્વય, ચૈત્યબિંબનું કરાવવું અને યાત્રાદિ દ્રવ્યસ્તવ છે. જેને કહે છે –

"સૂત્રથી જિનભવન, બિંબસ્થાપન, યાત્રા, પૂજાદિ વિધિથી કરાયેલાં તે ભાવસ્તવના કારણપણા વડે દ્રવ્યસ્તવ છે." ॥૧॥

"જો કે નિત્ય જ સંપૂર્ણ આ=પૂજા, કરવા માટે સમર્થ નથી=શ્રાવક સમર્થ નથી તોપણ અક્ષત-દીવાદિના દાનથી કરવી જોઈએ." ॥૨॥ **(ચૈત્યવંદનમહાભાષ્ય ૨૧૬)**

"જો એક પણ પાણીનું બિંદુ મહાસમુદ્રમાં પ્રક્ષિપ્ત કરાયેલું (અક્ષય થાય છે.) એ રીતે વીતરાગમાં પૂજા પણ અક્ષય થાય છે." ॥૩॥

"આ બીજથી=ભગવાનની પૂજાથી પ્રાપ્ત થયેલા બીજથી, ભવગ્રહણમાં દુઃખાદિને પ્રાપ્ત કર્યા વિના અત્યંત ઉદાર ભોગોને ભોગવીને સર્વ જીવો સિદ્ધ થાય છે." ।।૪।।

"પૂજાથી મનની શક્તિ (પ્રાપ્ત થાય છે.) અને મનની શક્તિથી ઉત્તમ ધ્યાન (પ્રાપ્ત થાય છે.) અને શુભધ્યાનથી મોક્ષ થાય છે. મોક્ષમાં નિરાબાધ સુખ છે." ।।૫।। **(સંબોધ પ્રકરણ, દેવાધિકાર ૧૯૫-૯)**

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને ઉમાસ્વાતિવાચકકૃત પૂજાસંગ્રાહક પ્રકરણ આ પ્રમાણે છે –

"સ્નાનપૂર્વાભિમુખ થઈને, પશ્ચિમ દિશામાં દંતધાવન, ઉત્તરદિશામાં શ્વેત વસ્ત્રો ધારણ કરવાં જોઈએ અને પૂજા પૂર્વ-ઉત્તરાધિમુખ કરવી જોઈએ." ।।૧।।

"ઘરમાં પ્રવેશ કરતા પુરુષની ડાબી બાજુમાં શલ્ય રહિત દોઢ હાથ ઊંચી ભૂમિમાં દેવતાનું સ્થાન કરવું જોઈએ." ।।૨।।

"જો નીચી ભૂમિમાં રહેલ સ્થાનમાં દેવતાનું સ્થાન કરાય તો સંતતિથી પણ વંશ સદા નીચે-નીચે જાય છે." ।।૩।।

"જે પ્રમાણે પૂર્વસન્મુખ અને ઉત્તરસન્મુખ પૂજક થાય. (તે પ્રમાણે પૂજા કરવી જોઈએ.) દક્ષિણ દિશાનું વર્જન કરે. વિદિશાનું વર્જન જ કરે." ।।૪।।

"જૈનેન્દ્રમૂર્તિની પશ્ચિમાભિમુખ પૂજા કરે તો ચતુર્થ સંતતિનો ઉચ્છેદ થાય=ચોથી પેઢીનો નાશ થાય. દક્ષિણ દિશામાં કરે=દક્ષિણાભિમુખ કરે તો સંતતિ ન થાય." ।।૫।।

"અગ્નિખૂણામાં=અગ્નિખૂણા સન્મુખ, પૂજા કરે તો દિવસે-દિવસે ધનહાનિ થાય. વાયવ્યખૂણામાં પૂજા કરે તો સંતતિ ન જ થાય. અને નૈઋત્યખૂણામાં જિનપ્રતિમાની પૂજા કરે તો કુલનો ક્ષય થાય." ।।૬।।

"ઈશાનખૂણામાં પૂજા કરતાં સંસ્થિતિ ન થાય=સારી સ્થિતિ ન થાય. બે પગમાં=પગના અંગૂઠે, બે જાનુ પર, બે ખભા પર અને મસ્તક ઉપર પૂજા યથાક્રમ છે." ।।૭।।

"ચંદન વગર ક્યારે પણ પૂજા કરવી જોઈએ નહિ. પ્રભુના કપાળે, કંઠમાં, હૃદયમાં, ઉદર ઉપર તિલક કરવું જોઈએ." ।।૮।।

"નવ તિલકો વડે નિરંતર પૂજા કરવી જોઈએ. વિચક્ષણ પુરુષોએ પ્રભાતમાં પ્રથમ વાસક્ષેપ પૂજા કરવી જોઈએ." ।।૯।।

"મધ્યાહ્ને પુષ્પોથી પૂજા કરવી જોઈએ. સંધ્યામાં ધૂપ-દીપથી પૂજા કરવી જોઈએ. ભગવાનની ડાબી બાજુ ધૂપદાહ=ધૂપદાની, રાખવી જોઈએ. વળી પ્રભુની સન્મુખ વાજિંત્રપૂજા કરવી જોઈએ." ।।૧૦।।

"અરિહંતની જમણી બાજુ દીપનું સ્થાપન કરવું જોઈએ. વળી જમણી બાજુ ધ્યાન અને ચૈત્યોનું વંદન કરવું જોઈએ." ।।૧૧।।

"હાથથી પ્રસ્ખલિત, જમીનમાં પડેલું, ક્યારેક બે પગ વડે લાગેલું જે મસ્તક ઉપર ધારણ કરાયેલ હોય, ખરાબ વસ્ત્રોથી ધારણ કરાયેલ હોય, નાભિથી નીચે ધારણ કરાયેલ હોય, દુષ્ટજનો વડે સ્પર્શાયેલું હોય, ઘન વસ્તુથી અભિહત થયેલું હોય=કોઈ વસ્તુથી ચોળાઈ ગયું હોય, જે કીડાઓ વડે દૂષિત છે તે પુષ્પદલ=જિનપૂજાની સામગ્રી, ફૂલ જિનપ્રીતિ અર્થે=ભગવાનની ભક્તિ માટે ભક્તો વડે ત્યાજ્ય છે." ।।૧૨।।

"એક પુષ્પને બે પ્રકારે કરવું જોઈએ નહિ. કલિકાને પણ છેદવી જોઈએ નહિ. ચંપક અને કમળના ભેદ કરવાથી વિશેષથી દોષ થાય." ॥૧૩॥

"ગંધ-ધૂપ અને અક્ષત વડે, દીવાઓ વડે, બલિ-જલ વડે અને પ્રધાન એવાં ફળો વડે જિનેશ્વરની પૂજા કરવી જોઈએ." ॥૧૪॥

"શાંતિ માટે શ્વેતવર્ણ તથા લાભ માટે પીળો વર્ણ, પરાજય માટે=શત્રુના પરાજય માટે શ્યામ વર્ણ તથા મંગલ અર્થે રક્ત વર્ણ અને સિદ્ધિ માટે પંચવર્ણ (વસ્ત્ર ધારણ કરવાં જોઈએ.)" ॥૧૫॥

"શાંતિ માટે પંચામૃત તથા ઘી સહિત ગોળ વડે દીવો થાય. શાંતિ અને તુષ્ટિ માટે અગ્નિમાં લવણનો નિક્ષેપ પ્રશંસા કરાય છે." ॥૧૬॥

"ખંડિત થયેલ=ફાટેલું, સાંધેલું, છેદાયેલું, લાલ અને રૌદ્ર=બહુ ભપકાવાળા વસ્ત્રમાં દાન-પૂજા-તપ-હોમ-સંધ્યાદિ નિષ્ફળ થાય." ॥૧૭॥

"પદ્માસનમાં રહેલો નાસાગ્રમાં સ્થાપન કરાયેલાં લોચનવાળો મૌની વસ્ત્રથી આવૃત મુખવાળો એવો શ્રાવક ભગવાનની પૂજા કરે." ॥૧૮॥

"૧ સ્નાત્ર=ભગવાનની પ્રક્ષાલપૂજા ૨ વિલેપન ૩ વિભૂષણ ૪ પુષ્પ ૫ માળા ૬ ધૂપ ૭ દીપક ૮ ફલ ૯ અક્ષત ૧૦ પત્ર ૧૧ સોપારી વડે ૧૨ નૈવેદ્ય ૧૩ જલ ૧૪ વસ્ત્ર વડે ૧૫ ચામર ૧૬ આતપત્ર=છત્ર ૧૭ વાજિંત્ર ૧૮ ગીત ૧૯ નૃત્ય ૨૦ સ્તુતિ ૨૧ કોશવૃદ્ધિથી ભગવાનની પૂજા કરવી જોઈએ એમ ગાથા-૧૮ સાથે સંબંધ છે." ॥૧૯॥

"આ પ્રમાણે એકવીશ પ્રકારની જિનરાજની પૂજા કહેવાઈ છે. હંમેશાં સુર-અસુરના સમુદાય વડે કરાયેલી જ છે. કુમતિઓ વડે કલિકાલના યોગથી ખંડિત કરાયેલી છે. જે જે પ્રિય છે તે અહીં ભાવના વશથી યોજવી જોઈએ=તે તે પ્રકારની પૂજા કરવી જોઈએ." ॥૨૦॥

'ઇતિ' ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

આ રીતે બીજું પણ જિનબિંબના વૈશિષ્ટ્યકરણ=જિનબિંબની વિશિષ્ટ પ્રકારે પૂજાનું કરણ, ચૈત્યગૃહનું પ્રમાર્જન, અમૃતથી ધવલ જિનચરિત્રાદિના વિચિત્ર ચિત્રનું રચન, સમગ્ર વિશિષ્ટ પૂજાના ઉપકરણની સામગ્રીનું સમારચન, પરિધાપનિકા ચંદ્રોદય=ચંદરવા-તોરણાદિનું પ્રદાનાદિ સર્વ અંગાદિ પૂજામાં અંતર્ભાવ પામે છે; કેમ કે સર્વત્ર જિનભક્તિનું જ પ્રાધાન્ય છે અને ઘરના ચૈત્યની ઉપર ઘોતિયાદિ પણ મૂકવાં જોઈએ નહિ. ત્યાં પણ=ગૃહચૈત્યમાં પણ, ૮૪ આશાતનાનું વર્જન કરવું જોઈએ. આથી જ=ગૃહચૈત્યમાં પણ ચોર્યાશી (૮૪) આશાતનાનું વર્જન કરવું જોઈએ, આથી જ, દેવસંબંધી પુષ્પ-ધૂપ-દીપ-જલપાત્ર-ચંદ્રોદયાદિ વડે કોઈ પણ ઘરનું કાર્ય કરવું જ જોઈએ નહિ. વળી, સ્વગૃહ ચૈત્યમાં મૂકાયેલાં અક્ષત, સોપારી, નૈવેદ્યાદિ વેચીને ઉત્પન્ન થયેલું દ્રવ્ય વાપરવું નહિ=પોતાના ગૃહચૈત્યમાં વાપરવું જોઈએ નહિ. વળી, ચૈત્યાંતરમાં=સંઘના દહેરાસરમાં, સ્પષ્ટ તેનું સ્વરૂપ સર્વની આગળ જણાવીને મૂકવું જોઈએ અને અન્યથા અર્પણમાં=લોકોને સ્પષ્ટ જણાવ્યા વગર ગૃહચૈત્યના દ્રવ્યના અર્પણમાં, મુગ્ધજનોની પ્રશંસાદિના દોષનો પ્રસંગ છે. ગૃહચૈત્યના નૈવેદ્યાદિ પણ માળીને મુખ્યવૃત્તિથી માસદેય સ્થાનમાં=મહિનાના પગાર આપવામાં, આપવાં જોઈએ નહિ. અને શક્તિના

અભાવમાં આદિમાં જ નૈવેદ્યના અર્પણ દ્વારા મહિનાના પગારના આપવાનું કથન કરાયે છતે દોષ નથી એ પ્રમાણે પૂજાવિધિ છે.

ભાવાર્થ :-

અંગપૂજા - અગ્રપૂજા - ભાવપૂજા :-

ભગવાનની પૂજા અંગપૂજા-અગ્રપૂજા અને ભાવપૂજાના ભેદથી ત્રણ પ્રકારની છે. તેથી પ્રક્ષાલાદિથી માંડીને ઉત્તમદ્રવ્યોથી ભગવાનના અંગ ઉપર જે પૂજા કરવામાં આવે છે તે અંગપૂજા છે. વિવેકસંપન્ન શ્રાવક અંગપૂજા કરતી વખતે ભગવાનની સિદ્ધમુદ્રાને સ્મૃતિમાં રાખીને ભગવાન તુલ્ય થવાને અનુકૂળ વીતરાગ પ્રત્યેનો રાગ વૃદ્ધિ પામે તે રીતે મૌનપૂર્વક અંગપૂજા કરે. ત્યાર પછી ગભારાની બહાર આવીને ધૂપ-દીપ આદિ બાહ્ય સામગ્રીથી જે પૂજા કરાય છે તે 'અગ્રપૂજા' છે અને બાહ્ય સામગ્રીથી પૂજા કર્યા પછી ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક ભગવાનના ગુણોથી ભાવિત મતિવાળા શ્રાવકો જે ચૈત્યવંદન કરે છે તે 'ભાવપૂજા' છે; કેમ કે નમુત્થુણં આદિ સૂત્રો દ્વારા પરમાત્માના પારમાર્થિક સ્વરૂપનું સ્મરણ થાય તે પ્રકારે ભાવોને ઉલ્લસિત કરવા યત્ન કરે છે.

જો કે ત્રણે પૂજા દરમિયાન શ્રાવક વીતરાગના ગુણોથી આત્માને ભાવિત કરે છે. તેથી અંગપૂજા પણ ભાવપૂજાથી સંવલિત છે. તોપણ ભગવાનના અંગને સ્પર્શ કરે તેવી ઉચિત ક્રિયા છે પ્રધાન જેમા એવી ઉત્તમભાવોથી સંવલિત ભગવાનની અંગપૂજા છે. વળી, અંગપૂજા કરતી વખતે પણ ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક ઉત્તમ ધૂપાદિ દ્રવ્યોથી ભગવાનની ભક્તિનો અધ્યવસાય છે. વળી અગ્રપૂજા પણ ભાવપૂજાથી સંવલિત છે તોપણ ભગવાનની અગ્રમાં ઉત્તમદ્રવ્યોને અવલંબીને ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિને અનુકૂળ ભાવોથી યુક્ત પૂજા હોવાથી 'અગ્રપૂજા' કહેવાય છે. અંગપૂજા અને અગ્રપૂજા કરીને ભાવોથી સંપન્ન થયેલ શ્રાવક ભગવાન પ્રત્યેની ભક્તિના ભાવોની અત્યંત વૃદ્ધિ અર્થે ઈર્યાપ્રતિક્રમણ કરીને ત્રણ ગુપ્તિઓનો પ્રકર્ષ કરે છે. જેથી સાધુની જેમ સર્વવિરતિને અનુકૂળ અત્યંત શક્તિનો સંચય થાય. ત્યાર પછી ભગવાનના ગુણોમાં અત્યંત અર્પિત માનસ છે જેનું તેવો શ્રાવક ચૈત્યવંદનની ક્રિયા કરે છે તે ક્રિયામાં બાહ્ય સામગ્રી વગર સાક્ષાત્ ભગવાનના ગુણોનું અતિશય સ્મરણ થાય તેવાં સ્તોત્રોને અવલંબીને ભગવાનની ભક્તિ કરે તેવા ભાવની પ્રધાનતા હોવાથી 'ભાવપૂજા' કહેવાય છે.

આ ત્રણેય પ્રકારની પૂજાકાળમાં ભગવાનની યોગનિરોધ અવસ્થાનું અત્યંત સ્મરણ કરીને અને તેને અનુકૂળ બલસંચય થાય તે રીતે શ્રાવકનો ઉપયોગ હોવાથી એક વખત કરાયેલી પણ ભગવાનની પૂજા સંસારના પરિભ્રમણને અત્યંત પરિમિત કરનાર છે. માટે વિવેકસંપન્ન શ્રાવકે પૂજાની વિધિનું યથાર્થ જ્ઞાન કરીને દૃઢપ્રણિધાનપૂર્વક પૂજામાં યત્ન કરવો જોઈએ.

વળી, શ્રાવકે પોતાની શક્તિનું સમાલોચન કરી ભગવાનની ભક્તિની અતિશય વૃદ્ધિ થાય તેમ ઉત્તમદ્રવ્યોથી ભગવાનની અંગપૂજા કરવી જોઈએ. વળી, જે શ્રાવકને ભગવાનના ગુણોનો અતિશય બોધ હોય, પૂજાકાળમાં તે ગુણોનું સ્મરણ હોય અને ઉત્તમ સામગ્રીને કારણે જે પ્રકારના ભાવનો અતિશય થાય તેને અનુરૂપ

શ્રેષ્ઠકોટિનું પુણ્યાનુબંધી પુણ્ય અને મહાનિર્જરાની પ્રાપ્તિ તે શ્રાવકને થાય છે. આથી જ વૈભવસંપન્ન શ્રાવક પોતાના વૈભવને અનુરૂપ શ્રેષ્ઠકોટિની સામગ્રીથી જ ભગવાનની ભક્તિ કરે છે. તુચ્છ સામાન્ય દ્રવ્યથી ભગવાનની ભક્તિ કરે તો લોકોત્તમ પુરુષ પ્રત્યે વિશિષ્ટ ભક્તિ થાય નહિ. વિશિષ્ટ ભક્તિ ન થવાથી તેવા પ્રકારનો બહુમાન ભાવ પણ થાય નહિ જેથી વિશિષ્ટ નિર્જરા અને વિશિષ્ટ પુણ્યબંધ પણ થાય નહિ. માટે અલ્પ શક્તિવાળા શ્રાવક પણ ભગવાનની ભક્તિના પ્રકર્ષ અર્થે ધનાદિના અર્જનમાં યત્ન કરીને ધન પ્રાપ્ત કરે અને પ્રાપ્ત થયેલા ધનને ભગવદ્ભક્તિમાં શક્તિના અતિશયથી વાપરે તો ભાવનો અતિશય થાય છે અને જે પ્રકારના ઉત્તમભાવો થાય તે પ્રકારે ફળનો અતિશય પણ પ્રાપ્ત થાય છે. માટે ભગવાનની ભક્તિમાં ઉત્તમ સામગ્રી, ભગવાનના ગુણોનો સૂક્ષ્મબોધ અને ભગવાનની પૂજાકાળમાં ભગવાનના ગુણોના સ્મરણમાં દૃઢ વ્યાપાર તે સર્વ અંગોથી યુક્ત ભગવાનની પૂજા કરવામાં આવે તો ભગવાનના ગુણોના દૃઢ સંસ્કારો આત્મામાં પડે છે. તેથી ભગવાનના ગુણો પ્રત્યે જે અંશથી બહુમાનનો અતિશય થાય છે તે અંશથી તે ગુણોની પ્રાપ્તિમાં પ્રતિબંધક કર્મનો નાશ થાય છે અને જેમ જેમ વીતરાગતાના પ્રતિબંધક કર્મનો નાશ થાય તેમ તેમ વીતરાગતાની પ્રાપ્તિનું પ્રબળ કારણ એવું ચારિત્ર સુલભ થાય છે. આથી દ્રવ્યસ્તવને ભાવસ્તવનું કારણ કહેવામાં આવે છે. વળી, ભગવાનની ઉત્તમ દ્રવ્યોથી પૂજામાં પણ અંગપૂજા કર્યા પછી ઘણા ભાવોથી સંચિત થયેલો શ્રાવક અગ્રપૂજા કરે છે ત્યારે ભાવોનો પ્રકર્ષ થાય છે. માટે અંગપૂજા કરતાં અગ્રપૂજાને શ્રેષ્ઠપૂજા કહી છે. અને અગ્રપૂજા કરતાં પણ ભગવાનના ચૈત્યવંદનકાળમાં ઘણા ભાવોનો સંચય થયેલો હોવાથી તથા સૂત્ર અને અર્થમાં અર્પિત માનસ હોવાથી શ્રાવકને પોતાની ભક્તિ અનુસાર અગ્રપૂજા કરતાં પણ ચૈત્યવંદનકાળમાં ભાવનો પ્રકર્ષ થાય છે. તેથી અગ્રપૂજા કરતાં પણ સ્તોત્રપૂજાને વિશેષ પ્રકારની કહેલ છે. અને આ રીતે ભગવાનની પૂજા કરવાથી સર્વવિરતિની શક્તિનો સંચય થાય છે ત્યારે ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ ભાવચારિત્રની પ્રાપ્તિ થાય છે. જે પ્રતિપત્તિ પૂજા છે. આથી જ અંગપૂજા, અગ્રપૂજા, સ્તોત્રપૂજા અને પ્રતિપત્તિ પૂજા એમ ચાર પૂજા બતાવીને પૂર્વ-પૂર્વ પૂજા કરતાં ઉત્તર-ઉત્તરની પૂજા શ્રેષ્ઠ છે તેમ કહેલ છે.

વળી, શ્રાવક અંગપૂજા, અગ્રપૂજા કર્યા પછી ચૈત્યવંદનરૂપ ભાવપૂજા કરે છે તે સામાન્યથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદનરૂપે કરે છે તોપણ પ્રસંગે ઘણાં ચૈત્યોની પૂજા કરવાની હોય કે અન્ય વિશિષ્ટ કારણ હોય ત્યારે તે ભાવપૂજાને જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ ભેદમાંથી કોઈ એક પ્રકારે કરે છે. વળી તે જઘન્ય પણ ભાવપૂજા અવાંતર ભેદોની દૃષ્ટિએ અનેક પ્રકારે પ્રાપ્ત થાય છે. મધ્યમ પણ ભાવપૂજા અવાંતર ભેદોની અપેક્ષાએ અનેક પ્રકારની પ્રાપ્ત થાય છે અને ઉત્કૃષ્ટ પણ ભાવપૂજા અવાંતર ભેદોની અપેક્ષાએ અનેક પ્રકારની પ્રાપ્ત થાય છે. આ ત્રણ ભેદો બાહ્ય આચરણાને આશ્રયીને જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટથી ગ્રંથકારશ્રીએ જુદા જુદા સાક્ષીપાઠો દ્વારા બતાવેલ છે. તેથી એ ફલિત થાય કે કોઈ એવું કારણ હોય કે શરીરની અનુકૂળતા આદિ વિશેષ સંયોગ ન હોય તો 'નમો જિણાણં' કે 'મત્થએણ વંદામિ' પૂર્વક ભગવાનના મુખનાં દર્શન કરીને નમસ્કાર કરે ત્યારે પણ તે નમસ્કારની ક્રિયાકાળમાં ભગવાનના ગુણોનું સ્મરણ થવાથી જઘન્ય ભાવપૂજાની પ્રાપ્તિ થાય છે અને તેટલી અલ્પકાલીન ક્રિયા પણ ભાવપૂજા બને છે. આથી જ શ્રાવક જિનાલય પાસેથી

પસાર થતાં વિશેષ સંયોગ ન હોય તોપણ ભગવાન પ્રત્યેના બહુમાનને કારણે ભગવાનના મુખને જોઈને સંતોષ પામે છે. સંયોગાનુસાર જિનને નમસ્કાર કરીને એકાદ સ્તુતિ બોલે છે. તે પણ ભાવપૂજા જ છે. ફક્ત ભાવના પ્રકર્ષ અર્થે પ્રતિદિન અંગપૂજા, અગ્રપૂજાદિ કરીને જે શ્રાવક વિશિષ્ટ પ્રકારની ભાવપૂજા કરતો હોય તે શ્રાવક આ રીતે જિનાલય પાસેથી જતી વખતે કે અન્ય અન્ય જિનાલયોમાં જવાના પ્રસંગે એક-એક સ્તુતિથી ભાવપૂજા કરે ત્યારે તેના પ્રવર્ધમાનભાવને અનુરૂપ મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે. તેથી શ્રાવકે જિનની યોગમુદ્રાનું સ્મરણ નિત્ય કરવું જોઈએ અને વિચારવું જોઈએ કે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ તે પાંચ પ્રકારના ભાવમલો છે. તે ભાવમલો સંસારનું કારણ છે. અને પાંચ ભાવમલોને દૂર કરીને ભગવાને યોગનિરોધની અવસ્થાને પ્રાપ્ત કરી છે. તથા સર્વ દુઃખોના અંતરૂપ સંસારનો અંત કર્યો છે. તેને બતાવનારી આ યોગનિરોધની મુદ્રા જિનપ્રતિમામાં છે. તે જિનપ્રતિમાની મુદ્રાને જોઈને તેમના તુલ્ય થવા માટેની શક્તિનો સંચય કરવા અર્થે મારે નિત્ય લોકોત્તમ પુરુષ એવા ભગવાનની પૂજા કરવી જોઈએ. આ પ્રકારનો આશય જે શ્રાવકને સ્થિર થયેલ છે અને જે શ્રાવકને સતત ભાવમલ વગરની અવસ્થા સ્મૃતિમાં રહે છે તેવા મહાત્માઓને ભગવાનની મુદ્રા જોવાથી જે આનંદ પ્રાપ્ત થાય છે તે આનંદ જગતના કોઈ પદાર્થોથી પ્રાપ્ત થતો નથી; કેમ કે તે મહાત્માને હંમેશાં સ્મરણમાં હોય છે કે ભાવમલરૂપી કાદવમાં મારો આત્મા ખૂંચેલો છે તેનાથી જ કર્મ બાંધીને સર્વ પ્રકારની સંસારની વિડંબના પ્રાપ્ત કરે છે અને મહાસાત્ત્વિક એવા ભગવાને સ્વપરાક્રમ કરીને સંપૂર્ણ ભાવમલનો નાશ કર્યો ત્યારે યોગનિરોધ અવસ્થાને પામ્યા અને તે યોગનિરોધ અવસ્થા સ્વરૂપે જ ભગવાનની મૂર્તિ કાઉસ્સગ્ગમુદ્રામાં કે પદ્માસનમુદ્રામાં હોય છે તેને જોવા માત્રથી શ્રાવકને તે અવસ્થાનું સ્મરણ થાય છે અને જેને જે વસ્તુ અત્યંત પ્રિય હોય તે વસ્તુ જોવાથી હંમેશાં પ્રીતિનો અતિશય થાય છે અને વિવેકસંપન્ન શ્રાવકને સિદ્ધાવસ્થાની પ્રાપ્તિના અતિ આસન્ન કારણરૂપ યોગનિરોધ અવસ્થા અત્યંત પ્રિય હોય છે. તેથી તે અવસ્થાને જોઈને શ્રાવકને અત્યંત આનંદ થાય છે અને તેવી ઉત્તમ અવસ્થાવાળા ભગવાનની ભક્તિ કરીને તદ્તુલ્ય અવસ્થાની પ્રાપ્તિ કરવા માટે સદા શ્રાવક યત્ન કરે છે.

વળી અન્ય પ્રકારે વંદનાના ત્રૈવિધ્યને બતાવે છે –

અપુનર્બંધક જીવોને જઘન્ય વંદના હોય છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને મધ્યમ વંદના હોય છે તથા દેશવિરતિ અને સર્વવિરતિધર સાધુને ઉત્કૃષ્ટ વંદના હોય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેઓને સંસારનું કંઈક વાસ્તવિક સ્વરૂપ દેખાયું છે, સંસારથી પર અવસ્થા પામેલા સિદ્ધ ભગવંતનું સ્વરૂપ સમજાય છે. તેથી સંસારથી પર અવસ્થાને પામેલા તીર્થંકરની ભક્તિ કરીને હું મારા આત્માનું હિત સાધું એવી નિર્મળપ્રજ્ઞા પ્રગટ થઈ છે તોપણ સિદ્ધાવસ્થાનું પારમાર્થિક શુદ્ધ સ્વરૂપ હજી સ્પષ્ટ જણાયું નથી. તેથી જ તેની પ્રાપ્તિ માટે રાત-દિવસ સ્વશક્તિ અનુસાર દૃઢ ઉદ્યમ કરાવે તેવી સૂક્ષ્મપ્રજ્ઞા પ્રગટી નથી. તેથી તત્ત્વને જોવાના વિષયમાં સ્થૂલબોધવાળા અપુનર્બંધક જીવો છે છતાં કંઈક ભગવાનની સિદ્ધમુદ્રાનું ભાવન કરીને ભગવાનની ભક્તિ કરે છે. તેઓની ભગવાનની ભક્તિ મોક્ષપ્રાપ્તિનું કારણ હોવા છતાં અત્યંત આદ્યભૂમિકાની ભક્તિ છે તેથી જઘન્ય ભક્તિ છે. માટે તેવા જીવો સ્વભૂમિકાનુસાર ઉત્તમદ્રવ્યોથી ઉપયોગપૂર્વક ભગવાનની ભક્તિ

કરતા હોય તોપણ સૂક્ષ્મબોધ નહિ હોવાથી સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો જેવી શ્રેષ્ઠ ભક્તિ કરી શકતા નથી છતાં સ્વભૂમિકાનુસાર ભગવાનની ભક્તિ કરીને જ ક્રમસર તે જીવો અવશ્ય સૂક્ષ્મબોધવાળા થાય છે. અને ક્રમે કરીને સમ્યક્ત્વાદિ ગુણોને પણ પ્રાપ્ત કરે છે. તેથી તેઓની ભગવાનની ભક્તિ જઘન્ય ભક્તિ હોવા છતાં સફળ છે. વળી, જેઓ અપુનર્બંધક દશા પામ્યા નથી તેવા સકૃતબંધકાદિ જીવો ભગવાનની ભક્તિ કરે છે છતાં ભગવાનનાં પારમાર્થિક સ્વરૂપ વિષયક લેશ પણ તેઓને ઊહ થતો નથી. તેથી લોકોત્તમ પુરુષના લોકોત્તમપણાને જાણવાને અભિમુખ પણ તેઓને જિજ્ઞાસા થતી નથી. તેવા જીવોની અશુદ્ધ ભક્તિ છે. જ્યારે અપુનર્બંધકની જઘન્ય પણ ભગવાનની વંદના શુદ્ધ હોવાથી ઉત્તરોત્તર શુદ્ધિ દ્વારા અવશ્ય કલ્યાણનું કારણ છે.

સમ્યગ્દૃષ્ટિ જીવો સંસારના ચાર ગતિના પરિભ્રમણને સ્પષ્ટ જોનારા છે અને સંસારની ચાર ગતિની વિડંબણાઓ સદા તેમને સ્મૃતિમાં રહે છે. તેથી તેનાથી મુક્ત થવા માટેની ઉત્કૃષ્ટ ઇચ્છાવાળા છે અને કર્મથી મુક્ત અવસ્થા આત્માની સર્વોત્તમ અવસ્થા છે તેવો સ્પષ્ટબોધ છે. તેથી સતત મોક્ષપ્રાપ્તિની ઉત્કટ ઇચ્છાવાળા છે અને સ્વશક્તિ અનુસાર પ્રતિદિન જિનવચનના પરમાર્થને જાણીને મુક્તિની પ્રાપ્તિના ઉપાયને સૂક્ષ્મ-સૂક્ષ્મતર જાણવા માટે યત્ન કરનારા છે અને શક્તિ અનુસાર અપ્રમાદભાવથી સદા મોક્ષના ઉપાયને સેવનારા છે. એવા મહાત્માઓને અરિહંતની પ્રતિમાને જોતાંની સાથે જ સંપૂર્ણ કર્મ રહિત એવી સિદ્ધઅવસ્થાનું સ્મરણ થાય છે અને તેવી સિદ્ધાવસ્થાની પ્રાપ્તિનો એક ઉપાય ભગવાનની ભક્તિ છે. તેથી સૂક્ષ્મબોધપૂર્વક સમ્યગ્દૃષ્ટિ જીવો સ્વભૂમિકાનુસાર જે ભગવાનની ચૈત્યવંદના કરે છે તે મધ્યમ વંદના છે.

વળી, સમ્યક્ત્વ પામ્યા પછી સમ્યગ્દૃષ્ટિ જીવોને ત્રણ ગુપ્તિનો પ્રકર્ષ સંસારના ઉચ્છેદનું પ્રબળ કારણ છે તેવો સ્થિર નિર્ણય છે. તેથી સ્વશક્તિ અનુસાર ગુપ્તિને પ્રગટ કરવા અર્થે સદા ઉદ્યમ કરે છે અને જેઓમાં મહાબલ સંચય થયો છે તેઓ સંયમને ગ્રહણ કરીને સદા ત્રણ-ગુપ્તિઓથી ગુપ્ત રહેનારા ભાવસાધુ છે. અને જેઓમાં ત્રણ ગુપ્તિનું પૂર્ણ બળ સંચય થયો નથી. તોપણ કંઈક અંશથી ગુપ્તિના બળનો સંચય થયો છે અને સંપૂર્ણ ત્રણ ગુપ્તિના બળને સંચય કરવાર્થે યત્ન કરે છે તેઓ દેશવિરતિધર શ્રાવકો છે. દેશવિરતિધર શ્રાવક કે સર્વવિરતિધર મુનિ જે ભગવાનનું ચૈત્યવંદન કરે છે તે ઉત્કૃષ્ટ વંદના છે; કેમ કે જે જે અંશે ગુપ્તિનો પરિણામ સ્થિર થયેલો હોય તે તે અંશથી ગુપ્ત થઈને જેઓ ભગવાનના ગુણોમાં લીન થાય છે તેઓનું ચિત્ત ચૈત્યવંદનકાળમાં વિશેષ પ્રકારના ભગવાનના પારમાર્થિક સ્વરૂપને સ્પર્શનારું હોય છે.

આ રીતે સ્થૂલબોધવાળા અપુનર્બંધક જીવો ભક્તિકાળમાં આદ્યભૂમિકાથી ભગવાનના ગુણોને સ્પર્શ કરે છે. તેથી તેઓની જઘન્યભક્તિ છે. વળી, જેઓ સૂક્ષ્મબોધવાળા છે તેવા સમ્યગ્દૃષ્ટિ જીવો ચૈત્યવંદનકાળમાં પોતાના સૂક્ષ્મબોધને અનુરૂપ ભગવાનના ગુણોને સ્પર્શનારા છે તેથી તેમની 'મધ્યમ વંદના' છે. અને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત એવા મહાત્માઓ વિશેષ પ્રકારે ભગવાનના ગુણોના સૂક્ષ્મભાવોને સ્પર્શીને ચૈત્યવંદન કરે છે, તેથી તેઓનું ઉત્કૃષ્ટ ચૈત્યવંદન છે. આ રીતે એક જ ચૈત્યવંદનની ક્રિયા ગુણસ્થાનકના ભેદથી જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદને પ્રાપ્ત કરે છે.

વળી, અપુનર્બંધક જીવોને પણ ભગવદ્ભક્તિકાળમાં થતા પ્રમોદભાવના વૈચિત્ર્યના કારણે ત્રણ પ્રકારની

ભક્તિ પ્રાપ્ત થાય છે. તે જ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવને અને વિરતિધરને પણ ચૈત્યવંદનકાળમાં થતા પ્રમોદભાવના વૈચિત્ર્યને કારણે ત્રણ પ્રકારની ભક્તિ પ્રાપ્ત થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સ્થૂલબોધવાળા અપુનર્બંધક જીવો પણ પોતાની ભૂમિકાનુસાર ઉત્તમ સામગ્રીથી ભગવાનની ભક્તિ કરતા હોય છતાં ભગવાનના ગુણોમાં લીનતાને અનુકૂળ ઉપયોગની સ્થિરતાને કારણે ક્યારેક સામાન્ય પ્રમોદભાવ વર્તે છે તો ક્યારેક ભગવાનના ગુણોમાં અધિક સ્થિરતા પ્રાપ્ત થાય તો અધિક પ્રમોદભાવ વર્તે છે. તેનું કારણ બહુલતાએ અપુનર્બંધક જીવો પણ કલ્યાણમિત્રના યોગને અને સદ્ગુરુના યોગને સેવનારા હોય છે. અને કલ્યાણમિત્રના ઉપદેશથી કે સદ્ગુરુના ઉપદેશથી કંઈક સૂક્ષ્મપદાર્થની પ્રાપ્તિ થાય તો ભગવદ્ભક્તિકાળમાં અપુનર્બંધક જીવોને પૂર્વ કરતા વિશેષ પ્રકારનો ઉપયોગ ઉલ્લસિત થાય છે. તેથી ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક તેમાં થયેલી લીનતાથી હર્ષની અભિવ્યક્તિરૂપ પ્રમોદભાવનો ઉત્કર્ષ થાય છે. આ રીતે અપુનર્બંધક જીવોને પ્રમોદભાવના ઉત્કર્ષ અને અપકર્ષને આશ્રયીને જઘન્યાદિ ત્રણ પ્રકારની વંદના પ્રાપ્ત થાય છે. વળી સમ્યગ્દૃષ્ટિ જીવો જો કે ભગવાનના ગુણોના સૂક્ષ્મબોધવાળા છે તોપણ કલ્યાણમિત્રના યોગથી, શાસ્ત્રના અધ્યયનથી કે સદ્ગુરુના ઉપદેશાદિથી કે અન્ય કોઈ નિમિત્તથી ભગવાનના સ્વરૂપ પ્રત્યે વિશેષ આવર્જિત પરિણામવાળા થાય છે ત્યારે ચૈત્યવંદનકાળમાં લીનતાને કારણે વિશેષ પ્રકારનો હર્ષ થાય છે. તેથી ભગવાનની પૂજાકાળમાં વર્તતા સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધજન્ય ભાવના વૈચિત્ર્યથી સમ્યગ્દૃષ્ટિ જીવને પણ સ્વભૂમિકાનુસાર કરાતી ચૈત્યવંદનની ક્રિયા જઘન્ય-મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદથી ત્રણ પ્રકારની થાય છે. આથી જ મયણાસુંદરીને ભગવાનની ભક્તિ કરતાં પ્રતિદિન અમૃત અનુષ્ઠાનની પ્રાપ્તિ થતી ન હતી. પરંતુ કોઈ પ્રસંગે તે પ્રકારની લીનતા આવવાને કારણે અમૃત અનુષ્ઠાનની પ્રાપ્તિ થઈ. આથી સમ્યગ્દૃષ્ટિ જીવો પણ પોતાની અવિરતિવાળી અવસ્થામાં સતત વિરતિને અનુકૂળ બલસંચય થાય તદર્થે શાસ્ત્ર-અધ્યયન, સદ્ગુરુનો યોગ, કલ્યાણમિત્રનો યોગ વગેરે કરીને પોતાનામાં પ્રગટ થયેલો નિર્મળ ક્ષયોપશમ દૃઢદૃઢતર થાય તે રીતે યત્ન કરે છે અને તેવા યત્નને કારણે જ ભગવાનની ભક્તિકાળમાં ઉપયોગના પ્રકર્ષજનિત અત્યંત પ્રમોદભાવ થાય છે. માટે કલ્યાણના અર્થી જીવોએ જેમ ભગવાનની ભક્તિમાં સદા ઉદ્યમ કરવો જોઈએ તેમ મુક્તિના પારમાર્થિક સ્વરૂપને અને તેની પ્રાપ્તિના ઉચિત ઉપાયોને સૂક્ષ્મ-સૂક્ષ્મતર જાણવા માટે સદા કલ્યાણમિત્રની કે સદ્ગુરુની સેવા કરવી જોઈએ. જેથી સૂક્ષ્મ તત્ત્વની પ્રાપ્તિ દ્વારા ભગવાનની ભક્તિ કરીને ગુણસ્થાનકની વૃદ્ધિની પ્રાપ્તિ થાય. વળી દેશવિરતિધર શ્રાવક કે સર્વવિરતિધર મુનિ ત્રણ ગુપ્તિવાળા હોવાથી સ્વભૂમિકાનુસાર અવશ્ય ગુપ્ત થઈને ચૈત્યવંદન કરે છે. તોપણ શાસ્ત્ર-અધ્યયનાદિના નિમિત્તથી જ્યારે વિશિષ્ટ ચિત્તનું નિર્માણ થાય ત્યારે ભગવાનની ભક્તિમાં પણ તે પ્રકારના સૂક્ષ્મ ઉપયોગની પ્રાપ્તિ થાય છે. જેથી પૂર્વમાં પ્રાપ્ત થયેલી ગુપ્તિ પણ ભગવાનની ભક્તિકાળમાં અતિશય અતિશયતર થાય છે. તેના કારણે ભગવાનના ગુણોમાં લીનતારૂપ તત્ત્વને સ્પર્શે એવા ઉત્તમભાવથી જન્ય પ્રમોદના ભેદથી ત્રણ પ્રકારની ચૈત્યવંદના પ્રાપ્ત થાય છે.

'મહાનિશીથસૂત્ર'માં સાધુને પ્રતિદિન સાત વખત ચૈત્યવંદન કરવાનું વિધાન છે. અને શ્રાવકને પણ ઉત્કૃષ્ટથી ૭ વખત ચૈત્યવંદન કરવાનું વિધાન છે. તેથી જે શ્રાવક બે વખત આવશ્યક કૃત્ય કરે છે તે વખતે

પ્રતિક્રમણમાં બે ચૈત્યવંદન થાય છે. સૂતી વખતે એક અને જાગતી વખતે એક એમ બે ચૈત્યવંદન શ્રાવક કરે છે અને ત્રિકાળપૂજામાં ત્રણ ચૈત્યવંદન કરે છે. એમ કુલ શ્રાવકને સાત ચૈત્યવંદન થાય છે. તેથી જે શ્રાવકો અત્યંત સંવૃત પરિણામવાળા છે, તેથી સંયમની અતિ નજીક પરિણતિવાળા છે અને તેને કારણે આત્માને તત્ત્વથી અત્યંત ભાવિત કર્યો છે, છતાં સર્વવિરતિની શક્તિનો સંચય થયેલો નથી તોપણ અપ્રમાદભાવથી શ્રાવકનાં કૃત્યો કરે છે તેઓ સવારના પ્રતિક્રમણકાળમાં ૬ આવશ્યક કરે છે તે વખતે એક ચૈત્યવંદન કરે છે, સંધ્યાકાળમાં પ્રતિક્રમણ વખતે એક ચૈત્યવંદન કરે છે, સૂતી વખતે એક ચૈત્યવંદન કરે છે અને સવારના ઊઠતી વખતે એક ચૈત્યવંદન કરે છે. આ રીતે જે શ્રાવક ભગવાનના ગુણોથી અત્યંત ભાવિત છે અને અત્યંત ઉપયોગપૂર્વક ચૈત્યવંદન કરીને સતત ભગવાનના ગુણોથી આત્માને અત્યંત ભાવિત કરે છે તેવા શ્રાવકને પારમાર્થિક ત્રિકાળ પૂજાનાં ત્રણ અને અન્ય ૪ ચૈત્યવંદન એમ ૭ ચૈત્યવંદન ભાવથી થાય છે. શેષ મુગ્ધ શ્રાવક શાસ્ત્રનું શ્રવણ કરીને આ રીતે ૭ ચૈત્યવંદન કરતા હોય તોપણ આચાર માત્રથી ૭ ચૈત્યવંદન થાય છે. તેઓ ચૈત્યવંદનકાળમાં ભગવાનના ગુણોથી રંજિત ચિત્ત કરી શકતા નથી. અને જેઓ દૃઢ પ્રણિધાનપૂર્વક આ રીતે ૭ ચૈત્યવંદન કરે છે તેઓનું ચિત્ત બહુલતાએ દરેક ચૈત્યવંદનકાળમાં ભગવાનના પારમાર્થિક ગુણોને સ્પર્શે તેવું નિર્મળ-નિર્મળતર થાય છે. જેના કારણે સંસારના ઉચ્છેદને અનુકૂળ સતત પ્રવર્ધમાન પરિણામ તેવા મહાત્માને સદા વર્તે છે. તેવા મહાત્માઓ કદાચ બળ સંચય ન થયો હોય તો સર્વવિરતિ ગ્રહણ ન કરે તોપણ પ્રતિદિન શ્રાવકાચારના બળથી સર્વવિરતિના પ્રાપ્તિના પ્રબળ કારણરૂપ એવી પરિણતિનો સંચય સતત કરતા હોય છે. જેથી જન્માંતરમાં અવશ્ય સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે. જેમ પ્રદેશીરાજા કેશીગણધર પાસેથી ધર્મને પામ્યા પછી સતત સ્વભૂમિકાનુસાર શ્રેષ્ઠ શ્રાવકધર્મનું પાલન કરીને પ્રથમ દેવલોકમાં ગયા છે. અને ત્યાંથી મહાવિદેહમાં જઈને મોક્ષને પામશે. તેથી શ્રાવકાચાર પાળીને પણ સર્વવિરતિને અનુકૂળ શ્રેષ્ઠ બળસંચય થયેલ હોવાથી દેવભવમાં જઈને પણ ઉત્તમ ભાવોની પુષ્ટિ કરીને તે મહાત્મા સુખપૂર્વક સંસારનો ક્ષય કરી શકશે. માટે સંસારથી ભય પામેલા અને સંસારના ઉપદ્રવથી મુક્ત થવાના અર્થી જીવે શક્તિ હોય તો અવશ્ય સાત ચૈત્યવંદન કરવાં જોઈએ. જેથી શીઘ્ર સંસારનો અંત થાય. ફક્ત સંખ્યાની પરિગણના કરીને ૭ ચૈત્યવંદન કરવા માત્રથી સંતોષ માનવો જોઈએ નહિ.

ભગવાનની પૂજાકાળમાં ભગવાનની છદ્મસ્થાવસ્થાની ત્રણ ભૂમિકા શ્રાવકે ભાવન કરવી જોઈએ. જે પિંડસ્થ અને પદસ્થાવસ્થા સ્વરૂપ છે. જેમાં જન્માવસ્થા અને રાજ્યાવસ્થા તે પિંડસ્થાવસ્થા છે. સાધુપણાની અવસ્થા તે પદસ્થાવસ્થા છે. અને અષ્ટ પ્રાતિહાર્યયુક્ત રૂપસ્થ અવસ્થા છે. અને સિદ્ધાવસ્થા તે રૂપાતીત અવસ્થા છે. સામાન્યથી તીર્થંકરનો ચરમભવ સર્વ અન્ય જીવો કરતાં અતિ ઉત્તમકોટિનો હોય છે. તેથી જન્મથી પણ પ્રભુ નિર્મળ એવા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનવાળા હોય છે અને આથી જ તીર્થંકરોની ગુણસંપત્તિથી અને પુણ્યાઈથી આવર્જિત થયેલા દેવતા-ઇન્દ્રો વગેરે પ્રભુનો જન્મોત્સવ કરે છે. તેથી પૂજાકાળમાં શ્રાવકે વિચારવું જોઈએ કે સામાન્ય મનુષ્યજીવનો બાલ્યકાળ તુચ્છ અને અસાર હોય છે. જ્યારે તીર્થંકર ગર્ભથી માંડીને નિર્મળકોટિના મતિજ્ઞાનવાળા, નિર્મળકોટિના શ્રુતજ્ઞાનવાળા, નિર્મળકોટિના અવધિજ્ઞાનવાળા હોય છે. જેથી સ્વભૂમિકાનુસાર અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે. અને પોતાનું

એવા પ્રકારનું ભોગકર્મ હોય કે જે ભોગથી ક્ષીણ થાય તેમ છે. તો રાજ્યાદિ સ્વીકારે છે તોપણ રાજ્યાવસ્થામાં પણ યોગી જેવું તેમનું ઉત્તમ ચિત્ત હોય છે. જેથી અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરીને સર્વજીવોનું હિત કરનારા હોય છે અને ઉચિતકાળે સંસારના ઉચ્છેદ અર્થે સંયમ ગ્રહણ કરે છે ત્યારે મનઃપર્યવજ્ઞાન થાય છે. તેથી નિર્મળકોટિના ચાર જ્ઞાનયુક્ત મહા સાત્ત્વિક એવા તીર્થંકરો મોહની સામે સુભટની જેમ પોતાના ચાર પ્રકારના નિર્મળજ્ઞાનથી સતત યુદ્ધ કરીને મોહનો નાશ કરે છે અને જ્યારે વીતરાગ-સર્વજ્ઞ થાય છે ત્યારે તીર્થંકરનામકર્મનો વિપાક શરૂ થાય છે. તેથી જગતના ઉપકાર અર્થે સન્માર્ગનું સ્થાપન કરે છે. જે ભગવાનની કર્મકાય અવસ્થા છે. તે કર્મકાય અવસ્થાનું ચિંતન તે રૂપસ્થધ્યાન સ્વરૂપ છે. વળી ભગવાન ઉચિતકાળે યોગનિરોધ કરીને સર્વ દુઃખોનો અંત કરે છે ત્યારે રૂપાતીત અવસ્થાની પ્રાપ્તિ થાય છે. અને તેનું ચિંતન રૂપાતીત ધ્યાન સ્વરૂપ છે. આ સર્વ અવસ્થાનું ચિંતન ભગવાનની પૂજાકાળમાં કરવાથી જગતમાં લોકોત્તમ પુરુષ કેવા હોય છે તેનું સ્મરણ રહે છે. અને તેમના ગુણોથી ભાવિત થઈને ભગવાનની પૂજા કરવાથી પોતાનામાં પણ તેવા ઉત્તમગુણોને અનુકૂળ શ્રેષ્ઠ પ્રકારના સંસ્કારો આધાન થાય છે. અને પૂજાકાળમાં ભાવનો પ્રકર્ષ થાય તો તીર્થંકરનામકર્મના બંધની પ્રાપ્તિ થાય છે.

વળી, અન્ય રીતે પૂજાના ત્રણ ભેદો છે. પંચોપચાર પૂજા, અષ્ટોપચાર પૂજા અને રિદ્ધિવિશેષથી યુક્ત એવી સર્વોપચાર પૂજા છે. તેથી કોઈ શ્રાવક પુષ્પ, અક્ષત, સુગંધી દ્રવ્યો, ધૂપ અને દીપક વડે ભગવાનની પૂજા કરે તે પંચોપચાર પૂજા કહેવાય. તે રીતે કોઈ આઠ પ્રકારે પૂજા કરે તે અષ્ટોપચાર પૂજા કહેવાય અને કોઈ શ્રાવક પોતાની સર્વ ઋદ્ધિથી ભગવાનની પૂજા કરે તો સર્વોપચાર પૂજા કહેવાય. આ ભેદ અનુસાર બાહ્ય સમૃદ્ધિથી ત્રણ પ્રકારની પૂજા થાય છે, છતાં જે પ્રકારની જે શ્રાવકની શક્તિ હોય તે પ્રકારની પૂજા દૃઢ પ્રણિધાનપૂર્વક કરે તેના ભાવને અનુરૂપ સંસારનો ક્ષય અવશ્ય થાય છે માટે પૂજાનો કોઈ એક નિયત પ્રકાર નથી. જેની જે પ્રકારની શક્તિ હોય અને જે પ્રમાણે સંયોગ હોય તે પ્રમાણે ભાવના પ્રકર્ષાર્થે ઉચિત યત્નપૂર્વક પૂજા કરવી જોઈએ. આથી જ 'ષોડશક ગ્રંથ'માં પંચાંગ પ્રણિપાતને પણ 'પંચોપચાર પૂજા' કહેલ છે અને અષ્ટાંગ પ્રણિપાત અષ્ટોપચાર પૂજા કહેલ છે. તેથી કોઈ શ્રાવકની તેવી કોઈ શક્તિ ન હોય કે કોઈ એવા સંયોગ ન હોય તેમ જ ઉત્તમદ્રવ્યોથી પૂજા કરી શકે તેમ ન હોય છતાં ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક પંચાંગ પ્રણિપાત કરે ત્યારે પાંચ અંગો દ્વારા ભગવાનના ગુણો પ્રત્યે ભક્તિનો અતિશય થાય તે પ્રકારે દૃઢ યત્ન કરે તો અવશ્ય શ્રેષ્ઠકોટિના ભાવના બળથી પૂજાના શ્રેષ્ઠફળને પામે છે. અને આથી જ જ્યારે ચમરેન્દ્ર સૌધર્મ દેવલોકમાં ઉલ્કાપાત કરીને સૌધર્મેન્દ્ર દ્વારા પરાજય પામીને વીર ભગવાનના ચરણનો આશ્રય કરે છે ત્યારે સૌધર્મેન્દ્ર તેના અપરાધને ભૂલી જાય છે. ત્યાર પછી ભગવાન પ્રત્યેની ભક્તિથી પોતાની સર્વ સમૃદ્ધિપૂર્વક ભગવાન પાસે ચમરેન્દ્ર નૃત્ય કરે છે. અને તે નૃત્યકાળમાં થયેલા ભાવના પ્રકર્ષને કારણે ચમરેન્દ્ર એકાવતારી થાય છે. તેથી અંગપૂજા, અગ્રપૂજા કે ભાવપૂજા સર્વ પૂજામાં ચિત્તના પ્રણિધાનની જ પ્રધાનતા છે અને સૂક્ષ્મબોધની પ્રધાનતા છે. તેથી ભગવાનના ગુણોનો સૂક્ષ્મબોધ કરીને પોતાની શક્તિના પ્રકર્ષથી દૃઢ પ્રણિધાનપૂર્વક કરાયેલી સર્વ પ્રકારની પૂજાઓ મહાફલવાળી થાય છે અને ભાવપ્રકર્ષના અંગભૂત અન્ય સર્વ પૂજાના પ્રકારો છે. માટે ભાવના પ્રકર્ષના અર્થી જીવે ઉત્તમ

સામગ્રીથી સ્વશક્તિ અનુસાર સર્વ પ્રકારે પૂજા કરવી જોઈએ.

વળી અન્ય રીતે પણ ત્રણ પ્રકારની પૂજા કહેવાઈ છે. ૧. સાત્ત્વિકી પૂજા, ૨. રાજસી પૂજા, ૩. તામસી પૂજા.

સાત્ત્વિકી પૂજા :-

જેઓ ભગવાનના ગુણોના પરિજ્ઞાનપૂર્વક ઉપસર્ગમાં પણ મનને ભગવાનના ગુણોમાં સ્થિર રાખીને ભક્તિ કરે છે તેવા મહા ઉત્સાહવાળા નિઃસ્પૃહ આશયવાળા ભવ્યજીવો વડે સ્વશક્તિ અનુસાર જે ભક્તિ નિરંતર કરાય છે તે 'સાત્ત્વિકી ભક્તિ' છે. જે ભક્તિ આ લોકમાં પણ સુખને આપનાર છે અને પરલોકમાં પણ સુખની પરંપરાને કરનાર છે. તેથી એકાંત સુખને કરનારી છે. આ સાત્ત્વિકી ભક્તિ તરતમતાથી અનેક ભૂમિકાની હોય છે. તેથી જેને ભગવાનની ભક્તિમાં જેટલો સૂક્ષ્મબોધ અને ભગવાનની ભક્તિના કાળમાં જેટલા સત્ત્વનો પ્રકર્ષ, તેને અનુસાર તેની સાત્ત્વિકી ભક્તિ ઉત્કર્ષ-અપકર્ષવાળી બને છે.

રાજસી પૂજા :-

આ લોકનાં માન-ખ્યાતિ આદિ માટે જે કરાય તે રાજસી ભક્તિ છે. તેનાથી લોકો રંજિત થાય છે. અને લોકપ્રશંસાદિથી પોતાને સંતોષ થાય છે અને લોકપ્રશંસા જ તેની ભક્તિમાં ઉત્સાહનું કારણ છે તેવી અસાર ભક્તિ રાજસી ભક્તિ છે.

તામસી પૂજા :-

કોઈકના પ્રત્યે ઈર્ષ્યાથી ભક્તિ કરવામાં આવે તે તામસી ભક્તિ છે. તામસી ભક્તિમાં કોઈકની ઉત્કર્ષવાળી ભક્તિ જોવાથી તેનાથી હું અધિક છું તેવી બતાવવાની વૃત્તિ થાય છે. અને તેની અધિક ભક્તિ જોઈને તેના પ્રત્યે દ્વેષ થાય છે. જેમ કુંતલારાણીએ અન્ય રાણીઓની સુંદર ભક્તિ જોઈ દ્વેષ થતો હતો તેવી ભક્તિ તામસી ભક્તિ કહેવાય છે.

આ ત્રણ ભક્તિમાં સાત્ત્વિકી ભક્તિ શ્રેષ્ઠ છે. રાજસી ભક્તિ અને તામસી ભક્તિ શ્રેષ્ઠ નથી. તેથી વિવેકી પુરુષે કરવા જેવી નથી.

ટીકા :-

अथ गृहचैत्यपूजानन्तरं यत्कर्त्तव्यं तदाह–'तत'इति ततो देवपूजानन्तरं 'स्वयम्'आत्मना जिनानामग्रतः=पुरतस्तत्साक्षिकमितियावत् 'प्रत्याख्यानस्य' नमस्कारसहिताद्यद्धारूपस्य ग्रन्थिसहितादेः सङ्केतरूपस्य च करणम्-उच्चारणं विशेषतो गृहिधर्मो भवतीति पूर्वप्रतिज्ञातेन सम्बन्धः । तथा 'विधिने'ति पदमुभयत्रापि योज्यम्, ततो विधिना जिनगृहे त्रिविधप्रतिमापेक्षया भक्तिचैत्यरूपे पञ्चविधचैत्यापेक्षया तु निश्राकृतेऽनिश्राकृते वा गत्वा विधिना जिनस्य=भगवतः, पूजनंपुष्पादिभिरभ्यर्चनम्, वन्दनं=स्तुतिर्गुणोत्कीर्त्तनमित्यर्थः तच्च जघन्यतो नमस्कारमात्रमुत्कर्षतश्चेर्यापथिकी-

प्रतिक्रमणपूर्वकशक्रस्तवादिभिः दण्डकैरिति ।

अत्र विधिना जिनगृहे गमनमुक्तम्, तद्विधिश्च-यदि राजा महर्द्धिकस्तदा 'सव्वाए इड्ढीए, सव्वाए, जुइए, सव्वबलेणं, सव्वपोरिसेणं' [ ] **इत्यादिवचनात् प्रभावनानिमित्तं महद्ध्यार्या देवगृहे याति । अथ सामान्यविभवस्तदौद्धत्यपरिहारेण यथानुरूपाडम्बरं बिभ्रत् मित्रपुत्रादिपरिवृतो याति, तत्र गतश्च पुष्पताम्बूलादिसचित्तद्रव्याणां परिहारेण १, किरीटवर्ज्जशेषाभरणाद्यचित्तद्रव्याणामपरिहारेण २, कृतैकपृथुलवस्त्रोत्तरासङ्गः, एतच्च पुरुषं प्रति द्रष्टव्यम्, स्त्री तु सविशेषप्रावृताङ्गी विनयावनततनुलतेति ३, दृष्टे जिनेन्द्रेऽञ्जलिबन्धं शिरस्यारोपयन् 'नमो जिणाणं'इति भणनप्रणमने ४, [अयमपि सङ्घाचारवृत्तौ स्त्रीणां निषिद्धः, तथाच पाठः—**'एकशाटिकोत्तरासङ्गकरणं १ जिनदर्शने शिरसि अञ्जलिबन्धश्चेति २ द्वौ पुरुषमाश्रित्योक्तौ, स्त्री तु सविशेषप्रावृताङ्गी विनयावनततनुलतेति ।' **तथा चागमः-** 'विणओणयाए गायलट्ठीए' [ ]**त्ति, एतावता शक्रस्तवपाठादावप्यासां शिरस्यञ्जलिन्यासो न युज्यते, तथाकरणे हृदादिदर्शनप्रसक्तेः, यत्तु** 'करयलं जाव कट्टु एवं वयासी'[ ]त्युक्तं द्रौपदीप्रस्तावे तद्भक्त्यर्थं न्युञ्छनादिवदञ्जलिमात्रभ्रमणसूनपरम्, न तु पुरुषैः सर्वसाम्यार्थं, न च तथास्थितस्यैव सूत्रोच्चारख्यापनपरं वा, अन्यदपि नृपादिविज्ञपनादावप्यादौ तथा भणनात्' **[तुला सङ्घाचारवृत्ति प. १५२-३]**

इत्याद्युक्तप्रायं परिभाव्यमत्रागमाद्यविरोधेनेति] मनसश्चैकाग्र्यं कुर्वन्निति पञ्चविधाभिगमेन नैषेधिकीपूर्वं प्रविशति, यदाह—

"सच्चित्ताणं दव्वाणं विउसरणयाए १ । अचित्ताणं दव्वाणं अविउसरणयाए २ । एगल्लसाडएणं उत्तरासंगेणं ३ । चक्खुफासे अंजलिपग्गहेणं ४ । मणसो एगत्तीकरणेणं ५ ति" **[भगवतीसूत्र २।५, ज्ञाताधर्मकथा अध्ययन १ सू. २२, प. ४६ ए]**

राजादिस्तु चैत्यं प्रविशंस्तत्कालं राजचिह्नानि त्यजति । यतः—

"अवहट्टु रायककुआइं, पंच वररायककुअरूवाइं ।

खग्गं १ छत्तो २ वाणह ३ मउडं ४ तह चामराओ अ ५।।१।।" **[विचारसारे गा. ६६५, श्राद्धदिनकृत्ये गा. ५०]**

अग्रद्वारप्रवेशे मनोवाक्कायैर्गृहव्यापारो निषिध्यते इति ज्ञापनार्थं नैषेधिकीत्रयं क्रियते, परमेकैवैषा गण्यते, गृहादिव्यापारस्यैकस्यैव निषिद्धत्वात्, कृतायां च नैषेधिक्यां सावद्यव्यापारवर्ज्जनमेव न्याय्यम्, अन्यथा तद्वैयर्थ्यापत्तेः । यतो दिनकृत्ये—

"मिहो कहाउ सव्वाउ, जो वज्जेइ जिणालए ।

तस्स निसीहिआ होइ, इइ केवलिभासिअं ।।१।।" **[श्राद्धदिनकृत्ये गा. ५६] ति ।**

ततो मूलबिम्बस्य प्रणामं कृत्वा सर्वं हि प्रायेणोत्कृष्टं वस्तु श्रेयस्कामैर्दक्षिणभाग एव विधेयमित्यात्मनो दक्षिणाङ्गभागे मूलबिम्बं कुर्वन् ज्ञानादित्रयाराधनार्थं प्रदक्षिणात्रयं करोति । उक्तं च–

"तत्तो नमो जिणाणंत्ति भणिअ अद्धोणयं पणामं च ।
काउं पंचंगं वा, भत्तिब्भरनिब्भरमणेणं ।।१।।" **[चेइअवंदण महाभास १८९]**

"पूअंगपाणिपरिवारपरिगओ गहिरमहुरघोसेणं ।
पढमाणो जिणगुणगणनिबद्धमंगल्लथुत्ताइं ।२।।"

"करधरिअजोगमुद्दो, पए पए पाणिरक्खणाउत्तो ।
दिज्जा पयाहिणतिगं, एगग्गमणो जिणगुणेसुं ।।३।।"

"गिहचेइएसु न घडइ, इअरेसुवि जइवि कारणवसेणं ।
तहवि न मुंचइ मइमं, सयावि तक्करणपरिणामं ।।४।।" **[चेइअवंदणमहाभास १९१-२]**

प्रदक्षिणादाने च समवसरणस्थचतूरूपं श्रीजिनं ध्यायन् गर्भागारदक्षिणपृष्ठवामदिक्त्रयस्थबिम्बत्रयं वन्दते, अत एव सर्वस्यापि चैत्यस्य समवसृतिस्थानीयतया गर्भगृहबहिर्भागे दिक्त्रये मूलबिम्बनाम्ना बिम्बानि कुर्वन्ति, एवं च 'वर्जयेदर्हतः पृष्ठ'मित्युक्तोऽर्हत्पृष्ठनिवासदोषोऽपि चतुर्दिक्षु निवर्त्तते, ततश्चैत्यप्रमार्जनपोतकलेख्यकादिवक्ष्यमाण यथोचितचिन्तापूर्वं विहितसकलपूजासामग्रीको जिनगृह-व्यापारनिषेधरूपां द्वितीयां नैषेधिकीं मुखमण्डपादौ कृत्वा मूलबिम्बस्य प्रणामत्रयपूर्वकं पूर्वोक्तविधिना पूजां कुरुते, यद्भाष्यम्–

"तत्तो निसीहिआए, पविसित्ता मंडवंमि जिणपुरओ ।
महिनिहिअजाणुपाणी, करेइ विहिणा पणामतिगं ।।१।।"

"तयणु हरिसुल्लसंतो, कयमुहकोसो जिणिंदपडिमाणं ।
अवणेइ रयणिवसिअं, निम्मल्लं लोमहत्थेणं ।।२।।"

"जिणगिहपमज्जणं तो, करेइ कारेइ वावि अन्नेणं ।
जिणबिंबाणं पूअं, तो विहिणा कुणइ जहजोगं ।।३।।" **[चेइअवंदणमहाभास १९३-५]**

अत्र च विशेषतः शुद्धगन्धोदकप्रक्षालनकुङ्कुममिश्रगोशीर्षचन्दनविलेपनाङ्गीरचनगोरोचन-मृगमदादिपत्रभङ्गकरणनानाजातीयपुष्पमालारोपणचीनांशुकवस्त्रपरिधापनकृष्णागुरुमिश्रकर्पूरदहना-नेकदीपोद्योतनस्वच्छाखण्डाक्षताष्टमङ्गलालेखनविचित्रपुष्पगृहरचनादि विधेयम् ।

यदि च प्राक्केनापि पूजा कृता स्यात्तदा विशिष्टान्यपूजासामग्र्यभावे तां नोत्सारयेत्, भव्यानां तद्दर्शनजन्यपुण्यानुबन्धिपुण्यबन्धस्यान्तरायप्रसङ्गात्, किन्तु तामेव विशेषयेद्, यद् बृहद्भाष्यम्–

"अह पुव्विं, चिअ केणइ, हविज्ज पूआ कया सुविहवेणं ।
तंपि सविसेससोहं, जइ होइ तहा तहा कुज्जा ।।१।।"
"निम्मल्लंपि न एवं, भण्णइ निम्मल्ललक्खणाभावा ।
भोगविणट्ठं दव्वं, निम्मल्लं बिंति गीअत्था ।।२।।"
"इत्तो चेव जिणाणं, पुणरवि आरोवणं कुणंति जहा ।
वत्थाहरणाईणं, जुगलिअकुंडलिअमाईणं ।।३।।"
"कहमन्नह एगाए, कासाईए जिणिंदपडिमाणं ।
अट्ठसयं लूहंता, विजयाई वण्णिआ समए ।।४।।"

एवं मूलबिम्बसविस्तरपूजानन्तरं सृष्ट्या सर्वापरबिम्बपूजा यथायोगं कार्या, द्वारबिम्बसमवसरण-बिम्बपूजापि मुख्यबिम्बपूजाद्यनन्तरं गर्भगृहनिर्गमसमये कर्त्तव्या संभाव्यते न तु प्रवेशे । प्रणाममात्रं त्वासन्नार्चादीनां पूर्वमपि युक्तमेव, तृतीयोपाङ्गाविसंवादिन्यां सङ्घाचारोक्तविजयदेववक्तव्यतायामित्थमेव प्रतिपादनात् । तथाहि–

"तो गन्तु सुहम्मसहं, जिणसकहा दंसणंमि पणमित्ता ।
उग्घाडित्तु समुग्गं, पमज्जए लोमहत्थेणं ।।१।।"
"सुरहिजलेणिगवीसं, वारा पक्खालिआणुलिंपित्ता ।
गोसीसचंदणेणं, ता कुसुमाईहि अच्चेइ ।।२।।"
"तो दारपडिमपूअं, सहासु पंचसुवि करइ पुव्वं व ।
दारच्चणाइसेसं, तइअउवंगाओ नायव्वं ।।३।।" **[सङ्घाचारवृत्तौ प. ६१ गा. ४८-५०]**

तस्मान्मूलनायकस्य पूजा सर्वेभ्योऽपि पूर्वं सविशेषा हि कार्या, उक्तमपि–

"उचिअत्तं पूआए, विसेसकरणं तु मूलबिंबस्स ।
जं पडइ तंत्थ पढमं, जणस्स दिट्ठी सह मणेणं ।।१।।"

शिष्यः-

"पूआवंदणमाई, काऊणेगस्स सेसकरणंमि ।
नायगसेवगभावो, होइ कओ लोगनाहाणं ।।२।।"
"एगस्सायरसारा, कीरइ पूआऽवरेसि थोवयरी ।
एसाऽवि महावण्णा, लक्खिज्जइ णिउणबुद्धीहिं ।।३।।"

आचार्यः—"नायगसेवगबुद्धी, न होइ एएसु जाणगजणस्स ।
पिच्छंतस्स समाणं, परिवारं पाडिहेराई ।।४।।" **[चेइअवंदणमहाभास १९७, सम्बोधप्र. देवाधि. ६०]**

"ववहारो पुण पढमं, पइट्ठिओ मूलनायगो एसो ।
अवणिज्जइ सेसाणं, नायगभावो न उण तेणं ।।५।।"

"चंदणपूअ(ण)बलिढोअणेसु, एगस्स कीरमाणेसु ।
आसायणा न दिट्ठा, उचिअपवित्तस्स पुरिसस्स ।।६।।"

"जह मिम्मयपडिमाणं, पूआ पुप्फाइएहिं खलु उचिआ ।
कणगाइनिम्मिआणं, उचिअतमा मज्जणाईहिं ।।७।।"

"कल्लाणगाईकज्जा, एगस्स विसेसपूअकरणेवि ।
नावण्णापरिणामो, जह धम्मिजणस्स सेसेसु ।।८।।" **[चेइअवंदणमहाभास १९७, ३९, ४०, ५०, ५१, ५२, ५३, ५४]**

"उचिअपवत्तिं एवं, जहा कुणंतस्स होइ नावण्णा ।
तह मूलबिंबपूआविसेसकरणेवि तं नत्थि ।।९।।"

"जिणभवणबिंबपूआ, कीरंति जिणाण नो कए किंतु ।
सुहभावणानिमित्तं, बुहाण इयराण बोहत्थं" ।।१०।।

"चेइहरेणं केइ, पसंतरूवेण केइ बिंबेणं ।
पूयाइसया अन्ने, अन्ने बुज्झंति उवएसा ।।११।।" **[सम्बोधप्र. देवाधि. ६१-७१, चेइअवंदणमहाभास १४२-३] इति ।**

'पूर्वं मूलबिम्बपूजा युक्तिमत्येवेत्यलं प्रसङ्गेन, सविस्तरपूजावसरे च नित्यं विशेषतश्च पर्वसु त्रिपञ्चसप्तकुसुमाञ्जलिप्रक्षेपादिपूर्वं भगवतः स्नात्रं विधेयम्' तत्रायं विधिः योगशास्त्रवृत्ति-श्राद्धविधिवृत्तिलिखितः—

प्रातः पूर्वं निर्माल्योत्सारणं प्रक्षालनं सङ्क्षेपपूजा आरात्रिकं मङ्गलप्रदीपश्च, ततः स्नात्रादिसविस्तर-द्वितीयपूजाप्रारम्भे देवस्य पुरः सकुङ्कुमजलकलशः स्थाप्यः, ततः—

"मुक्तालङ्कारसारसौम्यत्वकान्तिकमनीयम् ।
सहजनिजरूपनिर्जितजगत्त्रयं पातु जिनबिम्बम् ।।१।।"

इत्युक्त्वालङ्कारोत्तारणं–

"अवणिअकुसुमाहरणं, पयइपइट्ठिअमणोहरच्छायं ।
जिणरूवं मज्जणपीढसंठिअं वो सिवं दिसउ ।।२।।"

इत्युक्त्वा निर्माल्योत्तारणं, ततः प्रागुक्तकलशढालनं पूजा च, अथ धौतधूपितकलशेषु स्नात्रार्हसुगन्धिजलक्षेपः, श्रेण्या तेषां व्यवस्थापनम्, सद्वस्त्रेणाच्छादनं च, ततः स्वचन्दनधूपादिना कृततिलकहस्तकङ्कणहस्तधूपनादिकृत्याः श्रेणिस्थाः श्रावकाः कुसुमाञ्जलिपाठान् पठन्ति, तत्र–

"सयवत्तकुंदमालइबहुविहकुसुमाइं पंचवण्णाइं ।
जिणनाहण्हवणकाले, दिंति सुरा कुसुमंजलिं हिट्ठा ।।१।।"

इत्युक्त्वा देवस्य मस्तकेषु पुष्पारोपणम्-

"गंधाइड्ढिअमहुअरमणहरझंकारसद्दसंगीआ ।
जिणचलणोवरि मुक्का, हरउ तुम्ह कुसुमंजली दुरिअं ।।१।।"

इत्यादिपाठैः प्रतिगाथादिपाठं जिनचलनोपर्येकेन श्रावकेण कुसुमाञ्जलिपुष्पाणि क्षेप्याणि, सर्वेषु कुसुमाञ्जलिपाठेषु च तिलकपुष्पपत्रधूपादिविस्तरो ज्ञेयः । अथोदारमधुरस्वरेणाधिकृतजिनजन्माभिषेककलशपाठः, ततो घृतेक्षुरसदुग्धदधिसुगन्धिजलपञ्चामृतैः स्नात्राणि, स्नात्रान्तरालेषु च धूपो देयः, स्नात्रकालेऽपि जिनशिरः पुष्पैरशून्यं कार्यं, यदाहुर्वादिवैतालश्रीशान्तिसूरयः–

"आ स्नात्रपरिसमाप्तेरशून्यमुष्णीषदेशमीशस्य ।
सान्तर्धानाब्धारापातं पुष्पोत्तमैः कुर्यात् ।।१।।" **[अर्हदभिषेके पर्व. ३ । श्लो. ४]**

स्नात्रे च क्रियमाणे निरन्तरं चामरसङ्गीततूर्याद्याडम्बरः सर्वशक्त्या कार्यः, सर्वैः स्नात्रे कृते पुनरकरणाय शुद्धजलेन धारा देया, तत्पाठश्चायम्–

"अभिषेकतोयधारा, धारेव ध्यानमण्डलाग्रस्य ।
भवभवनभित्तिभागान्, भूयोऽपि भिनत्तु भागवती ।।१।।" **[अर्हदभिषेके पर्व ३ । श्लो. १२]**

ततोऽङ्गरूक्षणविलेपनादिपूजा प्राक्पूजातोऽधिका कार्या, सर्वप्रकारैर्धान्यपक्वान्नशाकविकृतिफलादिभिर्बलिढौकनम्, ज्ञानादिरत्नत्रयाढ्यस्य लोकत्रयाधिपतेर्भगवतोऽग्रे पुञ्जत्रयेणोचितम् । स्नात्रपूजादिकं पूर्वं श्रावकैर्वृद्धलघुव्यवस्थया, ततः श्राविकाभिः कार्यं, जिनजन्ममहेऽपि पूर्वमच्युतेन्द्रः स्वसुरयुतस्ततो यथाक्रममन्ये इन्द्राः स्नात्रादि कुर्वन्ति स्नात्रजलस्य च शेषावच्छीर्षादौ क्षेपेऽपि न दोषः सम्भाव्यो, यदुक्तं

हैमश्रीवीरचरित्रे–

"अभिषेकजलं तत्तु, सुरासुरनरोरगाः ।
ववन्दिरे मुहुः सर्वाङ्गीणं च परिचिक्षिपुः ।।१।।"

श्रीपद्मचरित्रेऽप्येकोनत्रिंशे उद्देशे आषाढशुक्लाष्टम्या आरभ्य दशरथनृपकारिताष्टाह्निकाचैत्य-स्नात्रमहाधिकारे–

"तं ण्हवणसंतिसलिलं, नरवइणा पेसिअं सभज्जाणं ।
तरुणवलयाहि नेउं, छूढं चिअ उत्तमंगेसु ।।१।।"

"कंचुइहत्थोवगयं, जाव य गंधोदयं चिरावेइ ।
ताव य वरग्गमहिसी, पत्ता सोगं च कोवं च ।।२।।" **इत्यादि ।**

"सा कंचुइणा कुद्धा, अहिसित्ता तेण संतिसलिलेणं ।
निव्वविअमाणसग्गी, पसन्नहिअया तओ जाया ।।३।।"

बृहच्छान्तिस्तवेऽपि–'शान्तिपानीयं मस्तके दातव्य' मित्युक्तम्,

श्रूयतेऽपि जरासन्धमुक्तजरयोपद्रुतं स्वसैन्यं श्रीनेमिगिरा कृष्णेनाराद्धनागेन्द्रात्पातालस्थश्रीपार्श्वप्रतिमां शङ्खेश्वरपुरे आनाय्य तत्स्नपनाम्बुना पटूचक्रे । जिनदेशनासद्मनि नृपाद्यैः प्रक्षिप्तं कूररूपं बलिमर्द्धपतितं देवा गृह्णन्ति, तदर्द्धार्द्धं नृपः, शेषं तु जनाः । तत्सिक्थेनापि शिरसि क्षिप्तेन व्याधिरुपशाम्यति, षण्मासांश्चान्यो न स्याद् इत्यागमेऽपि ।

ततः सद्गुरुप्रतिष्ठितः प्रौढोत्सवानीतो दुकूलादिमयो महाध्वजः प्रदक्षिणात्रयादिविधिना प्रदेयः, सर्वैर्यथाशक्ति परिधापनिका च मोच्या । अथारात्रिकं समङ्गलदीपमर्हतः पुरस्तादुद्योत्यम्, आसन्नं च वह्निपात्रं स्थाप्यम् तत्र लवणं जलं च पातयिष्यते–

"उवणेउ मंगलं वो, जिणाण मुहलालिजालसंवलिआ ।
तित्थपवत्तणसमए, तिअसविमुक्का कुसुमवुट्ठी ।।१।।"

इत्युक्त्वा प्रथमं कुसुमवृष्टिः, ततः–

"उअह पडिभग्गपसरं, पयाहिणं मुणिवइं करेऊणं ।
पडइ सलोणत्तणलज्जिअं व लोणं हुअवहंमि ।।१।।"

इत्यादिपाठैर्विधिना जिनस्य त्रिः सपुष्पलवणजलोत्तारणादि कार्यम्, ततः सृष्ट्वा पूजयित्वा आरात्रिकं सधूपोत्क्षेपमुभयत उच्चैः सकलशजलधारं परितः श्राद्धैः प्रकीर्यमाणपुष्पप्रकरम्–

"मरगयमणिघडीअविसालथालमाणिक्कमंडिअपईवं ।
ण्हवणयरकरुक्खित्तं, भमउ जिणारत्तिअं तुम्हं ।।१।।"

इत्यादिपाठपूर्वं प्रधानभाजनस्थं सोत्सवमुत्तार्यते त्रिवारम्, यदुक्तं त्रिषष्टीयादिचरित्रे–

"कृतकृत्य इवाथापसृत्य किञ्चित्पुरन्दरः ।
पुरोभूय जगद्भर्त्तुरारात्रिकमुपाददे ।।१।।"

"चलद्दीपत्विषा तेन,चकासामास कौशिकः ।
भास्वदोषधिचक्रेण, शृङ्गेणेव महागिरिः ।।२।।"

"श्रद्धालुभिः सुरवरैः, प्रकीर्णकुसुमोत्करम् ।
भर्त्तुरुत्तारयामास, ततस्त्रिदशपुङ्गवः ।।३।।" **[१।५९८-६००]**

मङ्गलप्रदीपोऽप्यारात्रिकवत्पूज्यते-

"कोसंबिसंठिअस्स व, पयाहिणं कुणइ मउलिअपईवो ।
जिण ! तुह दंसणे सोमदिणयरुव्व मंगल पईवो ।।१।।"

"भामिज्जंतो सुरसुंदरीहिं तुह नाह! मंगलपईवो ।
कणयायलस्स नज्जइ, भाणुव्व पयाहिणं दिंतो ।।२।।"

इति पाठपूर्वं तथैवोत्तार्यते, देदीप्यमानो जिनचलनाग्रे मुच्यते, आरात्रिकं तु विध्याप्यते न दोषः, प्रदीपारात्रिकादि च मुख्यवृत्त्या घृतगुडकर्पूरादिभिः क्रियते, विशेषफलत्वात्, लोकेऽप्युक्तम्–

"पुरः प्रज्वाल्य देवस्य, कर्पूरेण तु दीपकम् ।
अश्वमेधमवाप्नोति, कुलं चैव समुद्धरेत् ।।१।।"

अत्र मुक्तालङ्कारेत्यादिगाथाः श्रीहरिभद्रसूरिकृताः संभाव्यन्ते, तत्कृतसमरादित्यचरित्रग्रन्थस्यादौ 'उवणेउ मंगलं वो' इति नमस्कारदर्शनात्, एताश्च गाथाः श्रीतपापक्षादौ प्रसिद्धा इति न सर्वा लिखिताः ।

स्नात्रादौ सामाचारीविशेषेण विविधविधिदर्शनेऽपि न व्यामोहः कार्यः, अर्हद्भक्तिफलस्यैव सर्वेषां साध्यत्वात् गणधरादिसामाचारीष्वपि भूयांसो भेदा भवन्ति, तेन यद्यद्धर्माद्यविरुद्धमर्हद्भक्तिपोषकं तत्तत्र केषामप्यसंमतम्, एवं सर्वधर्मकृत्येष्वपि ज्ञेयम्, इह लवणारात्रिकाद्युत्तारणं संप्रदायेन सर्वगच्छेषु परदर्शनेष्वपि च सृष्टचैव क्रियमाणं दृश्यते, श्रीजिनप्रभसूरिकृतपूजाविधौ त्वेवमुक्तम्–'लवणाइउत्तारणं पालित्तयसूरिमाइपुव्वपुरिसेहिं संहारेण अणुन्नायंपि संपयं सिट्ठिए कारिज्जइ' [ ]**त्ति । स्नात्रकरणे च सर्वप्रकार-**

सविस्तरपूजाप्रभावनादिसंभवेन प्रेत्य प्रकृष्टं फलं स्पष्टम्, जिनजन्मस्नात्रकर्तृचतुर्षष्टिसुरेन्द्राद्यनुकारकरणादि चात्रापीति स्नात्रविधिः ।

प्रतिमाश्च विविधास्तत्पूजाविधौ सम्यक्त्वप्रकरण इत्युक्तम्–

"गुरुकारिआइ केई, अन्ने सयंकारिआइ तं बिंति ।
विहिकारिआइ अन्ने, पडिमाए पूअणविहाणं ।।१।।"

व्याख्या-गुरवो मातृपितृपितामहादयस्तैः कारिताया: केचिदन्ये स्वयंकारिताया: विधिकारितायास्त्वन्ये प्रतिमायास्तत्-पूर्वाभिहितं पूजाविधानं ब्रुवन्ति कर्त्तव्यमिति शेषः, अवस्थितपक्षस्तु गुर्वादिकृतत्वस्यानु-पयोगित्वात् ममत्वाग्रहरहितेन सर्वप्रतिमा अविशेषेण पूजनीयाः **[श्राद्धविधिवृत्तिः प. ५९-६०]**

न चैवमविधिकृतामपि पूजयतस्तदनुमतिद्वारेणाज्ञाभङ्गलक्षणदोषापत्तिः, आगमप्रामाण्यात्, तथाहि श्रीकल्पबृहद्भाष्ये–

"निस्सकडमनिस्सकडे, चेइए सव्वहिं थुई तिन्नि ।
वेलं व चेइआणि अ, नाउं इक्किक्किआ वावि ।।१।।"

निश्राकृते गच्छप्रतिबद्धे, अनिश्राकृते तद्विपरीते चैत्ये, सर्वत्र तिस्रः स्तुतयो दीयन्ते, अथ प्रतिचैत्यं स्तुतित्रये दीयमाने वेलाया अतिक्रमो भवति भूयांसि वा तत्र चैत्यानि, ततो वेलां चैत्यानि च ज्ञात्वा प्रतिचैत्यमेकैकाऽपि स्तुतिर्दातव्या ।।

अयं चैत्यगमनपूजास्नात्रादिविधिः सर्वोऽपि ऋद्धिप्राप्तमाश्रित्योक्तः, तस्यैवैतावद्योगसंभवात्, अऋ(नृ)द्धिप्राप्तस्तु श्राद्धः स्वगृहे सामायिकं कृत्वा केनापि सह ऋणविवादाद्यभावे ईर्याद्युपयुक्तः साधुवच्चैत्यं याति, न पुष्पादिसामग्र्यभावाद् द्रव्यपूजायामशक्तः सामायिकं पारयित्वा, कायेन यदि पुष्पग्रथनादि कार्यं कर्तव्यं स्यात् तत्करोति, न च सामायिक त्यागेन द्रव्यस्तवस्य करणमनुचितमिति शङ्क्यं, सामायिकस्य स्वायत्ततया शेषकालेऽपि सुकरत्वात्, चैत्यकृत्यस्य च समुदायायत्तत्वेन कादाचित्कत्वात्, द्रव्यस्तवस्यापि शास्त्रे महाफलत्वप्रतिपादनाच्च । यतः पद्मचरित्रे–

"मणसा होइ चउत्थं, छट्ठफलं उट्ठिअस्स संभवइ ।
गमणस्स पयारंभे, होइ फलं अट्ठमोवासो ।।१।।"

"गमणे दसमं तु भवे, तह चेव दुवालसं गए किंचि ।
मज्झे पक्खुववासो, मासुववासं च दिट्ठंमि ।।२।।"

"संपत्तो जिणभवणे, पावइ छम्मासिअं फलं पुरिसो ।
संवच्छरिअं तु फलं, दारुद्देसट्ठिओ लहइ ।।३।।"

"पायक्खिणेण पावइ, वरिसूसयं तं फलं तओ जिणे महिए ।
पावइ वरिससहस्सं, अणंतपुण्णं जिणे थुणिए ।।४।।"
"सयं पमज्जणे पुण्णं, सहस्सं च विलेवणे ।
सयसाहस्सिआ माला, अणंतं गीअवाइए ।।१।।" **त्ति ।**

प्रस्तावे च तस्मिन् क्रियमाणे विशेषपुण्यलाभः, यदागमः–

"जीवाण बोहिलाभो, सम्मद्दिट्ठिण होइ पिअकरणं ।
आणा जिणिंदभत्ती, तित्थस्स पभावणा चेव ।।१।।"

एवमनेके गुणास्ततस्तदेव कर्त्तव्यम्, यदुक्तं दिनकृत्ये–

"एवं विही इमो सव्वो, रिद्धिमंतस्स देसिओ ।
इयरो नियगेहम्मि, काउं सामाइअं वयं ।।१।।"
"जइ न कस्सइ धारेइ, न विवाओ अ विज्जए ।
उवउत्तो सुसाहुव्व, गच्छए जिणमंदिरे ।।२।।"
"काएण अत्थि जइ किंचि, कायव्वं जिणमंदिरे ।
तओ सामाइअं मोत्तुं, करेज्ज करणिज्जयं ।।३।।" **[श्राद्धदिनकृत्ये गा. ७७-९]**

अत्र च सूत्रे विधिना जिनस्य पूजनं वन्दनं चेत्युक्त्या दशत्रिकादिचतुर्विंशतिमूलद्वारैर्भाष्याद्युक्तः सम्पूर्णो वन्दनाविधिरुपलक्षितः, स च यथा–

"तिन्नि निसीही तिन्नि उ पयाहिणा तिन्नि चेव य पणामा ।
तिविहा पूआ य तहा, अवत्थतिअभावणं चेव ।।१।।"
"तिदिसिनिरिक्खणविरई, पयभूमिपमज्जणं च तिक्खुत्तो ।
वण्णाइतिअं मुद्दातिअं च तिविहं च पणिहाणं ।।२।।"
"पुप्फामिसथुइभेआ, तिविहा पूआ अवत्थतिअगं तु ।
छउमत्थकेवलित्तं, सिद्धत्तं भुवणनाहस्स ।।३।।"
"वण्णाइतिअं तु पुणो, वण्णत्थालंबणस्सरूवं तु ।
मणवयकायाजणिअं, तिविहं पणिहाणमवि होइ ।।४।।"
"तथा पंचंगो पंणिवाओ, थयपाढो होइ जोगमुद्दाए ।
वंदण जिणमुद्दाए, पणिहाणं मुत्तसुत्तीए ।।५।।"

"दो जाणू दुन्नि करा, पंचमयं होइ उत्तमंगं तु ।
सम्मं संपणिवाओ, नेओ पंचंगपणिवाओ ।।६।।"

वन्दनपञ्चाशकवृत्तौ तु पञ्चाङ्ग्यपि स्वतन्त्रा मुद्रात्वेन प्रतिपादिता, तथा च तत्पाठः–

"प्रणिपातदण्डकपाठस्यादाववसाने च प्रणामः पञ्चाङ्गमुद्रया क्रियते, पञ्चाङ्गानि-अवयवाः कर-जानुद्वयोत्तमाङ्गलक्षणानि विवक्षितव्यापारवन्ति यस्यां सा तथा, पञ्चाङ्ग्या अपि मुद्रात्वमङ्गविन्यास-विशेषरूपत्वाद्योगमुद्रावदिति" **[३/१७, प.५९]**

"अण्णोणंतरिअंगुलिकोसागारेहिं दोहिं हत्थेहिं ।
पिट्ठोवरिकुप्परसंठिएहिं तह जोगमुद्दत्ति ।।७।।"

"चत्तारि अंगुलाइं, पुरओ ऊणाइँ जत्थ पच्छिमओ ।
पायाणं उस्सग्गो, एसा पुण होइ जिणमुद्दा ।।८।।"

"मुत्तासुत्तीमुद्दा, जत्थ समा दोवि गब्भिआ हत्था ।
ते पुण निडालदेसे, लग्गा अन्ने अलग्गत्ति ।।९।।" **[पञ्चाशक० ३।१९-२१] इत्यादि ।**

विधिनैव क्रियमाणं देवपूजादि धर्मानुष्ठानं महाफलम्, अन्यथा त्वल्पफलं, सातिचारतायां च, प्रत्युत प्रत्यपायादेरपि सम्भवः, अविधिना चैत्यवन्दने महानिशीथे प्रायश्चित्तस्य प्रतिपादनात्, तथाहि तत्सप्तमाध्ययने–'अविहीए चेइआइं वंदिज्जा, तस्स णं पायच्छित्तं उवइसिज्जा, जओ अविहीए चेइआइं वंदमाणो अण्णेसिं असद्धं जणेइ इइ काऊणं'**त्ति, अत एव च पूजादिपुण्यक्रियाप्रान्ते सर्वत्राविध्याशातनानिमित्तं मिथ्यादुष्कृतं देयम् ।**

टीकार्थ :-

अथ ..... देयम् । હવે ગૃહચૈત્યની પૂજા પછી શ્રાવકને જે કર્તવ્ય છે તે કહે છે –

ત્યાર પછી=દેવપૂજા પછી, ભગવાનની આગળ=ભગવાનની સાક્ષીએ, સ્વયં નમસ્કાર સહિત અદ્ધારૂપ પચ્ચક્ખાણને=નવકારશી આદિના પચ્ચક્ખાણને અને ગ્રંથિ સહિતાદિ સંકેતરૂપ પચ્ચક્ખાણને કરે=ઉચ્ચારણ કરે, એ વિશેષથી ગૃહસ્થધર્મ છે, એ પ્રમાણે પૂર્વના કથન સાથે સંબંધ છે. અને 'વિધિથી' એ પ્રકારે પદ બંને ઠેકાણે પણ યોજવું. ત્યાર પછી વિધિથી ત્રિવિધ પ્રતિમાની અપેક્ષાએ ભક્તિ ચૈત્યરૂપ જિનગૃહમાં વળી પંચવિધચૈત્યની અપેક્ષાએ નિશ્રાકૃત અથવા અનિશ્રાકૃત જિનગૃહમાં જઈને વિધિથી જિનનું=ભગવાનનું, પૂજન કરવું જોઈએ=પુષ્પાદિથી અર્ચન કરવું જોઈએ. વંદન કરવું જોઈએ=સ્તુતિ વડે કરીને ગુણનું ઉત્કીર્તન કરવું જોઈએ. અને તે=વંદન-પૂજન, જઘન્યથી નમસ્કાર માત્ર અને ઉત્કર્ષથી ઈર્યાપથિકી પ્રતિક્રમણપૂર્વક શક્રસ્તવાદિ દંડક વડે કરવું જોઈએ.

અહીં વિધિથી જિનગૃહમાં ગમન કહેવાયું અને તે વિધિ – જો રાજા અને મહાઋદ્ધિવાળા હોય

તો સર્વ ઋદ્ધિથી, સર્વ વિભૂતિથી, સર્વ બલથી અને સર્વ પુરુષાર્થથી ઈત્યાદિ વચન હોવાથી પ્રભાવના નિમિત્તે મહાઋદ્ધિથી દેવગૃહમાં જાય છે અને જો સામાન્ય વૈભવ હોય તો ઔદ્ધત્યના પરિહારથી પોતાની શક્તિ અનુરૂપ આડંબરને ધારણ કરતો મિત્ર-પુત્રાદિથી પરિવૃત દેવગૃહમાં જાય છે. અને ત્યાં ગયેલો પુષ્પ, તાંબૂલ આદિ સચિત્ત દ્રવ્યોના પરિહારથી, મુગટ છોડીને શેષ આભરણાદિ અચિત્ત દ્રવ્યોના પરિહારથી, કર્યું છે એક પૃથુલ વસ્ત્રનું ઉત્તરાસંગ જેણે એવો અને આ પુરુષને આશ્રયીને જાણવું=ઉત્તરાસંગ કરવાની વિધિ પુરુષને આશ્રયીને જાણવી. સ્ત્રી વળી સવિશેષ ઢાંકેલા અંગવાળી વિનયથી નમેલા શરીરવાળી જાય છે. અને જિનેન્દ્રને જોઈને અંજલિબંધને મસ્તક ઉપર આરોપણ કરતી 'નમો જિણાણં' એ પ્રમાણે બોલે છે અને નમસ્કાર કરે છે. અને [આ પણ=ભગવાનને જોઈને મસ્તકે અંજલિબંધ હાથનું આરોપણ કરવું એ પણ સંઘાચારવૃત્તિમાં સ્ત્રીઓને નિષિદ્ધ છે. અને તે પ્રમાણે પાઠ છે.

એક સાટિકાવાળું ઉત્તરાસંગ કરવું અને જિનનું દર્શન થયે છતે મસ્તક પર અંજલિબદ્ધ કરવું એ બંને કથન પુરુષને આશ્રયીને કહેવાયાં છે. વળી સ્ત્રી સવિશેષ ઢાંકેલા અંગવાળી વિનયથી નમેલા શરીરવાળી હોય છે. અને તે પ્રમાણે આગમ છે – "વિનયથી ઉપનત ગાત્ર યષ્ટિ વડે" આટલાથી=આટલા પાઠથી, શકસ્તવાદિમાં પણ આમને=સ્ત્રીઓને, મસ્તક પર અંજલિન્યાસ ઘટતો નથી; કેમ કે તે પ્રકારે કરવામાં હૃદય આદિના દર્શનની પ્રસક્તિ છે. જે વળી, 'करयलं जाव कट्टु' એ પ્રમાણે બોલે છે એમ દ્રૌપદીના પ્રસ્તાવમાં કહેવાયું. તે ભક્તિ માટે ત્યુંચ્છનાદિની જેમ અંજલિમાત્રના ભ્રમણને સૂચનપર છે=સૂચન કરનાર છે. પરંતુ પુરુષોની સાથે સર્વ સામ્ય માટે નથી. અથવા તે પ્રકારે રહેલી જ દ્રૌપદી=ઊંચા હાથ કરીને રહેલી જ દ્રૌપદી, સૂત્ર ઉચ્ચારણમાં તત્પર છે એમ ન કહેવું; કેમ કે અન્યપણ નૃપાદિ વિજ્ઞપનાદિ આદિમાં તે પ્રમાણે કથન છે=સ્ત્રીઓએ ઊંચા હાથ કરીને કરવું જોઈએ નહિ તે પ્રમાણે કથન છે ઈત્યાદિ ઉક્તપ્રાય આગમાદિના અવિરોધથી પરિભાવન કરવું જોઈએ.] અને મનને એકાગ્ર કરતો શ્રાવક પાંચ પ્રકારના અધિગમથી નૈષેધિકીપૂર્વક પ્રવેશ કરે છે. જેને કહે છે –

"સચિત્ત દ્રવ્યના ત્યાગથી, અચિત્ત દ્રવ્યના અત્યાગથી, એકસાટિકાવાળા ઉત્તરાસંગથી, ચક્ષુના દર્શનમાં અંજલિના પ્રગહથી, મનના એકાગ્રકરણથી જિનાલયમાં પ્રવેશ કરવો જોઈએ એમ અન્વય છે." **(ભગવતીસૂત્ર ૨-૫, જ્ઞાતાધર્મકથા અધ્યયન ૧ સૂ. ૨૨, પ. ૪૬એ)**

વળી રાજાદિ ચૈત્યમાં પ્રવેશ કરતાં તત્કાલ રાજચિહ્નોનો ત્યાગ કરે છે જે કારણથી કહેવાયું છે –

"રાજચિહ્નોને છોડીને જિનાલયમાં પ્રવેશ કરે એમ અન્વય છે. રાજચિહ્નો ક્યાં છે તે કહે છે. ૫ શ્રેષ્ઠ રાજચિહ્નો છે.

૧. ખડ્ગ, ૨. છત્ર, ૩. પગરખાં, ૪. મુગટ અને ૫. ચામર." **(વિચારસાર ગા. ૬૬૫, શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૫૦)**

અગ્રદ્વારના પ્રવેશમાં મન-વચન-કાયા દ્વારા ગૃહવ્યાપારનો નિષેધ કરાય છે. એ જ્ઞાપન માટે નૈષેધિકીત્રય કરાય છે. પરંતુ એક જ આ ગણાય છે; કેમ કે ગૃહાદિ વ્યાપાર એકનું જ નિષિદ્ધપણું છે અને નૈષેધિકી કરાયે છતે સાવદ્યવ્યાપારનું વર્જન જ ન્યાય છે. અન્યથા=સાવદ્યવ્યાપારનું વર્જન ન કરવામાં આવે તો તેના વૈયર્થ્યની પ્રાપ્તિ છે=નીસિહિ પ્રયોગના વ્યર્થપણાની પ્રાપ્તિ છે. જે કારણથી 'દિનકૃત્ય'માં કહેવાયું છે –

"પરસ્પર સર્વ કથાઓનો જિનાલયમાં જે ત્યાગ કરે છે તેની કેવલીભાષિત નૈષેધિકી અહીં=જિનાલયમાં થાય છે." **(શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૫૬)**

'ત્તિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

ત્યાર પછી=જિનાલયમાં પ્રવેશ કર્યા પછી, મૂલબિંબને પ્રણામ કરીને પ્રાયઃ સર્વ ઉત્કૃષ્ટ વસ્તુ શ્રેયકામનાવાળા પુરુષે જમણીબાજુ જ કરવી જોઈએ. એથી પોતાની જમણીબાજુમાં મૂલબિંબને કરતો શ્રાવક જ્ઞાનાદિત્રય આરાધના માટે ત્રણ પ્રદક્ષિણા કરે છે અને કહેવાયું છે –

"ત્યાર પછી 'નમો જિણાણં' એ પ્રમાણે બોલીને અને અર્ધનમેલા પ્રણામને કરીને અથવા ભક્તિ નિર્ભર મનથી પંચાંગ પ્રણામ કરીને." ।।૧।। **(ચૈત્યવંદનમહાભાષ્ય ગા. ૧૮૯)**

"પૂજાના અંગને=પૂજાની સામગ્રીને, હાથમાં ધારણ કરતો પરિવારથી પરિવૃત ગંભીર મધુર ઘોષથી જિનગુણના ગણથી નિબદ્ધ મંગલસ્તુતિ આદિને બોલતો." ।।૨।।

"હાથમાં ધારણ કરી છે યોગમુદ્રા જેણે એવો, પગલે-પગલે પ્રાણીરક્ષામાં યુક્ત, જિનગુણમાં એકાગ્ર મનવાળો પ્રદક્ષિણાત્રિકને આપે." ।।૩।।

"ગૃહચૈત્યોમાં ન ઘટે. ઇતરમાં પણ=સંઘનાં ચૈત્યગૃહોમાં પણ, જો કે કારણવશથી ન ઘટે. તોપણ મતિમાન પુરુષ તેના કરણના=પ્રદક્ષિણાત્રિકના કરણના, પરિણામને મૂકે નહિ." ।।૪।। **(ચૈત્યવંદનમહાભાષ્ય ૧૯૧-૨)**

અને પ્રદક્ષિણા દાનમાં=પ્રદક્ષિણા કરતી વખતે, સમવસરણસ્થ ચારરૂપવાળા એવા જિનનું ધ્યાન કરતો શ્રાવક ગભારામાં રહેલા, જમણી બાજુમાં રહેલા, પાછળના ભાગમાં રહેલા, ડાબી બાજુમાં રહેલા એમ ત્રણ દિશામાં રહેલા બિંબત્રયને વંદન કરે છે. આથી જ સર્વ પણ ચૈત્યનું સમવસરણની રચનાનું સ્થાનીયપણું હોવાથી ગભારાની બહારના ભાગમાં દિશાત્રયમાં મૂલબિંબના નામવાળાં બિંબો કરાય છે. અને આ રીતે અરિહંતની પૂંઠનું વર્જન કરવું જોઈએ. એ પ્રમાણે કહેવાયેલો અરિહંતને પીઠના નિવાસનો દોષ પણ ચાર દિશામાં નિવર્તન પામે છે. ત્યાર પછી ચૈત્યનું પ્રમાર્જન, પોતકલેખ્યકાદિ વક્ષ્યમાણ યથોચિત ચિંતાપૂર્વક વિહિત સકલ પૂજા સામગ્રીવાળો શ્રાવક જિનગૃહના વ્યાપારના નિષેધરૂપ બીજી નૈષેધિકીને મુખ્ય મંડપાદિમાં કરીને મૂલબિંબને પ્રણામત્રયપૂર્વક પૂર્વોક્ત વિધિથી પૂજા કરે છે. જે પ્રમાણે ભાષ્ય છે –

"ત્યાર પછી નિસીહિથી મંડપમાં પ્રવેશ કરીને જિન આગળ પૃથ્વીમાં નિહિત જાનુ અને હાથવાળો શ્રાવક વિધિથી પ્રણામતિગને કરે છે." ।।૧।।

"ત્યાર પછી હર્ષથી ઉલ્લસિત થતો, કરાયેલા મુખકોશવાળો જિનેન્દ્ર પ્રતિમાનું રાતનું વાસી નિર્માલ્ય મોરપીંછીથી દૂર કરે." ।।૨।।

"ત્યાર પછી જિનગૃહનું પ્રમાર્જન કરે. અથવા અન્ય પાસે કરાવે. ત્યાર પછી વિધિપૂર્વક યથાયોગ્ય જિનબિંબોની પૂજાને કરે." ।।૩।। **(ચૈત્યવંદનમહાભાષ્ય ૧૯૩-૫)**

અને અહીં=સંઘચૈત્યમાં, વિશેષથી શુદ્ધ ગંધવાળા પાણીથી પ્રક્ષાલન, કેસરમિશ્ર ગોશીર્ષચંદનથી વિલેપન, અંગની રચના, ગોરોચન કસ્તૂરી આદિથી પત્રની રચનાનું કરણ, જુદી જુદી જાતિની પુષ્પમાલાનું આરોપણ, ચીનાશુંક વસ્ત્રનું પરિધાપન, કૃષ્ણાગરુ મિશ્ર કપુરનું દહન, અનેક દીપનું ઉદ્યોતન, સ્વચ્છ અખંડ અક્ષતથી અષ્ટમંગલનું આલેખન, વિચિત્ર પુષ્પગૃહ રચનાદિ કર્તવ્ય છે. અને જો પૂર્વે કોઈકના વડે પૂજા કરાયેલી હોય તો વિશિષ્ટ અન્ય પૂજાસામગ્રીના અભાવમાં તે અંગરચનાને દૂર કરે નહિ; કેમ કે ભવ્યજીવોને તેના દર્શનજન્ય પુણ્યાનુબંધી પુણ્યબંધના અંતરાયનો પ્રસંગ થાય. પરંતુ તેને જ=પૂર્વમાં કોઈકના વડે કરાયેલી અંગરચનાને જ અતિશયિત કરે. જે કારણથી બૃહદ્‌ભાષ્ય છે –

"પૂર્વમાં જ કોઈકના વડે સુવૈભવથી કરાયેલી પૂજા હોય તેને પણ સવિશેષ શોભાવાળું જે પ્રમાણે થાય તે તે પ્રમાણે કરવું જોઈએ." ।।૧।।

"આ રીતે=પૂર્વની કોઈકની અંગરચનામાં વિશેષ શોભાને કરવામાં આવે એ રીતે નિર્માલ્યના લક્ષણનો અભાવ હોવાથી=પૂર્વમાં કોઈકની કરાયેલી અંગરચનામાં નિર્માલ્યના લક્ષણનો અભાવ હોવાથી, નિર્માલ્ય પણ કહેવાતું નથી; કેમ કે ભોગવિનષ્ટ દ્રવ્ય નિર્માલ્ય છે એ પ્રમાણે ગીતાર્થો કહે છે." ।।૨।।

"આથી જ જિનેશ્વરોને જે પ્રમાણે વસ્ત્ર આભરણાદિનું અને બાજુબંધ-કુંડલ આદિનું ફરી પણ આરોપણ કરાય છે તે પ્રમાણે કોઈકની કરાયેલી પૂજાને વિશેષ પ્રકારે કરાય છે." ।।૩।।

"અન્યથા=કોઈકની કરાયેલી આંગીને અતિશય વિશેષ કરવાની વિધિ ન હોય તો એક કાષાયિક વસ્ત્રથી જિનેશ્વરની એકસો આઠ (૧૦૮) પ્રતિમાને લૂછતા વિજયાદિ દેવો શાસ્ત્રમાં કેમ વર્ણન કરાયા છે ?" ।।૪।।

આ રીતે મૂલબિંબની વિસ્તારપૂર્વક પૂજા કર્યા પછી સૃષ્ટિથી=વૈભવથી, સર્વ બીજા બિંબની પૂજા યથાયોગ્ય કરવી જોઈએ. દ્વારના બિંબની અને સમવસરણના બિંબની પૂજા પણ મુખ્યબિંબની પૂજાદિ કર્યા પછી ગર્ભગૃહના નિર્ગમન સમયમાં કર્તવ્ય છે. એ પ્રમાણે સંભાવના છે પરંતુ પ્રવેશ વખતે નહિ. વળી, નજીકમાં પૂજાદિ કરવાનાં છે તેવાં પ્રતિમાઓને, પૂર્વમાં પણ=મૂળનાયકને પ્રણામ કરતા પૂર્વમાં પણ, પ્રણામ માત્ર યુક્ત છે; કેમ કે ત્રીજા ઉપાંગની સાથે અવિસંવાદિની એવી સંઘાચારમાં કહેવાયેલ વિજયદેવની વક્તવ્યતામાં આ રીતે જ પ્રતિપાદન છે. તે આ પ્રમાણે –

"ત્યાર પછી સુધર્મા સભામાં જવા માટે, જિનની દાઢાના દર્શન થયે છતે પ્રણામ કરીને દાબડાને ઉઘાડીને મોરપીંછીથી પ્રમાર્જના કરે." ।।૧।।

"સુગંધીજલ વડે એકવીસ વખત પ્રક્ષાલ કરીને ગોશીર્ષચંદન વડે અનુલેપ કરીને ત્યાર પછી પુષ્પો વડે વિજયદેવ અર્ચન કરે છે." ।।૨।।

"ત્યાર પછી દ્વાર-પ્રતિમાની પૂજાને કરીને પાંચ સભાઓમાં પૂર્વની જેમ પૂજા કરે છે. દ્વાર અર્ચનાદિ શેષ ત્રીજા ઉપાંગથી જાણવું." ।।૩।। **(સંઘાચારવૃત્તિ પ. ૬૧ ગા. ૪૮-૫૦)**

તે કારણથી મૂલનાયકની પૂજા સર્વ પ્રતિમાઓથી પણ પૂર્વે સવિશેષ કરવી જોઈએ. કહેવાયું પણ છે –

"વળી ઉચિતપણું પૂજામાં મૂલબિંબનું વિશેષકરણ છે. જે કારણથી લોકની દૃષ્ટિ મન સહિત પ્રથમ ત્યાં=મૂળનાયક ઉપર પડે છે." ।।૧।।

શિષ્ય પૃચ્છા કરે છે –

"એકને=મૂળનાયકને, પૂજા-વંદનાદિ કરીને શેષને પૂજાદિ કરવામાં લોકનાથોનો નાયક-સેવકભાવ કરાયેલો થાય છે." ।।૨।।

"એકની શ્રેષ્ઠ પૂજા કરે છે બીજાની થોડી પૂજા કરે છે. આ પણ મહા અવજ્ઞા નિપુણબુદ્ધિથી જણાય છે." ।।૩।।

તેનો ઉત્તર આચાર્ય આપે છે –

"સમાન પરિવારને પ્રાતિહાર્યને જોનાર અને જાણનાર પુરુષને આ જિનપ્રતિમાઓમાં નાયક-સેવક બુદ્ધિ થાય નહિ." ।।૪।। **(ચૈત્યવંદનમહાભાષ્ય ૧૯૭, સંબોધપ્ર. દેવાધિકાર ૬૦)**

"વળી આ મૂળનાયક પ્રથમ પ્રતિષ્ઠિત છે. એ પ્રકારનો વ્યવહાર છે. તેના વડે વળી નાયકભાવ, શેષ જિનપ્રતિમાઓની અવજ્ઞા નથી." ।।૫।।

"ઉચિત પ્રવૃત્તિ કરનારા પુરુષને=ભાવવૃદ્ધિને અનુકૂળ દૃઢ પ્રયત્ન કરવા અર્થે ઉચિત પ્રવૃત્તિ કરનાર પુરુષને, એક પ્રતિમાનાં વંદન-પૂજન-બલિ ઢોકન કરાયે છતે આશાતના જોવાઈ નથી=બીજા તીર્થંકરોની આશાતના જોવાઈ નથી." ।।૬।।

"જે પ્રમાણે માટીની પ્રતિમાને પુષ્પાદિથી પૂજા ઉચિત છે. સુવર્ણાદિથી નિર્મિત પ્રતિમાઓને મજ્જનાદિ વડે=પ્રક્ષાલાદિ વડે પૂજા ઉચિત છે." ।।૭।।

"જે પ્રમાણે કલ્યાણકાદિ કાર્યથી એક પ્રતિમાની વિશેષપૂજા કરવામાં પણ શેષ પ્રતિમાઓમાં ધાર્મિકજનને અવજ્ઞાનો પરિણામ નથી." ।।૮।। **(ચૈત્યવંદનમહાભાષ્ય ૧૯૭, ૩૯, ૪૦, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪)**

"આ રીતે ઉચિત પ્રવૃત્તિ કરતા શ્રાવકને જે પ્રમાણે અવજ્ઞા થતી નથી તે પ્રમાણે મૂલબિંબની પૂજાના વિશેષકરણમાં પણ તે નથી=અન્ય પ્રતિમાઓની અવજ્ઞા નથી." ।।૯।।

"જિનભવનના બિંબની પૂજા જિનોના માટે શ્રાવકો કરતા નથી પરંતુ શુભભાવના નિમિત્તે બીજા બુદ્ધિશાળીના બોધ માટે કરે છે." ।।૧૦।।

"કેટલાક ચૈત્યઘરથી બોધ પામે છે. કેટલાક પ્રશાંત રૂપ એવા બિંબથી બોધ પામે છે. અન્ય પૂજાના ઐશ્વર્યથી બોધ પામે છે. અન્ય ઉપદેશથી બોધ પામે છે." ।।૧૧।। **(સંબોધપ્ર. દેવાધિ. ૬૧-૭૧, ચૈત્યવંદનમહાભાષ્ય ૧૪૨-૩)**

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

પૂર્વમાં=પ્રથમ, યુક્તિવાળી જ મૂળબિંબની પૂજા છે. એથી પ્રસંગથી સર્યું. સવિસ્તર પૂજાના અવસરમાં નિત્ય અને વિશેષથી પર્વ દિવસોમાં ૩-૫-૭ કુસુમાંજલિના પ્રક્ષેપાદિપૂર્વક ભગવાનનું સ્નાત્ર કરવું જોઈએ. ત્યાં આ વિધિ યોગશાસ્ત્ર વૃત્તિ અને શ્રાદ્ધવિધિની વૃત્તિમાં લખાયેલી છે.

સવારમાં પ્રથમ નિર્માલ્ય ઉત્સારણ, પ્રક્ષાલન, સંક્ષેપપૂજા, આરતી અને મંગળદીવો, ત્યાર પછી સ્નાત્રાદિ સવિસ્તર દ્વિતીય પૂજાના પ્રારંભમાં દેવની આગળ કેસર-જલથી યુક્ત કળશ સ્થાપન કરવો જોઈએ. ત્યાર પછી

"મૂક્યો છે અલંકારનો સમૂહ જેમણે એવું સૌમ્યત્વ અને કાંતિથી કમનીય સહજ નિજરૂપથી નિર્જિત જગત્ત્રયવાળું જિનબિંબ અમારું રક્ષણ કરો." ॥૧॥ **એ પ્રમાણે કહીને અલંકારો ઉતારવા જોઈએ.**

"દૂર કરાયેલા કુસુમના સમૂહવાળું પ્રકૃતિથી પ્રતિષ્ઠિત મનોહર છાયાવાળું જિનબિંબ મજ્જનપીઠ પર સ્થાપિત અમને શિવને આપો." ॥૨॥ **એ પ્રમાણે કહીને નિર્માલ્ય ઉતારવું જોઈએ.**

ત્યાર પછી પૂર્વમાં કહેલા કળશોનું ઢાલન=કળશોથી ભગવાનનો અભિષેક અને પૂજા, હવે સ્વચ્છ ધૂપિત કળશોમાં સ્નાત્ર યોગ્ય સુગંધી જલનો ક્ષેપ કરવો, શ્રેણીથી તેઓનું વ્યવસ્થાપન=શ્રેણીથી કળશોનું સ્થાપન, અને સુંદર વસ્ત્રોથી આચ્છાદન=કળશોનું આચ્છાદન, ત્યાર પછી પોતાના પોતાના ચંદન-ધૂપાદિથી કરાયેલા તિલક હસ્તકંકણવાળા હસ્તથી ધૂપનાદિ કૃત્યવાળા શ્રેણીમાં રહેલા શ્રાવકો કુસુમાંજલિના પાઠોને બોલે છે. ત્યાં

"શતપત્ર, કુંદ, માલતી, બહુવિધ કુસુમાદિરૂપ પંચવર્ણાદિ સ્વરૂપ કુસુમાંજલિને હર્ષિત થયેલા દેવો જિનનાથના ન્હવણકાલમાં આપે છે." ॥૧॥ **એ પ્રમાણે કહીને દેવના=જિનપ્રતિમાના મસ્તક ઉપર પુષ્પોનું આરોપણ કરવું.**

"ગંધથી આવર્જિત ભમરાઓના મનોહર ઝંકારના શબ્દથી સંગીતવાળા જિનેશ્વરોનાં ચરણો ઉપર મૂકાયેલી કુસુમાંજલિ તમારા દુરિતને દૂર કરો." ॥૧॥

ઈત્યાદિ પાઠોથી પ્રતિ ગાથાદિ પાઠને કરીને જિનના ચરણની ઉપર એક શ્રાવકે કુસુમાંજલિનાં પુષ્પો મૂકવાં જોઈએ. અને સર્વ કુસુમાંજલિના પાઠોમાં તિલક, પુષ્પ, પત્ર, ધૂપાદિનો વિસ્તાર જાણવો. ત્યાર પછી ઉદાર મધુર સ્વરથી અધિકૃત જિનજન્મના અભિષેકના કળશનો પાઠ કરવો જોઈએ. ત્યાર પછી ઘી-ઈક્ષુરસ-દૂધ-દહીં-સુગંધીજલવાળા પંચામૃત વડે સ્નાત્ર કરવું જોઈએ=પંચામૃત વડે ભગવાનનો પ્રક્ષાલ કરવો જોઈએ. અને ભગવાનના પ્રક્ષાલના અંતરાલોમાં ધૂપ કરવો જોઈએ. સ્નાત્રકાલમાં પણ જિનના મસ્તક પર પુષ્પો વડે અશૂન્ય કરવું જોઈએ=ઘણાં પુષ્પો મૂકવાં જોઈએ. જેને વાદિવૈતાલ શ્રી શાંતિસૂરિ કહે છે –

"સ્નાત્રની પરિસમાપ્તિ સુધી ભગવાનના મસ્તક ઉપર અશૂન્ય=સતત, ઉત્તમ પુષ્પોથી આંતરા સહિત પાણીની ધારાના પાતને કરવો જોઈએ." **(અર્હદ્ અભિષેક પર્વ-૩, શ્લોક-૪)**

અને સ્નાત્ર કરાયે છતે સતત ચામર-સંગીત-વાજિંત્ર આદિનો આડંબર સર્વ શક્તિથી કરવો

જોઈએ. બધા વડે સ્નાત્ર=પ્રક્ષાલ, કરાયે છતે ફરી સ્નાત્ર નહિ કરવા માટે=ફરી પ્રક્ષાલ નહિ કરવા માટે, શુદ્ધ જલ વડે ધારા કરવી જોઈએ. તેનો પાઠ આ છે.

"ધ્યાનમંડળના અગ્ર એવા પુરુષની ધારાની જેમ ભગવાનને કરાતા અભિષેકના પાણીની ધારા અત્યંત પણ ભાવરૂપ ભવનની ભીંતોના ભાગોને તોડનારી થાઓ." **(અર્હદ્અભિષેક પર્વ-૩, શ્લોક-૧૨)**

ત્યાર પછી અંગલૂંછણા-વિલેપનાદિ પૂજા પૂર્વની પૂજાથી અધિક કરવી જોઈએ. સર્વ પ્રકારે ધાન્ય, પક્વાન્ન, શાક, વિગઈ, ફલાદિ વડે બલિનું અર્પણ કરવું જોઈએ. જ્ઞાનાદિરત્નત્રયથી યુક્ત એવા શ્રાવકે લોકત્રયના અધિપતિ એવા ભગવાનની આગળ ત્રણ પુંજ કરવા ઉચિત છે=ધાન્યાદિના ત્રણ પુંજો કરવા ઉચિત છે. પ્રથમ, શ્રાવકે વૃદ્ધ અને નાનાની વ્યવસ્થાથી, ત્યાર પછી શ્રાવિકાઓએ સ્નાત્રપૂજાદિ કરવી જોઈએ. અને જિનજન્મમહોત્સવમાં પણ સ્વપરિવારથી યુક્ત અચ્યુત ઈન્દ્ર પૂર્વમાં સ્નાત્રપૂજાદિ કરે છે. ત્યાર પછી યથાક્રમ અન્ય ઈન્દ્રો સ્નાત્રાદિ કરે છે. અને સ્નાત્રજલનું પણ શેષની જેમ મસ્તકાદિ પર ક્ષેપ કરાયે છતે પણ દોષની સંભાવના કરવી જોઈએ નહિ. જે કારણથી હેમશ્રીવીર ચરિત્રમાં કહેવાયું છે –

"સુર-અસુર-નાગદેવો વારંવાર વંદન કરતા હતા અને વળી તે અભિષેક જલને પોતાના સર્વ અંગ પર નાખતા હતા." ॥૧॥

શ્રી પદ્મચરિત્રમાં પણ ઓગણત્રીશ (૨૯) ઉદ્દેશમાં અષાઢ સુદ અષ્ટમીથી આરંભીને દશરથરાજા વડે કરાયેલા અષ્ટાહ્નિકા ચૈત્યના સ્નાત્રના મહાધિકારમાં કહેવાયું છે –

"તે ન્હવણ સંબંધી જલ રાજા વડે પોતાની રાણીઓને મોકલાવાયું અને તરુણ એવી સ્ત્રીઓએ ગ્રહણ કરીને મસ્તક ઉપર છાંટ્યું જ." ॥૧॥

"કંચુકીના હાથથી ગ્રહણ કરાયેલું ગંધોદક=સ્નાત્રજલ, જ્યારે ચિરકાળે આવે છે ત્યારે પટ્ટરાણી શોક અને ક્રોધને પામી." ॥૨॥

ઇત્યાદિ

"ક્રોધ પામેલી તે પટ્ટરાણી તે શાંતિજલ વડે કંચુકીથી અભિસિંચન કરાઈ ત્યાર પછી શાંત થયેલા માનસ અગ્નિવાળી પ્રસન્ન હૃદયવાળી થઈ." ॥૩॥

બૃહત્ શાંતિસ્તવમાં પણ 'શાંતિનું પાણી મસ્તકે નાખવું જોઈએ.' એ પ્રમાણે કહેવાયું છે.

સંભળાય પણ છે – જરાસંધથી મૂકાયેલ જશના ઉપદ્રવવાળા સ્વસૈન્યને શ્રી નેમનાથ ભગવાનની વાણીથી કૃષ્ણ દ્વારા આરાધના કરાયેલ નાગેન્દ્રથી પાતાલમાં રહેલ શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાને શંખેશ્વરપુરમાં લાવીને તેના સ્નપનના પાણી વડે=જિનપ્રતિમાના સ્નાનના પાણી વડે, પટુ કર્યું=પોતાના સૈન્યને પટુ કર્યું. જિનદેશનાના સમવસરણમાં રાજાદિ વડે પ્રક્ષિપ્ત ક્રૂર રૂપવાળા બલિને અર્ધપતિત દેવો ગ્રહણ કરે છે. તેનો અર્ધનો અર્ધ ભાગ રાજા ગ્રહણ કરે છે. વળી શેષ, લોકો ગ્રહણ કરે છે. મસ્તક ઉપર નંખાયેલા તેના સિંચનથી પણ=સ્નાત્રજલના સિંચનથી પણ, વ્યાધિ ઉપશાંત

થાય છે. અને ૬ માસ સુધી અન્ય=બીજો વ્યાધિ, થતો નથી. એ પ્રમાણે આગમમાં પણ કહેવાયું છે. ત્યાર પછી સદ્‌ગુરુથી પ્રતિષ્ઠિત ઘણા મહોત્સવપૂર્વક લાવેલ દુકૂલાદિમય મહાધ્વજ પ્રદક્ષિણા ત્રયાદિની વિધિથી પ્રદેય છે=જિનાલયમાં અર્પણ કરવો જોઈએ. અને સર્વ વડે યથાશક્તિ પરિધાપનિકા=વસ્ત્રાદિ, મૂકવાં જોઈએ. ત્યાર પછી મંગલદીવા સહિત આરતી અરિહંતની આગળ કરવી જોઈએ અને આસન્ન એવું વલ્લિપાત્ર સ્થાપન કરવું જોઈએ. ત્યાં=વલ્લિપાત્રમાં, લવણ અને જલનો પાત કરાશે.

"તીર્થપ્રવર્તનના સમયમાં ત્રિદશોથી મૂકાયેલી=દેવોથી મૂકાયેલી, જિનેશ્વરના મુખના લાવણ્યથી સંવલિત કુસુમવૃષ્ટિ તમારા મંગલને ઉપનયન કરો." ॥૧॥

એ પ્રમાણે કહીને પ્રથમ કુસુમવૃષ્ટિ કરવી જોઈએ. ત્યાર પછી

"મુનિપતિ એવા ભગવાનને પયાહિણ કરીને=હાથમાં લૂણ રાખીને પ્રદક્ષિણા કરીને, પ્રતિભગ્ન પ્રસરવાળું પોતાના ખારાશપણાથી લજ્જિત એવું લૂણ હુઅવધમાં=અગ્નિકુંડમાં, પડે છે તે જુઓ."

ઈત્યાદિ પાઠ વડે વિધિથી જિનની ત્રણ વખત પુષ્પ સહિત લવણ-જલ ઉત્તારણાદિ કરવું જોઈએ. ત્યાર પછી સૃષ્ટિથી આરાત્રિકની પૂજા કરીને બંને બાજુથી ધૂપ સહિત ઉત્ક્ષેપ કરે. અને કળશ સહિત જલધારાને ચારે બાજુ અત્યંત કરે અને શ્રાવકો વડે પ્રકીર્યમાણ પુષ્પોની પ્રકરવાળી આરાત્રિકને "મરકતમણિથી મંડિત વિશાલ થાલવાળા માણિક્યથી મંડિત એવા પ્રદીપ ન્હવણપર એવા કરથી ઉત્ક્ષિપ્ત એવી આરાત્રિક હે જિન ! તમારી આગળ ભમો." **ઈત્યાદિ પાઠપૂર્વક પ્રધાન ભાજનમાં રહેલી આરાત્રિક સોત્સવ=ઉત્સવપૂર્વક, ત્રણ વખત શ્રાવકો વડે ઉતારાય છે. જે ત્રિષષ્ટિ આદિ ચરિત્રમાં કહેવાયું છે –**

"કૃતકૃત્યની જેમ પુરંદર=ઈન્દ્ર, કંઈક પાછળ ખસીને જગદ્‌ભર્તાની આગળ જઈને આરાત્રિકને ગ્રહણ કરે છે." ॥૧॥

"તેના કારણે=ઈન્દ્રએ હાથમાં આરતી ગ્રહણ કરી તેના કારણે, કૌશિક=ઈન્દ્ર, ચાલતા દીવાની જ્યોતિથી, શોભવા લાગ્યો, જેમ દેદીપ્યમાન ઔષધિવાળા શિખરથી મેરુપર્વત શોભે છે." ॥૨॥

"શ્રદ્ધાળું એવા દેવતાઓ વડે પ્રકીર્ણ એવાં કુસુમોના=પુષ્પોના, સમૂહને ઉછાળાયા. ત્યાર પછી ઈન્દ્રે ભર્તાની=ભગવાનની, આરતી ઉતારી." ॥૩॥ **(ત્રિષષ્ટિ પર્વ ૧/૫૯૮-૬૦૦)**

મંગળદીવો પણ આરતીની જેમ પૂજાય છે.

"હે જિન ! કૌશાંબી સંસ્થિત એવા તમારા દર્શન માટે સોમ=ચંદ્ર, અને દિનકરની જેમ મઉલિક પ્રદીપ જેવો મંગળદીવો પ્રદક્ષિણા કરે છે=તમારી પ્રદક્ષિણા કરે છે." ॥૧॥

"હે નાથ ! દેવાંગનાઓ વડે તમારી સન્મુખ ભ્રમણ કરાતો મંગલદીવો મેરુપર્વતને પ્રદક્ષિણા દેતા સૂર્યની જેમ શોભે છે." ॥૨॥

એ પાઠપૂર્વક તે પ્રમાણે જ=આરતીની જેમ જ, ઉતારાય છે=મંગળદીવો ઉતારાય છે. દેદીપ્યમાન એવો મંગળદીવો જિનચરણની આગળ મૂકાય છે. વળી, આરાત્રિક બુઝાવાય છે તેમાં દોષ નથી.

અને પ્રદીપ આરાત્રિક આદિ મુખ્યવૃત્તિથી ઘી-ગોળ-કપૂરાદિથી કરાય છે; કેમ કે વિશેષ ફલપણું છે. લોકમાં પણ કહેવાયું છે.

"દેવની આગળ કપૂરથી દીપકનું પ્રજ્વાલન કરીને=દીપકને પ્રગટાવીને, અશ્વમેધને પ્રાપ્ત કરે છે. અને કુલનો સમુદ્ધાર કરે છે."

અહીં=સ્નાત્રપૂજામાં, मुक्तालङ्कारेत्यादिगाथाः श्रीहरिभद्रसूरिकृताः संभाव्यन्ते, तत्कृतसमरादित्यचरित्रग्रन्थस्यादौ (પ્રત નં. ૪૫) ઇત્યાદિ ગાથા શ્રી હરિભદ્રસૂરિકૃત સંભાવના કરાય છે; કેમ કે તત્કૃત સમરાદિત્યચરિત્ર ગ્રંથની આદિમાં 'उवणेउ मंगलं वो' इति नमस्कारदर्शनात्, एताश्च गाथाः श्रीतपापक्षादौ प्रसिद्धा इति न सर्वा लिखिताः । (પ્રત નં. ૪૮) 'તમારું મંગલ ઉપનયન કરો' એ પ્રકારનું નમસ્કારનું દર્શન છે અને આ ગાથાઓ શ્રી તપાગચ્છ આદિમાં પ્રસિદ્ધ છે. એથી સર્વ લખાઈ નથી અર્થાત્ કોનાથી કરાઈ છે તે લખાઈ નથી.

સ્નાત્રાદિમાં સામાચારીવિશેષથી જુદા જુદા પ્રકારની વિધિનું દર્શન હોવા છતાં પણ વ્યામોહ કરવો જોઈએ નહિ; કેમ કે અરિહંત ભક્તિના ફલનું જ સર્વનું સાધ્યપણું છે=સર્વ સ્નાત્રની વિધિઓનું સાધ્યપણું છે. ગણધરાદિની સામાચારીમાં પણ ઘણા ભેદો પ્રાપ્ત થાય છે. તેના કારણે જે જે ધર્માદિ અવિરુદ્ધ અરિહંતભક્તિનું પોષક છે તે તે કોઈને પણ અસંમત નથી એ રીતે સર્વ ધર્મકૃત્યમાં પણ જાણવું. અહીં લવણ-આરાત્રિક આદિનું ઉત્તારણ સંપ્રદાયથી સર્વ ગચ્છોમાં અને પરદર્શનોમાં પણ સૃષ્ટિથી જ કરાતું દેખાય છે. શ્રી જિનપ્રભસૂરિકૃત પૂજાવિધિમાં વળી આ પ્રમાણે કહેવાયું છે –

"લવણાદિ ઉત્તારણ પાલિત્તયસૂરિ=પાદલિપ્તસૂરિ આદિ પૂર્વ પુરુષો વડે સંવ્યવહારથી અનુજ્ઞાત પણ વર્તમાનમાં સૃષ્ટિથી કરાય છે."

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને સર્વ પ્રકારની સવિસ્તારવાળી પૂજા પ્રભાવનાદિના સંભવથી સ્નાત્રના કરણમાં પ્રેત્ય=જન્માંતરમાં, પ્રકૃષ્ટ ફળ સ્પષ્ટ છે. અને જિનજન્મના સ્નાત્રને કરનારા ચોસઠ ઇન્દ્રોના અનુસરણના કરણાદિ છે એથી અહીં પણ=મનુષ્યલોકમાં પણ, સ્નાત્રવિધિ છે. અને પ્રતિમા ઘણા પ્રકારની છે. તેની પૂજાની વિધિવિષયક સમ્યક્ત્વપ્રકરણમાં આ પ્રમાણે કહેવાયું છે –

"કેટલાક ગુરુકારિત પ્રતિમાના તં=તેને=પૂજાવિધાનને, કહે છે. અન્ય સ્વયંકારિત પ્રતિમાના પૂજાવિધાનને કહે છે. અન્ય વિધિકારિતપ્રતિમાના પૂજાના વિધાનને કહે છે."

વ્યાખ્યા :-

ગુરુઓ=માતા-પિતા-દાદા આદિ વડે કરાયેલી પ્રતિમાના પૂજાના વિધાનને કેટલાક કહે છે એમ અન્વય છે. અન્ય સ્વયંકારિત એવી પ્રતિમાના પૂજાના વિધાનને કહે છે એમ અન્વય છે. વળી, અન્ય વિધિકારિત પ્રતિમાનું તે=પૂર્વમાં કહેલા પૂજાવિધાનને, કર્તવ્ય કહે છે તે બતાવવા માટે 'कर्तव्यमिति शेषः' કહે છે. વળી અવસ્થિત પક્ષ ગુરુ આદિ કૃતત્વનું અનુપયોગીપણું હોવાથી મમત્વ આગ્રહ રહિતથી સર્વ પ્રતિમાઓ અવિશેષથી પૂજવી જોઈએ=સમાન રીતે

પૂજવી જોઈએ. (શ્રાદ્ધવિધિ વૃત્તિ પ. ૫૯-૬૦)

અને આ રીતે=બધી પ્રતિમાઓને સમાન રીતે પૂજવી જોઈએ. એ રીતે, અવિધિથી કરાયેલી પ્રતિમાને પૂજવાથી તેની અનુમતિના દ્વારા=અવિધિની અનુમતિ દ્વારા, આજ્ઞાભંગ લક્ષણદોષની આપત્તિ નથી; કેમ કે આગમનું પ્રામાણ્ય છે. તે આ પ્રમાણે શ્રી કલ્પ બૃહદ્‌ભાષ્યમાં કહેવાયું છે –

"નિશ્રાકૃત-અનિશ્રાકૃત સર્વ ચૈત્યમાં ત્રણ સ્તુતિ કરવી જોઈએ. વેલાને અને ચૈત્યોને જાણીને એક-એક પણ કરવી જોઈએ."

નિશ્રાકૃત=ગચ્છ પ્રતિબદ્ધ, અનિશ્રાકૃત=તદ્ વિપરીત=ગચ્છ અપ્રતિબદ્ધ, સર્વ ચૈત્યમાં ત્રણ સ્તુતિ કરાય છે અને પ્રતિચૈત્ય સ્તુતિત્રય અપાયે છતે વેલાનો અતિક્રમ થાય છે. અથવા ત્યાં ઘણાં ચૈત્યો છે તો વેલાને અને ચૈત્યોને જાણીને પ્રતિચૈત્યને એક-એક પણ સ્તુતિ આપવી જોઈએ. આ ચૈત્યગમન, પૂજા, સ્નાત્રાદિવિધિ સર્વ પણ ઋદ્ધિપ્રાપ્ત શ્રાવકને આશ્રયીને કહેવાઈ છે; કેમ કે તેને જ આટલા યોગોનો સંભવ છે=ઋદ્ધિપ્રાપ્ત શ્રાવકને જ આટલા સર્વ આચારોનો સંભવ છે. વળી અરુદ્ધિપ્રાપ્ત શ્રાવક=ધનના વૈભવ વગરનો શ્રાવક, સ્વગૃહમાં સામાયિક ગ્રહણ કરીને કોઈની પણ સાથે ઋણના વિવાદ આદિનો અભાવ હોતે છતે ઈર્યાસમિતિમાં ઉપયુક્ત સાધુની જેમ ચૈત્યમાં જાય છે. અને પુષ્પાદિ સામગ્રીના અભાવને કારણે દ્રવ્યપૂજામાં અસમર્થ એવો શ્રાવક સામાયિકને પારીને કાયાથી જો પુષ્પાદિના ગૂંથવા આદિનું કાર્ય કર્તવ્ય થાય તો તે કરે છે અને સામાયિકના ત્યાગથી દ્રવ્યસ્તવનું કરણ અનુચિત છે એમ શંકા ન કરવી; કેમ કે સામાયિકનું સ્વાધીનપણું હોવાથી શેષકાળમાં પણ સુકરપણું છે. અને ચૈત્યકૃત્યનું સમુદાયને આધીનપણું હોવાથી કદાચિત્‌પણું છે. અને દ્રવ્યસ્તવનું પણ શાસ્ત્રમાં મહાફલત્વનું પ્રતિપાદન છે. જે કારણથી 'પદ્મચરિત્ર'માં કહેવાયું છે –

"મનથી=મનથી જવાના વિચારમાત્રથી, ચતુર્થ થાય છે=ઉપવાસનું ફળ થાય છે. છટ્ઠનું ફળ ઊભા થયેલાને થાય છે. ગમનના પ્રારંભમાં અટ્ઠમના ઉપવાસનું ફળ થાય છે." ॥૧॥

"ગમનમાં વળી દસ ભક્ત=૪ ઉપવાસનું ફળ થાય છે. તે રીતે બાર ભક્તનું=૫ ઉપવાસનું ફળ, ગયે છતે થાય છે. કંઈક મધ્યમાં=જિનાલયના માર્ગના મધ્યમાં, પંદર ઉપવાસનું ફળ થાય છે અને જિનપ્રતિમા જોવાયે છતે માસોપવાસ થાય છે." ॥૨॥

"જિનભવનને સંપ્રાપ્ત પુરુષ છ માસના ઉપવાસના ફળને પ્રાપ્ત કરે છે. વળી એક વર્ષના ઉપવાસનું ફળ દ્વારના દેશમાં રહેલો પ્રાપ્ત કરે છે." ॥૩॥

"પ્રદક્ષિણાથી ૧૦૦ વર્ષના તેના ફળને=૧૦૦ વર્ષના ઉપવાસના ફળને પ્રાપ્ત કરે છે. ત્યાર પછી જિનની પૂજા કરાયે છતે હજાર વર્ષના તપના ફળને પ્રાપ્ત કરે છે. જિનની સ્તુતિ કરાયે છતે અનંત પુણ્ય પ્રાપ્ત કરે છે." ॥૪॥

"પ્રમાર્જનામાં=જિનપ્રતિમાની પ્રમાર્જનામાં, સો વર્ષના ઉપવાસનું પુણ્ય પ્રાપ્ત થાય છે. વિલેપનમાં=જિનપ્રતિમાના વિલેપનમાં હજાર વર્ષના ઉપવાસનું ફળ મળે છે. માલાના આરોપણમાં સો હજાર વર્ષના તપના ફળને પ્રાપ્ત કરે છે. ગીતવાદમાં અનંત ફળને પ્રાપ્ત કરે છે."

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને પ્રસ્તાવના કરાયે છતે=દ્રવ્યસ્તવ કરાયે છતે, વિશેષ પુણ્યલાભ છે. જે કારણથી આગમ છે.

"જીવોને બોધિનો લાભ, સમ્યગ્દૃષ્ટિને પ્રીતિનું કરણ, આજ્ઞા, જિનેશ્વરની ભક્તિ અને તીર્થની પ્રભાવના પ્રસ્તાવમાં દ્રવ્યસ્તવ કરાયે છતે પ્રાપ્ત થાય છે. એમ અધ્યાહાર છે."

આ રીતે=પ્રસ્તાવ અનુસાર જિનપૂજાદિ કૃત્ય કરવામાં વિશેષ પુણ્યનો લાભ છે એમ પૂર્વમાં કહ્યું એ રીતે, અનેક ગુણો છે=દ્રવ્યસ્તવમાં અનેકગુણો છે. તેથી તે જ કર્તવ્ય છે=સામાયિક પારીને પ્રસ્તાવને અનુરૂપ દ્રવ્યસ્તવ જ કર્તવ્ય છે. જે કારણથી 'દિનકૃત્ય'માં કહેવાયું છે –

"આ પ્રમાણેની આ સર્વ વિધિ ઋદ્ધિવાળા શ્રાવકને આશ્રયીને કહેવાઈ છે. ઇતર=ઋદ્ધિ વગરનો શ્રાવક, પોતાના ઘરમાં સામાયિકને કરીને જાય=સામાયિક ગ્રહણ કરીને જિનાલયમાં જાય." ॥૧॥

"જો કોઈનું ઉધાર ન હોય અને વિવાદ વિદ્યમાન ન હોય તો સાધુની જેમ ઉપયુક્ત જિનમંદિરમાં જાય." ॥૨॥

"કાયાથી જો કંઈક જિનમંદિરમાં કર્તવ્ય છે તો સામાયિકને પારીને કરણીયને કરે." **(શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૭૭-૭૯)**

અને અહીં સૂત્રમાં=શ્લોક-૬૧માં, વિધિથી જિનનું પૂજન અને વંદન એ પ્રમાણે કહેવાથી દસ ત્રિક આદિ ચોવીશ (૨૪) મૂલદ્વારો વડે ભાષ્યાદિ ઉક્ત સંપૂર્ણ વંદનાવિધિ ઉપલક્ષિત છે. અને તે=ભાષ્ય આદિની વિધિ, આ પ્રમાણે છે.

"ત્રણ નિસોહી વળી ત્રણ પ્રદક્ષિણા અને ત્રણ પ્રણામ તથા ત્રણ પ્રકારની પૂજા અને અવસ્થા ત્રિકનું ભાવન=ભગવાનની ત્રણ અવસ્થાનું ભાવન છે." ॥૧॥

"ત્રણ દિશામાં નિરીક્ષણની વિરતિ, તિક્ખુત્તો=ત્રણ વખત, પગ અને ભૂમિનું પ્રમાર્જન, વર્ણાદિ ત્રિક, મુદ્રાત્રિક અને ત્રિવિધિ પ્રણિધાન." ॥૨॥

"પુષ્પ-આમિષ અને સ્તુતિના ભેદથી ત્રિવિધ પૂજા=પુષ્પપૂજા, ફળ-નૈવેદ્યપૂજા અને સ્તુતિના ભેદથી ત્રણ પ્રકારની પૂજા, વળી અવસ્થા ત્રિક-ભુવનનાથનું છદ્મસ્થપણું, કેવલીપણું અને સિદ્ધપણું છે." ॥૩॥

"વળી વર્ણાદિક ત્રિક વર્ણ-અર્થ-આલંબનરૂપ છે. મન-વચન-કાયાથી જનિત ત્રિવિધ પ્રણિધાન પણ હોય છે." ॥૪॥

"તથા પંચાંગ પ્રણિપાત, સ્તવપાઠ, યોગમુદ્રાથી થાય છે. વંદન જિનમુદ્રાથી થાય છે. પ્રણિધાન મુક્તાશુક્તિ મુદ્રાથી થાય છે." ॥૫॥

"બે જાનુ, બે હાથ, વળી ઉત્તમાંગ=મસ્તક, પંચમય હોય છે, સમ્યક્ સંપ્રણિપાતથી=પાંચે અંગોને સમ્યક્ રીતે નમાવવાથી, પંચાગ પ્રણિપાત જાણવો." ॥૬॥

વળી, વંદન પંચાશકવૃત્તિમાં પંચાંગી પણ સ્વતંત્ર મુદ્રાપણાથી પ્રતિપાદન કરાઈ છે અને તે રીતે તેનો પાઠ છે=પંચાશકવૃત્તિનો પાઠ છે.

"પ્રણિપાત દંડકના પાઠના આદિ અને અંતમાં પ્રણામ પંચાંગમુદ્રાથી કરાય છે. પાંચ અંગો=અવયવો, બે કર, બે

જાનુ અને ઉત્તમાંગ લક્ષણ વિવક્ષિત વ્યાપારવાળા છે જેમાં તે તેવી છે=પંચાંગી છે, પંચાંગીનું પણ મુદ્રાપણું અંગવિન્યાસ વિશેષરૂપપણું હોવાથી યોગમુદ્રાની જેમ છે." **(૩/૧૭ પ. ૫૯)**

"અને પેટ ઉપર કુપ્પર સંસ્થિત છે જેમાં એવા=પેટ ઉપર હાથની બે કોણીઓ સંસ્થિત છે જેમાં એવા, અન્યોનંતરિત અંગુલિના કોશના આગારવાળા બંને હાથ વડે તે યોગમુદ્રા છે." ॥૭॥

"જેમાં પગના ચાર અંગુલ આગળમાં અને પાછળમાં ઊણું છે. ઉત્સર્ગ=કાયોત્સર્ગ એ વળી જિનમુદ્રા છે." ॥૮॥

"મુક્તાશુક્તિ મુદ્રા જેમાં સમાન બે ગર્ભિત હાથ છે. તે વળી=સમાન બે ગર્ભિત હાથ નિડાલદેશમાં લાગેલા=કપાળને સ્પર્શેલા હોય છે. વળી અન્ય અલગ્ન=નિડાલદેશમાં નહિ લાગેલા, એ પ્રમાણે કહે છે."

ઇત્યાદિ=ઇત્યાદિથી બીજા પાઠોનો સંગ્રહ છે. વિધિથી જ કરાતું દેવપૂજાદિ ધર્માનુષ્ઠાન મહાફલવાળું છે. અન્યથા વળી અલ્પફળવાળું છે. અને સાતિચારતામાં ઊલટું પ્રત્યપાયાદિનો પણ સંભવ છે=અનર્થોનો પણ સંભવ છે; કેમ કે અવિધિથી ચૈત્યવંદન કરાયે છતે 'મહાનિશીથ'માં પ્રાયશ્ચિત્તનું પ્રતિપાદન છે. તે આ પ્રમાણે તેના સાતમા અધ્યયનમાં છે=મહાનિશીથના સાતમા અધ્યયનમાં છે.

"અવિધિથી ચૈત્યોને જે વંદન કરે છે તેને પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. જે કારણથી અવિધિથી વંદન કરતો અન્યને અશ્રદ્ધા ઉત્પન્ન કરે છે. એથી કરીને પ્રાયશ્ચિત્ત છે એમ અન્વય છે."

અને આથી જ પૂજાદિ પુણ્યક્રિયાના પ્રાંતમાં=અંતમાં, સર્વત્ર અવિધિ આશાતના નિમિત્ત મિથ્યાદુષ્કૃત દેવું જોઈએ.

ભાવાર્થ :-

શ્રાવક પોતાના ગૃહચૈત્યની પૂજા કર્યા પછી પોતાની શક્તિ અનુસાર નવકારશી આદિ ઉચિત પચ્ચક્ખાણ ગ્રહણ કરે અને સંવરના અત્યંત અર્થી હોવાથી ગ્રંથિ સહિત આદિ પચ્ચક્ખાણ પણ કરે. અર્થાત્ કોઈક વસ્ત્રાદિના છેડાને ગાંઠ બાંધે અને જ્યાં સુધી આ ગાંઠ છોડું નહિ ત્યાં સુધી આહાર-પાણી મારે વાપરવાં નહિ તે પ્રમાણે પચ્ચક્ખાણ કરે. જેથી આહારસંજ્ઞાના નિરોધનો અધ્યવસાય સતત રહે અને અણાહારી થવાને અનુકૂળ બદ્ધ અભિલાષવાળો પરિણામ શ્રાવક કરે અને વિચારે કે સાધુ સંયમના પ્રયોજન સિવાય આહાર વાપરતા નથી તેથી સદા પરમાર્થથી અણાહારી જ છે. સાધુ જે કંઈ આહાર વાપરે છે તે આહારસંજ્ઞાથી વાપરતા નથી. પરંતુ સંયમની વૃદ્ધિના ઉપાયરૂપે જ વાપરે છે. તેથી સ્થૂલથી દેખાતી આહાર વાપરવાની ક્રિયા સાધુની, સંયમની વૃદ્ધિને અનુકૂળ ઉચિત ક્રિયારૂપ બને છે અને તેવી શક્તિ મારે પણ સંચય કરવી છે. છતાં દેહના મમત્વને કારણે અને આહારસંજ્ઞાની પરવશતાને કારણે જે મારામાં આહારની વૃત્તિ છે તેનો સંકોચ કરવાર્થે શ્રાવક નવકારશી આદિ પચ્ચક્ખાણ અને ગ્રંથિ સહિત પચ્ચક્ખાણ શક્તિ અનુસાર કરે છે અને સદા સાધુના અણાહારીભાવનું સ્મરણ કરે છે. જેથી પોતાનું દેશથી કરાયેલું પચ્ચક્ખાણ સાધુની જેમ આહારસંજ્ઞાના ઉચ્છેદનું કારણ બને.

ત્યાર પછી શ્રાવક વિશેષ પ્રકારની ભગવાનની ભક્તિ અર્થે સંઘના ચૈત્યમાં જાય છે. તે સંઘનાં ચૈત્ય નિશ્રાકૃત હોય કે અનિશ્રાકૃત હોય તે સર્વમાં જઈને પોતાની શક્તિ અનુસાર વિધિપૂર્વક ભગવાનની પૂજા,

ભક્તિ કરે છે. અને ભગવાનની સ્તુતિરૂપે વંદનની ક્રિયા કરે છે અને તે સ્તુતિ જઘન્યથી નમસ્કાર માત્ર રૂપ કરે છે અને ઉત્કર્ષથી ઇરિયાવહિયાના પ્રતિક્રમણપૂર્વક શક્રસ્તવ દંડકથી કરે છે. આનાથી એ પ્રાપ્ત થાય કે મોક્ષના અર્થી શ્રાવકને ભગવાનની ભક્તિમાં સંતોષ હોતો નથી. તેથી પોતાના ગૃહચૈત્યમાં ભક્તિ કર્યા પછી જે જે ચૈત્ય હોય ત્યાં જિનપ્રતિમાને જોઈને વીતરાગના ગુણોનું સ્મરણ કરીને શક્તિ અનુસાર ઉચિત ભક્તિ કરે છે અને તે ભક્તિ અર્થે જિનગૃહમાં કેવી રીતે જાય તે વિષયક વૈભવસંપન્ન શ્રાવકની વિધિ બતાવે છે – વૈભવસંપન્ન શ્રાવક ઋદ્ધિપૂર્વક ચૈત્યાલયમાં એવી રીતે જાય કે જેથી અનેક જીવોને ધર્મની પ્રાપ્તિનું કારણ બને છે. અને ભગવાનની ભક્તિ અર્થે ઋદ્ધિપૂર્વક જતાં, શ્રાવકનો વીતરાગના ગુણો પ્રત્યેનો બહુમાનભાવ અતિશયિત થાય છે. જેથી શ્રાવકને મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી ઋદ્ધિસંપન્ન શ્રાવક ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય તદર્થે ઉત્તમ સામગ્રીથી કઈ રીતે જિનાલયમાં પ્રવેશે અને કઈ રીતે અનેક પ્રકારની ભક્તિ કરે તે વિષયમાં કોઈ એક નિયત માર્ગ નથી. પરંતુ જે પ્રકારે ભાવોની વૃદ્ધિ થાય તે પ્રકારે જુદા જુદા શાસ્ત્રમાં જુદી જુદી વિધિ બતાવી છે. તે સર્વને સ્મૃતિમાં રાખીને વિવેકસંપન્ન શ્રાવક પોતાના સંવેગાનુસાર જે પ્રકારે પોતે વિશેષ ભક્તિ કરી શકે અને જે પ્રકારે પોતાના ભાવોનો પ્રકર્ષ થાય તે રીતે ઉચિત ભક્તિ કરે અને તેમાં પણ સર્વ અન્ય પ્રતિમાઓ કરતાં વિશેષથી મૂળનાયક પ્રતિમાની ભક્તિ કરે; કેમ કે જોનારની પ્રથમ દૃષ્ટિ મૂળનાયક ઉપર જ જાય છે. જેથી ભગવાનની કરાયેલી શ્રેષ્ઠ ભક્તિ જોઈને ઘણા જીવોને ભગવાન પ્રત્યેનો પૂજ્યભાવ અતિશયિત થાય છે અને પૂજા કરનાર શ્રાવકને પણ પોતાનાથી કરાયેલી મૂળનાયકની વિશેષ ભક્તિથી હર્ષ થાય છે તેથી મહાનિર્જરાની પ્રાપ્તિ થાય છે. આ રીતે ભક્તિથી ઉત્પન્ન થયેલી વીતરાગ પ્રત્યેની પ્રીતિ વીતરાગ થવામાં બાધક કર્મનો નાશ કરીને સંસારના અંતનું કારણ બને છે. માટે શ્રાવકે સતત વીતરાગના ગુણોના સ્મરણપૂર્વક શક્તિ અનુસાર ભગવાનની શ્રેષ્ઠ ભક્તિ કરવી જોઈએ. જે શ્રાવકજીવનનું શ્રેષ્ઠ ફળ છે.

વળી, શ્રાવકે શક્તિ હોય તો પ્રતિદિન અને સંયોગ ન હોય તો પર્વ દિવસે ભગવાનનો સ્નાત્ર મહોત્સવ કરવો જોઈએ. જે સ્નાત્ર મહોત્સવમાં, ઇન્દ્રોએ જે ભગવાનનો જન્મોત્સવ મેરુપર્વત પર કર્યો છે તેનું અનુસરણ છે. અને કુસુમની અંજલિઓ ભગવાનના ચરણે મૂકતી વખતે જે પાઠો પ્રસ્તુત ગ્રંથમાં કહ્યા છે તેના પરમાર્થને જાણીને તે ભાવોમાં અત્યંત ઉપયુક્ત થઈને કરાયેલ સ્નાત્ર મહોત્સવ મહા કલ્યાણની પરંપરાનું કારણ બને છે. તેથી તે પ્રકારના શ્રેષ્ઠભાવપૂર્વક એક વખત પણ કરાયેલું સ્નાત્ર સંસારના પરિભ્રમણના અંતનું પ્રબળ કારણ બને છે. જે શ્રાવક સંસારના ઉચ્છેદના અર્થી છે તેને સંસારના ઉચ્છેદના ઉપાયના સેવનમાં ક્યારેય સંતોષ હોતો નથી. તેથી પોતાના દ્યુતિબળનો વિચાર કરીને શ્રાવકે પોતાના ભાવોની વૃદ્ધિ જે રીતે થાય તેને સ્મૃતિમાં રાખીને શક્તિ અનુસાર અત્યંત પ્રણિધાનપૂર્વક ભગવાનની સ્નાત્રપૂજા કરવી જોઈએ.

વળી, ઋદ્ધિસંપન્ન શ્રાવક પોતાની ઋદ્ધિ અનુસાર ચૈત્યગમન, પૂજા, સ્નાત્રાદિ કરે અને જે શ્રાવકો પાસે એવી કોઈ વિશિષ્ટ ઋદ્ધિ નથી તેઓ પણ પોતાની સામાન્ય ઋદ્ધિ અનુસાર ભગવાનની ભક્તિ કરે. જેની પાસે ભગવાનની ભક્તિ કરવા માટે અનુકૂળ કોઈ સામગ્રી નથી તેવા શ્રાવકે સામાયિક ગ્રહણ કરીને

સાધુની જેમ ઈર્યાસમિતિમાં ઉપયુક્ત થઈને જિનાલય જવું જોઈએ. અને જિનાલયમાં ગયા પછી સામાયિકનો કાળ પૂરો થયા બાદ જિનાલય સંબંધી કોઈ કૃત્ય પોતે કરી શકે તેમ હોય તો સામાયિકને પારીને તે કૃત્ય કરે. પરંતુ એમ ન વિચારે કે સામાયિકનો પરિણામ દ્રવ્યસ્તવ કરતાં શ્રેષ્ઠ છે. માટે સામાયિકમાં રહીને જ ભગવાનની સ્તુતિ આદિ જ હું કરું. વસ્તુતઃ શ્રાવક જિનાલયમાં ભક્તિના અવસર સિવાય દિવસમાં શેષકાળમાં સામાયિક કરી શકે છે. તેથી ત્યારે પ્રસંગને અનુરૂપ ભગવાનની ભક્તિનું કાર્ય થઈ શકતું હોય તો તે વખતે જિનાલય સંબંધી ઉચિત કૃત્ય કરવાથી જ ભગવાનના પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય છે. શ્રાવકે સદા વિચારવું જોઈએ કે તીર્થંકર સદા પુરુષોત્તમ પુરુષ છે. તેમનો વિરહ પોતાના માટે અત્યંત અસહ્ય છે. છતાં જ્યારે તીર્થંકરનો વિરહ હોય ત્યારે તીર્થંકરની પ્રતિમાને જોઈને જ કંઈક સંતોષ થાય છે અને તેમની ભક્તિ કરીને જ કંઈક ચિત્ત પ્રમુદિત થાય છે. આ પ્રમાણે વિચારીને ભગવાનની ઉચિત ભક્તિ કરવાથી તીર્થંકરના સાનિધ્યની પ્રાપ્તિની શ્રાવકને વારંવાર ઉત્કૃષ્ટ ઇચ્છા થાય છે. જેના ફળરૂપે જન્માંતરમાં પણ તેવા ઉત્તમપુરુષનો યોગ શીઘ્ર થાય છે. એટલું જ નહિ પરંતુ તીર્થંકરની ભક્તિ કરીને તેમના પ્રત્યે બહુમાનભાવથી થયેલા સંસ્કારો જન્માંતરમાં જાગ્રત થાય છે. તેથી જન્માંતરમાં તીર્થંકર આદિને જોઈને ભક્તિનો અતિશય થાય છે અને તેવા ઉત્તમપુરુષોના સાંનિધ્યના બળથી તે મહાત્મા સુખપૂર્વક સંસારસાગરને તરી શકે છે. આ પ્રકારે સતત સ્મરણ કરીને ઋદ્ધિ રહિત શ્રાવકે પણ તીર્થંકર પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય તે રીતે જિનાલયના ઉચિત કૃત્યોમાં શક્તિ અનુસાર યત્ન કરવો જોઈએ.

વળી, શ્રાવક જિનચૈત્યમાં વિધિપૂર્વક પૂજન-વંદન કરે છે એમ કહીને તે વિધિનો યથાર્થ બોધ દશત્રિક આદિ ચોવીશ (૨૪) મૂળ દ્વાર વડે ભાષ્યકારશ્રીએ કહેલ છે. તેનાથી જ પૂર્ણવિધિનો બોધ થાય છે. માટે શ્રાવકે જિનાલયમાં જતી વખતે ત્રણ નિસીહિ કરીને કઈ રીતે જવું જોઈએ ? કઈ રીતે ત્રણ પ્રદક્ષિણા દેવી જોઈએ ? ઇત્યાદિનો સૂક્ષ્મબોધ કરીને તે વિધિ અનુસાર યત્ન કરવો જોઈએ. જેમ **પ્રથમ નિસીહિ** ચૈત્યાલયમાં પ્રવેશ કરતી વખતે કરે ત્યારે તે નિસીહિના બળથી તે પ્રકારે ચિત્તને સ્થિર કરવા પ્રયત્ન કરે. જેથી નિસીહિ દ્વારા કરાયેલી પ્રતિજ્ઞાને અનુરૂપ જિનાલયમાં સંસાર સંબંધી અન્ય કોઈ મનોવ્યાપાર, વાક્‌વ્યાપાર કે કાયવ્યાપાર થાય નહિ. પરંતુ તે સર્વ વ્યાપારથી સંવૃત થઈને એક માત્ર જિનાલય સંબંધી ઉચિત કૃત્યોમાં જ મન-વચન-કાયાના ત્રણે યોગો પ્રવર્તે. વળી ગભારામાં પ્રવેશતી વખતે **બીજી નિસીહિ** કરે ત્યારે તીર્થંકરની પાસે અત્યંત સાંનિધ્યમાં જવાનો યત્ન હોવાથી તીર્થંકરના ગુણો સિવાય અન્ય કોઈ કૃત્યોનું સ્મરણ ન થાય અને અન્ય કોઈ કૃત્ય સંબંધી વચનપ્રયોગ કે કોઈ કાયિક ચેષ્ટા ન થાય અને તીર્થંકરની આશાતનાના પરિહાર માટે દૃઢ યત્ન થાય તે પ્રકારના ચિત્તનું પ્રણિધાન કરવાર્થે બીજી નિસીહિથી પ્રતિજ્ઞા કરાય છે. અને ભગવાનની અંગપૂજા અને અગ્રપૂજા કર્યા પછી ભગવાનની સ્તોત્રપૂજા કરવાર્થે વિશેષ રીતે ચિત્તને સંવૃત કરવા માટે ચૈત્યવંદન કરતા પૂર્વે **ત્રીજી નિસીહિ** કરાય છે. જેના બળથી ચૈત્યવંદનકાળમાં બોલાતાં સૂત્રો, સૂત્રોના અર્થો અને જિનપ્રતિમાનું આલંબન ત્રણમાં ચિત્ત પ્રવર્તે તેનાથી અન્ય ચિત્ત ન પ્રવર્તે તે પ્રમાણે યત્ન કરવાર્થે ત્રીજી નિસીહિનો પ્રયોગ કરાય છે. આ રીતે ત્રણ નિસીહિ, ત્રણ પ્રદક્ષિણા વગેરે

દરેક કૃત્યોમાં ઉચિતબોધ કરીને જે શ્રાવક વિધિપૂર્વક જિનપૂજા કરે છે તે શ્રાવક પોતાના કરાયેલા દ્રવ્યસ્તવના બળથી સર્વવિરતિની પ્રાપ્તિરૂપ ભાવસ્તવને શીઘ્ર પ્રાપ્ત કરીને પ્રાયઃ સાત-આઠ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરે છે. માટે સંસારથી અત્યંત ભય પામેલા અને મુક્તિના અર્થી શ્રાવકે સર્વ ઉદ્યમથી ચિત્તને સ્થિર કરીને અને તે તે ક્રિયામાં તે તે ક્રિયાને અનુકૂળ ચિત્ત પ્રવર્તે તે પ્રકારના દૃઢ પ્રણિધાનપૂર્વક ભગવાનની ભક્તિમાં યત્ન કરવો જોઈએ. જેથી જિનગુણથી ભાવિત થયેલો આત્મા જિનતુલ્ય થવાના ઉપાયરૂપ સર્વવિરતિને શીઘ્ર પ્રાપ્ત કરે.

ટીકા :-

अथ चेर्यापथिकीप्रतिक्रमणपूर्वकं चैत्यवन्दनमिति पूर्वमुक्तं, तच्च युक्तं, यतो महानिशीथे–

"इरिआवहिआए अपडिक्कंताए न किंचि कप्पइ चेइअवंदणसज्झायावस्सयाइ काउं"

इति, अन्या अपि प्रतिक्रमणादिक्रिया एतत्प्रतिक्रमणपूर्विकाः शुद्ध्यन्ति, यतो विवाहचूलिकायाम्-

"दिव्विड्ढिकुसुमसेहर, मुच्चइ दिव्वाहिगारमज्झंमि ।
ठवणायरिअं ठविउं, पोसहसालाइ तो सीहो ।।१।।"

"उम्मुक्कभूसणो सो, इरिआइपुरस्सरं च मुहपत्तिं ।
पडिलेहिऊण तत्तो, चउव्विहं पोसहं कुणइ ।।१।।" **त्ति,**

"तथाऽऽवश्यकचूर्णावपि 'तत्थ ढड्ढरो नाम सावओ सरीरचिंतं काऊण पडिस्सयं वच्चइ, ताहे तेण पूरएण तिन्नि निसीहिआओ कयाओ, एवं सो इरिआई ढड्ढरेण सरेण करेइ" **[प.४०३]त्ति, तथा–**

"ववहारावस्सयमहानिसीहभगवइविवाहचूलासु । पडिकमणचुण्णिमाइसु, पढमं इरिआपडिक्कमण'मित्याद्युक्तेः ।"

अतः प्रथममीर्यापथिकीसूत्रं व्याख्यायते, तच्च 'इच्छामि पडिक्कमिउ'मित्यादि 'तस्स मिच्छामि दुक्कड'मित्यन्तम् । तत्र 'इच्छामि पडिक्कमिउं इरिआवहिआए विराहणाए'त्ति इच्छामि-अभिलषामि प्रतिक्रमितुं-प्रतीपं क्रमितुम्, ईरणमीर्या गमनमित्यर्थः तत्प्रधानः पन्था ईर्यापथः तत्र भवा ऐर्यापथिकी, विराधना-जन्तुबाधा, मार्गे गच्छतां या काचिद्विराधना भवति सा ऐर्यापथिकीत्युच्यते, तस्या ऐर्यापथिकीविराधनायाः सकाशात् प्रतिक्रमितुमिच्छामीति सम्बन्धः ।

अस्मिंश्च व्याख्याने ईर्यापथनिमित्ताया एव विराधनायाः प्रतिक्रमणं स्याद्, न तु शयनादेरुत्थितस्य कृतलोचादेर्वा, तस्मादन्यथा व्याख्यायते-ईर्यापथः-साध्वाचारः, यदाह–'ईर्यापथो ध्यानमौनादिकं भिक्षुव्रतम्' **[] तत्र भवा ऐर्यापथिकी, विराधना नद्युत्तरणशयनादिभिः साध्वाचारातिक्रमरूपा, तस्या विराधनायाः प्रतिक्रमितुमिच्छामीति सम्बन्धः साध्वाचारातिक्रमश्च प्राणातिपातादिरूपः तत्र च प्राणातिपातस्यैव**

गरीयस्त्वम्, शेषाणां तु पापस्थानानामत्रैवान्तर्भावः, अत एव प्राणातिपातविराधनाया एवोत्तरप्रपञ्चः। सम्पत् १ ।

क्व सति विराधना? 'गमणागमणे' गमनं चागमनं चेति समाहारद्वन्द्वस्तस्मिन् । तत्र गमनं स्वस्थानादन्यत्र यानम्, आगमनं च तद्व्यत्ययतः, सम्पत् २ । तत्रापि कथं विराधनेत्याह–'पाणक्कमणे' इत्यादि प्राणिनो-द्वीन्द्रियादयस्तेषामाक्रमणे=सङ्घट्टने=पादेन पीडने, तथा 'बीयक्कमणे हरियक्कमणे,' बीजाक्रमणे, हरिताक्रमणे, आभ्यां सर्वबीजानां शेषवनस्पतीनां च जीवत्वमाह, सम्पत् ३ । तथा 'ओसाउत्तिंगपणगदगमट्टीमक्कडासंताणासंकमणे' अवश्यायः-त्रेहः, अस्य च ग्रहणं सूक्ष्मस्याप्यप्कायस्य परिहार्यत्वख्यापनार्थम्, उत्तिङ्गा=भूम्यांवृत्तविवरकारिणो गर्दभाकारा जीवाः कीटिकानगराणि वा, पनकः=पञ्चवर्णा फुल्लिः दकमृत्तिका=अनुपहतभूमौ चिक्खिल्लः, यद्वा दकम्-अप्कायो मृत्तिका-पृथ्वीकायः, मर्कटः-कोलिकस्तस्य सन्तानो-जालकं, ततश्चैषां पदानां द्वन्द्वः, तेषां सङ्क्रमणे-आक्रमणे, संपत् ४ ।

किं बहुना? 'जे मे जीवा विराहिया' ये केचन मया जीवा विराधिता-दुःखे स्थापिताः, सम्पत् ५ । ते च के? इत्याह–'एगेंदिआ इत्यादि' एकमेव स्पर्शनरूपमिन्द्रियं येषां ते एकेन्द्रियाः-पृथिव्यादयः, एवं स्पर्शनरसनोपेता द्वीन्द्रियाः-शङ्खादयः, स्पर्शनरसनघ्राणयुक्तास्त्रीन्द्रियाः-कीटिकादयः, स्पर्शनरसनघ्राणचक्षुःसमन्विताः चतुरिन्द्रिया-वृश्चिकादयः, स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्रसहिताः पञ्चेन्द्रियाः-नारकतिर्यग्नरामरादयः, सम्पत् ६ ।

विराधनाप्रकारमाह–'अभिहया इत्यादि' अभिमुखमागच्छन्तो हता अभिहताः-पादेन ताडिताः उत्क्षिप्य क्षिप्ता वा, 'वत्तिताः' पुञ्जीकृताः धूल्यादिना वा स्थगिताः, 'श्लेषिताः' भूम्यादौ लगिताः ईषत् पिष्टा वा, 'सङ्घातिताः' मिथो गात्रैः पिण्डीकृताः, 'सङ्घट्टिताः' मनाक् स्पृष्टाः, 'परितापिताः' सर्वतः पीडिताः, 'क्लामिताः' ग्लानिं प्रापिताः मारणान्तिकसमुद्घातं नीता इत्यर्थः, 'अवद्राविता' उत्त्रासिताः, 'स्थानात् स्थानं सङ्क्रामिता' स्वस्थानात्परस्थानं नीताः, 'जीविताद्व्यपरोपिताः' मारिता इत्यर्थः । संपत् ७ ।

'तस्स'त्ति अभिहयेत्यादिविराधनाप्रकारस्य 'मिच्छामि दुक्कडं'ति मिथ्या मे दुष्कृतम्, एतद्दुष्कृतं मिथ्या-निष्फलं मे भवत्वित्यर्थः । अस्य चैतन्निरुक्तम्–

"मि त्ति मिउमद्दवत्ते, छत्ति य दोसाण छायणे होइ ।
मि त्ति य मेराइ ठिओ दु त्ति दुगुंछामि अप्पाणं ।।१।।"

"क त्ति कडं मे पावं, ड त्ति य डेवेमि तं उवसमेण ।
एसो मिच्छादुक्कडपयक्खरत्थो समासेण ।।२।।" [आ.नि.६८६-७]

संपत् ८ । सम्यग्मिथ्यादुष्कृतकर्त्तुस्तत्क्षणादशेषमपि कर्म क्षीयते अत्र च त्रिषष्ट्यधिक-पञ्चशतीमितानां जीवानामेवं मिथ्यादुष्कृतं दीयते, तद्भेदाश्च अष्टादश लक्षा चतुर्विंशतिसहस्राः एकं शतं विंशतिश्च १८२४१२० भवन्ति, तद्यथा-सप्तनरकभवाः पर्याप्तापर्याप्तभेदेन १४, भूजलज्वलनवाय्वनन्तवनस्पतयः पर्याप्तापर्याप्तसूक्ष्मबादरभेदैः २०, प्रत्येकवनस्पतिर्द्वित्रिचतुरिन्द्रियाश्च पर्याप्ता अपर्याप्ताश्चेति ८, जलस्थलखेचरा उरोभुजपरिसर्पाश्च संज्ञ्यसंज्ञिपर्याप्तापर्याप्तभेदात् २०, एवं तिर्यग्भेदाः ४८ । कर्मभुवः १५ अकर्मभुवः ३० अन्तरद्वीपाः ५६ एवं १०१ एषां, गर्भजानां पर्याप्तापर्याप्ततया २०२, संमूर्छजत्वेन पुनः ३०३ मनुष्यभेदाः । भवनपतयो १० व्यन्तराः १६ चरस्थिरभेदभिन्नज्योतिष्काः १० कल्पभवाः १२ ग्रैवेयकगाः ९ अनुत्तरोपपातिनः ५ लोकान्तिका ९ किल्बिषिकाः ३ भरतैरावतवैताढ्यदशकस्थाः

'अन्ने १ पाणे २ सयणे ३, वत्थे ४ लेणे अ ५ पुप्फ ६ फल ७ पुव्वा ८ ।
बहुफल ९ अविवत्तिजुआ १० जंभगादसविहा हुंति ।।१।।' **त्ति,**

जृम्भकाः १० परमाधार्मिकाः १५, सर्वे पर्याप्तापर्याप्तभेदात् १९८ देवभेदाः । सर्वे मिलिता ५६३ जीवभेदाः । अभिहयेत्यादि १० पदगुणिताः ५६३०, रागद्वेषगुणिता ११२६०, योगत्रयगुणिताः ३३७८०, कृतकारितानुमतिभिर्गुणिताः १०१३४०, एते च कालत्रयगुणिताः ३०४०२०, तेऽर्हत्सिद्धसाधुदेवगुर्वात्मसाक्षिभिर्गुणिताः १८२४१२० जाताः । एतदर्थाभिधायिन्यो गाथा यथा-

चउदसपय १ अडचत्ता २ तिगहिअतिसया ३ सयं च अडनउअं ४ ।
चउगइ दसगुण मिच्छा, पणसहसा छसयतीसा य ।।१।।

नेरइआ सत्तविहा, पज्जअपज्जत्तणेण चउदसहा ।
अडचत्ताइंसंखा, तिरिनरदेवाण पुण एवं ।।२।।

भूदग्गिवाउणंता, वीसं सेसतरु विगल अट्ठेव ।
गब्भेअरपज्जेअर, जल १ थल २ नह ३ उर ४ भुआ ५ वीसं ।।३।।

पनरस १ तीस २ छपन्ना ३, कम्माकम्मा २ तहंतरद्दीवा ३ ।
गब्भयपज्जयपज्जा, मुच्छय अपज्जा तिसय तिन्नि ।।४।।

भवणा परमा जंभय वणयर दस पनर दस य सोलसगं ।
चरथिरजोइसदसगं, किव्विसितिअ नव य लोगंता ।।५।।

कप्पा गेविज्जणुत्तर, बारस नव पण पजत्त अपजत्ता ।
अडनउअसयं अभिहयवत्तिअमाईहिं दसगुणिआ ।।६।।

एवं च–

'अभिहयपयाइदसगुण, पणसहसा छसयतीसया भेया ।
ते रागदोसदुगुणा, इक्कारस दो सया सट्ठी ।।७।।
मणवयकाए गुणिआ, तित्तीससहस्स सत्तसयसीआ ।
कारणकरणाणुमई, लक्खसहस्सा तिसयचाला ।।८।।
कालतिगेण गुणिआ, तिलक्खचउसहस वीस अहिआ य ।
अरिहंतसिद्धसाहूदेवगुरुअप्पसक्खीहिं ।।९।।
अट्ठारस लक्खाइं, चउवीससहस्स एग वीसहिआ ।
इरिआमिच्छादुक्कडपमाणमेवं सुए भणिअं ।।१०।।' **[विचारस० ८-१७]**

अस्यां च विश्रामाष्टकोल्लिङ्गनपदानि–

"इच्छा गम पाण ओसा, जेमे एगिंदि अभिहया तस्स ।
अड संपय बत्तीसं, पयाइँ वण्णाण सङ्कसयं ।।१।।"

टीकार्थ :-

अथ ..... सङ्कसयं" ।। અને હવે ઈર્યાપથિકી પ્રતિક્રમણપૂર્વક ચૈત્યવંદન છે એ પ્રમાણે પૂર્વમાં કહેવાયું અને તે યુક્ત છે. જે કારણથી 'મહાનિશીથ'માં કહેવાયું છે –

"ઈરિયાવહિયાનું પ્રતિક્રમણ કર્યા વગર ચૈત્યવંદન, સ્વાધ્યાય, આવશ્યકાદિ કંઈ કરવા કલ્પતાં નથી."

એથી અન્ય પણ પ્રતિક્રમણ આદિ ક્રિયા ઈર્યાપ્રતિક્રમણપૂર્વક શુદ્ધ થાય છે. જે કારણથી 'વિવાહ-ચૂલિકા'માં કહેવાયું છે –

"દિવ્ય અધિકારની મધ્યમાં=જ્યાં પોતાના દેહના અલંકારો મૂકવાનું સ્થાન છે તે સ્થાનમાં, દિવ્યઋદ્ધિ, કુસુમશેખરને મૂકે છે અને ત્યાર પછી સિંહ નામનો શ્રાવક પૌષધશાલામાં સ્થાપનાચાર્ય સ્થાપીને." ।।૧।।

"મૂકાયેલાં આભૂષણવાળો તે ઈરિયાવહિયાપૂર્વક મુહપત્તિનું પડિલેહણ કરીને ચાર પ્રકારના પૌષધને કરે છે."

અને 'આવશ્યકચૂર્ણિ'માં પણ કહેવાયું છે –

"ત્યાં ઢઢ્ઢર નામનો શ્રાવક શરીરચિંતા કરીને ઉપાશ્રયમાં જાય છે ત્યારે દૂર સ્થિત રહેલા=ઉપાશ્રયમાં પ્રવેશતાં પહેલા, તેના વડે ત્રણ નિસીહિ કરાઈ એ રીતે તે=ઢઢ્ઢર શ્રાવક, ઢઢ્ઢર સ્વરથી ઈરિયાવહિયા કરે છે." **(પ. ૪૦૩)**

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. અને –

"વ્યવહાર, આવશ્યક, મહાનિશીથ, ભગવતી, વિવાહચૂલિકામાં અને પ્રતિક્રમણ ચૂલિકાદિમાં પ્રથમ ઈર્યાપ્રતિક્રમણ."

ઈત્યાદિ ઉક્તિ હોવાથી ઈર્યાપ્રતિક્રમણપૂર્વક ચૈત્યવંદન કરવું જોઈએ એમ અન્વય છે. આથી= ઈર્યાપ્રતિક્રમણ પૂર્વક ચૈત્યવંદન કરવું જોઈએ આથી, પ્રથમ ઈર્યાપથિકી સૂત્ર વ્યાખ્યાન કરાય છે. અને તે=ઈર્યાપથિકી સૂત્ર, 'ઇચ્છામિ પડિક્કમિઉં' ઇત્યાદિથી માંડીને 'તસ્સ મિચ્છામિ દુક્કડમ્' એ પ્રકારના અંતવાળું છે. ત્યાં=ઈર્યાપથિકી સૂત્રમાં, 'ઇચ્છામિ પડિક્કમિઉં ઈરિયાવહિયાએ વિરાહણાએ' એ કથનમાં 'ઇચ્છામિ'નો અર્થ અભિલાષ કરું છું. શેનો અભિલાષ કરું છું ? તેથી કહે છે –

પ્રતિક્રમણ કરવાનો અભિલાષ કરું છું=પાછા પગલે ફરવાનો અભિલાષ કરું છું. 'ઈરિયાવહિયા' શબ્દમાં 'ઇરણમ્'=ઈરણ શબ્દ ઈર્યા અર્થમાં છે. અર્થાત્ ગમન અર્થમાં છે. તત્ પ્રધાન પંથ=ગમનપ્રધાન પંથ ઈર્યાપથ છે. તેમાં થનાર=ગમન પ્રધાન પંથમાં થનાર ઈર્યાપથિકી વિરાધના છે=જંતુઓની બાધા છે=માર્ગમાં જનારની કંઈક વિરાધના થાય છે. તે 'ઈર્યાપથિકી' એ પ્રમાણે કહેવાય છે. તે ઈર્યાપથિકી વિરાધનાથી પાછા ફરવા માટે હું ઇચ્છું છું એ પ્રકારે સંબંધ છે. આ વ્યાખ્યાનમાં=શબ્દોને સ્પર્શીને અર્થને અવલંબીને કરાયેલા વ્યાખ્યાનમાં, ઈર્યાપથ નિમિત્ત જ વિરાધનાનું પ્રતિક્રમણ થાય છે. પરંતુ શયનાદિથી ઉત્થિતનું કે કૃત લોચાદિનું પ્રતિક્રમણ થાય નહિ. તે કારણથી બીજા પ્રકારે વ્યાખ્યાન કરાય છે. ઈર્યાપથ સાધ્વાચાર છે. જેને કહે છે. "ઈર્યાપથ ધ્યાન-મૌન આદિ ભિક્ષુવ્રત છે." તેમાં થનાર ઈર્યાપથિકી વિરાધના=નદી ઉત્તરણ-શયનાદિ વડે સાધ્વાચારના અતિક્રમરૂપ વિરાધના, તે વિરાધનાનું પ્રતિક્રમણ કરવા માટે હું ઇચ્છું છું. એ પ્રમાણે સંબંધ છે અને સાધ્વાચારનો અતિક્રમ પ્રાણાતિપાત આદિ રૂપ છે. અને ત્યાં=પ્રાણાતિપાત આદિમાં, પ્રાણાતિપાતનું જ ગરીયપણું છે=મુખ્યપણું છે. વળી, શેષ પાપસ્થાનકોનો આમાં જ અંતર્ભાવ છે=પ્રાણાતિપાતમાં જ અંતર્ભાવ છે. આથી જ પ્રાણાતિપાત વિરાધનાનો જ ઉત્તરમાં પ્રપંચ છે. અહીં એક સંપદા પૂરી થાય છે='ઇચ્છામિ પડિક્કમિઉં ઈરિયાવહિયાએ વિરાહણાએ' એટલા કથનમાં એક સંપદા પૂરી થાય છે. ક્યાં હોતે છતે વિરાધના થાય છે ? ગમનાગમનમાં=ગમન અને આગમન રૂપ સમાહાર દ્વંદ્વ છે તેમાં=ગમનાગમનમાં, વિરાધના થાય છે. ત્યાં ગમન, સ્વસ્થાનથી અન્યત્ર ગમન અને આગમન તેના વ્યત્યયથી=ગમનના વ્યત્યયથી=પરસ્થાનમાંથી સ્વસ્થાનમાં આગમનથી અહીં બીજી સંપદા પૂરી થાય છે='ગમણાગમણે' એ કથન દ્વારા બીજી સંપદા પૂરી થાય છે. ત્યાં પણ=ગમનાગમનમાં પણ, કેવી રીતે વિરાધના થાય છે ? એથી કહે છે –

'પ્રાણના ક્રમણમાં' ઈત્યાદિ. પ્રાણીઓ-બેઇન્દ્રિયાદિ છે તેઓના આક્રમણમાં=સંઘટ્ટનમાં=પગથી પીડનમાં અને 'બીજના ક્રમણમાં હરિતના ક્રમણમાં' અને બીજક્રમણ તથા હરિતક્રમણ દ્વારા સર્વ બીજોનું અને શેષ વનસ્પતિઓનું જીવપણું કહે છે. અહીં ત્રીજી સંપદા પૂરી થાય છે='પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે' એ કથન દ્વારા ત્રીજી સંપદા પૂરી થાય છે. અને 'ઓસાઉત્તિંગપણગદગ-મટ્ટીમક્કડાસંતાણાસંકમણે' એ બધામાં વિરાધના થાય છે એમ અન્વય છે. ઓસા=અવશ્યાય=ત્રેહ=ઝાકળ અને આનું ગ્રહણ=અવશ્યાયનું ગ્રહણ, સૂક્ષ્મ પણ અપ્કાયનું પરિહાર્યપણું બતાવવા માટે છે. ઉત્તિંગા=ભૂમિમાં વૃત્ત વિવરકારી ગર્દભાકાર વાળા જીવો અથવા કીડીઓના નગરાઓ, પનક=પંચવર્ણ

કુલ્લિ=પંચવર્ણ કૂગ દગ મૃત્તિકા=અનુપહત ભૂમિમાં ચિકિખલ્લ=અવરજવર વગરની ભૂમિમાં રહેલો કાદવ અથવા દગ=અપ્કાય, મૃત્તિકા=પૃથ્વીકાય, મર્કટ=કોકિલ, તેનું સંતાન, જાળું=કરોળિયાનું જાળું. ત્યાર પછી આ પદોનો દ્વંદ્વસમાસ છે=ઓસા-ઉત્તિગ આદિ પદોનો દ્વંદ્વસમાસ છે. તેઓના=ઓસાદિના, સંક્રમણમાં=આક્રમણમાં જે વિરાધના થઈ હોય તેનું હું પ્રતિક્રમણ કરું છું એમ અન્વય છે. અહીં ચોથી સંપદા પૂરી થાય છે='ઓસાઉત્તિગપણગદગમટ્ટીમક્કડાસંતાણાસંકમણે' એ કથનમાં ચોથી સંપદા પૂરી થાય છે. વધારે શું કહેવું ? જે મારા વડે જીવ વિરાધિત કરાયા હોય=દુઃખમાં સ્થાપિત કરાયા હોય, અહીં પાંચમી સંપદા પૂરી થાય છે="જે મે જીવા વિરાહિયા". એ કથન દ્વારા ૫મી સંપદા પૂરી થાય છે. તેઓ કોણ છે ?=જે જીવોની વિરાધના કરી છે તેઓ કોણ છે ? એથી કહે છે –

'એકેન્દ્રિય ઇત્યાદિ' એક જ સ્પર્શનરૂપ ઇન્દ્રિય છે જેઓને તે એકેન્દ્રિય-પૃથ્વીકાય આદિ જીવો છે. એ રીતે સ્પર્શન-રસનથી યુક્ત બેઇન્દ્રિય શંખાદિ છે. સ્પર્શન-રસન-ઘ્રાણથી યુક્ત તેઇન્દ્રિય કીટિકા આદિ છે. સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુ સમન્વિત ચઉરિન્દ્રિય-વીંછી આદિ છે. સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્ર સહિત પંચેન્દ્રિય નારક-તિર્યંચ-મનુષ્ય-દેવ આદિ છે. અહીં છટ્ઠી સંપદા પૂરી થાય છે='એગિંદિયા..... પંયેદિયા' એ કથન દ્વારા છટ્ઠી સંપદા પૂરી થાય છે. વિરાધનાના પ્રકારને કહે છે. 'अभिहया इत्यादि' સન્મુખ આવતાં હણાયા એ અભિહત છે=પગથી તાડિત છે અથવા ઉક્ષિપ્ત કરીને ફેંકાયા. વર્તિત હોય=પૂંજીકૃત હોય અથવા ધૂલાદિથી સ્થગિત કરાયા હોય. 'શ્લેષિતા'=ભૂમિ આદિમાં ચોળાયા અથવા ઈષદ્પિષ્ટા=થોડા દબાયા હોય. સંઘાતિતા=પરસ્પર ગાત્રોથી પિંડીકૃત કરાયા હોય. સંઘટ્ટિતા= સંઘટ્ટિત કરાયા હોય=થોડાક સ્પર્શાયેલા હોય. 'પરિતાપિતા'=પરિતાપિત કરાયા હોય=સર્વથી પીડિત કરાયા હોય. 'કલામિતા'=કલામિત હોય=ગ્લાનિને પ્રાપ્ત કરાયા હોય=મારણાંતિક સમુદ્ઘાતને પ્રાપ્ત કરાયા હોય. અવદ્રાવિત હોય=ઉત્ત્રાસિત હોય=ત્રાસિત કરાયા હોય. સ્થાનથી અન્ય સ્થાનમાં સંકામિત કરાયા હોય=એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં મૂકાયા હોય. જીવિતથી વ્યપરોપિત કરાયા હોય=મારી નાખ્યા હોય એ પ્રકારનો અર્થ છે. અહીં સાતમી સંપદા પૂરી થાય છે='અભિહયા..... જીવિયાઓ વવરોવિયા' એ કથન દ્વારા સાતમી સંપદા પૂરી થાય છે. તેનું=અભિહયા ઇત્યાદિ વિરાધનાના પ્રકારનું 'મિચ્છામિ દુક્કડં'=મારું દુષ્કૃત મિથ્યા થાઓ=આ મારું દુષ્કૃત નિષ્ફળ થાઓ. એ પ્રમાણે અર્થ છે. અને આનું=મિચ્છામિ દુક્કડં પદનો આ નિરુક્ત છે=આ વ્યુત્પત્તિ અર્થ છે. "मि=मिच्छामि दुक्कडम् શબ્દમાં રહેલો 'મિ' અક્ષર મૃદુ-માર્દવપણામાં છે. અને 'ચ્છા' અક્ષર દોષોના છાદનમાં છે. અને 'મિ' એ અક્ષર મર્યાદામાં રહેલો છે એ અર્થમાં છે. 'દુ' અક્ષર આત્માની દુર્ગંછા કરું છું એ અર્થમાં છે. 'ક્ક' અક્ષર મેં પાપ કર્યું છે એના સ્વીકાર અર્થમાં છે. 'ડ' અક્ષર ઉપશમ દ્વારા પાપનું ઉલ્લંઘન કરું છું એ અર્થમાં છે. આ 'મિચ્છામિ દુક્કડમ્' પદના અક્ષરનો અર્થ સંક્ષેપથી છે." **(આવશ્યકનિર્યુક્તિ ૬૮૬-૬૮૭)**

અહીં આઠમી સંપદા પૂરી થઈ='મિચ્છામિ દુક્કડમ્' એ કથન દ્વારા આઠમી સંપદા પૂરી થઈ.

સમ્યક્ મિથ્યાદુષ્કૃત કરનારનું તત્ક્ષણથી અશેષ પણ કર્મ નાશ પામે છે=સમ્યક્ રીતે મારું દુષ્કૃત મિથ્યા થાઓ એ પ્રમાણે પરિણામ કરનારનાં તે જ ક્ષણથી સંપૂર્ણ કર્મ નાશ પામે છે. અને

અહીં=ઈર્યાપથિકી સૂત્ર દ્વારા, ત્રેસઠથી અધિક પાંચસો=૫૬૩, જીવોનું આ પ્રમાણે મિથ્યાદુષ્કૃત અપાય છે. અને તેના ભેદો=૫૬૩ જીવોના ભેદો, અઢાર લાખ ચોવીસ હજાર એકસોવીસ ૧૮,૨૪,૧૨૦ થાય છે. તે આ પ્રમાણે – સાત નરકમાં થનારા જીવોના પર્યાપ્તા અને અપર્યાપ્તાના ભેદથી ૧૪ ભેદો, પૃથ્વી-જલ-અગ્નિ-વાયુ-અનંત વનસ્પતિ પર્યાપ્તા-અપર્યાપ્તા, સૂક્ષ્મ-બાદર ભેદ વડે ૨૦ ભેદ છે. અને પ્રત્યેક વનસ્પતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયના પર્યાપ્તા અને અપર્યાપ્તા એ પ્રમાણે ૮ ભેદ, જલચર-સ્થલચર-ખેચર અને ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ સંજ્ઞી અસંજ્ઞી પર્યાપ્તા અપર્યાપ્તાના ભેદથી ૨૦ – આ રીતે તિર્યંચના ભેદો ૪૮ થયા. કર્મભૂમિના ૧૫, અકર્મભૂમિના ૩૦, અંતરદ્વીપના ૫૬ એ પ્રમાણે ૧૦૧, આ ગર્ભજના પર્યાપ્તા-અપર્યાપ્તાપણાથી ૨૦૨, વળી, 'સંમૂર્ચ્છિમપણાથી ૩૦૩ મનુષ્યના ભેદ છે. ભવનપતિના ૧૦, વ્યંતરના ૧૬, ચર અને સ્થિરના ભેદથી ભિન્ન જ્યોતિષ્કના ૧૦, કલ્પમાં થનાર ૧૨, ગ્રૈવેયકના ૯, અનુત્તરોપપાતિના ૫, લોકાંતિકના ૯, કિલ્બિષિકાના ૩, ભરત-ઐરાવત વૈતાઢ્યના દશકમાં રહેલા - "૧ અન્ન ૨ પાણ ૩ સયણ ૪ વત્થ ૫ લેણ ૬ પુષ્પ ૭ ફલ ૮ પૂર્વ ૯ બહુફલ ૧૦ અવિવત્તિયુક્ત જૃમ્ભકા દસ પ્રકારના છે." એ પ્રમાણે જૃમ્ભકા ૧૦ છે. પરમાધાર્મિક ૧૫ છે. સર્વ પર્યાપ્તા અને અપર્યાપ્તાના ભેદથી ૧૯૮ દેવના ભેદ છે. (૯૯ X ૨ = ૧૯૮.) સર્વ મિલિત ૫૬૩ જીવભેદો થયા. 'અભિહયા ઇત્યાદિ ૧૦ પદથી ગુણિત ૫૬૩૦, રાગ-દ્વેષથી ગુણિત ૧૧૨૬૦ ભેદ થયા. (તેને) યોગત્રયથી ગુણતાં ૩૩,૭૮૦ ભેદ થાય. તેને કૃત-કારિત-અનુમિતિથી ગુણતાં ૧,૦૧,૩૪૦ ભેદ થયા અને આને ત્રણ કાળથી ગુણતાં=અતીત-અનાગત-વર્તમાન ત્રણ કાળથી ગુણતાં ૩,૦૪,૦૨૦ ભેદ થયા. તે અરિહંત-સિદ્ધ-સાધુ-દેવ-ગુરુ-આત્મસાક્ષીથી ગુણતાં ૧૮,૨૪,૧૨૦ થયા. આ અર્થને કહેનારી ગાથા 'यथा'થી બતાવે છે.

૧. ચઉદસપય=૧૪ પદ=નારકના ૧૪ ભેદ ૨. અડચત્તા=૪૮ તિર્યંચના ભેદ ૩. તિગહિઅતિસયા= ત્રણથી અધિક ત્રણ સો=૩૦૩ મનુષ્યના ભેદ અને ૪. સય અડનઉઅ=૧૯૮ દેવના ભેદ=ચારગતિના ભેદો છે. દસગુણ મિચ્છા=દસગુણમ્ ઇચ્છા=ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! (ઇરિયાવહિયા સૂત્રના અભિહયાદિ) ૧૦ પદોથી ગુણિત=૧૦ વડે ગુણવાથી=૪ ગતિના કુલ ૫૬૩ ભેદોને ૧૦ વડે ગુણવાથી પણસહસા છસયતીસા ય=પાંચ હજાર છસોત્રીસ થયા. (૫૬૩ x ૧૦ = ૫૬૩૦). (૧) નેરઈયા સત્તવિહા=સાત પ્રકારના નારક પજ્જઅપજ્જતણેણ ચઉદસહા=પર્યાપ્તા અપર્યાપ્તાના ભેદથી ૧૪ પ્રકારના અડચત્તાઈસંખા=૪૮ સંખ્યા=તિરિ=તિર્યંચની નચૂ દેવાણં પુણં એવં=નર, દેવોની વળી આ પ્રમાણે=નરના ૩૦૩ અને દેવોના ૧૯૮ આ પ્રમાણે (૨) ભૂદગ્ઝિ વાઉણંતા વીસ=પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-અનંતા=અનંતકાય વનના વીસ ભેદ સેસતર, વિગલ અટ્ઠેવ=પ્રત્યેક વન. વિકલેન્દ્રિયના ૮ ભેદ ગબ્ભેઅરપજ્જેઅર=ગર્ભજ, ઇતર=અગર્ભજ, પર્યાપ્ત, ઇતર=અપર્યાપ્ત=ગર્ભજ સંમૂર્છિમ પર્યાપ્તા અપર્યાપ્તા ૧ જલચર ૨ સ્થલચર ૩ નહ=ખેચર ૪ ઉર=ઉરપરિસર્પ ૫ ભુઆ=ભુજપરિસર્પના ૨૦ ભેદ=(આ પ્રમાણે તિર્યંચના કુલ ૪૮ ભેદ) (૩) પનરસ=૧૫ તીસ=૩૦ છપ્પન્ના=૫૬ કમ્માકમ્મા તહંતરદ્વીવા=૧૫ કર્મભૂમિના, ૩૦ અકર્મભૂમિના, ૫૬ અંતર્દ્વીપના ગબ્ભયપજ્જયપજ્જા= ગર્ભજ પર્યાપ્તા અપર્યાપ્તા મુચ્છય અપજ્જા=સંમૂર્ચ્છિમ અપર્યાપ્તા તિસયતિન્નિ=૩૦૩=મનુષ્યના ૩૦૩ ભેદ (૪) ભવણા પરમા જંભય વણયર દસ પનર દસ ય સોલસગં=ભવનપતિના ૧૦, પરમાધામીના ૧૫, જંભૃકના ૧૦, વ્યંતરના ૧૬ ભેદ. ચરથિર જોઈસદસગં=ચર અને સ્થિર જ્યોતિષ્કના ૧૦ ભેદ, કિબ્બિસિતિઅ નવ ય લોગંતા=કિલ્બિષિકના

૩ ભેદ લોકાંતિકના ૯ ભેદ (૫) કપ્પા ગેવિજ્જનુત્તર બારસ નવ પણ પજ્જત અપજ્જતા કલ્પના ૧૨, ગ્રૈવયેકના ૯, અનુત્તરના ૫ ભેદ. બધાના પર્યાપ્તા-અપર્યાપ્તા અડનઉઅસયં=૧૯૮ (૯૯ x ૨ = ૧૯૮) અભિહયવત્તિઅમાઈહિં દસગુણિયા=અભિહયા-વત્તિયા આદિ દસથી ગુણિત=૫૬૦ x ૧૦ = ૫૬૩૦ (૬) અને આ પ્રમાણે અભિહયપથાઈ દસગુણ, પણસહસા છસયતીસયા ભેયા= અભિહયાપદાદિ દસ વડે ગુણતા પાંચ હજાર છસોત્રીસ ભેદ થયા. તે રાગદોષદુગુણા, ઈક્કારસ દો સયા સટ્ઠી=૫૬૩૦ x રાગ-દ્વેષ બેથી ગુણતાં ૧૧,૨૬૦ ભેદ થાય. (૭) તેને મન-વચન-કાયાથી ગુણતાં ૩૩,૭૮૦ ભેદ થાય. તેને કારણકરણ અનુમતિથી=કરણ-કરાવણ-અનુમતિથી ગુણતાં લક્ખસહસ્સાતિસયચાલા=૧,૦૧,૩૪૦ ભેદ થાય. (૮) તેને કાલ ત્રણથી ગુણતાં ૩,૦૪,૦૨૦ ભેદ થાય. તેને અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ, આત્મસાક્ષી વડે ગુણતાં (૯) ૧૮,૨૪,૧૨૦ ભેદ થાય. ઈર્યાનું મિથ્યાદુષ્કૃત પ્રમાણ આ પ્રમાણે શ્રુતમાં કહેવાયું છે. (૧૦) (વિચાર સં. ૮૧૭)

અને આના=ઈર્યાયથિકી સૂત્રના, વિશ્રામ અષ્ટક=વિશ્રામનાં આઠ સ્થાન, ઉલ્લિંઘન પદો છે=પ્રારંભનાં પદો છે.

"ઇચ્છા, ગમ, પાણ, ઓસા, જેમે, એગિંદિ, અભિહયા, તસ્સ એ દરેક સંપદાના પ્રથમ ભેદો છે. આઠ સંપદા='ઈરિયાવહિયા' સૂત્રની ૮ સંપદા છે, બત્રીસ (૩૨) પદો છે. દોઢસો (૧૫૦) વર્ણ છે." ॥૧॥

૫૬૩ જીવોના ભેદ

નારકના	**૧૪**	
તિર્યંચના	**૪૮**	
મનુષ્યના	**૩૦૩**	
દેવના	**૧૯૮**	
	૫૬૩	**કુલ જીવના ભેદ**

જીવના ભેદ - ૫૬૩

અભિહયાદિ ૧૦ પદથી ગુણતાં - ૫૬૩X૧૦=૫૬૩૦

રાગદ્વેષથી ગુણતાં - ૫૬૩૦X૨=૧૧,૨૬૦

ત્રણ યોગથી ગુણતાં - ૧૧,૨૬૦X૩=૩૩,૭૮૦

કરણ-કરાવણ-અનુમોદનથી ગુણતાં - ૩૩,૭૮૦X૩=૧,૦૧,૩૪૦

ત્રણ કાળથી ગુણતાં - ૧,૦૧,૩૪૦X૩=૩,૦૪,૦૨૦

અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ, આત્મસાક્ષીથી ગુણતાં –

૩,૦૪,૦૨૦X૬=૧૮,૨૪,૧૨૦ કુલ ભેદ

ભાવાર્થ :-

શ્રાવક ભગવાનની ભક્તિ કર્યા પછી ચૈત્યવંદન કરતા પૂર્વે ઈર્યાપ્રતિક્રમણ=ઈરિયાવહિયા કરે છે; કેમ કે

સર્વવિરતિના પરિણામરૂપ ભાવચારિત્રની નિષ્પત્તિનું પ્રબળ કારણ ચૈત્યવંદન છે. તેથી સર્વવિરતિને અત્યંત અભિમુખ થવા અર્થે સાધુની જેમ ત્રણ ગુપ્તિના પરિણામોથી આત્માને વાસિત કરવાર્થે શ્રાવક ઈર્યાપ્રતિક્રમણ કરે છે. તેથી ધ્યાન-મૌનરૂપ જે સાધુપથ, તેનાથી વિપરીત જે કંઈ પરિણામો શ્રાવકાચારમાં થાય છે તે સર્વ પરિણામોમાં જીવોની હિંસાનો પરિણામ વર્તે છે. આથી બારવ્રતધારી શ્રાવક પણ તપાવેલા લોઢાના ગોળા જેવો છે. તેથી જે સ્થાનમાં જાય ત્યાં જીવોની હિંસા કરે છે. બાહ્યથી હિંસા ક્વચિત્ થાય કે ન થાય પરંતુ સાધુ જેવા સમભાવના પરિણામવાળો શ્રાવક નહિ હોવાથી જે અંશ અસમભાવનો છે તે અંશથી શ્રાવકમાં હિંસાની પરિણતિ વિદ્યમાન છે. તે પરિણતિના ઉન્મૂલનના પ્રયોજનથી અને સાધુધર્મને આસન્ન થવાના અભિલાષથી શ્રાવક ઈર્યાપથિકી પ્રતિક્રમણ કરે છે. તપાવેલા લોઢાના ગોળા જેવો શ્રાવક જીવોના જે ૫૬૩ ભેદો છે તે સર્વને કંઈક અંશથી ઉપદ્રવ કરે તેવા અધ્યવસાયવાળો છે; કેમ કે શાતા અર્થે ધનાદિના પ્રયોજનથી જે કંઈ પ્રવૃત્તિ શ્રાવક કરે તેમાં જે જીવોને સાક્ષાત્ ઉપદ્રવ સંભવી શકે તેઓને ઉપદ્રવ થાય છે. અને દેવો આદિ જીવોને સાક્ષાત્ ઉપદ્રવ થતો નથી તોપણ હિંસક અધ્યવસાય હોવાથી તે સર્વજીવોને પીડા કરી શકે તેવો પરિણામ છે. જોકે શ્રાવકના જીવનમાં અલ્પમાત્રમાં હિંસાનો પરિણામ છે. અને તેને દૂર કરીને સંપૂર્ણ નિરવદ્ય પરિણામરૂપ ત્રણ ગુપ્તિના પરિણામને ઉલ્લસિત કરવાર્થે શ્રાવક ઈર્યાપ્રતિક્રમણ કરે છે. તે વખતે જે શ્રાવકને પ્રસ્તુત ઈર્યાપથિકી સૂત્રમાં બતાવેલા ભાંગાઓનો બોધ છે તે શ્રાવક જીવોના ૫૬૩ ભેદોને આશ્રયીને રાગ-દ્વેષ, કરણ-કરાવણ-અનુમતિ આદિ વિકલ્પોથી હિંસાનો પરિણામ શ્રાવકજીવનમાં કઈ રીતે સંભવે તેનું સ્મરણ કરીને તે પરિણામને ચિત્તમાંથી કાઢીને સાધુની જેમ ચૈત્યવંદનકાળમાં સાંસારિક ભાવોથી ચિત્ત ગુપ્ત બને તે પ્રકારે યત્ન કરે છે. આથી જીવોના ૫૬૩ ભેદોનું સ્મરણ કરીને કરણ-કરાવણ-અનુમતિ આદિનું સ્મરણ કરીને અરિહંત-સિદ્ધ આદિ ૬ની સાક્ષીએ પૂર્વમાં કરાયેલા તે પ્રકારના હિંસાના પરિણામનું મિચ્છામિ દુક્કડમ્ આપે છે. મિચ્છામિ દુક્કડમ્ પદના અર્થનું જે શ્રાવકને જ્ઞાન હોય છે તેવા શ્રાવક અવશ્ય તે પ્રકારના માર્દવાદિ ભાવોમાં ઉપયુક્ત થઈને જે હિંસાના પરિણામનું મિથ્યાદુષ્કૃત આપે છે, જેથી સંવરભાવને પામેલું ચિત્ત અત્યંત સાધુના નિરવદ્ય આચારને અભિમુખ બને છે. આ રીતે ચિત્તને સંવૃત કર્યા પછી 'તસ્સ ઉત્તરી' સૂત્ર દ્વારા ચિત્તની વિશેષ શુદ્ધિ કરીને જ્યારે શ્રાવક દૃઢપ્રણિધાનપૂર્વક અરિહંતના ગુણોના સ્મરણનું કારણ એવું ચૈત્યવંદન કરે છે ત્યારે ચિત્ત સંયમના પરિણામને અર્થે અભિમુખ હોવાથી નમુત્થુણં આદિ સૂત્રો દ્વારા જે પારમાર્થિક ભાવોને નિષ્પન્ન કરવા છે તેને પ્રગટ કરવા સમર્થ બને છે.

ટીકા :-

एवमालोचनाप्रतिक्रमणरूपं द्विविधं प्रायश्चित्तं प्रतिपद्य कायोत्सर्गलक्षणप्रायश्चित्तेन पुनरात्मशुद्ध्यर्थमिदं पठति–

'तस्स उत्तरीकरणेणमित्यादि ठामि काउस्सग्ग'मिति पर्यन्तम् । तस्य=आलोचितप्रतिक्रान्तस्यातिचारस्योत्तरीकरणादिना हेतुना 'ठामि काउस्सग्ग'मिति योगः, तत्रानुत्तरस्योत्तरस्य करणं पुनः संस्कारद्वारेणो-

परिकरणमुत्तरीकरणम्, अयं भावार्थः-यस्यातिचारस्य पूर्वमालोचनादि कृतम्, तस्यैव पुनः शुद्धये कायोत्सर्गस्य करणम् ।

तच्च प्रायश्चित्तकरणेन स्यादित्याह–'पायच्छित्तकरणेणं' प्रायो=बाहुल्येन, चित्तं=जीवं मनो वा शोधयति पापं छिनत्तीति वाऽऽर्षत्वात्प्रायश्चित्तम्, तस्य करणेन हेतुना, तच्च विशुद्ध्या स्यादित्याह-'विसोहीकरणेणं' विशोधनं विशोधिरतिचारापगमादात्मनो नैर्मल्यम्, तस्याः करणेन हेतुना ।

तदपि विशल्यत्वे सति स्यादित्याह–'विसल्लीकरणेणं' विगतानि शल्यानि मायादीनि यस्यासौ विशल्यः, अविशल्यस्य विशल्यस्य करणं विशल्यीकरणं तेन हेतुना ।

किमित्याह–'पावाणं कम्माणं निग्घायणट्ठाए' पापानां भवहेतूनां कर्मणां ज्ञानावरणादीनां निर्घातनमुच्छेदः, स एवार्थः प्रयोजनम् तस्मै, 'ठामि' अनेकार्थत्वाद्धातूनां करोमि 'कायोत्सर्गं' कायव्यापारत्यागमित्यर्थः ।

किं सर्वथा? नेत्याह–'अन्नत्थ ऊससिएण'मित्यादि । अन्यत्रोच्छ्वसितात् 'ऊर्ध्वश्वासग्रहणात्' उत् ऊर्ध्वं प्रबलं वा श्वसितम् उच्छ्वसितमिति व्युत्पत्तेः अत्र पञ्चम्यर्थे तृतीया, तन्मुक्त्वा योऽन्यो व्यापारस्तेन व्यापारवतः कायस्योत्सर्ग इत्यर्थः, एवमुत्तरत्रापि, एवं 'निःश्वसितात्' श्वासमोक्षणात् 'कासितात्' क्षुतात्, 'जृम्भितात्' उद्गारितात्, एतानि प्रतीतानि, वातनिसर्गोऽधोवातनिसर्गस्तस्मात् कासितादीनि च जीवरक्षार्थं मुखे हस्तदानादियतनया कार्याणि, 'भमलीए' अकस्माद्देहभ्रमेः 'पित्तमुच्छाए' पित्तसंक्षोभादीषत्मोहो मूर्छा तस्याः तयोश्च सत्योरुपवेष्टव्यम्, सहसापतने मा भूत्संयमात्मविराधनेति।

'सुहुमेहिं' इत्यादि सूक्ष्मेभ्योऽङ्गसंचालेभ्यो रोमोत्कम्पादिभ्यः, सूक्ष्मेभ्यः खेलसंचालेभ्यः, खेलः=श्लेष्मा, सूक्ष्मेभ्यो दृष्टिसंचालेभ्यो निमेषादिभ्यः ।

उच्छ्वसितादिभ्योऽन्यत्र कायोत्सर्गं करोमीति, तावता किमुक्तं भवति ? 'एवमाइएहिं' इत्यादि एवमादिभिरुच्छ्वसितादिभिः पूर्वोक्तैराकारैरपवादैरादिशब्दादन्येऽपि गृह्यन्ते, अग्नेर्विद्युतो वा ज्योतिषः स्पर्शने प्रावरणं गृह्णतोऽपि न भङ्गः ।

ननु नमस्कारमेवाभिधाय किमिति तद्ग्रहणं न करोति । येन तद्भङ्गो न भवति? उच्यते–नात्र नमस्कारेण पारणमेवाविशिष्टं कायोत्सर्गमानं क्रियते, किन्तु यो यत्परिमाणः कायोत्सर्ग उक्तस्तावन्तं कालं प्रतीक्ष्य तत ऊर्ध्वं, नमस्कारमपठित्वा पारयतो भङ्गः । अपरिसमाप्तेऽपि च पठतो भङ्ग एव, तस्मात् यो यत्परिमाणः कायोत्सर्गस्तस्मिन् पूर्ण एव 'नमो अरिहंताणमिति वक्तव्यम् तथा मार्जारमूषकादेः पुरतो गमने अग्रतः सरतोऽपि, चौरसम्भ्रमे राजसम्भ्रमे वा सर्पदष्टे आत्मनि परे वा साध्वादौ अपूर्णमपि कायोत्सर्गं पारयतोऽपि न भङ्गः । यदाहुः–

अगणी उछिंदिज्ज व, बोहीखोभाइ दीहडक्को वा । आगारेहिं अभग्गो, उस्सग्गो एवमाईहिं ।।'

'एतैः 'अभग्नः' सर्वथा अखण्डितः 'अविराधितो' देशतोऽप्यविनाशितो 'भवेन्मम कायोत्सर्गः'। कियन्तं कालं यावदित्याह–'जावेत्यादि' यावदर्हतां भगवतां नमस्कारेण 'नमो अरिहंताण'मित्यनेन 'न पारयामि' न पारं गच्छामि, तावत्किमित्याह–'तावेत्यादि' तावन्तं कालं 'कायं' देहं 'स्थानेन' ऊर्ध्वस्थानादिना 'मौनेन' वाग्निरोधेन 'ध्यानेन' मनःसुप्रणिधानेन 'अप्पाणं'ति आर्षत्वादात्मीयं कायं 'व्युत्सृजामि' कुव्यापारनिषेधेन त्यजामि, अयमर्थः–पञ्चविंशत्युच्छ्वासमानं कालं यावदूर्ध्वस्थितः प्रलम्बितभुजो निरूद्धवाक्प्रसरः प्रशस्तध्यानानुगतस्तिष्ठामि स्थानमौनध्यानक्रियाव्यतिरेकेण क्रियान्तराध्यासद्वारेण तु व्युत्सृजामि, पञ्चविंशतिरुच्छ्वासाश्चतुर्विंशतिस्तवेन 'चंदेसु निम्मलयरा' इत्यन्तेन चिन्तितेन पूर्यन्ते, 'पायसमा ऊसासा' इति वचनात् ।

ટીકાર્થ :-

एवमालोचनाप्रतिक्रमणरूपं ..... इति वचनात् । આ રીતે=પૂર્વમાં ઈરિયાવહિયા સૂત્ર દ્વારા બતાવ્યું એ રીતે, આલોચના અને પ્રતિક્રમણરૂપ બે પ્રકારનું પ્રાયશ્ચિત્ત સ્વીકારીને=તસ્સ મિચ્છામિ દુક્કડમ્ પૂર્વના અંશથી આલોચનારૂપ પ્રાયશ્ચિત્ત અર્થાત્ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયા પડિક્કમામિથી માંડી જીવિયાઓ વવરોવિયા સુધી આલોચનારૂપ પ્રાયશ્ચિત્ત અને 'તસ્સ મિચ્છામિ દુક્કડમ્' અંશથી પ્રતિક્રમણરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારીને, કાયોત્સર્ગરૂપ પ્રાયશ્ચિત્તથી ફરી આત્મશુદ્ધિ માટે આ=આગળમાં કહેવાય છે એ સૂત્ર બોલે છે.

'तस्सउत्तरीकरणेणं' ઈત્યાદિથી માંડીને 'ठामि काउस्सग्गं' એ પ્રમાણે અંત છે. તેનું=આલોચિત અને પ્રતિક્રાન્ત એવા અતિચારનું ઉત્તરીકરણ આદિ હેતુથી કાઉસ્સગ્ગમાં સ્થિર થાઉં છું એ પ્રમાણે યોગ છે. ત્યાં='तस्सउत्तरी' સૂત્રમાં અનુત્તરના ઉત્તરનું કરણ, વળી સંસ્કાર દ્વારા ઉપરીકરણ ઉત્તરીકરણ છે. આ ભાવાર્થ છે – જે અતિચારનું પૂર્વમાં આલોચનાદિ કરાયું તેની જ વળી શુદ્ધિ માટે કાયોત્સર્ગનું કરણ છે. અને તે=ઉત્તરીકરણ, પ્રાયશ્ચિત્તકરણથી થાય છે. એથી કહે છે –

पायश्छित्तकरणेणं=પ્રાયશ્ચિત્તકરણથી=પ્રાયઃ અર્થાત્ બાહુલ્યથી, ચિત્ત=જીવ અથવા મન, શોધન કરે છે તે પ્રાયશ્ચિત્ત છે અથવા પાપને જે છેદે છે તે પ્રાયશ્ચિત્ત છે; કેમ કે આર્ષપ્રયોગ છે. તેના કરણરૂપ હેતુથી=પ્રાયશ્ચિત્તના કરણરૂપ હેતુથી, ઉત્તરીકરણ થાય છે એમ અન્વય છે. અને તે=પ્રાયશ્ચિત્ત, વિશુદ્ધિથી થાય છે. એથી કહે છે –

વિશોધિકરણથી વિશોધન વિશોધિ=અતિચારના અપગમથી આત્માનું નૈર્મલ્ય તેના કરણરૂપ હેતુથી છે=વિશોધિકરણરૂપ હેતુથી પ્રાયશ્ચિત્ત છે. તે પણ=વિશોધિ પણ, વિશલ્યપણું હોતે છતે થાય છે. એથી કહે છે –

વિસલ્લીકરણેણં=વિસલ્લીકરણથી, વિગત માયાદિ રૂપ શલ્યો છે જેના એ વિશલ્ય છે. અવિશલ્યવાળાને

વિશલ્યનું કરણ વિસલ્લીકરણ છે તે રૂપ હેતુથી=વિસલ્લીકરણરૂપ હેતુથી, આત્માનું વિશોધન થાય છે. શેના માટે ? એથી કહે છે=ઉત્તરીકરણ શેના માટે છે ? એથી કહે છે –

પાપકર્મોના નિર્ઘાતન માટે=ભવના હેતુ એવા જ્ઞાનાવરણીયાદિ પાપકર્મોનું નિર્ઘાતન=ઉચ્છેદ, તે જ અર્થ=પ્રયોજન, તેના માટે રહું છું. ધાતુનું અનેકાર્થપણું હોવાથી 'ઠામિ'નો અર્થ 'હું કરું છું' એ પ્રમાણે કરવો. શું કરું છું ? એથી કહે છે –

કાયવ્યાપારના ત્યાગરૂપ 'કાયોત્સર્ગ' કરું છું, એ પ્રમાણે અર્થ છે. શું સર્વથા કાયવ્યાપારનો ત્યાગ કરું છું ? 'નહિ'. એથી કહે છે –

'અન્નત્થ ઉસસિએણં' ઈત્યાદિ=અન્યત્ર ઉચ્છ્વસિત ઈત્યાદિ, ઉચ્છ્વસિતથી અન્યત્ર=ઊર્ધ્વ શ્વાસ ગ્રહણથી અન્યત્ર, 'ઉત્' ઊર્ધ્વ અર્થમાં છે, અથવા પ્રબળ અર્થમાં છે. શ્વસિત શ્વાસ અર્થમાં છે. ઉચ્છ્વસિત એ પ્રમાણેની વ્યુત્પત્તિ છે. અહીં પંચમી અર્થમાં તૃતીયા છે='ઉસસિએણં'માં પંચમી વિભક્તિ તૃતીયા અર્થમાં છે. તેને છોડીને=ઉચ્છ્વસિતાદિને છોડીને, જે અન્ય વ્યાપાર તેનાથી વ્યાપારવાળી કાયાનો ઉત્સર્ગ એ પ્રમાણે અર્થ છે. એ રીતે=જે રીતે ઉચ્છ્વસિતનું યોજન કર્યું એ રીતે ઉત્તરમાં પણ=પાછળના શબ્દોમાં પણ યોજન કરવું. એ રીતે 'નિઃશ્વસિતથી'=શ્વાસના મુકાવાથી, કાસિતથી=છીંકથી, જૃમ્ભિતથી=બગાસાથી, અન્યત્ર કાયાનો ત્યાગ કરું છું એ પ્રમાણે અન્વય છે. આ બધાના અર્થ પ્રતીત છે. વાતનિસર્ગ=અધોવાત નિસર્ગ=વાછૂટ થવી તેનાથી, અને છીંક આદિ, જીવરક્ષા માટે મુખ ઉપર હાથ રાખવો આદિ યતનાથી કરવાં જોઈએ=જીવરક્ષા માટે મુખ ઉપર હાથ રાખી છીંક આદિ યતનાથી ખાવાં જોઈએ. ભમલીએ=અકસ્માત દેહના ભ્રમથી=આકસ્મિક ચક્કર આવવાથી, પિત્તમુચ્છાએ=પિત્તના સંક્ષોભથી ઈષદ્મોહ=મૂર્છા, તેનાથી અને તે બે હોતે છતે=આકસ્મિક ચક્કર આવવાથી કે પિત્તના સંક્ષોભથી ઈષદ્ મૂર્છા આવવાથી, બેસવું જોઈએ. સહસા પતનમાં સંયમ અને આત્માની વિરાધના ન થાઓ, એથી બેસવું જોઈએ. 'સૂક્ષ્મથી ઈત્યાદિ' સૂક્ષ્મ એવા અંગસંચાલનથી=રોમકંપાદિથી, સૂક્ષ્મ એવા ખેલસંચાલનથી, ખેલ=શ્લેષ્મ, સૂક્ષ્મ એવા દૃષ્ટિસંચાલનથી= નિમેષાદિથી, ઉચ્છ્વસિતાદિથી અન્યત્ર કાયોત્સર્ગ કરું છું. તેટલાથી શું કહેવાયેલું થાય છે ? 'એવમાઈએહિં ઈત્યાદિ'=આ વગેરેથી ઈત્યાદિ. આ વગેરેથી=ઉચ્છ્વસિતાદિથી, પૂર્વોક્ત આકારવાળા અપવાદો વડે અને 'આદિ' શબ્દથી અન્ય પણ ગ્રહણ કરાય છે. અગ્નિથી અથવા વિદ્યુતના પ્રકાશના સ્પર્શનમાં વસ્ત્રને ગ્રહણ કરવા છતાં પણ ભંગ નથી.

અહીં 'નનુ'થી શંકા કરે છે. નમસ્કારને જ કહીને=કાયોત્સર્ગને પાળીને, કેમ વસ્ત્રનું ગ્રહણ કરાતું નથી જેનાથી તેનો ભંગ ન થાય ?=કાઉસ્સગ્ગનો ભંગ ન થાય ? ઉત્તર આપે છે. અહીં=કાઉસ્સગ્ગમાં, નમસ્કારના પારણરૂપ જ અવિશિષ્ટ કાયોત્સર્ગમાન કરાતું નથી. પરંતુ જે - જેનો પરિમાણ કાયોત્સર્ગ કહેવાયો છે તેટલો કાળ પ્રતીક્ષા કરીને ત્યારપછી નમસ્કારને બોલ્યા વગર પારવાથી ભંગ છે. અપરિસમાપ્તમાં પણ=કાયોત્સર્ગના-પરિમાણના અપરિસમાપ્તમાં પણ, બોલવાથી='નમો અરિહંતાણં' બોલવાથી ભંગ જ છે. તેથી જે જેટલા પરિમાણવાળો કાયોત્સર્ગ છે તે પૂર્ણ થયે છતે જ 'નમો

અરિહંતાણં' એ પ્રમાણે કહેવું જોઈએ. અને] બિલાડી-ઉંદરાદિના આગળથી ગમનમાં આગળ, સરકવામાં પણ=બિલાડી-ઉંદરાદિની આડના નિવારણ અર્થે આગળથી ગમનમાં- ભંગ નથી=કાઉસ્સગ્ગનો ભંગ નથી. ચોરના સંભ્રમમાં અથવા રાજાના સંભ્રમમાં અથવા પોતાના કે બીજા એવા સાધુ આદિના સર્પદંશમાં અપૂર્ણ પણ કાયોત્સર્ગ પારવાથી ભંગ નથી. જેને કહે છે –

"અગ્નિના છિંદિજ્જ=છેદથી અર્થાત્ પંચેન્દ્રિયની આડથી, બોહીખોભાઈ=ચોરના ઉપદ્રવાદિથી, દીહડક્કો=દીર્ઘ દંશ=સાપના ડંશથી, આ વગેરે આગારોથી કાયોત્સર્ગ અભંગ છે." **આના દ્વારા=પૂર્વમાં બતાવેલા આગારો દ્વારા, અભગ્ન=સર્વથા અખંડિત, અવિરાધિત=દેશથી પણ અવિનાશિત, મારો કાયોત્સર્ગ થાય. કેટલા કાળ સુધી એથી કહે છે –**

'જાવેત્યાદિ'=જ્યાં સુધી અરિહંત ભગવાનના નમસ્કારથી 'નમો અરિહંતાણં' એ પદથી હું પારું નહિ=હું પારને પામું નહિ, ત્યાં સુધી શું ? એથી કહે છે –

'તાવેત્યાદિ'=તેટલો કાળ કાયાને=દેહને, સ્થાનથી=ઊર્ધ્વ સ્થાનાદિથી, મૌનથી=વાગ્-નિરોધથી ધ્યાનથી= મનના સુપ્રણિધાનથી આત્માને=આર્ષપણું હોવાથી આત્મીય કાયને=પોતાની કાયાને, હું વોસિરાવું છું=કુવ્યાપારના નિષેધથી હું ત્યાગ કરું છું આ અર્થ છે – પચ્ચીશ ઉચ્છ્વાસમાન કાલ સુધી ઊર્ધ્વસ્થિત=ઊભો રહેલો, પ્રલંબિત ભુજાવાળો, નિરુદ્ધ વાણીના પ્રસરવાળો પ્રશસ્ત ધ્યાનથી અનુગત હું રહું છું=સ્થાન, મૌન, ધ્યાનની ક્રિયાને છોડીને ક્રિયાંતરના અધ્યાસ દ્વારા=ક્રિયાંતરના નિરોધ દ્વારા, હું ત્યાગ કરું છું. પચ્ચીશ ઉચ્છ્વાસ ચતુર્વિંશતિ સ્તવથી 'ચંદેસુ નિમ્મલયરા' એ અંતવાળા ચિંતનથી પૂરાય છે; કેમ કે 'પાદ સમો ઉચ્છ્વાસ છે' એ પ્રમાણે વચન છે=એક પદનો એક ઉચ્છ્વાસ ગણાય છે એ પ્રમાણે વચન છે.

ભાવાર્થ :-

શ્રાવક ચૈત્યવંદન કરતા પૂર્વે ઈર્યાપ્રતિક્રમણ કરીને સર્વવિરતિને અભિમુખ ચિત્ત થાય તે પ્રકારનો યત્ન કરે છે. જેથી ગૃહસ્થજીવનમાં થતા આરંભ-સમારંભના પરિણામો અત્યંત સંવૃત પરિણામવાળા થાય તે અર્થે પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે ઇરિયાવહિયા સૂત્રથી જીવોની થતી વિરાધનાનું આલોચન કરી 'તસ્સ મિચ્છામિ દુક્કડમ્' દ્વારા પ્રતિક્રમણ કરે છે. ત્યારપછી કાયોત્સર્ગરૂપ પ્રાયશ્ચિત્તથી તેની અત્યંત શુદ્ધિ અર્થે 'તસ્સઉત્તરી' સૂત્ર બોલે છે. તેનો અર્થ આ પ્રમાણે છે –

આલોચના અને પ્રતિક્રમણથી આત્મામાં વિશુદ્ધિ થઈ. તેથી આરંભ-સમારંભથી ચિત્તને અત્યંત નિવર્તન કરવાનો પરિણામ શ્રાવકે કર્યો. હવે તેનું ઉત્તરીકરણ કરવા માટે કાયોત્સર્ગ કરે છે. જેથી અત્યંત સંવરનો પરિણામ થાય. ઉત્તરીકરણ શું છે ? તે સ્પષ્ટ કરવાર્થે કહે છે –

આલોચના દ્વારા આલોચિત અને તસ્સ મિચ્છામિ દુક્કડમ્ દ્વારા પ્રતિક્રાન્ત જે દોષો છે અર્થાત્ જે દોષોનો નાશ થયો છે તેનું ઉત્તરીકરણ કરવાર્થે કાઉસ્સગ્ગ કરાય છે. 'ઉત્તરીકરણ'નો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે. અનુત્તરને ઉત્તર કરવું તે 'ઉત્તરીકરણ' છે. અર્થાત્ આત્મામાં ઉત્તમ સંસ્કાર દ્વારા 'ઉપરીકરણ' છે. અર્થાત્

આલોચના અને પ્રતિક્રમણ દ્વારા જે શુદ્ધિ કરેલી તે શુદ્ધિને અતિશય કરવાની ક્રિયા છે અર્થાત્ વધુ વિશુદ્ધ કરવાની ક્રિયા છે. જેમ ઓરડામાં રહેલા કચરાને દૂર કરવાર્થે સાફ કરવામાં આવે છે. એક વખત સાફ કર્યા પછી સૂક્ષ્મ કચરાને દૂર કરવાર્થે બીજી વખત સાફ કરવામાં આવે છે. અને લેશ પણ કચરો ન રહે માટે ત્રીજી વખત સાફ કરાય છે. તેમ વિવેકસંપન્ન શ્રાવક ઇરિયાવહિયા સૂત્ર દ્વારા આલોચન કરીને આરંભ-સમારંભને અનુકૂળ જે પોતાનું ચિત્ત છે તેને આલોચના દ્વારા અત્યંત સંવૃત કરે છે. આલોચનાથી આરંભ-સમારંભવાળા ચિત્તનો અત્યંત સંકોચ કર્યા પછી 'તસ્સ મિચ્છામિ દુક્કડમ્' દ્વારા વિશેષ સંકોચ કરે છે. છતાં ચિત્ત તેવું અત્યંત સંકોચવાળું ન થયું હોય તેને અત્યંત સંવૃત કરવાર્થે કાઉસ્સગ્ગની ક્રિયારૂપ ઉત્તરીકરણ કરે છે. અને કાઉસ્સગ્ગની ક્રિયા દ્વારા મારે અત્યંત ચિત્તને સંવૃત કરવું છે તેવો ઉપયોગ સ્થિર કરવાર્થે 'તસ્સઉત્તરી' સૂત્ર બોલાય છે. જેથી શ્રાવકના ઉપયોગમાં પ્રતિસંધાન થાય છે કે આલોચના અને પ્રતિક્રમણ દ્વારા મેં જે ચિત્તને સંવૃત કર્યું છે તે ચિત્તને અતિશય સંવૃત કરવાર્થે આ ઉત્તરીકરણરૂપ કાઉસ્સગ્ગની ક્રિયા કરું છું. કઈ રીતે કાઉસ્સગ્ગ દ્વારા ઉત્તરીકરણ થઈ શકે ? તેથી શ્રાવક પ્રતિસંધાન કરે છે કે પ્રાયશ્ચિત્તકરણથી ઉત્તરીકરણ થાય છે અને પ્રાયશ્ચિત્ત એટલે ચિત્તનું શોધન કરે તે પ્રાયશ્ચિત્ત અર્થાત્ ચિત્તને આરંભ-સમારંભથી પર કરીને નિરારંભ જીવનને-અનુકૂળ બનાવે તે 'પ્રાયશ્ચિત્તકરણ' છે, અથવા પાપને જે છેદે છે તે પ્રાયશ્ચિત્ત છે=આરંભ-સમારંભને અનુકૂળ ચિત્તમાં જે પાપનો પરિણામ છે તેનો નાશ કરે તે પ્રાયશ્ચિત્ત છે. તેથી શ્રાવકને પ્રતિસંધાન થાય છે કે આગળમાં કરાતા કાઉસ્સગ્ગ દ્વારા મારા ચિત્તનું શોધન થાય છે કે આગળમાં કરાતા કાઉસ્સગ્ગ દ્વારા મારા ચિત્તનું શોધન થાય અને ચિત્ત અત્યંત નિરારંભ જીવનને અભિમુખ થાય તે પ્રકારે મારે કાઉસ્સગ્ગમાં યત્ન કરવાનો છે. અને આથી જ કાઉસ્સગ્ગકાળમાં ઉત્તમપુરુષના ગુણોના સ્મરણ દ્વારા દૃઢપ્રણિધાનના બળથી શ્રાવક પોતાના આત્માને અત્યંત નિષ્પાપ પરિણતિને અભિમુખ કરે છે. અહીં પ્રશ્ન થાય કે પ્રાયશ્ચિત્તનો પરિણામ કઈ રીતે થાય ? તેથી કહે છે -

વિશોધિકરણથી થાય છે. અર્થાત્ પૂર્વમાં જે પોતે ગૃહસ્થજીવનમાં આરંભ-સમારંભ કર્યા છે અને આરંભ-સમારંભના સંસ્કારવાળું પોતાનું ચિત્ત છે, તે સંસ્કારનો અપગમ થાય તે પ્રકારે વિશોધિકરણ કરવામાં આવે તો પ્રાયશ્ચિત્તકરણની પ્રાપ્તિ છે. જેના પ્રતિસંધાનથી શ્રાવક વિશોધિકરણને અભિમુખ પરિણામવાળો થાય છે. વળી, વિચારે કે 'વિશોધિકરણ' કઈ રીતે થાય ? તેથી કહે છે –

વિશલ્લીકરણથી જ વિશોધિકરણ થાય છે. અર્થાત્ માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાત્વશલ્યને કાઢીને આત્માને નિર્મળ કરવામાં આવે તો 'વિશોધિકરણ' થાય છે. આ પ્રકારે પ્રતિસંધાન કરીને શ્રાવક પોતાના ચિત્તમાં, આત્માને ઠગવાની પરિણતિરૂપ માયાની પરિણતિને દૂર કરવા માટે યત્ન કરે છે. અર્થાત્ પોતે જેમ તેમ ક્રિયા કરે છતાં પોતે માને કે મેં આ ક્રિયા કરી છે તે રીતે આત્માને ઠગે તે રૂપ માયાશલ્યને કાઢવા પ્રયત્ન કરે છે. તુચ્છ એવા ઐહિકફલની આશંસારૂપ નિદાનશલ્યને કાઢવા પ્રયત્ન કરે છે. અને તત્ત્વના વિષયમાં મૂઢતાના પરિહાર દ્વારા મિથ્યાત્વશલ્યને કાઢવા પ્રયત્ન કરે છે. જેના બળથી સતત આત્માનું પારમાર્થિક હિત શું છે ? તેનો સૂક્ષ્મ ઊહ પ્રગટે તેવી અમૂઢદૃષ્ટિને કેળવે છે. અને તે પ્રકારે શલ્ય રહિત ચિત્ત થવાથી સૂક્ષ્મ ઉપયોગ દ્વારા અંતરંગ યત્ન થવાને કારણે આત્માને વિશોધિ પ્રાપ્ત થાય છે. અને તેના કારણે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. જેથી કરાયેલો કાયોત્સર્ગ અવશ્ય ઉત્તરીકરણનું કારણ બને છે. તેથી

વિવેકસંપન્ન શ્રાવક ઉપયોગપૂર્વક 'તસ્સઉત્તરી' સૂત્ર બોલીને આગળમાં કરવાનો કાઉસ્સગ્ગ આત્માની શુદ્ધિનું કારણ બને તે પ્રકારનું પ્રતિસંધાન પ્રસ્તુત સૂત્રથી કરે છે.

આ રીતે 'તસ્સઉત્તરીકરણેણં'થી પ્રતિસંધાન કર્યા પછી પ્રશ્ન થાય કે શા માટે ઉત્તરીકરણની ક્રિયા કરવી છે ? તેથી શ્રાવક પ્રતિસંધાન કરે છે કે પાપકર્મના નિર્ઘાતન માટે અર્થાત્ ભવના કારણરૂપ જ્ઞાનાવરણીયકર્મ, મોહનીયકર્મ અને અંતરાયકર્મના નિર્ઘાતન=ઉચ્છેદ માટે હું કાઉસ્સગ્ગમાં સ્થિર થાઉં છું. તેથી શ્રાવકને પ્રતિસંધાન થાય છે કે આગળમાં કાયોત્સર્ગ દરમિયાન તીર્થંકરના નામના કીર્તન દ્વારા ઉત્તમપુરુષોના ગુણો પ્રત્યે મારું ચિત્ત અત્યંત આવર્જિત થશે. જેનાથી ઉત્તમપુરુષની ઉત્તમતાના બોધમાં બાધક જ્ઞાનાવરણીયકર્મ તૂટશે. ઉત્તમપુરુષના જેવી ઉત્તમતાની નજીક જવામાં બાધક મોહનીયકર્મ તૂટશે. અને ઉત્તમપુરુષ તુલ્ય થવા માટેનું મારું જે સદ્વીર્ય છે તેને બાધક વીર્યાંતરાયકર્મ તૂટશે. તે રીતે ગુણીયલના ગુણોની સ્મૃતિપૂર્વક તેઓના નામનું કીર્તન કરીશ. જેથી શીઘ્ર હું પણ તેમની જેમ સંસારના ઉચ્છેદ માટે સમર્થ વીર્યવાળો થઈશ. આ પ્રકારે પ્રતિસંધાન કરીને કાયોત્સર્ગમાં રહેવાનો સંકલ્પ 'તસ્સઉત્તરી' સૂત્રના અંતિમપદથી કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે "અન્ય સર્વ કાયવ્યાપારનો ત્યાગ કરીને હું કાયોત્સર્ગમાં સ્થિર થવા પ્રયત્ન કરું છું" એ પ્રકારનો સ્થિર પ્રણિધાન નામનો આશય પ્રગટે છે. વળી, સ્વીકારાયેલી પ્રતિજ્ઞાને અણીશુદ્ધ પાળવામાં આવે તો મહાબળ સંચય થાય છે અને પ્રતિજ્ઞા અનુસાર યત્ન ન કરવામાં આવે તો જીવમાં તે પ્રકારનું સદ્વીર્ય સંચય થતું નથી. તેથી કાયોત્સર્ગમાં સ્થિર થાઉં છું, તે વચન દ્વારા કાયાના વ્યાપારનો પોતે ત્યાગ કરશે. તેમાં જે અસંભવિત ત્યાગ છે તેના આગારોને બોલે છે. જેથી તે આગારોને છોડીને હું કાયાના વ્યાપારનો ત્યાગ કરીશ એ પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થાય છે. અને તે સર્વ આગાર 'અન્નત્થ સૂત્ર'થી બોલીને અંતે પ્રતિજ્ઞા કરે છે કે કાયોત્સર્ગકાળમાં હું દેહને ઊર્ધ્વસ્થાનાદિથી સ્થિર કરીશ, વાણીનો મૌન દ્વારા નિરોધ કરીશ અને મનને, જે ચિંતવન કરાય છે તેના ભાવો સ્પર્શે તે પ્રકારના સુપ્રણિધાનથી પ્રવર્તાવીશ. તે સિવાયના સર્વ કાયાના વ્યાપારોને જ્યાં સુધી હું 'નમો અરિહંતાણં'થી કાઉસ્સગ્ગ પારું નહિ ત્યાં સુધી ત્યાગ કરું છું. આ પ્રકારે પ્રતિજ્ઞા કરીને અન્નત્થ સૂત્રમાં બતાવેલા દેહના આગારોને છોડીને શક્તિને ગોપવ્યા વગર કાયોત્સર્ગ મુદ્રામાં રહીને, વાણીનો નિરોધ કરીને અને મનને કાયોત્સર્ગકાળમાં બોલાતા સૂત્રના શબ્દને સ્પર્શે તેવી રીતે જે શ્રાવક પ્રવર્તાવે છે જેથી તે મહાત્માનું ચિત્ત કાઉસ્સગ્ગકાળમાં તીર્થંકરોના નામસ્મરણથી પૂર્વમાં ન હતું તેવું સંપૂર્ણ નિષ્પાપ સર્વવિરતિને અભિમુખ અતિશયવાળું પવિત્ર ચિત્ત બને છે. અને જેમ જેમ તીર્થંકરના નામસ્મરણને કારણે તીર્થંકરભાવને અભિમુખ થયેલું ચિત્ત અતિશયિત બને છે તેમ તેમ આગળમાં કહેવાયેલી ચૈત્યવંદનની ક્રિયા વિશેષ પ્રકારે ભાવનિષ્પત્તિનું કારણ બને છે. આથી શાસ્ત્રવચનથી સૂક્ષ્મબોધ કર્યા પછી જ્યાં સુધી પૂર્ણ શાસ્ત્રવિધિથી શુદ્ધ ઈર્યાપ્રતિક્રમણ કરવા શ્રાવક સમર્થ થતા નથી ત્યાં સુધી સતત તે પ્રકારે ઉપયોગપૂર્વક ઈર્યાપ્રતિક્રમણ કરવા પ્રયત્ન કરે છે; જેથી જે પ્રકારે શાસ્ત્રવચનથી બોધ થયો છે. તેને અનુરૂપ આસેવનની ક્રિયા થાય. આથી જ શાસ્ત્રમાં પ્રથમ ગ્રહણશિક્ષા અપાય છે. પછી આસેવન શિક્ષા અપાય છે. તેમ પ્રસ્તુતમાં વિવેકસંપન્ન શ્રાવક શાસ્ત્રમર્યાદાથી ઈર્યાપથ પ્રતિક્રમણના રહસ્યનો યથાર્થ બોધ કરે, પુનઃપુનઃ સમાલોચન કરે, સમાલોચન કરી સ્થિર કરે અને સ્થિર

કર્યા પછી તે રીતે આસેવન માટે યત્ન કરે. જેથી બોધને અનુકૂળ ઈર્યાપથ પ્રતિક્રમણની ક્રિયા કંઈક અતિશય-અતિશય પામતાં-પામતાં અંતે યથાર્થ બને છે.

સામાન્યથી ઘણા ભવોના અભ્યાસથી જ જીવ વિધિશુદ્ધ ક્રિયા કરી શકે છે. તેથી આ ભવમાં વિધિશુદ્ધ ક્રિયા આસેવનથી ન થઈ શકે તોપણ વિધિશુદ્ધ ક્રિયાના પારમાર્થિક સ્વરૂપને જે શ્રાવક વારંવાર જાણવા યત્ન કરે, તેનાથી આત્માને ભાવિત કરવા માટે યત્ન કરે અને સેવનકાળમાં અધિક-અધિક વિધિશુદ્ધ બને તે રીતે યત્ન કરે તે શ્રાવક, આ ભવમાં રહેલો અધૂરો અભ્યાસ આગામી ભવોમાં સેવીને પણ વિધિશુદ્ધ ક્રિયા કરનારો થશે. માટે ઉત્સાહનો ત્યાગ કર્યા વિના અપ્રમાદથી શક્તિ અનુસાર વિધિના પરમાર્થને જાણવા માટે, જાણીને સ્થિર કરવા માટે અને સતત પૂર્ણ વિધિથી સેવન કરવા માટે શક્ય ઉદ્યમ કરવો જોઈએ.

ટીકા :-

साम्प्रतं कायोत्सर्गस्य दोषवर्जनाय गाथाद्वयमिदम्-

"घोडग १ लया २ य खंभे, कुड्डे ३ माले ४ य सबरि ५ वहु ६ नियले ७ ।
लंबुत्तर- ८ थण ९ उद्धी १० संजइ ११ खलिणे १२ य वायस १३ कविट्ठे १४ ।।१।।
सीसोकंपिय १५ मूए १६, अंगुलि भमुहा १७ य वारुणी १८ पेहा१९ ।
नाहीकरयलकुप्पर, उस्सारिथपारियंमि थुई ।।२।।" **[आवश्यकनि. १५४६-७]**

अश्ववद्विषमपादः १, वाताहतलतावत् कम्पमानः २, स्तम्भे कुड्ये वाऽवष्टभ्य ३, माले चोत्तमाङ्गं निधाय ४, अवसनशबरीवत् गुह्याग्रे करौ कृत्वा ५, वधूवदवनतोत्तमाङ्गः ६, निगडितवच्चरणौ विस्तार्य मेलयित्वा वा ७, नाभेरुपरि जानुनोरधश्च प्रलम्बमानवसनः ८, दंशादिरक्षार्थमज्ञानाद्वा हृदयं प्रच्छाद्य ९, शकटोद्धिवदङ्गुष्ठौ पार्ष्णी वा मीलयित्वा १०, संयतीवत्प्रावृत्य ११, कविकवद्रजोहरणमग्रतः कृत्वा १२, वायसवच्चक्षुर्गोलकौ भ्रमयन् १३, कपित्थवत्परिधानं पिण्डयित्वा १४, यक्षाविष्ट इव शिरः कम्पयन् १५, मूकवत् हूहूकरणं १६, आलापकगणनार्थमङ्गुलीं भ्रुवौ वा चालयन् १७, वारुणी-सुरा तद्वत् बुडबुडयन् १८, अनुप्रेक्षमाणो वानर इव ओष्ठपुटं चालयंश्च कायोत्सर्गं करोतीत्येकोनविंशतिः १९ ।

सूत्रे सर्वमप्यनुष्ठानं साधुमुद्दिश्योक्तमतस्तद्विशेषमाह 'नाहित्ति' नाभेरधश्चत्वार्यङ्गुलानि चोलपट्टः, 'करयल'त्ति दक्षिणोत्तरपाणिभ्यां मुखवस्त्रिका रजोहरणं च 'कुप्पर'त्ति कूर्पराभ्यां चोलपट्टश्च धरणीयः, 'उस्सारियपारियंमि थुइ'त्ति उत्सारिते पूरिते कायोत्सर्गे नमस्कारेण पारिते जिनस्तुतिर्भणनीया, पाठान्तरं वा 'एगुणवीसा दोसा, काउस्सग्गस्स वज्जिज्जा' इति सुबोधं चैतदिति गाथार्थः ।

सम्पूर्णकायोत्सर्गश्च 'नमो अरिहंताण'मितिनमस्कारपूर्वकं पारयित्वा चतुर्विंशतिस्तवं सम्पूर्णं पठति, एवं सन्निहिते गुरौ तत्समक्षं गुरुविरहे तु गुरुस्थापनां मनसिकृत्य, ईर्यापथिकीप्रतिक्रमणं निर्वर्त्त्य चैत्यवन्दनमुत्कृष्टमारभते ।

अत्र चैवं बृहद्भाष्योक्तो विधिः

विख "संनिहिअं भावगुरुं, आपुच्छित्ता खमासमणपुव्वं ।
इरिअं पडिक्कमिज्जा, ठवणाजिणसक्खिअं इहरा ।।१।।"

न तु जिनबिम्बस्यापि पुरतः स्थापनाचार्यः स्थापनीयो, यतस्तीर्थकरे सर्वपदभणनात् तद्बिम्बेऽपि सर्वपदस्थापनाऽवसीयते एव । उक्तं च व्यवहारभाष्ये–

"आयरियग्गहणेणं, तित्थयरो इत्थ होइ गहिओ अ ।
किं न भवइ आयरिओ, आयारं उवदिसंतो य? ।।१।।
निदरिसणमित्थ जह खंदएण पुट्ठो य गोयमो भयवं! ।
केण तुहं सिट्ठंति य, धम्मायरिएण पच्चाह ।।२।।
स जिणो जिणाइसयओ १, सो चेव गुरू गुरूवएसाओ २ ।
करणाईविणयणाओ, सो चेव मओ उ उज्झाओ ।।३।।" **त्ति ।**

तथा–

"एवं स्कन्दकसाधुपुङ्गवपुरः श्रीगौतमेनोदिताः, श्रुत्वाऽर्हद्गुरुतादिसर्वपदवीः श्रीवर्द्धमानप्रभोः ।
बुध्यध्वं भविकाः! स्फुटं तदरि(रु)हद्बिम्बेष्वपि स्थापनाचार्यत्वादि तथा क्षमाश्रमणकैः कार्यो विधिस्तत्पुरः ।।१।।"

२३ एवं साक्षात्समासन्नभावाचार्यासद्भावे क्षमाश्रमणपूर्वं जिनबिम्बाद्यापृच्छ्य ईर्यापथिकी प्रतिक्रमणीया, नतु तद्विनापि, यदागमः–

"गुरुविरहंमि य ठवणा, गुरूवएसोवदंसणत्थं चे" **[प. २६२]त्यादि सङ्घाचारवृत्तौ ईर्यासम्पदधिकृता ।**

जघन्य-मध्यमे तु चैत्यवन्दने ईर्यापथिकीप्रतिक्रमणमन्तरेणापि भवत इति । उत्कृष्टया वन्दनया वन्दितुकामो विरतः साधुः श्रावकश्चाविरतसम्यग्दृष्टिरपुनर्बन्धको वा यथाभद्रकोऽपि यथोचितं प्रतिलेखितप्रमार्जितस्थण्डिलो भुवनगुरौ विनिवेशितनयनमानसः संवेगवैराग्यवशादुत्पन्नरोमाञ्चकञ्चुको मुदश्रुपूर्णलोचनोऽतिदुर्लभं भगवत्पादवन्दनमिति बहुमन्यमानो महावृत्तानर्थयुक्तानपुनरुक्तान्नमस्कारान् भणित्वा योगमुद्रयाऽस्खलितादिगुणोपेतं तदर्थानुस्मरणगर्भं प्रणिपातदण्डकं पठति,

[अत्र च सङ्घाचारवृत्त्युक्तोऽयं विशेषः–'एको द्वौ यावदुत्कर्षतोऽष्टोत्तरं शतं यथाशक्ति भणित्वा पश्चाद्यथाविधि प्रागुक्तस्वरूपं प्रणिपातं कुर्यात्, तथा चागमः–

"पयत्तेण धूवं दाऊण जिणवराणं, अट्ठसयसुद्धगंथजुत्तेहिं अपुणरुत्तेहिं संथुणई"

इत्यादि । प्रायः पुरुषाश्रितमिदं संभाव्यते, सूर्याभविजयदेवादिविहितत्वेन द्वितीयतृतीयोपाङ्गादावेवंभणितेर्दर्शनात् द्रौपद्यादिप्रस्तावे त्वेतन्नमस्कारप्रधानालापकपरिहारेण षष्ठाङ्गादावतिदेशभणनाच्च तथा च तत्राक्षराणि 'तएणं सा दोवई रायवरकन्ना' इत्यादि 'जाव मज्जणघराओ पडिणिक्खमित्ता जेणेव जिणायतणे तेणेव उवागच्छइ, जाव जिणपडिमाणं आलोए पणामं करेइ' **इत्यादि** 'जहा सूरिआभे वामं जाणुं अंचेइ' **इत्यादि । एवं शिरोन्यस्ताञ्जलिना शक्रस्तवपाठोऽपि तासां विमर्श्यः, तथाभणने ह्रदादिदर्शनप्रसक्तेः, केवलमञ्जलिभ्रमणमात्रादि न्युञ्छनादिविधानवद् भक्त्यर्थं भवतु नाम,** उक्तं च- 'विणओणयाए गायलट्ठीए, चक्खुप्फासे अंजलिप्पग्गहेणं' **एवमेव नाममात्रादिना प्रणिधानाद्यपि ज्ञेयं, सर्वत्र विषमासनादित्वं वर्ज्यमित्यैदम्पर्यमस्य एतदर्थिना दशाश्रुतस्कन्धचूर्ण्याद्यवलोक्यमित्यलं विस्तरेण तत्र च प्रणिपातदण्डके] तत्र त्रयस्त्रिंशदालापकाः, आलापकद्विकादिप्रमाणाश्च विश्रामभूमिरूपा नव सम्पदो भवन्ति । यदाह–**

"दो तिअ चउर ति पंचा दोन्नि अ चउरो अ हुंति तिन्नेव ।
सक्कथये नव संपय, तित्तीसं हुंति आलावा ।।१।।"

एताश्च यथास्थानं नामतः प्रमाणतश्च व्याख्यास्यन्ते ।

अथ सूत्रव्याख्या–'नमोऽत्थु णं अरिहंताणं भगवंताणं', तत्र नम इति नैपातिकं पदं पूजार्थं, पूजा च द्रव्यभावसङ्कोचः तत्र करशिरःपादादिद्रव्यसंन्यासो द्रव्यसङ्कोचः, भावसङ्कोचस्तु विशुद्धस्य मनसो नियोगः, अस्त्विति भवतु, प्रार्थना चैषा धर्मबीजम्, आशयविशुद्धिजनकत्वात्, णमिति वाक्यालङ्कारे, अतिशयपूजामर्हन्तीत्यर्हन्तः, यदाहुः–

"अरिहंति वंदणनमंसणाइ अरिहंति पूअसक्कारं ।
सिद्धिगमणं च अरिहा, अरिहंता तेण वुच्चंति ।।१।।" **[आ. नि. ९२१]**

तथा अरिहननादर्हन्तः, अरयश्च मोहादयः साम्परायिककर्मबन्धहेतवः, तेषामरीणामनेकभवगहनव्यसनप्रापणकारणानां हननादर्हन्तः, तथा रजोहननादर्हन्तः, रजश्च घातिकर्मचतुष्टयम्, येनावृतस्यात्मनः सत्यपि ज्ञानादिगुणस्वभावत्वे घनसमूहस्थगितगभस्तिमण्डलस्य विवस्वत इव तद्गुणानामभिव्यक्तिर्न भवति, तस्य हननादर्हन्तः, तथा रहस्याभावादर्हन्तः तथाहि–भगवतां निरस्तनिरवशेषज्ञानावरणादिकर्मपारतन्त्र्याणां केवलमप्रतिहतमनन्तमद्भुतं ज्ञानं दर्शनं चास्ति, ताभ्यां जगदनवरतं

युगपत्प्रत्यक्षतो जानतां पश्यतां च रहस्यं नास्ति, तस्माद्रहस्याभावादर्हन्तः, एषु त्रिष्वर्थेषु पृषोदरादित्वादर्हदिति सिध्यति ।

'अरिहन्ताण'मिति पाठान्तरं वा, तत्र कर्मारिहन्तृभ्यः, आह च–

"अट्ठविहंपि हु कम्मं, अरिभूयं होइ सयलजीवाणं ।
तं कम्मं अरि हंता, अरिहंता तेण वुच्चंति ।।१।।" **[आ.नि. ९२९]**

'अरुहंताण'मित्यपि पाठान्तरम्, तत्र अरोहद्भ्यः-अनुपजायमानेभ्यः क्षीणकर्मबीजत्वात् उक्तं च–

"दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः ।
कर्मबीजे तथा दग्धे, न रोहति भवाङ्कुरः ।।१।।" **[तत्त्वार्थसूत्रस्य अन्तिमकारिकासु गा. ८ शास्त्रवार्त्ता स. ६१२]**

शाब्दिकास्तु अर्हच्छब्दस्यैव प्राकृते रूपत्रयमिच्छन्ति, यदूचुर्हेमसूरयः 'उच्चार्हति' **[श्रीसि० ८-२-१११] चकारादेदितावपि**

तेभ्योऽर्हद्भ्यो नमोऽस्त्विति, नमःशब्दयोगाच्चतुर्थी, 'चतुर्थ्याः षष्ठी' **[श्रीसि० ८-३-१३१] इति प्राकृतसूत्राच्चतुर्थ्याः स्थाने षष्ठी बहुवचनं चाद्वैतव्यवच्छेदेनार्हद्बहुत्वख्यापनार्थं, विषयबहुत्वेन नमस्कर्तुः फलातिशयज्ञापनार्थं च ।**

एते चार्हन्तो नामाद्यनेकभेदा इति भावार्हत्संपरिग्रहार्थमाह–'भगवद्भ्यः' इति तत्र भगः-समग्रैश्वर्यादिलक्षणः उक्तं च–

"ऐश्वर्यस्य समग्रस्य, रूपस्य यशसः श्रियः ।
धर्मस्याथ प्रयत्नस्य, षण्णां भग इतीङ्गना ।।१।।"

समग्रं चैश्वर्यं भक्तिनम्रतया त्रिदशपतिभिः शुभानुबन्धिमहाप्रातिहार्यकरणलक्षणम्, रूपं पुनः सकलसुरस्वप्रभावविनिर्मिताङ्गुष्ठरूपाङ्गारनिदर्शनातिशयसिद्धम्, यशस्तु रागद्वेषपरीषहोपसर्गपराक्रमसमुत्थं त्रैलोक्यानन्दकार्याकालप्रतिष्ठम् श्रीः पुनर्घातिकर्मोच्छेदविक्रमावाप्तकेवलालोकनिरतिशयसुखसम्पत्समन्विता परा, धर्मस्तु सम्यग्दर्शनादिरूपो दान शील तपोभावनामयः साश्रवानाश्रवो महायोगात्मकः, प्रयत्नः पुनः परमवीर्यसमुत्थ एकरात्रिक्यादिमहाप्रतिमाभावहेतुः समुद्घातशैलेश्यवस्थाव्यङ्ग्यः समग्र इति ।

अयमेवंभूतो भगो विद्यते येषां ते भगवन्तः, तेभ्यो भगवद्भ्यो नमोऽस्त्विति, एवं सर्वत्र क्रिया

योजनीया, तदेवंभूता एव प्रेक्षावतां स्तोतव्या इत्याभ्यामालापकाभ्यां स्तोतव्यसम्पदुक्ता ।

साम्प्रतमस्या हेतुसम्पदुच्यते 'आइगराणं तित्थगराणं सयंसंबुद्धाणं' आदिकरणशीलाः आदिकरणहेतवो वा आदिकराः, सकलनीतिनिबन्धनस्य श्रुतधर्मस्येति सामर्थ्यादुगम्यते, तेभ्यः, यद्यप्येषा द्वादशाङ्गी न कदाचिन्नासीत् न कदाचिन्न भवति न कदाचिन्न भविष्यति अभूच्च भवति च भविष्यति च [नन्दीसूत्रे सू.११८] इतिवचनात् नित्या द्वादशाङ्गी, तथाप्यर्थापेक्षया नित्यत्वं शब्दापेक्षया तु स्वस्वतीर्थे श्रुतधर्मादिकरत्वमविरुद्धम् ।

एतेऽपि कैवल्यावाप्त्यनन्तरापवर्गवादिभिरतीर्थकरा एवेष्यन्ते 'अकृत्स्नक्षये कैवल्याभावा'-दितिवचनादिति, तद्व्यपोहार्थमाह–'तीर्थकरेभ्यः तीर्यते संसारसमुद्रोऽनेनेति तीर्थं, तच्च प्रवचनाधारश्चतुर्विधः सङ्घः प्रथमगणधरो वा, तत्करणशीलास्तीर्थङ्कराः न चाकृत्स्नक्षये कैवल्यं न भवति, घातिकर्मक्षये अघातिकर्मभिः कैवल्यस्याबाधनात् एवं च ज्ञानकैवल्ये तीर्थकरत्वमुपपद्यते, मुक्तकैवल्ये तु तीर्थङ्करत्वमस्माभिरपि नेष्यते ।

एतेऽपि सदाशिवानुग्रहात्कैश्चिद्बोधवन्त इष्यन्ते, यदाहुः–'महेशानुग्रहाद्बोधनियमौ [ ] इति' तन्निराकरणार्थमाह–'स्वयंसंबुद्धेभ्यः,' स्वयम्-आत्मना तथाभव्यत्वादिसामग्रीपरिपाकान्न तु परोपदेशात् सम्यग्-अविपर्ययेण बुद्धाः-अवगततत्त्वाः स्वयंसंबुद्धाः, तेभ्यः । यद्यपि भवान्तरेषु तथाविधगुरुसंनिधानायत्तावबोधास्ते अभूवन्, तथापि तीर्थङ्करजन्मनि परोपदेशनिरपेक्षा एव बुद्धाः, यद्यपि च तीर्थकरजन्मन्यपि लोकान्तिकत्रिदशवचनात् 'भयवं! तित्थं पवत्तेहि' [आवश्यकनि. २१५]इत्येवंलक्षणाद्दीक्षां प्रतिपद्यन्ते, तथापि वैतालिकवचनानन्तरप्रवृत्तनरेन्द्रयात्रावत् स्वयमेव प्रव्रज्यां प्रतिपद्यन्ते।

इदानीं स्तोतव्यसम्पद एव हेतुविशेषसम्पदुच्यते–'पुरिसोत्तमाणं पुरिससीहाणं पुरिसवरपुंडरीयाणं पुरिसवरगंधहत्थीणं' पुरि शरीरे शयनात्पुरुषा विशिष्टकर्मोदयाद्विशिष्टसंस्थानवच्छरीरवासिनः सत्त्वास्तेषामुत्तमाः सहजतथाभव्यत्वादिभावतः श्रेष्ठाः पुरुषोत्तमाः तथाहि–आसंसारमेते परार्थव्यसनिन उपसर्जनीकृतस्वार्था उचितक्रियावन्तोऽदीनभावाः सफलारम्भिणोऽदृढानुशयाः कृतज्ञतापतयोऽनुपहतचित्ता देवगुरुबहुमानिनो गम्भीराशया इति, न खल्वसमारचितमपि जात्यं रत्नं समानमितरेण, न च समारचितोऽपि काचादिर्जात्यरत्नीभवति एवं च यदाहुः सौगताः–

'नास्तीह कश्चिदभाजनं सत्त्वः' [ ] इति 'सर्वे बुद्धा भविष्यन्ति' [ ] इति तत् प्रत्युक्तम् ।

एतेऽपि बाह्यार्थसंवादिसत्यवादिभिः संस्कृताचार्यशिष्यैर्निरुपमानस्तवार्हा एवेष्यन्ते 'हीनाधिकाभ्यामुपमा मृषे'तिवचनात्, तद्व्यवच्छेदार्थमाह–'पुरुषसिंहेभ्यः' पुरुषाः सिंहा इव प्रधानशौर्यादिगुणभावेन पुरुषसिंहाः यथा सिंहाः शौर्यादिगुणयोगिनः तथा भगवन्तोऽपि कर्मशत्रून् प्रति शूरतया, तदुच्छेदं

प्रति क्रूरतया, क्रोधादीन् प्रत्यसहनतया, रागादीन् प्रति वीर्ययोगेन, तपःकर्म प्रति धीरतया ख्याताः तथा एषामवज्ञा परीषहेषु, न भयमुपसर्गेभ्यः, न चिन्ताऽपीन्द्रियवर्गे, न खेदः सँयमाध्वनि, निष्प्रकम्पता सद्ध्याने न चैवमुपमा मृषा, तद्द्वारेण तदसाधारणगुणाभिधानादिति ।

एते च सुचारुशिष्यैः सजातीयोपमायोगिन एवेष्यन्ते, विजातीयेनोपमायां तत्सदृशधर्मापत्त्या पुरुषत्वाद्यभावप्राप्तिः, यदाहुस्ते–'विरुद्धोपमायोगे तद्धर्मापत्त्या तदवस्तुत्व' मिति, तद्व्यपोहायाह-'पुरुषवरपुण्डरीकेभ्यः' पुरुषा वरपुण्डरीकाणीव संसारजलासङ्गादिना धर्मकलापेन पुरुषवरपुण्डरीकाणि तेभ्यः यथा हि पुण्डरीकाणि पङ्के जातानि जले वर्धितानि तदुभयं विहायोपरि वर्त्तन्ते, प्रकृतिसुन्दराणि च भवन्ति, निवासो भुवनलक्ष्म्याः, आयतनं चक्षुराद्यानन्दस्य, प्रवरगुणयोगतो विशिष्टतिर्यग्नरामरैः सेव्यन्ते, सुखहेतवो भवन्ति, तथैतेऽपि भगवन्तः कर्मपङ्के जाताः दिव्यभोगजलेन वर्धिता, उभयं विहाय वर्त्तन्ते, सुन्दराश्चातिशययोगेन, निवासो गुणसम्पदः, हेतवः परमानन्दस्य, केवलादिगुणभावेन भव्यसत्त्वैः सेव्यन्ते, निर्वाणनिबन्धनं च जायन्त इति, नैवं भिन्नजातीयोपमायोगेऽप्यर्थतो विरोधाभावेन यथोदितदोषसम्भव इति, यदि तु विजातीयोपमायोगे तद्धर्मापत्तिरापाद्यते तर्हि सिंहादिसजातीयोपमायोगे तद्धर्माणां पशुत्वादीनामप्यापत्तिः स्यादिति ।

एतेऽपि यथोत्तरं गुणक्रमाभिधानवादिभिः सुरगुरुविनेयैर्हीनगुणोपमायोग एवाधिकगुणोपमार्हा इष्यन्ते । 'अभिधानक्रमाभावेऽभिधेयमपि तथा अक्रमवदसदिति' वचनाद्, एतन्निरासायाह–'पुरुषवरगन्धहस्तिभ्यः' पुरुषा वरगन्धहस्तिन इव गजेन्द्रा

इव क्षुद्रगजनिराकरणादिना धर्मसाम्येन पुरुषवरगन्धहस्तिनः, यथा गन्धहस्तिनां गन्धेनैव तद्देशविहारिणः क्षुद्रशेषगजा भज्यन्ते, तद्वदीतिपरचक्रदुर्भिक्षमारिप्रभृतयः सर्व एवोपद्रवगजा अचिन्त्यपुण्यानुभावतो भगवद्विहारपवनगन्धादेव भज्यन्त इति न चैवमभिधानक्रमाभावे अभिधेयमक्रमवदसदिति वाच्यम्, सर्वगुणानामेकत्रान्योऽन्यसंवलितत्वेनावस्थानात्, तेषां तु यथारुचिस्तोत्राभिधाने न दोषः ।

एवं पुरुषोत्तमत्वादिना प्रकारेण स्तोतव्यसम्पद एव सामान्येनोपयोगसम्पदमाह–'लोगुत्तमाणं लोगनाहाणं लोगहियाणं लोगपईवाणं लोगपज्जोअगराणं' समुदायेष्वपि प्रवृत्ताः शब्दा अनेकधाऽवयवेष्वपि प्रवर्त्तन्त इति न्यायाद्यद्यपि लोकशब्देन तत्त्वतः पञ्चास्तिकाया उच्यन्ते,

"धर्मादीनां वृत्तिर्द्रव्याणां भवति यत्र तत् क्षेत्रम् ।
तैर्द्रव्यैः सह लोकस्तद्विपरीतं ह्यलोकाख्यम् ।।१।।"

इति वचनात्, तथापीह लोकशब्देन भव्यसत्त्वलोक एव परिगृह्यते, सजातीयोत्कर्ष एवोत्तमत्वोपपत्तेः

अन्यथाऽभव्यापेक्षया सर्वभव्यानामप्युत्तमत्वान्नैषामतिशय उक्तः स्यात् ततश्च भव्यसत्त्वलोकस्य सकलकल्याणनिबन्धनतथाभव्यत्वभावेनोत्तमाः लोकोत्तमास्तेभ्यः ।

तथा 'लोकनाथेभ्यः' । इह लोकशब्देन बीजाधानादिना संविभक्तो रागाद्युपद्रवेभ्यो रक्षणीयो विशिष्टो भव्यलोकः परिगृह्यते, अस्मिन्नेव नाथत्वोपपत्तेः, 'योगक्षेमकृन्नाथः' [ ] इति वचनात् तदिह येषामेव बीजाधानोद्भेदपोषणैर्योगः, क्षेमञ्च तत्तदुपद्रवाद्यभावेन, त एवेह भव्या लोकशब्देन गृह्यन्ते न चैते योगक्षेमे सकलभव्यसत्त्वविषये कस्यचित्सम्भवतः, सर्वेषां मुक्तिप्रसङ्गात्, तस्मादुक्तस्यैव लोकस्य नाथा इति ।

तथा 'लोकहितेभ्यः' इह लोकशब्देन सकल एव सांव्यवहारिकादिभेदभिन्नः प्राणिवर्गो गृह्यते, तस्मै सम्यग्दर्शनप्ररूपणरक्षणयोगेन हिताः लोकहिताः ।

तथा 'लोकप्रदीपेभ्यः' अत्र लोकशब्देन विशिष्ट एव तद्देशनाद्यंशुभिर्मिथ्यात्वतमोऽपनयनेन यथार्हं प्रकाशितज्ञेयभावः संज्ञिलोकः परिगृह्यते, तं प्रत्येव भगवतां प्रदीपत्वोपपत्तेः, न ह्यन्धं प्रति प्रदीपनं प्रदीपो नाम, तदेवंविधं लोकं प्रति प्रदीपा लोकप्रदीपाः ।

तथा 'लोकप्रद्योतकरेभ्यः' । इह लोकशब्देन विशिष्टचतुर्दशपूर्वविल्लोकः परिगृह्यते, तत्रैव तत्त्वतः प्रद्योतकरत्वोपपत्तेः, प्रद्योत्यं च सप्तप्रकारं जीवादिवस्तुतत्त्वम्, तत्प्रद्योतकरणं च विशिष्टानामेव पूर्वविदां भवति, तेऽपि षट्स्थानपतिता एव श्रूयन्ते, नच तेषां सर्वेषामेव प्रद्योतः सम्भवति, प्रद्योतो हि विशिष्टा तत्त्वसंवेदनयोग्यता, सा च विशिष्टानामेव भवति, तेन विशिष्टचतुर्दशपूर्वविल्लोकापेक्षया प्रद्यौतकराः ।

एवं लोकोत्तमत्वादिभिः पञ्चभिः प्रकारैः परार्थकरणात् स्तोतव्यसम्पदः सामान्येनोपयोगसम्पच्चतुर्थी ।

इदानीमुपयोगसम्पद एव हेतुसम्पदुच्यते–'अभयदयाणं चक्खुदयाणं मग्गदयाणं सरणदयाणं बोहिदयाणं' ।

इह भयं सप्तधा, इह-परलोकाऽऽदानाकस्मादाऽऽजीवमरणाश्लाघाभेदेन, एतत्प्रतिपक्षतोऽभयं विशिष्टमात्मनः स्वास्थ्यं निःश्रेयसधर्मभूमिकानिबन्धनभूतं, धृतिरित्यन्ये, तदित्थंभूतमभयं गुणप्रकर्षयोगादचिन्त्यशक्तियुक्तत्वात्सर्वथा परार्थकारित्वाद् भगवन्त एव ददतीत्यभयदास्तेभ्यः ।

तथा 'चक्षुर्दृेभ्यः' । इह चक्षुर्विशिष्टमात्मधर्मरूपं तत्त्वावबोधनिबन्धनं गृह्यते तच्च श्रद्धेत्यपरे, तद्विहीनस्याचक्षुष्मत इव वस्तुतत्त्वदर्शनायोगात् न च मार्गानुसारिणी श्रद्धा सुखेन अवाप्यते सत्यां चास्यां कल्याणचक्षुषीव भवति वस्तुतत्त्वदर्शनम्, तदियं धर्मकल्पद्रुमस्यावन्ध्यबीजभूता भगवद्भ्य एव भवतीति चक्षुर्ददतीति चक्षुर्दाः ।

तथा 'मार्गदेभ्यः' । इह मार्गो भुजङ्गमगमननलिकायामतुल्यो विशिष्टगुणस्थानावाप्तिप्रवणः स्वरसवाही क्षयोपशमविशेषः, 'हेतुस्वरूपफलशुद्धा सुखे'त्यन्ये अस्मिन्नसति न यथोचितगुणस्थानावाप्तिः, मार्गविषमतया चेतःस्खलनेन प्रतिबन्धोपपत्तेः मार्गश्च भगवद्भ्य एवेति मार्गं ददतीति मार्गदाः ।

तथा 'शरणदेभ्यः' । इह शरणं भयार्त्तत्राणम्, तच्च संसारकान्तारगतानामतिप्रबलरागादिपीडितानां दुःखपरम्परासङ्क्लेशविक्षोभतः समाश्वासनस्थानकल्पं तत्त्वचिन्तारूपमध्यवसानं, 'विविदिषे'त्यन्ये अस्मिंश्च सति तत्त्वगोचराः शुश्रूषाश्रवणग्रहणधारणाविज्ञानेहापोहतत्त्वाभिनिवेशाः प्रज्ञागुणा भवन्ति, तत्त्वचिन्तामन्तरेण तेषामभावात् संभवन्ति तामन्तरेणापि तदाभासाः, न पुनः स्वार्थसाधकत्वेन भावसाराः तत्त्वचिन्तारूपं च शरणं भगवद्भ्यः एव भवतीति शरणं ददतीति शरणदाः ।

तथा 'बोधिदेभ्यः' । इह बोधिर्जिनप्रणीतधर्मप्राप्तिः, इयं पुनः यथाप्रवृत्ताऽपूर्वाऽनिवृत्तिकरणत्रयव्यापाराभिव्यङ्ग्यमभिन्नपूर्वग्रन्थिभेदतः पश्चानुपूर्व्या प्रशमसंवेगनिर्वेदाऽनुकम्पाऽऽस्तिक्याभिव्यक्तिलक्षणं तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनमुच्यते, 'विज्ञप्ति'रित्यन्ये । पञ्चकमप्येतदपुनर्बन्धकस्य, पुनर्बन्धके यथोदितस्यास्याभावात् । एते च यथोत्तरं पूर्वपूर्वफलभूताः, तथाहि—अभयफलं चक्षुः, चक्षुःफलं मार्गो, मार्गफलं शरणम्, शरणफलं बोधिः सा च भगवद्भ्य एव भवतीति बोधिं ददतीति बोधिदाः ।

एवमभयदानचक्षुर्दानमार्गदानशरणदानबोधिदानेभ्य एव यथोदितोपयोगसिद्धेरुपयोगसम्पद एव हेतुसम्पदुक्ता ।

साम्प्रतं स्तोतव्यसम्पद एव विशेषेणोपयोगसम्पदुच्यते 'धम्मदयाणं धम्मदेसयाणं धम्मनायगाणं धम्मसारहीणं धम्मवरचाउरंतचक्कवट्टीणं' । 'धर्मदेभ्यः', इह धर्मश्चारित्रधर्मो गृह्यते, स च यतिश्रावकसम्बन्धिभेदेन द्वेधा, यतिधर्मः सर्वसावद्ययोगविरतिलक्षणः, श्रावकधर्मस्तु देशविरतिरूपः स चायमुभयरूपोऽपि भगवद्भ्य एव, हेत्वन्तराणां सद्भावेऽपि भगवतामेव प्रधानहेतुत्वादिति धर्मं ददतीति धर्मदाः ।

धर्मदत्वं च धर्मदेशनाद्वारेणैव भवति, नान्यथेत्याह—'धर्मदेशकेभ्यः', धर्मं प्रस्तुतं यथाभव्यमवन्ध्यतया देशयन्तीति धर्मदेशकाः ।

तथा 'धर्मनायकेभ्यः' । धर्मोऽधिकृत एव तस्य नायका स्वामिनः, तद्वशीकरणभावात् तदुत्कर्षावाप्तेस्तत्प्रकृष्टफलभोगात् तद्विधातानुपपत्तेश्च 'धर्मसारथिभ्यः' प्रस्तुतस्य धर्मस्य स्वपरापेक्षया सम्यक्प्रवर्त्तनपालनदमनयोगतः सारथयो धर्मसारथयः।

तथा 'धर्मवरचातुरन्तचक्रवर्त्तिभ्यः' । धर्मः प्रस्तुत एव, त्रिकोटिपरिशुद्धत्वेन सुगतादिप्रणीत-धर्मचक्रापेक्षया उभयलोकहितत्वेन चक्रवर्त्त्यादिचक्रापेक्षया च वरं=प्रधानं, चतसृणां गतीनां नारक-तिर्यग्नराऽमरलक्षणानामन्तो यस्मात् तच्चतुरन्तं, चक्रमिव चक्रं रौद्रमिथ्यात्वादिभावशत्रुलवनात्, तेन वर्त्तन्त इत्येवंशीला धर्मवरचतुरन्तचक्रवर्तिनः । 'चाउरंते'ति समृद्ध्यादित्वादात्त्वम्, धर्मदत्वादिभिः स्तोतव्यसम्पद एव विशेषोपयोगसम्पदुक्ता । इदानीं–

"सर्वं पश्यतु वा मा वा, तत्त्वमिष्टं तु पश्यतु।
कीटसङ्ख्यापरिज्ञानं, तस्य नः क्वोपयुज्यते? ।।१।।" **[प्रमाणवार्तिक ।१-३३]**

इति सर्वदर्शनप्रतिक्षेपेणेष्टतत्त्वदर्शनवादिनः सौगतान् प्रतिक्षिपति–'अप्पडिहयवरनाणदंसणधराणं विअट्टछउमाणं' । 'अप्रतिहते' सर्वत्राप्रतिस्खलिते 'वरे' क्षायिकत्वात् प्रधाने 'ज्ञानदर्शने' विशेष-सामान्यावबोधरूपे धारयन्तीति अप्रतिहतवरज्ञानदर्शनधरास्तेभ्यः', अप्रतिहतवरज्ञानदर्शनधरत्वं च निरावरणत्वेन सर्वज्ञानदर्शनस्वभावतया च ज्ञानग्रहणं चादौ सर्वा लब्धयः साकारोपयोग–युक्तस्य भवन्तीति ज्ञापनार्थमिति ।

एते च कैश्चित्तत्त्वतः खल्वव्यावृत्तच्छद्मान एवेष्यन्ते । यदाहुः–

"ज्ञानिनो धर्मतीर्थस्य, कर्त्तारः परमं पदम् ।
गत्वाऽऽगच्छन्ति भूयोऽपि, भवं तीर्थनिकारतः ।।१।।

तथा–

दग्धेन्धनः पुनरुपैति भवं प्रमथ्य, निर्वाणमप्यनवधारितभीरुनिष्ठम् ।
मुक्तः स्वयं कृतभवश्च परार्थशूरस्त्वच्छासनप्रतिहतेष्विह मोहराज्यम् ।।१।।" **[सिद्धसेन० द्वात्रिंशिका २ ।१८] इति ।**

तन्निवृत्त्यर्थमाह–व्यावृत्तच्छद्मभ्यः' । छादयतीति च्छद्म=ज्ञानावरणादिघातिकर्म तद्बन्धयोग्यतालक्षणो भवाधिकारश्च, व्यावृत्तं निवृत्तं छद्म येभ्यस्ते तथाविधाः, नाक्षीणे संसारे अपवर्गः क्षीणे जन्मपरिग्रह इत्यसत् हेत्वभावात् न च तीर्थनिकारजन्मा पराभवो हेतुः, तेषां मोहाभावात्, मोहे वा अपवर्ग इति प्रलापमात्रम्, एवमप्रतिहतवर-ज्ञानदर्शनधरत्वेन व्यावृत्तच्छद्मतया च स्तोतव्यसम्पद एव सकारणा स्वरूपसम्पत् ।

एते च कल्पिताविद्यावादिभिः परमार्थेनाजिनादय एवेष्यन्ते, 'भ्रान्तिमात्रमसदविद्या' [] **इति वचनात् । एतद्व्यपोहायाह–'जिणाणं जावयाणं' रागादिजेतृत्वाज्जिनाः न च रागादीनामसत्त्वम्, प्रतिप्राण्यनु-भवसिद्धत्वात् न चानुभवोऽपि भ्रान्तः, सुखदुःखाद्यनुभवेष्वपि भ्रान्तिप्रसङ्गात् एवं च जेयसम्भवाज्जिन-**

त्वमविरुद्धम्, एवं रागादीनेव सदुपदेशादिना जापयन्तीति जापकास्तेभ्यः ।

एतेऽपि कालकारणवादिभिरनन्तशिष्यैर्भावतोऽतीर्णादय एवेष्यन्ते, 'काल एव कृत्स्नं जगदावर्त्तयति' [ ] इतिवचनात् । एतन्निरासायाह–'तिण्णाणं तारयाणं' । सम्यग्ज्ञानदर्शनचारित्रपोतेन भवार्णवं तीर्णवन्तस्तीर्णाः न चैषां तीर्णानां पारगतानामावर्त्तः सम्भवति, तद्भावे मुक्त्यसिद्धेः एवं च न मुक्तः पुनर्भवे भवतीति तीर्णत्वसिद्धिः, एवं तारयन्त्यन्यानपीति तारकास्तेभ्यः ।

एतेऽपि परोक्षज्ञानवादिभिर्मीमांसकभेदैरबुद्धादय एवेष्यन्ते 'अप्रत्यक्षा हि नो बुद्धिः, प्रत्यक्षोऽर्थः' [शाबरभाष्य] इतिवचनात् । एतद्व्यवच्छेदार्थमाह–'बुद्धाणं बोहयाणं' । अज्ञाननिद्राप्रसुप्ते जगत्यपरोपदेशेन जीवाजीवादिरूपं तत्त्वं स्वसंविदितेन ज्ञानेन बुद्धवन्तो बुद्धाः न चास्वसंविदितेन ज्ञानेनार्थज्ञानं सम्भवति न ह्यदृष्टप्रदीपो बाह्यमर्थं प्रत्यक्षं करोति न चेन्द्रियवदसंविदितस्यापि ज्ञानस्यार्थप्रत्यक्षीकरणम्, इन्द्रियस्य भावेन्द्रियत्वात्, तस्य च स्वसंविदितरूपत्वात् । यदाह–

'अप्रत्यक्षोपलम्भस्य, नार्थदृष्टिः प्रसिद्ध्यति' [प्रमाणविनिश्चये परिच्छेद १]

एवं च सिद्धं बुद्धत्वम् एवमपरानपि बोधयन्तीतिबोधकास्तेभ्यः ।

एतेऽपि जगत्कर्तृलीनमुक्तवादिभिः सन्तपनविनेयैस्तत्त्वतोऽमुक्तादय एवेष्यन्ते 'ब्रह्मवद्ब्रह्मसङ्गतानां स्थितिः' [ ] इति वचनात् । एतन्निराचिकीर्षयाऽऽह–'मुत्ताणं मोअगाणं' । चतुर्गतिविपाकचित्रकर्मबन्धमुक्तत्वान्मुक्ताः कृतकृत्या निष्ठितार्था इत्यर्थः, न च जगत्कर्त्तरि लये निष्ठितार्थत्वं सम्भवति, जगत्करणेन कृतकृत्यत्वायोगात्, हीनादिकरणे च रागद्वेषानुषङ्गः न चान्यत्राऽन्यस्य लयः सम्भवति, एकतराभावप्रसङ्गात् एवं जगत्कर्त्तरि लयाभावात् मुक्तत्वसिद्धिः एवं मोचयन्त्यन्यानपीति मोचकास्तेभ्यः।

एवं च जिनत्वजापकत्वतीर्णत्वतारकत्वबुद्धत्वबोधकत्वमुक्तत्वमोचकत्वैः स्वपरहितसिद्धेरात्मतुल्यपरफलकर्तृत्वसम्पदष्टमी ।

एतेऽपि बुद्धियोगज्ञानवादिभिः कापिलैरसर्वज्ञा असर्वदर्शिनश्चेष्यन्ते 'बुद्ध्यध्यवसितमर्थं पुरुषश्चेतयते' [ ] इतिवचनात् । एतन्निराकरणायाह–'सव्वण्णूणं सव्वदरिसीणं' । सर्वं जानन्तीति सर्वज्ञाः, सर्वं पश्यन्तीत्येवंशीलाः सर्वदर्शिनः, तत्स्वभावत्वे सति निरावरणत्वात् । उक्तं च–

"स्थितः शीतांशुवज्जीवः, प्रकृत्या भावशुद्ध्या ।
चन्द्रिकावच्च विज्ञानं, तदावरणमभ्रवत् ।।१।।" [योगदृष्टिसमुच्चये गा. १८३]

न कारणाभावे कर्त्ता तत्फलसाधक इत्यपि नैकान्तिकम्, परनिष्ठितप्लवकस्य तरकाण्डाभावेऽपि प्लवदर्शनात् इति बुद्धिलक्षणं कारणमन्तरेणापि आत्मनः सर्वज्ञत्वसर्वदर्शित्वसिद्धिः ।

अन्यस्त्वाह–ज्ञानस्य विशेषविषयत्वाद्दर्शनस्य च सामान्यविषयत्वात्तयोः सर्वार्थविषयत्वमयुक्तम्, तदुभयस्य सर्वार्थविषयत्वादिति उच्यते, न हि सामान्यविशेषयोर्भेद एव, किन्तु त एव पदार्थाः समविषमतया संप्रज्ञायमानाः सामान्यविशेषशब्दाभिधेयतां प्रतिपद्यन्ते, ततश्च त एव ज्ञायन्ते त एव दृश्यन्ते इति युक्तं ज्ञानदर्शनयोः सर्वार्थविषयत्वमिति ।

आह–एवमपि ज्ञानेन विषमताधर्मविशिष्टा एव गम्यन्ते, न समताधर्मविशिष्टा अपि, दर्शनेन च समताधर्मविशिष्टा एव गम्यन्ते, न विषमताधर्मविशिष्टा अपि, ततश्च ज्ञानदर्शनाभ्यां समता-विषमतालक्षणधर्मद्वयाग्रहणादयुक्तमेव तयोः सर्वार्थविषयत्वमिति । न, धर्मधर्मिणोः सर्वथा भेदानभ्युपगमात्, ततश्चाभ्यन्तरीकृतसमताख्यधर्माण एव विषमताधर्मविशिष्टा ज्ञानेन गम्यन्ते, अभ्यन्तरीकृतविषमताख्यधर्माण एव च समताधर्मविशिष्टा दर्शनेन गम्यन्त इति ज्ञानदर्शनयोर्ना-सर्वार्थविषयत्वमिति सर्वज्ञा सर्वदर्शिनश्च, तेभ्यः ।

एते च सर्वेऽपि सर्वगतात्मवादिभिः मुक्तत्वे सति न नियतस्थानस्था एवेष्यन्ते । यदाहुस्ते–'मुक्ताः सर्वत्र तिष्ठन्ति, व्योमवत्तापवर्ज्जिताः' । [ ]

तन्निराकरणार्थमाह–'सिवमयलमरुयमणंतमक्खयमव्वाबाहमपुणरावत्ति सिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं' । 'शिवं' सर्वोपद्रवरहितत्वात् । 'अचलं' स्वाभाविकप्रायोगिकचलनक्रियारहितत्वात् । 'अरुजं' व्याधिवेदनारहितम् तन्निबन्धनयोः शरीरमनसोरभावात् । 'अनन्तम्' अनन्तज्ञानविषययुक्तत्वात् । 'अक्षयं' विनाशकारणाभावात् । सततमनश्वरमित्यर्थः । 'अव्याबाधम्' अकर्मत्वात्, 'अपुनरावृत्ति' न पुनरावृत्तिः-संसारे अवतारो यस्मात् । 'सिद्धिगतिनामधेयं' सिद्ध्यन्ति निष्ठितार्था भवन्त्यस्यां प्राणिन इति सिद्धिः-लोकान्तक्षेत्रलक्षणा, सैव च गम्यमानत्वाद् गतिः सिद्धिगतिरेव नामधेयं यस्य तत्तथा, तिष्ठन्त्यस्मिन्निति स्थानम् व्यवहारतः सिद्धिक्षेत्रम् । यदाहुः–

"इहं बुंदिं चइत्ता णं, तत्थ गंतूण सिज्झइ" [आवश्यक नि. ९५९] इति निश्चयतस्तु स्वरूपमेव, 'सर्वे भावा आत्मभावे तिष्ठन्ति'[ ] इतिवचनात् विशेषणानि च निरुपचरितत्वेन यद्यपि मुक्तात्मन्येव भूयसा संभवन्ति, तथापि स्थानस्थानिनोरभेदोपचारादेवं व्यपदेशः, तदेवंविधं 'स्थानं' संप्राप्ताः' सम्यगशेषकर्मक्षयविच्युत्या स्वरूपगमनेन परिणामान्तरापत्त्या प्राप्तास्तेभ्यः । न हि विभूनामेवंविध-प्राप्तिसम्भवः, सर्वगतत्वे सति सदैकस्वभावत्वात्, नित्यानां चैकरूपतया अवस्थानं तद्भावाव्ययस्य नित्यत्वात् अतः क्षेत्रासर्वगतपरिणामिनामेवैवं प्राप्तिसम्भव इति, अत एव 'कायप्रमाण आत्मे'ति सुस्थितं वचनम्, तेभ्यो नम इति क्रियायोगः । एवंभूता एव प्रेक्षावतां नमस्कारार्हाः, आद्यन्तसङ्गतश्च नमस्कारो मध्यव्यापीति भावना ।

जितभया अप्येत एव नान्य इति प्रतिपादयितुमुपसंहरन्नाह–'नमो जिणाणं जियभयाणं', नमो जिनेभ्यो, जितभयेभ्यः, नमः पूर्ववत् जिना इति च, 'जितभयाः' भवप्रपञ्चनिवृत्तेः क्षपितभयाः ।

तदेवं 'सव्वण्णूणं सव्वदरिसीणं' इत्यत आरभ्य 'नमो जिणाणं जिअभयाण'मित्येवमन्तस्त्रिभिरालापकैः प्रधानगुणापरिक्षयप्रधानफलावाप्तिरूपा सम्पन्नवमी । अत्र स्तुतिप्रभावान्न पौनरुक्त्यशङ्का करणीया, यदाहुः–

"सज्झायझाणतवओसहेसु उवएसथुइपयाणेसु ।
सतगुणकित्तणेसु अ, न होंति पुणरुत्तदोसा उ ।।१।।" **[आव. नि. १५१८]**

एताभिर्नवभिः सम्पद्भिः प्रणिपातदण्डक उच्यते, तत्पाठानन्तरं प्रणिपातकरणात् । [सङ्घाचारवृत्तौ तु आदावन्ते च त्रीन् वारान् प्रणिपातः कर्त्तव्य उक्तः, तथा च तद्ग्रन्थः–'कह नमंति सीसं?, 'सिरपंचमेणं काएण'मित्याचाराङ्गचूर्णिवचनात्पञ्चाङ्गप्रणामं कुर्वता 'तिक्खुत्तो मुद्धाणं धरणीतलंसि निवेसेइ', इत्यागमात्त्रीन् वारान् शिरसा भूमिं स्पृष्ट्वा भूनिहितजानुना करधृतयोगमुद्रया शक्रस्तवदण्डको भणनीयः तदन्ते च पूर्ववत्प्रणामः कार्य इति (प. १३२)] जिनजन्मादिषु स्वविमानेषु तीर्थप्रवृत्तेः पूर्वमपि शक्रोऽनेन भगवतः स्तौतीति शक्रस्तवोऽप्युच्यते, अयं च प्रायेण भावार्हद्विषयो, भावार्हदध्यारोपाच्च स्थापनार्हतामपि पुरः पठ्यमानो न दोषाय ।

"तित्तीसं च पयाइं, नव संपय वण्ण दुसयबासट्ठा ।
भावजिणत्थयरूवो, अहिगारो एस पढमोत्ति ।।१।।"

अतोऽनन्तरं त्रिकालवर्त्तिद्रव्यार्हद्वन्दनार्थमिमां गाथां पूर्वाचार्याः पठन्ति–

"जे य अईया सिद्धा, जे य भविस्संतणागए काले ।
संपइ य वट्टमाणा, सव्वे तिविहेण वंदामि ।।१।।" **कण्ठ्या ।**

टीकार्थ :–

साम्प्रतं ..... कण्ठ्या । हवे कायोत्सर्गना दोषवर्जन माटे आ गाथाद्वयने कहे छे –

"१. घोडगदोष, २. लतादोष, ३. स्तंभदोष, भींतदोष, ४. मालादोष, ५. शबरीदोष, ६. वधूदोष, ७. निगडदोष, ८. लंबुत्तरदोष, ९. स्तनदोष, १०. ऊद्धीदोष, ११. संयतीदोष, १२. खलिणदोष, १३. वायसदोष, १४. कपित्थदोष, ।।१।। १५. शिरकंपनदोष, १६. मूकदोष, १७. अंगुली भमुहादोष, १८. वारुणीदोष, १९. पेहादोष-नाभि करतल कुप्पर, उत्सारित पारवामां स्तुति." ।।२।। **(आवश्यकनिर्युक्ति १५४६-७)**

१ अश्वनी जेम विषमपाद એ 'घोडगदोष' छे. २ वायुथी हणायेली लताની जेम कंप्यमान

'લતાદોષ' છે. ૩ થાંભલામાં અને ભીંતમાં અવષ્ટમ્ભ્ય=ટેકો દઈને રહેવું, તે 'સ્તંભદોષ અથવા કુડ્ય (ભીંત) દોષ' છે. ૪ માલામાં ઉત્તમાંગને સ્થાપન કરી ઊભા રહેવું તે 'માલાદોષ' છે. ૫ અવસન શબરીની જેમ ગુહ્યાગ્રમાં હાથ રાખીને રહેવું તે 'શબરીદોષ' છે. ૬ વધૂની જેમ નમેલા માથાવાળો 'વધૂદોષ' છે. ૭ બંધનની જેમ બે પગને પહોળા કરીને અથવા ભેગા કરીને ઊભા રહેવું તે 'નિગડદોષ' છે. ૮ નાભિથી ઉપર અને જાનુની નીચે પ્રલમ્બ્યમાન વસ્ત્રવાળો 'લંબુત્તરદોષ' છે. ૯ દંશાદિથી રક્ષણ કરવા માટે=મચ્છરાદિના દંશથી પોતાનું રક્ષણ કરવા માટે અથવા અજ્ઞાનથી હૃદયને ઢાંકીને ઊભા રહેવું તે સ્તનદોષ છે. ૧૦ ગાડાની ઉદ્ધિની જેમ આગળ બે અંગૂઠા ભેગા કરીને અથવા બે પાનીને પાછળ ભેગી કરીને કાઉસ્સગ્ગ કરે તે 'ઉદ્ધીદોષ' છે. ૧૧ સાધ્વીની જેમ શરીરને ઢાંકીને કાઉસ્સગ્ગ કરે તે 'સંયતીદોષ' છે. ૧૨ કવિકની જેમ=ઘોડાની લગામની જેમ, રજોહરણને આગળ કરીને કાઉસ્સગ્ગ કરે તે 'ખલિણદોષ' છે. ૧૩ કાગડાની જેમ આંખના ડોળાને ફેરવતો કાઉસ્સગ્ગ કરે તે 'વાયસદોષ' છે. ૧૪ કપિત્થની જેમ પરિધાનને=વસ્ત્રને, પિંડ કરી કાઉસ્સગ્ગ કરે તે 'કપિત્થદોષ' છે. ૧૫ યક્ષ આવિષ્ટની જેમ=ભૂત વળગ્યું હોય તેમ, માથું ધુણાવતો કાઉસ્સગ્ગ કરે તે 'શિરકંપનદોષ' છે. ૧૬ મૂંગાની જેમ હું હું કરતો કાઉસ્સગ્ગ કરે તો 'મૂકદોષ' છે. ૧૭ આલાપકને ગણવા માટે આંગળી કે ભ્રમરને ચલાવતો કાઉસ્સગ્ગ કરે તે 'અંગુલી-ભમુહાદોષ' છે. ૧૮ વારુણી=સુરા=દારુડિયાની જેમ બુડ્બુડ કરતો કાઉસ્સગ્ગ કરે તે 'વારુણીદોષ' છે. ૧૯ આજુબાજુ જોતા વાંદરાની જેમ અને બે હોઠને ચલાવતો કાઉસ્સગ્ગ કરે છે તે 'પેહાદોષ' છે. આ પ્રમાણે ૧૯ દોષ છે.

સૂત્રમાં સર્વ પણ અનુષ્ઠાન સાધુને ઉદ્દેશીને કહેવાયું છે. આથી તેના વિશેષને કહે છે. 'नाहित्ति'=નાભિ=નાભિની નીચે ચાર અંગુલી ચોલપટ્ટો, 'करयलत्ति'=કરયલ=દક્ષિણ-ઉત્તર હાથ દ્વારા મુખવસ્ત્રિકા અને રજોહરણ=જમણા હાથમાં મુહપત્તિ અને ડાબા હાથમાં રજોહરણ, અને 'कुप्परत्ति'=કુપ્પર=હાથની બે કોણીથી ચોલપટ્ટો ધારણ કરવો જોઈએ. 'ઉસ્સારિય પારિયંમિ થુઈ'ત્તિ=ઉસ્સારિત પારવામાં સ્તુતિ, ઉત્સારિત=પૂરિત કાયોત્સર્ગ હોતે છતે=કાયોત્સર્ગ પૂર્ણ કરાયે છતે, નમસ્કારથી પારીને જિનની સ્તુતિ કહેવી જોઈએ. અથવા પાઠાંતર છે=ઉદ્ધરણના શ્લોકમાં પાઠાંતર છે=नाहीकरयल... થુઈ તેના સ્થાને 'एगुणवीसा दोषा काउस्सग्गस्स वज्जिआ' એ પાઠાંતર છે. એનો અર્થ "ઓગણીસ દોષ કાઉસ્સગ્ગના વર્જવા જોઈએ." એ સુબોધ છે=સુખે બોધ કરી શકાય તેમ છે. એ પ્રમાણે ગાથાર્થ છે અને સંપૂર્ણ કાયોત્સર્ગ 'નમો અરિહંતાણં' એ પ્રમાણે નમસ્કારપૂર્વક પારીને સંપૂર્ણ ચર્તુવિંશતિસ્તવને બોલે છે. આ રીતે સંનિહિત ગુરુ હોતે છતે તેમની સમક્ષ=ગુરુની સમક્ષ, વળી ગુરુના વિરહમાં ગુરુની સ્થાપના મનમાં કરીને ઈર્યાપથિકી પ્રતિક્રમણ કરીને ઉત્કૃષ્ટ ચૈત્યવંદનનો આરંભ કરે છે. અને અહીં આ રીતે=આગળમાં કહેવાશે એ રીતે, બૃહદ્ભાષ્યમાં કહેવાયેલી વિધિ છે.

"સંનિહિત ભાવગુરુને પૂછીને ખમાસમણપૂર્વક ઈર્યાપથનું પ્રતિક્રમણ કરવું જોઈએ. ઇતરથા સ્થાપના જિન સાક્ષીએ ઈર્યાપ્રતિક્રમણ કરવું જોઈએ=જિનપ્રતિમા આગળ ઈર્યાપ્રતિક્રમણ કરવું જોઈએ." ॥૧॥

પરંતુ જિનબિંબની પણ આગળ સ્થાપનાચાર્ય સ્થાપવા જોઈએ નહિ. જે કારણથી તીર્થંકરમાં

સર્વ પદનું કથન હોવાથી તેના બિંબમાં પણ સર્વપદની સ્થાપના જણાય જ છે. અને 'વ્યવહારભાષ્ય'માં કહેવાયું છે.

"આચાર્યના ગ્રહણથી તીર્થંકર અહીં ગ્રહણ થાય છે. અને આચારનો ઉપદેશ આપતા તીર્થંકરો શું આચાર્ય થતા નથી ?" ।।૧।।

"અહીં=તીર્થંકર આચાર્ય છે એમાં, દૃષ્ટાંત છે. જે પ્રમાણે સ્કંધક વડે ગૌતમસ્વામી પુછાયા. હે ભગવંત ! કોના વડે તમને આદેશ અપાયો છે ? પાછળથી કહે છે. ધર્માચાર્ય વડે." ।।૨।।

"જિનના અતિશય હોવાથી તે જિન છે. ગુરુ ઉપદેશથી તે જ ગુરુ છે=જિન જ ગુરુ છે. કરણ આદિના વિનયથી તે જ=જિન જ=ભગવાન જ, મારા ઉપાધ્યાય છે." ।।૩।।

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

અને

"આ પ્રમાણે સ્કંદક સાધુ આગળ શ્રી ગૌતમસ્વામી વડે કહેવાયેલી શ્રી વર્ધમાનપ્રભુની અરિહંતતા, ગુરુતા આદિ સર્વ પદવી સાંભળીને હે ભવ્યજીવો ! બોધ પામો. તે=શ્રી વીરપ્રભુની અરિહંતતા-ગુરુતાદિ સર્વપદવી કહી તે સ્થાપનાચાર્યત્વાદિ અરિહંતનાં બિંબોમાં પણ સ્પષ્ટ છે. અને ક્ષમાશ્રમણોએ=સાધુઓએ, તેની આગળ=જિનપ્રતિમા આગળ, વિધિ કરવી જોઈએ." ।।૧।।

આ રીતે સાક્ષાત્ સમાસન્ન=પાસે, ભાવાચાર્યનો અસદ્ભાવ હોતે છતે ખમાસમણપૂર્વક જિનબિંબાદિને પૂછીને ઈર્યાપથિકી પ્રતિક્રમણ કરવું જોઈએ. પરંતુ તેના વિના પણ નહિ=જિનબિંબને પૂછ્યા વગર પણ નહિ. જે કારણથી આગમમાં છે.

"અને ગુરુના વિરહમાં સ્થાપના, ગુરુ-ઉપદેશના દર્શન માટે છે=ગુરુ-અનુજ્ઞા બતાવવા માટે છે." **(પ્ર. ૨૬૨)**

ઈત્યાદિ 'સંઘાચારવૃત્તિ'માં ઈર્યાસંપદ અધિકારમાં છે.

વળી ઈર્યાપથિકી પ્રતિક્રમણ વગર પણ જઘન્ય-મધ્યમ ચૈત્યવંદન થાય છે. ઉત્કૃષ્ટ વંદનાથી વંદન કરવાની ઇચ્છાવાળા વિરત સાધુ, શ્રાવક, અવિરત સમ્યગ્દૃષ્ટિ અથવા અપુનર્બંધક યથાભદ્રક પણ યથોચિત પ્રતિલેખિત પ્રમાર્જિત સ્થંડિલવાળો=ભૂમિવાળો, ભુવનગુરુમાં=જિનપ્રતિમામાં વિનિવેશિત=સ્થાપન કરાયેલાં નયન અને માનસવાળો, સંવેગ અને વૈરાગ્યના વશથી ઉત્પન્ન થયેલા રોમાંચ શરીરવાળો, હર્ષનાં આંસુથી પૂર્ણ લોચનવાળો, અતિદુર્લભ ભગવાનનું પાદવંદન છે એ પ્રમાણે બહુ માનતો મહાવૃતવાળા અર્થયુક્ત અપુનરુક્ત નમસ્કારને કહીને યોગમુદ્રાથી અસ્ખલિતાદિ ગુણોથી યુક્ત તેના અર્થના અનુસ્મરણ ગર્ભ એવા પ્રણિપાતદંડકને બોલે છે.

અને અહીં 'સંઘાચારવૃત્તિ'માં કહેવાયેલું આ વિશેષ છે – એક, બે યાવત્ ઉત્કૃષ્ટથી ૧૦૮ સ્તુતિ યથાશક્તિ બોલીને પાછળથી યથાવિધિ પૂર્વમાં કહેલા પ્રણિપાતને કરે. અને તે પ્રમાણે આગમ છે.

"પ્રયત્નથી જિનેશ્વરોને ધુવ આપીને=ઉપયોગપૂર્વક જિનેશ્વરોને ધૂપ કરીને, એકસો આઠ (૧૦૮) શુદ્ધ ગ્રંથયુક્ત=શુદ્ધ રચનાયુક્ત, અપુનર્યુક્ત એવા સ્તોત્રથી ભગવાનની સ્તુતિ કરે છે. **ઈત્યાદિ**

પ્રાયઃ પુરુષાશ્રિત આ સંભાવના કરાય છે; કેમ કે સૂર્યાભવિજયદેવાદિથી વિહિતપણું હોવાને કારણે બીજા-ત્રીજા ઉપાંગાદિમાં આ પ્રમાણે કથનનું દર્શન છે. વળી, દ્રૌપદી આદિના પ્રસ્તાવમાં આ પ્રકારના નમસ્કારપ્રધાન આલાપકના પરિહારથી અને છટ્ઠા અંગાદિમાં અતિદેશનું કથન છે. અને તે પ્રમાણે ત્યાં અક્ષરો છે.

"ત્યારપછી તે દ્રૌપદી રાજવરકન્યા" **ઈત્યાદિ** "યાવત્ મજ્જનગૃહથી=સ્નાનગૃહથી બહાર નીકળીને જ્યાં જિનાયતન છે ત્યાં આવે છે. યાવત્ જિનપ્રતિમાને જોઈને પ્રણામ કરે છે" **ઈત્યાદિ** "જે પ્રમાણે સૂર્યાભદેવ ડાબા જાનુથી અર્ચન કરે છે" **ઈત્યાદિ, એ રીતે તેઓનો=સ્ત્રીઓનો શિરોન્યસ્ત અંજલિ વડે=મસ્તકમાં સ્થાપન કરેલી અંજલિ વડે શકસ્તવનો પાઠ પણ વિમર્શ કરવો. અર્થાત્ પુરુષ કરતાં સ્ત્રીઓની મર્યાદા જુદી છે તે પ્રમાણે વિચાર કરવો; કેમ કે તે પ્રકારના કથનમાં=મસ્તક પર અંજલિ જોડી શકસ્તવ પાઠ કરવામાં હૃદયાદિ દર્શનની પ્રસક્તિ છે. કેવલ અંજલિભ્રમણ માત્રાદિ વ્યુચ્છનાદિ વિધાનની જેમ ભક્તિ માટે થાય. અને કહેવાયું છે.** "ચક્ષુથી દર્શન થયે છતે વિનયથી અવનત ગાત્રયષ્ટિથી=વિનયથી નમેલા શરીર વડે અંજલિનું પ્રગ્રહણ કરે=બંને હાથ જોડે." **એ રીતે જ નામમાત્રાદિથી પ્રણિધાનાદિ પણ જાણવું. સર્વત્ર વિષમ આસનાદિપણું વર્જન કરવું જોઈએ. એ પ્રકારે આનો ઐદંપર્યય છે. આના અર્થી વડે=ચૈત્યવંદનના અર્થી વડે, દશાશ્રુતસ્કંધ ચૂર્ણિ આદિ અવલોકન કરવી જોઈએ. એથી વિસ્તારથી સર્યું. અને ત્યાં પ્રણિપાતદંડકમાં તેત્રીસ આલાપકો છે. અને બે આદિ આલાપક પ્રમાણ વિશ્રામભૂમિરૂપ નવ સંપદા છે. જેને કહે છે –**

શકસ્તવમાં નવ સંપદા છે. (૧) બે, (૨) ત્રણ, (૩) ચાર. ત્રણ વખત પાંચ, (૪) પાંચ, (૫) પાંચ, (૬) પાંચ, (૭) બે, (૮) ચાર, (૯) ત્રણ જ 'શકસ્તવ'માં નવ સંપદા થાય છે. તેત્રીસ આલાવા છે.

પ્રથમ સંપદામાં બે આલાપક છે. બીજી સંપદામાં ત્રણ આલાપક છે. ત્રીજી સંપદામાં ચાર આલાપક છે. ચોથી સંપદામાં પાંચ આલાપક છે. પાંચમી સંપદામાં પાંચ આલાપક છે. છટ્ઠી સંપદામાં પાંચ આલાપક છે. સાતમી સંપદામાં બે આલાપક છે. આઠમી સંપદામાં ચાર આલાપક છે. નવમી સંપદામાં ત્રણ આલાપક છે. તેથી કુલ તેત્રીસ (૩૩) આલાપક છે. (૧)

અને આ=શકસ્તવના તેત્રીસ (૩૩) આલાપકનું યથાસ્થાન નામથી અને પ્રમાણથી વ્યાખ્યાન કરાશે. હવે સૂત્રની વ્યાખ્યા કરે છે='નમુત્થુણં' સૂત્રની વ્યાખ્યા કરે છે. "નમોત્થુણં અરિહંતાણં ભગવંતાણં" **અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ. ત્યાં=પ્રથમ આલાપકમાં 'નમ' એ નૈપાતિક પદ પૂજા માટે છે. અને પૂજા દ્રવ્યભાવ સંકોચ છે. ત્યાં હાથ-મસ્તક અને પગ આદિ દ્રવ્યનો સંન્યાસ, દ્રવ્યસંકોચ છે. વળી, ભાવસંકોચ વિશુદ્ધ મનનો નિયોગ છે=વીતરાગના ગુણોને અભિમુખ પ્રવર્તતો મનનો વ્યાપાર છે. 'અસ્તુ' એ 'ભવતુ'ના અર્થમાં છે. અને આ પ્રાર્થના ધર્મનું બીજ છે=નમસ્કાર થાઓ એ પ્રાર્થના, ધર્મનું બીજ છે; કેમ કે આશયવિશુદ્ધિનું જનકપણું છે=ભાવ નમસ્કાર અતિદુષ્કર છે. તેથી તે કરવાના અભિલાષરૂપ પ્રાર્થનાનું આશયવિશુદ્ધિનું જનકપણું છે. 'णम्'એ શબ્દ વાક્યાલંકારમાં છે. અતિશયપૂજાને યોગ્ય છે એથી અર્હંત છે. જેને કહે છે –**

'अरिहंताणं' :-

"वंदणनमंसणाइ अरिहं=वंदन नमस्कारने योग्य छे. ति=એથી, पूजासत्कारं अरिहं ति=पूजा-सत्कारने योग्य छे એથી, અને सिद्धिगमणं अरिहा=સિદ્ધિગમનને યોગ્ય છે. तेण अरिहंता वुच्चंति=તે કારણથી અરિહંત કહેવાય છે." **(આવશ્યકનિર્યુક્તિ-૯૨૧)**

અને શત્રુને હનન કરનાર હોવાથી અર્હંત છે. અને શત્રુઓ સામ્પરાયિકકર્મબંધના હેતુઓ મોહાદિ છે. અનેક ભવગહનની આપત્તિઓના પ્રાપણનું કારણ એવા તે શત્રુઓનો નાશ કરનાર હોવાથી અર્હંત છે. અને રજનું હનન કરનાર હોવાથી અર્હંત છે. અને રજ ઘાતીકર્મ ચતુષ્ટય છે. જેનાથી આવૃત એવા આત્માનું=ચારઘાતીકર્મથી આવૃત એવા આત્માનું જ્ઞાનાદિગુણ સ્વભાવપણું હોતે છતે પણ, ઘનસમૂહથી સ્થગિત આકાશમંડલના સૂર્યની જેમ=વાદળાંના સમૂહથી ઢંકાયેલા આકાશમંડલના સૂર્યની જેમ, તે ગુણોની અભિવ્યક્તિ થતી નથી. તેના=તે રજના, હનન કરનાર હોવાથી અર્હંત છે. અને રહસ્યના અભાવથી અર્હંત છે. તે આ પ્રમાણે – નિરસ્ત-નિરવશેષ જ્ઞાનાવરણાદિ કર્મના પારતંત્ર્યવાળા ભગવાનનું અપ્રતિહત-અનંત-અદ્‌ભુત કેવલજ્ઞાન અને કેવલદર્શન છે. તે બે દ્વારા=કેવલજ્ઞાન અને કેવલદર્શન દ્વારા, જગતને સતત એકસાથે પ્રત્યક્ષથી જાણતા અને જોતા એવા ભગવાનને રહસ્ય નથી=ભગવાનને ગુપ્ત કંઈ નથી. તે કારણથી રહસ્યના અભાવથી અર્હંત છે. આ ત્રણે પણ અર્થોમાં પૃષોદરાદિપણું હોવાથી 'અર્હદ્' એ પ્રમાણે સિદ્ધ થાય છે. અથવા 'अरिहंताणं' એ પાઠાંતર છે. ત્યાં='अरिहंताणं' શબ્દમાં, કર્મશત્રુઓને હણનારા અરિહંત છે. તેઓને હું નમસ્કાર કરું છું. એમ અન્વય છે. અને કહે છે –

"सर्वजीवोना शत्रुभूत ८ प्रકારનાં કર્મ છે. તે કર્મરૂપ શત્રુને હણનારા છે તેથી અરિહંત કહેવાય છે." ॥૧॥ **(આવશ્યકનિર્યુક્તિ-૯૨૯)**

'अरुहंताणं' એ પણ પાઠાંતર છે. ત્યાં='अरुहंताणं' શબ્દથી, નહિ રોહ પામનારા એવા ભગવાનને નમસ્કાર થાઓ, એમ અન્વય છે. નહિ રોહ પામનારા=ઉત્પન્ન નહિ થનારા; કેમ કે ક્ષીણ કર્મબીજપણું છે=ભગવાને કર્મબીજને ક્ષીણ કરેલ હોવાથી ફરી જન્મતા નથી. અને કહેવાયું છે –

"જે પ્રમાણે બીજ અત્યંત દગ્ધ હોતે છતે અંકુર પ્રાદુર્ભાવ પામતો નથી તે પ્રમાણે કર્મબીજ દગ્ધ થયે છતે ભવ અંકુર ઊગતો નથી." **(तत्त्वार्थसूत्र - अंतिमकारिका गा. ८, शास्त्रवार्ता समुच्चय-૬૧૨)**

વળી શાબ્દિકો 'અર્હત્' શબ્દનું જ પ્રાકૃતમાં રૂપત્રયને ઇચ્છે છે. જેને હેમસૂરીશ્વરજી કહે છે. 'च'કારથી અદિતિમાં પણ 'उच्चार्हति' એ સૂત્ર છે. (શ્રી સિ. ૮-૨-૧૧૧) તેઓ=અરિહંતોને નમસ્કાર થાઓ. નમઃ શબ્દના યોગથી ચતુર્થી વિભક્તિ છે. અને ચતુર્થીના અર્થમાં ષષ્ઠીવિભક્તિ છે. (શ્રી સિ. ૮-૩-૧૩૧) એ પ્રમાણે પ્રાકૃત સૂત્રથી ચતુર્થીના સ્થાને ષષ્ઠીવિભક્તિ છે. અને બહુવચન અદ્વૈતના વ્યવચ્છેદથી અરિહંતના બહુત્વના ખ્યાપન માટે છે. અને વિષયના બહુપણાને કારણે નમસ્કાર કરનારને ફલાતિશય જ્ઞાપન માટે છે. અને આ અરિહંતો નામાદિથી અનેક ભેદવાળા છે એથી ભાવ અરિહંતને ગ્રહણ કરવા માટે કહે છે.

'ભગવંતાણં' :-

'ભગવાનને નમસ્કાર થાઓ' એમ અન્વય છે. ત્યાં='ભગવંતાણં' શબ્દમાં 'ભગ'=સમગ્ર ઐશ્વર્યાદિ લક્ષણવાળું છે. અને કહેવાયું છે.

"સમગ્ર ઐશ્વર્યને, રૂપને, યશને, શ્રિયને=લક્ષ્મીને, ધર્મને, પ્રયત્નને છને 'ભગ' એ પ્રમાણેની સંજ્ઞા છે." ॥૧॥

અને ભક્તિથી નમ્રપણાને કારણે ઈન્દ્રો વડે શુભાનુબંધી મહાપ્રાતિહાર્યનું કરણ લક્ષણ સમગ્ર ઐશ્વર્ય છે=ભગવાનનું સમગ્ર ઐશ્વર્ય છે. વળી, રૂપ=ભગવાનનું રૂપ, સકલ સુરના સ્વપ્રભાવથી વિનિર્મિત એવા અંગૂષ્ઠના રૂપની આગળ અંગારના નિદર્શનથી અતિશય સિદ્ધ છે. વળી યશ રાગ-દ્વેષ પરિષહ ઉપસર્ગમાં પરાક્રમથી ઉત્પન્ન થયેલ ત્રણલોકના જીવોને આનંદ કરનાર આકાલ પ્રતિષ્ઠ છે=ભગવાનનો યશ સદા વિદ્યમાન છે. વળી, શ્રી=લક્ષ્મી ઘાતીકર્મના ઉચ્છેદના પરાક્રમથી પ્રાપ્ત કેવલાલોક નિરતિશય સુખસંપત્તિથી સમન્વિત પરા છે=ભગવાનની ઉત્કૃષ્ટ લક્ષ્મી છે. વળી ધર્મ સમ્યગ્દર્શનાદિ રૂપ દાન-શીલ-તપ-ભાવનામય સાશ્રવ-અનાશ્રવ મહાયોગાત્મક છે. વળી પ્રયત્ન, પરમવીર્ય સમુત્થ એકરાત્રિકી આદિ મહાપ્રતિમાના ભાવનો હેતુ સમુદ્‌ઘાત શૈલેષીઅવસ્થા વ્યંગ્ય સમગ્ર છે.

આવા પ્રકારનો આ ભગ વિદ્યમાન છે જેઓને તે ભગવાન છે. તે ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. એ રીતે=પ્રથમ સ્તોતવ્યસંપદામાં 'નમોડસ્તુ'નું જોડાણ કર્યું એ રીતે, સર્વત્ર=સર્વ સંપદામાં, ક્રિયાનું યોજન કરવું=નમોડસ્તુ=નમસ્કાર થાઓ એ ક્રિયાનું યોજન કરવું. આવા પ્રકારના જ=સ્તોતવ્યસંપદાથી બતાવ્યા એવા પ્રકારના જ ભગવાન વિચારકોને સ્તોતવ્ય છે. એથી આ બે આલાપક દ્વારા સ્તોતવ્યસંપદા કહેવાય.

હવે આની=સ્તોતવ્યસંપદાની, હેતુસંપદાને કહે છે. 'આદિને કરનારા, તીર્થને કરનારા અને સ્વયંસંબુદ્ધ એવા ભગવાનને નમસ્કાર થાઓ' એમ અન્વય છે.

'આઇગરાણં' :-

આદિ કરવાના સ્વભાવવાળા અથવા આદિ કરવાના હેતુવાળા તે આદિકર છે=સકલ નીતિના કારણ એવા શ્રુતધર્મની આદિને કરનારા છે. એ પ્રમાણે સામર્થ્યથી જાણવું. તેઓને નમસ્કાર થાઓ એમ અન્વય છે.

જોકે આ દ્વાદશાંગી ક્યારેય ન હતી એમ નહિ અને ક્યારેય નથી એમ નહિ અને ક્યારેય નહિ હોય એમ નહિ અર્થાત્ દ્વાદશાંગી ત્રણેય કાળમાં છે. ભૂતકાળમાં હતી, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે. **(નંદીસૂત્ર સૂ. ૧૧૮) એ પ્રકારનું વચન હોવાથી નિત્ય દ્વાદશાંગી છે. તોપણ અર્થની અપેક્ષાએ નિત્યપણું છે. વળી, શબ્દની અપેક્ષાથી સ્વ-સ્વતીર્થમાં શ્રુતધર્મનું આદિકરપણું=ભગવાનનું શ્રુતધર્મનું આદિકરપણું, અવિરુદ્ધ છે.**

આ પણ=શ્રુતધર્મની આદિને કરનારા ભગવાન પણ, કૈવલ્યની પ્રાપ્તિ પછી તરત અપવર્ગવાદી

વડે અતીર્થંકરો ઇચ્છાય છે; કેમ કે 'અકૃત્સ્નક્ષયે કૈવલ્યનો અભાવ છે' એ પ્રકારનું વચન છે. તેના વ્યપોહ માટે=નિરાકરણ માટે, કહે છે –

'तित्थयराणं' :-

તીર્થંકરોને નમસ્કાર થાઓ એમ અન્વય છે. જેના વડે સંસારસમુદ્ર તરાય છે તે તીર્થ અને તે પ્રવચનનો આધાર ચતુર્વિધ સંઘ અથવા પ્રથમ ગણધર છે. તેને કરવાના સ્વભાવવાળા=તીર્થને કરવાના સ્વભાવવાળા, તીર્થંકરો છે અને અકૃત્સ્નક્ષયમાં કૈવલ્ય નથી થતું એમ નહિ; કેમ કે ઘાતીકર્મના ક્ષયમાં અઘાતીકર્મથી કૈવલ્યનો અબાધ છે. અને આ રીતે જ્ઞાનના કૈવલ્યમાં=પૂર્ણ જ્ઞાનમાં તીર્થંકરપણું ઉપપન્ન થાય છે=તીર્થંકરપણું ઘટે છે. વળી મુક્ત કૈવલ્યમાં તીર્થંકરપણું અમારા વડે ઇચ્છાતું નથી. અને કેટલાક=કેટલાક દર્શનવાળા આ પણ=તીર્થંકરો પણ, સદાશિવના અનુગ્રહથી બોધવાળા ઇચ્છે છે. જેને કહે છે. 'મહેશના અનુગ્રહથી બોધ નિયમ છે.' इति શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે. તેના નિરાકરણ માટે કહે છે=કેટલાક દર્શનની માન્યતાના નિરાકરણ માટે કહે છે –

'सयंसंबुद्धाणं' :-

સ્વયંસંબુદ્ધ એવા ભગવાનને નમસ્કાર થાઓ. સ્વયં=પોતાના વડે, તથાભવ્યત્વાદિ સામગ્રીના પરિપાકથી સમ્યગ્=અવિપર્યયથી, બોધવાળા છે=અવગત તત્ત્વવાળા છે. પરંતુ પરોપદેશથી નહિ એથી સ્વયંસંબુદ્ધ છે તેઓને નમસ્કાર થાઓ એમ અન્વય છે. જોકે ભવાંતરોમાં=પૂર્વના ભવોમાં, તેવા પ્રકારના ગુરુના સંનિધાનને આધીન અવબોધવાળા તેઓ હતા=તીર્થંકરો હતા, તોપણ તીર્થંકરના જન્મમાં પરોપદેશ નિરપેક્ષ જ બોધવાળા છે. અને જોકે તીર્થંકરના જન્મમાં પણ લોકાંતિકદેવોના વચનથી='હે ભગવાન ! તીર્થ પ્રવર્તાવો' (આવશ્યકનિર્યુક્તિ-૨૧૫)-એ પ્રકારના લક્ષણવાળા લોકાંતિકદેવોના વચનથી ભગવાન દીક્ષાને સ્વીકારે છે તોપણ વૈતાલિકના વચનના અનંતર પ્રવૃત્ત નરેન્દ્રયાત્રાની જેમ સ્વયં જ પ્રવ્રજ્યાને સ્વીકારે છે.

હવે સ્તોતવ્યસંપદાની જ હેતુવિશેષસંપદાને કહે છે –

"પુરુષોમાં ઉત્તમ, પુરુષોમાં સિંહ જેવા, પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરીક જેવા, પુરુષોમાં શ્રેષ્ઠ હસ્તિ જેવા છે."

'पुरिसुत्तमाणं' :-

'પુરુષ' શબ્દનો અર્થ કરે છે. પુર્=શરીર, તેમાં શયન કરનાર હોવાથી પુરુષ કહેવાય=વિશિષ્ટ કર્મોદયથી વિશિષ્ટ સંસ્થાનવાળા શરીરવાસી જીવો તેઓ પુરુષો છે. તેઓમાં ઉત્તમ પુરુષોત્તમ છે. કેમ ઉત્તમ છે ? તેથી કહે છે –

સહજ તથાભવ્યત્વાદિ ભાવથી શ્રેષ્ઠ એવા પુરુષોત્તમ છે. તે આ પ્રમાણે – આ સંસાર=જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી=ચરમભવમાં વ્યક્તરૂપે અને પૂર્વનાં ભવોમાં શક્તિરૂપે આ=તીર્થંકરો, પરાર્થવ્યસની,

ઉપસર્જનીકૃત સ્વાર્થવાળા, ઉચિતક્રિયાવાળા, અદીનભાવવાળા, સફલ આરંભવાળા, અદૃઢ અનુશયવાળા, કૃતજ્ઞતાના પતિ=અત્યંત કૃતજ્ઞ, અનુપહત ચિત્તવાળા, દેવ-ગુરુના બહુમાનવાળા, ગંભીર આશયવાળા હોય છે. ખરેખર અસમાચરિત પણ જાત્યરત્ન ઇતર સમાન નથી=કાચ આદિ સમાન નથી. અને સમાચરિત પણ કાચ આદિ જાત્યરત્ન થતા નથી. અને આ પ્રમાણે જે સૌગતો કહે છે. અહીં કોઈ જીવ અભાજન નથી. સર્વજીવો બુદ્ધ થશે તે પ્રત્યુક્ત છે=બૌદ્ધનું તે કથન નિરાકૃત છે; કેમ કે બધા પુરુષો તીર્થંકર થતા નથી. પરંતુ પુરુષોત્તમ પુરુષ જ તીર્થંકર થાય છે. આ પણ=પુરુષોત્તમ પુરુષો પણ, બાહ્યાર્થ સંવાદી સત્યવાદી એવા સંસ્કૃત આચાર્યના શિષ્યો વડે નિરુપમાન સ્તવના યોગ્ય જ ઇચ્છાય છે; કેમ કે હીન-અધિકથી ઉપમા મૃષા છે એ પ્રકારનું વચન છે. તેના વ્યવચ્છેદ માટે કહે છે=તે મતના વ્યવચ્છેદ માટે કહે છે.

'पुरिससिंहाणं' :-

પુરુષોમાં સિંહ એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. સિંહની જેમ પ્રધાન શૌર્યાદિ ગુણભાવથી સિંહ જેવા પુરુષો પુરુષસિંહ છે. જે પ્રમાણે સિંહો શૌર્યાદિગુણયોગવાળા છે, તે પ્રમાણે ભગવાન પણ કર્મશત્રુ પ્રત્યે શૂરપણાથી, તેના ઉચ્છેદ પ્રત્યે ક્રૂરપણાથી=કર્મના ઉચ્છેદ પ્રત્યે ક્રૂરપણાથી, ક્રોધાદિ પ્રત્યે અસહનપણાથી, રાગાદિ પ્રત્યે વીર્યના યોગથી, તપકર્મ પ્રત્યે ધીરપણાથી પ્રખ્યાત છે. અને આમને=તીર્થંકરોને, પરિષહોમાં અવજ્ઞા હોય છે. ઉપસર્ગોથી ભય નથી, ઇન્દ્રિયવર્ગમાં ચિંતા નથી, સંયમમાર્ગમાં ખેદ નથી, સદ્ધ્યાનમાં નિષ્કમ્પતા છે. અને આ પ્રકારની ઉપમા=ભગવાનને સિંહરૂપ પશુની ઉપમા આપી એ પ્રકારની ઉપમા, મૃષા નથી; કેમ કે તેના દ્વારા તેના અસાધારણ ગુણોનું અભિધાન છે=સિંહની ઉપમા દ્વારા સિંહના અસાધારણગુણોનું ભગવાનમાં કથન છે.

'पुंडरिआणं' :-

અને આ સુચારુ શિષ્યો વડે સજાતીય ઉપમાના યોગવાળા જ ઇચ્છાય છે. વિજાતીય ઉપમામાં તત્ સદૃશ ધર્મની આપત્તિ હોવાથી પુરુષત્વાદિના અભાવની પ્રાપ્તિ છે. જેને તેઓ કહે છે=સુચારુ શિષ્યો કહે છે –

"વિરુદ્ધ ઉપમાના યોગમાં તદ્ધર્મની આપત્તિ હોવાથી તેનું અવસ્તુત્વ છે." એથી તેના વ્યાપોહ માટે=તેના નિરાકરણ માટે=સુચારુ શિષ્યોના કથનના નિરાકરણ માટે, કહે છે. 'પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરીક જેવા ભગવાનને નમસ્કાર થાઓ' એમ અન્વય છે. શ્રેષ્ઠ કમળની જેમ સંસારજલના અસંગાદિ ધર્મકલાપથી પુરુષો, પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરીક જેવા છે તેઓને નમસ્કાર થાઓ એમ અન્વય છે. જે પ્રમાણે પુંડરીકો=કમળો, કાદવમાં થયેલાં હોય છે, જલમાં વર્ધિત છે તે ઉભયને છોડીને=કાદવ અને પાણીને છોડીને ઉપરમાં વર્તે છે. અને પ્રકૃતિથી સુંદર હોય છે. ભુવનલક્ષ્મીનું નિવાસ છે. ચક્ષુઆદિના આનંદનું સ્થાન છે. પ્રકૃષ્ટ ગુણના યોગથી વિશિષ્ટ તિર્યંચ, નર અને દેવો વડે સેવાય છે. સુખના હેતુઓ થાય છે. તે પ્રમાણે આ પણ ભગવાન કર્મરૂપી કાદવથી થયેલા છે. દિવ્યભોગરૂપી જલથી

વર્ધિત છે. અને ઉભયને છોડીને વર્તે છે. અને અતિશયના યોગથી સુંદર છે. ગુણસંપત્તિનું નિવાસ છે. પરમાનંદનો હેતુ છે. કેવલાદિ ગુણના ભાવથી ભવ્યજીવો વડે સેવાય છે અને નિર્વાણનું કારણ થાય છે. આ રીતે=ભગવાનને પુંડરીકની ઉપમા આપી એ રીતે, ભિન્ન જાતીય ઉપમાના યોગમાં પણ અર્થથી વિરોધનો અભાવ હોવાથી યથોદિત દોષનો સંભવ નથી=જે પ્રમાણે પૂર્વપક્ષી દ્વારા દોષ બતાવાયો છે. તેનો સંભવ નથી. જો વળી, વિજાતીય ઉપમાના યોગમાં તદ્ધર્મની પ્રાપ્તિ થાય તો સિંહાદિ સજાતીય ઉપમાના યોગમાં પશુત્વ આદિ તદ્ધર્મોની પણ આપત્તિ થાય.

'पुरिसवरगंधहत्थीणं' :-

આ પણ=ભગવાન પણ, યથોત્તર ગુણક્રમ અભિધાનવાદી સુરગુરુના શિષ્યો વડે હીન ગુણ ઉપમાના યોગમાં જ અધિકગુણની ઉપમાને યોગ્ય ઇચ્છાય છે; કેમ કે "અભિધાનના ક્રમના અભાવમાં પણ અભિધેય પણ તે પ્રકારે અક્રમવાળું અસદ્ થાય છે." એ પ્રમાણે વચન છે. આના નિરાસ માટે=યથોત્તર ગુણક્રમ અભિધાનવાદી મતના નિરાસ માટે કહે છે.

પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તિ જેવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. પુરુષો શ્રેષ્ઠ ગંધહસ્તિ જેવા=ગજેન્દ્ર જેવા, ક્ષુદ્ર ગજના નિરાકરણ આદિ ધર્મના સામ્યને કારણે પુરુષવરગંધહસ્તિ છે. જે પ્રમાણે ગંધહસ્તિની ગંધથી જ તે દેશમાં વિચરતા ક્ષુદ્ર શેષ હાથીઓ મદ વગરના થાય છે. તેની જેમ ઈતિ, પરચક્ર, દુર્ભિક્ષ, મારિ, વગેરે સર્વ જ ઉપદ્રવ રૂપી ગજો=હસ્તિઓ અચિંત્યપુણ્યના અનુભાવથી ભગવાનના વિહારરૂપ પવનની ગંધથી જ ભગ્ન થાય છે. અને આ રીતે અભિધાન ક્રમના અભાવમાં અભિધેય ક્રમવાળું અસદ્ છે એમ ન કહેવું; કેમ કે સર્વ ગુણોનું એકત્ર=પરસ્પર સંવલિતપણાથી સર્વ ગુણોનું, ભગવાનરૂપ એક આત્મામાં અવસ્થાન છે. વળી તેઓનું=તે ગુણોનું, યથારુચિ સ્તોત્રના અભિધાનમાં=પોતાની રુચિ અનુસાર ક્રમ ઉપક્રમ આદિથી સ્તોત્રના અભિધાનમાં, દોષ નથી.

'लोगुत्तमाणं' :-

આ રીતે લોકોત્તમત્વાદિ પ્રકારથી સ્તોતવ્યસંપદાની જ સામાન્ય ઉપયોગ સંપદાને કહે છે. (અહીં 'पुरुषोत्तमत्वादि प्रकारेण' પ્રતમાં પાઠ છે તે સ્થાને 'लोगुत्तमत्वादि प्रकारेण' પાઠ હોવાની સંભાવના છે.) "લોકમાં ઉત્તમ, લોકના નાથ, લોકના હિતને કરનારા, લોક માટે પ્રદીપતુલ્ય, લોકને પ્રદ્યોત કરનારા એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. સમુદાયોમાં પણ પ્રવૃત્ત શબ્દો અનેક વખત અવયવોમાં પણ પ્રવર્તે છે=અર્થના એક દેશમાં પ્રવર્તે છે. એ પ્રકારના ન્યાયથી જોકે લોક શબ્દ વડે તત્ત્વથી પંચાસ્તિકાય કહેવાય છે; કેમ કે "ધર્માદિ દ્રવ્યોની વૃત્તિ જ્યાં છે તે ક્ષેત્ર તે દ્રવ્યો સાથે લોક છે. તેનાથી વિપરીત=લોકથી વિપરીત અલોક નામનું ક્ષેત્ર છે." એ પ્રમાણે વચન છે તોપણ અહીં='लोगुत्तमाणं' પદમાં 'લોક' શબ્દથી ભવ્યજીવ રૂપ લોક જ ગ્રહણ થાય છે; કેમ કે સજાતીયના ઉત્કર્ષમાં જ ઉત્તમત્વની ઉપપત્તિ છે. અન્યથા અભવ્યની અપેક્ષાથી સર્વ ભવ્યજીવોનું પણ ઉત્તમપણું હોવાથી આમનો=ભગવાનનો, અતિશય કહેવાયેલો થાય નહિ અને તેથી ભવ્યજીવ રૂપ લોકના સકલ કલ્યાણનું નિબંધન તથાભવ્યત્વના ભાવથી ઉત્તમ લોકોત્તમ છે. તેઓને નમસ્કાર થાઓ એમ અન્વય છે.

'લોગનાહાણં' :-

અને લોકનાથને નમસ્કાર થાઓ એમ અન્વય છે. અહીં='લોકનાથ' પદમાં રહેલા 'લોક' શબ્દથી બીજાધાનાદિથી સંવિભક્ત રાગાદિ ઉપદ્રવથી રક્ષણીય વિશિષ્ટ ભવ્યલોક ગ્રહણ થાય છે; કેમ કે એમાં જ=વિશિષ્ટ ભવ્યલોકમાં જ નાથત્વની ઉપપત્તિ છે.

કેમ વિશિષ્ટ ભવ્યલોકમાં જ નાથત્વની ઉપપત્તિ છે ? તેમાં હેતુ કહે છે –

યોગક્ષેમ કૃત નાથ છે=યોગક્ષેમ કરનાર નાથ છે, એ પ્રમાણે વચન છે. તે કારણથી અહીં=સંસારમાં, જેઓને જ બીજાધાનના ઉદ્ભેદના પોષણથી યોગ છે અને તે તે ઉપદ્રવાદિના અભાવથી ક્ષેમ છે. તે જ ભવ્યો=બીજાધાનાદિથી સંવિભક્ત રાગાદિ ઉપદ્રવથી રક્ષણીય એવા ભવ્યજીવો જ અહીં='લોકનાથ' પદમાં 'લોક' શબ્દથી ગ્રહણ થાય છે. અને આ યોગક્ષેમ સકલ ભવ્યજીવોના વિષયમાં કોઈને સંભવતો નથી=કોઈ તીર્થંકરને સંભવતો નથી; કેમ કે સર્વજીવોની મુક્તિનો પ્રસંગ છે. તે કારણથી કહેવાયેલા જ લોકના=બીજાધાનાદિથી સંવિભક્ત રાગાદિ ઉપદ્રવથી રક્ષણીય વિશિષ્ટ ભવ્યલોકના જ, ભગવાન નાથ છે.

'લોગહિઆણં' :-

અને લોકના હિતને કરનારા એવા ભગવાનને નમસ્કાર થાઓ. અહીં='લોગહિઆણં' પદમાં 'લોક' શબ્દથી સકલ જ સાંવ્યવહારિકાદિભેદથી ભિન્ન પ્રાણીવર્ગ ગ્રહણ કરાય છે, તેમને=સમસ્ત પ્રાણીવર્ગને, સમ્યગ્દર્શનના પ્રરૂપણા દ્વારા રક્ષણનો યોગ હોવાથી હિત કરનારા છે=ભગવાન હિત કરનારા છે તેથી લોકહિતા છે.

'લોગપઇવાણં' :-

અને લોક પ્રત્યે પ્રદીપ એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. અહીં='લોગપઈવાણં' પદમાં, 'લોક' શબ્દથી તેમની=ભગવાનની, દેશનાદિનાં કિરણો દ્વારા મિથ્યાત્વરૂપ અંધકારના અપનયનને કારણે યથાયોગ્ય પ્રકાશિત જ્ઞેયભાવવાળો વિશિષ્ટ જ સંજ્ઞીલોક ગ્રહણ થાય છે; કેમ કે તેની પ્રત્યે જ=વિશિષ્ટ સંજ્ઞીલોક પ્રત્યે જ, ભગવાનના પ્રદીપપણાની ઉપપત્તિ છે. હિ=જે કારણથી, અંધ પ્રત્યે પ્રદીપ પ્રદીપન નથી=પ્રદીપ પ્રકાશન કરનાર નથી, તે કારણથી આવા પ્રકારના લોક પ્રત્યે=જેઓને ભગવાનના વચનથી બોધ થાય છે તેવા લોક પ્રત્યે પ્રદીપ છે=લોકપ્રદીપ છે=ભગવાન લોદપ્રદીપ છે.

લોગપજ્જોઅગરાણં :-

અને લોકને પ્રદ્યોત કરનારા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. અહીં='લોકપજ્જોઅગરાણં' પદમાં 'લોક' શબ્દથી વિશિષ્ટ ૧૪ પૂર્વને ધારણ કરનાર લોક ગ્રહણ કરાય છે; કેમ કે ત્યાં જ=વિશિષ્ટ ૧૪ પૂર્વધરોમાં જ, તત્ત્વથી પ્રદ્યોતકરત્વની ઉપપત્તિ છે=પ્રકૃષ્ટ દ્યોતકરત્વની ઉપપત્તિ છે. અને પ્રદ્યોત્ય= ભગવાન દ્વારા પ્રદ્યોત કરવા યોગ્ય સાત પ્રકારનું જીવાદિ વસ્તુતત્ત્વ છે. અને તેનું=સાત પ્રકારના

જીવાદિ વસ્તુતત્ત્વનું, પ્રદ્યોતકરણ વિશિષ્ટ જ એવા પૂર્વના જાણનારાઓને થાય છે. તેઓ પણ=વિશિષ્ટ એવા ૧૪ પૂર્વધરો પણ, ષટ્સ્થાનપતિત જ સંભળાય છે. અને તે સર્વોને જ=ષટ્સ્થાનપતિત સર્વ ૧૪ પૂર્વધરોને જ, પ્રદ્યોત સંભવતો નથી. હિ=જે કારણથી, પ્રદ્યોત વિશિષ્ટ તત્ત્વસંવેદનયોગ્યતા છે. અને તે=વિશિષ્ટ તત્ત્વસંવેદનયોગ્યતા, વિશિષ્ટ જીવોને જ હોય છે. તેથી વિશિષ્ટ ૧૪ પૂર્વના જાણનારા લોકની અપેક્ષાથી પ્રદ્યોતકર છે=ભગવાન પ્રદ્યોતકર છે.

આ રીતે=લોગુત્તમાણં આદિ પાંચ આલાપકનું સ્વરૂપ બતાવ્યું. એ રીતે 'લોકોત્તમત્વાદિ' પાંચ પ્રકાર વડે પરાર્થકરણ હોવાને કારણે સ્તોતવ્યસંપદાની જ=ભગવાનની સ્તોતવ્યસંપદાની જ, સામાન્યથી ઉપયોગસંપદા ચોથી છે=સામાન્યથી ભગવાનનો લોકોને જે ઉપયોગ છે તેને બતાવનાર સંપદા ચોથી છે.

હવે ઉપયોગસંપદાની જ હેતુસંપદાને કહે છે. અભયને દેનારા, ચક્ષુને દેનારા, માર્ગને દેનારા, શરણને દેનારા અને બોધિને દેનારા ભગવાનને નમસ્કાર થાઓ. એમ અન્વય છે.

અભયદયાણં :-

અહીં=સંસારમાં, (૧) આ લોકનો ભય, (૨) પરલોકનો ભય, (૩) આદાન ભય, (૪) અકસ્માત ભય, (૫) આજીવિકાનો ભય, (૬) મરણ ભય, (૭) અશ્લાઘાના ભયના ભેદથી ભય સાત પ્રકારના છે. આના પ્રતિપક્ષથી=સાત પ્રકારના ભયના પ્રતિપક્ષથી, વિશિષ્ટ એવા આત્માનું સ્વાસ્થ્ય, નિઃશ્રેયસ ધર્મભૂમિકાના કારણીભૂત અભય છે. ધૃતિ એ પ્રમાણે બીજા કહે છે. તે કારણથી આવા પ્રકારનું અભય ગુણપ્રકર્ષના યોગથી અચિંત્યશક્તિયુક્તપણું હોવાને કારણે સર્વથા પરાર્થકારિપણું હોવાથી ભગવાન જ આપે છે, એથી અભયને દેનારા છે. તેઓને નમસ્કાર થાઓ એ પ્રમાણે અન્વય છે.

ચક્ખુદયાણં :-

અને ચક્ષુને દેનારા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. અહીં='ચક્ખુદયાણ' પદમાં, ચક્ષુ વિશિષ્ટ આત્મધર્મરૂપ તત્ત્વના અવબોધનું કારણ ગ્રહણ કરાય છે. અને તે શ્રદ્ધા છે=ચક્ષુ શ્રદ્ધા છે. એ પ્રમાણે બીજા કહે છે; કેમ કે તદ્વિહીનને=શ્રદ્ધાવિહીનને, અચક્ષુવાળાની જેમ વસ્તુતત્ત્વના દર્શનનો અયોગ છે. અને માર્ગાનુસારી શ્રદ્ધા સુખથી પ્રાપ્ત થતી નથી. અને કલ્યાણચક્ષુ જેવી આ હોતે છતે=માર્ગાનુસારી શ્રદ્ધારૂપ ચક્ષુ હોતે છતે, વસ્તુતત્ત્વનું દર્શન થાય છે. તે આ=માર્ગાનુસારી શ્રદ્ધારૂપ ચક્ષુ, ધર્મકલ્પદ્રુમના અવન્ધ્યબીજભૂત ભગવાનથી જ થાય છે. એથી ચક્ષુને આપે છે એથી ચક્ષુને દેનારા છે.

મગ્ગદયાણં :-

અને માર્ગને દેનારા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. અહીં=મગ્ગદયાણં પદમાં, માર્ગ સાપના ગમનની નાલિકાના આયામ તુલ્ય વિશિષ્ટ ગુણસ્થાનકની પ્રાપ્તિમાં સમર્થ સ્વરસવાહી=જીવના સ્વભાવને વહન કરનાર ક્ષયોપશમ વિશેષ, 'હેતુસ્વરૂપ ફલશુદ્ધા સુખા' એ પ્રમાણે બીજા કહે છે. આ

નહિ હોતે છતે=માર્ગની પ્રાપ્તિ નહિ હોતે છતે યથાઉચિત ગુણસ્થાનકની પ્રાપ્તિ નથી; કેમ કે માર્ગનું વિષમપણું હોવાથી ચિત્તનું સ્ખલન થવાને કારણે પ્રતિબંધની ઉપપત્તિ છે=ગુણસ્થાનકની વૃદ્ધિમાં બાધકની ઉપપત્તિ છે. અને માર્ગ ભગવાનથી પ્રાપ્ત થાય છે. એથી માર્ગને આપે છે. એથી માર્ગને દેનારા છે.

सरणदयाणं :-

અને શરણને દેનારા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. અહીં='સરણદયાણં' પદમાં, શરણ ભયથી આર્ત જીવોને ત્રાણ છે=ભયથી પીડિત જીવોને રક્ષણ છે. અને તે=શરણ સંસારરૂપી જંગલમાં રહેલા અતિપ્રબલ રાગાદિથી પીડિત એવા જીવોને દુઃખની પરંપરાના સંક્લેશના વિક્ષોભથી સમાશ્વાસનના સ્થાન જેવું તત્ત્વચિંતારૂપ અધ્યવસાન છે. 'વિવિદિષા' એ પ્રમાણે બીજા કહે છે. અને આ હોતે છતે=તત્ત્વચિંતારૂપ અધ્યવસાન હોતે છતે, તત્ત્વ વિષયક શુશ્રૂષા-શ્રવણ-ગ્રહણ-ધારણા-વિજ્ઞાન-ઈહા-અપોહ-તત્ત્વ અભિનિવેશરૂપ પ્રજ્ઞાના ગુણો થાય છે; કેમ કે તત્ત્વચિંતા વગર તેઓનો=પ્રજ્ઞાના ગુણોનો, અભાવ છે. તેના વગર પણ=તત્ત્વચિંતા વગર પણ તેના આભાસો સંભવે છે=ભ્રમાત્મક બુદ્ધિના ગુણો સંભવે છે, પરંતુ સ્વાર્થ સાધકપણાથી ભાવસાર થતા નથી=પોતાના કલ્યાણના સાધકપણાથી ભાવસાર બુદ્ધિના ગુણો સંભવતા નથી. અને તત્ત્વચિંતારૂપ શ્રવણ ભગવાનથી જ પ્રાપ્ત થાય છે. એથી શરણ આપે છે. એથી શરણને દેનારા છે=ભગવાન શરણને દેનારા છે.

बोहिदयाणं :-

અને બોધિને દેનારા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. અહીં='બોહિદયાણં' પદમાં, 'બોધિ' જિનપ્રણીત ધર્મની પ્રાપ્તિ છે=સૂક્ષ્મ પ્રજ્ઞાપૂર્વક ભગવાનના શાસનના તત્ત્વની પ્રાપ્તિ છે. વળી આ=બોધિ યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ ત્રયના વ્યાપારથી અભિવ્યંગ્ય, અભિન્ન પૂર્વ એવા ગ્રંથિના ભેદથી પશ્ચાનુપૂર્વી દ્વારા પ્રશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા-આસ્તિક્ય અભિવ્યક્તિ લક્ષણ તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન કહેવાય છે. 'વિજ્ઞપ્તિ' એ પ્રમાણે બીજા કહે છે. પંચક પણ આ=અભયદયાણં આદિ પંચક પણ આ, અપુનર્બંધકને થાય છે; કેમ કે પુનર્બંધકપણામાં=ફરી ઉત્કૃષ્ટ સ્થિતિબંધને કરનારા જીવોમાં, યથોદિત એવા આનો=અભયાદિનો, અભાવ છે. અને આ=અભયાદિ પંચક, યથોત્તર પૂર્વ-પૂર્વના ફલભૂત છે. તે આ પ્રમાણે અભયનું ફલ ચક્ષુ, ચક્ષુનું ફલ માર્ગ, માર્ગનું ફલ શરણ, શરણનું ફલ બોધિ અને તે=બોધિ, ભગવાનથી જ પ્રાપ્ત થાય છે. એથી બોધિને આપે છે. એથી બોધિને દેનારા છે=ભગવાન બોધિને દેનારા છે.

આ રીતે=અભયદયાણં આદિ પદોનું વર્ણન કર્યું એ રીતે, અભયદાન-ચક્ષુદાન-માર્ગદાન-શરણદાન-બોધિદાનથી જ યથોદિત ઉપયોગની સિદ્ધિ હોવાથી='લોગુત્તમાણં' આદિ પદમાં બતાવેલા ભગવાનના ઉપયોગની સિદ્ધિ હોવાથી, ઉપયોગસંપદાની જ=ભગવાનનો જીવોને જે ઉપયોગ છે તેને કહેનારી સંપદાની જ હેતુસંપદા કહેવાઈ.

હવે સ્તોતવ્યસંપદાની જ વિશેષથી ઉપયોગસંપદાને કહે છે. ધર્મના દેનારા, ધર્મના દેશક, ધર્મના નાયક, ધર્મના સારથી, શ્રેષ્ઠ ધર્મ દ્વારા ચારના અંતને કરનારા ચક્રવર્તી એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે.

ધમ્મદયાણં :-

ધર્મને દેનારા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. અહીં='ધમ્મદયાણં' પદમાં ધર્મ શબ્દથી ચારિત્રધર્મ ગ્રહણ થાય છે. અને તે=ધર્મ, સાધુના અને શ્રાવકના સંબંધીના ભેદથી બે પ્રકારનો છે. સર્વ સાવદ્યયોગની વિરતિરૂપ યતિધર્મ છે. વળી, દેશવિરતિરૂપ શ્રાવકધર્મ છે. અને ઉભયરૂપ પણ તે આ=ધર્મ, ભગવાનથી જ પ્રાપ્ત થાય છે; કેમ કે હેતુ અંતરોના સદ્ભાવમાં પણ ભગવાનનું જ પ્રધાન હેતુપણું છે. એથી ધર્મને આપે છે એથી ધર્મને દેનારા છે=ભગવાન ધર્મને દેનારા છે.

ધમ્મદેસયાણં :-

અને 'ધર્મદત્વ' ધર્મદેશના દ્વારા જ થાય છે, અન્યથા નહિ. એથી કહે છે – ધર્મદેશક એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. પ્રસ્તુત એવા ધર્મને=દેશવિરતિ અને સર્વવિરતિ રૂપ ધર્મને, યથાભવ્ય અવન્ધ્યપણાથી ઉપદેશ આપે છે=જીવોની યોગ્યતા અનુસાર ઉપદેશ નિષ્ફળ ન જાય તે રીતે ઉપદેશ આપે છે. એથી ધર્મના દેશક છે=ભગવાન ધર્મદેશક છે.

ધમ્મનાયગાણં :-

અને ધર્મના નાયક એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. ધર્મ અધિકૃત જ છે=યતિધર્મ અને શ્રાવકધર્મ રૂપ જ છે. તેના નાયક=સ્વામી, ભગવાન છે; કેમ કે તેના=ધર્મના, વશીકરણનો ભાવ છે=ભગવાને ધર્મને અત્યંત સ્વવશ કરેલો છે, તેના ઉત્કર્ષની પ્રાપ્તિ છે. ભગવાનમાં ધર્મના ઉત્કર્ષની પ્રાપ્તિ છે. તેના પ્રકૃષ્ટ ફલનો ભોગ છે=ભગવાનને ધર્મના પ્રકૃષ્ટ ફલનો ભોગ છે. અને તેના વિઘાતની અનુપપત્તિ છે=ભગવાનમાં ધર્મના વિઘાતની અનુપપત્તિ છે.

ધમ્મસારહીણં :-

ધર્મસારથી એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. પ્રસ્તુત એવા ધર્મનું=દેશવિરતિ અને સર્વવિરતિરૂપ ધર્મનું સ્વ અને પરની અપેક્ષાથી સમ્યક્ પ્રવર્તન-પાલન-દમનના યોગથી સારથી ધર્મસારથી છે=ભગવાન ધર્મસારથી છે.

ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં :-

અને શ્રેષ્ઠ ધર્મવાળા, ચારગતિના અંતને કરનારા ચક્રવર્તી એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. ધર્મ પ્રસ્તુત જ છે=દેશવિરતિ અને સર્વવિરતિરૂપ જ છે. ત્રિકોટિ પરિશુદ્ધ હોવાને કારણે સુગતાદિ પ્રણીત ધર્મચક્રની અપેક્ષાએ પ્રધાન છે. અને ઉભયલોકનું હિતપણું હોવાથી ચક્રવર્તી આદિના ચક્રની અપેક્ષાએ શ્રેષ્ઠ છે=પ્રધાન છે. ચારગતિઓનો=નારક, તિર્યંચ, નર, અમર રૂપ

ચારગતિઓનો અંત છે જેનાથી તે ચતુરન્ત. ચક્રના જેવું ચક્ર; કેમ કે રૌદ્ર-મિથ્યાત્વ આદિ ભાવશત્રુનું લવન કરનાર છે=છેદ કરનાર છે. તેનાથી=ચક્રથી વર્તે છે. એવા સ્વભાવવાળા ધર્મવરચતુરન્ત ચક્રવર્તી છે. 'ચાતુરંત' એમાં સમૃદ્ધિ આદિપણું હોવાથી=વ્યાકરણનો નિયમ હોવાથી આત્વ છે. ધર્મદત્વાદિથી સ્તોતવ્યસંપદાની જ વિશેષ ઉપયોગસંપદા કહેવાઈ.

હવે "સર્વ જુઓ કે ન જુઓ ઈષ્ટતત્ત્વને જુઓ. કીટક સંખ્યાનું પરિજ્ઞાન તેનો=કીટકની સંખ્યાના જ્ઞાનનો, અમને ક્યાં ઉપયોગ છે ?=અમને કોઈ ઉપયોગ નથી." **(પ્રમાણવાર્તિક ૧-૩૩) એ પ્રકારના સર્વદર્શનના પ્રતિક્ષેપથી ઈષ્ટ તત્ત્વદર્શનવાદી સૌગતોનો પ્રતિક્ષેપ કરે છે=નિરાકરણ કરે છે.**

અપ્પડિહયવરનાણ દંસણધરાણં વિયટ્ટછઉમાણં અપ્રતિહત વરજ્ઞાનદર્શનને ધારણ કરનારા વ્યાવૃત છદ્મવાળા એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. 'અપ્રતિહત'=સર્વત્ર અપ્રતિસ્ખલિત, વર=ક્ષાયિકપણું હોવાથી પ્રધાન એવા જ્ઞાન-દર્શનને=વિશેષ સામાન્ય અવબોધરૂપ જ્ઞાન-દર્શનને ધારણ કરે છે એથી અપ્રતિહત વરજ્ઞાનદર્શનધર ભગવાન છે. તેઓને નમસ્કાર થાઓ એમ અન્વય છે. અને અપ્રતિહત વરજ્ઞાનદર્શનધરપણું નિરાવરણપણાને કારણે અને સર્વજ્ઞાનદર્શનસ્વભાવપણાને કારણે છે. અને જ્ઞાનનું ગ્રહણ આદિમાં સર્વલબ્ધિઓ સાકારઉપયોગ યુક્તને થાય છે. એ જ્ઞાપન માટે છે.

અને આ=ભગવાન, તત્ત્વથી અવ્યાવૃત છદ્મસ્થ જ્ઞાનવાળા જ છે એ પ્રમાણે કેટલાક ઈચ્છે છે. જેને કહે છે –

"જ્ઞાની ધર્મતીર્થના કર્તા પરમપદમાં જઈને તીર્થનો નાશ થતો હોવાથી ફરી પણ ભવમાં આવે છે." ।।૧।।

અને

"દગ્ધઈંધનવાળો=કર્મરૂપી ઈંધન બળી ગયું છે એવો પુરુષ, ભવનું પ્રમાર્થન કરીને=ભવનો નાશ કરીને, ફરી પ્રાપ્ત કરે છે=ફરી ભવ પ્રાપ્ત કરે છે, નિર્વાણ પણ અનવધારિતભીરુ નિષ્ઠ છે. મુક્ત અને સ્વયં કૃતભવવાળા પરાર્થશૂર છે. તમારા શાસનથી પ્રતિહત એવા તેઓમાં અહીં મોહનું રાજ્ય છે." ।।૧।। **(સિદ્ધસેન દ્વાત્રિંશિકા-૨/૧૮)**

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.

તેની નિવૃત્તિને માટે કહે છે. વ્યાવૃત છદ્મવાળા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. છાદન કરે તે છદ્મ, જ્ઞાનાવરણ આદિ ઘાતીકર્મ અને તેના બંધની યોગ્યતા લક્ષણ ભવનો અધિકાર વ્યાવૃત થયો છે=નિવૃત થયો છે જેમના વડે તે તેવા પ્રકારના છે=વ્યાવૃત છદ્મવાળા છે. અક્ષીણ સંસારમાં અપવર્ગ=મોક્ષ, નથી. ક્ષીણમાં=ક્ષીણ સંસારમાં, જન્મપરિગ્રહ નથી=જન્મનું ગ્રહણ નથી, એથી અસત્ છે=પૂર્વપક્ષીનું કથન અસત્ છે; કેમ કે હેતુનો અભાવ છે=ફરી જન્મના હેતુનો અભાવ છે. તીર્થના નાશ કરનારાના જન્મનો પરાભવ હેતુ છે=ફરી જન્મનો હેતુ છે, એમ ન કહેવું; કેમ કે તેઓને=મોક્ષમાં ગયેલાઓને, મોહનો અભાવ છે. અથવા મોહમાં અપવર્ગ છે એ પ્રલાપ માત્ર છે. આ

રીતે અપ્રતિહતવરજ્ઞાનદર્શનપણું હોવાથી અને વ્યાવૃત છદ્મપણું હોવાથી સ્તોતવ્યસંપદાની જ સકારણ સ્વરૂપસંપદ છે.

અને આ=ભગવાન, કલ્પિત અવિદ્યાવાદીઓ દ્વારા પરમાર્થથી અજિનાદિ જ ઇચ્છાય છે=અવિદ્યારૂપ રાગાદિ કલ્પિત છે તેથી પરમાર્થથી રાગાદિને જીતનારા કોઈ નથી માટે અજિનાદિ ઇચ્છાય છે; કેમ કે ભ્રાંતિમાત્ર અસત્અવિદ્યા છે. એ પ્રકારનું વચન છે. એના વ્યપોહ માટે=એ મતના નિવારણ માટે કહે છે.

જિણાણં જાવયાણં :-

જિન અને જાપક એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. રાગાદિ જેતૃપણું હોવાથી જિન છે. અને રાગાદિનું અસત્ત્વ નથી; કેમ કે પ્રતિ પ્રાણીમાં અનુભવસિદ્ધપણું છે. અને અનુભવ પણ ભ્રાંત નથી; કેમ કે સુખ-દુઃખાદિ અનુભવમાં પણ ભ્રાંતિનો પ્રસંગ છે. અને આ રીતે જેય એવા રાગાદિનો સંભવ હોવાથી જિનત્વ અવિરુદ્ધ છે, એ રીતે રાગાદિને જ સદુપદેશાદિથી જિતાવે છે. એથી જાપક છે=ભગવાન જાપક છે. તેઓને નમસ્કાર થાઓ એમ અન્વય છે.

તિન્નાણં તારયાણં :-

આ પણ=ભગવાન પણ, કાલકારણવાદી એવા અનંતશિષ્યો દ્વારા ભાવથી અતીર્ણ આદિ જ ઇચ્છાય છે; કેમ કે કાલ જ કૃત્સન જગતનું આવર્તન કરે છે=સંપૂર્ણ જગતનું આવર્તન કરે છે એ પ્રકારનું વચન છે. એના નિરાસ માટે=કાલકારણવાદીના મતના નિરાકરણ માટે કહે છે.

તીર્ણ અને તારક એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી નાવથી ભવરૂપી સમુદ્રને તર્યા છે. માટે તીર્ણ છે અને તીર્ણ પારગત એવા આમને આવર્ત સંભવતો નથી; કેમ કે તેના ભાવમાં=ફરી આવર્તના ભાવમાં મુક્તિની અસિદ્ધિ છે. અને આ રીતે મુક્ત ફરી ભવમાં થતા નથી એથી તીર્ણપણાની સિદ્ધિ છે. આ રીતે અન્યજીવોને પણ તારે છે. એથી તારક છે=ભગવાન તારક છે. તેઓને નમસ્કાર થાઓ એમ અન્વય છે.

બુદ્ધાણં બોહયાણં :-

આ પણ=ભગવાન પણ, પરોક્ષજ્ઞાનવાદી એવા મીમાંસકોના ભેદ વડે અબુદ્ધ આદિ ઇચ્છાય છે; કેમ કે 'અપ્રત્યક્ષ અમારી બુદ્ધિ છે. પ્રત્યક્ષ અર્થ છે.' એ પ્રમાણે શાબરભાષ્યમાં મીમાંસકોનું વચન છે. આના વ્યવચ્છેદ માટે=મીમાંસકના મતના નિરાકરણ માટે કહે છે.

બુદ્ધ અને બોધક એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. અજ્ઞાનનિદ્રાથી પ્રસુપ્ત એવા જગતમાં અપરોપદેશથી જીવાજીવાદિ રૂપ તત્ત્વના સ્વસંવેદિત જ્ઞાનથી બોધવાળા બુદ્ધ છે=ભગવાન બુદ્ધ છે. અને અસ્વસંવેદિતજ્ઞાનથી અર્થજ્ઞાન સંભવતું નથી. અદૃષ્ટ પ્રદીપ બાહ્ય અર્થને પ્રત્યક્ષ કરતો નથી જ. અને ઇન્દ્રિયોની જેમ અસંવેદિત પણ જ્ઞાનનું અર્થપ્રત્યક્ષીકરણ છે એમ ન કહેવું; કેમ કે

ઇન્દ્રિયનું ભાવેન્દ્રિયપણું છે. અને તેનું=ભાવેન્દ્રિયનું=મતિજ્ઞાનનો ઉપયોગ સ્વસંવેદિતરૂપપણું છે. જેને કહે છે – "અપ્રત્યક્ષ ઉપલંભની અર્થદૃષ્ટિ પ્રસિદ્ધ થતી નથી." (પ્રમાણવિનિશ્ચયપરિચ્છેદ-૧)

અને આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, બુદ્ધપણું સિદ્ધ થયું=ભગવાનમાં બુદ્ધપણું સિદ્ધ થયું. એ રીતે=ભગવાન સ્વયં બોધવાળા હતા એ રીતે, બીજાઓને પણ બોધ કરાવે છે=ભગવાન બીજાઓને પણ બોધ કરાવે છે, એથી બોધક છે. તેઓને નમસ્કાર થાઓ એમ અન્વય છે.

'મુત્તાણં મોઅગાણં' :-

આ પણ=ભગવાન પણ, જગતકર્તા એવા ઈશ્વરમાં લીન મુક્ત છે એ પ્રમાણે કહેનારા મુક્તવાદી સંતપનના શિષ્યો વડે તત્ત્વથી અમુક્તાદિ જ ઇચ્છાય છે; કેમ કે "બ્રહ્મની જેમ બ્રહ્મસંગતોની સ્થિતિ છે." એ પ્રમાણે તેઓનું વચન છે. આનું નિરાકરણ કરવાની ઇચ્છાથી કહે છે.

મુક્ત અને મોચક એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. ચારગતિના વિપાકવાળા ચિત્રકર્મબંધથી મુક્તપણું હોવાને કારણે મુક્ત છે=કૃતકૃત્ય છે=નિષ્ઠિત અર્થવાળા છે. એ પ્રકારનો અર્થ છે. અને જગતને કરવામાં લય હોતે છતે નિષ્ઠિતાર્થપણું સંભવતું નથી; કેમ કે જગતના કરણથી કૃતકૃત્યપણાનો અયોગ છે. અને હીનાદિકરણમાં રાગદ્વેષનો અનુષ્વંગ છે=રાગ-દ્વેષની પ્રાપ્તિ છે. અને અન્યત્ર=અન્યમાં, અન્યનો લય સંભવતો નથી; કેમ કે એકતરના અભાવનો પ્રસંગ છે. આ રીતે જગત્કર્તામાં લયનો અભાવ હોવાથી મુક્તપણાની સિદ્ધિ છે. એ રીતે=ભગવાન જે રીતે મુક્ત થયા એ રીતે, અન્યજીવોને મુક્ત કરાવે છે. એથી મોચક છે=ભગવાન મોચક છે. તેઓને નમસ્કાર થાઓ એમ અન્વય છે.

અને આ રીતે જિનત્વ, જાપકત્વ, તીર્ણત્વ, તારકત્વ, બુદ્ધત્વ, બોધકત્વ, મુક્તત્વ, મોચકત્વ વડે સ્વ-પરની હિતની સિદ્ધિ હોવાથી આત્મતુલ્યપરફલકર્તૃત્વ સંપત્ આઠમી છે.

सव्वन्नूणं सव्वदरिसीणं :-

આ પણ=ભગવાન પણ બુદ્ધિના યોગથી જ્ઞાનવાદી એવા કપિલદર્શનવાળા વડે અસર્વજ્ઞ અને અસર્વદર્શી ઇચ્છાય છે; કેમ કે 'બુદ્ધિ અધ્યવસિત અર્થ પુરુષ જાણે છે.' એ પ્રકારનું કપિલદર્શનનું વચન છે. એના નિરાકરણ માટે કહે છે=કપિલના મતના નિરાકરણ માટે કહે છે.

સર્વજ્ઞ-સર્વદર્શી એવા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. સર્વને જાણે છે એથી સર્વજ્ઞ છે. સર્વને જુએ છે એ પ્રકારના શીલવાળા સર્વદર્શી છે; કેમ કે તદ્સ્વભાવપણું હોતે છતે=સર્વરૂપ સર્વદર્શી સ્વભાવપણું હોતે છતે નિરાવરણપણું છે અને કહેવાયું છે.

"શીતાંશુની જેમ=ચંદ્રની જેમ, જીવ ભાવશુદ્ધ એવી પ્રકૃતિથી રહેલો છે. અને ચંદ્રિકા=ચાંદની, જેવું વિજ્ઞાન છે. અભ્રની જેમ=વાદળની જેમ, તેનું આવરણ છે=જ્ઞાનનું આવરણ છે." (યોગદૃષ્ટિસમુચ્ચય-ગા. ૧૮૩)

કારણના અભાવમાં=બુદ્ધિ રૂપ કારણના અભાવમાં, કર્તા તત્ફલસાધક નથી=બુદ્ધિના ફલનો

સાધક નથી. એ પણ એકાંતિક નથી; કેમ કે પરનિષ્ઠિત પ્લવકનું=દરિયામાં રહેલા ફળનું, તરકાંડના અભાવમાં પણ=નાવના અભાવમાં પણ, પ્લવદર્શન છે=દરિયામાં ફળ તરતું દેખાય છે એ રીતે બુદ્ધિલક્ષણ કારણ વગર પણ આત્માના સર્વજ્ઞત્વ-સર્વદર્શિત્વની સિદ્ધિ છે.

વળી અન્ય કહે છે. જ્ઞાનનું વિશેષ વિષયપણું હોવાથી અને દર્શનનું સામાન્ય વિષયપણું હોવાથી તે બંનેનું=જ્ઞાન અને દર્શનનું, સર્વાર્થ વિષયપણું અયુક્ત છે; કેમ કે તે ઉભયનું=જ્ઞાન-દર્શન ઉભયનું સર્વાર્થ વિષયપણું છે. એ પ્રકારના પરના પ્રશ્નમાં ઉત્તર આપે છે. સામાન્ય-વિશેષનો ભેદ જ નથી. પરંતુ તે જ પદાર્થો સમ અને વિષમપણાથી જણાતા=સામાન્યપણાથી અને વિષમપણાથી જણાતા, સામાન્ય-વિશેષ શબ્દ અભિધેયતાને પ્રાપ્ત કરે છે. અને તેથી તે જ જણાય છે, તે જ દેખાય છે. એથી જ્ઞાન-દર્શનનું સર્વાર્થ વિષયપણું યુક્ત છે.

અહીં કોઈ પ્રશ્ન કરે છે. આ રીતે પણ=પૂર્વમાં જ્ઞાન-દર્શનનો વિષય સર્વ પદાર્થો છે તેમ સ્થાપન કર્યું. એ રીતે પણ, જ્ઞાનથી વિષમતાધર્મવિશિષ્ટ પદાર્થો જ જણાય છે પણ સમતાધર્મવિશિષ્ટ પદાર્થો જણાતા નથી. અને દર્શનથી સમતાધર્મવિશિષ્ટ જ પદાર્થો જણાય છે પણ વિષમતાધર્મવિશિષ્ટ પદાર્થો જણાતા નથી. અને તેથી જ્ઞાન-દર્શન દ્વારા સમતા-વિષમતા લક્ષણધર્મદ્વય અગ્રહણ હોવાને કારણે=તેઓનું=જ્ઞાન-દર્શનનું, સર્વાર્થવિષયપણું અયુક્ત જ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે, એમ ન કહેવું; કેમ કે ધર્મ-ધર્મીનો સર્વથા ભેદનો અસ્વીકાર છે. અને તેથી અભ્યંતરીકૃત સમતા નામના ધર્મવાળા જ વિષમતાધર્મવિશિષ્ટ જ્ઞાનથી જણાય છે. અને અભ્યંતરીકૃતવિષમતા નામના ધર્મવાળા જ સમતાધર્મ વિશિષ્ટ દર્શન વડે જણાય છે. એથી જ્ઞાન અને દર્શનનું અસર્વાર્થવિષયપણું નથી. એથી સર્વજ્ઞ અને સર્વદર્શી ભગવાન છે. તેઓને નમસ્કાર થાઓ એમ અન્વય છે.

"सिव-मयल-मरुअ-मणंत-मक्खय-मव्वाबाह-मपुणरावित्ति सिद्धिगइनामधेयं ठाणं संपत्ताणं" :-

અને આ=આ સર્વ પણ ભગવાન, સર્વગત આત્મવાદી વડે મુક્તપણું હોતે છતે નિયતસ્થાનમાં જ રહેલા ઇચ્છાતા નથી. જેને તેઓ કહે છે – 'મુક્ત જીવો સર્વત્ર વ્યોમની જેમ=આકાશની જેમ, તાપવર્જિત રહે છે.' તેના નિરાકરણ માટે કહે છે.

શિવ, અચલ, અરુજ, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાવર્તી સિદ્ધિગતિ નામવાળા સ્થાનને સંપ્રાપ્ત એવા ભગવાનને નમસ્કાર થાઓ. એમ અન્વય છે. 'શિવ' સ્થાનને ભગવાન પામેલા છે; કેમ કે સર્વ ઉપદ્રવરહિતપણું છે.

અચલ સ્થાનને ભગવાન પામેલા છે; કેમ કે સ્વાભાવિક અને પ્રાયોગિક ચલનક્રિયા રહિતપણું છે= ભગવાનને સંસારી જીવોની જેમ કોઈ સ્વાભાવિક ક્રિયા નથી અને ગમનાદિ પ્રાયોગિક ક્રિયા નથી. માટે ચલનક્રિયાથી રહિતપણું છે.

અરુજ સ્થાનને ભગવાન પામેલા છે=વ્યાધિ-વેદના રહિત સ્થાનને ભગવાન પામેલા છે; કેમ કે વ્યાધિ અને વેદનાનાં કારણરૂપ શરીર અને મનનો અભાવ છે.

અનંત સ્થાનને ભગવાન પામેલ છે; કેમ કે અનંતજ્ઞાનના વિષયથી યુક્તપણું છે.

અક્ષય સ્થાનને ભગવાન પામેલા છે. વિનાશના કારણનો અભાવ હોવાથી સતત અનશ્વર એવા સ્થાનને ભગવાન પામેલા છે એ પ્રમાણે અર્થ છે. અવ્યાબાધ સ્થાનને ભગવાન પામેલા છે; કેમ કે અકર્મપણું છે=કર્મરહિતપણું છે.

અપુનરાવર્તી સ્થાનને ભગવાન પામેલા છે=પુનઃ આવૃત્તિ અર્થાત્ સંસારમાં અવતાર જેનાથી નથી તેવા સ્થાનને ભગવાન પામેલા છે.

સિદ્ધિગતિનામધેય સ્થાનને ભગવાન પામેલા છે. સિદ્ધ થાય છે=નિષ્ઠિત અર્થવાળા થાય છે આમાં, પ્રાણીઓએ લોકાંતક્ષેત્ર લક્ષણ સિદ્ધિ અને તે જ=સિદ્ધિ જ ગમ્યમાનપણું હોવાથી ગતિ સિદ્ધિગતિ જ નામ છે જેને તે તેવી છે=સિદ્ધિગતિનામધેય છે. આમાં રહે છે=સિદ્ધિગતિમાં રહે છે એ સ્થાન વ્યવહારથી સિદ્ધક્ષેત્ર છે. જેને કહે છે –

"અહીં શરીરને છોડીને ત્યાં=સિદ્ધક્ષેત્રમાં જઈને સિદ્ધ થાય છે." (આવશ્યકનિર્યુક્તિ-નિ. ૯૫૯) 'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. વળી, નિશ્ચયથી=નિશ્ચયનયથી સ્વરૂપ જ સ્થાન છે=આત્માનું સ્વરૂપ જ સ્થાન છે; કેમ કે સર્વભાવો આત્મભાવમાં રહે છે એ પ્રકારનું વચન છે. અને વિશેષણો=સિદ્ધિ સ્થાનના સિવમયલાદિ વિશેષણો નિરુપચરિતપણાથી જોકે મુક્ત આત્મામાં જ અત્યંત સંભવે છે. તોપણ સ્થાન અને સ્થાનીનો અભેદ ઉપચાર હોવાથી=સિદ્ધશિલાનું સ્થાન અને સિદ્ધશિલામાં રહેલા જીવોનો અભેદ ઉપચાર હોવાથી, આ પ્રકારનો વ્યપદેશ છે=સ્થાનને જ શિવ-અચલાદિનો વ્યપદેશ છે. તે કારણથી આવા પ્રકારના સ્થાનને પ્રાપ્ત થયેલા=સમ્યક્ પ્રકારે સર્વ કર્મના ક્ષયરૂપ વિચ્યુતિથી સ્વરૂપના ગમનને કારણે પરિણામ અંતરની પ્રાપ્તિથી પ્રાપ્ત થયેલા ભગવાનને નમસ્કાર થાઓ એમ અન્વય છે. વિભુને=સર્વવ્યાપી આત્માને આવા પ્રકારની પ્રાપ્તિનો સંભવ નથી; કેમ કે સર્વગતપણું હોતે છતે સદા એક સ્વભાવપણું છે. અને નિત્ય આત્માઓનું એકરૂપપણાથી અવસ્થાન છે; કેમ કે તદ્ભાવથી અવ્યયનું નિત્યપણું છે. આથી ક્ષેત્રથી અસર્વગત અને પરિણામી જ એવા આત્માને આ પ્રકારની પ્રાપ્તિનો સંભવ છે. આથી જ કાયપ્રમાણ આત્મા છે તે સુસ્થિત વચન છે. તેઓને=આવા સ્થાનને પામેલા ભગવાનને નમસ્કાર કરું છું એ પ્રમાણે ક્રિયાનો યોગ છે. આવા પ્રકારનાં જ=નમુત્થુણં સૂત્રમાં બતાવેલા એવા પ્રકારના જ ભગવાન વિચારકજીવોને નમસ્કાર યોગ્ય છે. અને આદિ-અંતમાં સંગત એવો નમસ્કાર=નમોત્થુણં સૂત્રના પ્રારંભમાં અને નમો જિણાણં જિઅભયાણં એ રૂપ અંતમાં રહેલો નમસ્કાર મધ્યવ્યાપી છે=વચલાં દરેક પદો સાથે સંબંધિત છે એ પ્રકારની ભાવના છે.

જિતભયવાળા પણ આ જ છે=સિદ્ધના જીવો જ છે, અન્ય નથી, એ પ્રતિપાદન કરવા માટે ઉપસંહાર કરતાં કહે છે.

'નમો જિણાણં જિઅભયાણં' :-

જિન અને જિતભયવાળા ભગવાનને નમસ્કાર કરું છું એમ અન્વય છે. નમઃનો અર્થ પૂર્વની જેમ છે. અને જિનનો અર્થ પૂર્વની જેમ છે. જિતભયવાળા ભગવાન છે=ભવપ્રપંચની નિવૃત્તિ હોવાથી નાશ કરાયેલા ભયવાળા છે.

આ રીતે સવ્વન્નૂણં સવ્વદરિસીણં ત્યાંથી માંડીને નમો જિણાણં જિઅભયાણં એ પ્રકારના અંતવાળા ત્રણ આલાપક વડે પ્રધાનગુણ અપરિક્ષય અને પ્રધાનફલની પ્રાપ્તિરૂપ નવમી સંપદ્ છે. અહીં='નમો જિણાણં' શબ્દમાં, સ્તુતિના પ્રભાવથી પુનરુક્તિની શંકા કરવી નહિ. જેને કહે છે –

"સ્વાધ્યાય, ધ્યાન, તપ, ઔષધમાં, ઉપદેશ-સ્તુતિ પ્રધાનમાં અને સત્ગુણકીર્તનમાં પુનરુક્તિદોષો થતા નથી." **(આવશ્યકનિર્યુક્તિ-૧૫૧૮) આ નવ સંપદ્થી પ્રણિપાતદંડક કહેવાય છે; કેમ કે તેના પાઠ પછી=નમોજિણાણંના પાઠ પછી નમસ્કારનું કરણ છે. વળી, સંઘાચારવૃત્તિમાં આદિ અને અંતમાં ત્રણ વખત પ્રણિપાત કર્તવ્ય કહેવાયું છે. અને તે પ્રમાણે તેનો ગ્રંથ છે. 'ક્યારે શીર્ષને નમાવે છે શિર પંચમ એવી કાયાથી' એ પ્રમાણે આચારાંગચૂર્ણિનું વચન હોવાથી પંચાંગપ્રણામને કરતા ત્રણવાર શુદ્ધ એવી ધરણીતલ પર નિવેશ કરે છે=મસ્તકનો નિવેશ કરે છે. એ પ્રમાણે આગમથી ત્રણવાર મસ્તક વડે ભૂમિને સ્પર્શ કરીને ભૂમિ ઉપર સ્થાપન કરેલા જાનુથી અને હાથથી ધારણ કરાયેલી યોગમુદ્રાથી શક્રસ્તવદંડક કહેવો જોઈએ અને તેના અંતમાં પૂર્વની જેમ પ્રણામ કરવો જોઈએ. જિનજન્માદિમાં સ્વવિમાનોમાં તીર્થની પ્રવૃત્તિથી પૂર્વ પણ શક=ઇંદ્ર, આના વડે=નમુત્થુણં સૂત્ર વડે ભગવાનની સ્તુતિ કરે છે. એથી શક્રસ્તવ પણ કહેવાય છે. અને આ=શક્રસ્તવ, પ્રાયઃ ભાવતીર્થંકરના વિષયવાળું છે. અને ભાવઅરિહંતના અધ્યારોપણથી સ્થાપના તીર્થંકરની આગળ પણ બોલાતાં દોષ માટે નથી.**

"વળી ૩૩ પદો છે, ૯ સંપદા છે, ૨૬૨ વર્ણ છે. ભાવજિનની સ્તુતિરૂપ આ પ્રથમ અધિકાર છે."

ત્યારપછી ત્રણકાલવર્તી દ્રવ્યતીર્થંકરના વંદન માટે આ ગાથા પૂર્વાચાર્યો બોલે છે.

"જે અતીતસિદ્ધ છે અને જે અનાગતકાલમાં થશે અને જે વર્તમાનમાં વિદ્યમાન છે તે સર્વને ત્રિવિધથી=મન-વચન-કાયાથી, વંદન કરું છું."

ભાવાર્થ :-

શ્રાવક ભગવાનની ભક્તિ કર્યા પછી ઈર્યાપ્રતિક્રમણ કરીને ત્રણ ગુપ્તિના પરિણામની પ્રાપ્તિ કરે છે. જેથી મન-વચન-કાયાના યોગો પાપની નિવૃત્તિ કરીને સંવૃત્ત પરિણામવાળા થાય છે. ત્યારપછી ભગવાનનું ચૈત્યવંદન કરતી વખતે પ્રણિપાતદંડકસૂત્ર બોલે છે. જે સૂત્રમાં નમઃ શબ્દ પૂજા અર્થમાં છે. અહીં પૂજાનો અર્થ દ્રવ્યસંકોચ અને ભાવસંકોચ છે. અને ભગવાનને નમસ્કાર કરવો દુષ્કર છે, તેથી 'નમસ્કાર થાઓ' તેમ નમુત્થુણં શબ્દથી કહેવાય છે. એથી એ પ્રાપ્ત થાય કે મન-વચન-કાયાના યોગો સંસારના ભાવોથી સંવૃત કરવામાં આવે તે 'દ્રવ્યસંકોચ' છે. અને વીતરાગના ગુણોને સ્પર્શે તે રીતે વિશુદ્ધ મનનો વ્યાપાર કરવામાં

આવે તે 'ભાવસંકોચ' છે. ચૈત્યવંદનની ક્રિયામાં ભાવસંકોચ કરવાર્થે પ્રયત્ન છે; કેમ કે પૂજ્ય એવા ભગવાનની પૂજા કરીને પૂજક એવો શ્રાવક ભાવથી વીતરાગતુલ્ય થવા માટે જે અંતરંગ વ્યાપાર કરે તે પૂજા કહેવાય અને જિનતુલ્ય થવા માટે પ્રકર્ષથી યત્ન કરવો અતિદુષ્કર છે. તેથી 'अस्तु' શબ્દથી પ્રાર્થના કરાય છે કે નમસ્કારની ક્રિયા મારાથી થાઓ; કેમ કે દુષ્કર કાર્ય કરવાના અભિલાષથી પણ આશયની વિશુદ્ધિ થવાથી દુષ્કર કાર્ય કરવાને અનુકૂળ બળસંચય થાય છે. વસ્તુતઃ નમઃ શબ્દ નમનના અર્થમાં છે. જેનું ચિત્ત જિનના ગુણો તરફ નમેલું હોય તે મહાત્મા ચિત્તના દૃઢ પ્રવર્તનપૂર્વક જિનતુલ્ય થવાના વ્યાપારવાળા છે. અને જિનના ભાવો તરફ અસ્ખલિત ઉપયોગપૂર્વક ચિત્તને પ્રવર્તાવવું અતિદુષ્કર કાર્ય છે. માટે તેવા ભાવોની પ્રાપ્તિની ઇચ્છા 'अस्तु' શબ્દથી કરાય છે.

કોને નમસ્કાર કરવાની પ્રાર્થના કરાય છે ? તેથી કહે છે. અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ. અરિહંત શબ્દથી પૂજા માટે જે યોગ્ય છે તે અરિહંત છે. કેમ ભગવાન પૂજા માટે યોગ્ય છે ? તેથી કહે છે. ભગવાને ભાવશત્રુનો નાશ કર્યો છે. તેથી પૂજાને માટે યોગ્ય છે. અથવા ભગવાને આત્મા પર લાગેલ કર્મરૂપી રજને દૂર કરી છે. તેથી પૂજા માટે યોગ્ય છે. અથવા ભગવાનને કોઈ રહસ્ય નથી. તેથી પૂજા માટે યોગ્ય છે. અર્થાત્ પૂર્ણ જ્ઞાન હોવાથી તેઓના માટે જગતના કોઈ ભાવો ગુપ્ત નથી. તેથી રહસ્ય વગરના છે. તેથી પૂજા માટે યોગ્ય છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જીવને માટે રાગ-દ્વેષરૂપ અંતરંગશત્રુ મહાત્રાસરૂપ છે અને ભગવાને અંતરંગશત્રુઓનો નાશ કર્યો છે. તેથી પૂજા કરનાર શ્રાવક અરિહંતની પૂજા કરીને પૂજ્ય એવા અરિહંત થવા માટે યત્ન કરી શકે તેમાં આલંબનરૂપ ભગવાન છે. તેથી ભગવાન પૂજાને માટે યોગ્ય છે. વળી આત્મા ઉપર કર્મરૂપી રજ લાગેલ છે જે આત્માને મલિન કરનાર છે અને તેને ભગવાને દૂર કરી છે. માટે ભગવાન પૂજાને યોગ્ય છે. તેથી ભગવાનની પૂજા કરીને પૂજક એવો શ્રાવક ભગવાનના અવલંબનથી કર્મરજને દૂર કરવા સમર્થ બને છે. વળી, ભગવાન પૂર્ણજ્ઞાનવાળા છે. અને શ્રાવકમાં અજ્ઞાનતા વર્તે છે. તે અજ્ઞાનતાને કારણે શ્રાવક સંસારની સર્વ કદર્થના પ્રાપ્ત કરે છે. તેથી પૂર્ણજ્ઞાનવાળા એવા ભગવાનની ભક્તિ કરીને તેમની જેમ પૂર્ણજ્ઞાનવાળા થવા અર્થે શ્રાવક ભગવાનની પૂજા કરે છે. તેથી ભગવાન પૂજાને યોગ્ય છે. આ રીતે અરિહંતના ત્રણે અર્થો ઉપસ્થિત કરીને અરિહંતને નમસ્કાર કરવાની પ્રાર્થના કરવાથી શ્રાવકનું ચિત્ત પણ ભગવાનની જેમ ભાવશત્રુનો નાશ કરવાને અર્થે બલસંચયવાળું થાય છે. કર્મરજને અનુકૂળ બલસંચયવાળું થાય છે. અને પૂર્ણજ્ઞાનની પ્રાપ્તિને અનુકૂળ યત્નવાળું થાય છે.

વળી, આ અરિહંત નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવના ભેદથી ચાર પ્રકારના છે અને ભાવતીર્થંકરને ગ્રહણ કરવાર્થે 'ભગવંતાણં' કહેલ છે. 'ભગવંતાણં' શબ્દમાં 'ભગ' શબ્દ સમગ્ર ઐશ્વર્યાદિનો વાચક છે. અર્થાત્ ૧. ઐશ્વર્ય, ૨. રૂપ, ૩. યશ, ૪. લક્ષ્મી, ૫. ધર્મ અને ૬. પ્રયત્નનો વાચક છે. અને ભગવાનનું સમગ્ર ઐશ્વર્ય શું છે ? તે બતાવતાં કહે છે. ભગવાનના ગુણોથી આવર્જિત થઈને ભક્તિથી ઇન્દ્રો શુભાનુબંધી મહાપ્રાતિહાર્ય કરે છે તે ભગવાનનું ઐશ્વર્ય છે. તેથી એ પ્રાપ્ત થાય કે મહાબુદ્ધિના નિધાન એવા દેવોના સ્વામી પણ ભગવાન પ્રત્યેની ભક્તિથી પ્રાતિહાર્ય કરે છે. માટે સંસારઅવસ્થામાં ભગવાનનું મહા ઐશ્વર્ય એવું છે કે જેને જોવાથી જોનારને ભગવાન પ્રત્યે ભક્તિ થાય છે. વળી, ભગવાનનું સર્વશ્રેષ્ઠરૂપ છે જે રૂપ આગળ

અતિરૂપસંપન્ન એવા દેવતાઓનું રૂપ પણ અસાર દેખાય છે. જેને જોવા માત્રથી જીવોને ભગવાન પ્રત્યે આકર્ષણ થાય છે અને ભૂતકાળમાં ભગવાને જે ઉત્તમધર્મ સેવ્યો છે તેના સાક્ષાત્ ફળરૂપ આ રૂપસંપત્તિ છે. વળી, ભગવાન રાગ-દ્વેષ-પરિષહ-ઉપસર્ગોને જીતવા માટે મહાપરાક્રમને કરનારા હતા. તેથી ભગવાનનો યશ ત્રણલોકમાં સદા ગવાય છે. જે ભગવાને ભૂતકાળમાં ધર્મ સેવીને સંચય કરેલ અંતરંગ બળસ્વરૂપ છે. વળી, ભગવાનની લક્ષ્મી ઘાતીકર્મના નાશથી પ્રાપ્ત થયેલ કેવલજ્ઞાન સ્વરૂપ છે અને નિરતિશય સુખસંપત્ સ્વરૂપ છે. જેની સ્મૃતિથી તદ્તુલ્ય થવાનો અભિલાષ થાય છે. અર્થાત્ ભગવાન જેવા નિરતિશય સુખની પ્રાપ્તિનો અભિલાષ ઉત્પન્ન થાય છે. વળી, ભગવાનનો પ્રકૃષ્ટ ધર્મ સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ છે; કેમ કે ભગવાન મોક્ષમાર્ગની પૂર્ણભૂમિકાને પામેલા છે. આથી અલ્પકાળમાં જ સંસારનો ઉચ્છેદ કરીને મોક્ષ પ્રાપ્ત કરશે. વળી, સાધનાકાળમાં શ્રેષ્ઠકોટિના દાન-શીલ-તપ-ભાવનામય ધર્મને ભગવાને સેવ્યો છે. વળી, સાધનાકાળમાં પુણ્યાનુબંધી પુણ્યના કારણીભૂત સાશ્રવધર્મને અને નિર્જરાના કારણીભૂત અનાશ્રવધર્મને ભગવાને સેવ્યો છે. તેથી મહાયોગાત્મક ભગવાનનો ધર્મ છે. વળી, પરમવીર્યથી ઉત્પન્ન થયેલ ભગવાનનો પ્રયત્ન સાધનાકાળમાં પ્રતિમાઓને વહન કરવામાં પ્રવર્તતો હતો અને યોગનિરોધકાળમાં શૈલેષીઅવસ્થામાં પ્રવર્તતો હતો તે સર્વ ભગવાનનું સમગ્ર ઐશ્વર્ય આદિ છે અને તેવા ભગવાન છે. આ પ્રકારે સ્મરણ કરવાથી તીર્થંકરે કઈ રીતે સાધના કરી અને ચરમભવમાં કઈ રીતે દેવોથી પૂજાય છે ? ઇત્યાદિની ઉપસ્થિતિ થાય છે અને તેવા ભગવાનને નમસ્કાર કરવામાં આવે છે, જેથી તેમના જેવું સત્ત્વ પોતાનામાં પ્રગટ થાય. આમ 'અરિહંતાણં ભગવંતાણં' આવા પ્રકારના બે આલાપક દ્વારા ભગવાનની સ્તોતવ્ય સંપદા કહેવાઈ; કેમ કે વિચારક પુરુષો આવા પ્રકારના ઉત્તમ ગુણીયલ પુરુષની સ્તુતિ કરે છે. તેથી ભગવાનની આ સ્તોતવ્ય સંપત્ છે. અર્થાત્ સ્તુતિ કરવાયોગ્ય સંપદ્ છે.

ભગવાન સ્તોતવ્ય કેમ છે ? તેમાં હેતુસંપત્ને કહે છે. ભગવાન આદિ કરણ સ્વભાવવાળા છે. તીર્થને કરનારા છે અને સ્વયંસંબુદ્ધ છે. માટે ભગવાન સ્તોતવ્ય છે.

ભગવાન શ્રુતધર્મની આદિને કરનારા છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંસારની વિષમ સ્થિતિમાંથી જીવોને તરવાનો એક માત્ર માર્ગ બતાવનાર શ્રુતધર્મ છે. જે ભગવાનથી પ્રવર્ત્યો છે. માટે ભગવાને આ ઉત્તમ એવા શ્રુતધર્મને આપીને જગતના જીવો પર મહાન ઉપકાર કર્યો છે. તેથી ભગવાન સ્તોતવ્ય છે. વળી, સંસારસમુદ્રથી તરવા માટે જે કારણ હોય તે તીર્થ કહેવાય. તેવા તીર્થને કરનારા ભગવાન છે. અર્થાત્ પ્રવચનાધાર ચતુર્વિધસંઘ અથવા પ્રથમ ગણધર રૂપ તીર્થને કરનારા ભગવાન છે. માટે ભગવાન સ્તોતવ્ય છે. વળી, ભગવાન સ્વંયબોધ પામેલા છે. તેથી ભગવાન સ્તોતવ્ય છે. આ રીતે ઉપસ્થિતિ કરવાથી એ પ્રાપ્ત થાય કે ભગવાન અરિહંત ભગવંત છે. તે સ્વરૂપે ભગવાન સ્તોતવ્ય છે અને જગતના ઉપકારનું કારણ છે તે સ્તોતવ્યના હેતુ છે. આથી જ ભગવાને સન્માર્ગનું સ્થાપન કર્યું છે. તીર્થનું સ્થાપન કર્યું છે. સ્વયંબોધ પામેલા છે એ પ્રકારની ઉપસ્થિતિ કરી શ્રાવક ભગવાન પ્રત્યેની ભક્તિનો અતિશય કરે છે. જોકે ભગવાન પૂર્વના ભવોમાં કોઈકથી બોધ પામેલા છે. તોપણ ચરમભવમાં નિર્મળકોટિનાં ત્રણ જ્ઞાનના ધણી છે. સંયમ ગ્રહણ કરે છે ત્યારે નિર્મળકોટિના ચાર જ્ઞાનવાળા હોય છે. જેના બળથી ઘાતીકર્મનો નાશ કરે છે. તેથી કોઈના

દ્વારા બોધ પામીને ભગવાન ચરમભવમાં વીતરાગ-સર્વજ્ઞ થતા નથી. પરંતુ પોતાના જ નિર્મળબોધના બળથી જ ભગવાન વીતરાગ સર્વજ્ઞ બન્યા અને વીતરાગ સર્વજ્ઞ બન્યા પછી જગતના જીવોના ઉપકારાર્થે શ્રુતધર્મની આદિને કરનારા થયા અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરીને ભગવાને આ સંસારસાગરથી તરવાનો માર્ગ સુસ્થિર કર્યો. માટે ભગવાન સંસારી જીવોના ઉપકારી હોવાથી સ્તોતવ્ય છે.

વળી સ્તોતવ્ય સંપદાની જ હેતુવિશેષ સંપદા કહે છે. ભગવાન પુરુષોમાં ઉત્તમ છે. પુરુષોમાં સિંહ જેવા છે. પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરીક જેવા છે. પુરુષોમાં શ્રેષ્ઠ ગંધહસ્તિ જેવા છે.

ભગવાન કેમ પુરુષોત્તમ છે ? તેથી કહે છે. ઉત્તમપુરુષ પરાર્થવ્યસની, ગૌણસ્વાર્થવાળા, ઉચિતક્રિયાવાળા, અદીનભાવવાળા, સફલારંભી, અદૃઢઅનુશયવાળા, કૃતજ્ઞતાના પતિ=અત્યંત કૃતજ્ઞ, અનુપહતચિત્તવાળા, દેવ-ગુરુ પ્રત્યે બહુમાનવાળા, ગંભીરઆશયવાળા આદિ વિશેષ ગુણોવાળા હોય છે. અને તે ગુણો ચરમભવમાં નિયમા તીર્થંકરોમાં અભિવ્યક્ત થાય છે. અને ચરમભવની પ્રાપ્તિ પૂર્વે ચરમભવમાં તે ગુણો પ્રગટ થાય તેવી શક્તિ તીર્થંકરોના જીવોમાં જ છે. જેઓમાં તેવી શક્તિ નથી તેઓમાં તે ગુણો પ્રગટ થતા નથી. તેથી અન્ય સર્વ ભવ્યજીવો કરતાં ભગવાનના સહજ તથાભવ્યત્વાદિ ભાવો જુદા છે. તેથી અન્ય ભવ્યજીવોથી ભગવાન શ્રેષ્ઠ છે માટે ભગવાન પુરુષોત્તમ છે.

વળી, સિંહ શૌર્યાદિ ગુણોથી યુક્ત હોય છે તેમ ભગવાન પણ કર્મોનો નાશ કરવા માટે શૂરવીર હતા. કર્મનો ઉચ્છેદ કરવા માટે સિંહની જેમ ક્રૂર હતા. વળી, સિંહ કોઈનું સહન કરી શકે નહિ તેમ ભગવાન ક્રોધાદિ કષાય પ્રત્યે અસહન સ્વભાવવાળા હતા. વળી, સિંહ મહાવીર્યવાળો હોય છે તેમ રાગાદિને દૂર કરવા માટે ભગવાન મહાવીર્ય યોગવાળા હોય છે. વળી, સિંહ શત્રુ સામે લડવામાં ધીરતાવાળો હોય છે તેમ ભગવાન તપ કરવામાં ધીરતાવાળા હતા. વળી, સિંહ અન્ય પ્રાણીઓની અવજ્ઞા કરે છે અને કોઈનાથી ભય પામતો નથી તેમ ભગવાન પરિષહની અવજ્ઞા કરે છે. અને ઉપસર્ગથી ભય પામતા નથી. ઇન્દ્રિયો પોતાને રંજાડશે તેવી કોઈ ચિંતા ભગવાનને નથી. સંયમમાર્ગમાં ખેદ નથી અને સિંહની જેમ સત્ધ્યાનમાં નિષ્પ્રકમ્પતાવાળા છે. તેથી સિંહના જે સર્વગુણો બાહ્યદૃષ્ટિથી છે તે સર્વ ગુણો ભગવાનમાં અંતરંગ કૃત્યો કરવા માટે પ્રવર્તે છે. તેનો બોધ કરાવવા અર્થે 'પુરિસસિંહાણં' પદથી ભગવાનની સ્તુતિ કરાય છે. જે શ્રાવક વારંવાર ભગવાનના સિંહ જેવા ગુણોનું સ્મરણ કરીને ભગવાનની સ્તુતિ કરે છે, તેનામાં પણ સિંહ જેવા ગુણો આવિર્ભાવ પામે છે. જેથી ભગવાનની જેમ કર્મશત્રુનો નાશ કરવા માટે સમર્થ બને છે.

વળી, જેમ શ્રેષ્ઠ પુંડરીક જલના સંગવાળું હોય છે, કાદવમાંથી ઉત્પન્ન થાય છે, જલથી વર્ધિત હોય છે, છતાં તે બંનેને છોડીને ઉપર રહે છે, તેમ ભગવાન પણ કર્મરૂપી કાદવમાં ઉત્પન્ન થયા છે. દિવ્યભોગ રૂપ જલથી વર્ધિત થયા છે. છતાં નવાં કર્મો બાંધતા નથી અને દિવ્યભોગમાં પણ નિર્લેપ રહેવાને કારણે ભોગરૂપી જલથી ઉપરમાં વર્તે છે. વળી, કમળ પ્રકૃતિથી સુંદર હોય છે. તેમ ભગવાન પણ અતિશયોથી સુંદર છે. અર્થાત્ ભગવાન અદ્ભુત રૂપ, અદ્ભુત સત્ત્વ, અદ્ભુત ધર્મ ઇત્યાદિ અતિશયોથી સુંદર છે. વળી, કમળ ભુવનલક્ષ્મીનું નિવાસ છે તેમ ભગવાન ગુણસંપત્તિના નિવાસ છે; કેમ કે મહાસત્ત્વશાળી હોવાથી બીજના ચંદ્રની જેમ ભગવાનમાં સતત મોક્ષને અનુકૂળ એવા ઉત્તમગુણો વૃદ્ધિ પામતા હોય છે. વળી, કમળ

ચક્ષુના આનંદનું સ્થાન છે. તેમ ભગવાન પરમાનંદના હેતુ છે; કેમ કે ઉત્તમપુરુષને પામીને ઘણા યોગ્ય જીવો સંસારની વિડંબનાથી મુક્ત થાય છે. તેથી યોગ્ય જીવો માટે ભગવાન આનંદના હેતુ છે. વળી, વિશિષ્ટ કમળો વિશિષ્ટ એવા તિર્યંચ, મનુષ્ય અને દેવ દ્વારા સેવાય છે. તેમ કેવલજ્ઞાનાદિ ગુણોને કારણે ભવ્યજીવો દ્વારા ભગવાન સેવાય છે. આથી જ ભગવાનની ઉપાસના કરીને ઘણા યોગ્ય જીવો કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે. વળી, શ્રેષ્ઠ કમળ સુખના હેતુ બને છે. તેમ ભગવાન ઘણા જીવોના નિર્વાણનું કારણ બને છે. આથી જ ભગવાનને પામીને ઘણા જીવો પ્રકૃષ્ટ સુખરૂપ નિર્વાણ અવસ્થાને પ્રાપ્ત કરે છે. આ રીતે પુંડરીકના વાસ્તવિક સ્વરૂપનું પર્યાલોચન કરીને ભગવાનને પુંડરીક તુલ્ય અંતરંગ ઉત્તમ ભાવોથી ઉપસ્થિત કરવામાં આવે તો ભગવાન પ્રત્યે તે પ્રકારની વિશિષ્ટ ભક્તિ થાય છે. જેથી પોતાનામાં પણ ભગવાનની સ્તુતિ નિમિત્તે ઘણા ગુણો પ્રાપ્ત થાય છે. તેથી વિવેકી શ્રાવક ભગવાનની સ્તુતિરૂપ પ્રસ્તુત સૂત્રનાં દરેક પદોના ગંભીર અર્થોને પુનઃપુનઃ ભાવન કરીને સ્થિર કરે છે. જેથી ચૈત્યવંદનકાળમાં તે તે પદોના ઉચ્ચારના બળથી ભગવાનના તે તે સ્વરૂપની શીઘ્ર ઉપસ્થિતિ કરી શકે છે. જેના બળથી પોતાનામાં પણ એવા શ્રેષ્ઠ ગુણો આવિર્ભાવ કરવાનું બળ પ્રાપ્ત થાય છે. આથી જ ભગવાનની સ્તુતિ કરીને ઘણા જીવો ચારિત્રમોહનીયકર્મ તોડીને ભાવચરિત્ર પ્રાપ્ત કરે છે.

વળી, ભગવાન શ્રેષ્ઠ ગંધહસ્તી જેવા છે. જેમ ગંધહસ્તિના આગમનથી અન્ય હાથીઓના મદ ઝરી જાય છે, તેથી તે હાથીઓ કેટલાક કાળ સુધી ક્ષીણ શક્તિવાળા થાય છે. તેમ ભગવાનના આગમનથી તે તે ક્ષેત્રમાં મારિ મરકી આદિ અનેક જાતના ઉપદ્રવોને કરનાર શેષ હાથી જેવા સર્વ ઉપદ્રવો તે ક્ષેત્રમાં દૂર થાય છે; કેમ કે તીર્થંકરોનું અચિંત્ય પુણ્ય છે. જે પુણ્યના પ્રભાવે ભગવાનના વિહારના પવનની ગંધથી પણ તે સર્વ ઉપદ્રવો દૂર થાય છે. તેથી મહાયોગી એવા તીર્થંકરો યોગના માહાત્મ્યથી જગતમાં ઉપદ્રવના શમનનું કારણ બને છે. તેવી ઉપસ્થિતિ થવાથી ભગવાન પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે.

હવે સ્તોતવ્ય સંપદાની જ સામાન્ય ઉપયોગ સંપદાને કહે છે. અર્થાત્ ભગવાનનો સામાન્યથી જગતના જીવોને કઈ રીતે ઉપયોગ છે ? તેને બતાવનારી સામાન્ય ઉપયોગ સંપદાને કહે છે.

ભગવાન લોકોત્તમ છે. ભગવાન લોકોના નાથ છે. ભગવાન લોકના હિતને કરનારા છે. ભગવાન લોક માટે પ્રદીપ જેવા છે અને ભગવાન લોક માટે પ્રકૃષ્ટ ઉદ્યોત છે. અહીં દરેક પદોમાં સંદર્ભને અનુરૂપ 'લોક' શબ્દના જુદા જુદા અર્થોનું ગ્રહણ છે. જેમ ભગવાન લોકોમાં ઉત્તમ છે ત્યાં પંચાસ્તિકાયમય લોકમાં ભગવાનની ઉત્તમતા બતાવવી નથી. પરંતુ પંચાસ્તિકાય લોકના એક દેશ રૂપ ભવ્યજીવોમાં ભગવાન ઉત્તમ છે તે બતાવવું છે. તેથી ભવ્યલોકોમાં ભગવાન ઉત્તમ છે; કેમ કે ભવ્યલોકના સકલ કલ્યાણનું કારણ એવા તથાભવ્યત્વભાવથી ભગવાન અન્ય ભવ્યજીવો કરતાં શ્રેષ્ઠ છે. તેથી સ્તુતિ કરનારને ઉપસ્થિત થાય છે કે ભગવાન લોકોત્તમ પુરુષ છે. આથી જ ભગવાનનું અવલંબન લઈને ઘણા ભવ્યજીવો આ સંસારથી તરી શકે છે. માટે તેવા ઉત્તમપુરુષની સ્તુતિ કરીને હું પણ સંસારસાગરથી તરું.

વળી, ભગવાન લોકના નાથ છે. અહીં 'લોક' શબ્દથી બીજાધાનાદિ પ્રાપ્ત કર્યા છે તેવા ભવ્યજીવોનું જ ગ્રહણ છે; કેમ કે જેઓએ બીજાધાનાદિ કર્યા નથી તેવા ભવ્યજીવોના ભગવાન નાથ થઈ શકતા નથી. અને

જેઓએ ભૂતકાળમાં કોઈક નિમિત્તને પામીને બીજાધાન કરેલું છે, તેઓના બીજાધાનનો ઉદ્ભેદ કરીને=જે યોગબીજો આત્મામાં પડેલા હોય તેમાંથી અંકુરાદિરૂપે પ્રગટ કરીને, ભગવાન તેઓને અપૂર્વનો યોગ કરાવે છે. અને સંસારમાં તેઓને થતા તે તે પ્રકારના મોહના ઉપદ્રવોથી તેઓનું રક્ષણ કરે છે. માટે બીજાધાનવાળા જીવોનો યોગ-ક્ષેમ કરનારા હોવાથી ભગવાન તેઓના નાથ છે. આ પ્રકારે ઉપસ્થિતિ કરવાથી શ્રાવકને સ્થિર નિર્ણય થાય છે કે ભગવાનનું અવલંબન હું ગ્રહણ કરીશ તો અવશ્ય ભગાવન મારા નાથ બનશે. તેથી મારામાં જે યોગની ભૂમિકા છે, તેનાથી ઉત્તરોત્તર યોગની ભૂમિકાનો યોગ ભગવાનના આલંબનથી થશે. અને મોહના તે તે ઉપદ્રવોથી મારું રક્ષણ થશે. તેનાથી દુર્ગતિની પરંપરાથી પણ મારું રક્ષણ થશે. આ પ્રકારે ઉપસ્થિતિ કરીને શ્રાવક ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ કરે છે.

વળી, ભગવાન લોકના હિતને કરનારા છે. અહીં 'લોક' શબ્દથી સંસારી સર્વજીવોનું ગ્રહણ છે; કેમ કે ભગવાન સન્માર્ગની પ્રરૂપણા દ્વારા જે સમ્યગ્દર્શનાદિ યોગ્ય જીવોને પ્રાપ્ત કરાવે છે, તેનાથી સર્વજીવોને હિતની પ્રાપ્તિ થાય છે. કેમ સર્વજીવોને હિતની પ્રાપ્તિ થાય છે ? તેથી કહે છે. જે મહાત્માઓ રત્નત્રયી સેવીને સંવરભાવવાળા થાય છે, તેમનાથી જગતના જીવોને ઉપદ્રવ દૂર થાય છે. તેથી ભગવાન સર્વજીવોના હિતનું કારણ બને છે.

વળી, ભગવાન લોક માટે પ્રદીપ જેવા છે. અહીં 'લોક' શબ્દથી વિશિષ્ટ સંજ્ઞીલોક જ ગ્રહણ કરાય છે; કેમ કે તેવા જીવોને ભગવાનના અવલંબનથી જ સન્માર્ગનો બોધ થાય છે. તેથી ભગવાનના નિમિત્તને પામીને જે જીવોને યોગમાર્ગનો કંઈક સૂક્ષ્મબોધ થાય છે તે જીવો માટે જ ભગવાન પ્રદીપ તુલ્ય છે.

વળી, ભગવાન લોક માટે પ્રદ્યોતકર છે. અહીં 'લોક' શબ્દથી વિશેષ પ્રકારના ચૌદ પૂર્વધરનું ગ્રહણ છે; કેમ કે તેવા મહાત્માઓને જ ભગવાનના નિમિત્તે પ્રકૃષ્ટ સૂક્ષ્મતત્ત્વનો બોધ થાય છે. અન્ય જીવોને ઉત્કૃષ્ટ પ્રદ્યોત કરનારા નથી. ભગવાનથી જેટલો બોધ થાય તેટલા અંશમાં ભગવાન પ્રદીપ તુલ્ય છે. તેથી જે જીવોને જેટલી બોધ કરવાની શક્તિ છે તે શક્તિને પ્રગટ કરવામાં ભગવાન કારણ છે; કેમ કે ભગવાનના વચનથી, ભગવાનના દર્શનથી યોગ્ય જીવોને તેમની યોગ્યતા અનુસાર યોગમાર્ગનો સૂક્ષ્મબોધ થાય છે. આ પ્રકારે સ્મરણ કરવાથી ભગવાન પોતાના માટે કઈ રીતે ઉપકારક છે ? તેની ઉપસ્થિતિ થવાથી ભગવાન પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે.

હવે ઉપયોગ સંપદાની જ હેતુસંપત્ને કહે છે. ભગવાન અભયને દેનારા છે, ચક્ષુને દેનારા છે, માર્ગને દેનારા છે, શરણને દેનારા છે અને બોધિને દેનારા છે.

સંસારી જીવોને સાત પ્રકારના ભય સતત સંસારમાં વર્તે છે. તે ભયોથી પોતાનું રક્ષણ કરવાર્થે સંસારી જીવો સદા પ્રવૃત્ત હોય છે. છતાં પારમાર્થિક રીતે આ સાત પ્રકારના ભયોથી પોતાનું રક્ષણ કરવા માટે તેઓ સમર્થ થતા નથી. અને તે ભયોના નિવારણ માટે જ સદા વ્યાકુળ રહે છે. તેવા જીવોમાંથી યોગ્ય જીવોને ભગવાન ભવોના નિવારણનો ઉચિત ઉપાયનો વિચાર કરી શકે તેવી સ્વસ્થતાનું આપાદન કરનારા બને છે. તેથી તેવા જીવો સ્વસ્થતાથી વિચારે છે કે સંસારના ઉપદ્રવોના નિવારણનું કારણ યોગમાર્ગની પ્રવૃત્તિ છે.

તેથી તે જીવોમાં કલ્યાણને અનુકૂળ ધર્મની ભૂમિકાની કારણીભૂત ધૃતિ પ્રગટે છે. માટે તેઓ સ્વસ્થતાથી આત્મહિતની કંઈક વિચારણા કરી શકે તેવી સ્વસ્થતા પ્રાપ્ત કરે છે જે અભયની પ્રાપ્તિ સ્વરૂપ છે. અને આવી ચિત્તની ભૂમિકા યોગ્ય જીવોને ભગવાનથી પ્રાપ્ત થાય છે. માટે ભગવાન અભયને દેનારા છે.

વળી, ભગવાન ચક્ષુને દેનારા છે. યોગની પ્રથમ ભૂમિકારૂપ અભયની પ્રાપ્તિ પછી યોગ્ય જીવોને તત્ત્વને જોવા માટે અનુકૂળ અંતરંગ ચક્ષુ પ્રગટે છે. જે ચક્ષુની પ્રાપ્તિ ભગવાનના ઉપદેશથી અથવા ભગવાનની પ્રતિમાનાં દર્શનથી પ્રાપ્ત થાય છે અને તે ચક્ષુ તત્ત્વના બોધનું કારણ બને છે. તેથી ભગવાન પ્રથમ ભૂમિકાવાળા જીવોને સ્વસ્થતારૂપ અભય આપે છે. જે યોગમાર્ગ પ્રત્યેની રુચિ સ્વરૂપ છે. જે જીવોને સંસારના ઉચ્છેદને અનુકૂળ એવા માર્ગને અનુસરનારી રુચિ પ્રાપ્ત થઈ છે તે વસ્તુતત્ત્વને જોનારી નિર્મળ ચક્ષુ સ્વરૂપ છે. અને તેવી ચક્ષુ ભગવાનથી પ્રાપ્ત થાય છે. માટે ભગવાન ચક્ષુને દેનારા છે.

વળી ભગવાન માર્ગને દેનારા છે. જે માર્ગ ઉત્તરોત્તરના ગુણસ્થાનકની પરિણતિમાં જવા માટે સમર્થ એવો જીવનો ક્ષયોપશમ છે. તેથી ચક્ષુને પામ્યા પછી જે જીવો શક્તિ અનુસાર જિનવચનનું અવલંબન લઈને મોહના ઉચ્છેદનો માર્ગ વક્રતા વગર જાણવા યત્ન કરે છે, તેઓને જિનવચનના અવલંબનથી કે ભગવાનનાં દર્શનથી તે પ્રકારની માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટે છે. જેના બળથી ચિત્તની વક્રતા વગર સૂક્ષ્મતત્ત્વને જાણવા માટે સમર્થ બને તેવી પ્રજ્ઞા તેઓને પ્રગટે છે. જે માર્ગની પ્રાપ્તિરૂપ છે. અને આ માર્ગની પ્રાપ્તિ હેતુ-સ્વરૂપ-ફલથી શુદ્ધ એવી સુખ સ્વરૂપ છે, એમ કેટલાક કહે છે. એથી એ પ્રાપ્ત થાય કે માર્ગનો હેતુ નિર્મળચક્ષુ છે. માર્ગનું સ્વરૂપ ચિત્તનું અવક્રગમન છે. અને માર્ગગમનનું ફલ ઉત્તરોત્તરના ગુણસ્થાનકની યોગની ભૂમિકાની પ્રાપ્તિ છે. તેથી જેઓને તત્ત્વને જોવા માટે નિર્મળચક્ષુની પ્રાપ્તિ થઈ છે, તેઓ વક્રતા વગર તત્ત્વને જોવા માટે માર્ગાનુસારી ઊહ કરે છે. તેઓ પોતાના ચિત્તના અવક્રગમનના ફળરૂપે ઉપર-ઉપરના યોગમાર્ગનાં રહસ્યો પામે છે અને તેવા માર્ગને દેનારા ભગવાન છે.

વળી ભગવાન શરણને દેનારા છે. ભયથી આર્ત થયેલા જીવોનું રક્ષણ કરનારા ભગવાન હોવાથી ભગવાન શરણને દેનારા છે. જે સંસારના વાસ્તવિક સ્વરૂપના યથાર્થબોધના કારણે તેમાંથી બહાર નીકળવાના ઉપાયની પ્રાપ્તિ થવાથી સમાશ્વાસનના સ્થાન જેવું શરણ છે. અર્થાત્ હવે આ ભગવાનના વચનના બળથી નક્કી હું ચારગતિની વિડંબનામાંથી મુક્ત થઈ શકીશ તેવો યથાર્થબોધ થવાથી તે જીવોને આશ્વાસન મળે છે કે ભગવાનના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને સર્વ વિડંબનાઓથી હું મુક્ત થઈ શકીશ. તેવા આશ્વાસન જેવું શરણ છે. અને તે તત્ત્વચિંતારૂપ અધ્યવસાય છે. અર્થાત્ જેઓને ભગવાનનું શરણ મળ્યું છે તેઓ "સંસારવર્તી જીવો કઈ રીતે વિડંબના પામે છે ? તેમાંથી મુક્ત થવાનો ઉપાય શું છે ? મુક્ત થયેલા જીવો કઈ રીતે સર્વ ઉપદ્રવ વગરના હોવાથી સુખી છે ?" તેના પરમાર્થને જાણવા સદા યત્ન કરે છે. આવા પ્રકારના સમાશ્વાસન સ્વરૂપ શરણ છે. જેને કેટલાક 'વિવિદિશા' કહે છે. અર્થાત્ તત્ત્વને જાણવા માટે વિશેષ પ્રકારની ઇચ્છા સ્વરૂપ કહે છે. અને જેઓને તત્ત્વચિંતારૂપ અધ્યવસાય પ્રગટે છે. તેઓને શુશ્રૂષા-શ્રવણ-ગ્રહણ-ધારણા-વિજ્ઞાન-ઈહ-અપોહ-તત્ત્વ અભિનિવેશ આદિ આઠ બુદ્ધિના ગુણો પ્રગટે છે. તેથી તેવા જીવો મુગ્ધ જીવોની જેમ ખાલી સાંભળવા પ્રયત્ન કરતા નથી. પરંતુ તત્ત્વની દૃષ્ટિ

પ્રગટે તે રીતે ઉચિતસ્થાને તત્ત્વ જાણવા યત્ન કરે છે. જેના બળથી તેઓ સામગ્રીને પામીને અવશ્ય સૂક્ષ્મબોધને પ્રાપ્ત કરે છે.

વળી, ભગવાન બોધિને આપનારા છે. તે બોધિ ભગવાને કહેલા ધર્મની પ્રાપ્તિ સ્વરૂપ છે. અર્થાત્ જે કુલમાં ધર્મ થતો હોય તેવા જ કુલમાં જન્મની પ્રાપ્તિ રૂપ નહિ પરંતુ જિનવચનાનુસાર યથાર્થબોધ સ્વરૂપ બોધિ છે. જે બોધિ જીવોને પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકયની અભિવ્યક્તિ રૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સ્વરૂપ છે. અને જે જીવોને પદાર્થને યથાર્થ જોવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટી છે તેવા સમ્યગ્દૃષ્ટિજીવો સતત પ્રાપ્ત થયેલા ભવને જિનવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને સફળ કરે છે. જેઓએ સમ્યગ્દર્શનરૂપ બોધિ પ્રાપ્ત કરી છે, તેઓ બોધિના બળથી અવશ્ય અલ્પકાળમાં સંસારનો અંત કરે છે. આ પ્રકારે અભયાદિ પદો દ્વારા ભગવાનનો સંસારીજીવોને શું ઉપયોગ છે તેની સિદ્ધિ થાય છે. તેથી ઉપયોગસંપદાની જ આ હેતુસંપદા છે.

હવે સ્તોતવ્યસંપદાની જ વિશેષથી ઉપયોગસંપદાને કહે છે. ભગવાન ધર્મને દેનારા છે, ધર્મના દેશક છે, ધર્મના નાયક છે, ધર્મના સારથી છે અને શ્રેષ્ઠ ધર્મ વડે ચારગતિઓના અંતને કરનાર ચક્રવર્તી છે.

ભગવાન બે પ્રકારના ધર્મને દેનારા છે. સાધુધર્મ અને શ્રાવકધર્મ. તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાને જગતના જીવોને પોતાના તુલ્ય થવા માટે ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ સાધુધર્મ બતાવ્યો છે. અને જેઓ સંસારના ઉચ્છેદના અર્થી છે, પરંતુ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ સાધુધર્મ પાળવા સમર્થ નથી, તેઓને સાધુધર્મની પ્રાપ્તિને અનુકૂળ શક્તિસંચય કરવાર્થે શ્રાવકધર્મ બતાવ્યો છે. તે બંને ધર્મોની પ્રાપ્તિમાં ભગવાન જ પ્રધાન હેતુ છે; કેમ કે ભગવાનના ઉપદેશના બળથી જ મુખ્યરૂપે યોગ્ય જીવોને સંસારના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થાય છે. અને સંસારના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થયા પછી સુખી થવાના ઉપાયરૂપ ત્રણ ગુપ્તિના સામ્રાજ્ય સ્વરૂપ સાધુધર્મ દેખાય છે. જેઓમાં તે પ્રકારની ત્રણ ગુપ્તિમાં યત્ન કરવાનું સામર્થ્ય છે, તેઓ જિનવચનાનુસાર સાધુધર્મ પાળીને અલ્પકાળમાં સર્વ દુઃખોનો અંત કરે છે. અને જેઓને ભગવાનના વચનથી બોધ થયો છે કે સંસારમાં સુખી થવાનો એક ઉપાય ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ સાધુધર્મ છે, પરંતુ પોતાનામાં તેને સમ્યક્ પાલન કરવા માટે શક્તિ નથી, તેઓ પણ સાધુધર્મનું પરિભાવન કરવાર્થે તેના ઉપાયરૂપ શ્રાવકધર્મનું પાલન કરે છે. તે બંને પ્રકારના ધર્મોની પ્રાપ્તિ પ્રધાનરૂપે ભગવાનથી થાય છે. માટે ભગવાન ધર્મને દેનારા છે.

વળી, ધર્મની પ્રાપ્તિ ધર્મની દેશના દ્વારા જ થાય છે, અન્યથા થતી નથી. તેથી કહે છે કે ભગવાન ધર્મના દેશક છે. ભગવાને યોગ્ય જીવોને ધર્મદેશના આપીને બતાવ્યું કે બળતા ઘરમાં નિવાસતુલ્ય આ સંસાર છે. જેમ ઘર બળતું હોય તેમાં કોઈ બેઠેલ હોય તો તે બળીને અવશ્ય ભસ્મ થાય છે, તેથી જેમ બળતા ઘરમાંથી નીકળવા માટે સદા પ્રયત્ન કરવામાં આવે છે, તેમ સંસારમાંથી નીકળવા માટે સદા ઉદ્યમ કરવો જોઈએ અને બળતા ઘરને ઓલવવા માટે વિવેકીપુરુષ સતત પ્રયત્ન કરે છે. તેમ સંસારની નિષ્પત્તિનાં કારણોનો નાશ કરવા માટે સદા પ્રયત્ન કરવો જોઈએ. અને તે પ્રકારના પ્રયત્નરૂપ જ ત્રણ ગુપ્તિનું સામ્રાજ્ય છે. માટે

વિવેકીપુરુષે શક્તિના પ્રકર્ષથી ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને જિનવચનાનુસાર તત્ત્વનું ભાવન કરીને અંતઃતાપરૂપ અગ્નિને ઓલવવા માટે સતત ઉદ્યમ કરવો જોઈએ. જેથી સંસારનો ઉચ્છેદ થાય. આ પ્રકારે ભગવાન ધર્મદેશના આપે છે માટે ભગવાન ધર્મના દેશક છે.

વળી ભગવાન ધર્મના નાયક છે. ધર્મ દેશવિરતિ અને સર્વવિરતિ સ્વરૂપ છે અને તેના નાયક ભગવાન છે; કેમ કે તેમણે સર્વવિરતિધર્મ પૂર્ણ ભૂમિકા રૂપે પ્રાપ્ત કર્યો છે. અને ભગવાન ધર્મના ઉત્કૃષ્ટ ફલને ભોગવે છે. ભગવાનને પ્રાપ્ત થયેલ સર્વવિરતિધર્મનો ક્યારેય વિઘાત થવાનો નથી. તેથી ભગવાન ધર્મના નાયક છે.

વળી, ભગવાન પ્રસ્તુત એવા ધર્મના સ્વ-પરની અપેક્ષાએ સારથી છે. સારથી અશ્વને સમ્યક્ પ્રવર્તન કરાવે છે, તેનું પાલન કરે છે અને દમન કરે છે. તેમ ભગવાન પણ પોતાના ધર્મ રૂપી રથનું સમ્યક્ પ્રવર્તન કરે છે અને અન્યને પણ ઉચિતક્રિયા બતાવીને સમ્યક્ પ્રવર્તન કરાવે છે. વળી, સ્વીકારેલા ધર્મનું સ્વયં સમ્યક્ પાલન કરે છે અને બીજાને પાલન કરાવે છે અને ઉન્માર્ગમાં જતા ધર્મરૂપી રથને સ્વયં દમન કરે છે અને બીજાને ઉન્માર્ગમાં જતા ધર્મરથનું દમન કરાવે છે. માટે ભગવાન સ્વ-પરની અપેક્ષાએ ધર્મના સારથી છે. આથી જ મેઘકુમારને સંયમ ગ્રહણ કર્યા પછી ઘરે જવાનો પરિણામ થયો ત્યારે સમ્યક્ ઉપદેશ આપીને ભગવાન મહાવીરે મેઘકુમારના સંયમરૂપી રથને સન્માર્ગમાં પ્રવર્તાવ્યો.

વળી, ભગવાન શ્રેષ્ઠ ધર્મ દ્વારા ચારગતિના અંતને કરનારા ચક્રવર્તી છે. શ્રેષ્ઠ ધર્મ કહેવાથી કષ-છેદ-તાપ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે અથવા ચક્રવર્તીના ચક્રની અપેક્ષાએ ભગવાને બતાવેલ ધર્મ આ લોક-પરલોકનું એકાંત હિત કરનાર હોવાથી શ્રેષ્ઠ છે અને ચક્રવર્તી પોતાના ચક્રના બળથી શત્રુઓનો નાશ કરે છે તેમ ભગવાન ધર્મચક્ર દ્વારા રૌદ્ર એવા મિથ્યાત્વાદિ અંતરંગ શત્રુઓનો નાશ કરે છે. તેથી ચારગતિના પરિભ્રમણનો ઉચ્છેદ થાય છે. ભગવાન ધર્મને દેનારા છે. ઇત્યાદિ પદો દ્વારા સ્તોતવ્ય એવા ભગવાનનો વિશેષ ઉપયોગ બતાવાયો. માટે ધમ્મદયાણં આદિ પદથી સ્તોતવ્યસંપદાની જ વિશેષ ઉપયોગસંપદ્ કહેવાઈ.

વળી ભગવાન અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાનદર્શનને ધારણ કરનારા છે. ચાલ્યો ગયો છે છદ્મસ્થભાવ જેમનો એવા ભગવાન છે. તેવા ભગવાનને નમસ્કાર થાઓ. ભગવાનને ક્ષાયિકભાવનું કેવલજ્ઞાન અને કેવલદર્શન છે. જે સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયનો વિષય કરનાર હોવાથી પૂર્ણ છે માટે શ્રેષ્ઠ જ્ઞાન-દર્શન ભગવાનનાં છે. અને ભગવાનનાં શ્રેષ્ઠ એવાં જ્ઞાન-દર્શન ક્ષેત્ર અને કાળથી હણાતાં નથી. તેથી અપ્રતિહત છે; કેમ કે સર્વ ક્ષેત્રના અને સર્વકાળના સર્વ ભાવોને ભગવાન જાણે છે. તેથી તેવા ઉત્તમ જ્ઞાન-દર્શનવાળા ભગવાનને નમસ્કાર કરાય છે. વળી સંસારઅવસ્થામાં હતા ત્યારે ઘાતીકર્મના નાશ પૂર્વે છદ્મસ્થભાવવાળા હતા. તેનો નાશ કરીને ભગવાન વ્યાવૃત છદ્મસ્થભાવવાળા થયા તેવા ભગવાનને નમસ્કાર થાઓ. આ રીતે સ્તોતવ્યસંપદાની જ સકારણ સ્વરૂપસંપદા કહેવાઈ.

વળી, ભગવાન પોતાના તુલ્ય બીજાને કરનારા છે. તે બતાવવા અર્થે કહે છે. ભગવાને મોહને જીત્યો છે અથવા રાગાદિ શત્રુઓને જીત્યા છે માટે જિન છે. અને યોગ્ય જીવોને જિતાવનારા છે; કેમ કે

ભગવાનનું અવલંબન લઈને જેઓ પ્રવર્તે છે તેઓ પણ ભગવાનના અવલંબનથી રાગાદિને જીતવા સમર્થ બને છે.

વળી, ભગવાન સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્ર રૂપી નાવથી ભવરૂપી સમુદ્રને તર્યા છે. અને અન્ય યોગ્ય જીવોને તારનારા છે. તેથી જેઓ ભગવાનના વચનનું દૃઢ અવલંબન લઈને ભગવાનની આજ્ઞાનું પાલન કરે છે, તેઓ સુખપૂર્વક સંસારસમુદ્રથી તરે છે.

વળી, ભગવાન સ્વયંબોધ પામેલા છે. અને યોગ્ય જીવોને બોધ કરાવનારા છે. તેથી પોતાના ઉચિતબોધના બળથી ભગવાન પોતાનું હિત સાધી શક્યા તેમ બીજાઓને ઉચિતબોધ કરાવીને હિતમાર્ગમાં પ્રવર્તાવનારા છે.

વળી, ભગવાન ચારગતિના વિપાકવાળા ચિત્રકર્મબંધનથી મુક્ત થયા છે અને યોગ્ય જીવોને કર્મબંધથી મુક્ત કરાવનારા છે. આથી જ ભગવાનનું અવલંબન લઈને જેઓ શક્તિ અનુસાર ઉદ્યમ કરે છે, તેઓ અલ્પકાળમાં સદા માટે કર્મથી મુક્ત બને છે.

આ રીતે જિનત્વ-જાપકત્વ, તીર્ણત્વ-તારકત્વ, બુદ્ધત્વ-બોધકત્વ, મુક્તત્વ-મોચકત્વ દ્વારા સ્વ-પરના હિતની સિદ્ધિ હોવાથી ભગવાન પોતાને તુલ્ય-બીજાના ફળને કરનારા છે. તેને બતાવનારી આત્મતુલ્ય પરફલકર્તૃત્વ સંપદા કહેવાઈ.

વળી, ભગવાન સર્વજ્ઞ-સર્વદર્શી છે=જગત્વર્તી સર્વ જ્ઞેયને જાણનારા છે અને જોનારા છે; કેમ કે જાણવું અને જોવું જીવનો સ્વભાવ છે અને કર્મરૂપી આવરણનો નાશ થયો હોવાથી આવરણ વગરના ભગવાન સર્વ જ્ઞેયને જાણે છે અને જુએ છે.

વળી, ભગવાન સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલા છે. જે સિદ્ધિગતિ શિવ-અચલાદિ સ્વરૂપ છે. તેવા ભગવાનને નમસ્કાર થાઓ તે પ્રકારે શ્રાવક બોલીને તેવા ઉત્તમસ્થાનને પામેલા ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ કરે છે. વસ્તુતઃ ભગવાન સંસારઅવસ્થામાં હોવા છતાં સિદ્ધાવસ્થાને પામવાની તૈયારીમાં છે. તેથી સિદ્ધઅવસ્થાને પામેલા છે તે પ્રકારે સ્તુતિ કરાય છે. તેથી તેવી અવસ્થાવાળા ભગવાનની ઉપાસના કરીને શ્રાવક પણ ઉત્તમ એવી સિદ્ધિગતિને પામવાની ઇચ્છા કરે છે. વળી, સિદ્ધિગતિ પ્રત્યેના અહોભાવની વૃદ્ધિ અર્થે તેનું સંક્ષેપથી સ્વરૂપ ઉપસ્થિત કરાય છે. જેથી સંસારઅવસ્થાથી વિલક્ષણ અવસ્થાવાળી સિદ્ધિગતિ છે. અર્થાત્ સંસારની ચારગતિથી વિલક્ષણ આ પાંચમી ગતિ છે. તેની ઉપસ્થિતિ થાય છે. સિદ્ધિગતિ કેવી છે ? તેથી કહે છે –

સિદ્ધિગતિ **શિવ** સ્વરૂપ છે=સર્વ ઉપદ્રવ રહિત છે. અર્થાત્ સંસારની ચારગતિ જન્મ-જરા-મૃત્યુ આદિ ઉપદ્રવોથી યુક્ત છે. તેવા ઉપદ્રવથી રહિત સિદ્ધિગતિ છે. વળી **અચલ** છે. સંસારની ચારગતિઓમાં જીવ સતત સ્વભાવિક કે પ્રાયોગિક ક્રિયા કરે છે. દેહના કંપનરૂપ સ્વભાવિક ક્રિયા થાય છે અને ગમનાદિથી પ્રાયોગિક ક્રિયા થાય છે. સિદ્ધિગતિમાં રહેલા જીવ સંપૂર્ણ નિષ્ક્રિય હોવાથી અચલ છે. વળી **અરુજ** છે=વ્યાધિની પીડાથી રહિત છે; કેમ કે સંસારી જીવોને વ્યાધિના, પીડાના કારણરૂપ શરીર અને મન છે. તેથી શરીર અને મનની પીડાથી પીડિત છે. સિદ્ધના જીવોને શરીર અને મન નથી. માટે વ્યાધિની પીડાના

ઉપદ્રવ વગરના છે. વળી સિદ્ધિગતિ અનંત જ્ઞાનયુક્ત હોવાથી **અનંત** છે. વળી સિદ્ધિગતિ **અક્ષય** છે; કેમ કે વિનાશના કારણનો અભાવ છે. અર્થાત્ વિનાશના કારણ એવા કર્મનો અભાવ છે. વળી સિદ્ધિગતિ **અવ્યાબાધ** છે; કેમ કે કર્મની બાધાનો અભાવ છે. વળી સિદ્ધિગતિમાં ગયા પછી સંસારમાં ફરી આવાગમન નથી. માટે **અપુનરાવૃત્તિ**વાળી છે. આ પ્રકારે સિદ્ધિગતિનું સ્મરણ કરીને તેવી અવસ્થાને પામવાના અભિલાષવાળા શ્રાવક ભગવાનની તે પ્રકારની સ્તુતિ કરીને ભગવાન જેવા થવાનો બલસંચય કરે છે.

વળી, ભગવાન જિન છે. જિતભયવાળા છે. તેવા ભગવાનને નમસ્કાર કરું છું. ભગવાન સંસારથી પર થયેલા હોવાથી સંસારી જીવોને જે પ્રકારના ભયો છે તે સર્વ ભયોથી પર છે. અને રાગાદિ અંતરંગ શત્રુઓને જીત્યા હોવાથી જિન છે. પૂર્વમાં 'જિણાણં જાવયાણં' પદમાં જિન કહ્યા હોવા છતાં ફરી ભક્તિના અતિશય અર્થે 'નમો જિણાણં જિઅભયાણં' પદમાં જિનનું સ્મરણ કરેલ છે. જેથી જિન અવસ્થા પ્રત્યે અત્યંત પ્રીતિ થાય; કેમ કે અજિન અવસ્થા જ સર્વ સંસારના પરિભ્રમણનું કારણ છે. અને જિન અવસ્થા સર્વ ઉપદ્રવના ઉચ્છેદનું કારણ છે. તેથી વારંવાર જિન અવસ્થાના સ્મરણથી જિન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય છે. માટે 'નમો જિણાણં'માં જિનનું સ્મરણ કરેલ છે.

આ રીતે શક્રસ્તવ દ્વારા ભગવાનની સ્તુતિ કર્યા પછી ત્રણકાલવર્તી સર્વ તીર્થંકરો પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય માટે પૂર્વાચાર્ય દ્વારા રચાયેલ ગાથા વડે ત્રણકાલવર્તી દ્રવ્યતીર્થંકરોને વંદન કરાય છે. અને તેમાં બોલાય છે કે જે અતીતકાળમાં સિદ્ધ થયા છે, જે ભવિષ્યકાળમાં સિદ્ધ થશે અને જેઓ વર્તમાનમાં વર્તી રહ્યા છે તે સર્વ તીર્થંકરોને મન-વચન-કાયાની એકાગ્રતાપૂર્વક નમસ્કાર કરું છું.

ટીકા :-

ननु कथं द्रव्यार्हन्तो नरकादिगतिं गता अपि भावार्हद्वन्दनार्हा? इति चेत्, उच्यते, सर्वत्र तावन्नामस्थापनाद्रव्याऽर्हन्तो भावार्हदवस्थां हृदि व्यवस्थाप्य नमस्कार्या इति, द्रव्यार्हद्वन्दनार्थोऽयं द्वितीयोऽधिकारः ।

ततश्चोत्थाय स्थापनार्हद्वन्दनार्थं पादाश्रितया जिनमुद्रया हस्ताश्रितया च योगमुद्रयापि 'अरिहन्तचेइआण'मित्यादि सूत्रं पठति । अर्हतां-पूर्वोक्तस्वरूपाणां चैत्यानि-प्रतिमालक्षणानि अर्हच्चैत्यानि, चित्तमन्तःकरणं तस्य भावः कर्म वा वर्णदृढादित्वाट् ट्यण् चैत्यम्, बहुविषयत्वे चैत्यानि, तत्रार्हतां प्रतिमाः प्रशस्तसमाधिवच्चित्तोत्पादकत्वादर्हच्चैत्यानि भण्यन्ते, तेषां वन्दनादिप्रत्ययं कायोत्सर्गं करोमीति सम्बन्धः, कायस्य=शरीरस्य उत्सर्गः=कृताकारस्य स्थानमौनध्यानक्रियाव्यतिरेकेण क्रियान्तराध्यासमधिकृत्य परित्यागस्तं करोमि, 'वंदणवत्तिआए' इति, वन्दनम्-अभिवादनं प्रशस्तकाय-वाङ्मनःप्रवृत्तिरित्यर्थः, तत्प्रत्ययं तन्निमित्तं कथं नाम कायोत्सर्गादेव मम वन्दनं स्याद्? इति, वत्तियाए इत्यार्षत्वात्सिद्धम्, एवं सर्वत्र द्रष्टव्यम् । तथा 'पूयणवत्तियाए' पूजनप्रत्ययं पूजननिमित्तम्

पूजनं=गन्धमाल्यादिभिरभ्यर्चनम्, तथा 'सक्कारवत्तियाए' सत्कारप्रत्ययं सत्कारनिमित्तम्, सत्कारः-प्रवरवस्त्राभरणादिभिरभ्यर्चनम् ।

ननु च यतेः पूजनसत्कारौ अनुचितौ, द्रव्यस्तवत्वात्, श्रावकस्य तु साक्षात्पूजासत्कारकर्त्तुः कायोत्सर्गद्वारेण तत्प्रार्थना निष्फला, उच्यते साधोर्द्रव्यस्तवप्रतिषेधः स्वयंकरणमधिकृत्य, न पुनः कारणाऽनुमती, यतः–'अकसिणपवत्तगाणं' [ ] इत्यादि, तथा–'यस्तृणमयीमपि कुटीम्' [ ] इत्यादि, तथा–

"जिनभवनं जिनबिम्बं, जिनपूजां जिनमतं च यः कुर्यात् ।
तस्य नरामरशिवसुखफलानि करपल्लवस्थानि"

इत्युपदेशदानतः कारणसद्भावो, भगवतां च पूजासत्कारदर्शनात् प्रमोदेनानुमतिरपि, यदाह–

"सुव्वइ अ वइररिसिणा, कारवणंपि य अणुट्ठियमिमस्स ।
वायगगंथेसु तहा, एयगया देसणा चेव ।।१।।" [पञ्चव.-१२२७]

श्रावकस्तु सम्पादयन्नप्येतौ भावातिशयादधिकसम्पादनार्थं पूजासत्कारौ प्रार्थयमानो न निष्फलारम्भः तथा 'सम्माणवत्तियाए' सन्मानप्रत्ययं सन्माननिमित्तम्, सन्मानः=स्तुत्यादिभिर्गुणोन्नतिकरणम्, मानसः प्रीतिविशेष इत्यन्ये ।

अथ वन्दनादयः किंनिमित्तमित्याह–'बोहिलाभवत्तियाए' बोधिलाभोऽर्हत्प्रणीतधर्मावाप्तिस्तत्प्रत्ययं तन्निमित्तम्, बोधिलाभोऽपि किंनिमित्तमित्याह–'निरुवसग्गवत्तियाए' जन्माद्युपसर्गाभावेन निरुपसर्गो मोक्षस्तत्प्रत्ययं तन्निमित्तम् । ननु साधुश्रावकयोर्बोधिलाभोऽस्त्येव, तत् किं सतस्तस्य प्रार्थनया? बोधिलाभमूलो मोक्षोऽप्यनभिलषणीय एव, उच्यते, क्लिष्टकर्मोदयवशेन बोधिलाभस्य प्रतिपातसम्भवात्, जन्मान्तरे च तस्यार्थ्यमानत्वात्, निरुपसर्गोऽपि तद्द्वारेण प्रार्थ्यत एवेति युक्तोऽनयोरुपन्यासः ।

अयं च कायोत्सर्गः क्रियमाणोऽपि श्रद्धादिविकलस्य नाभिलषितार्थप्रसाधनायालमित्याह--"सद्धाए मेहाए धिईए धारणाए अणुप्पेहाए वड्ढमाणीए ठामि काउस्सग्गं" 'श्रद्धा' मिथ्यात्वमोहनीयकर्म-क्षयोपशमादिजन्योदकप्रसादकमणिवच्चेतसः प्रसादजननी, तया श्रद्धया, नतु बलाभियोगादिना, एवं मेधया, न जडत्वेन, मेधा च सच्छास्त्रग्रहणपटुः पापश्रुतावज्ञाकारी ज्ञानावरणीयक्षयोपशम-जश्चित्तधर्मः, अथवा मेधया=मर्यादावर्त्तितया, नासमञ्जसत्वेन, एवं धृत्या=मनःसमाधिलक्षणया, न रागद्वेषाद्याकुलतया, एवं धारणया=अर्हद्गुणाविस्मरणरूपया, नतु तच्छून्यतया, एवमनुप्रेक्षया=अर्हद्गुणानामेव मुहुर्मुहुरनुस्मरणेन, न तद्वैकल्येन वर्द्धमानयेति श्रद्धादिभिः प्रत्येकमभिसम्बध्यते । श्रद्धादीनां क्रमोपन्यासो लाभापेक्षया, श्रद्धायां हि सत्यां मेधा, तद्भावे धृतिः, ततो धारणा,

तदन्वनुप्रेक्षा, वृद्धिरप्यासामित्थमेव, तिष्ठामि=करोमि । ननु प्राक्'करोमि कायोत्सर्गमि'त्युक्तम्, साम्प्रतं तिष्ठामीति किमर्थमुच्यते? सत्यम्, सत्सामीप्ये सद्वत्प्रत्ययो भवतीति करोमि करिष्यामीति क्रियाभिमुख्यं पूर्वमुक्तम् इदानीं त्वासन्नतरत्वात् क्रियाकालनिष्ठाकालयोः कथञ्चिदभेदात्तिष्ठाम्येवाह-मिति ।

किं सर्वथा तिष्ठामि कायोत्सर्गं? नेत्याह–'अन्नत्थ ऊससिएणं' इत्यादि व्याख्या पूर्ववत्, अत्रापि विश्रामाष्टकोल्लिङ्गनपदानि

"अरिहं १ वंदण २ सद्धा ३, अन्न ४ सुहुम ५ एव ६ जा ७ ताव ८ ।
अड पय, संपय तेआला, वण्णा दुसय तीसहिआ ।।१।।"

ટીકાર્થ :-

ननु ..... तीसहिआ ।।" 'ननु'થી શંકા કરે છે. નારકાદિ ગતિને પામેલા પણ દ્રવ્યતીર્થંકરો ભાવઅરિહંતની જેમ નમન યોગ્ય કઈ રીતે થાય ? તે પ્રમાણે કોઈ પ્રશ્ન કરે તો ગ્રંથકારશ્રી કહે છે –

સર્વત્ર નામ-સ્થાપના-દ્રવ્ય અરિહંતોને ભાવઅરિહંતોની અવસ્થાને હૃદયમાં સ્થાપન કરીને નમસ્કાર કરવો જોઈએ. દ્રવ્ય અરિહંતના વંદન માટે આ બીજો અધિકાર છે='જે અઈઆ સિદ્ધા...' પદથી બીજો અધિકાર છે.

'अरिहंतचेईआणं' :- અને ત્યારપછી ઊભા થઈને સ્થાપના અરિહંતને વંદન માટે પાદ આશ્રિત જિનમુદ્રાથી અને હસ્ત આશ્રિત યોગમુદ્રાથી પણ=ઊભા થઈને જિનમુદ્રામાં જે પ્રકારે પગનું સ્થાપન કરાય છે તે પ્રકારે ઊભા રહીને અને યોગમુદ્રામાં જે રીતે હાથ જોડાય છે તે રીતે હાથ જોડીને, અરિહંતચેઈઆણં ઈત્યાદિ સૂત્ર શ્રાવક બોલે છે. પૂર્વમાં કહેવાયેલા સ્વરૂપવાળા=નમુત્થુણં સૂત્રમાં કહેવાયેલા સ્વરૂપવાળા અરિહંતોનાં પ્રતિમાલક્ષણ ચૈત્યો અરિહંતચૈત્યો છે. ચૈત્ય શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. ચિત્ત=અંતઃકરણ, તેનો ભાવ અથવા કર્મ ચૈત્ય છે; કેમ કે વ્યાકરણના નિયમાનુસાર वर्णदृढादित्वाट् ट्यण् પ્રત્યય લાગ્યો છે. અને બહુવિષયપણામાં ચૈત્યાનિ એ પ્રકારનો અરિહંતચેઈઆણં સૂત્રમાં બહુવચનનો પ્રયોગ છે. ત્યાં=અરિહંતચેઈઆણં સૂત્રમાં, અરિહંતની પ્રતિમા પ્રશસ્ત સમાધિવાળા ચિત્તનું ઉત્પાદકપણું હોવાથી અર્હદ્ચૈત્યો કહેવાય છે. તેઓના વંદનાદિ નિમિત્તે કાયોત્સર્ગ કરું છું. તે પ્રમાણે 'અરિહંતચેઈઆણં સૂત્ર'માં સંબંધ છે. કાયાનો=શરીરનો, ઉત્સર્ગ=કૃત આકારવાળા સ્થાન-મૌન-ધ્યાનની ક્રિયાના વ્યતિરેકવાળી ક્રિયાંતરના અધ્યાસને આશ્રયીને પરિત્યાગ, તેને કરું છું. શેના માટે કાઉસ્સગ્ગ કરું છું ? એથી કહે છે. વંદન માટે. વંદન=અભિવાદન=પ્રશસ્ત કાય-વચન-મનની પ્રવૃત્તિ. તત્પ્રત્યય=તન્નિમિત્તં, હું કાઉસ્સગ્ગ કરું છું એમ અન્વય છે. તેનાથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે. કેવી રીતે કાયોત્સર્ગથી જ મને વંદન થાય ?=મને વંદનનું ફળ પ્રાપ્ત થાય ? 'वत्तिआए'= 'वंदणवंत्तिआए' પદમાં રહેલા 'वत्तिआए' એ પ્રમાણેના પ્રયોગનું આર્ષપણું હોવાથી સિદ્ધ છે=तद्निमित्त

સિદ્ધ છે. એ રીતે='વંદણવત્તિઆએ' પદમાં બતાવ્યું. એ રીતે સર્વત્ર=પૂઅણવત્તિઆએ આદિ સર્વ શબ્દમાં જાણવું. અને 'પૂઅણવત્તિઆએ'=પૂજન પ્રત્યય=પૂજા નિમિત્તે, હું કાઉસ્સગ્ગ કરું છું એમ અન્વય છે. પૂજન ગંધમાલ્યાદિથી અભ્યર્ચન છે=ઉત્તમદ્રવ્યોથી પૂજન છે. અને 'સક્કારવત્તિઆએ'=સત્કાર પ્રત્યય= સત્કારનિમિત્ત, હું કાઉસ્સગ્ગ કરું છું એમ અન્વય છે. સત્કાર-શ્રેષ્ઠ વસ્ત્રાભરણાદિથી અભ્યર્ચન છે.

'નનુ'થી શંકા કરે છે. યતિને=સાધુને, પૂજન-સત્કાર અનુચિત છે; કેમ કે દ્રવ્યસ્તવપણું છે. વળી, શ્રાવકને=સાક્ષાત્ પૂજા-સત્કાર કરતા શ્રાવકને, કાયોત્સર્ગ દ્વારા તેની પ્રાર્થના=પૂજા-સત્કારના ફલની પ્રાર્થના, નિષ્ફળ છે. તેનો ઉત્તર આપે છે. સાધુને દ્રવ્યસ્તવનો પ્રતિષેધ સ્વયં કરણને આશ્રયીને છે. પરંતુ કારણ અનુમતીને આશ્રયીને નથી. જે કારણથી-'અકૃત્સન પ્રવર્તકોને=દેશવિરતિધર શ્રાવકોને, દ્રવ્યસ્તવ ઉચિત છે' ઈત્યાદિ વચન છે. તેથી સાધુને કરણનો નિષેધ છે એમ યોજન છે. અને જે તૃણમયી પણ કુટિર=તૃણનું જિનાલય પણ કરે છે, તેને પણ મહાન ફળ છે. ઈત્યાદિ શાસ્ત્રવચન છે તેથી સાધુને કરાવણનો નિષેધ નથી એમ યોજન છે. અને

"જિનભવન, જિનબિંબ, જિનપૂજા અને જિનમતને=જિનાગમને જે કરે તેને મનુષ્ય-દેવ અને મોક્ષનાં સુખરૂપ ફળો હાથમાં રહેલાં છે."

એ પ્રકારે ઉપદેશના દાનથી કારણનો સદ્ભાવ છે=આ પ્રકારનો ઉપદેશ સુસાધુએ આપ્યો છે તેથી ભગવાનની પૂજાના કરાવણનો સાધુને સદ્ભાવ છે. અને ભગવાનની પૂજા સત્કારના દર્શનને કારણે પ્રમોદ થવાથી અનુમતિ પણ છે=સાધુને પ્રમોદ થવાથી અનુમતિ પણ છે. જેને કહે છે –

"અને શાસ્ત્રમાં સંભળાય છે. વજ્રઋષિ વડે=વજ્રસ્વામી વડે, કારાવણ પણ આનું=દ્રવ્યસ્તવનું, અનુષ્ઠિત છે. અને વાચકગ્રંથોમાં=ઉમાસ્વાતિવાચકના ગ્રંથોમાં, આના ગત દેશના જ છે=દ્રવ્યસ્તવગત દેશના જ છે." (પંચવસ્તુ-૧૨૨૭)

વળી, આ બંનેને=પૂજા અને સત્કારને, સંપાદન કરતો શ્રાવક ભાવ અતિશયથી અધિક સંપાદન માટે પૂજા-સત્કારની પ્રાર્થના કરતાં નિષ્ફલ આરંભવાળાં નથી. અને 'સમ્માણવત્તિઆએ'=સન્માન પ્રત્યય=સન્માન નિમિત્તે, હું કાઉસ્સગ્ગ કરું છું. એમ અન્વય છે. સન્માન સ્તુતિ આદિ દ્વારા ગુણનું ઉન્નતિકરણ છે=ભગવાનનાં ગુણગાન કરીને આત્મામાં તેવા ગુણોની વૃદ્ધિને અનુકૂળ વ્યાપારરૂપ છે. માનસ પ્રીતિવિશેષ છે=સન્માન એ માનસ પ્રીતિ વિશેષ છે એમ બીજા કહે છે.

'અથ'થી શંકા કરે છે. વંદનાદિ કિંનિમિત્ત છે=ક્યા કારણે છે ? એથી કહે છે. 'બોહિલાભ વત્તિઆએ' બોધિલાભ અરિહંતપ્રણીત ધર્મની પ્રાપ્તિ રૂપ છે. તત્ પ્રત્યય=તદ્નિમિત્ત વંદનાદિ છે. બોધિલાભ પણ કિંનિમિત્ત છે ?=ક્યા કારણે છે ? એથી કહે છે. 'નિરુવસગ્ગ વત્તિઆએ' જન્માદિ ઉપસર્ગના અભાવથી નિરુપસર્ગ મોક્ષ છે. તદ્ પ્રત્યયં=તદ્નિમિત્ત, બોધિલાભ છે.

'નનુ'થી શંકા કરે છે. સાધુ અને શ્રાવકને બોધિલાભ છે જ. તેથી વિદ્યમાન એવા તેની=બોધિલાભની, કેમ પ્રાર્થના કરે છે ? બોધિલાભ કારણ છે એવો મોક્ષ પણ અનિચ્છનીય જ છે. (કેમ કે બોધિવાળા

શ્રાવકને અવશ્ય પ્રાપ્ત થશે તેથી ઇચ્છાની આવશ્યકતા નથી) એનો ઉત્તર આપે છે. ક્લિષ્ટ કર્મના ઉદયના વશથી બોધિલાભના પ્રતિપાતનો સંભવ છે. અને જન્માંતરમાં તેનું અર્થ્યમાનપણું છે=જન્માંતરમાં બોધિલાભની પ્રાપ્તિની ઇચ્છા કરાય છે. માટે 'બોહિલાભવત્તિઆએ' કહેવું ઉચિત છે એમ અન્વય છે. મોક્ષ પણ તેના દ્વારા=બોધિલાભ દ્વારા, પ્રાર્થના કરાય જ છે=ઇચ્છાય જ છે. (કેમ કે ફળરૂપ મોક્ષની ઇચ્છાથી જ તેના કારણ એવા બોધિની ઇચ્છા છે) એથી આ બંનેનો ઉપન્યાસ યુક્ત છે=બોહિલાભ-વત્તિઆએ અને નિરુવસગ્ગવત્તિઆએ એ બંને પદનું કથન ઉચિત છે.

અને આ કાયોત્સર્ગ કરાતો પણ શ્રદ્ધાદિવિકલને અભિલષિત અર્થના પ્રસાધન માટે સમર્થ નથી= કાયોત્સર્ગના ફલની પ્રાપ્તિ માટે સમર્થ નથી, એથી કહે છે. "વધતી જતી શ્રદ્ધાથી, મેધાથી, ધૃતિથી, ધારણાથી, અનુપ્રેક્ષાથી હું કાઉસ્સગ્ગમાં રહું છું." શ્રદ્ધા મિથ્યાત્વમોહનીયકર્મના ક્ષયોપશમાદિથી જન્ય પાણીના પ્રસાદક મણિની જેમ=પાણીને સ્વચ્છ કરનાર મણિની જેમ, ચિત્તમાં પ્રસાદને કરનારી છે. તે શ્રદ્ધાથી હું કાઉસ્સગ્ગ કરું છું એમ અન્વય છે. પરંતુ બલાભિયોગાદિથી નહિ. એ રીતે=જે રીતે શ્રદ્ધાથી કરું છું એ રીતે, મેધાથી કાઉસ્સગ્ગ કરું છું, જડપણાથી નહિ. અને મેધા સત્શાસ્ત્રના ગ્રહણમાં પટુ, પાપશ્રુતની અવજ્ઞાને કરનાર, જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમજન્ય ચિત્ત ધર્મ છે. અથવા મેધાથી=મર્યાદાવર્તીપણાથી હું કાઉસ્સગ્ગ કરું છું. અસંમજસપણાથી નહિ. આ રીતે=મેધાથી કાઉસ્સગ્ગ કરું છું એ રીતે, ધૃતિથી=મનની સમાધિરૂપ ધૃતિથી પરંતુ રાગ-દ્વેષની આકુળતાથી કરતો નથી. એ રીતે=ધૃતિથી કરું છું એ રીતે, ધારણાથી કાઉસ્સગ્ગ કરું છું=અરિહંતના ગુણોના અવિસ્મરણરૂપ ધારણાથી કાઉસ્સગ્ગ કરું છું. પરંતુ તદ્વૈકલ્યથી નહિ=અરિહંતના ગુણના સ્મરણના શૂન્યપણાથી નહિ. એ રીતે=ધારણાથી કાઉસ્સગ્ગ કરું છું એ રીતે, અનુપ્રેક્ષાથી કાઉસ્સગ્ગ કરું છું=અરિહંતના ગુણોના વારંવાર અનુસ્મરણથી જ કાઉસ્સગ્ગ કરું છું. તેના વિકલપણાથી નહિ=ગુણોના સ્મરણરહિતપણાથી નહિ. 'વર્ધમાન' એ વિશેષણ શ્રદ્ધાદિ પ્રત્યેક શબ્દ સાથે અભિસંબંધ કરાય છે. શ્રદ્ધાદિના ક્રમનો ઉપન્યાસ લાભની અપેક્ષાએ છે. શ્રદ્ધા હોતે છતે મેધા પ્રાપ્ત થાય છે. મેધાના ભાવમાં ધૃતિ પ્રાપ્ત થાય છે. તેનાથી=ધૃતિથી, ધારણા પ્રાપ્ત થાય છે. તેનાથી=ધારણાથી, અનુપ્રેક્ષા પ્રાપ્ત થાય છે. વૃદ્ધિ પણ આમની=શ્રદ્ધાદિની, આ રીતે જ થાય છે=પૂર્વ-પૂર્વની વૃદ્ધિ થાય તો ઉત્તર-ઉત્તરની વૃદ્ધિ થાય છે. તિષ્ઠામિ=રહું છું=કાઉસ્સગ્ગ કરું છું.

'નનુ'થી શંકા કરે છે. પૂર્વમાં 'કરોમિ કાયોત્સર્ગમ્' એ પ્રમાણે કહેવાયું. હવે તિષ્ઠામિ='હું રહું છું' એ પ્રમાણે કેમ કહેવાયું ? તેનો ઉત્તર આપે છે. તારું કથન સત્ય છે. 'સત્'ના સામીપ્યમાં 'સત્'ની જેમ પ્રત્યય થાય છે. તે નિયમ પ્રમાણે કરોમિ='અરિહંતચેઇઆણં કરેમિ કાઉસ્સગ્ગં' એ પદમાં, જે કરેમિ શબ્દ છે તે 'करिष्यामि' અર્થમાં છે. એથી ક્રિયા અભિમુખપણું પૂર્વમાં કહેવાયું='કરેમિ' શબ્દ દ્વારા પૂર્વમાં કહેવાયું. હવે વળી આસન્નતરપણું હોવાથી=કાયોત્સર્ગની નજીકપણું હોવાથી, ક્રિયાકાલ અને નિષ્ઠાકાળનો કથંચિત્ અભેદ હોવાથી તિષ્ઠામિ=અરિહંતચેઇઆણં સૂત્રમાં છેલ્લે 'ઠામિ' પદ=હું રહું છું=હું કાઉસ્સગ્ગમાં રહું છું એ પ્રમાણે કહેલ છે. શું સર્વથા કાઉસ્સગ્ગમાં રહું છું ? નહિ. એથી કહે

છે. 'અન્નત્થ ઊસસિએણં' ઈત્યાદિ આગારપૂર્વક રહું છું એમ અન્વય છે. અહીં પણ='અરિહંતચેઈઆણં સૂત્ર'માં પણ, વિશ્રામ અષ્ટકને જણાવનારા પદો છે.

"૧. અરિહંત, ૨. વંદન, ૩. શ્રદ્ધા, ૪. અન્નત્થ, ૫. સુહુમ, ૬. એવ, ૭. જા, ૮. તાવ અડપય સંપય તેઆલા=૮ સંપદા, પદ ૪૩ અને વર્ણ ૨૩૦ છે."

ભાવાર્થ :-

'નમુત્થુણં' સૂત્રમાં અંતે દ્રવ્યતીર્થંકરોને નમસ્કાર કર્યા ત્યાં કોઈ શંકા કરે છે. દ્રવ્યતીર્થંકર નરક કે દેવગતિમાં રહેલા છે. છતાં ભાવઅરિહંતની જેમ તેઓ વંદનયોગ્ય કઈ રીતે કહી શકાય ? અર્થાત્ તેમને વંદન થઈ શકે નહિ તેના સમાધાનરૂપે કહે છે. સર્વ અરિહંતોમાં નામ-સ્થાપના-દ્રવ્ય અરિહંતોને જ્યારે નમસ્કાર કરાય છે ત્યારે હૃદયમાં તેઓની ભાવઅવસ્થાને સામે રાખીને જ નમસ્કાર કરાય છે. અર્થાત્ ભાવ અરિહંતનું આ નામ છે. માટે સ્મરણ કરવા યોગ્ય છે. ભાવ અરિહંતની આ સ્થાપના છે, માટે નમસ્કાર કરવા યોગ્ય છે તેમ આ ભાવ અરિહંતનું દ્રવ્ય છે, તે પ્રકારના પ્રતિસંધાનથી દ્રવ્ય અરિહંતને નમસ્કાર કરાય છે. તેથી 'નમુત્થુણં સૂત્ર'થી પ્રથમ ભાવ-અરિહંતને નમસ્કાર કર્યા પછી 'જે અઈઆ સિદ્ધા...' પદથી દ્રવ્ય અરિહંતના વંદનનો આ બીજો અધિકાર છે. ત્યારપછી ત્રીજા અધિકારરૂપે સ્થાપના અરિહંતોને નમસ્કાર કરવા માટે શ્રાવક ઊભો થાય છે અને સ્થાપના અરિહંતને નમસ્કાર કરવા માટે જિનમુદ્રામાં જે રીતે બે પગ પાછળમાં ચાર આંગળનું અંતર રાખીને અને આગળમાં ચાર આંગળથી કંઈક અધિક અંતર રાખીને ઊભા રહે છે, તે રીતે અને બે હાથ જોડીને યોગમુદ્રાથી અરિહંતચેઇઆણં સૂત્રનો પાઠ કરે છે તેનો અર્થ આ પ્રમાણે છે.

અરિહંતોનાં ચૈત્યો એટલે ભાવતીર્થંકરની સ્થાપના રૂપ જિનપ્રતિમા, તેઓને વંદન નિમિત્તે, પૂજન નિમિત્તે, સત્કાર નિમિત્તે અને સન્માન નિમિત્તે હું કાઉસ્સગ્ગ કરું છું. એ પ્રકારે 'અરિહંત ચેઇઆણં' સૂત્રથી શ્રાવક પ્રતિસંધાન કરીને બોલે છે. જેના દ્વારા ભાવતીર્થંકરની આ જિનપ્રતિમા છે અને ભાવતીર્થંકરનું સ્મરણ કરીને તેઓ પ્રત્યે ભક્તિનો પરિણામ અતિશય થાય તે માટે વંદન-પૂજન-સત્કાર-સન્માનરૂપ ચાર ક્રિયા કરાય છે. જેના દ્વારા પૂજ્ય એવા તીર્થંકર પ્રત્યે બહુમાનનો પરિણામ અતિશયવાળો થાય છે અને તેવા ભાવની વૃદ્ધિના નિમિત્તે શ્રાવક કાઉસ્સગ્ગ કરે છે. તેથી વંદન-પૂજન-સત્કાર અને સન્માનનું જે ફળ છે તે મને પ્રસ્તુત કાયોત્સર્ગથી પ્રાપ્ત થાઓ એ પ્રકારનો અભિલાષ શ્રાવક કરે છે. જેનાથી એ પ્રાપ્ત થાય કે વંદન-પૂજન-સત્કાર-સન્માન દ્વારા જેમ વીતરાગના રાગની વૃદ્ધિ કરાય છે તેમ પ્રસ્તુત કાયોત્સર્ગ દ્વારા મારા ચિત્તમાં વીતરાગ પ્રત્યેનો રાગ અત્યંત વૃદ્ધિ પામે એવો અભિલાષ કરાય છે. કેમ વીતરાગ પ્રત્યેનો રાગ વૃદ્ધિ પામે ? તેવો અભિલાષ પ્રસ્તુત કાયોત્સર્ગથી કરાય છે ? તેથી કહે છે. બોધિલાભની પ્રાપ્તિ માટે વંદન-પૂજનાદિના ફળની ઇચ્છા કરાય છે. કેમ બોધિલાભની પ્રાપ્તિ માટે વંદનાદિ કરાય છે ? તેથી કહે છે. સર્વ ઉપસર્ગ રહિત મોક્ષરૂપ ફળ માટે બોધિલાભની ઇચ્છા કરાય છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે સર્વ ઉપસર્ગ રહિત મોક્ષ જીવને અત્યંત સુખાકારી છે. માટે વિવેકીપુરુષને અત્યંત ઇચ્છનીય છે. માટે તેની

પ્રાપ્તિનું કારણ બોધિની પ્રાપ્તિ છે. માટે મોક્ષનો અર્થી જીવ બોધિલાભનો અર્થી બને છે અને બોધિની પ્રાપ્તિનું કારણ અરિહંતોની ભક્તિ છે. તેથી અરિહંતોની ભક્તિ કરીને જે વંદનાદિથી ફળ મળે છે તે મને પ્રસ્તુત કાયોત્સર્ગથી પ્રાપ્ત થાઓ. તે પ્રકારે અભિલાષ કરીને શ્રાવક અરિહંત પ્રત્યેની ભક્તિની જ વૃદ્ધિ કરે છે. જે ભક્તિની વૃદ્ધિ અવશ્ય બોધિલાભનું કારણ બનશે અને જે બોધિલાભ ઉત્તર-ઉત્તર પ્રકર્ષવાળું થઈને અવશ્ય મોક્ષરૂપ ફળને આપશે. માટે સર્વ ઉપદ્રવથી રહિત મોક્ષ અવસ્થાની પ્રાપ્તિના અર્થે શ્રાવક મોક્ષને અનુકૂળ એવી શક્તિનો સંચય પ્રસ્તુત કાયોત્સર્ગથી થાય તેના માટે અરિહંત ચેઇઆણં સૂત્ર બોલીને તે પ્રકારનો અંતરંગભાવ ઉલ્લસિત કરવા યત્ન કરે છે.

અહીં પ્રશ્ન થાય કે પ્રસ્તુત સૂત્ર બોલીને યથાતથા કરાયેલા કાઉસ્સગ્ગથી વીતરાગતાના રાગની પ્રાપ્તિ થઈ શકે નહિ, અને વીતરાગતાના રાગની પ્રાપ્તિ થઈ શકે નહિ તો બોધિલાભની પ્રાપ્તિ થઈ શકે નહિ, અને બોધિલાભની પ્રાપ્તિ થઈ શકે નહિ તો મોક્ષની પ્રાપ્તિ થઈ શકે નહિ. તેથી કઈ રીતે કાયોત્સર્ગ કરવાથી તે કાયોત્સર્ગ મોક્ષ રૂપી ફળમાં પર્યવસાન થઈ શકે ? તેથી કહે છે – "વધતી જતી શ્રદ્ધાદિથી હું કાઉસ્સગ્ગ કરું છું." અર્થાત્ ભગવાનની ભક્તિપૂર્વક કરાયેલો કાઉસ્સગ્ગ અવશ્ય મારા સર્વ કલ્યાણનું કારણ છે તે પ્રકારની સ્થિર રુચિપૂર્વક અને તે સ્થિર રુચિ પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તે રીતે હું કાઉસ્સગ્ગ કરું છું. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈને, કોઈ સુંદર ખાદ્યપદાર્થ રુચિનો વિષય હોય અને જેમ જેમ તે ખાદ્યપદાર્થ ખાય તેમ તેમ તે રુચિ વૃદ્ધિ પામે છે; કેમ કે તેના મધુર સ્વાદથી તે પદાર્થને ખાવાનો અભિલાષ વૃદ્ધિ પામે છે. તે રીતે જિનગુણના પ્રણિધાનપૂર્વક કરાયેલા કાઉસ્સગ્ગથી શાંત થયેલું ચિત્ત વીતરાગતાને અનુકૂળ રમ્યભાવોનું વેદન કરે છે. જે વેદનને કારણે પૂર્વમાં જે વંદન-પૂજન-સત્કાર-સન્માન કરીને વીતરાગતાની રુચિ હતી તે સતત વૃદ્ધિ પામે છે; કેમ કે જેમ જેમ તે ભાવોનું ચિત્તમાં સંવેદન થાય છે તેમ તેમ તે ભાવોની રુચિની વૃદ્ધિ થાય છે. તેવી વધતી જતી શ્રદ્ધાથી હું કાઉસ્સગ્ગ કરું છું. તેમ બોલીને શ્રાવક અંતરંગ રીતે વીતરાગના ગુણોને સ્પર્શે તે પ્રકારની રુચિને ઉલ્લસિત કરે છે. જેમ ભોજનમાંથી સ્વાદનો અર્થી જીવ અત્યંત ઉપયુક્ત થઈને તે સ્વાદનું આસ્વાદન કરવા યત્ન કરે છે તેમ વીતરાગતાના ગુણોને સ્પર્શવાનો અર્થી જીવ પ્રસ્તુત સૂત્ર બોલીને વીતરાગતાને અનુકૂળ નિર્મળ ચિત્ત નિષ્પન્ન કરવા યત્ન કરે છે. તે વધતી જતી શ્રદ્ધા સ્વરૂપ છે.

વળી, જે રીતે વધતી જતી શ્રદ્ધાથી કાયોત્સર્ગ કરાય છે તેમ વધતી જતી મેધાથી કાયોત્સર્ગ કરાય છે. મેધા=બુદ્ધિ. અર્થાત્ મેધા માર્ગાનુસારી બુદ્ધિ જે ગ્રંથના ગ્રહણના પટુ પરિણામ સ્વરૂપ છે અને ભગવાનના વચનરૂપ શાસ્ત્રના પરમાર્થને ગ્રહણ કરનાર છે. અને ભગવાનનું વચન દ્વાદશાંગી રૂપ છે, જે દ્વાદશાંગી સર્વ કર્મના નાશને અનુકૂળ સૂક્ષ્મપ્રજ્ઞા આપનાર છે. તેવા સત્શાસ્ત્રના રહસ્યને પ્રાપ્ત કરવા માટે પ્રવૃત્ત થયેલી બુદ્ધિ મેધા છે. આ મેધા સંસારના કારણીભૂત જે પાપશ્રુત છે તેની અવજ્ઞા કરીને સંસારના ઉચ્છેદમાં કારણીભૂત એવા સમ્યક્ શ્રુતની નિષ્પત્તિનું કારણ છે. જે જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી પેદા થયેલ ચિત્તનો ધર્મ છે. તેથી જેઓ અરિહંત ચેઇઆણં સૂત્રના રહસ્યને સ્પર્શે તે પ્રકારે પોતાના ક્ષયોપશમભાવથી બુદ્ધિને વ્યાપારવાળી કરે છે, તેઓની બુદ્ધિ જિનવચનના રહસ્યને સ્પર્શે તેવી નિર્મળ બને છે. અને તેવી

વધતી જતી મેધાપૂર્વક હું કાઉસ્સગ્ગ કરું છું. આ પ્રકારે પ્રતિસંધાન કરીને શ્રાવક પ્રસ્તુત સૂત્રથી સૂત્રના હાર્દને સ્પર્શે તેવા શ્રુતજ્ઞાનના ક્ષયોપશમની વૃદ્ધિ કરવા પ્રયત્ન કરે છે. તેથી શ્રુતના રહસ્યને પ્રાપ્ત કરે તેવી નિર્મળ મેધાપૂર્વક પ્રસ્તુત કાયોત્સર્ગ કરીને પ્રાજ્ઞ એવા શ્રાવક ઘણા શાસ્ત્રના અધ્યયનથી પણ સ્થૂલબુદ્ધિવાળા જીવો જે રહસ્યને પ્રાપ્ત કરી શકતા નથી તેવા રહસ્યને પ્રસ્તુત સૂત્રના પ્રતિસંધાનપૂર્વક કરાયેલા કાયોત્સર્ગથી પ્રાપ્ત કરે છે જે વધતી જતી મેધા સ્વરૂપ છે.

વળી, શ્રાવક પ્રસ્તુત કાયોત્સર્ગ વધતી જતી ધૃતિપૂર્વક કરે છે. અર્થાત્ મનની સમાધિરૂપ ધૃતિપૂર્વક કરે છે. જેથી ભગવાનના ગુણો પ્રત્યેના રાગની વૃદ્ધિને અનુકૂળ ચિત્ત સમાધિપૂર્વક પ્રવર્તે. જો ચિત્ત રાગાદિ આકુળ હોય તો પ્રસ્તુત કાયોત્સર્ગ દ્વારા વંદન-પૂજન-સત્કાર-સન્માનના ફળરૂપે જે વીતરાગના રાગને અતિશયિત કરવાનો અભિલાષ છે તે થઈ શકે નહિ. માટે શ્રાવક પ્રતિસંધાન કરે છે કે હું રાગાદિ આકુળતાથી કાઉસ્સગ્ગ કરતો નથી. પરંતુ મન સમાધાન પામેલું છે કે આ કાયોત્સર્ગથી જ હું વીતરાગતાની પ્રાપ્તિ કરીને મોક્ષ સ્વરૂપ ફળની પ્રાપ્તિ કરીશ, તેથી તે પ્રકારની મનસમાધિરૂપ વધતી જતી ધૃતિથી શ્રાવક કાઉસ્સગ્ગ કરે છે.

તે રીતે વધતી જતી ધારણાથી શ્રાવક કાઉસ્સગ્ગ કરે છે. વળી શ્રાવક કયા પ્રકારની વધતી જતી ધારણાથી કાઉસ્સગ્ગ કરે છે ? તેથી કહે છે – અરિહંતના અસંગભાવની પરાકાષ્ટારૂપ વીતરાગતાના ગુણના અવિસ્મરણરૂપ વધતી જતી ધારણાથી કાયોત્સર્ગ કરે છે. જેમ કોઈ વસ્તુના લાભનો અર્થી જીવ તે લાભને લક્ષ્ય કરીને પ્રવૃત્તિ કરતો હોય ત્યારે તે લાભનું તેને અવિસ્મરણ હોય છે. તેથી તેને અનુરૂપ તે પ્રવૃત્તિ કરે છે. તેમ પ્રસ્તુત સૂત્ર દ્વારા વીતરાગતાની પ્રાપ્તિનો અર્થી જીવ વીતરાગ પ્રત્યેના રાગની વૃદ્ધિ કરીને પોતાનામાં વર્તતી અસંગભાવની શક્તિને પ્રગટ કરવા માટે વીતરાગના ગુણોના અવિસ્મરણપૂર્વક તેમના પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય તે પ્રકારે કાયોત્સર્ગ કરે છે, તે વધતી જતી ધારણાથી કાયોત્સર્ગ છે.

વળી, શ્રાવક વધતી જતી અનુપ્રેક્ષાથી કાયોત્સર્ગ કરે છે. અર્થાત્ વારંવાર તે રીતે અરિહંતના ગુણોના સ્મરણપૂર્વક કાઉસ્સગ્ગ કરે છે કે જેથી અરિહંત તુલ્ય થવાને અનુકૂળ અસંગશક્તિ પોતાનામાં સતત વૃદ્ધિ પામે; કેમ કે વીતરાગ સર્વથા ભાવથી અસંગપરિણતિવાળા છે. જેથી બાહ્યથી દેહાદિનો સંગ હોવા છતાં કોઈ પદાર્થ પ્રત્યે લેશથી સંગ ન પામે તેવા નિર્લેપ પરિણતિવાળા છે. અને શ્રાવકને પણ વીતરાગ આવા સ્વરૂપવાળા જ સ્મૃતિમાં છે. અને તેઓની ભક્તિ કરી પોતાને પણ તેમના તુલ્ય પરિણતિવાળા થવું છે અને તેવી પરિણતિ પોતાના આત્મામાં પ્રગટ થાય તેને અનુરૂપ વધતી જતી અનુપ્રેક્ષાનો પરિણામ શ્રાવકના ચિત્તમાં સતત વર્તે છે. અર્થાત્ તે રીતે અનુપ્રેક્ષણ કરે છે કે જે રીતે વીતરાગની આસન્ન-આસન્નતર થતું ચિત્ત ક્ષપકશ્રેણીને અનુકૂળ બલસંચયવાળું બને. જેથી ક્ષપકશ્રેણી માંડીને ભગવાન વીતરાગ થયા તેમ ક્ષપકશ્રેણીને અનુકૂળ અનુપ્રેક્ષણથી શ્રાવક વીતરાગતાનું બળસંચય કરે છે. આ રીતે પ્રતિસંધાન કર્યા પછી શ્રાવક કહે છે કે હું કાઉસ્સગ્ગમાં સ્થિર થાઉં છું. અર્થાત્ સ્થાન-મૌન-ધ્યાન સિવાય અન્ય સર્વ પ્રવૃત્તિનો ત્યાગ કરું છું.

અહીં પ્રશ્ન થાય કે સાધુ અને શ્રાવકને બોધિલાભની પ્રાપ્તિ છે અને બોધિલાભ અવશ્ય મોક્ષની પ્રાપ્તિ કરાવશે. તેથી સાધુ અને શ્રાવક બોધિલાભની પ્રાપ્તિના અર્થે કાઉસ્સગ્ગ કેમ કરે છે ? અર્થાત્ જે પ્રાપ્ત ન

થયું હોય તેની પ્રાપ્તિ અર્થે પ્રવૃત્તિ હોય, પરંતુ પ્રાપ્ત થયેલા બોધિલાભના અર્થે તેના ઉપાયભૂત વંદન-પૂજનાદિમાં પ્રયત્નની આવશ્યકતા સાધુ કે શ્રાવકને હોય નહિ. એથી ગ્રંથકારશ્રી કહે છે. ક્લિષ્ટ કર્મના ઉદયના વશથી બોધિલાભના પાતનો સંભવ છે અને જન્માંતરમાં પણ તેની પ્રાપ્તિની ઇચ્છા છે અને તેની સતત પ્રાપ્તિ દ્વારા મોક્ષની પણ પ્રાપ્તિની ઇચ્છા છે. તેથી બોધિલાભની પ્રાપ્તિ થવા છતાં બોધિલાભ માટે શ્રાવક કાઉસ્સગ્ગ કરે છે. વસ્તુતઃ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવને બોધિલાભ પાત ન પામે તેવું પ્રાપ્ત થયું છે. છતાં ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવ પણ પ્રસ્તુત કાયોત્સર્ગ દ્વારા બોધિલાભની ઇચ્છા કરે છે. તેથી જે બોધિલાભની પ્રાપ્તિ થઈ છે તેના કરતાં પણ ઉત્તર-ઉત્તરના સૂક્ષ્મ બોધિલાભની પ્રાપ્તિ સાધુ કે શ્રાવકે કરવા યોગ્ય છે. આથી જ નિર્વિકલ્પઉપયોગના કારણીભૂત નૈશ્ચિયિક બોધિલાભ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવ પણ સદા ઇચ્છે છે. તેવો બોધિલાભ જ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષપકશ્રેણીનું કારણ બને છે. અને તેવા બોધિલાભથી જ મોક્ષની પ્રાપ્તિ છે. માટે મોક્ષના અર્થીને સદા મોક્ષની પ્રાપ્તિના વિશેષ વિશેષ પ્રકારના બોધિલાભની ઇચ્છા હોય છે. તેથી શ્રાવક બોધિલાભના ઉપાયભૂત અરિહંતનાં વંદન-પૂજન-સત્કાર-સન્માનમાં સદા પ્રયત્ન કરે છે. અને તેના વિશેષ સંપાદન અર્થે પ્રસ્તુત કાયોત્સર્ગ કરે છે. માટે જેમ જન્માંતરમાં બોધિલાભની અપેક્ષા છે તેમ જિનવચનનાં રહસ્ય સૂક્ષ્મ-સૂક્ષ્મતર પ્રગટે એવા નિર્મળ બોધિલાભની પણ અપેક્ષા છે. માટે પ્રસ્તુત સૂત્ર બોલીને પોતાની બોધિને તે પ્રકારે નિર્મળ-નિર્મળતર કરવા પ્રયત્ન કરે છે. તેથી પ્રાપ્ત થયેલું બોધિ શીઘ્ર ક્ષપકશ્રેણીનું કારણ બને.

વળી, હું કાઉસ્સગ્ગમાં રહું છું. તેનો અર્થ એ થાય કે હું કાયાનો ત્યાગ કરું છું. કઈ રીતે કાયાનો ત્યાગ કરું છું ? તેથી કહે છે કે સ્થાન-મૌન અને ધ્યાનવાળી ક્રિયાને છોડીને અન્ય સર્વ પ્રકારની ક્રિયાવાળી કાયાનો હું ત્યાગ કરું છું. ત્યાં પ્રશ્ન થાય કે સ્થાન-મૌન-ધ્યાન સિવાયની અન્ય ક્રિયા શ્વાસ-ઉચ્છ્વાસ-બગાસું વગેરે પણ છે. અને તે ક્રિયાનો ત્યાગ કાયોત્સર્ગમાં થઈ શકતો નથી. તેથી અન્નત્થસૂત્રમાં બોલાય છે તે પ્રકારનો સંકલ્પ ન કરવામાં આવે તો કાયોત્સર્ગમાં તેવી ક્રિયાઓ થવાને કારણે સ્વીકારેલી પ્રતિજ્ઞાના ભંગની પ્રાપ્તિ થાય. તેથી સ્વીકારેલી પ્રતિજ્ઞાના ભંગના નિવારણ માટે અન્નત્થસૂત્ર દ્વારા શ્રાવક સંકલ્પ કરે છે કે ઉચ્છ્વાસાદિ જે શરીરની ક્રિયાઓ છે તેને છોડીને કાયોત્સર્ગ દરમિયાન હું સ્થાન-મૌન-ધ્યાનથી રહીશ. તેથી જે શ્રાવક દૃઢપ્રણિધાન દ્વારા પોતાની લીધેલી પ્રતિજ્ઞા અનુસાર અન્નત્થ સૂત્રમાં બોલાતા આગારોને છોડીને કાયાને અત્યંત સ્થિર કરીને કાયોત્સર્ગ કરે છે. વચનથી મૌન ધારણ કરીને કાયોત્સર્ગ કરે છે અને કાયોત્સર્ગ દ્વારા બોલાતા સૂત્રમાં મનને વ્યાપારવાળો કરીને તે સૂત્રથી અપેક્ષિત એવા ઉત્તમભાવોને કરે છે. જે ઉત્તમ ધ્યાન સ્વરૂપ છે, જેના ફળરૂપે વંદન-પૂજન-સત્કાર-સન્માનનું ફળ શ્રાવકને પ્રાપ્ત થાય છે.

ટીકા :-

एष स्थापनार्हद्वन्दनाख्यस्तृतीयोऽधिकारः, द्वितीयो दण्डकः, कायोत्सर्गश्चाष्टोच्छ्वासमात्रः, न त्वत्र ध्येयनियमोऽस्ति कायोत्सर्गान्ते च यद्येक एव ततो 'नमो अरिहंताणं'इति नमस्कारेण पारयित्वा,

यत्र चैत्यवन्दनां कुर्वन्नस्ति तत्र यस्य भगवतः सन्निहितं स्थापनारूपं तस्य स्तुतिं पठति अथ बहवस्तत एक एव स्तुतिं पठति, अन्ये तु कायोत्सर्गस्थिता एव शृण्वन्ति, यावत् स्तुतिसमाप्तिः, ततः सर्वेऽपि नमस्कारेण पारयन्तीति ।

तदन्तरमेतस्यामेवावसर्पिण्यां ये भारते वर्षे तीर्थकृतोऽभूवन् तेषामेकक्षेत्रनिवासादिना आसन्नोपकारित्वेन कीर्त्तनाय चतुर्विंशतिस्तवं पठति पठन्ति वा–

"लोगस्स उज्जोयगरे, धम्मतित्थयरे जिणे ।
अरहंते कित्तइस्सं, चउवीसं पि केवली ।।१।।"

'अरहन्ते' इति विशेष्यपदम्, अर्हत उक्तनिर्वचनान्, कीर्त्तयिष्ये=नामोच्चारणपूर्वकं स्तोष्ये ते च राज्याद्यवस्थासु द्रव्यार्हन्तो भवन्तीति भावार्हत्त्वप्रतिपादनायाह 'केवलिनः' इति, उत्पन्नकेवलज्ञानान् भावार्हत इत्यर्थः, अनेन ज्ञानातिशय उक्तः, तत्सङ्ख्यामाह–'चतुर्विंशतिम्' अपिशब्दादन्यानपि किंविशिष्टान्? 'लोकस्योद्योतकरान्' लोक्यते=प्रमाणेन दृश्यत इति लोकः=पञ्चास्तिकायात्मक-स्तस्योद्योतकरणशीलान्, केवलालोकप्रदीपेन सर्वलोकप्रकाशकरणशीलानित्यर्थः । ननु केवलिन इत्यनेनैव गतार्थमेतत्, लोकोद्योतकरणशीला एव हि केवलिनः, सत्यम् विज्ञानाद्वैतनिरासेनो-द्योतकादुद्योत्यस्य भेददर्शनार्थम्, लोकोद्योतकरत्वं च तत्श्रावकानामुपकाराय, न चानुपकारिणः कोऽपि स्तौतीति उपकारकत्वप्रदर्शनायाह–'धर्मतीर्थकरान्, धर्म उक्तस्वरूपः, तीर्यतेऽनेनेति तीर्थम्, धर्मप्रधानं तीर्थं धर्मतीर्थम्, धर्मग्रहणाद् द्रव्यतीर्थस्य नद्यादेः शाक्यादिसम्बन्धिनश्चाधर्मप्रधानस्य परिहारः, तत्करणशीला धर्मतीर्थकरास्तान्, सदेवमनुजासुरायां पर्षदि सर्वभाषापरिणामिन्या वाचा धर्मतीर्थप्रवर्त्तकानित्यर्थः, अनेन पूजातिशयो वागतिशयश्चोक्तः, अपायापगमातिशयमाह 'जिनान्' रागद्वेषादिजेतॄनित्यर्थः । यदुक्तं–'कीर्त्तयिष्यामी'ति तत्कीर्त्तनं कुर्वन्नाह–

"उसभमजियं च वंदे, संभवमभिनंदणं च सुमइं च।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे।।२।।

सुविहिं च पुप्फदंतं, सीयल-सिज्जंस-वासुपुज्जं च।
विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि।।३।।

कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च।।४।।"

समुदायः सुगमार्थः पदार्थस्तु विभज्यते-स च सामान्यतो विशेषतश्च । तत्र सामान्यतः ऋषति गच्छति परमपदमिति ऋषभः, 'उदृत्वादौ' [श्रीसि० ८-१-१३१] इत्युत्त्वे उसहो वृषभ इत्यपि, वर्षति

सिञ्चति देशनाजलेन दुःखाग्निना दग्धं जगदिति अस्यान्वर्थः, 'वृषभे वा वा' [श्रीसि० ८-१-१३२] इति वकारेण ऋतउत्त्वे अस्यापि उसहो विशेषतस्तु ऊर्वोर्वृषभो लाञ्छनमभूद्भगवतः, जनन्या च चतुर्दशानां स्वप्नानां आदावृषभो दृष्टः, तेन ऋषभो वृषभो वा ।१।

परीषहादिभिरनिर्जित इत्यजितः तथा गर्भस्थे भगवति जननी द्यूते राज्ञा न जितेत्यजितः ।२।

सम्भवन्ति प्रकर्षेण भवन्ति चतुस्त्रिंशदतिशयगुणा अस्मिन्निति सम्भवः, शं सुखं भवत्यस्मिन् स्तुते इति शम्भवो वा, तत्र 'शषोः सः' [श्रीसि० ८-१-२६०] इति सत्वे सम्भवः तथा गर्भागतेऽप्यस्मिन्नभ्यधिकसस्यसम्भवात्सम्भवः ।३।

अभिनन्द्यते देवेन्द्रादिभिरित्यभिनन्दनः, तथा गर्भात्प्रभृत्येवाभीक्ष्णं शक्राभिनन्दनादभिनन्दनः ।४।

सु शोभना मतिरस्येति सुमतिः, तथा गर्भस्थे जनन्याः सुनिश्चिता मतिरभूदिति सुमतिः ।५।

निष्पङ्कतामङ्गीकृत्य पद्मस्येव प्रभा यस्यासौ पद्मप्रभः, तथा पद्मशयनदोहदो मातुर्देवतया पूरित इति, पद्मवर्णश्च भगवानिति पद्मप्रभः ।६।

शोभनानि पार्श्वान्यस्येति सुपार्श्वः, तथा गर्भस्थे भगवति जनन्यपि सुपार्श्वा जातेति सुपार्श्वः ।७।

चन्द्रस्येव प्रभा ज्योत्स्ना सौम्यलेश्याविशेषोऽस्येति चन्द्रप्रभः, तथा देव्याश्चन्द्रपानदोहदोऽभूच्चन्द्रसमवर्णश्च भगवानिति चन्द्रप्रभः ।८।

शोभनो विधिः सर्वत्र कौशलमस्येति सुविधिः, तथा गर्भस्थे भगवति जनन्यप्येवमिति सुविधिः । पुष्पकलिकामनोहरदन्तत्वात् पुष्पदन्त इति द्वितीयं नाम ।९।

सकलसत्त्वसन्तापहरणात् शीतलः, तथा गर्भस्थे भगवति पितुः पूर्वोत्पन्नोऽचिकित्स्यपित्तदाहो जननीकरस्पर्शादुपशान्त इति शीतलः ।१०।

सकलभुवनस्यापि प्रशस्यतमत्वेन श्रेयान्, श्रेयांसावंसावस्येति पृषोदरादित्वाच्छ्रेयांसो वा तथा गर्भस्थेऽस्मिन् केनाप्यनाक्रान्तपूर्वा देवताधिष्ठितशय्याजनन्या आक्रान्तेति श्रेयो जातमिति श्रेयांसः ।११।

वसवो देवविशेषास्तेषां पूज्यो वसुपूज्यः, प्रज्ञादित्वादणि [श्रीसि० प्रज्ञादिभ्योऽण् ७-२-१६५] वासुपूज्यः तथा गर्भस्थेऽस्मिन् वसु हिरण्यं तेन वासवो राजकुलं पूजितवानिति वासुपूज्यः, वसुपूज्यस्य राज्ञोऽयमिति वा 'तस्येदम्' [श्रीसि० ६-३-१६०] इत्यणि वासुपूज्यः ।१२।

विगतमलो विमलानि वा ज्ञानादीन्यस्येति विमलः तथा गर्भस्थे मातुर्मतिस्तनुश्च विमला जातेति विमलः ।१३।

अनन्तकर्मांशान् जयति, अनन्तैर्वा ज्ञानादिभिर्जयति इति अनन्तजित् तथा गर्भस्थे जनन्या अनन्तरत्नदाम दृष्टम् जयति च त्रिभुवनेऽपीति अनन्तजित्, भीमो भीमसेन

इति न्यायादनन्त इति ।१४।

दुर्गतौ प्रपतन्तं सत्त्वसङ्घातं धारयतीति धर्मः तथा गर्भस्थे जननी दानादिधर्मपरा जातेति धर्मः ।१५।

शान्तियोगात्तदात्मकत्वात्तत्तत्कर्तृत्वाद्वा शान्तिरिति तथा गर्भस्थे पूर्वोत्पन्नाशिवशान्तिरभूदिति शान्तिः ।१६।

कुः पृथ्वी तस्यां स्थितवानिति निरुक्तात्कुन्थुः तथा गर्भस्थे रत्नानां कुन्थुराशिं दृष्टवतीति कुन्थुः ।१७।

"सर्वोत्तमे महासत्त्वकुले य उपजायते । तस्याभिवृद्धये वृद्धैरसावर उदाहृतः ।।१।।"

इतिवचनादरः तथा गर्भस्थे जनन्या स्वप्ने रत्नमयोऽरो दृष्टः इति अरः ।१८।

परीषहादिमल्लजयात् निरुक्तात् मल्लिः तथा गर्भस्थे मातुः सुरभिकुसुममाल्यशयनीयदोहदो देवतया पूरित इति मल्लिः ।१९।

मन्यते जगतस्त्रिकालावस्थामिति मुनिः, 'मनेरुदेतौचास्य वा' [श्रीसि० उणादिसू. ६१२] इति 'इ'प्रत्यये उपान्तस्योत्त्वम्, शोभनानि व्रतान्यस्येति सुव्रतः, मुनिश्चासौ सुव्रतश्च मुनिसुव्रतः, तथा गर्भस्थे जननी मुनिवत्सुव्रता जातेति मुनिसुव्रतः ।२०।

परीषहोपसर्गादिनामनाद् 'नमेस्तु वा' इति विकल्पेनोपान्त्यस्येकाराभावपक्षे नमिः, तथा गर्भस्थे भगवति परचक्रनृपैरपि प्रणतिः कृतेति नमिः ।२१।

धर्मचक्रस्य नेमिवन्नेमिः, तथा गर्भस्थे भगवति जनन्या रिष्टरत्नमयो महानेमिर्दृष्ट इति रिष्टनेमिः, अपश्चमादिशब्दवत् नञ्पूर्वत्वेऽरिष्टनेमिः ।२२।

पश्यति सर्वभावानिति निरुक्तात्पार्श्वः, तथा गर्भस्थे जनन्या निशि शयनीयस्थया अन्धकारे सर्पो दृष्ट इति गर्भानुभावोऽयमिति मत्वा पश्यतीति पार्श्वः, पार्श्वोऽस्य वैयावृत्त्यकरस्तस्य नाथः पार्श्वनाथः भीमो भीमसेन इतिवत्पार्श्वः ।२३।

उत्पत्तेरारभ्य ज्ञानादिभिर्वर्द्धत इति वर्द्धमानः तथा गर्भस्थे भगवति ज्ञातकुलं धनधान्यादिभिर्वर्द्धत इति वर्द्धमानः ।२४।

विशेषाभिधानार्थसंग्राहिकाश्चेमाः श्री भद्रबाहुस्वामिप्रणीता गाथाः–

"उरूसूसहलंछणमुसभं सुमिणंमि तेण उसहजिणो।
अक्खेसु जेण अजिया, जणणी अजिओ जिणो तम्हा।।१।।

अभिसंभूआ सस्सत्ति, संभवो तेण वुच्चई भयवं।
अभिनंदई अभिक्खं, सक्को अभिनंदणो तेणं।।२।।

जणणी सव्वत्थविणिच्छएसु सुमइत्ति तेण सुमइजिणो।
पउमसयणम्मि जणणीइ डोहलो तेण पउमाभो।।३।।

गब्भगए जं जणणी, जाय सुपासा तओ सुपासजिणो।
जणणिइ चंदपिअणंमि डोहलो तेण चंदाभो।।४।।

सव्वविहीसु अ कुसला, गब्भगए जेण होइ सुविहिजिणो।
पिउणो दाहोवसमो गब्भगए सीयलो तेणं।।५।।

महरिहसिज्जारुहणम्मि डोहलो तेण होइ सेज्जंसो।
पूएइ वासवो जं, अभिक्खणं तेण वसुपुज्जो।।६।।

विमलतणुबुद्धि जणणी, गब्भगए तेण होइ विमलजिणो।
रयणविचित्तमणंतं, दामं सुमिणे तओऽऽणंतो।।७।।

गब्भगए जं जणणी, जाय सुधम्मत्ति तेण धम्मजिणो।
जाओ असिवोवसमो, गब्भगए तेण संतिजिणो।।८।।

थूहं रयणविचित्तं, कुंथु सुमिणम्मि तेण कुंथुजिणो।
सुविणे अरं महरिहं, पासइ जणणि अरो तम्हा।।९।।

वरसुरहिमल्लसुअणम्मि डोहलो तेण होइ मल्लिजिणो।
जाया जणणी जं सुव्वइत्ति मुणिसुव्वओ तम्हा।।१०।।

पणया पच्चंतनिवा, दंसियमित्ते जिणम्मि तेण नमी।
रिट्ठरयणं च नेमिं, उप्पयमाणं तओ नेमी।।११।।

सप्पं सयणे जणणी, जं पासइ तमसि तेण पासजिणो।
वद्धइ नायकुलंति अ, तेण जिणो वद्धमाणोत्ति।।१२।।" **[आवश्यकनि. १०९३-११०४]।**

कीर्त्तनं कृत्वा चेतःशुद्ध्यर्थं प्रणिधानमाह–

"एवं मए अभिथुआ, विहुअरयमला पहीणजरमरणा।
चउवीसंपि जिणवरा, तित्थयरा मे पसीयंतु।।५।।"

'एवं' अनन्तरोदितेन विधिना 'मये'त्यात्मनिर्देशः, 'अभिष्टुता' आभिमुख्येन स्तुताः स्वनामभिः कीर्त्तिता इत्यर्थः, किंविशिष्टास्ते? 'विधूतरजोमलाः' रजश्च मलं च रजोमले विधूते प्रकम्पिते अनेकार्थत्वादपनीते रजोमले यैस्तै विधूतरजोमलाः, बध्यमानं च कर्म रजः, पूर्वबद्धं तु मलम्, अथवा बद्धं रजो निकाचितं मलम्, अथवा ऐर्यापथं रजः साम्परायिकं मलमिति । यतश्चैवंभूता अत एव 'प्रक्षीणजरामरणाः' कारणाभावात् 'चतुर्विंशतिरपि', अपिशब्दादन्येऽपि, 'जिनवराः' श्रुतादिजिनेभ्यः प्रकृष्टाः, ते च 'तीर्थकरा' इति पूर्ववत्, 'मे' मम, किम् ।? 'प्रसीदन्तु' प्रसादपरा भवन्तु । ते च वीतरागत्वाद्यद्यपि स्तुतास्तोषम्, निन्दिताश्च द्वेषं न यान्ति, तथाऽपि स्तोता स्तुतिफलं निन्दकश्च निन्दाफलमाप्नोत्येव, यथा चिन्तामणिमन्त्राद्याराधकः । यदुक्तं वीतरागस्तवे श्रीहेमसूरिभिः–

"अप्रसन्नात् कथं प्राप्यं, फलमेतदसङ्गतम् ।
चिन्तामण्यादयः किं न, फलन्त्यपि विचेतनाः? ।।१।।" **[वीतराग० १९।३] इति ।**

अथ यदि न प्रसीदन्ति तत्किं प्रसिदन्त्विति वृथा प्रलापेन?, नैवम् भक्त्यतिशयेन एवमभिधानेऽपि न दोषः । यदाह–

"क्षीणक्लेशा एते, न हि प्रसीदन्ति न स्तवोऽपि वृथा ।
तत्स्तवभावविशुद्धेः, प्रयोजनं कर्म्मविगम इति ।।१।।"

तथा–

"कित्तियवंदियमहिआ, जेए लोगस्स उत्तमा सिद्धा।
आरोग्गबोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु।।६।।"

'कीर्त्तिताः' स्वनामभिः प्रोक्ताः, 'वन्दिताः' त्रिविधयोगेन सम्यग् स्तुताः, 'महिताः' पुष्पादिभिः पूजिता । महआ इति पाठान्तरम् तत्र मया, क एते? इत्याह 'य एते' 'लोकस्य' प्राणिवर्गस्य कर्ममलकलङ्काभावेनोत्तमाः प्रकृष्टाः, सिद्ध्यन्ति स्म सिद्धाः कृतकृत्या इत्यर्थः, अरोगस्य भाव आरोग्यं सिद्धत्वम् तदर्थं बोधिलाभः=अर्हत्प्रणीतधर्मप्राप्तिरारोग्यबोधिलाभः, स ह्यनिदानो मोक्षायैव भवति तम् तदर्थं च समाधिवरं वरसमाधिं परमस्वास्थ्यरूपं भावसमाधिमित्यर्थः, असावपि तारतम्य-भेदादनेकधैव अत आह–'उत्तमं' सर्वोत्कृष्टम्, 'ददतु' प्रयच्छन्तु, एतच्च भक्त्योच्यते, यत उक्तम्-

"भासा असच्चमोसा, नवरं भत्तीइ भासिआ एसा ।
नहु खीणपेज्जदोसा, दिंति समाहिं च बोहिं च ।।१।।" **[आवश्यक निर्युक्तौ ११०८]**

तथा–

"चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा।
सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु।।७।।"

'पञ्चम्यास्तृतीया च' **[श्रीसि० ८-३-१३६] इति पञ्चम्यर्थे सप्तमी, अतश्चन्द्रेभ्यो निर्मलतराः सकलकर्ममलापगमात्, पाठान्तरं वा 'चंदेहिं निम्मलयरा', एवमादित्येभ्यः अधिकं प्रकाशकराः, केवलोद्योतेन लोकालोकप्रकाशकत्वात् । उक्तं च–**

"चंदाइच्चगहाणं, पहा पयासेइ परिमियं खित्तं ।
केवलियनाणलंभो, लोआलोअं पयासेइ ।।१।।" **[आव.नि. ११०२]**

सागरवरः स्वयम्भूरमणाख्यः समुद्रः परीषहोपसर्गाद्यक्षोभ्यत्वात्तस्मादपि गम्भीराः, सिद्धाः कर्मविगमात् कृतकृत्याः, सिद्धिं परमपदप्राप्तिम्, मम दिशन्तु प्रयच्छन्तु ।

"अडवीसपयपमाणा, इह संपय वण्ण दुसयछप्पन्ना ।
नामजिणत्थयरूवो, चउत्थओ एस अहिगारो ।।१।।"

इति नामार्हद्वन्दनाधिकाररूपश्चतुर्थोऽधिकारस्तृतीयो दण्डकः ।

टीकार्थ :-

एष स्थापना ..... दण्डकः । આ સ્થાપના અરિહંતના વંદન નામનો ત્રીજો અધિકાર છે=નમુત્થુણં સૂત્રથી પ્રથમ ભાવ અરિહંતની સ્તુતિ કરી તે પ્રથમ અધિકાર હતો, 'જે અઈઆ સિદ્ધા...' દ્રવ્ય અરિહંતની સ્તુતિ કરી તે બીજો અધિકાર હતો અને 'અરિહંતચેઈઆણં' સૂત્ર દ્વારા સ્થાપના અરિહંતની સ્તુતિ કરાય છે તે ત્રીજો અધિકાર છે. બીજો દંડક છે=નમુત્થુણં નામનો પહેલો દંડક બોલાયો. અરિહંતચેઈઆણં નામનો બીજો દંડક છે. કાયોત્સર્ગ આઠ ઉચ્છ્વાસ માત્ર છે='અરિહંતચેઈઆણં' સૂત્ર બોલીને કરાતો કાઉસ્સગ્ગ આઠ ઉચ્છ્વાસ પ્રમાણ છે. વળી અહીં=કાઉસ્સગ્ગમાં, ધ્યેયનો નિયમ નથી=જેનાથી શુભધ્યાન થાય તે ધ્યેયનો કાયોત્સર્ગ કરાય છે. અને કાયોત્સર્ગના અંતે જો એક જ શ્રાવક કાઉસ્સગ્ગ કરે છે તો 'નમોઅરિહંતાણં' એ પ્રકારે નમસ્કારથી કાયોત્સર્ગ પારીને જ્યાં ચૈત્યવંદનાને કરતો શ્રાવક છે, ત્યાં જે ભગવાનની સ્થાપનારૂપ પ્રતિમા સન્નિહિત છે તેની સ્તુતિ બોલે છે. અને ઘણા ચૈત્યવંદન કરનારા છે તો એક જ શ્રાવક સ્તુતિ બોલે છે. વળી અન્ય કાયોત્સર્ગમાં રહેલા જ સાંભળે છે, જ્યાં સુધી સ્તુતિની સમાપ્તિ થાય. ત્યારપછી સર્વ પણ ચૈત્યવંદન કરનારા નમસ્કારથી કાયોત્સર્ગ પારે છે. ત્યારપછી=કાઉસ્સગ્ગ પાર્યા પછી, આ અવસર્પિણીમાં ભારતવર્ષમાં

જે તીર્થંકરો થયા છે તેઓના એક ક્ષેત્ર નિવાસાદિથી આસન્ન ઉપકારીપણું હોવાને કારણે કીર્તન માટે શ્રાવક ચતુર્વિંશતિસ્તવ બોલે છે=એક શ્રાવક બોલે છે અથવા ઘણા શ્રાવકો બોલે છે=બીજા ઘણા શ્રાવકો વિવેકપૂર્વક મનમાં બોલે છે.

"લોકના ઉદ્યોતને કરનારા, ધર્મતીર્થને કરનારા જિન એવા અરિહંત ચોવીશ પણ કેવલીનું હું કીર્તન કરીશ." ।।૧।।

'અરહંતે' એ વિશેષ્ય પદ છે. ઉક્ત નિર્વચનથી 'અર્હત્' છે=નમુત્થુણં સૂત્રમાં 'અરિહંતાણં' પદમાં કહેવાયેલા સ્વરૂપથી અર્હત્ છે. કીર્તન કરીશ=નામના ઉચ્ચારણપૂર્વક સ્તુતિ કરીશ. અને તે=અરિહંતો રાજ્યાવસ્થામાં દ્રવ્યઅરિહંતો હોય છે. એથી ભાવ અરિહંતના પ્રતિપાદન માટે કહે છે. કેવલીની=ઉત્પન્ન કેવલજ્ઞાનવાળા ભાવ અરિહંતોની હું સ્તુતિ કરીશ એમ અન્વય છે. આના દ્વારા જ્ઞાનાતિશય કહેવાયો. તેમની સંખ્યાને કહે છે=કીર્તનના વિષયભૂત તીર્થંકરોની સંખ્યાને કહે છે. 'ચોવીશ'=ચોવીશ તીર્થંકરોનું હું કીર્તન કરીશ. 'अपि' શબ્દથી અન્યનું પણ=અન્ય તીર્થંકરોનું પણ, હું કીર્તન કરીશ. કેવા વિશિષ્ટ અરિહંતોનું હું કીર્તન કરીશ ? એથી કહે છે. લોકના ઉદ્યોતને કરનારા એવા તીર્થંકરોનું હું કીર્તન કરીશ એમ અન્વય છે. પ્રમાણથી દેખાય છે એ લોક છે. પંચાસ્તિકાયાત્મક લોક છે. કેવલાલોકના પ્રકાશથી તેના ઉદ્યોતને કરવાના સ્વભાવવાળા ભગવાનનું હું કીર્તન કરીશ એમ અન્વય છે=સર્વ લોકને પ્રકાશન કરવાના સ્વભાવવાળા એવા તીર્થંકરોનું હું કીર્તન કરીશ એમ અન્વય છે.

'ननु'થી શંકા કરે છે. 'કેવલિન' એ શબ્દ કહેવાથી જ આ ગતાર્થ છે=લોક ઉદ્યોતકર શબ્દનો અર્થ પ્રાપ્ત થાય છે; કેમ કે લોકને ઉદ્યોત કરવાના સ્વભાવવાળા જ કેવલી છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. તારી વાત સાચી છે. વિજ્ઞાનઅદ્વૈતના નિરાસથી ઉદ્યોત કરનારાથી ઉદ્યોત્યના=પંચાસ્તિકાયમય લોકના ભેદને બતાડવા માટે કેવલીથી પૃથક ઉદ્યોતકર ગ્રહણ કરાયેલ છે. અને તે લોકઉદ્યોતકરપણું શ્રાવકોના ઉપકાર માટે છે. અને અનુપકારીની કોઈ પણ સ્તુતિ કરતો નથી. એથી ઉપકારપણાના પ્રદર્શન માટે કહે છે. ધર્મતીર્થને કરનારા એવા ભગવાનનું હું કીર્તન કરીશ એમ અન્વય છે. ધર્મ ઉક્ત સ્વરૂપવાળો છે. આનાથી તરાય એ તીર્થ છે. ધર્મપ્રધાન તીર્થ ધર્મતીર્થ છે. ધર્મના ગ્રહણથી દ્રવ્યતીર્થ રૂપ નદી આદિનું અને શાક્યાદિ સંબંધી અધર્મપ્રધાન તીર્થનો પરિહાર કરાયો. તત્કરણ સ્વભાવવાળા= ધર્મતીર્થને કરવાના સ્વભાવવાળા, તેઓનું હું કીર્તન કરીશ એમ અન્વય છે.

ધર્મતીર્થંકરોનું જ સ્વરૂપ સ્પષ્ટ કરે છે.

દેવ સહિત મનુષ્ય અને અસુરોની પર્ષદામાં સર્વભાષામાં પરિણામી એવી વાણીથી ધર્મપ્રવર્તક એવા અરિહંતોની હું સ્તુતિ કરીશ. આનાથી=धम्मतित्थयरे=ધર્મતીર્થંકર પદથી પૂજાતિશય અને વચનાતિશય કહેવાયો. 'અપાયાપગમાતિશય'ને કહે છે. 'જિનોને'=રાગ-દ્વેષાદિને જીતનારા એવા જિનોનું હું કીર્તન કરીશ એમ અન્વય છે. જે કહેવાયું છે. 'હું કીર્તન કરીશ' એથી તેના કીર્તનને કરતાં કહે છે –

"उसभमजियं च वंदे, संभवमभिनंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ।।२।।
सुविहिं च पुप्फदंतं, सीयल-सिज्जंस-वासुपुज्जं च ।
विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ।।३।।
कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ।।४।।"

લોગસ્સસૂત્રની આ ગાથાનો સમુદાયનો અર્થ સુગમ છે. વળી પદાર્થ વિભાગ કરાય છે. અને તે સામાન્યથી અને વિશેષથી વિભાગ કરાય છે.

ત્યાં સામાન્યથી ઋષતિ ગચ્છતિ પરમપદને=પરમપદને જે પ્રાપ્ત કરે તે ઋષભ. 'उदृत्वादौ' (શ્રી સિ. ૮-૧-૧૩૧) એ પ્રમાણે 'उत्त्व'માં उसह='ऋषभ' બન્યો. 'वृषभ' એ પણ દુખાગ્નિથી દગ્ધ એવા જગતને દેશનાજલથી વર્ષે છે=સિંચન કરે છે. એ પ્રમાણે આનો='वृषभ' શબ્દનો અન્વર્થ છે. 'वृषभे वा वा' (શ્રી સિ. ૮-૧-૧૩૨) એ પ્રકારે 'व'કારથી ઋતઉત્ત્વે આનો પણ उसह થાય છે. વળી વિશેષથી ઊરુ ઉપર=જંઘા ઉપર, વૃષભનું લાંછન ભગવાનને હતું. અને માતા વડે ચૌદ સ્વપ્નોમાં પ્રથમ ઋષભ જોવાયો. તેથી ઋષભ અથવા વૃષભ એ પ્રમાણે નામ કરાયું. ।।૧।।

પરિષહાદિ વડે અનિર્જિત છે એથી અજિત છે. અને ગર્ભમાં ભગવાન હોતે છતે માતા દ્યૂતમાં રાજા વડે ન જિતાઈ એથી અજિત છે. ।।૨।।

સંભવે છે. પ્રકર્ષથી થાય છે ચોત્રીશ (૩૪) અતિશયના ગુણો આમાં એ સંભવ. આ=સંભવનાથ ભગવાન, સ્તુતિ કરાયે છતે શમનું સુખ થાય છે એ સંભવ. ત્યાં='संभव' શબ્દમાં 'शषोः सः' (શ્રી સિ. ૮-૧-૨૬૦) એ પ્રકારે સત્ત્વમાં સંભવ છે. અને આ ગર્ભમાં આવે છતે=સંભવનાથ ભગવાન માતાના ગર્ભમાં આવે છતે, અધિકસસ્ય સંભવ થવાથી સંભવ છે=અધિક ધાન્ય ઉત્પન્ન થવાથી સંભવ છે. ।।૩।।

દેવેન્દ્ર આદિ વડે અભિનંદન કરાય છે એ અભિનંદન અને ગર્ભથી માંડીને સતત ઇન્દ્ર વડે અભિનંદન કરાયા હોવાથી અભિનંદન. ।।૪।।

સુ=શોભન મતિ છે આને એ સુમતિ. અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે માતાને સુનિશ્ચિત મતિ થઈ એથી સુમતિ. ।।૫।।

નિષ્પંકતાને અંગીકાર કરીને પદ્મની જેમ પ્રભા છે જેને એ પદ્મપ્રભ. અને પદ્મના શયનનો દોહલો માતાનો દેવતાથી પુરાયો એથી અને પદ્મવર્ણવાળા ભગવાન હતા એથી પદ્મપ્રભ. ।।૬।।

શોભન પાર્શ્વ છે આને તે સુપાર્શ્વ અર્થાત્ સુંદર સર્વ બાજુઓ છે જેમને એ સુપાર્શ્વ. અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે માતા પણ સુંદર પાસાવાળાં થયાં માટે સુપાર્શ્વ. ।।૭।।

ચંદ્રના જેવી પ્રભા=જ્યોત્સ્ના=સૌમ્ય લેશ્યા વિશેષ છે આને એ ચંદ્રપ્રભ. અને દેવીને=ભગવાનની

માતાને, ચંદ્રપાનનો દોહલો થયેલો અને ભગવાન ચંદ્રસમાન વર્ણવાળા હતા એથી ચંદ્રપ્રભ. ॥૮॥

શોભનવિધિ=સર્વત્ર કૌશલ્ય છે આને તે સુવિધિ. અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે માતા પણ આવા પ્રકારનાં થયાં=સર્વત્ર કુશલ થયાં એથી સુવિધિ. પુષ્પની કળી જેવા મનોહર દાંત હોવાથી પુષ્પદંત એ પ્રમાણે બીજું નામ છે. ॥૯॥

બધા જીવોના સંતાપને હરણ કરનાર હોવાથી શીતલ=ભગવાન શીતલ છે અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે પિતાને પૂર્વમાં ઉત્પન્ન થયેલ અચિકિત્સ એવો પિત્તનો દાહ=અસાધ્ય એવો દાહ માતાના હાથના સ્પર્શથી ઉપશાંત થયો એથી શીતલ. ॥૧૦॥

સકલ ભુવનનું પણ પ્રશસ્યતમપણું હોવાને કારણે શ્રેયને કરનારા હોવાથી શ્રેયાંસનાથ. શ્રેયને કરનારા બે અવંસ છે આમને એ શ્રેયાંસ અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે કોઈના વડે પણ પૂર્વમાં અનાકાંત એવી દેવાધિષ્ઠિત શય્યા માતા વડે આકાંત કરાઈ એથી શ્રેય થયું. માટે શ્રેયાંસ=ભગવાનનું નામ શ્રેયાંસનાથ કરાયું. ॥૧૧॥

વસુઓ દેવ વિશેષ છે=ઈન્દ્રો છે. તેઓને પૂજ્ય વસુપૂજ્ય. प्रज्ञादित्वादणि (श्री सि. प्रज्ञादिभ्योऽण् ૭-૨-૧૬૫) વ્યાકરણના સૂત્રથી વાસુપૂજ્ય અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે વસુ=સુવર્ણ તેનાથી ઈન્દ્રોએ રાજકુલની પૂજા કરી. માટે વાસુપૂજ્ય અથવા વસુપૂજ્ય રાજાનો આ=પુત્ર, એ વાસુપૂજ્ય. ॥૧૨॥

વિગત મલ છે જેમને તે વિમલ અથવા વિમલ છે જ્ઞાનાદિ આને એ વિમલ અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે માતાની મતિ અને માતાનું શરીર વિમલ થયું એથી વિમલ. ॥૧૩॥

અનંત કર્મોના અંશોને જય કરે છે=અનંતકાળથી આત્મા પર વર્તતા કર્મના અંશોનો જેમણે જય કરે છે એવા અથવા અનંતજ્ઞાનાદિથી શોભે છે એ અનંતજિત્ અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે માતા વડે અનંત રત્નનો દાબડો જોવાયો અને ત્રણ ભુવનમાં પણ જય પામે છે. એથી અનંતજિત્. ભીમો-ભીમસેન એ ન્યાયથી 'અનંતજિત્'નું 'અનંત' થયું. ॥૧૪॥

દુર્ગતિમાં પડતા જીવોના સમૂહને ધારણ કરે છે એ ધર્મ. અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે માતા દાનાદિ ધર્મપરાયણવાળાં થયાં એથી ધર્મ. ॥૧૫॥

શાંતિના યોગથી તદાત્મકપણું હોવાથી અથવા તત્કર્તૃપણું હોવાથી શાંતિનાથ ભગવાન અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે પૂર્વ ઉત્પન્ન અશિવની શાંતિ થઈ=ઉપદ્રવની શાંતિ થઈ એથી શાંતિનાથ નામ પડ્યું. ॥૧૬॥

કુ=પૃથ્વી, તેમાં સ્થિતિવાળા એ પ્રકારની વ્યુત્પત્તિથી 'કુંથુ' અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે માતાને રત્નોની રાશિ દેખાઈ એથી કુંથુ. ॥૧૭॥

તેની=કુલની, અભિવૃદ્ધિ માટે સર્વોત્તમ મહાસત્ત્વકુલમાં ઉત્પન્ન થાય છે આ વૃદ્ધો વડે અર કહેવાયા. એ પ્રકારના વચનથી 'અર' છે અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે માતા વડે સ્વપ્નમાં રત્નત્રય અર જોવાયો. એથી અરનાથ ભગવાન એ પ્રમાણે નામ પડ્યું. ॥૧૮॥

પરિષહાદિ મલ્લને જીતનારા હોવાથી એ પ્રકારની વ્યુત્પત્તિથી મલ્લિ અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે માતાનો સુગંધી કુસુમોની માળાની શય્યામાં સૂવાનો દોહલો દેવતા વડે પુરાયો એથી મલ્લિ. ॥૧૯॥

જગતની ત્રિકાલઅવસ્થા માને છે=યથાર્થ મનન કરે છે તે મુનિ. 'मनेरुदेतौचास्य वा' (શ્રી સિ. उणादिसू. ૬૧૨) એ પ્રકારના 'इ' પ્રત્યયમાં ઉપાંતનું 'ઉત્વ' છે. શોભન વ્રતો છે આમને એ સુવ્રત. મુનિ એવા સુવ્રત એ મુનિસુવ્રત. અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે માતા મુનિની જેમ સુવ્રતવાળી થઈ એથી મુનિસુવ્રત. ॥૨૦॥

પરિષહ-ઉપસર્ગાદિને નમાવનાર હોવાથી 'નમિનાથ' નામ પડ્યું. 'नमेस्तु वा' એ સૂત્રથી વિકલ્પ વડે ઉપાન્ત્ય 'इ'કારના અભાવ પક્ષમાં નમિઃ અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે પરચક્રના રાજાઓ વડે પણ નમન કરાયા=ભગવાનના પિતા નમન કરાયા એથી નમિ. ॥૨૧॥

ધર્મચક્રની નેમિના જેવા નેમિ=ધર્મચક્રની ધરી જેવા નેમિ અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે માતા વડે રિષ્ટ રત્નમય મહાનેમિ જોવાયો. એથી રિષ્ટનેમિ અપશ્ચમાદિ શબ્દની જેમ નજપૂર્વપણામાં અરિષ્ટનેમિ. ॥૨૨॥

સર્વ ભાવોને જુએ છે એ વ્યુત્પત્તિથી પાર્શ્વ. અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે શય્યામાં રહેલાં માતા વડે રાત્રિના અંધકારમાં સર્પ જોવાયો. એથી ગર્ભનો આ અનુભાવ છે=ગર્ભનું આ કાર્ય છે, એ પ્રમાણે માનીને, 'જુએ છે' એ પાર્શ્વ. વૈયાવૃત્ય કરનાર પાર્શ્વ છે આમને તેના નાથ પાર્શ્વનાથ=વૈયાવૃત્ય કરનાર પાર્શ્વ યક્ષ છે આમને તેના નાથ પાર્શ્વનાથ. ભીમો ભીમસેન એથી પાર્શ્વ. ॥૨૩॥

ઉત્પત્તિથી માંડીને=જન્મથી માંડીને જ્ઞાનાદિથી વધે છે એથી વર્ધમાન અને ગર્ભસ્થ ભગવાન હોતે છતે જ્ઞાતકુલ ધનધાન્યાદિથી વધે છે એથી વર્ધમાન. ॥૨૪॥

વિશેષ નામના અર્થની સંગ્રાહિકા ભદ્રબાહુસ્વામીથી પ્રણીત ગાથાઓ ટીકામાં આપેલ છે.

કીર્તન કરીને=ચોવીશ તીર્થંકરોનાં નામનું કીર્તન કરીને ચિત્તશુદ્ધિ માટે પ્રણિધાનને કહે છે –

આ રીતે મારા વડે અભિષ્ટુત=સ્તુતિ કરાયેલા, રજમલથી રહિત, પ્રક્ષીણ થયેલા જરા-મરણવાળા ચોવીશ પણ જિનવરો, તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ.

આ રીતે=પૂર્વમાં 'उसभ मजिअं च वंदे...' ઈત્યાદિ કહ્યું. એ પ્રકારની અનંતર કહેવાયેલી વિધિ વડે, મારા વડે અભિષ્ટુત=અભિમુખભાવથી સ્વનામ વડે સ્તુતિ કરાયેલા=તીર્થંકરના નામ વડે કીર્તન કરાયેલા કેવા તે છે ?=કેવા તીર્થંકરો છે ? એ કહે છે. વિધૂત રજમલવાળા છે=રજ અને મલ રજમલ. વિધૂત કરી છે=પ્રકમ્પિત કરાઈ છે જેઓ વડે, અનેકાર્થપણું હોવાથી અપનયન કરાઈ છે રજમલ જેમના વડે, તે વિધૂત રજમલવાળા છે અને બધ્યમાન કર્મ રજ છે. વળી પૂર્વબદ્ધ મલ છે. અર્થાત્ વર્તમાનમાં બંધાતું કર્મ રજ છે અને પૂર્વમાં બાંધેલું કર્મ મલ છે. અથવા બદ્ધ કર્મ રજ છે, નિકાચિતકર્મ મલ છે. અથવા ઈર્યાપથ કર્મ રજ છે, સામ્પરાયિક કર્મ મલ છે. અને જે કારણથી આવા પ્રકારના છે= ભગવાન રજમલથી રહિત છે. આથી જ પ્રક્ષીણ જરા-મરણવાળા છે; કેમ કે કારણનો અભાવ

છે=જરા-મરણના કારણરૂપ રજ અને મલનો અભાવ છે. ચોવીશ પણ જિનવરો 'अपि' શબ્દથી અન્ય પણ જિનવરો=શ્રુતાદિ જિનોથી પ્રકૃષ્ટ એવા જિનવરો અને તે તીર્થંકરો છે. તીર્થંકરોનો અર્થ પૂર્વની જેમ છે. મને શું ?=તીર્થંકરો મારા પર શું ? પ્રસાદ કરો=પ્રસાદફલ થાઓ અને વીતરાગપણું હોવાથી તેઓ જોકે સ્તુતિ કરાયેલા તોષને અને નિંદા કરાયેલા દ્વેષને પામતા નથી, તોપણ સ્તુતિ કરનાર સ્તુતિના ફળને અને નિંદક નિંદાના ફળને પ્રાપ્ત કરે જ છે. જે પ્રમાણે ચિંતામણિ રત્નનો આરાધક અને મંત્રાદિનો આરાધક તેના ફળને પ્રાપ્ત કરે છે. જે કારણથી વીતરાગસ્તોત્રમાં શ્રી હેમસૂરીશ્વરજી વડે કહેવાયું છે.

"અપ્રસન્ન એવા ભગવાનથી=પ્રસન્ન નથી થતા એવા ભગવાનથી, ફલ કેવી રીતે પ્રાપ્ય છે ? એ અસંગત છે. ચિંતામણિ આદિ શું અચેતન પણ ફળતા નથી ?" **અર્થાત્ ફળ આપે જ છે. (વીતરાગસ્તોત્ર-૧૯-૩)**

'अथ'થી શંકા કરે છે. જો ભગવાન પ્રસાદ કરતા નથી તો 'પ્રસાદ કરો' એ પ્રમાણે વૃથા પ્રલાપથી શું ? તેને ગ્રંથકારશ્રી કહે છે. એ પ્રમાણે ન કહેવું; કેમ કે ભક્તિના અતિશયથી આ પ્રમાણે કહેવા છતાં પણ દોષ નથી. જેને કહે છે –

"ક્ષીણ ક્લેશવાળા આ=ભગવાન, પ્રસાદ કરતા નથી. સ્તવ પણ વૃથા નથી; કેમ કે તેના=ભગવાનના, સ્તવના ભાવથી થનારી વિશુદ્ધિનું પ્રયોજન કર્મવિગમ છે."

અને

"કીર્તન કરાયેલા, વંદન કરાયેલા, પૂજન કરાયેલા જે આ લોકના ઉત્તમસિદ્ધો છે. તેઓ આરોગ્ય-બોધિલાભ, ઉત્તમસમાધિ આપો."

કીર્તન કરાયેલા=પોતાના નામો વડે કહેવાયેલા=તીર્થંકરોનાં નામો વડે કહેવાયેલા, વંદન કરાયેલા=ત્રિવિધ યોગથી સમ્યક્ સ્તુતિ કરાયેલા, મહિતા=પુષ્પાદિથી પૂજન કરાયેલા. 'मइआ' એ પાઠાંતર છે. ત્યાં मया=મારા વડે એ પ્રમાણે અર્થ કરવો. આ કોણ છે ?=કીર્તન કરાયેલા, વંદન કરાયેલા આ કોણ છે ? એથી કહે છે. જે આ લોકના=પ્રાણીવર્ગના, કર્મમલના કલંકના અભાવને કારણે ઉત્તમ=પ્રકૃષ્ટ સિદ્ધો છે=સર્વ પ્રયોજન સિદ્ધ થયાં છે એવા કૃતકૃત્યો છે. એ પ્રમાણે અર્થ છે. અરોગનો ભાવ આરોગ્ય=સિદ્ધપણું. તેના માટે બોધિલાભ=આરોગ્ય માટે બોધિલાભ=અર્હત્પ્રણીત ધર્મની પ્રાપ્તિ, આરોગ્યબોધિલાભ છે. નિદાન વગરનો તે=બોધિલાભ મોક્ષ માટે જ થાય છે તે અને તેના માટે=મોક્ષ માટે સમાધિ વર=શ્રેષ્ઠ સમાધિ=પરમ સ્વાસ્થ્યરૂપ ભાવસમાધિ. આ પણ=ભાવસમાધિ પણ, તારતમ્યના ભેદથી અનેક પ્રકારની જ છે આથી કહે છે. ઉત્તમ=સર્વોત્કૃષ્ટ સમાધિને આપો. અને આ=સર્વોત્કૃષ્ટ સમાધિ આપો એ ભક્તિ વડે કહેવાય છે. જે કારણથી કહેવાયું છે.

"ભાષા અસત્યામૃષા છે. કેવલ ભક્તિથી આ બોલાઈ છે. ક્ષીણ રાગ-દ્વેષવાળા ભગવાન સમાધિ અને બોધિ આપતા નથી." **(આવશ્યકનિર્યુક્તિ-૧૧૦૮)**

અને

"ચંદ્રોથી નિર્મળતર, સૂર્યોથી અધિક પ્રકાશ કરનારા, સાગરવર ગંભીરા=સ્વયંભૂરમણ સમુદ્ર જેવા ગંભીર એવા સિદ્ધ ભગવંતો મને સિદ્ધિને આપો."

પંચમીના અને તૃતીયાના એ સૂત્રથી, (શ્રી સિ. ૮-૩-૧૩૬) પંચમીના અર્થે સપ્તમી છે. આથી ચંદ્રોથી નિર્મળતર એવા સિદ્ધ ભગવંતો છે; કેમ કે સકલ કર્મમલનો અપગમ છે. અથવા પાઠાંતર પ્રમાણે 'चंदेहिं निम्मलयरा'=ચંદ્રોથી નિર્મળતર સિદ્ધ ભગવંતો છે. એ રીતે સૂર્યોથી અધિક પ્રકાશને કરનારા સિદ્ધ ભગવંતો છે; કેમ કે કેવલજ્ઞાનના ઉદ્યોતથી લોકાલોકનું પ્રકાશકપણું છે. અને કહેવાયું છે.

"ચંદ્ર, સૂર્ય અને ગ્રહોની પ્રભા પરિમિત ક્ષેત્રને પ્રકાશન કરે છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિ લોકાલોકને પ્રકાશન કરે છે." **(આવશ્યકનિર્યુક્તિ-૧૧૦૨)**

સાગરવર=સ્વયંભૂરમણ નામનો સમુદ્ર, પરિષહ-ઉપસર્ગાદિથી અક્ષોભ્યપણું હોવાથી તેનાથી પણ ગંભીર=સ્વયંભૂરમણસમુદ્રથી પણ ગંભીર, એવા સિદ્ધો કર્મના વિગમન કારણે કૃતકૃત્ય છે એવા સિદ્ધો મને પરમપદની પ્રાપ્તિરૂપ સિદ્ધિને આપો.

"અહીં=લોગસ્સ સૂત્રમાં, અઠ્ઠાવીસ (૨૮) પદ પ્રમાણ સંપદા છે. વર્ણ બસો છપ્પન (૨૫૬) છે. નામજિનના સ્તવરૂપ આ ચતુર્વિંશતિનો અધિકાર છે."

એથી નામઅરિહંતના વંદનના અધિકારરૂપ ચોથો અધિકાર, ત્રીજો દંડક થયો.

ભાવાર્થ :-

શ્રાવક ચૈત્યવંદન કરીને ભાવતીર્થંકરો પ્રત્યે ભક્તિની વૃદ્ધિ કરવાર્થે 'નમુત્થુણં' સૂત્ર બોલે છે. તેના અંતે દ્રવ્યતીર્થંકરોની ભક્તિ કરવાર્થે 'જે અઈઆ સિદ્ધા'થી ત્રણ-કાળના તીર્થંકરોને નમસ્કાર કરે છે. 'અરિહંત ચેઇઆણં' દંડક દ્વારા સ્થાપના તીર્થંકરને નમસ્કાર કરે છે. જેથી તીર્થંકર પ્રત્યેની ભક્તિનો અતિશય સતત હૈયામાં વૃદ્ધિ પામે છે. આ રીતે સ્થાપના તીર્થંકરની સ્તવના કર્યા પછી તીર્થંકરોનું નામ પણ કીર્તન કરવા યોગ્ય છે. તેથી લોગસ્સસૂત્ર દ્વારા તીર્થંકરોના નામનું સ્મરણ કરવાપૂર્વક નામનિક્ષેપાથી પણ ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ કરવા શ્રાવક યત્ન કરે છે. ત્યાં ભાવતીર્થંકરોનું સ્વરૂપ સ્મૃતિમાં આવે તે અર્થે પ્રથમ ગાથાથી પ્રતિજ્ઞા કરે છે કે આવા ગુણોવાળા તીર્થંકરોનું હું કીર્તન કરીશ. આ પ્રકારે સંકલ્પ કરવાર્થે ભાવતીર્થંકર કેવા છે ? તેને સંક્ષેપથી ઉપસ્થિત કરે છે. અને અરિહંત કેવા છે ? તેના વિશેષણ રૂપે અન્ય પદો છે. અરિહંત લોકના ઉદ્યોતને કરનારા છે. એ પ્રકારે બોલવાથી ઉપસ્થિતિ થાય છે કે પંચાસ્તિકાયમય લોક છે અને તીર્થંકરો કેવલજ્ઞાનથી લોકનું યથાર્થ જ્ઞાન કરાવે છે. તેથી ભગવાનના વચનાનુસાર લોકના સ્વરૂપનું જ્ઞાન કરીને યોગ્ય જીવો પોતાના હિતને અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવામાં કુશળ બને છે. તેમાં પ્રબળ કારણ તીર્થંકરો છે. વળી ભગવાન ધર્મતીર્થની સ્થાપના કરનાર છે. જેથી ભગવાનના તીર્થનું અવલંબન લઈને સંસારીજીવો દુર્ગતિના પાતથી આત્માનું રક્ષણ કરી શકે છે અને સદ્ગતિની પ્રાપ્તિ દ્વારા ઉત્તરોત્તરના ધર્મને સેવીને તીર્થંકર તુલ્ય પોતે પણ સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે. આવા તરવાના સાધનરૂપ ધર્મતીર્થની સ્થાપના કરનારા ભગવાન છે. વળી ભગવાને મોહને જીત્યો છે તેથી જિન છે. તે રીતે

ઉપસ્થિતિ થવાથી ભગવાનની જિન અવસ્થા પ્રત્યે દૃઢરાગ થાય છે. આવા ચોવીશે તીર્થંકરોનું હું નામથી કીર્તન કરીશ. એ પ્રકારે પ્રતિજ્ઞા કરીને ત્યારપછી તે ચોવીશ તીર્થંકરોને તેમનાં નામથી ત્રણ ગાથા દ્વારા ઉપસ્થિત કરીને શ્રાવક વંદન કરે છે. જેથી તેઓનાં નામ દ્વારા ભાવતીર્થંકર પ્રત્યે પૂજ્યબુદ્ધિ વૃદ્ધિ પામે છે. વળી તે તીર્થંકરોનાં નામો વ્યુત્પત્તિને આશ્રયીને કેવા ગુણવાળાં છે તે ગ્રંથકારશ્રીએ બતાવેલ છે. તેથી તે તે નામ દ્વારા વાચ્ય એવા સ્વરૂપની ઉપસ્થિતિ થાય છે. જેમ 'ઘટ લાવ' કહેવાથી 'ઘટ' શબ્દ દ્વારા વિવેકીપુરુષને અન્ય સર્વ પદાર્થો કરતા 'ઘટ', ઘટ સ્વરૂપે જણાય છે. તેથી ઘટને લાવે છે. અન્ય વસ્તુ લાવતો નથી. તેમ ઋષભાદિ શબ્દોની વ્યુત્પત્તિ ક્યા સ્વરૂપવાળી છે તેનું સમ્યક્ આલોચન કરીને તેના વાચ્યભાવથી જે શ્રાવકે તે તે તીર્થંકરોનું સ્વરૂપ સ્થિર કર્યું છે તે સ્વરૂપે તીર્થંકરોની ઉપસ્થિતિ થાય છે. તેથી તેવા ઉત્તમગુણવાળા પુરુષ પ્રત્યે બહુમાનની વૃદ્ધિ થાય છે.

'લોગસ્સ ઉજ્જોઅગરે' પ્રથમ ગાથાથી જે ભાવતીર્થંકરોનું સ્વરૂપ બતાવ્યું તે તીર્થંકરોનું જ ઋષભાદિ નામ છે અને ઋષભ શબ્દ તીર્થંકરના ક્યા ભાવને બતાવે છે. તેની ઉપસ્થિતિ થવાથી ઉપયોગપૂર્વક બોલતા શ્રાવકને તે ભાવ પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે. અને જેટલા અંશે જે ગુણની ઉપસ્થિતિ થાય છે તે ગુણવાળા પ્રત્યે તેટલા બહુમાનજન્ય રાગનો અતિશય થાય છે. જે પ્રમાણે શ્રાવકને ભાવ થાય છે તે પ્રમાણે શ્રાવકને નિર્જરાનો અતિશય થાય છે. આથી જ ભગવાનના સ્થાપના નિક્ષેપાની ભક્તિથી જેમ નાગકેતુને કેવલજ્ઞાન થયું તેમ યોગ્ય જીવોને ભગવાનના નામકીર્તન દ્વારા પણ ભાવનો પ્રકર્ષ થાય તો કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે અને શ્રાવક પણ સ્વબોધાનુસાર ભગવાનના સ્વરૂપનું પ્રતિસંધાન કરીને તે તે નામ બોલે છે ત્યારે તે તે તીર્થંકરો પ્રત્યે ભક્તિનો અતિશય થાય છે. તેથી શ્રાવકના ઉપયોગ અનુસાર ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે. આ રીતે ચોવીશે તીર્થંકરોનું નામસ્મરણ ત્રણ ગાથાથી કરીને શ્રાવક ભાવના અતિશય અર્થે પ્રણિધાન કરે છે કે આ રીતે મારા વડે ચોવીશે તીર્થંકરો સ્તુતિ કરાયેલા છે. જેઓ રજમલ વગરના છે. જરા-મરણનો નાશ કર્યો છે તેવા છે અને તે ચોવીશે તીર્થંકરો મારા ઉપર પ્રસાદ કરો. આ પ્રકારે ભક્તિથી બોલીને તીર્થંકરોના ભાવોથી આત્માને અત્યંત વાસિત કરવાર્થે શ્રાવક યત્ન કરે છે; કેમ કે પ્રસ્તુત ગાથાથી શ્રાવકને ઉપસ્થિત થાય છે કે પોતાના વડે સ્મરણ કરાયેલા ચોવીશે તીર્થંકરો કર્મરૂપી રજ અને મલથી રહિત થયા છે. તેથી કૃતકૃત્ય છે અને કર્મમલ વગરના હોવાથી જરા અને મરણ જે સંસારી જીવોને અવિનાભાવી છે તેનો ભગવાને નાશ કર્યો છે. માટે કર્મરજથી રહિત અને જરા-મરણના ઉપદ્રવથી રહિત એવા તીર્થંકરોની ભક્તિ કરીને હું પણ તેમની જેમ કર્મરજમલથી સંસારમાં પ્રાપ્ત થતા સર્વ ઉપદ્રવોથી મુક્ત થાઉં. અને તેવા અભિલાષપૂર્વક ભગવાનની પ્રાર્થના કરવાથી ભગવાન પ્રત્યેના ભક્તિના બળથી જ શ્રાવક પણ રજમલને નાશ કરવાને અનુકૂળ મહાબળ સંચય કરે છે. તે બળ સંચય કરવાર્થે જ શ્રાવક કહે છે કે ચોવીશે જિનેશ્વરો-તીર્થંકરો મારા ઉપર પ્રસાદ કરો. આમ કહીને પોતાને તીર્થંકરનું વચન સમ્યક્ પરિણમન પામે તો પોતાને ભગવાનનો પ્રસાદ પ્રાપ્ત થાય તેવો અધ્યવસાય શ્રાવક કરે છે.

વળી, ભક્તિની વૃદ્ધિ અર્થે શ્રાવક કહે છે કે કીર્તિત, વંદિત, પૂજિત એવા જે લોકમાં ઉત્તમસિદ્ધો છે, તેઓ મને ભાવઆરોગ્યની પ્રાપ્તિ માટે બોધિલાભ આપો અને ઉત્તમકોટિની સમાધિ આપો. જેથી બોધિલાભ

અને ઉત્તમકોટિના સમાધિના બળથી સિદ્ધ ભગવંત તુલ્ય હું ભાવઆરોગ્ય પ્રાપ્ત કરું. પ્રસ્તુત લોગસ્સ સૂત્રમાં ચોવીશે તીર્થંકરો પોતાના નામથી કીર્તન કરાયેલા છે અને 'ઉસભમજિઅં ચ વંદે' આદિ પદ દ્વારા વંદન કરાયેલા છે. એથી લોગસ્સ સૂત્રમાં 'મઇઆ' શબ્દ પાઠાંતર છે. તેના કારણે ઉપસ્થિત થાય કે ઉસભમજિઅં... આદિ ત્રણ ગાથા દ્વારા ચોવીશે તીર્થંકરો મારા વડે કીર્તન કરાયેલા છે અને 'વંદે' પદ દ્વારા વંદન કરાયેલા છે. એવા આ ચોવીશે તીર્થંકરો લોકમાં ઉત્તમસિદ્ધો છે; કેમ કે સર્વ પ્રયોજનો તેઓએ સિદ્ધ કર્યાં છે. આથી જ સર્વ કર્મરહિત અવસ્થાને પામેલા છે અને તેમના જેવું જ ભાવઆરોગ્ય પોતાને પણ જોઈએ છે.

શ્લોકના ઉત્તરાર્ધથી ભાવઆરોગ્યને પામેલા એવા સિદ્ધ ભગવંતની પાસે શ્રાવક માંગણી કરે છે કે મારે ભાવઆરોગ્યની પ્રાપ્તિના કારણીભૂત બોધિલાભ અને ઉત્તમસમાધિ મને આપો. તેથી શ્રાવકને ઉપસ્થિત થાય છે કે ચોવીશે તીર્થંકરો સિદ્ધાવસ્થાને પામ્યા છે. તેથી ભાવરોગ તેમનો નાશ પામ્યો છે. આથી જ પૂર્ણ આરોગ્યવાળા છે અને તેવું ભાવઆરોગ્ય પોતાને પણ ઇષ્ટ જ છે અને તેની પ્રાપ્તિનો ઉપાય બોધિલાભ છે. આ બોધિલાભ એટલે ભગવાને બતાવેલા મોક્ષમાર્ગનો યથાર્થ બોધ. તે મોક્ષમાર્ગના યથાર્થ બોધને અનુરૂપ ઉચિત પ્રવૃત્તિ કરવાથી પ્રાપ્ત થતી શ્રેષ્ઠ સમાધિ ભાવઆરોગ્યનું કારણ છે. માટે જો હું બોધિલાભ અને શ્રેષ્ઠ સમાધિને પ્રાપ્ત કરીશ તો તેના બળથી પૂર્ણ આરોગ્ય હું પ્રાપ્ત કરીશ. આમ ભગવાન પાસે ભાવઆરોગ્યના ઉપાય રૂપે બોધિલાભ અને શ્રેષ્ઠ સમાધિની માંગણી કરીને શ્રાવક હંમેશાં અપ્રમાદભાવથી ભગવાનના વચનના રહસ્યને જાણવા માટે અને જાણીને તે વચનના બળથી આત્મામાં સમાધિ ઉત્પન્ન થાય તે રીતે સદા યત્ન કરે છે. અને પોતાનો તે પ્રકારનો યત્ન અતિશયિત થાય તે માટે લોગસ્સ સૂત્રમાં પ્રસંગે પ્રસંગે તે પ્રકારે ભગવાન પાસે માંગણી કરે છે. જેથી સમ્યક્ કરાયેલી પ્રાર્થનાથી તે પ્રકારની ઇચ્છાને ઉલ્લસિત કરીને બોધિલાભ અને ઉત્તમસમાધિ માટે દૃઢયત્ન કરવા માટે બળ સંચય થાય છે.

વળી, ભગવાનની સિદ્ધાવસ્થા પ્રત્યે ભક્તિનો અતિશય કરવાર્થે શ્રાવક બોલે છે કે ચંદ્રથી અધિક નિર્મળતર, સૂર્યથી અધિક પ્રકાશ કરનારા, સ્વયંભૂરમણસમુદ્રથી અધિક ગંભીર એવા સિદ્ધ ભગવંત મને સિદ્ધિને આપો. આ પ્રકારે બોલવાથી શ્રાવકને ઉપસ્થિતિ થાય છે કે ચંદ્ર જેમ શીતલતાને કરનારા છે તેમ મોહની અનાકુળ અવસ્થા શીતલતા સ્વરૂપ છે અને ભગવાન સંપૂર્ણ મોહ વગરના હોવાથી અત્યંત નિર્મળતર છે; કેમ કે આત્માના સહજ શીતલ સ્વભાવમાં વર્તે છે. વળી, સૂર્ય જગતને પ્રકાશ કરનાર છે. તોપણ પરિમિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે. જ્યારે ભગવાન કેવલજ્ઞાન દ્વારા લોકાલોકને પ્રકાશિત કરે છે. માટે સૂર્ય કરતાં અધિક પ્રકાશ કરનાર છે. આ રીતે મોહની અનાકુળ અવસ્થા અને કેવલજ્ઞાનથી પૂર્ણ પ્રકાશક અવસ્થા રૂપે ભગવાનની ઉપસ્થિતિ થાય છે. વળી, સ્વયંભૂરમણસમુદ્ર અતિ ગંભીર છે. ક્યારેય ક્ષોભ પામે તેવો નથી. તેનાથી પણ અધિક ગંભીર ભગવાન છે; કેમ કે જગતના સર્વ પદાર્થોમાંથી કોઈ પદાર્થ ભગવાનને અંતરંગ ક્ષોભ ઉત્પન્ન કરવા સમર્થ નથી અને તેવા ભગવાન સિદ્ધિને પ્રાપ્ત કરવાની આસન્ન અવસ્થામાં છે માટે સિદ્ધ છે. તેવા ભગવાન પોતાને પણ ભગવાન તુલ્ય સિદ્ધિપદને આપો. એ પ્રકારે પ્રાર્થના કરવાથી શ્રાવકને સિદ્ધિપદની પ્રાપ્તિનો ઉત્કૃષ્ટ અભિલાષ થાય છે અને જેને સિદ્ધિપદનો

ઉત્કૃષ્ટ અભિલાષ થાય તે મહાત્મા અવશ્ય શક્તિના પ્રકર્ષથી સિદ્ધિપદના ઉપાયભૂત ભગવાનના વચનનું અવલંબન લઈને સદા યત્ન કરે છે. આ રીતે ભાવન કરીને શ્રાવક મોક્ષપથને અનુકૂળ પ્રયત્ન કરવાની શક્તિનો સંચય કરે છે.

ટીકા :-

एवं चतुर्विंशतिस्तवमुक्त्वा सर्वलोक एवार्हच्चैत्यानां वन्दनाद्यर्थं कायोत्सर्गकरणायेदं पठति पठन्ति वा–

"सव्वलोए अरिहंतचेइयाणं करेमि काउस्सग्गमित्यादि वोसिरामीति यावत्", व्याख्या पूर्ववत्, नवरं-सर्वश्चासौ लोकश्च अधऊर्ध्वतिर्यग्भेदस्तस्मिंस्त्रैलोक्य इत्यर्थः, अधोलोके हि चमरादिभवनेषु, तिर्यग्लोके द्वीपाचलज्योतिष्कविमानादिषु, ऊर्ध्वलोके सौधर्मादिषु सन्त्येवार्हच्चैत्यानि ततश्च मौलचैत्यं समाधिकारणमिति मूलप्रतिमायाः प्राक् स्तुतिरुक्ता, इदानीं सर्वे अर्हन्तस्तद्गुणा इति सर्वलोकग्रहः, तदनुसारेण सर्वतीर्थकरसाधारणी स्तुतिः अन्यथा अन्यकायोत्सर्गोऽन्या स्तुतिरिति न सम्यग्, अति-प्रसङ्गात्, इति सर्वतीर्थकराणां स्तुतिरुक्ता, एष सर्वलोकस्थापनार्हत्स्तवरूपः पञ्चमोऽधिकारः ।

इदानीं येन ते भगवन्तस्तदभिहिताश्च भावाः स्फुटमुपलभ्यन्ते तत्प्रदीपस्थानीयं सम्यक् श्रुतमर्हति कीर्त्तनम्, तत्रापि तत्प्रणेतॄन् भगवतस्तत्प्रथमं स्तौति–

"पुक्खरवरदीवड्ढे, धायइसंडे य जंबुदीवे य।
भरहेरवयविदेहे, धम्माइगरे नमंसामि।।१।।"

भरतं भरतक्षेत्रम्, ऐरवतमैरवतक्षेत्रम्, विदेहमिति भीमो भीमसेन इति न्यायात् महाविदेहक्षेत्रं एवं समाहारद्वन्द्वः तेषु भरतैरवतविदेहेषु, 'धर्मस्य' श्रुतधर्मस्य, 'आदिकरान्' सूत्रतः प्रथमकरणशीलान् 'नमस्यामि' स्तुवे, क्वतानि भरतैरवतमहाविदेहक्षेत्राणि? इत्याह–पुष्कराणि पद्मानि, तैर्वरः पुष्करवरः, स चासौ द्वीपश्च पुष्करवरद्वीपस्तृतीयो द्वीपस्तस्यार्द्धं मानुषोत्तरचलादर्वाग्भागवर्त्ति, तत्र द्वे भरते द्वे ऐरवते द्वे महाविदेहे तथा धातकीनां खण्डानि वनानि यस्मिन् स धातकीखण्डो द्वीपस्तस्मिन् द्वे भरते द्वे ऐरवते द्वे महाविदेहे, जम्ब्वा उपलक्षितस्तत्प्रधानो वा द्वीपो जम्बूद्वीपः, अत्रैकं भरतमेकमैरवतमेकं च महाविदेहमित्येताः पञ्चदश कर्मभूमयः, शेषास्त्वकर्मभूमयः, यदाह–'भरतैरवतविदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरुभ्यः' [श्रीतत्त्वा० अ. ३-१६] महत्तरक्षेत्रप्राधान्याङ्गीकरणाच्च पश्चानुपूर्व्या निर्देशः धर्मादिकरत्वं च वचनापौरुषेयत्वनिराकरणादेव व्यक्तम्, उक्तं च–'इणमच्चंतविरुद्धं, वयणं चापोरुसेअं च' [ ] त्ति ।

नन्वेवमपि कथं धर्मादिकरत्वं भगवताम्? 'तप्पुव्विआ अरहया' **[आवश्यकनिर्युक्तौ गा. ५६७]**

इति वचनात् वचनस्यानादित्वात्? नैवम्, बीजाङ्कुरवत्तदुपपत्तेः, बीजाद्धि अङ्कुरो भवति, अङ्कुराच्चबीजमिति एवं भगवतां पूर्वजन्मनि श्रुतधर्माभ्यासात्तीर्थकरत्वम्, तीर्थकृतां च श्रुतधर्मादिकरत्वमदुष्टमेव न चैवमपि वचनपूर्वकमेव सर्वज्ञत्वमिति (न) नियमः, मरुदेव्यादौ व्यभिचारादिति वाच्यम् इत्थमपि शब्दरूपवचनपूर्वकत्वनियमाभावेऽपि अर्थपरिज्ञानरूपवचनपूर्वकत्वनियमस्याव्याहतत्वादित्यलं प्रसङ्गेन ।

एवं श्रुतधर्मादिकराणां स्तुतिरुक्ता, एष षष्ठोऽधिकारः, इदानीं श्रुतधर्मस्याह–

"तमतिमिरपडलविद्धंसणस्स सुरगणनरिंदमहिअस्स ।
सीमाधरस्स वंदे, पप्फोडियमोहजालस्स ।।२।।"

तमोऽज्ञानम्, तदेव तिमिरम्, अथवा बद्ध-स्पृष्ट-निधत्तं ज्ञानावरणीयं कर्म तमः, निकाचितं तिमिरम्, ततस्तमस्तिमिरस्य, तमस्तिमिरयोर्वा पटलं वृन्दम्, तद्विध्वंसयति विनाशयतीति नन्द्यादित्वादने तमस्तिमिरपटलविध्वंसनस्तस्य, अज्ञाननिरासेनैवास्य प्रवृत्तेः 'सुरगणैः' चतुर्विधामरनिकायैः 'नरेन्द्रैः' चक्रवर्त्त्यादिभिः 'महितः' पूजितस्तस्य आगममहिमां हि कुर्वन्त्येव सुरादयः, सीमां मर्यादां धारयतीति सीमाधरस्तस्य, श्रुतधर्मस्य इति विशेष्यम्, ततः कर्मणि द्वितीया, तस्याश्च क्वचिद्द्वितीयादेः [श्रीसि० ८-३-१३४] इति प्राकृतसूत्रात्षष्ठी, अतस्तं वन्दे तस्य वा यन्माहात्म्यं तद्वन्दे इति सम्बन्धे षष्ठी, अथवा तस्य वन्दे वन्दनं करोमीति, प्रकर्षेण स्फोटितं विदारितं मोहजालं मिथ्यात्वादिरूपं येन स तथा तस्य श्रुतधर्मे हि सति विवेकिनो मोहजालं विलयमुपयात्येव ।

इत्थं श्रुतमभिवन्द्य तस्यैव गुणोपदर्शनद्वारेणाप्रमादगोचरतां प्रतिपादयन्नाह–

"जाईजरामरणसोगपणासणस्स, कल्लाणपुक्खलविसालसुहावहस्स ।
को देवदाणवनरिंदगणच्चियस्स, धम्मस्स सारमुवलब्भ करे पमायं ।।३।।"

कः? सचेतनो 'धर्मस्य'श्रुतधर्मस्य 'सारं' सामर्थ्यं 'उपलभ्य' विज्ञाय, श्रुतधर्मोदितेऽनुष्ठाने 'प्रमादम्' अनादरं कुर्यात्, न कश्चिद् कुर्यादित्यर्थः, किंविशिष्टस्य श्रुतधर्मस्य? जातिर्जन्म, जरा विस्रसा, मरणं प्राणनाशः, शोको मानसो दुःखविशेषः, तान् प्रणाशयति=अपनयति जातिजरामरणशोकप्रणाशनस्तस्य, श्रुतधर्मस्यानुष्ठाद्धि जात्यादयः प्रणश्यन्त्येव, अनेनास्यानर्थप्रतिघातित्वमुक्तम्, कल्यमारोग्यमणति शब्दयतीति कल्याणम्, पुष्कलं सम्पूर्णम्, न च तदल्पम् किन्तु विशालं विस्तीर्णम्, एवंभूतं सुखमावहति=प्रापयतीति कल्याणपुष्कलविशालसुखावहस्तस्य, तथा च श्रुतधर्मोक्तानुष्ठानादुक्तलक्षणमपवर्गसुखमवाप्यत एव, अनेन चास्य विशिष्टार्थप्रापकत्वमाह, देवानां दानवानां नरेन्द्राणां च गणैरर्चितस्य पूजितस्य, सुरगणनरेन्द्रमहितस्येत्यस्यैव निगमनं देवदाणवेत्यादि, यतश्चैवमतः-

"सिद्धे भो पयओ नमो जिणमए नंदी सया संजमे,
देवंनागसुवण्णकिन्नरगणस्सब्भूयभावच्चिए ।
लोगो जत्थ पइट्ठिओ जगमिणं तेलुक्कमच्चासुरं,
धम्मो वड्ढउ सासओ विजयओ धम्मुत्तरं वड्ढउ ।।४।।"

'सिद्धः' फलाव्यभिचारेण प्रतिष्ठितः, अथवा सिद्धः सकलनयव्यापकत्वेन त्रिकोटीपरिशुद्धत्वेन च प्रख्यातस्तस्मिन्, भो इत्यतिशायिनामामन्त्रणम्, पश्यन्तु भवन्तः, प्रयतोऽहं यथाशक्त्येतावन्तं कालं प्रकर्षेण यतः, इत्थं परसाक्षिकं प्रयतो भूत्वा पुनर्नमस्करोति 'नमो जिणमए' नमो जिनमताय, प्राकृतत्वाच्चतुर्थ्याः सप्तमी, कुर्वे इति शेषः, प्रयतो भूत्वा जिनमताय नमस्करोमीत्यर्थः अस्मिंश्च सति 'नन्दिः' समृद्धिः 'सदा' सर्वकालम्, 'संयमे' चारित्रे भूयात् उक्तं च–'पढमं नाणं तओ दया' [दशवैकालिके ४-१०] किंविशिष्टे संयमे? 'देवनागसुपर्णकिन्नरगणैः सद्भूतभावेनार्चिते' देवा वैमानिनः, नागा धरणादयः, सुपर्णा गरुडाः, किन्नरा व्यन्तरविशेषाः, उपलक्षणं शेषाणाम्, देवमित्यनुस्वारश्छन्दःपूरणे, तथा च संयमवन्तोऽर्च्यन्त एव देवादिभिः । यत्र जिनमते, किं यत्र? लोकनं लोको ज्ञानम्, प्रतिष्ठितस्तद्वशीभूतः, तथा जगदिदं ज्ञेयतया प्रतिष्ठितमिति योगः, केचिन्मनुष्यलोकमेव जगन्मन्यन्ते अत आह–'त्रैलोक्यमर्त्यासुरम्, आधाराधेयरूपम्, अयमित्थंभूतो 'धर्मः' श्रुतधर्मो 'वर्द्धतां' वृद्धिमुपयातु, शाश्वतमिति क्रियाविशेषणं शाश्वतमप्रच्युत्या, वर्द्धतामिति, 'विजयतः' परप्रवादिविजयेन, 'धर्मोत्तरं' चारित्रधर्मोत्तरं चारित्रधर्मप्राधान्यं यथा स्यादित्यर्थः, 'वर्द्धतां' पुनर्वृद्ध्यभिधानं मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्येति प्रदर्शनार्थम् । तथा च तीर्थकरनामकर्म्महेतून् प्रतिपादयतोक्तम् ।

'अपुव्वनाणगहणे' [आवश्यकनिर्युक्तौ १८१] इति । प्रणिधानमेतन्मोक्षबीजकल्पं परमार्थतोऽनाशंसारूपमेवेति प्रणिधानं कृत्वा श्रुतस्यैव वन्दनाद्यर्थं कायोत्सर्गार्थं पठति पठन्ति वा–

"सुअस्स भगवओ करेमि काउस्सग्गमित्यादि वोसिरामीति यावत् ।" अर्थः पूर्ववत्, नवरं–'श्रुतस्ये'ति प्रवचनस्य सामायिकादेर्बिन्दुसारपर्यन्तस्य 'भगवतो' यशोमाहात्म्यादियुक्तस्य, ततः कायोत्सर्गकरणम्, पूर्ववत्पारयित्वा श्रुतस्य स्तुतिं पठति ।

"सुअनाणत्थयरूवो, अहिगारो होइ एस सत्तमओ ।
इह पय संपय सोलस, नवुत्तरा वण्ण दुन्निसया ।।१।।"

चतुर्थो दण्डकः ।

टीकार्थ :-

एवं चतुर्विंशति ..... चतुर्थो दण्डकः । આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, ચતુર્વિંશતિ સ્તવને કહીને=

ચોવીશ(૨૪) તીર્થંકરોની સ્તુતિ કરીને, સર્વલોકનાં જ અર્હત્ચૈત્યોને વંદનાદિ માટે=વંદન-પૂજન આદિ માટે, કાયોત્સર્ગ કરવાર્થે આ=આગળમાં કહેવાશે એ સૂત્ર, એક બોલે છે અથવા બધા બોલે છે.

"સર્વલોકમાં વર્તતાં અરિહંત ચૈત્યોનાં વંદન-પૂજનાદિ અર્થે કાઉસ્સગ્ગ કરું છું. ઈત્યાદિથી માંડી વોસિરામિ સુધી બોલે છે." સૂત્રની વ્યાખ્યા પૂર્વની જેમ છે=અરિહંત ચેઈઆણં સૂત્રના અર્થો કર્યા એ પ્રમાણે છે. કેવલ સર્વ એવો લોક અધ-ઊર્ધ્વ અને તિચ્છાના ભેદવાળો તેમાં=ત્રણલોકમાં, એ પ્રકારનો 'સવ્વલોએ'નો અર્થ છે. અધોલોકમાં ચમરાદિ ભવનોમાં અરિહંતનાં ચૈત્યો છે. તિચ્છાલોકમાં દ્વીપ-પર્વત-જ્યોતિષ્કનાં વિમાનોમાં અરિહંતનાં ચૈત્યો છે. ઊર્ધ્વલોકમાં સૌધર્માદિ દેવલોકમાં અરિહંતનાં ચૈત્યો છે અને તેથી મૂળ ચૈત્ય સમાધિનું કારણ છે=જે પોતાની સન્મુખ જિનાલય વિદ્યમાન છે તે સમાધિનું કારણ છે એથી મૂળ પ્રતિમાની પહેલાં સ્તુતિ કહેવાઈ=અરિહંત ચેઈઆણં પદ દ્વારા સ્તુતિ કહેવાઈ. હવે સર્વ અરિહંતો તદ્ગુણવાળા છે=જે અરિહંતની પોતે સ્તુતિ કરી તેવા જ ગુણવાળા છે એથી સર્વલોકનું ગ્રહણ છે. તેના અનુસારથી=સર્વલોકની જિનપ્રતિમાના અનુસરણથી, સર્વ તીર્થંકરોની સાધારણ સ્તુતિ છે. અન્યથા અન્ય કાયોત્સર્ગમાં અન્ય સ્તુતિ છે એ સમ્યક્ નથી; કેમ કે અતિપ્રસંગ છે. એથી સર્વ તીર્થંકરોની સ્તુતિ કહેવાઈ. આ સર્વલોકના સ્થાપના અરિહંતના સ્વરૂપવાળો પાંચમો અધિકાર છે.

હવે જેના વડે તે ભગવાન અને તેમના વડે કહેવાયેલા ભાવો સ્પષ્ટ પ્રાપ્ત થાય છે, પ્રદીપસ્થાનીય એવું તે સમ્યક્ શ્રુત કીર્તન માટે યોગ્ય છે. ત્યાં પણ=શ્રુતના કીર્તનમાં પણ, તેના પ્રણેતુ એવા ભગવાનની તેમાં પ્રથમ સ્તુતિ કરે છે=શ્રુતના કીર્તનમાં પ્રથમ અરિહંત ભગવાનની સ્તુતિ કરે છે.

"પુષ્કરાવર્ત એવો દ્વીપાર્ધ, ધાતકીખંડ અને જંબુદ્વીપ એમાં ભરત, ઐરાવત અને મહાવિદેહમાં ધર્મના આદિકરને હું નમસ્કાર કરું છું." ભરત=ભરતક્ષેત્ર, ઐરવત=ઐરવતક્ષેત્ર, વિદેહ એ ભીમો ભીમસેન એ પ્રકારના ન્યાયથી મહાવિદેહ ક્ષેત્ર. એ રીતે સમાહાર દ્વંદ્વ. તેઓમાં=ભરત-ઐરવત-વિદેહમાં, ધર્મના=શ્રુતધર્મના, આદિ કરનારાઓને=સૂત્રથી પ્રથમ કરવાના સ્વભાવવાળા એવા તીર્થંકરોને, હું નમસ્કાર કરું છું=સ્તુતિ કરું છું. ક્યાં આ ભરત-ઐરવત-મહાવિદેહ ક્ષેત્ર છે ? એથી કહે છે –

પુષ્કરો=પદ્મો, તેનાથી શ્રેષ્ઠ=પુષ્કરવર=પુષ્કરોથી શોભતો પુષ્કરદ્વીપ, તે એવો આ દ્વીપ તે પુષ્કરવરદ્વીપ. ત્રીજો દ્વીપ તેનો અર્ધ=માનુષોત્તરપર્વતથી અર્વાક્ ભાગવર્તી, ત્યાં બે ભરત, બે ઐરવત, બે મહાવિદેહ અને ધાતકીના ખંડો=ધાતકીવૃક્ષનાં વનો છે જેમાં, એ ધાતકીખંડદ્વીપ તેમાં બે ભરત, બે ઐરવત, બે મહાવિદેહ છે. જંબુથી ઉપલક્ષિત અથવા તત્પ્રધાન=જંબુપ્રધાન એવો દ્વીપ જંબુદ્વીપ. અહીં=જંબુદ્વીપમાં, એક ભરત, એક ઐરવત અને એક મહાવિદેહ એ પ્રમાણે આ પંદર કર્મભૂમિ છે. વળી શેષ અકર્મભૂમિ છે. જેને કહે છે. "દેવકુરુ-ઉત્તરકુરુથી અન્યત્ર=દેવકુરુ-ઉત્તરકુરુને છોડીને ભરત-ઐરવત-વિદેહ કર્મભૂમિ છે." (શ્રી તત્ત્વા. અ. ૩-૧૬) અને મહત્તરક્ષેત્રના પ્રાધાન્યનું અંગીકરણ હોવાથી પશ્ચાનુપૂર્વીથી નિર્દેશ છે=ગ્રંથકારશ્રીએ પ્રથમ પુષ્કરાવર્તદ્વીપથી કહેવાનો પ્રારંભ કર્યો છે અને ધર્મનું આદિકરપણું વચનના અપૌરુષેયપણાના નિરાકરણથી જ વ્યક્ત છે અને કહેવાયું છે.

આ અત્યંત વિરુદ્ધ છે. વચન અને અપૌરુષેય.

'ननु'થી કોઈ શંકા કરે છે. આમ હોવા છતાં પણ=વચન ભગવાનથી કહેવાયું છે એમ હોવા છતાં પણ, ધર્મનું આદિકરપણું ભગવાનનું કેમ છે ? અર્થાત્ નથી; કેમ કે તત્પૂર્વ અરિહંતો છે. (આવશ્યકનિર્યુક્તિ ગા. ૫૬૭) એ પ્રકારનું વચન હોવાથી વચનનું અનાદિપણું છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. આ પ્રમાણે નથી; કેમ કે બીજ-અંકુરની જેમ તેની ઉપપત્તિ છે. બીજ-અંકુરની જેમ તેની ઉપપત્તિ કેમ છે ? તેને સ્પષ્ટ કરે છે –

हि=જે કારણથી, બીજથી અંકુરો થાય છે. અંકુરાથી બીજ થાય છે. એ રીતે ભગવાનને પૂર્વજન્મમાં શ્રુતધર્મના અભ્યાસથી તીર્થંકરપણું અને તીર્થને કરનારાઓનું=તીર્થંકરોનું, શ્રુતધર્મનું આદિકરપણું અદુષ્ટ જ છે અને આ રીતે પણ=પૂર્વમાં બીજ-અંકુર ન્યાયથી તીર્થંકરપૂર્વક તીર્થંકર થાય છે એ રીતે પણ, વચનપૂર્વક જ સર્વજ્ઞપણું છે એ પ્રકારનો નિયમ નથી; કેમ કે મરુદેવા માતા આદિમાં વ્યભિચાર છે. એ પ્રમાણે ન કહેવું; કેમ ન કહેવું એથી કહે છે – આ રીતે પણ=મરુદેવામાતાદિ વચન વગર પણ કેવલી થયાં એ રીતે પણ, શબ્દરૂપ વચનપૂર્વકત્વના નિયમનો અભાવ હોવા છતાં પણ અર્થપરિજ્ઞાનરૂપ વચનપૂર્વકત્વના નિયમનું અવ્યાહતપણું છે=અવશ્યભાવિપણું છે, એથી પ્રસંગથી સર્યું.

આ રીતે=પુક્ખરવરદીવઢ્ઢેની પ્રથમ ગાથામાં કહ્યું એ રીતે, શ્રુતધર્મની આદિ કરનાર એવા તીર્થંકરોની સ્તુતિ કહેવાઈ. આ છટ્ઠો અધિકાર છે. હવે શ્રુતધર્મને કહે છે –

"ગાઢ અંધકારના પડલને વિધ્વંસ કરનાર, સુરગણ અને નરેન્દ્રથી પૂજાયેલ, સીમાને ધારણ કરનારા પ્રસ્ફોટિત મોહજાલવાળા એવા શ્રુતધર્મને હું વંદન કરું છું."

तम અજ્ઞાન છે. તે જ=અજ્ઞાન જ, तिमिर છે અથવા બદ્ધસ્પૃષ્ટ અને નિધત્ત એવું જ્ઞાનાવરણીયકર્મ तम છે. निकाचित तिमिर છે=निकाचित જ્ઞાનાવરણીયકર્મ तिमिर છે. ત્યારપછી=तम અને तिमिरનો અર્થ કર્યા પછી સમાસ કહે છે તેને=तम-तिमिर પટલને નાશ કરે છે એવા શ્રુતને હું વંદું છું એમ અન્વય છે. અથવા तम અને तिमिरના पटल=વૃંદ, તેનો વિધ્વંસ કરે છે=વિનાશ કરે છે. એ પ્રમાણે नन्द्यादित्वादने વ્યાકરણના નિયમથી तम-तिमिरના પડલને વિધ્વંસ કરનાર એવા શ્રુતધર્મને હું વંદન કરું છું એમ અન્વય છે. કેમ શ્રુતધર્મ तम-तिमिरના પડલનો નાશ કરે છે ? તેમાં હેતુ કહે છે. અજ્ઞાનના નિરાસથી જ આની=શ્રુતધર્મની, પ્રવૃત્તિ છે. સુરગણ વડે=ચાર પ્રકારના અમરનિકાય વડે, નરેન્દ્રો વડે=ચક્રવર્તીઓ વડે, પૂજિત એવા શ્રુતધર્મને હું વંદન કરું છું એમ અન્વય છે. हि=જે કારણથી, સુરાદિ આગમના મહિમાને કરે જ છે. સીમાને=મર્યાદાને, ધારણ કરે છે. એ 'સીમાધર' તેને=સીમાધર એવા શ્રુતધર્મને હું વંદન કરું છું એમ અન્વય છે. 'શ્રુતધર્મસ્ય' એ વિશેષ્યપદ છે. તેથી કર્મ અર્થમાં દ્વિતીયા છે. અને તેનું 'क्वचिद्द्वितीयादेः' (શ્રી સિદ્ધ. ૮-૩-૧૩૪) એ પ્રકારના પ્રાકૃતસૂત્રથી ષષ્ઠી છે. આથી તેને=પૂર્વોક્ત વિશેષણવાળા શ્રુતધર્મને, હું વંદન કરું છું. અથવા તેનું જે માહાત્મ્ય તેને હું વંદન કરું છું. એ પ્રકારે સંબંધ અર્થમાં ષષ્ઠી છે. અથવા તેને હું વંદન કરું છું એ પ્રમાણે ષષ્ઠી વિભક્તિનો અન્વય છે. પ્રકર્ષથી સ્ફોટિત=વિદારિત મિથ્યાત્વાદિરૂપ મોહજાલ છે. જેના વડે તે તેવું છે=પ્રસ્ફોટિત મોહજાલવાળું

છે. તેને=શ્રુતધર્મને, હું વંદન કરું છું એમ અન્વય છે. હિ=જે કારણથી, શ્રુતધર્મ પ્રાપ્ત થયે છતે વિવેકીપુરુષોની મોહજાલ વિલય પામે જ છે.

આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, શ્રુતધર્મને અભિવંદન કરીને=સ્તુતિ કરીને, તેના જ=શ્રુતધર્મના જ, ગુણ-ઉપદર્શન દ્વારા અપ્રમાદ ગોચરતાને=વિવેકીપુરુષે શ્રુતધર્મમાં અપ્રમાદ કરવો જોઈએ એ પ્રકારની અપ્રમાદ વિષયતાને, બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

"જાતિ=જન્મ, જરા-મરણ-રોગ-શોકનો નાશ કરનાર, પુષ્કળ કલ્યાણ અને વિશાળ સુખને લાવનાર, દેવ-દાનવ-નરેન્દ્ર ગણથી અર્ચિત એવા શ્રુતધર્મના સારને પામીને કોણ પ્રમાદ કરે ?=મૂર્ખ પ્રમાદ કરે."

ધર્મના=શ્રુતધર્મના, સારને=સામર્થ્યને જાણીને, શ્રુતધર્મથી કહેવાયેલા અનુષ્ઠાનમાં કોણ સચેતન પ્રમાદ=અનાદર કરે ? અર્થાત્ કોઈ સચેતન પ્રમાદ કરે નહિ. કેવા પ્રકારના વિશિષ્ટ એવા શ્રુતધર્મને ? એથી કહે છે. જાતિ=જન્મ, જરા=વૃદ્ધાવસ્થા, મરણ=પ્રાણનાશ, શોક=માનસદુઃખવિશેષ, તેનો નાશ કરે છે=દૂર કરે છે, એ જાતિ-જરા-મરણ-શોક પ્રણાશન છે, તેના સારને પામીને કોણ પ્રમાદ કરે ? એમ અન્વય છે. હિ=જે કારણથી, શ્રુતધર્મના અનુષ્ઠાનથી જાત્યાદિ નાશ જ પામે છે. આના દ્વારા= આ જાઈ-જરા... આદિ વિશેષણ દ્વારા, આનું=શ્રુતધર્મનું, અનર્થ પ્રતિઘાતીપણું કહેવાયું. કલ્ય=આરોગ્ય તેને લાવે છે એ કલ્યાણ. પુષ્કલ=સંપૂર્ણ અને તે=સુખ અલ્પ નહિ, પરંતુ વિશાલ=વિસ્તીર્ણ, એવા પ્રકારનું સુખ પ્રાપ્ત કરાવે છે એ કલ્યાણ પુષ્કર વિશાલ સુખને લાવનાર છે તેના સારને પામીને કોણ પ્રમાદ કરે ? એમ અન્વય છે. અને તે રીતે=શ્રુતધર્મના કહેવાયેલા અનુષ્ઠાનથી જાતિ આદિ અનર્થોનું નિવારણ થાય છે અને વિશાળ કલ્યાણ આદિની પ્રાપ્તિ થાય છે એમ પૂર્વમાં કહ્યું તે રીતે, શ્રુતધર્મમાં કહેવાયેલા અનુષ્ઠાનથી પૂર્વમાં કહેવાયેલા લક્ષણવાળું મોક્ષસુખ પ્રાપ્ત કરાય જ છે. અને આના દ્વારા=શ્રુતધર્મ કલ્યાણ આદિને લાવનાર છે એમ કહ્યું એના દ્વારા, આનું=શ્રુતધર્મનું, વિશિષ્ટ અર્થપ્રાપકપણું કહે છે. અને દેવો-દાનવો અને નરેન્દ્રોના સમૂહથી અર્ચિત=પૂજિત, એવા શ્રુતધર્મના સારને પામીને કોણ પ્રમાદ કરે ? એમ અન્વય છે. સુરગણ નરેન્દ્રથી મહિત એ પ્રકારના આનું જ= શ્રુતધર્મનું જ, નિગમન દેવ-દાનવ ઈત્યાદિ છે. અને જે કારણથી આ પ્રમાણે છે=સુરગણ નરેન્દ્ર મહિતનું દેવ-દાનવ ઈત્યાદિ નિગમન છે. આથી કહે છે –

"સિદ્ધ એવા શ્રુતધર્મમાં ભો !=તમે જુઓ, હું પ્રયત્નવાળો છું. જિનમતને નમસ્કાર કરું છું. જે જિનમત પ્રાપ્ત થયે છતે દેવ-નાગ-સુવર્ણ-કિન્નરગણના સમૂહથી સદ્ભાવપૂર્વક અર્ચિત એવા સંયમમાં સદા નંદી છે=સદા સમૃદ્ધિ છે. જત્થ=જ્યાં=જે જિનમતમાં, લોક=જ્ઞાન પ્રતિષ્ઠિત છે. અને આ જગત પ્રતિષ્ઠિત છે=આ જગત જ્ઞેય રૂપે પ્રતિષ્ઠિત છે. અને તે જગત ત્રૈલોક્ય મર્ત્ય અને અસુર રૂપ છે. આવા પ્રકારનો શ્રુતધર્મ શાશ્વત વૃદ્ધિ પામો=સતત વૃદ્ધિ પામો. વિજય પામો. ધર્મ ઉત્તરમાં વૃદ્ધિ પામો=ચારિત્રધર્મની ઉત્તરમાં વૃદ્ધિ પામો."

સિદ્ધ=ફલ અવ્યભિચારથી પ્રતિષ્ઠિત=અવશ્ય ફલ સંપાદન સામર્થ્યવાળું અથવા સિદ્ધ=સકલ નય વ્યાપકપણાને કારણે અને ત્રિકોટિ પરિશુદ્ધપણાને કારણે પ્રખ્યાત, તેમાં=સિદ્ધ એવા શ્રુતધર્મમાં, ભો ! એ શબ્દ અતિશયવાળા મહાત્માને આમંત્રણ અર્થમાં છે. તેનાથી શું પ્રાપ્ત થાય ? એ સ્પષ્ટ કરે

છે. તમે=અતિશયવાળા મહાત્માઓ તમે, જુઓ. હું પ્રયત્નવાળો છું=યથાશક્તિ આટલા કાળ સુધી પ્રકર્ષથી યત્નવાળો છું. અર્થાત્ શ્રુતધર્મના અનુસાર ઉચિત અનુષ્ઠાન કરવામાં યત્નવાળો છું. આ રીતે=પૂર્વમાં કહ્યું કે હું પ્રયત્નવાળો છું એ રીતે, પરસાક્ષી=અતિશયવાળા મહાત્માઓની સાક્ષીએ, પ્રયત્નવાળો થઈને ફરી નમસ્કાર કરે છે. 'નમો જિણમએ' પ્રતીક છે. જિનમતને નમસ્કાર કરું છું. પ્રાકૃત હોવાથી ચતુર્થી અર્થે સપ્તમી છે. સૂત્રમાં કરું છું એ અધ્યાહાર છે તે બતાવવા માટે 'कुर्वे इति शेषः' તેમ કહેલ છે. કઈ રીતે નમસ્કાર કરું છું ? તે સ્પષ્ટ કરતાં કહે છે. પ્રયત્નવાળો થઈને જિનમતને નમસ્કાર કરું છું. એ પ્રકારનો અર્થ છે. અને આ હોતે છતે=પ્રયત્નવાળા થઈને જિનમતને નમસ્કાર કરાયે છતે, નંદિ=સમૃદ્ધિ, સદા= સર્વકાલ, સંયમમાં=ચારિત્રમાં, થાય અને કહેવાયું છે. 'પ્રથમ જ્ઞાન ત્યારપછી દયા' (દશવૈકાલિક-૪-૧૦). કેવા પ્રકારના વિશિષ્ટ એવા સંયમમાં સમૃદ્ધિ થાય ? એથી કહે છે. દેવ-નાગ-સુવર્ણ-કિન્નરના ગણોથી સદ્‌ભૂતભાવ વડે અર્ચિત=હૈયાના સુંદરભાવથી પૂજાયેલા, ચારિત્રમાં સમૃદ્ધિ થાય છે. દેવ વૈમાનિકો છે. નાગ ધરણેન્દ્ર આદિ છે. સુવર્ણ ગરુડાદિ છે. કિન્નરો વ્યંતરવિશેષ છે. શેષનું ઉપલક્ષણ છે. 'देवं' એ પ્રમાણે દેવ ઉપર અનુસ્વાર છંદપૂરણ માટે છે અને તે રીતે=દેવાદિથી સંયમ પૂજાય છે એમ પૂર્વમાં કહ્યું તે રીતે, સંયમવાળા મહાત્માઓ દેવતાઓથી પૂજાય જ છે. જેમાં=જિનમતમાં, જેમાં શું ? લોકનું લોક=જ્ઞાન, પ્રતિષ્ઠિત છે=જિનમતમાં જ્ઞાન પ્રતિષ્ઠિત છે. તદ્‌વશીભૂત છે=જિનમતને વશ જ્ઞાન છે. અને આ જગત જ્ઞેયપણાથી પ્રતિષ્ઠિત છે=જિનમતમાં પ્રતિષ્ઠિત છે. પ્રતિષ્ઠિત શબ્દનો ફરી યોગ છે. કેટલાક મનુષ્યલોકને જ જગત માને છે એથી કહે છે. ત્રૈલોક્ય મર્ત્ય અસુર એવું આ જગત છે. આધાર-આધેયરૂપ છે=ત્રણલોક આધાર છે અને એમાં મર્ત્ય અને અસુર આધેય છે. આ આવા પ્રકારનો ધર્મ=શ્રુતધર્મ, વૃદ્ધિ પામો. 'શાશ્વત' એ ક્રિયાવિશેષણ છે. શાશ્વત=અપ્રચ્યુતિથી વૃદ્ધિ પામો=પરવાદીના વિજયથી વૃદ્ધિ પામો. ધર્મોત્તરં=ધર્મ ઉત્તર=ચારિત્રધર્મ ઉત્તર=જે પ્રમાણે ચારિત્રધર્મ પ્રધાન થાય તે પ્રમાણે વૃદ્ધિ પામો એ અર્થ છે. વૃદ્ધિ પામો એ ફરી કથન મોક્ષાર્થીએ પ્રતિદિવસ જ્ઞાનવૃદ્ધિ કરવી જોઈએ એ પ્રદર્શન માટે છે. અને તે રીતે=જ્ઞાનવૃદ્ધિ પ્રતિદિવસ કરવી જોઈએ તે રીતે, તીર્થંકરનામકર્મના હેતુઓના પ્રતિપાદન કરતાં કહેવાયું. 'અપૂર્વ જ્ઞાનગ્રહણ'=અપૂર્વ જ્ઞાનગ્રહણ તીર્થંકરનામકર્મબંધનું કારણ છે. આ પ્રણિધાન મોક્ષના બીજ જેવું છે. પરમાર્થથી અનાશંસારૂપ જ છે. એ પ્રમાણે પ્રણિધાન કરીને શ્રુતના જ વંદનાર્થે અને કાયોત્સર્ગ અર્થે એક જ વ્યક્તિ બોલે છે અથવા બધા બોલે છે. શું બોલે છે ? એ કહે છે –

સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગ ઇત્યાદિથી માંડીને વોસિરામિ સુધી બોલે છે. અર્થ પૂર્વની જેમ છે. ફક્ત શ્રુતનો=પ્રવચનનો, સામાયિકાદિથી બિંદુસાર પર્યંત પ્રવચનરૂપ ભગવાનનો=યશ માહાત્મ્ય આદિ યુક્ત ભગવાનનો હું કાઉસ્સગ્ગ કરું છું એમ અન્વય છે. ત્યારપછી કાયોત્સર્ગકરણ પૂર્વની જેમ પારીને શ્રુતની સ્તુતિ બોલે છે.

"શ્રુતજ્ઞાનના અર્થરૂપ આ સાતમો અધિકાર છે. અહીં=પુક્ખર-વર-દીવઢ્ઢેસૂત્રમાં પદ-૧૬, સંપદા-૧૬, વર્ણ-૨૦૯ છે." ચોથો દંડક છે.

ભાવાર્થ :-

શ્રાવક ચોવીશે તીર્થંકરની સ્તુતિ કર્યા પછી શ્રુતજ્ઞાન પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય તે અર્થે શ્રુતજ્ઞાનના માહાત્મ્યને દર્શાવનાર 'પુક્ખરવરદીવઢ્ઢે' સૂત્ર બોલે છે. જેમાં પ્રથમ શ્રુતધર્મની આદિને કરનારા અઢીદ્વીપ અંતર્વર્તી થનારા સર્વ તીર્થંકરોને નમસ્કાર કરે છે; કેમ કે તીર્થંકરો શ્રુતધર્મની આદિને કરનારા છે. તેથી જેને શ્રુત પ્રત્યે બહુમાન હોય તેને તે શ્રુતજ્ઞાનની આદિને કરનારા તીર્થંકરો પ્રત્યે ભક્તિ થાય છે અને શ્રાવકને સમ્યક્‌જ્ઞાન છે કે સંસારસમુદ્રમાં રહેલા જીવને માટે સર્વજ્ઞકથિત શ્રુતજ્ઞાન જ તરવાનું પ્રબળ સાધન છે. અને આવા ઉત્તમ શ્રુતની જેઓ આદિને કરનારા છે તેઓ પણ નમસ્કારયોગ્ય છે. માટે પ્રથમ તેઓને નમસ્કાર કર્યા પછી શ્રુતધર્મના માહાત્મ્યનું સ્મરણ બીજી ગાથાથી કરે છે.

શ્રુતધર્મ અંધકારરૂપી કર્મોના પડલને વિધ્વંસ કરનાર છે. આ પ્રકારે બોધ થવાથી ઉપસ્થિતિ થાય છે કે અજ્ઞાનને વશ જ જીવ સર્વ પ્રકારના અનર્થોની પ્રાપ્તિ કરે છે. અને સમ્યક્‌જ્ઞાનને કારણે જીવ પોતાનું અહિતથી રક્ષણ કરી શકે છે અને હિતમાં પ્રવૃત્તિ કરી શકે છે. છતાં સંસારી જીવોનાં જ્ઞાનાવરણીયકર્મ પ્રચુર છે. તેથી સંસારી જીવો પોતાનું હિત જોઈ શકતા નથી. તેવા અજ્ઞાનનો નાશ કરનાર શ્રુતજ્ઞાન છે. વળી આ શ્રુતજ્ઞાન દેવોના સમૂહ અને નરેન્દ્રોથી પૂજાયેલ છે; કેમ કે બુદ્ધિમાન એવા દેવો અને નરેન્દ્રો પણ જાણે છે કે આ શ્રુતજ્ઞાન જ જીવનું એકાંતે હિત છે. તેથી તેઓ પણ સદા સર્વજ્ઞકથિત એવા શ્રુતધર્મની ભક્તિ કરે છે. આથી જ દેવતાઓ પણ હંમેશાં ભગવાનના આગમનાં ગુણગાન કરીને તેની સ્તુતિ કરે છે. આવું ઉત્તમ શ્રુતજ્ઞાન છે; કેમ કે અજ્ઞાનનો નાશ કરનાર છે. અને ઉત્તમપુરુષોથી પૂજાયેલ છે.

વળી, આ શ્રુતધર્મ સીમાને ધારણ કરનાર છે=જીવને ઉચિત પ્રવૃત્તિની મર્યાદાને ધારણ કરાવવામાં પ્રબળ કારણ છે. વળી જેઓ આ શ્રુતધર્મનો આશ્રય કરે છે તેઓ ઉચિતપ્રવત્તિની સીમાને કરનાર બને છે. તેથી તેઓમાં વર્તતા મોહના જાળાનો નાશ કરનાર આ શ્રુતધર્મ છે. આથી જ વિવેકપૂર્વક જેઓ શ્રુતધર્મનું અધ્યયન કરે છે, તેઓને સંસારના વાસ્તવિક સ્વરૂપને જોવામાં બાધક એવા મોહનો નાશ થાય છે. વળી આ શ્રુતધર્મ જીવને માટે કઈ રીતે હિતકારી બને છે ? તે બતાવીને બુદ્ધિમાન પુરુષ તેવા શ્રુતધર્મમાં ક્યારેય પ્રમાદ કરે નહિ તે બતાવવા અર્થે કહે છે --

ભગવાને બતાવેલ શ્રુતધર્મ જન્મ-જરા-મરણ-શોકનો નાશ કરનાર છે. જેનાથી ઉપસ્થિતિ થાય છે કે સંસારમાં વર્તતા સર્વ ઉપદ્રવનો નાશ કરનાર ભગવાને બતાવેલ શ્રુતજ્ઞાન છે. વળી જેમ શ્રુતજ્ઞાન અનર્થોનું નિવારણ કરનાર છે તેમ હિતની પ્રાપ્તિ કરાવનાર છે તે બતાવવા કહે છે. ભગવાને બતાવેલું શ્રુતજ્ઞાન પુષ્કળ કલ્યાણ અને વિશાળ સુખને લાવનાર છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે મહાત્માઓ શ્રુતધર્મથી જેમ જેમ આત્માને વાસિત કરે છે તેમ તેમ તે મહાત્માની ઉત્તમપ્રકૃતિ બને છે. પુણ્યાનુબંધી પુણ્ય સંચય થાય છે. જેનાથી સદ્‌ગતિઓની પરંપરા પ્રાપ્ત થાય છે. જેના કારણે દરેક ભવોમાં વિશાળ સુખ મળે છે અને શ્રુતધર્મથી નિયંત્રિત ઉચિત સાધના કરવાથી સર્વ કર્મોનો ક્ષય થાય છે. જેથી સદા માટે પૂર્ણસુખમય એવી મુક્ત અવસ્થાની પ્રાપ્તિ થાય છે.

વળી આ શ્રુતધર્મ દેવો-દાનવો અને નરેન્દ્રોના સમૂહથી પૂજાયેલો છે; કેમ કે બુદ્ધિમાન એવા દેવો શ્રુતધર્મના માહાત્મ્યને જાણનારા હોવાથી સદા સ્વશક્તિ અનુસાર શ્રુતધર્મને જાણવા યત્ન કરે છે. શ્રુતધર્મને જાણનારા મહાત્માઓની ભક્તિ કરે છે. તેથી પણ નક્કી થાય છે કે ઉત્તમપુરુષોથી સેવાયેલો આ શ્રુતધર્મ છે માટે કલ્યાણનું કારણ છે. અને એવા શ્રુતધર્મના સામર્થ્યને જાણીને કોણ પ્રમાદ કરે ? અર્થાત્ બુદ્ધિહીન જીવો પ્રમાદ કરે. વિચારક ક્યારેય પ્રમાદ કરે નહિ. આ પ્રકારે બોલીને શ્રાવક શ્રુતધર્મ પ્રત્યેના પોતાના રાગની વૃદ્ધિ કરે છે. સદા તેના માહાત્મ્યને હૈયામાં ધારણ કરે છે. અને તેનાથી ઉલ્લસિત થયેલા વીર્યવાળા થઈને શક્તિ અનુસાર શ્રુતને જાણવા માટે પ્રયત્ન કરે છે. જાણીને સ્થિર કરવા યત્ન કરે છે. અને શ્રુતધર્મને સ્થિર કરીને તેનાથી અત્યંત આત્માને વાસિત કરવા યત્ન કરે છે. આ પ્રકારના યત્નને ઉલ્લસિત કરવા માટે જ શ્રાવકો ચૈત્યવંદનમાં શ્રુતધર્મની સ્તુતિ કરીને શ્રુતધર્મથી બતાવાયેલી સર્વ ઉચિત પ્રવત્તિઓમાં અપ્રમાદની વૃદ્ધિ કરે છે.

વળી, આ શ્રુતધર્મ કેવો સર્વોત્તમ છે તે બતાવવાર્થે કહે છે. આ શ્રુતધર્માનુસાર જે પ્રવૃત્તિ કરવામાં આવે તેનું અવશ્ય ફળ મળે તે પ્રકારે સિદ્ધ છે. તેથી એ ફલિત થાય કે સંસારમાં વ્યાપાર કરવાથી ફળ મળે અને અનિપુણતા હોય તો ન મળે, પરંતુ સમ્યક્ રીતે સેવાયેલ શ્રુતધર્મ અવશ્ય આત્મામાં ગુણસંપત્તિ નિષ્પન્ન કરાવીને કલ્યાણની પરંપરાને કરનાર બને છે. તેથી શ્રુતધર્મ ફલના કારણરૂપે પ્રતિષ્ઠિત છે અને તેવા શ્રુતધર્મમાં પોતે યત્નવાળો થયેલો છે છતાં પોતાના યત્નને અતિશય કરવાર્થે શ્રાવક 'ભો' શબ્દથી અતિશયવાળા મહાત્માને સંબોધન કરે છે અને કહે છે કે હે ભગવન ! તમે જુઓ. હું મારી શક્તિ અનુસાર શ્રુતધર્મમાં આટલા સમય સુધી પ્રયત્નવાળો છું. આ રીતે ઉત્તમપુરુષને સન્મુખ કરીને ફરી ભક્તિની વૃદ્ધિ અર્થે કહે છે કે તેવા જિનમતને હું નમસ્કાર કરું છું. આ રીતે નમસ્કાર કરીને પણ શ્રાવક શ્રુત પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ કરે છે. વળી, આ શ્રુતધર્મ કેવો શ્રેષ્ઠ છે ? તેથી કહે છે. જેઓના હૈયામાં આ શ્રુતધર્મ પરિણમન પામેલો છે. તેઓમાં હંમેશાં ચારિત્રની સમૃદ્ધિ થાય છે; કેમ કે 'દશવૈકાલિક આગમ'માં કહ્યું છે કે 'પ્રથમ જ્ઞાન' પછી 'દયા' પ્રાપ્ત થાય છે. તેથી સમ્યક્જ્ઞાન હંમેશાં ચિત્તને પોતાના આત્મા પ્રત્યે દયાળુ બનાવે છે. અને જેને પોતાના આત્માની દયા હોય તે મહાત્મા પોતાના આત્માના અહિતની પરંપરા થાય તેવી પ્રવૃત્તિ કરે નહિ, પરંતુ સદા ઉત્તમ ચારિત્રમાં યત્ન કરીને પોતાના આત્માનું કષાયોથી રક્ષણ કરે છે. માટે શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થવાથી સદા સંવરભાવની સમૃદ્ધિ થાય છે. જે સંવરભાવરૂપ ચારિત્ર, દેવતાદિથી પૂજાયેલું છે; કેમ કે ઉત્તમ શ્રુતને પામીને જે મહાત્માઓ ચારિત્રની પરિણતિવાળા થયા છે, તેઓ દેવતાઓથી પણ હંમેશાં પૂજાય છે. આ પ્રકારે સ્તુતિ કરવાથી શ્રાવકના ચિત્તમાં તે ઉત્તમ શ્રુત પ્રત્યે સતત પ્રવર્ધમાન ભક્તિ થાય છે. જેના બળથી હંમેશાં અપ્રમાદભાવપૂર્વક શ્રુતધર્મના રહસ્યને જાણવા યત્ન થાય છે. અને જાણીને તે શ્રુતધર્મને આત્મામાં સ્થિર કરવા શ્રાવકાદિ યત્ન કરે છે. જેથી સર્વ કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે.

વળી આ જિનમત કેવો છે ? તે બતાવવા અર્થે કહે છે. જે જિનમતમાં સમ્યક્જ્ઞાન પ્રતિષ્ઠિત છે અર્થાત્ જેઓ જિનમતને સમ્યક્ જાણવા યત્ન કરે છે, તેઓને અવશ્ય સંસારના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થાય છે અને પોતાના આત્માના હિતનું જ્ઞાન થાય છે. વળી, આ જિનમતમાં આ જગત જ્ઞેય સ્વરૂપ પ્રતિષ્ઠિત છે.

તેથી જગતની જે પ્રકારની વ્યવસ્થા છે તે વ્યવસ્થાને પ્રકાશન કરનારું ભગવાનનું શ્રુતજ્ઞાન છે. વળી, આ જગત ત્રણલોક સ્વરૂપ છે. જેની અંદરમાં મર્ત્ય-અસુર આધેયરૂપ છે. તેવા જગતના સ્વરૂપને જિનમત યથાર્થ પ્રકાશન કરે છે. આ રીતે જિનમતની ઉપસ્થિતિ કર્યા પછી શ્રુતધર્મ પ્રત્યે ભક્તિના અતિશય અર્થે કહેવાય છે કે આવા પ્રકારનો શ્રુતધર્મ શાશ્વત વૃદ્ધિને પામો. અર્થાત્ જગતમાં આ શ્રુતધર્મ વિસ્તારને પામો. જેથી ઘણા જીવોને હિતની પ્રાપ્તિ થાય. વળી, પોતાને પણ શ્રુતના બળથી ચારિત્ર પ્રાપ્ત થયેલું હોય તોપણ ચારિત્રધર્મના ઉત્તરમાં શ્રુતધર્મની વૃદ્ધિ પ્રાપ્ત થાઓ; કેમ કે મોક્ષના અર્થીએ પ્રતિદિન શ્રુતજ્ઞાનની વૃદ્ધિ કરવી જોઈએ; જેથી પ્રગટ થયેલું ચારિત્ર પણ વિશુદ્ધ-વિશુદ્ધતર થઈ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષપકશ્રેણીનું કારણ બને.

વળી, આ શ્રુતધર્મ જેઓ સદા સેવે છે તેઓ તીર્થંકર નામકર્મને બાંધે છે; કેમ કે અપૂર્વ જ્ઞાનગ્રહણ તીર્થંકર નામકર્મના બંધનું કારણ છે. માટે બુદ્ધિમાને સદા શ્રુતધર્મમાં યત્ન કરવો જોઈએ. આ પ્રકારે પ્રસ્તુત સૂત્રથી શ્રાવક મોક્ષના બીજ જેવા પ્રણિધાનને કરીને તે શ્રુતધર્મના વંદન માટે અને કાયોત્સર્ગ કરવા માટે 'સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં' ઇત્યાદિ બોલે છે. જેથી શ્રુત ભગવાનનાં વંદન-પૂજન-સત્કાર-સન્માન કરીને તેના ઉત્તમફળની આશંસા પ્રસ્તુત કાયોત્સર્ગથી કરે છે.

ટીકા :-

ततश्चानुष्ठानपरम्पराफलभूतेभ्यः सिद्धेभ्यो नमस्कारकरणायेदं पठति पठन्ति वा ।

"सिद्धाणं बुद्धाणं, पारगयाणं परंपरगयाणं ।
लोअग्गमुवगयाणं, नमो सया सव्वसिद्धाणं।।१।।"

सिद्ध्यन्ति स्म सिद्धाः, ये येन गुणेन निष्पन्ना परिनिष्ठिताः सिद्धौदनवत्र पुनः साधनीया इत्यर्थः, तेभ्यो नम इति योगः, ते च सामान्यतः कर्मादिसिद्धा अपि भवन्ति, यथोक्तम्–

"कम्मे सिप्पे य विज्जा य मंते जोगे य आगमे ।
अत्थ-जत्ता अभिप्पाए, तवे कम्मक्खए इय ।।१।।"

तत्र कर्माचार्योपदेशरहितं भारवहनकृषिवाणिज्यादि, तत्र सिद्धः परिनिष्ठितः सह्यगिरिसिद्धवत् । शिल्पं त्वाचार्योपदेशजं तत्र सिद्धः कोकासवार्द्धकिवत् । विद्या जपहोमादिना फलदा, मन्त्रो जपादिरहितः पाठमात्रसिद्धः, स्त्रीदेवताधिष्ठाना(वा)विद्या, पुरुषदेवताधिष्ठानस्तु मन्त्रः, तत्र विद्यासिद्धः आर्यखपुटवत्, मन्त्रसिद्धः स्तम्भाकर्षकवत् । योग औषधिसंयोगः तत्र सिद्धो योगसिद्धः आर्यसमितवत् । आगमो द्वादशाङ्गं प्रवचनं तत्रासाधारणार्थावगमात्सिद्धः आगमसिद्धो गौतमवत् । अर्थो धनं स इतरासाधारणो यस्य सोऽर्थसिद्धो मम्मणवणिग्वत् । जले स्थले वा यस्याविघ्ना यात्रा स यात्रासिद्धः तुण्डिकवत् । यमर्थमभिप्रैति तमर्थं तथैव यः साधयति सोऽभिप्रायसिद्धोऽभयकुमारवत् । यस्य सर्वोत्कृष्टं तपः स

तपःसिद्धो दृढप्रहारिवत् । यः कर्मक्षयेण ज्ञानावरणीयाद्यष्टकर्मनिर्मूलनेन सिद्धः स कर्मक्षयसिद्धो मरुदेवीवत् । अतः कर्मादिसिद्धव्यपोहेन कर्मक्षयसिद्धपरिग्रहार्थमाह 'बुद्धेभ्यः' अज्ञाननिद्राप्रसुप्ते जगति अपरोपदेशेन जीवादिरूपं तत्त्वं बुद्धवन्तो बुद्धाः बुद्धत्वानन्तरं कर्मक्षयं कृत्वा सिद्धा इत्यर्थः, तेभ्यः ।

एते च संसारनिर्वाणोभयपरित्यागस्थितिमन्तः कैश्चिदिष्यन्ते,

"न संसारे न निर्वाणे, स्थितो भ(भु)वनभूतये ।
अचिन्त्यः सर्वलोकानां, चिन्तारत्नाधिको महान् ।।१।।"

इति वचनात्, एतन्निरासायाह–'पारगतेभ्यः' पारं पर्यन्तं संसारस्य प्रयोजनव्रातस्य वा गताः पारगतास्तेभ्यः ।

एते च यदृच्छावादिभिः कैश्चिद्दरिद्रराज्याप्तिवदक्रमसिद्धत्वेनाभिधीयन्ते, तद्व्युदासार्थमाह– 'परंपरगयाणं' परम्परया चतुर्दशगुणस्थानक्रमारोहरूपया अथवा कथञ्चित्कर्मक्षयोपशमादिसामग्र्या सम्यग्दर्शनम्, तस्मात् सम्यग्ज्ञानम्, तस्मात् सम्यक्चारित्रमित्येवंभूतया 'गताः' मुक्तिस्थानं प्राप्ताः परम्परागतास्तेभ्यः ।

एते च कैश्चिदनियतदेशा अभ्युपगम्यन्ते–

"यत्र क्लेशक्षयस्तस्य, विज्ञानमवतिष्ठते ।
बाधा च सर्वथास्येह, तदभावान्न जातुचिद् ।।१।।"

इति वचनात्, एतन्निरासायाह–'लोकाग्रमुपगतेभ्यः' लोकाग्रमीषत्प्राग्भाराख्यायाः पृथिव्या उपरि क्षेत्रं तदुपसामीप्येन तदपराभिन्नदेशतया निःशेषकर्मक्षयपूर्वकं गताः=प्राप्ताः, उक्तं च–

"जत्थ य एगो सिद्धो, तत्थ अणंता भवक्खयविमुक्का ।
'अण्णोण्णमणाबाहं, चिट्ठंति सुही सुहं पत्ता ।।१।।" **[आवश्यकनिर्युक्तौ ९७५] तेभ्यः ।**

ननु क्षीणकर्मणो जीवस्य कथं लोकाग्रं यावद् गतिः? उच्यते, पूर्वप्रयोगादियोगात् ।

"पूर्वप्रयोगसिद्धेर्बन्धच्छेदादसङ्गभावाच्च ।
गतिपरिणामाच्च तथा, सिद्धस्योर्ध्वं गतिः सिद्धा ।।१।।" **[प्रशमरतौ २९५]**

ननु सिद्धक्षेत्रात्परतोऽधस्तिर्यग्वा कस्मान्न गच्छति? अत्राप्युक्तम्–

"नाधो गौरवविगमादसङ्गभावाच्च गच्छति विमुक्तः ।
लोकान्तादपि न परं, प्लवक इवोपग्रहाभावात् ।।१।।

योगप्रयोगयोश्चाभावात्तिर्यग्न तस्य गतिरस्ति ।

तस्मात्सिद्धस्योर्ध्वं, ह्यालोकान्ताद् गतिर्भवती ।।२।।" **[प्रशमरतौ २९३-४] ति ।**

'नमः सदा सर्वसिद्धेभ्यः' नमोऽस्तु सदा सर्वकालम्, सर्वसिद्धेभ्यः सर्वं साध्यं सिद्धं येषां ते सर्वसिद्धास्तेभ्यः, अथवा सर्वसिद्धेभ्यः तीर्थसिद्धादिभेदेभ्यः, यथोक्तम्–

"तित्थसिद्धा, अतित्थसिद्धा, तित्थयरसिद्धा, अतित्थयरसिद्धा, सयंबुद्धसिद्धा, पत्तेयबुद्धसिद्धा, बुद्धबोहिअसिद्धा, थीलिंगसिद्धा, पुरिसलिंगसिद्धा, नपुंसगलिंगसिद्धा, सलिंगसिद्धा, अन्नलिंगसिद्धा, गिहिलिंगसिद्धा, एगसिद्धा, अणेगसिद्धा" । **[प्रज्ञापनासूत्रे १।१६] ।।**

तत्र तीर्थे चतुर्विधश्रमणसङ्घे उत्पन्ने सति ये सिद्धास्ते तीर्थसिद्धाः ।

अतीर्थे जिनान्तरे साधुव्यवच्छेदे सति जातिस्मरणादिना अवाप्तापवर्गमार्गाः सिद्धा अतीर्थसिद्धाः, मरुदेवीप्रभृतयो वा तदा तीर्थस्यानुत्पन्नत्वात् ।

तीर्थकरसिद्धाः तीर्थकरत्वमनुभूय सिद्धाः ।

अतीर्थकरसिद्धाः सामान्यकेवलित्वे सति सिद्धाः ।

स्वयंबुद्धाः सन्तो ये सिद्धाः ते स्वयंबुद्धसिद्धाः ।

प्रत्येकबुद्धाः सन्तो ये सिद्धास्ते प्रत्येकबुद्धसिद्धाः, स्वयंबुद्धप्रत्येकबुद्धयोश्च बोध्युपधिश्रुत-लिङ्गकृतो विशेषः, स्वयंबुद्धा बाह्यप्रत्ययमन्तरेण बुध्यन्ते, प्रत्येकबुद्धाः पुनर्बाह्यप्रत्ययेन वृषभादिना करकण्डवादिवत्, उपधिस्तु स्वयंबुद्धानां पात्रादिर्द्वादशधा, प्रत्येकबुद्धानां प्रावरणवर्जो नवविधः स्वयंबुद्धानां पूर्वाधितश्रुते न नियमः, प्रत्येकबुद्धानां तु नियमतो भवत्येव, लिङ्गप्रतिपत्तिस्तु स्वयंबुद्धानां गुरुसन्निधावपि भवति, प्रत्येकबुद्धानां देवता लिङ्गं प्रयच्छति । बुद्धा आचार्या अवगततत्त्वाः तैर्बोधिताः सन्तो ये सिद्धास्ते बुद्धबोधितसिद्धाः ।

एते च सर्वेऽपि केचित् स्त्रीलिङ्गसिद्धाः, केचित्पुँल्लिङ्गसिद्धाः, केचिन्नपुंसकलिङ्गसिद्धाः, ननु तीर्थकरा अपि किं स्त्रीलिङ्गसिद्धा भवन्ति? भवन्त्येव, यत उक्तं सिद्धप्राभृते–'सव्वथोवा तित्थयरिसिद्धा, तित्थयरितित्थे नोतित्थयरसिद्धा असंखेज्जगुणा, तित्थयरितित्थे नोतित्थयरिसिद्धाओ असंखेज्जगुणाओ, तित्थयरतित्थे णोतित्थयरसिद्धा संखेज्जगुणा' [ ]

नपुंसकलिङ्गसिद्धास्तु तीर्थकरसिद्धा न भवन्त्येव, प्रत्येकबुद्धसिद्धास्तु पुँल्लिङ्गसिद्धा एव ।

स्वलिङ्गेन रजोहरणादिना द्रव्यलिङ्गेन सिद्धाः स्वलिङ्गसिद्धाः ।

अन्येषां परिव्राजकादीनां लिङ्गेन सिद्धा अन्यलिङ्गसिद्धाः ।

गृहिलिङ्गसिद्धा मरुदेव्यादयः ।

एकैकस्मिन् समये एकाकिनः सिद्धाः एकसिद्धा ।

एकस्मिन् समये अष्टोत्तरं शतं यावत् सिद्धा अनेकसिद्धाः । यत उक्तम्–

"बत्तीसा अडयाला, सट्ठी बावत्तरी अ बोद्धव्वा ।
चुलसीई छन्नउई, दुरहियमट्ठुत्तरसयं च ।।१।।" **[जीवसमासे २४९, बृहत्संग्रहण्याम् ३३३]**

नन्वेते सिद्धभेदा आद्ययोस्तीर्थसिद्धाऽतीर्थसिद्धयोरेवान्तर्भवन्ति, तीर्थकरसिद्धादयो हि तीर्थसिद्धाः स्युरतीर्थसिद्धा वेति? सत्यम्, सत्यप्यन्तर्भावे पूर्वभेदद्वयादेवोत्तरभेदाप्रतिपत्तेरज्ञातज्ञापनार्थं भेदाभिधानमदुष्टमिति एष सिद्धस्तुतिरूपोऽष्टमोऽधिकारः ।

इत्थं सामान्येन सर्वसिद्धनमस्कारं कृत्वा आसन्नोपकारित्वाद्वर्त्तमानतीर्थाधिपतेः श्रीमन्महावीरवर्द्धमानस्वामिनः स्तुतिं करोति–

"जो देवाणवि देवो, जं देवा पंजली नमंसंति ।
तं देवदेवमहिअं, सिरसा वंदे महावीरं।।२।"

'यो' भगवान्महावीरो 'देवानामपि' भवनवास्यादीनां पूज्यत्वाद्देवः, अत एवाह–'यं देवाः' 'प्राञ्जलयो' विनयरचितकरसम्पुटाः सन्तो 'नमस्यन्ति' प्रणमन्ति 'तं' भगवन्तं 'देवदेवैः' शक्रादिभिः 'महितं' पूजितं 'वन्दे' 'शिरसा' उत्तमाङ्गेन, आदरप्रदर्शनार्थं चैतत्, कं तम्? 'महावीरं' विशेषेण ईरयति कर्म गमयति याति वा शिवमिति वीरः, महांश्चासौ वीरश्च महावीरस्तम्, इत्थं स्तुतिं कृत्वा पुनः परोपकारायात्मभाववृद्धये च फलप्रदर्शनपरमिदं पठति–

"एक्कोवि नमुक्कारो, जिणवरवसहस्स वद्धमाणस्स ।
संसारसागराओ, तारेइ नरं व नारिं वा।।३।।"

एकोऽप्यासतां बहवो नमस्काराः, नमस्कारो द्रव्यभावसङ्कोचलक्षणो 'जिनवरवृषभाय' जिनाः श्रुतावधिजिनादयस्तेषां वराः केवलिनस्तेषां वृषभस्तीर्थकरनामकर्मोदयादुत्तमो जिनवरवृषभस्तस्मै, स च ऋषभादिरपि भवतीत्याह–'वर्धमानाय' यत्नात् कृतः सन्नितिशेषः, किम्? संसरणं संसारस्तिर्यग्नरनारकामरभवानुभवलक्षणः स एव भवस्थितिकायस्थितिभ्यामनेकधाऽवस्थानेनालब्धपारत्वात्सागर इव संसारसागरस्तस्मात्तारयतीति पारं नयतीत्यर्थः, कमित्याह–'नरं वा नारीं वा', नरग्रहण पुरुषोत्तमधर्मप्रतिपादनार्थम्, नारीग्रहणं तासामपि तद्भव एव संसारक्षयो भवतीति ज्ञापनार्थं, यथोक्तं यापनीयतन्त्रे–

નો खलु इत्थी अजीवो, न यावि अभव्वा, न यावि दंसणविरोहिणी, नो अमाणुसा, नो अणायरिउप्पन्ना, नो असंखेज्जाउया, अइकूरमई, नो न उवसंतमोहा, नो अशुद्धाचारा, नो असुद्धबुंदी, नो ववसायवज्जिया, नो अपुव्वकरणविरोहिणी, नो नवगुणट्ठाणरहिया, नो अजोग्गा लद्धीए, नो अकल्लाणभायणं ति, कहं न उत्तमधम्मस्स साहगत्ति' [ ]

अयमत्र भावः-सति सम्यग्दर्शने परया भावनया क्रियमाण एकोऽपि नमस्कारस्तथाभूतस्याध्यवसायस्य हेतुर्भवति, यथाभूतात् श्रेणिमवाप्य निस्तरति भवमहोदधिमिति, अतः कार्ये कारणोपचारादेवमुच्यते, नच चारित्रस्य वैफल्यम्, तथाभूताध्यवसायस्यैव चारित्ररूपत्वादिति एष नवमोऽधिकारः ।

एतास्तिस्रः स्तुतयो गणधरकृतत्वान्नियमेनोच्यन्ते, केचित्तु अन्ये अपि स्तुती पठन्ति, यदाहावश्यक-चूर्णिकृत्-'सेसा जहिच्छाए'-[ ] त्ति ते यथा-

"उज्जितसेलसिहरे, दिक्खा नाणं निसीहियां जस्स ।
तं धम्मचक्कवट्टिं, अरिट्ठनेमिं नमंसामि ।।४।।" **कण्ठ्या ।**

नवरं 'निसीहिअत्ति' सर्वव्यापारनिषेधात् नैषेधिकी मुक्तिः, एष दशमोऽधिकारः ।

"चत्तारि अट्ठ दस दो य वंदिआ जिणवरा चउव्वीसं ।
परमट्ठनिट्ठिअट्ठा, सिद्धा सिद्धिं मम दिसंतु ।।५।।"

'परमट्ठनिट्ठिअट्ठत्ति' परमार्थेन न कल्पनामात्रेण, निष्ठिता अर्था येषां ते तथा, शेषं व्यक्तम्, एष एकादशोऽधिकारः १ ।

"संपय पयप्पमाणा, इह वीस बिहुत्तरं च वण्णसयं ।
पणिवायदंडगाइसु, पंचमओ दंडओ अ इमो ।।१।।"

टीकार्थ :-

ततश्चानुष्ठान ..... अ इमो । त्यारपछी अनुष्ठानની પરંપરાના ફલભૂત એવા સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરવા માટે આ=આગળમાં કહેવાય છે એ સૂત્ર, એક શ્રાવક બોલે છે અથવા બધા શ્રાવક બોલે છે.

"સિદ્ધ, બુદ્ધ, પારગત, પરંપરાગત, લોકના અગ્રભાવને પામેલા સર્વ સિદ્ધોને હું સદા નમસ્કાર કરું છું."

જેઓ સિદ્ધ થયેલા છે તે સિદ્ધ. જેઓ જે ગુણથી નિષ્પન્ન થયેલા છે=પરિનિષ્ઠિત છે, સિદ્ધ થયેલા ઓદનની જેમ=રંધાયેલા ભાતની જેમ, ફરી સાધનીય નથી. તેઓને=સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરું છું એમ યોગ છે=સંબંધ છે. અને તે સામાન્યથી કર્માદિ સિદ્ધો પણ હોય છે. જે પ્રમાણે કહેવાયું છે.

"કર્મમાં, શિલ્પમાં, વિદ્યામાં, મંત્રમાં, યોગમાં, આગમમાં, અર્થમાં, યાત્રામાં, અભિપ્રાયમાં, તપમાં અને કર્મક્ષયમાં આ=સિદ્ધો હોય છે."

ત્યાં=કર્માદિ સિદ્ધોમાં, કર્મઆચાર્યના ઉપદેશથી રહિત ભારવહન-કૃષિ-વાણિજ્ય આદિ છે, ત્યાં સિદ્ધ=પરિનિષ્ઠિત સહ્યગિરિ સિદ્ધની જેમ છે. વળી, શિલ્પ આચાર્યના ઉપદેશથી થનારું છે, ત્યાં સિદ્ધ કોકાસ વાર્ધકીની જેમ=કોકાસ નામના સુથારની જેમ છે. વિદ્યા જપ-હોમાદિ દ્વારા ફલને દેનારી છે. મંત્ર, જયાદિ રહિત પાઠ માત્ર સિદ્ધ છે. વળી સ્ત્રીદેવતા અધિષ્ઠાન વિદ્યા છે. વળી પુરુષદેવતા અધિષ્ઠાન મંત્ર છે. ત્યાં=વિદ્યા-મંત્રમાં, વિદ્યાસિદ્ધ આર્યખપુટની જેમ છે, મંત્રસિદ્ધ સ્તમ્ભ આકર્ષકની જેમ છે. યોગ ઔષધિનો સંયોગ છે, ત્યાં=યોગમાં, સિદ્ધ યોગસિદ્ધ છે, આર્યસમિતની જેમ. આગમ દ્વાદશાંગ પ્રવચન છે, ત્યાં=દ્વાદશાંગ પ્રવચનમાં, અસાધારણ અર્થના બોધથી સિદ્ધ આગમસિદ્ધ છે, ગૌતમસ્વામીની જેમ. અર્થ ધન છે. તે=અર્થ, બીજા કરતાં અસાધારણ જેની પાસે છે તે અર્થસિદ્ધ છે, મમ્મણવણિકની જેમ. જલમાં અથવા સ્થલમાં જેની અવિઘ્નયાત્રા છે તે યાત્રા સિદ્ધ છે, તુંડીકની જેમ. જે અર્થને ઇચ્છે છે તે અર્થને તે પ્રકારે સાધે છે તે અભિપ્રાયસિદ્ધ છે, અભયકુમારની જેમ. જેને સર્વોત્કૃષ્ટ તપ છે તે તપસિદ્ધ છે, દૃઢપ્રહારીની જેમ. જે કર્મક્ષયથી= જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મના નિર્મૂલનથી સિદ્ધ છે તે કર્મક્ષયસિદ્ધ છે, મરુદેવીની જેમ. આથી=અનેક પ્રકારની સિદ્ધો છે. આથી કર્માદિ સિદ્ધના વ્યપોહથી=કર્માદિ સિદ્ધના ત્યાગથી, કર્મક્ષય સિદ્ધના ગ્રહણ માટે કહે છે. 'बुद्धेभ्यः' અજ્ઞાન નિદ્રામાં સુપ્ત જગત હોતે છતે અપરોપદેશથી જીવાદિ તત્ત્વના બોધવાળા બુદ્ધ બુદ્ધપણાના અનંતર=કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી કર્મક્ષયને કરીને સિદ્ધ થયેલા એવા બુદ્ધ એ પ્રકારનો અર્થ છે. તેઓને=તેવા બોધવાળાને, હું નમસ્કાર કરું છું એમ અન્વય છે. અને આ=સિદ્ધ અને બુદ્ધ એવા જીવો, સંસાર અને નિર્વાણ ઉભયના પરિત્યાગની સ્થિતિવાળા કેટલાક ઇચ્છે છે; કેમ કે "સંસારમાં સ્થિત નથી નિર્વાણમાં સ્થિત નથી. ભુવનની ભૂતિ માટે=ભુવનના કલ્યાણ માટે, અચિંત્ય સર્વ લોકના ચિંતારત્નથી અધિક, મહાન છે." **એ પ્રકારનું વચન છે. તેના નિરાસ માટે=કેટલાક માને છે કે સિદ્ધના જીવો સંસાર અને નિર્વાણ ઉભયના પરિત્યાગવાળા છે તે મતના નિરાસ માટે, કહે છે. "पारगतेभ्यः" સંસારના પારને=સંસારના પર્યંતને અથવા પ્રયોજનના સમૂહના પર્યંતને પામેલા પારગત તેઓને નમસ્કાર કરું છું એમ અન્વય છે.**

અને આ=સંસારના પારને પામેલા સિદ્ધભગવંતો, કેટલાક યદૃચ્છવાદીઓ વડે દરિદ્રને રાજ્ય પ્રાપ્તિની જેમ અક્રમ સિદ્ધપણાથી સ્વીકારાય છે. તેના નિરાસ માટે કહે છે. 'परंपरगयाणं' પરંપરાથી=ચૌદ ગુણસ્થાનકના ક્રમના આરોહરૂપ પરંપરાથી અથવા કોઈક રીતે કર્મક્ષયોપશમાદિની સામગ્રી દ્વારા સમ્યગ્દર્શન, તેનાથી=સમ્યગ્દર્શનથી, સમ્યગ્જ્ઞાન તેનાથી સમ્યગ્ચારિત્ર, આવા પ્રકારની પરંપરાથી, મુક્તિ સ્થાનને પામેલા, તે પરંપરાગત છે તેઓને નમસ્કાર કરું છું એમ અન્વય છે.

અને આ=પરંપરાથી મોક્ષમાં ગયેલા જીવોને, કેટલાક અનિયત દેશવાળા સ્વીકારે છે; કેમ કે "જેમાં ક્લેશનો ક્ષય છે. તેને વિજ્ઞાન પ્રાપ્ત થાય છે. અને આમને=ક્લેશનો ક્ષય છે જેમને એવા આમને, સર્વથા બાધા અહીં

ક્યારેય નથી; કેમ કે તેનો અભાવ છે=બાધા કરનાર ક્લેશનો અભાવ છે." **એ પ્રકારનું વચન છે. આના નિરાસ માટે=ક્લેશ રહિત જીવો સર્વત્ર રહે છે એના નિરાસ માટે કહે છે. "लोकाग्रमुपगतेभ्यः"=લોકના અગ્રભાગને પામેલા જીવોને નમસ્કાર કરું છું એમ અન્વય છે. લોકનો અગ્રભાગ ઈષત્ પ્રાગ્ભાર નામની પૃથ્વીની ઉપર ક્ષેત્ર, તદુપ=તે ક્ષેત્રના ઉપ અર્થાત્ સામીપ્યથી તદ્ અપરની સાથે અભિન્ન દેશપણાથી=તે ક્ષેત્રમાં રહેલા અન્ય સિદ્ધના જીવોની સાથે અભિન્ન દેશપણાથી, નિઃશેષ કર્મક્ષયપૂર્વક ગત=તે ક્ષેત્રને પ્રાપ્ત, લોકાગ્ર ઉપગત છે અને કહેવાયું છે.**

"જ્યાં એક સિદ્ધ છે ત્યાં અનંતા ભવક્ષય વિમુક્ત અન્યોન્ય અબાધાવાળા સુખને પામેલા સુખી રહે છે." **(આવશ્યકનિર્યુક્તિ-૯૭૫) તેઓને=સર્વ કર્મક્ષયથી લોકના અગ્રભાગના ક્ષેત્રને પામેલા જીવોને, નમસ્કાર કરું છું એમ અન્વય છે.**

'ननु'થી શંકા કરે છે. ક્ષીણકર્મવાળા જીવોની લોકાગ્ર સુધી ગતિ કેમ થાય ? એથી ઉત્તર આપે છે. પૂર્વપ્રયોગાદિના યોગથી ગતિ થાય છે.

"પૂર્વપ્રયોગની સિદ્ધિથી બંધના છેદથી અને અસંગભાવથી તથા ગતિપરિણામથી તે પ્રકારની સિદ્ધની ઊર્ધ્વગતિ સિદ્ધ છે." **(પ્રશમરતિ-૨૯૫)**

'ननु'થી શંકા કરે છે. સિદ્ધક્ષેત્રથી આગળ નીચે અથવા તિર્છી કેમ ગતિ થતી નથી ? અને અહીં પણ=આ શંકામાં પણ કહેવાયું છે.

"નીચે ગતિ નથી; કેમ કે ગૌરવનો વિગમ છે=કર્મના ભારરૂપ ગૌરવનો વિગમ છે અને અસંગભાવ છે=કર્મના સંગ વગરના છે. મુક્ત થયેલા લોકાંતથી પણ પર જતા નથી; કેમ કે પ્લવકની જેમ=દરિયામાં રહેલા તુંબડાની જેમ ઉપગ્રહનો અભાવ છે. અર્થાત્ દરિયામાં રહેલા તુંબડાને સપાટીથી ઉપરમાં જવા માટે અધિક જલનો અભાવ છે તેમ સિદ્ધના જીવોને ઉપરમાં જવા માટે ગતિમાં સહાયક ધર્માસ્તિકાયનો અભાવ છે. માટે ઉપરમાં જતા નથી એમ અન્વય છે." ।।૧।।

"યોગ અને પ્રયોગનો અભાવ હોવાથી તેઓની=સિદ્ધના જીવોની, તિર્છીગતિ નથી. તે કારણથી સિદ્ધના જીવની આલોકના અંત સુધી ગતિ થાય છે." ।।૨।। **(પ્રશમરતિ-૨૯૩-૨૯૪)**

સદા સર્વસિદ્ધોને=સર્વકાલ સર્વસિદ્ધોને નમસ્કાર થાઓ. સર્વ સાધ્યસિદ્ધ છે જેઓને તે સર્વસિદ્ધ છે તેઓને અથવા સર્વસિદ્ધોને=તીર્થસિદ્ધ આદિ ભેદવાળા સર્વસિદ્ધોને, નમસ્કાર થાઓ એમ અન્વય છે. જે કારણથી કહેવાયું છે.

"તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ, તીર્થકરસિદ્ધ અતીર્થકરસિદ્ધ, સ્વયંબુદ્ધસિદ્ધ, પ્રત્યેકબુદ્ધસિદ્ધ, બુદ્ધબોધિતસિદ્ધ, સ્ત્રીલિંગસિદ્ધ, પુરુષલિંગસિદ્ધ, નપુસંકલિંગસિદ્ધ, સલિંગસિદ્ધ=સ્વલિંગસિદ્ધ, અન્યલિંગસિદ્ધ, ગૃહસ્થલિંગસિદ્ધ, એકસિદ્ધ, અનેકસિદ્ધ" (સિદ્ધના આ ૧૫ ભેદો છે.) **(પ્રજ્ઞાપનાસૂત્ર ૧/૧૬)**

ત્યાં=સિદ્ધના ભેદોમાં,

૧. તીર્થ થયે છતે=ચતુર્વિધ શ્રમણ સંઘ ઉત્પન્ન થયે છતે, જેઓ સિદ્ધ થયા તે 'તીર્થસિદ્ધ' છે.

૨. અતીર્થ હોતે છતે=જિનાંતરમાં સાધુનો વ્યવચ્છેદ થયે છતે, જાતિસ્મરણાદિ વડે પ્રાપ્ત થયેલા મોક્ષમાર્ગવાળા સિદ્ધ અતીર્થસિદ્ધ છે. અથવા મરુદેવા વગેરે અતીર્થસિદ્ધ છે; કેમ કે ત્યારે=મરુદેવામાતા સિદ્ધ થયા ત્યારે, તીર્થનું અનુત્પન્નપણું છે.

૩. તીર્થંકરસિદ્ધ=તીર્થંકરપણાનો અનુભવ કરીને સિદ્ધ થયેલા તીર્થંકરસિદ્ધ છે.

૪. અતીર્થંકરસિદ્ધ=સામાન્ય કેવલીપણું હોતે છતે સિદ્ધ થયા છે.

૫. સ્વયંબુદ્ધસિદ્ધ=સ્વયંબુદ્ધ છતાં જે સિદ્ધો છે તે સ્વયંબુદ્ધસિદ્ધ.

૬. પ્રત્યેકબુદ્ધસિદ્ધ=પ્રત્યેકબુદ્ધ છતાં જે સિદ્ધો છે તે પ્રત્યેકબુદ્ધસિદ્ધ છે.

સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધનો બોધિ-ઉપધિ-શ્રુત અને લિંગ કૃત વિશેષ છે=ભેદ છે. સ્વયંબુદ્ધ જીવો બાહ્ય પ્રત્યય વગર=બાહ્ય નિમિત્ત વગર બોધ પામે છે. વળી, પ્રત્યેકબુદ્ધો બાહ્ય નિમિત્ત વૃષભાદિથી બોધ પામે છે. કરકંડુ આદિની જેમ. વળી ઉપધિ સ્વયંબુદ્ધોને પાત્રાદિ-૧૨ પ્રકારની છે. પ્રત્યેકબુદ્ધ સાધુઓને પ્રાવરણને છોડીને નવ પ્રકારની છે. સ્વયંબુદ્ધ સાધુઓને પૂર્વ ભણેલા શ્રુતમાં નિયમ નથી=કેટલું શ્રુત હોય તેમાં નિયમ નથી, વળી પ્રત્યેકબુદ્ધ સાધુઓને નિયમથી હોય છે=પૂર્વ અધિક શ્રુત હોય છે. વળી લિંગનો સ્વીકાર સ્વયંબુદ્ધ સાધુને ગુરુસંનિધિમાં પણ હોય છે. પ્રત્યેકબુદ્ધ સાધુઓને દેવતા લિંગ આપે છે.

૭. બુદ્ધબોધિતસિદ્ધ=અવગત તત્ત્વવાળા આચાર્ય બુદ્ધ છે. તેઓથી બોધિત છતાં જેઓ સિદ્ધ થયા તેઓ બુદ્ધબોધિતસિદ્ધ છે.

૮-૯-૧૦. અને આ સર્વ પણ કોઈ સ્ત્રીલિંગસિદ્ધ છે. કોઈક પુરુષલિંગસિદ્ધ છે. કોઈક નપુસંકલિંગસિદ્ધ છે.

'નનુ'થી શંકા કરે છે. તીર્થંકરો પણ શું સ્ત્રીલિંગસિદ્ધ થાય છે ? તેનો ઉત્તર આપે છે. થાય જ છે. જે કારણથી 'સિદ્ધ પ્રાભૃત'માં કહ્યું છે.

"સર્વ થોડા તીર્થંકરી સિદ્ધ છે=સ્ત્રીતીર્થંકરસિદ્ધ છે. તીર્થંકરીતીર્થમાં=સ્ત્રીતીર્થંકરના તીર્થમાં નોતીર્થંકર-સિદ્ધ=તીર્થંકર થયા વિના સિદ્ધ થનારા જીવો અસંખ્યગુણા છે. તીર્થંકરીના તીર્થમાં નોતીર્થંકરીસિદ્ધ=સ્ત્રી તીર્થંકરના તીર્થમાં તીર્થંકર થયા વિના સ્ત્રીલિંગે સિદ્ધ થનારા જીવો અસંખ્યેયગુણ છે. તીર્થંકરના તીર્થમાં નોતીર્થંકરસિદ્ધ સંખ્યેયગુણા છે."

વળી, નપુંસકલિંગસિદ્ધો તીર્થંકરસિદ્ધ ન જ થાય. વળી, પ્રત્યેકબુદ્ધસિદ્ધો પુલ્લિંગસિદ્ધ જ હોય છે.

૧૧. સ્વલિંગસિદ્ધ=સ્વલિંગ એવા રજોહરણાદિ દ્રવ્યલિંગથી સિદ્ધ સ્વલિંગસિદ્ધ છે.

૧૨. અન્યલિંગસિદ્ધ=અન્ય એવા પરિવ્રાજકાદિના લિંગથી સિદ્ધ અન્યલિંગસિદ્ધ છે.

૧૩. ગૃહસ્થલિંગસિદ્ધ=મરુદેવી આદિ છે.

૧૪. એકસિદ્ધ=એક-એક સમયમાં એકાકી સિદ્ધો 'એકસિદ્ધ' છે.

૧૫. અનેકસિદ્ધ=એક સમયમાં ૧૦૮ સુધી સિદ્ધ થાય છે તે અનેકસિદ્ધો છે. જે કારણથી કહેવાયું છે.

બત્રીશ (૩૨), અડતાલીશ (૪૮), સાઈઠ (૬૦), બોંતેર (૭૨), ચોર્યાશી (૮૪), છન્નુ (૯૬), दुरहियमट्ठुत्तरसयं च=બે અધિક સો=૧૦૨, આઠ ઉત્તરમાં છે જેને એવા ૧૦૦=૧૦૮ જાણવા. **(જીવ સમાસ-૨૪૯, બૃહત્ સંગ્રહણી-૩૩૩, પ્રવચનસારોદ્ધાર-૪૭૮)**

બત્રીશ (૩૨)=૧થી ૩૨ સંખ્યાવાળા જીવો ઉત્કૃષ્ટથી આઠ સમય સુધી સતત સિદ્ધ થાય છે.

અડતાલીશ (૪૮)=૩૩થી ૪૮ સંખ્યાવાળા જીવો ઉત્કૃષ્ટથી ૭ સમય સુધી સતત સિદ્ધ થાય છે.

સાઈઠ (૬૦)=૪૯થી ૬૦ સંખ્યાવાળા જીવો ઉત્કૃષ્ટથી ૬ સમય સુધી સતત સિદ્ધ થાય છે.

બોંતેર (૭૨)=૬૧થી ૭૨ સંખ્યાવાળા જીવો ઉત્કૃષ્ટથી પાંચ-૫ સમય સુધી સતત સિદ્ધ થાય છે.

ચોર્યાશી (૮૪)=૭૩થી ૮૪ સંખ્યાવાળા જીવો ઉત્કૃષ્ટથી ચાર સમય સુધી સતત સિદ્ધ થાય છે.

છન્નુ (૯૬)=૮૫થી ૯૬ સંખ્યાવાળા જીવો ઉત્કૃષ્ટથી ત્રણ (૩) સમય સુધી સતત સિદ્ધ થાય છે.

એકસો બે (૧૦૨)=૯૭થી ૧૦૨ સંખ્યાવાળા જીવો ઉત્કૃષ્ટથી બે સમય સુધી સતત સિદ્ધ થાય છે.

એકસો આઠ (૧૦૮)=૧૦૩થી ૧૦૮ સંખ્યાવાળા જીવો ઉત્કૃષ્ટથી એક સમય સુધી સતત સિદ્ધ થાય છે.

'નનુ'થી શંકા કરે છે. આ સિદ્ધના ભેદો આદ્ય એવા તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધમાં અન્તર્ભાવ પામે છે; કેમ કે તીર્થંકરસિદ્ધાદિ તીર્થસિદ્ધ હોય છે કે અતીર્થસિદ્ધ હોય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે. તારી વાત સાચી છે. અન્તર્ભાવ હોવા છતાં પણ પૂર્વના ભેદદ્વયથી=તીર્થસિદ્ધ-અતીર્થસિદ્ધ રૂપ ભેદદ્વયથી, ઉત્તરના ભેદની અપ્રતિપત્તિ હોવાને કારણે=તીર્થંકરસિદ્ધ અતીર્થંકરસિદ્ધ આદિનો બોધ નહિ થવાને કારણે, અજ્ઞાત એવા તે ભેદોના જ્ઞાપન માટે ભેદ અભિધાન અદુષ્ટ છે=પ્રથમ બે ભેદોથી અન્યભેદોનું કથન અદુષ્ટ છે. આ સિદ્ધસ્તુતિરૂપ આઠમો અધિકાર છે.

આ રીતે સામાન્યથી સર્વ સિદ્ધોને નમસ્કાર કરીને, આસન્નોપકારીપણું હોવાથી વર્તમાન તીર્થાધિપતિ એવા શ્રીમદ્ મહાવીર વર્ધમાનસ્વામીની સ્તુતિને કરે છે.

"જે દેવોના પણ દેવ છે. જેને=જે વીર ભગવાનને, દેવો અંજલિથી નમસ્કાર કરે છે. દેવદેવથી=ઇંદ્રાદિથી મહિત એવા તે મહાવીરસ્વામીને હું મસ્તકથી વંદન કરું છું." ॥૨॥

જે ભગવાન મહાવીર પૂજ્યપણું હોવાથી ભવનવાસી આદિ દેવોના પણ દેવ છે આથી જ કહે છે=દેવોના પણ દેવ છે આથી જ કહે છે, જેને=જે વીર ભગવાનને, દેવો પ્રાંજલિવાળા છતા=વિનયથી રચિત હાથના સંપુટવાળા છતા=જોડાયેલા હાથવાળા છતા, નમસ્કાર કરે છે તે ભગવાન દેવદેવોથી=શક્રાદિ

વડે, મહિત=પૂજિત છે તેમને મસ્તકથી હું વંદન કરું છું અને આ=મસ્તકથી નમસ્કાર કરું છું એ, આદર-પ્રદર્શન માટે છે. કોને નમસ્કાર કરે છે ? એથી કહે છે. મહાવીરને. મહાવીર શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે. વિશેષથી કર્મનો નાશ કરે છે અથવા શિવમાં જાય છે=મોક્ષમાં જાય છે, એ વીર છે. મહાન એવા આ વીર મહાવીર તેમને હું નમસ્કાર કરું છું એમ અન્વય છે. આ રીતે સ્તુતિ કરીને પરના ઉપકાર માટે અને આત્માના ભાવની વૃદ્ધિ માટે ફલપ્રદર્શન પર=નમસ્કારના ફળને દેખાડનાર આ સ્તુતિને બોલે છે.

"જિનવર વૃષભ એવા વર્ધમાનસ્વામીને કરાયેલો એક પણ નમસ્કાર સંસારસાગરથી પુરુષને અને સ્ત્રીને તારે છે." ।।૩।।

ઘણા નમસ્કાર દૂર રહો. એક પણ નમસ્કાર સંસારસાગરથી તારે છે એમ અન્વય છે. નમસ્કાર દ્રવ્ય-ભાવ-સંકોચરૂપ છે. કોને નમસ્કાર છે ? એ કહે છે. જિનવર એવા વૃષભને. જિનો=શ્રુતજિન, અવધિજિન આદિ છે તેઓમાં શ્રેષ્ઠ એવા કેવલી તેઓમાં વૃષભ=તીર્થંકર નામકર્મના ઉદયથી ઉત્તમ તે જિનવર વૃષભ છે તેમને કરાયેલો નમસ્કાર સંસારસાગરથી તારે છે એમ અન્વય છે અને તે=જિનવર ઋષભાદિ તીર્થંકરો પણ છે એથી કહે છે. વર્ધમાનસ્વામીને, યત્નાથી કરાયેલો છતો એ પ્રમાણે અધ્યાહાર છે=જિનવર વૃષભ એવા વર્ધમાનસ્વામીને યત્નથી કરાયેલો એક પણ નમસ્કાર સંસારસાગરથી તારે છે. એ પ્રકારે બતાવવા માટે યત્નથી કરાયેલો છતો એ શબ્દ અધ્યાહાર છે. શું ?=ભગવાન વર્ધમાનસ્વામીને કરાયેલો એક પણ નમસ્કાર શું ? એથી કહે છે. સંસરણ સંસાર= તિર્યંચ-નર-નારક અને દેવના અનુભવલક્ષણ સંસાર છે. તે જ=સંસાર જ, ભવસ્થિતિથી અને કાયસ્થિતિથી અનેક વખત અવસ્થાન દ્વારા અલબ્ધપારપણું હોવાથી સાગરના જેવો સંસારસાગર છે. તેનાથી તારે છે=પાર ઉતારે છે. કોને ઉતારે છે ? એથી કહે છે. નર અથવા નારીને. નરનું ગ્રહણ પુરુષોત્તમ ધર્મ પ્રતિપાદન માટે છે=પુરુષ છે પ્રધાન જેમાં એવા ધર્મના પ્રતિપાદન માટે છે. સ્ત્રીઓનું ગ્રહણ તેઓનો પણ=સ્ત્રીઓનો પણ, તદ્ભવમાં જ સંસાર ક્ષય થાય છે. એ બતાવવા માટે છે. જે કારણથી 'યાપનીય તંત્ર'માં કહેવાયું છે.

"ખરેખર સ્ત્રી અજીવ નથી. અને વળી અભવ્યા નથી. અને વળી દર્શનવિરોધિની નથી=સમ્યગ્દર્શન ન પામે તેવી નથી, અમાનુષી નથી=ક્રૂર નથી, અનાર્યમાં ઉત્પન્ન થયેલી નથી, અસંખ્ય આયુષ્યવાળી નથી, અતિ ક્રૂર મતિવાળી નથી. ઉપશાંત મોહવાળી નથી એમ નહિ. અર્થાત્ ઉપશાંત મોહવાળી પણ હોય છે, અશુદ્ધ આચારવાળી નથી, અશુદ્ધ શરીરવાળી નથી, વ્યવસાયવર્જિત નથી=ધર્મના વ્યવસાય વગરની નથી, અપૂર્વકરણની વિરોધિની નથી, નવમા ગુણસ્થાનક રહિત નથી, લબ્ધિથી અયોગ્ય નથી, અકલ્યાણનું ભાજન નથી, એથી કઈ રીતે ઉત્તમધર્મની સાધક ન થાય ? અર્થાત્ ઉત્તમ એવા ધર્મને સાધનારી બને છે."

અહીં=પ્રસ્તુત 'ઈક્કો વિ નમુક્કારો...' ગાથામાં, આ ભાવ છે. સમ્યગ્દર્શન થયે છતે પ્રકૃષ્ટ ભાવનાથી કરાતો એક પણ નમસ્કાર તથાભૂત અધ્યવસાયનો હેતુ થાય છે, જે પ્રકારના અધ્યવસાયથી શ્રેણીને પામીને ભવરૂપ મહોદધિના નિસ્તારને પામે છે. આથી કાર્યમાં કારણનો ઉપચાર કરીને આ પ્રમાણે

કહેવાય છે=એક પણ કરાયેલો નમસ્કાર સંસારસાગરથી તારે છે એ પ્રમાણે કહેવાય છે. અને ચારિત્રનું વૈફલ્ય નથી=એક નમસ્કારથી જો ક્ષપકશ્રેણી આવતી હોય તો ચારિત્ર વગર મોક્ષપ્રાપ્તિ થવાને કારણે ચારિત્રનું વૈફલ્ય છે તેમ ન કહેવું; કેમ કે તેવા પ્રકારના અધ્યવસાયનું જ=વીતરાગના ગુણને સ્પર્શીને વીતરાગતુલ્ય થવાના પરિણામ રૂપ નમસ્કાર સ્વરૂપ અધ્યવસાયનું જ, ચારિત્રરૂપપણું છે. આ નવમો અધિકાર છે.

આ ત્રણ સ્તુતિઓ ગણધરકૃત હોવાથી નિયમથી કહેવાય છે. વળી, કેટલાક અન્ય પણ સ્તુતિઓ બોલે છે. જે કારણથી આવશ્યકચૂર્ણિકારશ્રી કહે છે શેષ સ્તુતિઓ યથા ઇચ્છાથી બોલાય છે તે સ્તુતિઓ 'યથા'થી બતાવે છે.

"ઉર્જિંજત સેલના શિખર ઉપર દીક્ષા, જ્ઞાન, મોક્ષ છે જેમના તે ધર્મચક્રવર્તી, અરિષ્ટનેમિને હું નમસ્કાર કરું છું." ।।૪।। **ફક્ત શ્લોકમાં 'निसीहिअ' એ શબ્દને સર્વવ્યાપારના નિષેધથી નૈષેધિકી=મુક્તિ છે. આ દસમો અધિકાર છે.**

"ચાર, આઠ, દસ, બે વંદન કરાયેલા એવા ચોવીશ (૨૪) જિનવરો, પરમાર્થના નિષ્ઠિત અર્થવાળા સિદ્ધો મને સિદ્ધિને આપો." ।।૫।।

શ્લોકમાં રહેલા 'परमट्ठनिट्ठिअट्ठ'નો અર્થ કરે છે. કલ્પના-માત્રથી નહિ પરમાર્થથી. નિષ્ઠિત અર્થો છે જેઓને તે તેવા છે. શેષ વ્યક્ત છે=શ્લોકનો અર્થ સ્પષ્ટ છે. આ અગિયારમો (૧૧મો) અધિકાર છે.

અહીં='સિદ્ધાણં બુદ્ધાણં' સૂત્રમાં સંપદા-પદનું પ્રમાણ વીસ છે. વર્ણ ૧૭૨ છે. પ્રણિપાતદંડકાદિમાં આ પાંચમો દંડક છે.

ભાવાર્થ :-

ધર્મનાં સર્વ અનુષ્ઠાનોનું પરંપરફળ સિદ્ધાવસ્થા રૂપ મોક્ષ છે અને મોક્ષમાં ગયેલા સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરવા અર્થે ચૈત્યવંદનના ચાર દંડક પૂરા કર્યા પછી શ્રાવક આ 'સિદ્ધાણં-બુદ્ધાણં' સ્તુતિ બોલે છે. જેથી શ્રાવકને ઉપસ્થિતિ થાય છે કે જે સિદ્ધ ભગવંતની હું સ્તુતિ કરું છું તદ્તુલ્ય થવા માટે ધર્મના સર્વ ઉચિત આચારો છે એમ સૂચિત થાય છે, અને તે આચાર અંતર્ગત જ પ્રસ્તુત ચૈત્યવંદનની ક્રિયા છે. તેથી ચૈત્યવંદન દ્વારા ભાવિત થયેલું ચિત્ત જેટલા અંશથી સિદ્ધ ભગવંતના ગુણોને સ્પર્શશે, તેટલા અંશથી મારું ચૈત્યવંદન સફળ બનશે. તેથી દૃઢ ઉપયોગપૂર્વક સિદ્ધ ભગવાનની સ્તુતિ કરવાર્થે બોલે છે. શું બોલે છે ? એ બતાવે છે. જેઓનાં સર્વ પ્રયોજનો સિદ્ધ થયાં છે તે સિદ્ધ ભગવંત છે. તેથી એ ઉપસ્થિતિ થાય છે કે જીવનું મુખ્ય પ્રયોજન કર્મોની પરતંત્રતાથી મુક્ત થઈને સંપૂર્ણ કર્મ રહિત અવસ્થાની પ્રાપ્તિ છે. તે પ્રયોજન જેમણે સિદ્ધ કર્યું છે તેવા અને જ્ઞાનાવરણીય કર્મોનો નાશ થયેલો હોવાથી કેવલજ્ઞાન સ્વરૂપ બોધવાળા સિદ્ધ ભગવંતો છે. તે સિદ્ધ ભગવંતો સંસારથી પાર પામેલા છે અને તે સંસારસાગરથી પારની પ્રાપ્તિ તેઓને ગુણસ્થાનકના ક્રમની પરંપરાથી થયેલી છે. તેથી શ્રાવકને ઉપસ્થિતિ થાય છે કે આત્માના ગુણોના આવારક કર્મો છે અને તે કર્મોને કારણે ગુણથી યુક્ત જીવ પણ કષાયથી યુક્ત છે. કષાયથી યુક્ત થયેલો હોવાથી

જીવ સાંસારિક ભાવો કરીને સંસારમાં પરિભ્રમણ કરે છે અને જ્યારે જીવ ગુણને અભિમુખ થાય છે ત્યારે ગુણનિષ્પત્તિને અનુકૂળ જેટલો દૃઢ મનોવ્યાપાર કરે છે તે મનોવ્યાપારને અનુરૂપ ગુણના આવારક કર્મો ક્ષય પામતાં જાય છે. જેમ જેમ કર્મોનો ક્ષય થાય છે તેમ તેમ ગુણના પ્રાદુર્ભાવરૂપ ઉપર-ઉપરના ગુણસ્થાનક આવે છે. તેથી જીવના વ્યાપારને અનુરૂપ ગુણસ્થાનકની પ્રાપ્તિ ક્રમસર થાય છે પરંતુ ગુણસ્થાનકની પ્રાપ્તિ માત્ર ઇચ્છા કરવાથી કે બોલવા માત્રથી કે યથાતથા ક્રિયા કરવાથી થતી નથી. માટે મારે પણ સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ કરવી હોય તો સિદ્ધ થવા અર્થે ગુણપ્રાપ્તિમાં તે રીતે દૃઢ વ્યાપાર કરવો જોઈએ જેથી ગુણસ્થાનકના ક્રમથી હું પણ સિદ્ધાવસ્થાને પામું; કેમ કે અત્યાર સુધી જે કોઈ સિદ્ધ થયા છે તે સર્વ સિદ્ધ ભગવંતો ગુણસ્થાનકના ક્રમની પરંપરાના ઉલ્લંઘન વગર થયા નથી. તેથી મારે પણ તે ક્રમથી જ ગુણસ્થાનકને સ્પર્શીને મોક્ષમાં જવાનું છે. માટે ક્ષણભર પણ પ્રમાદ વગર ગુણસંપન્ન મહાત્માઓનું અવલંબન લઈને ગુણવૃદ્ધિમાં યત્ન કરીશ તો તેની પ્રકૃષ્ટ ભૂમિકાને પામીને હું પણ સિદ્ધ થઈશ. વળી, આ સિદ્ધ ભગવંતો લોકના અગ્રભાગ પર રહેલા છે. તે પ્રકારે સ્મરણ થવાથી સંસારથી પર લોકના અગ્રભાગ પર રહેલા સિદ્ધ ભગવંતની સ્મૃતિ થાય છે. તેવા સિદ્ધ ભગવંતો અનંતા છે તે સર્વને નમસ્કાર કરવાના આશયથી સ્તુતિમાં બોલાય છે કે તે સર્વ સિદ્ધોને હું સદા નમસ્કાર કરું છું. તેથી મહાપરાક્રમ ફોરવીને ગુણસ્થાનકના ક્રમથી કર્મોનો નાશ કરીને સિદ્ધાવસ્થાને પામેલા સર્વ સિદ્ધ ભગવંતો પ્રત્યે બહુમાનનો પ્રકર્ષ થાય છે અને તે બહુમાનના પ્રકર્ષને અનુરૂપ પોતાનામાં પણ ગુણસ્થાનકની વૃદ્ધિ પ્રગટ થાય છે. જે પરંપરાએ સિદ્ધ તુલ્ય થવાનું જ કારણ છે.

આ રીતે સામાન્યથી સર્વ સિદ્ધ ભગવંતોને નમસ્કાર કર્યા પછી સિદ્ધાવસ્થાની પ્રાપ્તિનો ઉપાય બતાવનાર આસન્નોપકારી એવા વીર ભગવાનની સ્તુતિ કરવાર્થે શ્રાવક બીજી સ્તુતિ બોલે છે. વીર ભગવાન દેવોના પણ દેવ છે. અર્થાત્ જગતવર્તી પુણ્યના પ્રકર્ષવાળા જે દેવો છે તેઓને પણ ઉપાસ્ય એવા દેવ છે. અને તેવા દેવોના પણ ભગવાન દેવ હોવાથી શક્રાદિ દેવો હાથ જોડીને ભગવાનને નમસ્કાર કરે છે; કેમ કે ઉત્તમપુરુષોની ભક્તિથી જ સર્વ કલ્યાણની પ્રાપ્તિ છે તેથી કલ્યાણના અર્થી બુદ્ધિના નિધાન એવા દેવો પણ ભગવાનને નમસ્કાર કરીને પોતાનો ભવ સફળ કરે છે. વળી, દેવોના દેવ એવા શક્રાદિથી ભગવાન પૂજાયેલા છે. તેથી વીર ભગવાનને સ્મૃતિમાં લાવીને શ્રાવક કહે છે કે હું પણ એવા મહાવીરસ્વામીને મસ્તકથી વંદન કરું છું. આ પ્રકારે વીર ભગવાનની સ્તુતિ કરીને વીર ભગવાન તુલ્ય વીતરાગતાદિ ભાવો પોતાનામાં પ્રગટ થાય તે પ્રકારે શ્રાવક યત્ન કરે છે. જે વીતરાગતાદિ ભાવોને કારણે વીર ભગવાન જગતપૂજ્ય બન્યા તે કારણથી તેઓને નમસ્કાર કરીને યોગ્યજીવો તેમના તુલ્ય થવા યત્ન કરી શકે છે, તેથી શ્રાવક પણ વીર ભગવાનના ગુણોમાં ઉપયુક્ત થઈને વીતરાગ થવા ઉદ્યમ કરે છે.

વળી, ભગવાનની સ્તુતિ કરવાથી શું ફળ મળે છે ? તેનું સ્મરણ કરવાર્થે ત્રીજી સ્તુતિ બોલાય છે. જેથી તેવા ઉત્તમ ફલ અર્થે ભગવાનને નમસ્કાર કરવામાં દૃઢ વ્યાપાર ઉલ્લસિત થાય. જિનો શ્રુતજિન, અવધિજિન આદિ છે તે સર્વમાં શ્રેષ્ઠ જિન કેવલી છે અને તે કેવલીઓમાં પણ વૃષભ=ઉત્તમ જિન તીર્થંકરો છે. તેવા વર્ધમાનસ્વામીને દૃઢ પ્રણિધાનપૂર્વક કરાયેલો એક પણ નમસ્કાર નરને અને નારીને સંસારસાગરથી તારે

છે. આ પ્રકારે બોલવાથી શ્રાવકને ઉપસ્થિતિ થાય છે કે મારે સંસારથી તરવું હોય તો શક્તિના પ્રકર્ષથી જિનને નમસ્કાર કરવામાં સદા ઉદ્યમ કરવો જોઈએ; કેમ કે જિનના ગુણોના સ્મરણપૂર્વક જિન તુલ્ય થવા અર્થે જ સર્વ શાસ્ત્રનો વ્યાપાર છે. તેથી જેઓ શક્તિ અનુસાર જિનવચનથી ભાવિત થાય છે, જિનવચનનું અધ્યયન કરે છે અને જિનવચન અનુસાર જે કંઈ પ્રવૃત્તિ કરે છે તે જિનને નમસ્કાર કરવાની ક્રિયા તુલ્ય છે અને વિશેષથી જિનના ગુણોના ઉપયોગપૂર્વક કરાયેલી જિનની સ્તુતિ જિનને નમસ્કાર કરવારૂપ છે. અને તેના બળથી સ્ત્રી-પુરુષો સંસારસાગરથી તરે છે. અહીં પુરુષો કહેવાથી ધર્મના પ્રધાન અધિકારી પુરુષો છે તેમ સૂચિત થાય છે; કેમ કે પુરુષપણાની પ્રાપ્તિ વિશિષ્ટ પુણ્યથી થાય છે. અને તે પુણ્ય પણ ગુણનિષ્પત્તિમાં પ્રબળ અંગ છે. અને સ્ત્રીપણાની પ્રાપ્તિ પાપના ઉદયથી થાય છે. તેથી તે પાપપ્રકૃતિને કારણે પણ ઘણી તુચ્છપ્રકૃતિ સ્ત્રીઓને પ્રાપ્ત થાય છે. માટે સ્ત્રી પ્રધાન રીતે ધર્મની અધિકારી નથી. છતાં સ્ત્રીમાં પણ મોક્ષમાં જવાની યોગ્યતા છે. તેથી સ્ત્રીભવના દોષના કારણે કંઈક તુચ્છપ્રકૃતિઓની પ્રાપ્તિ હોવા છતાં યત્ન કરીને સ્ત્રીઓ પણ ગુણો પ્રાપ્ત કરી શકે છે. યાવત્ મોક્ષ પણ પ્રાપ્ત કરી શકે છે. તે બતાવવા માટે સ્ત્રીનું ગ્રહણ કરેલ છે.

આ ત્રણ સ્તુતિ ગણધરોએ રચી છે. અર્થાત્ સિદ્ધ ભગવંતનું સ્મરણ કર્યા પછી આસન્ન ઉપકારી એવા વીર ભગવંતને નમસ્કાર કરવાર્થે પ્રસ્તુત બે સ્તુતિ સુધર્માસ્વામીએ રચેલ છે. વળી, ભાવના પ્રકર્ષ અર્થે અન્ય પણ બે સ્તુતિઓ સુવિહિત આચાર્યો બોલે છે. જેમાં એક નેમનાથ ભગવાનની સ્તુતિ છે અને બીજી અષ્ટાપદ પર રહેલા ચોવીશ તીર્થંકરોની સ્તુતિ છે. જેનાથી શ્રાવકને ઉપસ્થિતિ થાય છે કે જેમ વીર ભગવાનને નમસ્કાર કરવાથી કલ્યાણની પ્રાપ્તિ થાય છે તેમ ઉર્જિંત શૈલના શિખર ઉપર દીક્ષા-કેવલજ્ઞાન-મોક્ષ થયાં છે જેમના એવા ધર્મચક્રવર્તી અરિષ્ટનેમિને હું નમસ્કાર કરું છું. જેઓ વીર ભગવાન તુલ્ય જ છે. તેથી તેઓને નમસ્કાર કરવાથી પણ અવશ્ય સંસારનો ક્ષય થાય છે. આ રીતે નેમનાથ ભગવાનની સ્તુતિ કરવાથી દસમો અધિકાર (૧૦) પૂર્ણ થાય છે. ત્યારપછી અષ્ટાપદ પર રહેલા ૪-૮-૧૦-૨ એ ક્રમથી સ્થાપિત થયેલા ચોવીશે જિનેશ્વરોને નમસ્કાર કરવાર્થે કહે છે. જે ચોવીશે તીર્થંકરો પરમાર્થથી નિષ્ઠિત અર્થવાળા સિદ્ધ થયેલા છે એવા તે મહાત્માઓ મને સિદ્ધિને આપો. આ પ્રકારે તેઓની પ્રાર્થના કરીને તેમની જેમ પરમાર્થના નિષ્ઠિત અર્થવાળા થવા માટે શ્રાવક પોતાનું બળ સંચય કરે છે. અને જીવનો પરમાર્થ કર્મના ઉપદ્રવોનો નાશ છે. અને તેની નિષ્ઠા સર્વ કર્મ રહિત અવસ્થા છે. અને તેવી અવસ્થાને પામેલા સિદ્ધ ભગવંતો છે. અને તેઓનું અવલંબન લઈને કરાતો યત્ન સિદ્ધિ આપવા માટે સમર્થ છે. તેથી તે પ્રકારની માંગણી કરીને શ્રાવક પણ તેઓના અવલંબનથી સિદ્ધ તુલ્ય થવા યત્નશીલ બને છે. અહીં અગિયારમો અધિકાર (૧૧) પૂર્ણ થાય છે.

ટીકા :-

एवमेतत्पठित्वोपचितपुण्यसम्भार उचितेष्वौचित्येन प्रवृत्तिरिति ज्ञापनार्थं पठति पठन्ति वा–

'वेयावच्चगराणं संतिगराणं सम्मद्दिट्ठिसमाहिगराणं करेमि काउस्सग्गं ।'

'वैयावृत्त्यकराणां' प्रवचनार्थं व्यापृतभावानां गोमुखयक्षाऽप्रतिचक्राप्रभृतीनाम्, 'शान्तिकराणां' सर्वलोकस्य, 'सम्यग्दृष्टिविषये समाधिकराणाम्, एषां सम्बन्धिनं षष्ठ्याः सप्तम्यर्थत्वादेतद्विषयमेतान् वा आश्रित्य, 'करोमि कायोत्सर्गम् ।'

अत्र च वन्दनादिप्रत्ययमित्यादि न पठ्यते, अपि तु अन्यत्रोच्छ्वसितेनेत्यादि, तेषामविरतत्वाद् इत्थमेव तद्भाववृद्धेरुपकारदर्शनात् एतद्व्याख्या च पूर्ववत् नवरं स्तुतिर्वैयावृत्त्यकराणाम्, पुनस्तेनैव विधिनोपविश्य पूर्ववत् प्रणिपातदण्डकं पठित्वा मुक्ताशुक्तिमुद्रया प्रणिधानं कुर्वन्ति, यथा–

"जय वीयराय! जगगुरू! होउ ममं तुहप्पभावओ भयवं!।
भवनिव्वेओ मग्गाणुसारिया इट्ठफलसिद्धी ।।१।।
लोगविरुद्धच्चाओ, गुरुजणपूआ परत्थकरणं च ।
सुहगुरुजोगो तव्वयणसेवणा आभवमखंडा ।।२।।"

जय वीतराग! जगद्गुरो! इति भगवतस्त्रिलोकनाथस्य बुद्धौ सन्निधापनार्थमामन्त्रणं, भवतु जायतां, ममेत्यात्मनिर्देशः, तव प्रभावतस्तव सामर्थ्येन, भगवन्निति पुनः सम्बोधनं भक्त्यतिशयख्यापनार्थम्, किं तदित्याह–'भवनिर्वेदः'=संसारनिर्वेदः न हि भवादनिर्विण्णो मोक्षाय यतते, अनिर्विण्णस्य तत्प्रतिबन्धात् मोक्षे यत्नोऽयत्न एव, निर्जीवक्रियातुल्यत्वात् तथा 'मार्गानुसारिता' असद्ग्रहविजयेन तत्त्वानुसारिता, तथा 'इष्टफलसिद्धिः' अभिमतार्थनिष्पत्तिरैहलौकिकी, ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति, तस्माच्चोपादेयप्रवृत्तिः तथा 'लोकविरुद्धत्यागः' सर्वजननिन्दादिलोकविरुद्धानुष्ठानवर्जनम् यदाह-

"सव्वस्स चेव निंदा, विसेसओ तहय गुणसमिद्धाणं ।
उजुधम्मकरणहसणं, रीढा जणपूयणिज्जाणं ।।१।।
बहुजणविरुद्धसंगो, देसादाचारलंघणं चेव ।
उव्वणभोओ अ तहा, दाणाइवि पयडमन्ने उ ।।२।।
साहुवसणम्मि तोसो, सइ सामत्थम्मि अपडिआरो अ ।
एमाइआइँ इत्थं, लोगविरुद्धाइं णेआइं ।।३।।" **[पञ्चाशके २ । ८-१०]**

गुरुजनस्य 'पूजा' उचितप्रतिपत्तिर्गुरुजनपूजा, गुरवश्च यद्यपि धर्माचार्या एवोच्यन्ते, तथाऽपीह मात्रापित्रादयोऽपि गृह्यन्ते । यदुक्तम्–

"माता पिता कलाचार्य, एतेषां ज्ञातयस्तथा ।
वृद्धा धर्मोपदेष्टारो, गुरुवर्गः सतां मतः ।।१।।" **[योगबिन्दौ गा. ११०]**

'परार्थकरणं' हितार्थकरणं, जीवलोकसारं पौरुषचिह्नमेतत्, सत्येतावति लौकिके सौन्दर्ये लोकोत्तरधर्माधिकारी भवतीत्याह 'शुभगुरुयोगो' विशिष्टचारित्रयुक्ताचार्यसम्बन्धः तथा 'तद्वचनसेवा' सद्गुरुवचनसेवना न जातुचिदयमहितमुपदिशति, 'आभवम्' आसंसारम् 'अखण्डा' संपूर्णा, इदं च प्रणिधानं न निदानरूपम्, प्रायेण निःसङ्गाभिलाषरूपत्वात् एतच्चाप्रमत्तसंयतादर्वाक्कर्त्तव्यम्, अप्रमत्तादीनां मोक्षेऽप्यनभिलाषात् । तदेवंविधशुभफलप्रणिधानपर्यन्तं चैत्यवन्दनमिति उत्कृष्टवन्दनविधिः ।।६१।।

ટીકાર્થ :-

एवमेतत्पठित्वो ..... उत्कृष्टवन्दनविधिः । આ પ્રમાણે=પૂર્વમાં કહ્યું એ પ્રમાણે, આને બોલીને=સિદ્ધસ્તવને બોલીને, ઉચિત પુણ્યસંભારવાળા શ્રાવક, ઉચિતોમાં=ઉચિત એવા વૈયાવચ્ચ કરનારા દેવોમાં, ઔચિત્યથી પ્રવૃત્તિ છે, એ જ્ઞાપન કરાવવા માટે બોલે છે=એક શ્રાવક બોલે છે અથવા અનેક શ્રાવક બોલે છે.

"વૈયાવચ્ચને કરનારા, શાંતિને કરનારા, સમ્યગ્દૃષ્ટિની સમાધિને કરનારા એવા દેવતાઓનો કાઉસ્સગ્ગ કરું છું."

વૈયાવચ્ચને કરનારા=પ્રવચન માટે વ્યાપૃત ભાવવાળા સાધુઓની અને શ્રાવકોની વૈયાવચ્ચને કરનારા એવા ગોમુખ યક્ષ, અપ્રતિચક્રા વગેરે શાંતિને કરનારા=સર્વલોકની શાંતિને કરનારા, સમ્યગ્દૃષ્ટિના વિષયમાં સમાધિને કરનારા એઓના સંબંધી કાઉસ્સગ્ગ કરું છું એમ અન્વય છે. અથવા ષષ્ઠીનું સપ્તમી અર્થપણું હોવાથી આ વિષયવાળા એઓને આશ્રયીને=વૈયાવચ્ચ કરનારા આદિના વિષયવાળા એવા દેવોને આશ્રયીને, હું કાઉસ્સગ્ગ કરું છું અને અહીં='વૈયાવચ્ચગરાણં' સૂત્રમાં, વંદનાદિ પ્રત્યય ઈત્યાદિ=વંદણવત્તિઆએ ઈત્યાદિ, બોલાતા નથી, પરંતુ અન્યત્ર ઉચ્છ્વાસાદિ ઈત્યાદિ=અન્નત્થ ઉસસિસિએણં ઈત્યાદિ, બોલાય છે; કેમ કે તેઓનું=વૈયાવચ્ચ કરનાર આદિ દેવોનું અવિરતપણું છે.

અહીં પ્રશ્ન થાય કે જો તેઓ અવિરત છે તો તેઓની ભક્તિ અર્થે કાઉસ્સગ્ગ કેમ કરાય છે ? તેથી કહે છે. આ રીતે જ=તેઓના તે ગુણ સ્મરણ કરીને તેઓને આશ્રયીને કાઉસ્સગ્ગ કરવામાં આવે એ રીતે જ, તેના ભાવોની વૃદ્ધિથી ઉપકારનું દર્શન થાય છે. અને આની વ્યાખ્યા=અન્નત્થ ઊસસિએણંની વ્યાખ્યા પૂર્વની જેમ છે. ફક્ત વૈયાવચ્ચ કરનારા દેવોની સ્તુતિ બોલાય છે=કાઉસ્સગ્ગ કર્યા પછી વૈયાવચ્ચ કરનારા દેવોની સ્તુતિ બોલાય છે.

વળી, તે જ વિધિથી બેસીને પૂર્વની જેમ પ્રણિપાતદંડક=નમુત્થુણં સૂત્ર, બોલીને મુક્તાશુક્તિ મુદ્રાથી પ્રણિધાન કરે છે=શ્રાવકો પ્રણિધાન કરે છે જે 'યથા'થી બતાવે છે.

"હે વીતરાગ ! હે જગતગુરુ ! તમે જય પામો. તમારા પ્રભાવથી હે ભગવંત ! મને થાઓ=મને પ્રાપ્ત થાઓ. શું પ્રાપ્ત થાઓ ! તે બતાવે છે. ભવનો નિર્વેદ, માર્ગાનુસારિતા, ઈષ્ટફલસિદ્ધિ, લોકવિરુદ્ધનો ત્યાગ, ગુરુજનની પૂજા, પરત્થકરણ=પરોપકારનું કરણ, સદ્ગુરુનો યોગ અને તેમના વચનની સેવના મને પ્રાપ્ત થાઓ એમ અન્વય છે. કયાં સુધી પ્રાપ્ત થાઓ ? એથી કહે છે. આભવમખંડા=જ્યાં સુધી ભવ છે ત્યાં સુધી અખંડ પ્રાપ્ત થાઓ."

હે વીતરાગ ! હે જગતગુરુ ! તમે જય પામો. એ પ્રમાણે ત્રણ જગતના નાથ એવા ભગવાનને બુદ્ધિમાં સ્થાપના કરવાર્થે આમંત્રણ છે. 'भवतु' તે 'થાવ' અર્થમાં છે. મને એ આત્માનો નિર્દેશ છે. અર્થાત્ મને થાઓ. તમારા પ્રભાવથી=તમારા સામર્થ્યથી મને થાઓ. 'ભગવાન' એ ફરી સંબોધન ભક્તિના અતિશયના ખ્યાપન માટે છે. શું તે=શું તે પ્રાપ્ત થાઓ ? એથી કહે છે. ભવનો નિર્વેદ=સંસારનો નિર્વેદ. હિ=જે કારણથી, ભવથી અનુદ્વિગ્ન મોક્ષ માટે યત્ન કરતો નથી; કેમ કે અનિર્વેદવાળાને=ભવ પ્રત્યે અનિર્વેદવાળાને, તેનો પ્રતિબંધ હોવાથી=ભવનો પ્રતિબંધ હોવાથી, મોક્ષમાં કરાતો યત્ન અયત્ન જ છે; કેમ કે નિર્જીવ ક્રિયાતુલ્યપણું છે અને માર્ગાનુસારિતા મને પ્રાપ્ત થાઓ એમ અન્વય છે. માર્ગાનુસારિતા અસદ્ગ્રહના વિજયથી તત્ત્વાનુસારિતા છે અને ઇષ્ટફલસિદ્ધિ મને પ્રાપ્ત થાઓ એમ અન્વય છે. ઇષ્ટફલસિદ્ધિ ઇહલોક સંબંધી અભિમત અર્થની નિષ્પત્તિ છે. જેનાથી ઉપગૃહીત એવા શ્રાવકને ચિત્તનું સ્વાસ્થ્ય થાય છે. તેનાથી=ચિત્તના સ્વાસ્થ્યથી, ઉપાદેય એવા ધર્મમાં પ્રવૃત્તિ થાય છે= સમ્યક્ પ્રવૃત્તિ થાય છે. અને લોકવિરુદ્ધનો ત્યાગ મને પ્રાપ્ત થાઓ એમ અન્વય છે. સર્વ જનની નિંદાદિ લોકવિરુદ્ધ અનુષ્ઠાનનું વર્જન લોકવિરુદ્ધ ત્યાગ છે. જેને કહે છે.

"સર્વની જ નિંદા અને તે રીતે વિશેષથી ગુણસમૃદ્ધોની નિંદા, ઋજુ ધર્મ કરનારાઓનું હસન=ભદ્રક પ્રકૃતિવાળા જીવોની અવિવેકવાળી ધર્મની પ્રવૃત્તિને જોઈને તેના ઉપર હસવું, જન પૂજિતની રીઢા=રાજા-મંત્રી આદિની હીલના." ॥૧॥

"બહુજનવિરુદ્ધ એવા જીવો સાથે સંગ, દેશના આચારનું લંઘન=જે દેશના, જે આચારો હોય તેનું ઉલ્લંઘન, ઉલ્બણ ભોગ=અતિશય ભોગ અને દાનાદિનું અન્યને પ્રગટ કરવું=પોતે જે દાનાદિ કર્યા હોય તેનું સર્વની પાસે પ્રગટ કરવું." ॥૨॥

"સાધુપુરુષોની આપત્તિમાં તોષ, સામર્થ્ય હોતે છતે અપ્રતિકાર=સામર્થ્ય હોતે છતે મહાત્માઓની આપત્તિનો અપ્રતિકાર આ વગેરે અહીં=ધર્મના કૃત્યમાં, લોગવિરુદ્ધ જાણવા." ॥૩॥ **(પંચાશક-૨, ૮થી ૧૦)**

ગુરુજનની પૂજા મને પ્રાપ્ત થાઓ એમ અન્વય છે. પૂજા ઉચિત પ્રતિપત્તિ છે અને ગુરુજનની પૂજા ગુરુજનની ઉચિત પ્રતિપત્તિરૂપ છે. અને ગુરુઓ જો કે ધર્માચાર્યો જ કહેવાય છે. તોપણ અહીં માતા-પિતાદિ પણ ગ્રહણ કરાય છે. જે કારણથી કહેવાયું છે.

"માતા-પિતા, કલાચાર્ય, એમની જ્ઞાતિઓ અને વૃદ્ધ પુરુષો, ધર્મના ઉપદેશ આપનારા સંતપુરુષોને ગુરુવર્ગ મનાયો છે." ॥૧॥ **(યોગબિંદુ ગાથા-૧૦)**

**પરાર્થકરણ મને પ્રાપ્ત થાઓ એમ અન્વય છે. હિતાર્થકરણ એ પરાર્થકરણ છે. જીવલોકનું સાર છે. આ=પરાર્થકરણ, પૌરુષ ચિહ્ન છે=સત્ પુરુષાર્થનું ચિહ્ન છે. આટલું લૌકિક સૌંદર્ય હોતે છતે લોકોત્તરધર્મના અધિકારી થાય છે. એથી કહે છે. શુભગુરુનો યોગ મને પ્રાપ્ત થાઓ એમ અન્વય છે. વિશિષ્ટ ચારિત્રસંપન્ન આચાર્યનો સંબંધ શુભગુરુનો યોગ છે અને તદ્વચનની સેવા=સદ્ગુરુના વચનની સેવના, મને પ્રાપ્ત થાઓ એમ અન્વય છે. આ=સદ્ગુરુ, ક્યારેય અહિતનો ઉપદેશ આપતા નથી. માટે તેમના વચનનું સેવન કરવું જોઈએ. કયાં સુધી આ સર્વ વસ્તુઓ મને પ્રાપ્ત થાઓ ? એથી કહે છે. આભવ=જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી અખંડ=સંપૂર્ણ, મને પ્રાપ્ત થાઓ. અને આ

પ્રણિધાન નિદાનરૂપ નથી; કેમ કે પ્રાયઃ નિઃસંગ અભિલાષરૂપપણું છે=ભવનિર્વેદ આદિ માંગણીમાં બહુલતાએ નિઃસંગના પરિણામનો અભિલાષ છે અને આ=પૂર્વમાં કરાયેલી માંગણીઓ, અપ્રમત્ત સંયતથી પૂર્વે કર્તવ્ય છે; કેમ કે અપ્રમત્તસાધુઓને મોક્ષમાં પણ અનભિલાષ છે. આવા પ્રકારના શુભફલના પ્રણિધાનના પર્યંતવાળું ચૈત્યવંદન છે. એ પ્રકારની ઉત્કૃષ્ટ વંદનવિધિ છે. ॥૬૧॥

ભાવાર્થ :-

સિદ્ધ ભગવંતોની સ્તુતિ કર્યા પછી શ્રાવક આ સર્વ કૃત્યોથી ઉચિત પુણ્યસંભારવાળા બને છે; કેમ કે એક તીર્થંકરની, સર્વ તીર્થંકરની, શ્રુતજ્ઞાનની ભક્તિ કરીને સિદ્ધ ભગવંતોની સ્તુતિથી અત્યંત સિદ્ધના ગુણોની સન્મુખ પરિણામવાળા થયા છે. તેથી શ્રાવકનું ચિત્ત અત્યંત મોક્ષને સન્મુખ બનેલું હોય છે અને તેવા મહાત્મા ઉચિત પ્રવૃત્તિ કરનારા એવા વૈયાવચ્ચ કરનારા દેવતાઓ વિષયક પણ ઔચિત્યથી પ્રવૃત્તિ કરનારા બને છે. તે જણાવવા અર્થે 'વૈયાવચ્ચગરાણં સૂત્ર' બોલે છે. જેથી સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરવાને અનુકૂળ ઉત્તમચિત્ત પ્રાપ્ત થાય છે. તે ઉત્તમચિત્તના નિર્માણ અર્થે શ્રાવક બોલે છે કે વૈયાવચ્ચને કરનારા અર્થાત્ ભગવાનના પ્રવચન પ્રત્યે ભક્તિભાવવાળા એવા શ્રાવકની કે સાધુની જેઓ વૈયાવચ્ચ કરે છે તેવા ગૌમુખયક્ષ અપ્રતિચક્રા દેવી વગેરે છે. તેઓને આશ્રયીને હું કાઉસ્સગ્ગ કરું છું. વળી, તે દેવો સર્વ લોકમાં શાંતિને કરનારા છે. અર્થાત્ લોકોને ઉપદ્રવકારી નથી. પરંતુ દયાળુ પ્રકૃતિવાળા હોવાથી લોકોમાં કેમ ઉપદ્રવ ન થાય તે પ્રકારે યત્ન કરનારા છે. વળી સમ્યગ્દૃષ્ટિ જીવોને કેમ સમાધિ થાય તે પ્રકારનો યત્ન કરનારા હોય છે. આવી ઉત્તમ પ્રકૃતિવાળા તે દેવો હોવાથી તેઓને આશ્રયીને કાઉસ્સગ્ગ કરવાથી તેઓના તે ઉત્તમ ગુણ પ્રત્યે ભક્તિ અભિવ્યક્ત થાય છે જે ઉચિત પ્રવૃત્તિ સ્વરૂપ છે. અહીં વૈયાવચ્ચગરાણં સૂત્રમાં વંદણવત્તિઆએ ઇત્યાદિ પાઠ બોલાતા નથી; કેમ કે વંદન-પૂજન-સત્કારાદિ તીર્થંકરોનાં કરાય છે કે શ્રુતજ્ઞાનનાં કરાય છે. પરંતુ વૈયાવચ્ચ કરનારા દેવતાઓ અવિરતિવાળા હોવાથી તેઓને વંદનાદિ કરાતું નથી. તેથી અન્નત્થ ઊસસિએણં બોલીને કાઉસ્સગ્ગ કરાય છે. આ રીતે વૈયાવચ્ચગરાણં આદિ બોલીને કાઉસ્સગ્ગ કરવાથી તેઓના વૈયાવચ્ચાદિ ભાવો પ્રત્યે બહુમાન થાય છે. અને તેઓ જે સંઘ ઉપર ઉપકાર કરે છે તેની અભિવ્યક્તિ થાય છે; કેમ કે તે નિમિત્તે જ તેમની સ્તુતિ કરાય છે. આથી જ કાઉસ્સગ્ગ કર્યા પછી વૈયાવચ્ચ કરનારા દેવતાઓની સ્તુતિ બોલાય છે. તેમની સ્તુતિ પૂરી થવાથી ચૈત્યવંદનનો (૧૨મો) બારમો અધિકાર પૂર્ણ થાય છે.

ત્યારપછી શ્રાવક બેસીને પૂર્વમાં બતાવ્યું તે રીતે 'નમુત્થુણં' સૂત્ર બોલે છે. જેનાથી ભગવાનના ગુણોનું સ્મરણ ફરી થાય છે. તેથી તીર્થંકર પ્રત્યે બહુમાનભાવ વૃદ્ધિ પામે છે. ત્યારપછી તીર્થંકરની પોતે જે ભક્તિ કરી છે તેના ફળ રૂપે પ્રાર્થના કરે છે. જે ભગવાનની ભક્તિથી પ્રાપ્તવ્ય વસ્તુના પ્રણિધાન સ્વરૂપ છે. તેથી 'જયવીયરાય'ને પ્રણિધાનસૂત્ર કહેવાય છે. વળી, જેમ રાજાને 'તમારો જય થાઓ' ઇત્યાદિથી પોતાને સન્મુખ કરવામાં આવે છે, તે પ્રકારે પ્રસ્તુતમાં પણ હે વીતરાગ ! હે જગતગુરુ ! તમારો જય થાઓ. તેમ બોલીને પોતાની બુદ્ધિમાં ભગવાનનો સન્મુખભાવ કરવામાં આવે છે. આ રીતે પોતાની બુદ્ધિમાં ભગવાનને સન્મુખ કર્યા પછી શ્રાવક બોલે છે કે હે ભગવંત ! તમારા પ્રભાવથી આ સર્વ વસ્તુઓ મને પ્રાપ્ત થાઓ.

જેથી સંસારસમુદ્રથી હું તરી શકું. શું પ્રાપ્ત થાઓ ? એથી કહે છે. ભવનો નિર્વેદ પ્રાપ્ત થાઓ. આ પ્રકારે બોલીને ભવના કારણીભૂત સંગના પરિણામને ક્ષીણ કરવાની શક્તિનો સંચય શ્રાવક કરે છે; કેમ કે ભવ ચાર ગતિના પરિભ્રમણ સ્વરૂપ છે. વારંવાર સૂક્ષ્મ ઉપયોગપૂર્વક ચાર ગતિના પરિભ્રમણ સ્વરૂપ સંસાર જોવામાં આવે તો વિચારકને ભવ પ્રત્યે નિર્વેદ થાય. અને જેને ભવ પ્રત્યે નિર્વેદ થાય તેને ભવપ્રાપ્તિના ઉપાય એવા કર્મબંધ પ્રત્યે નિર્વેદ થાય. અને જેને કર્મબંધ પ્રત્યે નિર્વેદ થાય તેને કર્મબંધના કારણીભૂત બાહ્યપદાર્થ પ્રત્યે જે સંગનો પરિણામ છે તેના પ્રત્યે નિર્વેદ થાય. જેમ જેમ ભવનો નિર્વેદ પ્રકર્ષવાળો થાય તેમ તેમ મોક્ષને અનુકૂળ સમ્યક્ પ્રવૃત્તિ થઈ શકે છે. તેથી મોક્ષના અર્થી એવા શ્રાવકો ભવના નિર્વેદના અત્યંત અર્થી થઈને ભગવાન પાસે માંગણી કરીને ભવનિર્વેદના પરિણામને સ્થિર-સ્થિરતર કરવા પ્રયત્ન કરે છે.

વળી, ભવનિર્વેદ પ્રાપ્ત કર્યા પછી શ્રાવક માર્ગાનુસારીબુદ્ધિની ઇચ્છા કરે છે. તેથી ભગવાનને કહે છે કે હે ભગવન્ ! રત્નત્રયીના પરિણામરૂપ જે મોક્ષમાર્ગ છે તેને અનુસરનાર બુદ્ધિ મને પ્રાપ્ત થાઓ. જેથી તે માર્ગનું અનુસરણ કરીને હું સંસારસમુદ્રથી તરી શકું. વળી શ્રાવક વિચારે છે કે મારી યોગમાર્ગની પ્રવૃત્તિ પ્રતિકૂળ સંયોગોમાં હંમેશાં સ્ખલના પામે છે. તેથી મને જે તે તે વખતના સંયોગાનુસાર ઇષ્ટ હોય તેવા ફળની પ્રાપ્તિ થાઓ. જેથી પ્રતિકૂળ સંયોગકૃત ચિત્તની વિહ્વળતા દૂર થાય. જેના બળથી હું મોક્ષમાર્ગમાં દૃઢ યત્ન કરી શકું. આ ઇષ્ટફલસિદ્ધિથી આ લોકની સર્વ પ્રતિકૂળતાનો અભાવ શ્રાવક ઇચ્છે છે; કેમ કે જીવ સ્વભાવે પ્રતિકૂળ સંયોગોમાં તેનું ચિત્ત અસમાધિવાળું રહે છે. જેથી પોતાને ઇષ્ટ એવા મોક્ષમાર્ગની આરાધના કરવા માટે તે અસમર્થ બને છે અને દૃઢ પ્રણિધાનપૂર્વક ભગવાન પાસે યાચના કરીને તેવી પ્રતિકૂળ પાપપ્રકૃતિઓ તિરોધાન થાય તેવો ઉત્તમ અધ્યવસાય શ્રાવક પ્રાપ્ત કરે છે. આથી જે શ્રાવકો અત્યંત ઉપયોગપૂર્વક ચૈત્યવંદન કરે છે, તેઓનું ચિત્ત જિનના ગુણોથી અત્યંત વાસિત હોવાથી ભગવાન પ્રત્યેની અત્યંત ભક્તિવાળું હોય છે. અને તેવા વાસિત ચિત્તવાળા મહાત્મા પોતાના હૈયામાં થયેલી ભગવાન પ્રત્યેની ભક્તિના ફળ સ્વરૂપે ઇષ્ટફલસિદ્ધિ માંગે છે ત્યારે તે ઉત્તમ અધ્યવસાયથી જ શ્રાવકને તેના ઉત્તમચિત્તને અનુરૂપ ઇષ્ટફલસિદ્ધિની પ્રાપ્તિનું કારણ બને તેવી પુણ્યપ્રકૃતિ જાગ્રત થાય છે. જેથી ચિત્તની અસ્વસ્થતા આપાદક પ્રતિકૂળ સંયોગો અવશ્ય દૂર થાય છે અને જેઓ મૂઢની જેમ ચૈત્યવંદન કરે છે તેઓ જયવીયરાય સૂત્રમાં ઇષ્ટફલસિદ્ધિની માંગણી કરે તોપણ કોઈ ફલ પ્રાપ્ત કરતા નથી. માટે અમૂઢ લક્ષ્યવાળા થઈને સર્વ અનુષ્ઠાનો કરવાં જોઈએ.

આ રીતે શ્રાવકે ભગવાન પાસે મોક્ષમાર્ગમાં દૃઢ પ્રવૃત્તિ અર્થે ભવનિર્વેદની માંગણી કરી. માર્ગાનુસારી ભાવની માંગણી કરી. તેમાં વિઘ્નકારી પ્રતિકૂળ સંયોગો દૂર થાઓ તેની માંગણી કરી. હવે લોકવિરુદ્ધ આચરણાઓ ધર્માનુષ્ઠાનને નિષ્ફળ કરે છે. તેથી તેવી લોકવિરુદ્ધ આચરણા પોતાનાથી ન થાય તેવો અભિલાષ શ્રાવક કરે છે. ત્યાં લોકવિરુદ્ધ શબ્દથી શિષ્ટલોકો જે પ્રવૃત્તિને નિંદ્ય ગણે છે તે પ્રવૃત્તિનું ગ્રહણ છે. જેમ ધર્મ કરવા તત્પર થયેલા પણ જીવો ક્ષુદ્રપ્રકૃતિને વશ થાય છે ત્યારે બીજાના દોષોને જોઈને નિંદાના પરિણામવાળા થાય છે અને તે નિંદા કરવાથી ઉત્તમ પ્રકૃતિનો નાશ થાય છે. તેથી કોઈપણ વ્યક્તિની નિંદા

કરવાની જે મનોવૃત્તિ છે તે મનોવૃત્તિ મને પ્રાપ્ત ન થાઓ અને વિશેષથી ગુણસંપન્ન મહાત્માઓની નિંદા કરવાનો અધ્યવસાય મને પ્રાપ્ત ન થાઓ એવો અભિલાષ કરે છે. વળી કેટલાક ભદ્રકપ્રકૃતિવાળા જીવો ધર્મ કરે છે તોપણ વિવેક વગરના હોવાથી યથાતથા કરે છે. તેઓની તે પ્રવૃત્તિ જોઈને તેઓ પ્રત્યે હસવું તે પણ લોકવિરુદ્ધ કૃત્ય છે. વળી લોકમાં રાજા-મંત્રી આદિ પૂજાતા લોકોની નિંદા કરવી તે પણ લોકવિરુદ્ધ છે. વળી, ઘણા લોકોની સાથે જેનો વિરોધ હોય અર્થાત્ ઘણા લોકો સાથે ક્લેશ કરે તેવી પ્રકૃતિવાળા હોય તેથી સાથે સંગ કરવો તે પણ લોકવિરુદ્ધ છે. વળી જે દેશમાં જે આચારો હોય તેનાથી વિપરીત પ્રવૃત્તિ પણ લોકવિરુદ્ધ છે. વળી, અતિ ભોગોની વૃત્તિ પણ લોકવિરુદ્ધ છે. વળી, ધર્મના ક્ષેત્રમાં દાન આપેલું હોય, શીલ પાળેલું હોય, શાસ્ત્રઅધ્યયન આદિ કરેલું હોય તેને બીજા પાસે પ્રગટ કરીને માન આદિ મેળવવાની જે વૃત્તિ તે પણ લોકવિરુદ્ધ છે. વળી, ગુણસંપન્ન જીવોને આપત્તિ આવે તેમાં સંતોષ થાય, આનંદ આવે તે પણ લોકવિરુદ્ધ છે. અને તેવા જીવોની આપત્તિ દૂર કરવાનું સામર્થ્ય હોય તોપણ ઉપેક્ષા કરે તે પણ લોકવિરુદ્ધ છે. તેવાં લોકવિરુદ્ધ કૃત્યો પોતાના જીવનમાં પ્રાપ્ત ન થાય એ પ્રકારનો અભિલાષ શ્રાવક કરે છે.

વળી, માતા-પિતા આદિ ગુરુજનની સાથે ઉચિત વ્યવહારો ગુરુજનની પૂજા છે તે મને પ્રાપ્ત થાઓ, એ પ્રકારનો અભિલાષ શ્રાવક કરે છે. જેથી પોતાનામાં કૃતજ્ઞતા ગુણ સદા રહે; કેમ કે ભવનિર્વેદની પ્રાપ્તિ થયા પછી પણ કષાયને વશ ગુરુવર્ગની સાથે અનુચિત વર્તન કરીને જીવ ક્લિષ્ટ કર્મ બાંધે છે. તેના પરિહારાર્થે શ્રાવક ભગવાનની ભક્તિ કરીને તે પ્રકારનો અભિલાષ કરે છે; જેથી પોતાની પ્રકૃતિ ઉત્તમ બને. વળી, અનાદિકાળથી જીવમાં સ્વાર્થ સ્વભાવ વર્તે છે. તે સ્વભાવને કારણે બીજાના હિત પ્રત્યે ઉપેક્ષા કરવાનો અને પોતાના તુચ્છ ઐહિક સુખ ખાતર અન્યને પીડા કરવાનો સ્વભાવ વર્તે છે. તેના નિવારણાર્થે શ્રાવક અભિલાષ કરે છે કે બીજાના પ્રયોજનને કરનારી મારામાં ઉત્તમ પ્રકૃતિ પ્રગટે અર્થાત્ પોતાના સ્વાર્થને ગૌણ કરીને બીજાનું જે રીતે હિત થાય તે રીતે પ્રયત્ન કરવાની પોતાની ઉત્તમ પ્રકૃતિ પ્રગટ થાય તેવો અભિલાષ શ્રાવક કરે છે. આ સર્વ માંગણી લૌકિક સૌંદર્ય છે. અર્થાત્ લૌકિક-લોકોત્તર સાધારણ ધર્મો કરનારા જીવોમાં આ પ્રકારની સુંદરતા હોય છે; કેમ કે અન્યદર્શનના ધર્મ પણ આવી સુંદર પ્રકૃતિ ધર્મ રૂપે સ્વીકારે છે.

હવે લોકોત્તર સૌંદર્યની પ્રાપ્તિના અર્થી એવા શ્રાવક વિશેષ રૂપે માંગણી કરે છે કે મને સદ્ગુરુનો યોગ થાઓ અને તેમના વચનની સેવા પ્રાપ્ત થાઓ. તેથી એ પ્રાપ્ત થાય કે સંસારસમુદ્રમાં ડૂબતા જીવને સર્વજ્ઞના વચનાનુસાર પોતાની શક્તિ અનુરૂપ શું ઉચિત વર્તન કરવું જોઈએ ? તેનો યથાર્થ બોધ કરાવીને પોતાના આત્માનું સંસારસમુદ્રથી જે રક્ષણ કરે તેવા ઉત્તમગુરુનો મને યોગ થાઓ તે પ્રકારે શ્રાવક અભિલાષ કરે છે. વળી, ઉત્તમગુરુની પ્રાપ્તિ માત્રથી કલ્યાણ થતું નથી. પરંતુ તેવા સદ્ગુરુ જે પ્રકારે સર્વજ્ઞના વચનાનુસાર ઉચિત કૃત્યો કરવાનું કહે તે પ્રમાણે પોતે કરે તો જ તે સર્વ કૃત્યો દ્વારા અનાદિના મોહનો નાશ કરીને પોતે સંસારસાગરથી તરી શકે અન્યથા તરી શકે તેમ નથી તેવો સ્થિર નિર્ણય હોવાથી શ્રાવક પોતાના આત્મામાં લોકોત્તર સૌંદર્ય પ્રગટાવવા માટે ભગવાન પાસે પ્રાર્થના કરે છે કે સર્વ કલ્યાણની પરંપરાનું એક કારણ બને તેવા ઉત્તમ સદ્ગુરુનો યોગ અને તેમના વચનાનુસાર હું અપ્રમાદથી પ્રયત્ન કરું તેવું મને તમારા પ્રસાદથી

પ્રાપ્ત થાઓ. કયાં સુધી ભવનિર્વેદાદિ સર્વ વસ્તુઓ મને પ્રાપ્ત થાઓ ? તેથી કહે છે. જ્યાં સુધી હું સંસારનો ક્ષય કરી મોક્ષ ન પામું ત્યાં સુધી આ સર્વ વસ્તુઓ મને અખંડ પ્રાપ્ત થાઓ. આ પ્રકારે ઉત્તમ અભિલાષ કરીને ભવનિર્વેદ આદિ ભાવોને અનુકૂળ એવું પોતાનું ચિત્ત શ્રાવક નિર્માણ કરે છે. નિર્માણ થયેલું ચિત્ત હોય તો અતિશયિત કરે છે. અને પુનઃ પુનઃ પ્રાર્થના કરીને તેને સ્થિર કરે છે. જેથી તે સ્થિર થયેલા ઉત્તમ સંસ્કારોને કારણે દરેક ભવોમાં સુખપૂર્વક ભવનિર્વેદાદિને પામીને ઉત્તમપ્રકૃતિવાળો પોતાનો આત્મા બને છે અને સદ્‌ગુરુને પામીને તેમના વચનાનુસાર ઉચિત કૃત્યો કરીને સુખપૂર્વક સંસારસાગરથી તરી શકે.

સામાન્યથી કોઈપણ પદાર્થની ઇચ્છા કરીને ધર્મ કરવામાં આવે તો નિદાનદોષની પ્રાપ્તિ થાય. આથી કોઈ પદાર્થના અભિલાષ વગર કેવલ ભગવાન પ્રત્યેની ભક્તિથી જ ભગવાનની ભક્તિ કરવી જોઈએ. આમ છતાં ભગવાનની ભક્તિ કરીને જયવીયરાય સૂત્ર દ્વારા જે અભિલાષ કરાય છે તે નિદાનરૂપ નથી; કેમ કે વીતરાગતુલ્ય થવાને અનુકૂળ એવા ઉત્તમભાવોની માંગણી સ્વરૂપ છે. તેથી ભગવાનની ભક્તિ કરીને વીતરાગ થવાનું જે મુખ્ય પ્રયોજન છે, તેને સાધનારી જ પ્રસ્તુત માંગણીઓ છે. તેથી તે માંગણીઓ દ્વારા પણ શ્રાવક વીતરાગભાવને અનુકૂળ સદ્‌વીર્યનો સંચય કરે છે. અને આ પ્રકારની માંગણી અપ્રમત્ત ગુણસ્થાનકની પ્રાપ્તિ પૂર્વના મહાત્માઓ કરે છે; કેમ કે ઉત્તમ અભિલાષના બળથી જ ઉત્તમ પ્રકૃતિઓ પ્રાપ્ત કરીને તેઓ અપ્રમાદભાવની વૃદ્ધિ કરી શકે છે અને અપ્રમત્ત ગુણસ્થાનકવાળા મહાત્માઓ સર્વથા પ્રમાદ રહિત વીતરાગ થવાના ઉદ્યમ દ્વારા સંસારનો ઉચ્છેદ કરનારા છે. તેથી તેઓ ભવનિર્વેદાદિના અભિલાષો કરીને બળસંચય કરવા યત્ન કરતા નથી, પરંતુ સર્વ યત્નથી ભવના ઉચ્છેદનો ઉદ્યમ કરે છે. **॥૬૧॥**

અનુસંધાન : ધર્મસંગ્રહ ભાગ-૫

नमस्कारेणावबोधः, स्वद्रव्याद्युपयोजनम् ।
सामायिकादिकरणं, विधिना चैत्यपूजनम् ।।

નમસ્કારથી નિદ્રાનો ત્યાગ, સ્વદ્રવ્યાદિની વિચારણા,
સામાયિક આદિનું કરણ, વિધિથી ચૈત્યપૂજન
શ્રાવકનો વિશેષથી ગૃહસ્થધર્મ છે.



: પ્રકાશક :
ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in